
सूरीश्वर

अने

सम्राट्.



જગદ્ગુરૂ શ્રીહીરવિજયસૂરિ

॥ अर्हम् ॥

सूरीश्वर अने सम्राट्.

કર્ત્તા

મુનિરાજ વિદ્યાવિજય.

પ્રકાશક

શ્રીયશોવિજય જૈનગ્રંથમાળાના વ્યવસ્થાપક મંડળ તરફથી

શેઠ પ્રેમચંદ રતનજી

તથા

શેઠ ચંદુલાલ પૂનમચંદ.

ભાવનગર.

વીર સં. ૨૪૪૬. સં. ૧૯૭૬.


કિં. ૨-૮-૦

સહાયક—

મોરબીનિવાસી દાનવીર

ઝવેરી ડાહ્યાલાલ મકનજી કોઠારી.

મુંબઈ.



છાપનાર—

વિઠ્ઠલભાઇ આશારામ ઠક્કર.

લુહાણામિત્ર સ્ટીમ પ્રેસ,

ઘીયાપુરા—વડોદરા.

તા. ૧-૬-૨૦

ઉત્સર્ગ.


પરમપૂજનીય ગુરૂવર્ય

શાસ્ત્રવિશારદ-જૈનાચાર્ય શ્રીવિજયધર્મસૂરિ

મહારાજના કરકમલમાં

ભક્તિપૂર્વક સાદર

સમર્પણ.



शास्त्रविशारद—जैनाचार्य श्रीविजयधर्मसूरि,

ए एन ए एस बी.

વિષયાનુક્રમ.

પ્રસ્તાવના.

જૈન સાધુઓએ ગૂર્જરસાહિત્યની સેવા અને રક્ષા કરવામાં સૌથી વધારે ભાગ ભજવ્યો છે; એ વાત વાર્ત્તમાનિક સાક્ષરોને હવે એકી અવાજે કબૂલ કરવી પડી છે; પરન્તુ તેની સાથેજ સાથે જૈનસાધુઓએ દેશની સેવા કરવામાં પણ કાંઇ ઓછો ભાગ નથી લીધો, એ વાતથી હજૂ મ્હોટો ભાગ અજાણ્યો છે. કલિકાલસર્વજ્ઞ **શ્રીહેમચંદ્રાચાર્ય** અને એવા બીજા અનેક **જૈનાચાર્યો** થઇ ગયા છે કે—જેમની કાર્યાવલીનું સૂક્ષ્મદૃષ્ટિથી અવલોકન કરીએ તો—એ સ્પષ્ટ જણાઇ આવે છે કે—તેમની સમસ્ત જીવનયાત્રા દેશના કલ્યાણના કાર્યોમાં જ વ્યતીત થઇ હતી. પ્રાચીન જૈનાચાર્યોનું એ દૃઢતા પૂર્વક માનવું હતું કે—"**દેશના કલ્યાણનો આધાર અધિકારિયોની-સત્તાધારિયોની અનુકૂળતા ઉપર રહેલો છે.**" અને તેઓનો વિશ્વાસ હતો કે—"**લાખો મનુષ્યોને ઉપદેશ આપવામાં જે લાભ સમાયેલો છે, તે લાભ એકજ રાજાને પ્રતિબોધવામાં રહેલો છે.**" આ મન્તવ્ય અને વિશ્વાસથીજ તેઓ માન—અપમાનની દરકાર કર્યા સિવાય પણ રાજ્ય—દરબારમાં પ્રવેશ કરતા અને રાજા—મહારાજાઓને પ્રતિબોધતા. ક્યાં તે પ્રાચીન સદિયોમાં પણ જૈનાચાર્યોની આવી ઉદારતા; અને ક્યાં આ જાગતી—જીવતી વીસમી સદીમાં પણ કેટલાક જૈનસાધુઓની સંકુચિતતા!!

પ્રાચીન સમયમાં દેશકલ્યાણના કાર્યમાં ભાગ લેનારા જે જે જૈનાચાર્યો થઇ ગયા છે, તેઓમાં **હીરવિજયસૂરિ** પણ એક છે. સોળમી શતાબ્દીમાં થઇ ગયેલ હીરવિજયસૂરિએ, જૈનસમાજનેજ નહિં; પરન્તુ ભારતવર્ષની સમસ્ત પ્રજાને—તેમાં ખાસ કરીને ગુજરાતની પ્રજાને તો મહાન્ કષ્ટોમાંથી બચાવવાનો જે ભગીરથ પ્રયત્ન કર્યો હતો, અને તેમાં પોતાના શુદ્ધચારિત્ર અને પુરૂષાર્થથી જે સફળતા મેળવી હતી; એ વાતથી જનતાનો મ્હોટો ભાગ અજ્ઞાત જ છે. જે થોડા ઘણા જૈનો, હીરવિજયસૂરિના જીવનથી જાણીતા છે, તેમણે માત્ર એકપક્ષીય—ધાર્મિક દૃષ્ટિએજ સૂરિજીનું જીવન જાણેલું હોવાથી, વસ્તુતઃ તેઓ પણ હીરવિજયસૂરિને ઓળખી શક્યા નથી; એમ કહીએ, તો તેમાં લગારે

આટલું લખી શકીશ. પરન્તુ ધીરે ધીરે જેમ હું આ વિષયમાં ઊંડો ઉતરતો ગયો અને મને બહોળા સાધનો મળતાં ગયાં, તેમ તેમ મારું આ કાર્યક્ષેત્ર વિશાળ થતું ગયું; અને તેનું પરિણામ એ આવ્યું કે-જનતાની સમક્ષ મારા આ ક્ષુદ્રપ્રયાસનું ફળ ઉપસ્થિત કરતા મને લાંબા સમયનો ભોગ આપવો પડ્યો. અને તેમાં પણ ખાસ કરીને અમારા સાધુધર્મના નિયમ પ્રમાણે એક વર્ષમા આઠ માસ પરિભ્રમણ કરવાના કારણે આ પુસ્તકને પૂરૂ કરવામાં આશાતીત સમય લાગી ગયો.

આ પુસ્તક લખવામાં જ્યાં સુધી બન્યું ત્યાં સુધી કોઇ પણ વિષયની સત્યતા ઇતિહાસથી જ પુરવાર કરવાનો પ્રયત્ન કરેલો છે અને તેટલા માટેજ હીરવિજયસૂરિના સંબંધમા,કેટલાક લેખકોએ લખેલી એવી બાબતો, કે-જે માત્ર સાભળવા ઉપરથીજ વગર આધારે લખી દેવામા આવેલી, તે બાબતોને આ પુસ્તકમા સ્થાન આપ્યું નથી.માત્ર હીરવિજયસૂરિએ અને તેમના ચોક્કસ શિષ્યોએ તેમના ચારિત્રના બળથી-ઉપદેશથી અકબર ઉપર જે પ્રભાવ પાડ્યો, અને જે બાબતોને જૈનલેખકોની સાથે બીજા લેખકો પણ કોઇ ને કોઇ રીતે મળતા થયેલા છે, તેજ બાબતોને પ્રધાનતયા મેં આ પુસ્તકમા સ્થાન આપ્યુ છે. પુસ્તકના વાચનારાઓને એ જણાઇ આવશે કે-માત્ર ચારિત્રના બળથી-પોતાના ઉપદેશના પ્રભાવથી હીરવિજયસૂરિ અને તેમના શિષ્યોએ અકબર જેવા મુસલમાન સમ્રાટ્ ઉપર કંઇ ઓછો પ્રભાવ નથી પાડ્યો ? અને તેનુજ એ કારણ હતુ કે-અકબરનો અને જૈનોનો સંબંધ માત્ર અકબરની હયાતી સુધીજ ન્હોતો રહેવા પામ્યો; પરન્તુ તે પછી ૪-૫ પેઢીયો સુધી-અર્થાત્ જહાગીર, શાહજહાન, મુરાદ-બક્ષ, ઔરંગજેબ અને આઝમશાહ સુધી ઘનિષ્ટ સંબંધ ચાલુ રહ્યાનાં પ્રમાણો મળે છે. એટલુંજ નહિ, પરન્તુ અકબરની માફક તેમણે પણ કેટ-લાક ફરમાનો નવા કરી આપ્યા હતા.તેમ અકબરે આપેલા કેટલાક ફર-માનોને તાજાં પણ કરી આપ્યા હતા.આવાં કેટલાક ફરમાનોના હિન્દી અને અંગરેજી અનુવાદો બહાર પણ પડી ગયા છે.તે ઉપરાત અમારા વિહાર દરમીયાન ખંભાતના પ્રાચીન જૈનભંડારો તપાસતા સાગરગચ્છના ઉપાશ્રય-માંથી અકબર અને જહાંગીરનાં ૭ ફરમાનો (જહાગીરના એક પત્ર સાથે) અકસ્માત્ અમને પ્રાપ્ત થયા દિલગીર છુ કે તે ૭ ફરમાનો પૈકીનુ એક ફરમાન, કે જે જહાગીરનું આપેલુ છે, અને જેમા વિજયસેનસૂરિના સ્તૂપને માટે ખંભાતની પાસેના અકબરપુરમા ચદુ સંઘવીના કહેવાથી દશ

આ પુસ્તક એક ઐતિહાસિક પુસ્તક છે, એ વાત હું પહેલાં કહી ચૂકયો છું. તેમ છતાં પણ ઇતિહાસના વિષયની નિરસતાનો અનુભવ આ પુસ્તકના વાંચનારાઓને કરવો ન પડે, એ માટે પણ મારાથી બનતો પ્રયત્ન કર્યો છે. મારૂં એ નમ્ર મન્તવ્ય છે કે–એક રાજાની પ્રજા પ્રત્યે કેવી ભાવનાઓ હોવી જોઇએ અને રાજામાં કયા કયા દુર્ગુણોનો અભાવ અને સદ્‌ગુણોનો સદ્‌ભાવ હોવો જોઇએ; એનો ખ્યાલ ઉત્પન્ન કરવાને આ પુસ્તકમાં આલેખેલું અકબરનું ચરિત્ર–ચિત્ર જેમ જનતાને અતિ ઉપયોગી થઇ પડશે, તેવીજ રીતે એક સાધુનો–ધર્મગુરૂનો અરે, એક આચાર્યનો સમાજના અને દેશના કલ્યાણ સાથે કેટલો ઘનિષ્ઠ સંબંધ રહેલો છે, અને એક સંસારી મનુષ્ય કરતાં એક ધર્મગુરૂને માથે કેટલી વધારે જવાબદારી રહેલી છે, એ વાત સમજવાને, આ પુસ્તકમાં વર્ણવેલ આચાર્ય હીરવિજયસૂરિજીના પ્રત્યેક બનાવો ખરેખર આશીર્વાદરૂપ થઇ પડશે.

હું દિલગીર છુ કે—જે મહાન્ પ્રભાવક આચાર્યવર્ય પ્રત્યેના ભક્તિભાવને લઇને હું આ પુસ્તક લખવા પ્રેરાયો, તે મહાન્ પુરૂષનું (હીરવિજયસૂરિનું) અસલી ચિત્ર મને કયાંયથી પણ મળી શકયુ નહિં; અને તેથી તેવું ખાસ ચિત્ર આપવાને હું નિષ્ફળ નિવડયો છું, તો પણ સહર્ષ જણાવીશ કે—આચાર્ય હીરવિજયસૂરિના નિર્વાણ થયા બાદ થોડાજ સમયમાં બનાવેલી તેમની પાષાણની મૂર્તિનાં દર્શન મેં લગભગ ચારેક વર્ષ ઉપર કાઠિયાવાડમા આવેલ મહુવા ગામમા કરેલાં, તેજ મૂર્તિનો ફોટો લેવરાવી મેં આ પુસ્તકમાં આપવા પ્રયત્ન કર્યો છે. જો કે, મૂર્તિના ઉપર કેટલેક સ્થળે ગૃહસ્થોએ ચાલતી આવતી અજ્ઞાનજન્ય રૂઢીના લીધે ચાંદીના ટીલાં ચોંટાડીને મૂર્તિની વાસ્તવિક સુંદરતામા કૃત્રિમતા કરી નાંખી છે, તો પણ હીરવિજયસૂરિના ચિત્રનો અભાવ, આ ચિત્રથી દૂર થશે, એમ હું અવશ્ય માનું છું. હીરવિજયસૂરિની મૂર્તિના ફોટામા ખાસ એક વિશેષતા છે. તે એ કે—તેની નીચે ખાસ એક શિલાલેખ છે, કે–જે મૂર્તિ સંબંધી કેટલીક માહિતી આપે છે. તે સમ્પૂર્ણ લેખ આ પ્રમાણે છે.—

'१६८३ पातसाहि श्रीअकबरप्रवर्त्तित सं० ४१ वर्षे फा० सुदि ८ दिने श्रीस्तंभतीर्थवास्तव्य श्रा० पउमा (भा०) पांची नाम्न्या श्रीहीरविजयसूरीश्वराणां मूर्त्तिः का० प्र० तपागच्छे (च्छे) श्रीविजयसेनसूरिभिः "

આ લેખ ઉપરથી એમ માલૂમ પડે છે કે—**હીરવિજયસૂરિ**ના નિર્વાણ પછી બીજાજ વર્ષે ખંભાતનિવાસી **પઉમા** અને તેની સ્ત્રી **પાંચી** નામની શ્રાવિકાએ આ મૂર્ત્તિ કરાવેલી અને તેની પ્રતિષ્ઠા **વિજયસેનસૂરિએ** કરી હતી.

આ સિવાય આ પુસ્તકના બીજા નાયક **અકબર** અને તેના પ્રધાન મંત્રી **અબુલફજલ**નાં ચિત્રો **ઇંડિયા ઓફિસ લાયબ્રેરી**માંથી ડૉ. **એફ. ડબલ્યુ. થોમસે,** પૂજ્યપાદ પરમગુરૂ શાસ્ત્રવિશારદ–જૈનાચાર્ય **શ્રીવિજયધર્મસૂરીશ્વરજી** મહારાજશ્રી ઉપર મોકલી આપી, તેઓ આ પુસ્તકની શોભામાં વધારો કરવાના કારણભૂત થયા છે, અતએવ તેમને ધન્યવાદ આપ્યા વગર રહી શકતો નથી.

વર્ત્તમાન જમાનામાં પ્રસ્તાવનાને પુસ્તકનું ભૂષણ સમજવામાં આવે છે. અતએવ આ પુસ્તક માટે પ્રસ્તાવના કે ઉપોદ્‌ઘાત લખવાનું કામ મારા કરતાં કોઇ ગૂર્જર સાહિત્યના **સાક્ષર** પાસે કરાવવામાં આવે, તો તે પુસ્તકને **યોગ્ય ન્યાય** આપી શકે, એ વિચારથી મારી દૃષ્ટિ ગુર્જર-સાહિત્યના સમર્થ લેખક ખ્યાતનામા **શ્રીયુત કન્હૈયાલાલ માણેકલાલ મુનશી** બી. એ. એલએલ, બી. એડવોકેટ તરફ ગઇ. જો કે—તેઓ એટલી બધી વિશાળ પ્રવૃત્તિમાં ગુંથાએલા રહે છે કે–જેના લીધે તેમને આ કામ સોપવામાં મને ઘણોજ સંકોચ થતો હતો, પરન્તુ 'તેમના જેવા તટસ્થ લેખક જ મારા આ પુસ્તકના ગુણ–દોષોને બતાવી શકશે,' એ મન્તવ્યથી જ્યારે મેં તેઓને આ કામ માથે લેવા માટે સાગ્રહ કહ્યું, ત્યારે તેઓ પોતાની સજ્જનતા બતાવ્યા સિવાય રહી શક્યા નહિં, અને પોતાને અસાધારણ કાર્ય રહેતું હોવા છતા, **ઉપોદ્‌ઘાત** લખવાનું કામ માથે લીધું અને કરી પણ આપ્યું. **મુનશીજી**ની આ સજ્જનતા માટે હું કયા શબ્દોથી તેમને ધન્યવાદ આપું, તે કંઇ સમજી શકાતું નથી.

આ પ્રસગે ખભાતની હાઇસ્કૂલના હેડમાસ્તર **શાહ ભોગીલાલ નગીનદાસ** એમ. એ. ને ધન્યવાદ આપવો ભૂલીશ નહિં કે, જેમણે પોતાની હાઇસ્કૂલના પરશીયન શિક્ષક પાસે, આ પુસ્તકમા આપેલાં ફરમાનોને ગુજરાતી અનુવાદ કરાવી આપ્યો છે. અને મુબઇના એલ્ફીન્સ્ટન કોલેજના સુપ્રસિદ્ધ પ્રોફેસર **શેખ અબ્દુલકાદર સરફરાજ** એમ. એ. ને

પણ તેટલોજ ધન્યવાદ ઘટે છે, કે જેમણે પ્રરિશ્રમ લઇને ફરમાનોના તે અનુવાદો બરાબર તપાસી આપ્યા છે. આ ઉપરાન્ત જૂનાગઢની બહાઉદ્દીન કોલેજના પ્રો. **એસ. એચ. હોડીવાલા** એમ. એ. નુ નામ પણ મારે ભૂલવુ જોઇતું નથી, કે જેઓએ આ પુસ્તકનાં છપાતાં ફ્રામોં તપાસી મને કેટલીક ઐતિહાસિક સૂચનાઓ કરી વધારે વાકેફ કર્યો છે.

છેવટ—હું એક વાતની સ્પષ્ટતા કરવી જરૂરની સમજું છું. તે એ કે- જો આ પુસ્તક લખવામા **ઇતિહાસતત્ત્વ મહોદધિ ઉપાધ્યાયજી શ્રીઇંદ્રવિજયજી મહારાજ**ની મને સંપૂર્ણ સહાયતા ન મળી હત, તો મારા જેવો અંગરેજી, ફારસી અને ઉર્દુનો બિલકુલ અનભિજ્ઞ માણસ આ પુસ્તક લખવામા કોઇ પણ રીતે ફળીભૂત થઇ શકતે નહિં અને તેટલા માટે તેઓશ્રીનો શુદ્ધ અંત.કરણથી ઉપકાર માનવા સાથે એ સ્પષ્ટ જણાવીશ કે–આ પુસ્તકના યશના ભાગી પ્રધાનતયા **તેઓશ્રી જ છે.** તે સિવાય શાન્તમૂર્ત્તિ આત્મબંધુ **શ્રીમાન્ જયન્તવિજયજી**નો પણ ઉપકાર માનવો ભૂલીશ નહિં, કે જેઓ પ્રુફો શોધવામા મને મદદગાર થયેલ છે

પુસ્તકના ભૂષણસ્વરૂપ **ઉપોદ્ઘાત** લખવાનુ કામ જ્યારે શ્રીયુત **મુનશીજી**એ કરી આપ્યું છે, ત્યારે પ્રસ્તાવનામાં ઉપર્યુક્ત વક્તવ્ય સિવાય મારે કહેવાનું બીજું શું હોઇ શકે ?


ગોડીજીનો ઉપાશ્રય, પાયધુની,
મુંબઇ,
અક્ષયતૃતીયા, વીર સં. ૨૪૪૬.

વિદ્યાવિજય.

ગ્રન્થસૂચી.

આ પુસ્તકમાં નિમ્ન લિખિત ગ્રન્થોની સહાયતા લેવામાં આવી છે.

જૈન ગ્રન્થો.



(ગુજરાતી)

૧ હીરવિજયસૂરિરાસ—કર્ત્તા શ્રાવક કવિ ઋષભદાસ. વિ. સં. ૧૬૮૫
૨ લાભોદયરાસ—કર્ત્તા પં. દયાકુશલ. વિ. સં. ૧૬૪૯
૩ કર્મચંદ ચોપાઇ—કર્ત્તા પં. ગુણવિનય. વિ. સં. ૧૬૫૫
૪ જૈનરાસમાળા ભા. ૧ લો—મોહનલાલ દલીચંદ દેસાઇ સંપાદિત.
૫ તીર્થમાળા સંગ્રહ—શા. જે. શ્રીવિજયધર્મસૂરિસંપાદિત (છપાય છે.)
૬ ઐતિહાસિકરાસ સંગ્રહ ભા. ૩ જો ,, (છપાય છે.)
૭ શ્રીવિજયતિલકસૂરિ રાસ, બે અધિકાર—કર્ત્તા પં. દર્શનવિજય સં. ૧૬૭૯ તથા ૧૬૯૭.
૮ અમરસેન-વયરસેન આખ્યાન—કર્ત્તા શ્રીસંઘવિજયજી. વિ. સં. ૧૬૭૯
૯ ઐતિહાસિક સજ્ઝાયમાળા. ભા. ૧ લો. મારી સંપાદિત
૧૦ મલ્લીનાથ રાસ—કર્ત્તા ઋષભદાસ કવિ. વિ. સં ૧૬૮૫
૧૧ ખંભાતની તીર્થમાળા—કર્ત્તા કવિ ઋષભદાસ
૧૨ ખભાતની તીર્થમાળા—કર્ત્તા મતિસાગર. વિ. સ. ૧૭૦૧
૧૩ પદમહોત્સવરાસ—કર્ત્તા પ દયાકુશલ. વિ. સ. ૧૬૮૫
૧૪ હીરવિજયસૂરિ શલોકો—કર્ત્તા પં. કુંઅરવિજય
૧૫ દુર્જનશાલ બાવની—કર્ત્તા કૃષ્ણદાસ. વિ. સં. ૧૬૫૧
૧૬ હીરવિજયસૂરિ કથાપ્રબંધ
૧૭ પટ્ટાવલી સજ્ઝાય—કર્ત્તા પ. વિનયવિજય.

૧૮ **जैन पे. गुर्जरकाव्यसंचय**—શ્રીયુત જિનવિજયજી સમ્પાદિત (છપાય છે.)

૧૯ **શિલાલેખ સંગ્રહ**—શ્રીયુત જિનવિજયજી સંપાદિત (છપાય છે.)

૨૦ **પ્રાચીન લેખ સંગ્રહ**—શા. જૈ. શ્રીવિજયધર્મસૂરિ મહારાજ સંપાદિત (છપાય છે.)

૨૧ **પ્રશ્નોત્તર પુષ્પમાલા**—મહારાજ શ્રીહંસવિજયજીલિખિત.

૨૨ **હીરવિજયસૂરિ સજ્ઝાય**—કર્ત્તા વિવેકહર્ષ, કવિરાજ હર્ષાનંદના શિષ્ય.

૨૩ **પરબ્રહ્મપ્રકાશ**—કર્ત્તા વિવેકહર્ષ.

૨૪ **હીરવિજયસૂરિ રાસ**—ન્હાનો કર્ત્તા વિવેકહર્ષ સં. ૧૬૫૨.

૨૫ **વિજયચિંતામણિ સ્તોત્ર**—કર્ત્તા પંડિત પરમાનંદ. વિજયસેનસૂરિના શિષ્ય.

૨૬ **મહાજન વંશ મુક્તાવલી**—શ્રીયુત રામલાલજીગણિકૃત.

(સંસ્કૃત.)

२७ हीरसौभाग्य काव्य सटीक—कर्त्ता पं. देवविमल.

२८ विजयप्रशस्ति काव्य सटीक—कर्त्ता पं हेमविजय, टीकाकार पं. गुणविजयगणि. टीका सं १६८८

२९ जगद्गुरु काव्य—कर्त्ता पं पद्मसागर.

३० कर्मचंद्रचरित्र—कर्त्ता पं जयसोम सं. १६५०.

३१ गुर्वावली—कर्त्ता मुनिसुंदरसूरि

३२ कृपारसकोश—कर्त्ता शान्तिचन्द्र उपाध्याय

३३ सोमसौभाग्य काव्य—कर्त्ता पं. प्रतिष्ठासोम सं. १५२४.

३४ तपागच्छपट्टावली—कर्त्ता रविवर्धन

३५ तपागच्छपट्टावली—कर्त्ता पं. धर्मसागरजी.

३६ तपागच्छपट्टावली—कर्त्ता उपाध्याय मेघविजयजी.

३७ सूर्यसहस्र नाम—कर्त्ता उपाध्याय भानुचंद्रजी

(પરચૂરણ.)

૩૮ જૈનશાસનનો દીવાળીનો અંક.

૩૯ પ્રશસ્તિસંગ્રહ—પરમગુરુમહારાજસંગૃહીત.

૪૦ **તપાગચ્છના આચાર્યોની નોંટો**—પૂજ્યપાદ આચાર્ય મહારાજશ્રી-સંગ્રહીત.
૪૧ **કોન્ફરન્સ હેરલ્ડનો ઐતિહાસિક અંક.**

જૈનેતર ગ્રન્થો.

(ગુજરાતી.)

૪૨ **મીરાતે એહમદી**—પઠાણ નીઝામખાન નૂરખાનનો અનુવાદ.
૪૩ **મીરાતે સિકન્દરી**—આત્મારામ મોતીરામ દીવાનજીનો અનુવાદ.
૪૪ **મુસલમાની રીયાસત**—સૂર્યરામ સોમેશ્વર દેવાશ્રયીનો અનુવાદ.
૪૫ કાઠિયાવાડ સર્વ સંગ્રહ.
૪૬ **મીરાતે આલમગીરી**—કર્ત્તા શેખ ગુલામમોહમદ આબીદમિયાં સાહેબ
૪૭ **અકબર**—ગુજરાત વર્નાક્યુલર સોસાઇટીવાળું.
૪૮ **ફાર્બસ રાસમાળા**—રણછોડભાઇ ઉદયરામનો અનુવાદ.

(હિન્દી)

૪૯ सीरोही राज्यका इतिहास—श्रीयुत रायबहादुर गौरीशंकर हीराचंद ओझा कृत
५० अकबर (इन्डीयन प्रेस-अलाहाबादवाला)
५१ अकबर (ग्वालीयरवाला)
५२ सम्राट् अकबर—पं. गुलजारीलाल चतुर्वेदी-अनुवादित.

(बंगाली.)

५३ भारतभ्रमण—श्रीघङ्कटेश्वर प्रेसमे मुद्रित.
५४ सम्राट् अकबर—श्रीबङ्किमचन्द्र लाहिडी बि. एल. प्रणीत.
५५ समसामायिक भारतेर उनविंश खण्ड योगेन्द्रनाथ समाद्दारसंपादित.
५६ 'भारतवर्ष' मासिकपत्रिका।

उर्दु.

५७ दरबारे अकबरी—प्रो. आज़ादकृत.

83 The Cities of Gujarashtra by Briggs
84 Journals of the Punjab Historical Society
85 The Journal of the Bombay Branch of the Royal Asiatic Society Vol. XXI.
86 English factories in India by William Foster. (1618-1621, 1646-1650 & 1651-1654.)
87 Description of Asia by Ogilby.
88 Manual of the Musalman Numismatics by Codrington
89 The Coins of the Mogul Emperors of Hindustan in the British Museum by Stanley Lane-Poole.
90 Collection of voyages & travels Vol IV.
91 Tavernier's Travels in India Vol II edited by V. Ball
92 The History of the Great Moguls by Pringle Kennedy 2 Vols
93 The History of Gujarat translated by James Bird.
94 Mediaeval India by Stanley Lane-Poole
95 The History of India by J T Wheeler. Vol IV part I.
96 Royal Asiatic Society of Great Britain & Ireland (issues of July and October, 1918.)

ઉપોદ્ઘાત.

મ્હને મુનિ વિદ્યાવિજયજીએ પોતાના પુસ્તકનો ઉપોદ્ઘાત લખવાનું કઠણ કામ સોંપ્યું, ત્યારે મ્હને સ્વાભાવિક રીતે ક્ષોભ થયો. થોડા વર્ષપર જ્યારે મ્હારી '**પાટણની પ્રભુતા**' બ્હાર પડી, ત્યારે જૈનધર્મનો હું દ્વેષી છું, તેવી છાપ પાડવાનો પ્રયત્ન કરવામાં આવ્યો હતો; અને તે છાપ જો કાયમ રહી હોય, તો મુનિજીનું પુસ્તક કાંઇક લોકપ્રિયતા ખુવે, એવો ડર મ્હને લાગ્યો; અને તેથી આ કામ કોઇ બીજાને સોંપવાની તેમ્હને અરજ કરી. પણ તેમ્હનો આગ્રહ નિશ્ચલ હતો; અને આખરે મ્હને આ કામ માથે લેવું પડયું. તે છાપ કાયમ રહી છે કે નથી રહી, મેં પુરાણા જૈન ઇતિહાસ–સાહિત્ય વિષે બાંધેલા મ્હારા અભિપ્રાયો વાસ્તવિક છે કે નથી, એ વિષે કાંઇ પણ વિચાર કર્યા વિના મ્હને સોંપેલું કામ પૂરૂં કરવાની હું રજા લઇશ.

આ પુસ્તક એક અત્યંત સ્તુત્ય પ્રયત્ન છે. જૈન સાહિત્યમાં છુપાયેલા ઇતિહાસને મહા મહેનતે છતો કરવો, તે ભગીરથ કાર્ય ગુજરાતના ઇતિહાસકારો આગળ પડયું છે. અને જેટલે અંશે તે કાર્ય થશે, તેટલેજ અંશે ગુજરાતનો મધ્યકાલીન ઇતિહાસ લખાશે; કારણ કે–એ સમયનાં ઇતિહાસનાં સાધનોમાં મુખ્ય જૈનસાહિત્ય છે.

આ પુસ્તકમાં મુનિ વિદ્યાવિજયજીએ અથાગ શ્રમ લઇ, જે મહાન્ જૈનસાધુએ શહેનશાહ અકબરને પોતાનો શિષ્ય બનાવ્યો હતો. ત્હેના જીવન અને સમયનો ઇતિહાસ આપવાનો પ્રયાસ આદર્યો છે. ઐતિહાસિક સાહિત્યની ભાવના નજર આગળ રાખી કર્ત્તાએ બીજાં ઐતિહાસિક સાધનની મદદ લીધી છે, બન્યું ત્યાં સુધી નિષ્પક્ષપાત ઇતિહાસકારના દૃષ્ટિબિન્દુથી સત્યનું સંશોધન કર્યું છે. અને પરિણામે આ પુસ્તકને ધર્માંધતાના દોષમાંથી બચાવી ઇતિ-

હાસની પંક્તિમાં ઘણે અંશે લાવી મૂક્યું છે. લેખક પોતે **જૈનસાધુ** છે. પુસ્તકના નાયક મહાન્ જૈન ગુરૂ હતા. સાધનો ઘણે ભાગે પ્રાચીન જૈન સાહિત્યમાં દટાયેલાં હતાં. આ બધું ધ્યાનમાં લેતાં લેખકને જેટલું અભિનન્દન આપીએ તેટલું ઓછું છે.

આ વિષય **મી. વિન્સેંટ સ્મીથ**ના લેખો, અને ખાસ કરીને ત્હેણે રચેલા '**અકબર**' નામના પુસ્તકે સરલ કરી દીધો છે. તે ઇતિહાસકાર લખે છે કે—(પાનું ૧૬૬).

"અકબરના વિચારો ને રાજયનીતિ પર જે પ્રભાવ જૈન આચાર્યોએ પાડયો હતો, ત્હેનાં પ્રાબલ્યની ઇતિહાસકારોએ નોંધ લીધી નથી. તે જૈન મહાત્માનાં વચનો એવા ધ્યાનથી સાંભળતો કે–તે જૈનમતાવલંબી થયો છે, એમ જૈન લેખકો ગણતા; અને ૧૫૮૨ પછીનાં તેનાં ઘણાં કામો કેટલેક અંશે સ્વીકારેલા જૈન મતને લીધેજ થયાં છે. આ બીનાઓનો વ્હેમ પણ એલ્ફીન્સ્ટન, વૉન નોઅર અને મોલીસનના પુસ્તકોના વાચકોને ભાગ્યેજ પડે. અબુલફજલની લાંબી ટીપમાં લખેલા તે સમયના ત્રણ મહાસમર્થ વિદ્વાનો—હીરવિજયસૂરિ, વિજયસેનસૂરિ, અને **ભાનુચંદ્ર** ઉપાધ્યાય નામક જૈન ગુરૂઓ અથવા ધર્માચાર્યો હતા. આ વાત બ્લોકમેન પણ જોઇ શકયા નથી. આ ત્રણમાં જહેનું નામ પ્રથમ આપ્યું છે, તે ત્રણેમાં અગ્રગણ્ય હતા, અને અકબરને જૈનમતાવલંબી કરવાનું માન તેમ્હને છે, એમ જૈનલેખકો માને છે, અને અબુલફઝલ ત્હેને વિદ્વાનોના પાંચ વર્ગમાંના પ્રથમ વર્ગમાં, શેખ મુબારક વિગેરે બીજા ચુનંદા વિશ વિદ્વાનો કે જેઓ 'બન્ને દુનિયાનાં રહસ્યો સ્હમજે છે' તેવાની પંક્તિમાં મૂકે છે."

પણ મુખ્યત્વે કરીને આ પુસ્તકોનો આધાર હેમવિજયના "વિજયપ્રશસ્તિ કાવ્ય" પર, પંડિત દેવવિમલકૃત "હીરસૌભાગ્ય કાવ્ય" પર અને કવિ ઋષભદાસકૃત "હીરવિજયસૂરિ રાસ" પર

રાખવામાં આવ્યો. રસીથે જ્યાં માત્ર માર્ગ દેખાડયો છે, ત્યાં વિદ્યાવિજયજીએ સંપૂર્ણ માહિતી આપવાનું કામ હાથ ધર્યું છે.

જૂના જૈનપ્રબંધો અને રાસોના આધાર પર ઇતિહાસ રચવો, એ લગભગ અશકય કામ છે; કારણ કે—એ સાહિત્ય સાધારણ રીતે માત્ર એક પક્ષી, અવિશ્વસનીય સાધનો પૂરાં પાડે છે. આ પ્રબંધો ને રાસો માત્ર જિનશાસનની કીર્ત્તિ વધારવાના અને મહાન્ જૈનોનાં આદર્શ જીવન શ્રદ્ધાળુ શ્રાવક આગળ રજુ કરવાના હેતુથી ચૂસ્ત જૈનલેખકોએ લખ્યાં છે. અને ત્હેમાં ઇતિહાસને ઉપયોગી સામગ્રી કેટલી છે, તે પારખવા ત્હેમા નીચે આપેલાં લક્ષણો કેટલે અંશે છે, તે જોવું જરૂરનું થઇ પડે છે.

(૧) ઇતિહાસની વસ્તુ જે સમયમાં ને સ્થલે બની હોય, ત્હેનાથી લેખકના સમય અને સ્થલ જેટલે અંતરે હોય, તેટલો લેખ વિશ્વાસપાત્ર ઓછો ગણાવો જોઇએ. ઘણા ખરા લેખો પ્રચલિત દંતકથાઓ ઉપરથી લખાએલા છે; અને આ દંતકથાઓમાં રહેલો સત્યનો અંશ સ્થળ ને સમયનો અંતર થતાં ઓછો ને ઓછો થતો જાય, એ સ્વાભાવિક છે.

(૨) આ લેખમાં જિનશાસન કે શ્રાવકવર્ગોની કીર્ત્તિ વિષે જે હકિકતો હોય તે, અતિશયોક્તિ ભરી અને શ્રદ્ધાળુ શ્રાવકવૃંદના લાભ માટેજ લખાયેલી હોવાથી જ્યાં સુધી સ્વતંત્ર પુરાવાની મદદ ન મળે, ત્યાં સુધી સર્વાંશે માન્ય રાખવા લાયક હોતી નથી

(૩) આ લેખમાં જૈનેતરો વિષે કે જૈનમતની કીર્ત્તિ ઝાંખી કરે એવું કાંઇ હોય, તો તેમાં ખરી હકીકત સમાઇ રહેવાનો વધારે સંભવ હોય છે

(૪) આ લેખોમાં જ્યાં પટ્ટાવલી હોય કે જ્યાં વર્ષ સ્પષ્ટ રીતે લખ્યા હોય, તે ઘણા ખરા ભાગે સત્યનો સંભવ છે,

કારણ કે સાધુઓ એ બાબતમાં ઘણા ચોકસ હતા એમ લાગે છે.

જે પુસ્તકોને આધારે આ પુસ્તક લખવામાં આવ્યું છે, તે ઘણુંજ વિશ્વાસપાત્ર લાગે છે. એમ્હાંના 'વિજયપ્રશસ્તિ કાવ્ય' ના કર્ત્તા હેમવિજય અને 'કૃપારસકોશ' ના કર્ત્તા શાંતિચંદ્ર બન્ને નાયક હીરવિજયસૂરિની જોડે અકબરના દરબારમાં હતા. 'હીરસૌભાગ્ય' ના કર્તા દેવવિમલગણિ તે, હીરવિજયસૂરિના શિષ્ય સિંહવિમલના શિષ્ય હતા. આ સિંહવિમલ પણ ગુરૂની સાથે અકબરના દરબારમાં હતા. અને ગુજરાતી કવિ, 'હીરવિજયસૂરિરાસ' ના કર્તા ઋષભદાસ કવિ પણ હીરવિજયજીના શિષ્ય વિજયસેનસૂરિ, જે ગુરૂના મૃત્યુ પછી સંવત્ ૧૬૫૨ માં પટ્ટધર થયા, અને જેમને ગુરૂએ પોતાને બદલે અકબરના દરબારમાં મૂક્યા હતા, અને જેમને "આઈને-ઇ-અકબરી" વિજયસેનસૂરના નામથી ઓળખે છે. [illegible] ના શિષ્ય હતા. જો કે રાસ દેવવિમલના "હીરસૌભાગ્ય" ઉપરથી રચેલો છે, છતા કવિને હકીકત જાણવાની તક એવી હતી કે તેની આપેલી વિગત વિશ્વાસને પાત્ર થયા વિના રહે નહિ.

આ ઉપરાંત જે પુસ્તકોની મદદ લેવામાં આવી છે, તે પણ સમકાલીન લેખકોનાં છે.

(૧) પદ્મસાગરનું 'જગદ્ગુરુ કાવ્ય'. સંવત ૧૬૪૬.

(૨) પંડિત દયાકુશળનો 'લાભોદયરાસ'. સંવત ૧૬૪૯.

(૩) ખરતરગચ્છના પંડિત જયસોમનું 'કર્મચંદ્રચરિત્ર' સંવત્ ૧૬૫૦.

(૪) [illegible] કૃષ્ણદાસ કવિની 'દુર્જનશાલબાવની'. સંવત્ ૧૬૫૧

(૫) ગુણવિજયજીનો 'કર્મચંદ્ર ચોપાઈ'. સંવત્ ૧૬૫૫.

(૬) દર્શનવિજયજીનો 'વિજયતિલકસૂરિરાસ', ૧ અધિકાર સંવત [illegible]

(૭) ઋષભદાસ કવિનો 'મલ્લીનાથરાસ'. સંવત્ ૧૬૮૫.

(૮) ગુણવિજયજીની 'વિજયપ્રશસ્તિ પર ટીકા'. સંવત્ ૧૬૮૮.

(૯) દર્શનવિજયજીનો 'વિજયતિલકસૂરિરાસ', ૨ અધિકાર. સંવત્ ૧૬૯૭.

ઉપર જણાવેલા ચારમાંનું બીજું લક્ષણ પણ આ લેખોમાં જડે છે. આ લેખમાં આપેલી બીનાને કસોટીએ ચ્હડાવવાનાં સ્વતંત્ર સાધન પણ પુષ્કળ છે. જેવાં કે ' આઇન-ઇ-અકબરી ', અકબરનાં ફરમાનો વિગેરે. આ સાધનોનો પણ ઉપયોગ વિદ્યાવિજયજીએ બહોળે હાથે કર્યો છે.

આ બે લક્ષણો આવી સારી રીતે આ મૂલ લેખોમાં છે અને તેથી ત્હેમાં સમાયલો ઇતિહાસ સત્ય અને નિઃપક્ષપાત છે, એમ સકારણ કહી શકાય એમ છે.

આ સાધનો પરથી આ પુસ્તકની મૂલ હકીકત સિદ્ધ થાય છે. હીરવિજયસૂરિનું જીવનવૃત્તાંત; અકબરનું નિમંત્રણ; સૂરિની મુસાફરી અને આગ્રાના દરબારમાં આવાગમન; શહેનશાહની ગુરૂભક્તિ ને જૈન તરફ વલણ; અને સૂરિના તરફ પક્ષપાત થવાથી શહેનશાહે બહાર પાડેલાં ફરમાનો—આ બધી વાતો હવે ઈતિહાસની ભૂમિકા પામી ગઇ છે. લેખકના શબ્દોમાં કહીયે તો—

" આચાર્ય શ્રીહીરવિજયસૂરિ, શ્રીશાન્તિચંદ્ર ઉપાધ્યાય, શ્રીભાનુચંદ્ર ઉપાધ્યાય અને શ્રીવિજયસેનસૂરિએ અકબર બાદશાહ ઉપર પ્રભાવ પાડીને અનેક જનહિતનાં, ધર્મની રક્ષાનાં, જીવદયાના કાર્યો કરાવ્યા: ગુજરાતમાંથી 'જીજીયાવેરો' દૂર કરાવ્યો; સિદ્ધાચલ, ગિરિનાર, તારંગા, આબૂ, કેશરિયાજી, રાજગૃહીના પહાડો અને સમ્મેતશિખર વિગેરે તીર્થો શ્વેતાંબરનાં છે, એ સંબંધી પરવાનો લીધો; સિદ્ધાચલજીમા લેવાતું મૂંડકું બંધ કરાવ્યું: મરેલ મનુષ્યનું ધન ગ્રહણ કરવાનો અને યુદ્ધમાં બંદીગ્રહણ કરવાનો નિષેધ કરાવ્યો; વળી પક્ષિયોને પાંજરામાંથી છોડાવ-

વાનું અને ડાબર તળાવમાં થતી હિંસા બંધ કરાવવાનું-વિગેરે અનેક કાર્યો કરાવ્યાં હતાં. આ ઉપરાંત તેઓના ઉપદેશથી સૌથી મ્હોટામાં મ્હોટું અને સૌથી વધારે મહત્ત્વનું કાર્ય થયું હતું, તે એ છે કે—બાદશાહે પોતાના સમસ્ત રાજ્યમાં આખા વર્ષમાં છ મહીના અને છ દિવસ સુધી કોઇપણ માણસ કોઇપણ જીવની હિંસા ન કરે, એવા હુકમ બહાર પાડયા હતા ".

લેખકે માત્ર આ પ્રસંગોનો ઇતિહાસ લખ્યો છે, એટલુંજ નહિ પણ અકબરનું જીવન અને કારકીર્દી વિષે કાંઇ ખાસ લખ્યું છે. અકબર વિષે વધુ માહિતી આપવી એ મી. સ્મીથ ઇતિહાસ પછી કઠણ કામ છે; છતાં જૈન ગુરૂના સમાગમનો અને "અમારીઘોષણા" સંબંધી કેટલાક પ્રસંગોનો ચીતાર ઐતિહાસિક સાહિત્યની સમૃદ્ધિમાં વધારો કરે છે.

ઘણે ઠેકાણે અકબરના સ્વભાવ વિષે લેખકે વિવેચન કર્યું છે. સમસ્ત હિન્દપર આણ વરતાવી જ્હેણે હિન્દુ અને મુસલમાનનું ઐકય સાધવા અતુલ પ્રયત્ન કર્યો, જ્હેણે વિધર્મીઓને જીતી પોતે તેમનોજ છે એમ બતાવ્યું, જ્હેણે પરધર્મી વિદ્વાનોની સાથે વિવાદ કરતાં તેમને એવીજ માન્યતામાં રાખ્યા કે પોતે તે ધર્મસિદ્ધાન્તોનો અનુયાયી થઇ બેઠો છે—તે મુત્સદ્દી, પ્રતાપી નરેશના ચારિત્ર્યના અદ્‌ભૂત, અવર્ણનીય રંગો શબ્દોવડે સ્પષ્ટ કરતાં ભલાભલા ઇતિહાસકારોની કલમો કાંપી છે, અને નિષ્ફળ નીવડી છે. અને આવા મહાપુરૂષના અનેક રંગી ચિત્રોમાંથી—અનેક સ્તબ્ધ બની રહેલા લેખકોના પ્રસંશા કરવાના કાવત્રામાંથી ત્હેના ખરા ચારિત્ર્યની રૂપરેખા શોધી કહાડવી, એ લગભગ અશકય વાત છે. અને આ અશક્ય વાત શકય કરવા જતાં લેખકે અસંતોષકારક કે એક પક્ષી ચિત્ર આપ્યું હોય, તો તે દોષ ક્ષન્તવ્યજ મનાશે, એમ હું ધારૂં છું.

લેખક વિદ્વાન્ જૈન સાધુ છે, એટલે સ્વાભાવિક રીતે નૈતિક સિદ્ધાન્તોનું પ્રતિપાદન કરવાની અને અવારનવાર જૂની ભાવના અને આધુનીક જમાના વચ્ચેનો વિરોધ સ્પષ્ટ કરી બે બોધ વચન

કહેવાની તક આવતાં પોતાની કલમ અટકાવી શકયા નથી. આ કારણથી કેટલાક ફકરાઓ પુસ્તકના ઐતિહાસિક સાહિત્ય તરીકેના ગૌરવને આચ્છાદે છે; અને આ પુસ્તક લખવામાં સમાયેલો લેખકનો બીજો હેતુ છતો કરે છે. અને તે હેતુ, એક જૈન મહાગુરૂની નૈતિક પ્રશંસા કરતાં જૈનધર્મસિદ્ધાન્તોની મહત્તા સિદ્ધ કરાવાનો છે, એમ લાગે છે. મ્હારા માનવા પ્રમાણે લેખકનો વિચાર માત્ર ઇતિહાસ લખવાનો નથી, સાથે સાથે જૈનસાહિત્યમાં ઉમેરો કરવાનો પણ છે; અને આ દૃષ્ટિબિન્દુથી જોતાં પુસ્તકના આ ભાગો કેટલીક પ્રકારના વાચકોને આકર્ષક પણ નીવડે, એ અસંભવિત નથી.

આ પુસ્તક પાછળનાં પરિશિષ્ટો ઘણાંજ કિંમતી છે; અને તે બધાને આપવામાં લેખકે ઇતિહાસની ઘણીજ સેવા બજાવી છે.

બધું જોતાં આ પુસ્તક ગુજરાતી ઇતિહાસના ન્હાનકડા સાહિત્યમાં ઉપયોગી ઉમેરો કર્યા વિના રહેશે નહિં, એમ હું ધારૂં છું. આપણા સાહિત્યનું આ જાતનું દારિદ્ય દયાજનક છે; અને ત્હેના તરફ સાહિત્યકારોની બેપરવાઇ શોચનીય છે. આવી સ્થિતિમાં આવું પુસ્તક લખવા માટે લેખકને ખરેખર અભિનન્દન ઘટે છે. અને તેમાં જૈનસાધુઓએ રચેલા સાહિત્યમાં દટાયેલો ઇતિહાસ જૈનસાધુજ બ્હાર કહાડે, અને તે પણ વળી તેમ્હના આચાર્ય શ્રીવિજયધર્મસૂરિ જેવા મહાત્માની પ્રેરણાથી, એના જેવું સમયનુ શુભચિહ્ન સાહિત્યમાં બીજું ભાગ્યેજ મળશે. અને, જ્યારે આવા બીજા પ્રયત્નો થશે, અને આધુનિક ઐતિહાસિક દૃષ્ટિએ જૂના પુસ્તકોનો ઉપયોગ થશે, ત્યારેજ ગુજરાતનું ઐતિહાસિકસાહિત્ય પ્રબલ સાહિત્યને શોભારૂપ એક અંગ બની રહેશે. મ્હને આશા છે કે મુનિ વિદ્યાવિજયજી આ પુસ્તક પ્રગટ થયે બીજો કોઇ ઐતિહાસિક વિષય હાથ ધરશે, અને એમની વિદ્વત્તા, અને એમના સંશોધનના પરિણામ રૂપ બીજો કોઇ ઇતિહાસ બ્હાર પાડી ગુજરાતને ઉપકૃત કરશે.

બાબુલનાથ રોડ,
મુંબાઈ.
તા. ૨૦-૧-૧૯૨૦.

કનૈયાલાલ માણેકલાલ મુનશી.



મોરબીનિવાસી દાનવીર ઝવેરી ડાહ્યાલાલ મકનજી

આભાર-પ્રદર્શન.

પરમગુરૂ સુપ્રસિદ્ધ શાસ્ત્રવિશારદ-જૈનાચાર્ય **શ્રીવિજયધર્મસૂરીશ્વરજી** મહારાજ અને ઇતિહાસતત્ત્વમહોદધિ **ઉપાધ્યાયજી શ્રીઇંદ્રવિજયજી** મહારાજના અસાધારણ અનુગ્રહનુંજ એ પરિણામ છે કે, અમે આ ગ્રંથમાળા દ્વારા ઉત્તરોત્તર જૈનસાહિત્યની અધિકાધિક સેવા કરવા ભાગ્યશાળી થઇએ છીએ. પૂજ્યપાદ આચાર્ય મહારાજશ્રીએ, પોતે અને પોતાના વિદ્વાન્ શિષ્યોએ બનાવેલાં એવા અપૂર્વ પુસ્તકોને પ્રકટ કરવાનું માન અમને આપ્યું છે કે-જે પુસ્તકોની ગુજરાતી, હિન્દી અને મરાઠી વિગેરે જુદી જુદી ભાષાઓમાં ઉપરા ઊપરી અનેક આવૃત્તિયો બહાર પાડવાની અમને જરૂર પડી છે. આવાજ એક અતિમહત્ત્વવાળા પુસ્તકને પ્રકાશ કરવાનું કામ અમને સોંપી અમારા ઉપરના ઉપકારમાં આચાર્યશ્રીએ ઓર વધારો કર્યો છે; કે જે પુસ્તક આચાર્યશ્રીનાજ વિદ્વાન્ શિષ્ય **મુનિરાજ શ્રીવિદ્યાવિજયજીએ** બનાવ્યું છે. આ પુસ્તકના મહત્ત્વના સંબંધમાં અમે કંઇપણ વિશેષ કહેવા માંગતા નથી. માત્ર એટલુંજ કહીશું કે-જે જે વિદ્વાનોએ આ પુસ્તકના ફાર્મો તપાસ્યા છે-જોયા છે, તેઓએ સૌથી પહેલી તકે આ પુસ્તકના અંગ્રેજી,હિન્દી અને મરાઠી ભાષાન્તરો બહાર પાડવાની અમને આગ્રહપૂર્વક ભલામણો કરી છે. ગુરૂ મહારાજશ્રીની કૃપાથી તે તે ભાષાઓમાં આ પુસ્તકના ભાષાન્તરો બહાર પાડવાની અમને જલદી તક મળે, એજ અંતઃકરણથી ઇચ્છીએ છીએ

આ પુસ્તકને પ્રકટ કરવા રૂપ પ્રાપ્ત થએલ ગૌરવ માટે પૂજ્યપાદ આચાર્ય મહારાજશ્રીનો અને લેખક મુનિરાજનો ઉપકાર માનવા સાથે **મોરબી** નિવાસી મુંબઇના સુપ્રસિદ્ધ **ઝવેરી દાનવીર શેઠ ડાહ્યાલાલ મકનજી કોઠારીનો** ઉપકાર માનીએ છીએ કે, જેઓએ આ પુસ્તક છપાવવા માટે થયેલું તમામ ખર્ચ પૂજ્યપાદ આચાર્ય મહારાજશ્રીના ઉપદેશથી અમને આપેલું છે

પુસ્તકની અડધી રૂપિયા કિંમત શેઠ ડાહ્યાલાલભાઇની ઇચ્છાથી એવી શરતે રાખી છે કે-આ પુસ્તકના વેચાણથી જે ઉપજ થશે, તે આગળ બીજા સાહિત્યના કાર્યમાં ખરચાશે.

પ્રકાશક.

|| अर्हम् ||

परमगुरुश्रीविजयधर्मसूरिभ्यो नमः ।

सूरीश्वर अने सम्राट्.

પ્રકરણ પહેલું.

પરિસ્થિતિ.



સંસાર પરિવર્તનશીલ છે. એવી એક પણ વસ્તુ જોવામાં નથી આવતી, કે જે હમેશાં એકજ સ્થિતિમાં રહેતી હોય. સંસારની વાસનાઓથી સર્વથા અજ્ઞાત-પારણીયાની અંદર ઝૂલતા બાળકને એક વખતે યુવાનીના મદમાં સંસારના મોહક પદાર્થોથી વિંટાયેલો જોઇએ છીએ, તે શું ? પોતાના શારીરિક બળના અભિમાનથી પૃથ્વીપર પગ દઇને ચાલતા પણ લજ્જા ધરાવનાર મનુષ્યને વૃદ્ધાવસ્થા પ્રાપ્ત થતાં લાકડીનું શરણ લઇને ચાલવું પડે છે, એ શું ? સંસારની પરિવર્તનશીલતાજ, બીજું કંઇજ નહિં જે સૂર્યને, આપણે પોતાના પ્રખર પ્રતાપી કિરણોને ફેલાવતો ઉદયાચલરૂપ સિંહાસન ઉપર આરૂઢ થતો જોઇએ છીએ, તેજ સૂર્યને કોઇક વાર [illegible]–પરન્તુ નિસ્તેજ અવસ્થામાં અસ્તાચલની ગંભીર ગુફામાં [illegible] એક વખત જગતને પ્રકાશમય કરી, સૂર્ય [illegible] તે [illegible] અને નિસ્તેજ [illegible] છે—તેને [illegible] મનુષ્યોની

માનસિક શક્તિઓમાં એકાએક ઓરજ પ્રકારનો વિકાશ અને ઉત્ક્રાંતિ થઇ જાય છે, જ્યારે તેજ ગગનમંડલ મેઘાચ્છિન્નાવસ્થામાં મનુષ્યોનાં મન અને શરીરોને પણ શું શિથિલ-પ્રમાદી નથી કરી નાખતું ? જે નગરોમાં, મ્હોટી મ્હોટી અટ્ટાલિકાઓથી સુશોભિત ઘરો અને આકાશને સ્પર્શ કરવાવાળાં મંદિરો મૌજૂદ હતાં, જ્યાં ચારે તરફ ઉત્સાહિત મનુષ્યો રહેતા હતા, જ્યાંનાં મકાનો ઉપર સુવર્ણ અને રત્નના કળશો તેમ ચિત્ર-વિચિત્ર ધ્વજાઓ વિગેરે દૂર દૂર સુધી જનતાની સુખ-સમૃદ્ધિની સાક્ષી આપી રહ્યાં હતાં, ત્યાં જંગલો અને ખંડેરો દૃષ્ટિગોચર થાય છે. જ્યાં સામ્રાજ્યની દુંદુભિનો નાદ થતો, ત્યાં શૃગાલો રૂદન કરતાં સંભળાય છે, જેને ત્યાં જનતા અને ઋદ્ધિ સમૃદ્ધિનો પાર નહોતો, તેને રોટલાના ટૂકડા માટે ઘેર ઘેર ભ્રમણ કરતો જોઇએ છીએ. એક વખત જે મનુષ્યના રૂપ અને લાવણ્ય ઉપર મનુષ્યો મુગ્ધ થઇ જાય છે, તેજ મનુષ્યમાં કોઇ વખત એવી પણ કુરૂપતા નિવાસ કરે છે કે-તેની સ્હામે જોતાં પણ મનુષ્યને અસીમ ઘૃણા ઉત્પન્ન થાય છે. અરે, લાખો અને કરોડો મનુષ્યોનું આધિપત્ય ભોગવનાર ચક્રવર્ત્તિ રાજાઓને પણ નિર્જનવનોમાં નિવાસ કયાં ન્હોતો કરવો પડયો ? આ બધું શું સૂચવે છે ? સંસારની પરિવર્તનશીલતા ! ઉદયની પાછળ અસ્ત અને અસ્તની પાછળ ઉદય. સુખની પછી દુઃખ અને દુઃખની અન્તે સુખ, એમ સંસારનો અરઘટ્ટઘટીન્યાય અનાદિકાળથી ચાલ્યો આવે છે. સુખ અને દુઃખનો અથવા બીજા શબ્દોમાં કહીએ તો ઉન્નતિ અને અવનતિનો પ્રવાહ, દરેક ઉપર પોતાનો પ્રભાવ પાડતો ચાલ્યો આવ્યો છે. સંસારમા એવો કોઇ દેશ; એવી કોઇ જાતિ કે એવો કોઇ મનુષ્ય નથી કે જેના ઉપર સંસારની આ પરિવર્તનશીલતાએ પોતાનો પ્રભાવ ન પાડયો હોય ! નિદાન, ભારતવર્ષને પણ સંસારસાગરની આ પરિવર્તનશીલતારૂપી ભરતીઓટમાં ચકરાળે ચઢવું પડ્યું હોય, તો તેમાં કંઇ આશ્ચર્ય જેવું નથી.

દુનિયાના મ્હોટો ભાગ જીતનાર બાદશાહ સિકંદરે, આજ

ભારતવર્ષમાં એવા એવા ખગોળશાસ્ત્રિયો, વૈદ્યો, ભવિષ્યવેત્તાઓ, શિલ્પશાસ્ત્રિયો, ત્યાગિયો, તત્ત્વજ્ઞાનિયો, ખનિજશાસ્ત્રિયો, રસાયનશાસ્ત્રિયો, નાટકકારો, કવિયો, સ્પષ્ટવક્તાઓ, કૃષિશાસ્ત્રિયો, નીતિ પાળનારાઓ, રાજનીતિજ્ઞો, શૂરવીરો અને વેપારીઓ જોયા હતા, કે જેની બરાબરી કરનાર બીજા કોઇ દેશમાં જોયા ન્હોતા. કહેવાની મતલબ કે આ બધી બાબતોમાં ભારતવર્ષ એકો હતો. ભારતવર્ષની બરાબરી કરનાર બીજો કોઇ દેશ ન્હોતો. **શ્રીયુત બંકિમચંદ્ર લાહિડી** પોતાના **सम्राट् अकबर** નામના બંગાળી પુસ્તકના પે. ૮ માં ઠીકજ કહે છેઃ—

" भारतेर मृत्तिकाय रत्न, स्वर्ण, रौप्य, ताम्र प्रभृति जन्मित। जगतेर सुप्रसिद्ध कोहिनूर भारतेइ उत्पन्न हइयाछिल। एखानकार वृक्ष लौहेर न्याय दृढ। एखाने पाहाड श्वेतमर्म्मर, समुद्र मुक्ताफल, वृक्ष चन्दनवास ओ वनफूल सौगन्ध प्रदान करे। स्वर्णप्रसू भारते किसेर अभाव छिल ? "

ભારતની માટીમાં રત્ન, સોનું, રૂપું અને તાંબૂ વિગેરે ઉત્પન્ન થતાં. જગતનો સુપ્રસિદ્ધ કોહિનૂર (હીરો) આજ ભારતમા ઉત્પન્ન થયો હતો. અહિંનાં વૃક્ષો લોઢાની માફક દૃઢ—મજબૂત હોય છે. અહિં પહાડો શ્વેત આરસપહાણ, સમુદ્ર મુક્તાફલ, વૃક્ષો ચંદનવાસ અને વનફૂલો સુગન્ધિ પ્રદાન કરે છે. સ્વર્ણપ્રસૂ ભારતમા કઇ વસ્તુનો અભાવ હતો ?

ઇતિહાસનાં પૃષ્ઠો; મથુરા, શ્રાવસ્તિ, રાજગૃહી, ગોરખપુર, સારનાથ, તક્ષશિલા, માધ્યમિકા, અમરાવતી અને નેપાલના કીર્તિસ્તંભો; શિલાલેખો અને તામ્રપત્રો વિગેરે, અત્યારે એ વાતની સ્પષ્ટ રૂપે દૃઢતાપૂર્વક સાક્ષી આપી રહ્યા છે કે—ભારતવર્ષને [illegible] ચન્દ્રગુપ્ત, અશોક, સંપ્રતિ, વિક્રમાદિત્ય, શ્રીહર્ષ, શ્રેણિક, કોણિક, ચંદ્રપ્રદ્યોત, અલ્લટ, આમ, (નાગાવલોક) શિલાદિત્ય, કક્કુક પ્રતિહાર, વનરાજ, સિદ્ધરાજ અને કુમાર-

પાલ જેવા હિન્દુ અને જૈનરાજાઓએ ભારતવર્ષની ઋદ્ધિ-સમૃદ્ધિને ભારતવર્ષમાંજ જાળવી રાખવા ઉપરાન્ત ભારતની કીર્તિલતાને દુનિયાની દશે દિશાઓમાં ફેલાવી હતી; એટલુંજ નહીં, પરન્તુ ભારતની સમસ્તપ્રજાને પોતપોતાના ધર્મની રક્ષા અને પ્રચાર કરવામાં સંપૂર્ણ રીતે મદદ કરી હતી. અને તેથી ભારતવર્ષના મનુષ્યો સરલસ્વભાવી હોઇ પ્રેમની એક દોરીથી બંધાએલ હતા. પ્રજાને પોતાની માલ-મિલકતની રક્ષા કરવા માટે કંઇ પણ ચિંતા કે પ્રબંધ કરવો પડતો ન્હોતો. મદિરા અને એવાં બીજાં વ્યસનોથી મનુષ્યો સર્વથા દૂર રહેતા. ભારતવર્ષની લેણદેણનો વ્યવહાર લગભગ વિશ્વાસ ઉપર ચાલતો હતો. ન તો કોઇ કોઇના જામીન લેતું, કે ન કોઇ પ્રકારના કોલકરારો કરવામાં આવતા. રાજાઓ પોતે જીવહિંસાથી દૂર રહી પ્રજાને તેમ કરવાને ફરજ પાડતા. ઘણાખરા રાજાઓએ પોતાના સમસ્ત રાજ્યમાં શિકાર ખેલવાનું, યજ્ઞમાં પશુઓનો વધ કરવાનું અને બીજી બીજી રીતે પણ જીવહિંસા કરવાનું સર્વથા બંધ કરાવ્યું હતું. રાજા **અશોકે** પોતાના રાજ્યમાં એવી આજ્ઞા ફેલાવી હતી કે ‘ એક ધર્મવાળો બીજા ધર્મની કદાપિ નિંદા ન કરે. ’ આવી ઉદારવૃત્તિવાળી આજ્ઞાથી પ્રત્યેક મનુષ્ય નિડર થઇને પોતાના ધર્મનું પાલન કરવાને સમર્થ થાય, એમાં નવાઇ જેવું શું છે ? સુપ્રસિદ્ધ રાજા **વિક્રમાદિત્ય**ના વખતની ભારતવર્ષની જાહોજલાલી શું કોઇથી પણ અજાણી છે ? વિદ્યા, વિજ્ઞાન અને વિવિધ પ્રકારની કળાઓનો પ્રચાર આ પ્રતાપી રાજાના વખતમાંજ થયો હતો. અત્યારે દુનિયાના ઘણાખરા સંસ્કૃતજ્ઞો **સિદ્ધસેનદિવાકર** અને **કાલિદાસ** જેવા જે મહાન્ કવિયોના પવિત્ર નામો પોતાની જિહ્વા ઉપર રટી રહ્યા છે, તેઓ આજ રાજાની સભાને શોભાવનાર ભારતના ચળકતા હીરા હતા. ચિત્રણકલા અને ભુવનનિર્માણકલાની પૂરજોશથી ઉન્નતિ પણ આજ રાજાના વખતમા થઇ હતી. સગીત વિદ્યા, ગણિત અને જ્યોતિષનો વધારે પ્રચાર પણ આનાજ વખતમાં થયો હતો.

રાજા **શ્રીહર્ષ**ના વખતમાં પણ ભારતીય જનો અખંડ શાન્તિ

સાગરમાં સ્નાન કરી રહ્યા હતા. આ રાજાની પ્રજાપ્રત્યેની લાગણી, ઉદારવૃત્તિ અને દાનેશ્વરીપણાનું માત્ર એકજ દૃષ્ટાન્ત લઇશું.

રાજા, પ્રત્યેક પાંચમા વર્ષે પ્રયાગના સંગમપર પોતાના ખજાનાની સમસ્ત ધન સંપત્તિ ભિન્ન ભિન્ન ધર્માવલમ્બિયોને દાન કરવામાં ખરચી નાખતો. જે વખતે ચીનીયાત્રી હુચેનસૉંગ (Huen Tsiang) ભારતની મુસાફરીએ આવ્યો હતો, તે વખતે રાજા હર્ષની યાત્રાનો છઠ્ઠો ઉત્સવ હતો. હુચેનસૉંગ પણ તેની સાથેજ પ્રયાગ ગયો હતો. આ વખતે યાત્રામાં પાંચ લાખ મનુષ્યો એકત્રિત થયા હતા. તેમાં ૨૦ રાજાઓ પણ હતા. ૭૫ દિવસ સુધી રાજ્યના બધા કર્મચારિયો પાછલા પાંચ વર્ષોના એકઠું કરેલું ધન દાન દેવામાં લાગી રહ્યા હતા રાજાની આ ધન-સંપત્તિ કેટલાએ કોઠારોમાં ભરેલી હતી. રાજાએ દાનમાં પોતાનાં આભૂષણો, રત્નજડિત હારો, કુંડલો, માળાઓ, મુકુટ અને મૌક્તિક વિગેરે સમસ્ત વસ્તુઓ આપી દીધી હતી

ભારતવર્ષના આર્યરાજાઓની આ ઉદારતા શું જગતને ચકિત કરનારી નથી ? આ રાજાના વખતમાં પણ સંસ્કૃતની બહુ ઉન્નતિ થઇ હતી. આ રાજા પણ જીવહિંસાનો કટ્ટર વિરોધી હતો. તેણે આખા રાજ્યમાં એવી ઉદ્ઘોષણા કરી હતી કે–" જે કોઇ મનુષ્ય જીવહિંસા કરશે, તેનો અપરાધ અક્ષમ્ય ગણવામાં આવશે, અને તેને મૃત્યુદંડ દેવામાં આવશે. "

જે રાજાઓના નામો અમે ઉપર આપી ગયા છીએ, તેમાં કેટલાક જૈની રાજાઓ પણ છે, જ્યારે કેટલાક જૈનધર્મ પ્રત્યે અનુરાગ ધરાવનાર. પણ જે રાજા સંપ્રતિ એક ચુસ્ત જૈનધર્મી હોઇ, તેણે અનાર્યદેશમાં પણ જૈનધર્મનો પ્રચાર કરવામાં [illegible]

ન્હોતી. રાજા **આમ** અને **શિલાદિત્યે** જૈનધર્મના વાસ્તવિક ગૌરવને સંપૂર્ણ રીતે જાળવી રાખ્યું હતું. છેવટ **વનરાજ**, **સિદ્ધરાજ** અને **કુમારપાલ** જેવા રાજાઓએ જીવદયાનો અમારીપટહ વગડાવી જે અહિંસા ધર્મનો પ્રચાર કર્યો હતો, તે કોઇથી અજાણ્યું નથી. આવીજ રીતે હિન્દુ અને જૈનધર્મને પાળનારા રાજાઓજ શા માટે ? **શકડાલ**, **વિમલ**, **ઉદયન**, **વાગ્ભટ્ટ** અને **વસ્તુપાલ** જેવા મહાન્ પ્રતાપી રાજમંત્રિયો કયાં ઓછા થયા છે કે જેઓનો પ્રતાપ આખા ભારતવર્ષમાં ગાજી રહ્યો હતો.

એક તરફ વીરપ્રસૂ ભારતમાતા, આવા વીર આર્યધર્મરક્ષક રાજાઓને ઉત્પન્ન કરવા ભાગ્યશાળી નિવડી હતી, તેમ તેણીએ પોતાની કુક્ષિથી એવા એવા ધર્મપ્રચારક સચ્ચરિત્ર પ્રતાપી જૈન આચાર્યોને પણ જન્મ આપ્યો હતો, કે જેમણે પોતાના અગાધ પાંડિત્યનો પરિચય આપી આજ પણ આખા જગતને ચમત્કૃત કરી મૂકયું છે. એટલુંજ શા માટે ? તે આચાર્યોએ એવાં એવાં સામર્થ્યનાં કાર્યો કરેલાં છે કે જે કાર્યોની આશા સાધારણ વ્યકિતયો તરફથી કદાપિ રાખીજ ન શકાય ? મૌર્યવંશીય સમ્રાટ્ ચંદ્રગુપ્તને પ્રતિબોધ કરનાર ચૌદપૂર્વધર **શ્રીભદ્રબાહુસ્વામી**, ૫૦૦ ગ્રન્થોની રચના કરનાર **ઉમાસ્વાતિ વાચક**, ૧૪૪૪ ગ્રંથોની રચના કરનાર **હરિભદ્રસૂરિ**, હજારો ક્ષત્રિયોને ઓશવાલ બનાવનાર **રત્નપ્રભસૂરિ**, અન્યાયમાં લિપ્ત થયેલ **ગર્દભિલ્લને** પ્રજાના હિતને માટે ગાદીપરથી ઉઠાડી મૂકી શકને સ્થાપન કરવાનું સામર્થ્ય ધરાવનાર **કાલિકાચાર્ય**, આમરાજાના ગુરૂ તરીકેનું મ્હોટું માન ભોગવનાર **બપ્પભટ્ટિ**, ‘ ઉપમિતિભવ પ્રપઞ્ચાકથા ’ જેવું સંસ્કૃત ભાષામાં અદ્વિતીય ઉપન્યાસ લખનાર મહાત્મા **સિદ્ધર્ષિ**, મ્હોટી મ્હોટી ચમત્કારિક વિદ્યાઓના ખજાના સ્વરૂપ **યશોભદ્રસૂરિ**, તાર્કિકશિરોમણિ **મલ્લવાદી**, ગ્રંથોની વિશેષ વ્યાખ્યાઓ કરવામાં અસાધારણ બુદ્ધિ વાપરનાર **મલધારી હેમચંદ્ર**, સિદ્ધરાજ જયસિંહની સભાના

એક રત્ન તરીકેનું મ્હોટું માન મેળવનાર અને વાદ કરવામાં અતુલનીય શક્તિ ધરાવનાર **વાદિદેવસૂરિ** અને કુમારપાલ જેવા રાજાને પ્રતિબોધી અઢાર દેશોમાં જીવદયાનું એક છત્ર સામ્રાજ્ય સ્થાપન કરાવનાર તેમ સાડીત્રણ કરોડ શ્લોકોની રચના કરનાર કલિકાલસર્વજ્ઞ **શ્રીહેમચંદ્રાચાર્ય** જેવા મહાન્ પ્રતાપી જૈનાચાર્ય રૂપી રત્નોને પણ આજ ભારત માતાએ ઉત્પન્ન કર્યાં હતાં. વળી તેની સાથે **પેથડશા, ઝાંઝણ, ઝઘડુશા, જગસિંહ, ભીમાશાહ, જાવડ, ભાવડ, સારંગ,** અને **એમાહડાલિયા** જેવા જૈન લક્ષ્મીપુત્રો પણ આજ ભારતભૂમિમાં થયા છે, કે જેમણે પોતાની લાખો નહિં, કરોડો નહિં, પરંતુ અબજોની લક્ષ્મીનો વ્યય, ભારતભૂમિનાં ભૂષણ રૂપ મ્હોટાં મ્હોટા જિનાલયો બંધાવી આર્યાવર્તની શિલ્પકળાની રક્ષા કરવામાં, આર્યબંધુઓનું પાલન કરવામાં, પોતાના માન-મર્તબાઓને જાળવી રાખવામાં તથા મ્હોટા મ્હોટા સંઘો-વરઘોડાઓ અને જ્ઞાનનાં સાધનો પૂરાં પાડવામાં કરેલો છે, વળી ધર્મની-આર્યધર્મની રક્ષા કરવાને માટે તેઓ પોતાની લક્ષ્મી તો શું, પરન્તુ પ્યારા પ્રાણોની પણ દરકાર કરતા ન્હોતા. આવા આસ્તિક, અખૂટ ધન-લક્ષ્મીના ભોગવનારા પણ આજ આર્યભૂમિએ ઉત્પન્ન કર્યા હતા.

આ બધું શું બતાવે છે ? ભારતનું ગૌરવ ! આર્યાવર્તની ઉત્તમતા ! બીજું કંઇજ નહિં. જે ભારતમાં આવું શાન્તિનું સામ્રાજ્ય, આવી અદ્વિતીય વિદ્યાઓ, આવા દાનેશ્વરિયો, આવા જીવદયાપ્રતિપાલકો, આવી ધનસંપત્તિ, આવો આનંદ, આવી ઉદારતા, આવી વિશાળતા, આવો પ્રેમ, આવી ધર્મશીલતા, આવી વીરતા અને આવા અપ્રાપ્ય વિદ્વાનો વિદ્યમાનતા ધરાવતા હતા. તે સ્વર્ગ-સમાન ભારતની અત્યારે આવી સ્થિતિ ? [illegible] દુર્ભા-[illegible] અધઃપતન અવસ્થામાં પણ અત્યારે દુનિયાની સમસ્ત પ્રજાને એટલી બાબતો સ્વીકારવું પડે છે કે, ભારતવર્ષનો [illegible] [illegible]

ઝળહળી રહ્યું હતું. અને તેનોજ એ પ્રતાપ હતો કે–ભારતીય પ્રજા ‘ કર્મ ’ અને ‘ ધર્મ ’ બન્નેમાં વીરત્વ દાખવી શકતી હતી.

આવી અપૂર્વ શાન્તિ અને ગંભીર આનંદ–સાગરમાં કલ્લોલ કરનારી ભારતીય પ્રજાને સંસારની પરિવર્તનશીલતાએ પોતાનો વિજળીની જેમ ચમત્કાર બતાવી આપ્યો. એટલે જેણે દુઃખના દિવસો દેખ્યા ન્હોતા અને જેને પોતાના આર્યત્વની રક્ષા કરવાને માટે કંઇ પણ પ્રકારના પ્રયત્નો સેવવા પડતા ન્હોતા, તે પરમશ્રદ્ધાળુ આર્ય પ્રજાપર એકાએક પઠાણોના હુમલાઓ શરૂ થયા. અમે જે સમયની સ્થિતિ બતાવવા માગીયે છીએ, તે સમયને આવવાને હજૂ વાર છે, તેટલામાં તો પઠાણોએ ભારતની લક્ષ્મીના મોહથી, પોતાની ક્રૂરતાનો ત્રાસ ભારતની સમસ્તપ્રજા ઉપર વરતાવવો શરૂ કર્યો. જે પઠાણોએ એવા સિદ્ધાન્તપૂર્વક કમર કસી હતી કે–‘ **કાં તો આર્યો ઇસલામી ધર્મનો સ્વીકાર કરે, નહિં તો શરીરના ટુકડા કરાવવાને માટે તૈયાર રહે,** ’ તે પઠાણોએ ભારતીય પ્રજાપર કેટલો ત્રાસ વરતાવેલો હોવો જોઇએ, તેનું સહજ અનુમાન થઇ શકે તેમ છે. નિરપરાધી લાખો મનુષ્યોને મારી નાખવા, આર્યરાજાઓની જીવતાં ને જીવતાં ચામડી ઉતરાવવી, શિકારની ઇચ્છા થતાં આર્યપ્રજાને ઘેરી લઇ તે ઘેરામાં આવેલાં સ્ત્રી, પુરૂષ અને બાળકોને જુદી જુદી રીતે રીબાવીને મારવા, દેવમૂર્ત્તિયોને તોડી ટૂકડા કરી તેની સાથે માંસના ટુકડા લગાડી આર્યપ્રજાને ગળે લટકાવવા. ઇત્યાદિ જુદા જુદા પઠાણ રાજાઓ તરફથી થતા ત્રાસે ભારતવર્ષમા મહાન્ કેર વરતાવી મૂક્યો હતો. **બંકિમચંદ્ર લાહિડી** પઠાણોના ત્રાસનુ વર્ણન આપ્યા પછી પૃ ૨૪ મા કહે છે:—

“ पाठानदिगेर अत्याचारे भारत श्मशानाकार प्राप्त हइल। ये साहित्यकानन दिन दिन नव नव कुसुमेर सौन्दर्ये ओ सौगन्धे आमोदित थाकित, ताहाओ निर्मूल हइल। स्वजातिप्रेम, निःस्वार्थपरता, ज्ञान ओ धर्म्म सकलइ भारत हइते अन्तर्हित हइल। समग्र देश विषाद ओ अनुतापेर कृष्णच्छायाय आवृत हइल। ”

"પઠાણોના અત્યાચારથી ભારતવર્ષ શ્મશાનાવસ્થાને પ્રાપ્ત થયો. જે સાહિત્ય-બગીચો હમેશાં નવાં નવાં પુષ્પોના સૌંદર્ય અને સુગંધથી પ્રફુલ્લિત રહેતો, તે પણ સુકાઈ ગયો. સ્વદેશહિતૈષિતા, નિઃસ્વાર્થપરતા, જ્ઞાન અને ધર્મ, બધું એ ભારતથી અન્તર્હિત થઈ ગયું. આખો દેશ, વિષાદ અને અનુત્સાહની કાળી છાયામાં આવૃત થઈ ગયો."

એક તરફ ભારતવર્ષ, પઠાણોના ત્રાસથી ત્રસ્ત તો થઈજ રહ્યો હતો, તેવામાં વળી ઈ. સ. ચૌદમા સૈકાની લગભગ પૂર્ણાહુતિના સમયે ભારતવર્ષની અસાધારણ કીર્તિથી મધ્ય એશિયાના **સમરકંદમાં** રહેતા **તૈમૂરલિંગને** ઈર્ષ્યા ઉત્પન્ન થઈ. અને તેથી તેણે, પોતાના રાજ્યથી સંતોષ ન માનતાં ભારતવર્ષની લક્ષ્મીને પણ સ્વાધીન કરવાની લોભવૃત્તિને હૃદયમાં સ્થાન આપ્યું. નિદાન, તેણે ભારતવર્ષમાં આવતા જ અનેક લૂંટફાટ, મંદિરોના ગૌરવત્વનું ખંડન, અગ્નિદાહ અને કતલ વિગેરેથી ભારતવર્ષીય પ્રજાના દુઃખોમાં મ્હોટો વધારો કર્યો. ઠીક છે–'लोभाविष्टो नरो हन्ति मातरं पितरं तथा' જે લોભવૃત્તિ માતા-પિતાને પણ મારવાનું દુષ્કૃત્ય કરાવે, તે લોભવૃત્તિના પ્રતાપે તૈમૂરલિંગ આવો કેર વર્તાવે, એમાં કંઈ નવાઈ નથી. કહેવાય છે કે-તૈમૂરલિંગે માત્ર દિલ્હીમાંજ એક લાખ હિન્દુઓની હત્યા કરી હતી. જો કે આ તૈમૂરના ઉપદ્રવથી પઠાણોની શક્તિને કંઈક ધક્કો અવશ્ય પહોંચ્યો હતો. તો પણ તેઓએ પોતાના જાતીય સ્વભાવને તો સર્વથા છોડ્યો નહોતો. અને [illegible] સિકંદર લોદીએ દેવમંદિરો અને દેવમૂર્તિઓને નષ્ટ કરવાનું કામ ચાલુજ રાખ્યું હતું.

સોળમી શતાબ્દીનો આરંભ થવા છતાં પણ ભારતવર્ષના દુઃખના દહાડા તો દૂર ન્હોતાજ થયા. કારણ કે મુસલમાન બાદશાહોનો ત્રાસ તેના ઉપર તેવોને તેવો કાયમજ રહ્યો હતો. આટલું છતાં પણ એમ કહેવુંજ પડશે કે ભારતવર્ષમાં 'આધ્યાત્મિક ભાવના' અને 'આર્યત્વનું અભિમાન' એ બન્ને જેવાં ને તેવા કાયમજ રહ્યાં હતાં. ભારતીય પ્રજાએ પોતાના જાતિત્વની રક્ષાને માટે લક્ષ્મીને તૃણસમાન ગણી હતી. એટલુંજ નહિ પરન્તુ પ્રાણની પણ દરકાર કર્યા સિવાય 'ધર્મ રક્ષા' એજ મુખ્ય લક્ષ્યબિંદુ રાખ્યું હતું. આની સાથે વળી ભારતવર્ષ, ઋદ્ધિ સમૃદ્ધિએ પણ કંઇ સર્વથા હીન ન્હોતો થયો. જો કે અત્યાર સુધીમાં નવા નવા લોભાવિષ્ટ મુસલમાન બાદશાહોએ ભારતવર્ષને લૂંટી લૂંટીને પોતાના દેશો અને ઘરોને ભર્યાં હતાં. દૃષ્ટાન્તમા–મહમૂદગિઝની વિગેરેની લૂટફાટો ઇતિહાસનાં પૃષ્ઠોમાં ચોખ્ખી રીતે આલેખાએલી છે. કહેવાય છે કે–મહમૂદગિઝનીએ ઇ. સ. ૧૦૧૪ માં જ્યારે કાંગડા (કે જેને પહેલાં નગરકોટ અથવા ભીમનગર કહેતા) નો કિલ્લો કબજે કર્યો, ત્યારે તેને અપાર સંપત્તિ મળી હતી. જેમાં એક **ચાંદીનો બંગલો** પણ હતો. આ બંગલાની લંબાઇ ૯૦ ફીટ અને પહોળાઇ ૪૫ ફીટ હતી. તેને વાળીને ફાવે ત્યા ઉભો કરી શકાય તેવો તે હતો.

આ તો એક દૃષ્ટાન્ત માત્ર છે. આવા અનેક બાદશાહોએ ભારતવર્ષને લૂંટી લુંટી પાયમાલ કરવાની–ખાલી કરવાની ચેષ્ટાઓ કરી હતી, છતાં ભારતવર્ષને માટે તો કાનખજૂરાના ઘણા પગોમાંથી એક પગ તૂટયા જેવુંજ, બલ્કે, સમુદ્રમાંથી એક બિંદુ ઓછું થયા જેવુંજ હતું. અતઃ ભારતવર્ષની ઋદ્ધિ–સમૃદ્ધિના ગૌરવમા કાંઇ વિશેષ ઘટાડો ન્હોતો થયો, એમ કહિયે તો ચાલે. સ્પષ્ટ શબ્દોમાં કહીએ તો વર્તમાન સમયની અપેક્ષાએ તે વખતની (સોળમા સૈકાની) જાહોજલાલી કોઇ ઓરજ પ્રકારની હતી આખા ભારતવર્ષની વાતને તો બાજુ ઉપર મૂકીએ, પરન્તુ એકલા ગુજરાતમા ખંભાત, પાટણ, પાલ્હણપુર અને સૂરત વિગેરે શહેરો એવી

તો અસાધારણ ઉન્નતાવસ્થા ભોગવતાં હતાં, કે જેનું વર્ણન આ કલમથી થવું અસંભવિત નહિ, તો કઠિન અવશ્ય કહી શકાય. જે ખંભાતને અત્યારે નિસ્તેજ અને નિરૂદ્યમી દેખીએ છીએ, તે ખંભાત તે વખતનું સમૃદ્ધિશાલી શહેર હતું. તેના બારામાં ઇરાન અને એવા દૂરદેશાન્તરોથી આવેલા વિશાળ વહાણોની ગગનસ્પર્શી ધ્વજાઓ જ્યારે ને ત્યારે જોવામાં આવતી હતી. જે પાટણનિવા-વાસિયોને અત્યારે દૂર દેશાન્તરોમાં જઈ નોકરી વિગેરેથી પોતાનો નિર્વાહ ચલાવવાની ફરજ પડી છે, તેજ પાટણના વાસિયો લાખોની નહિ, બલ્કે કરોડોની ઉથલપાથલો પોતાને ઘેર બેઠે કરતા હતા. પેલું સાધારણ શહેર ગણાતું 'પાલ્હણપુર', તે વખતે વિશાળ અને જાહોજલાલી ધરાવતું શહેર હતું. આવાં આવાં કેટલાંયે નગરો હતાં, કે જેના લીધે [illegible] પણ ગુજરાતજ નહિ, પરન્તુ ભારતવર્ષ ગૌરવશાલી ગણાતું હતું. આટલું છતાં પણ, અમે પુનઃ પણ કહીશું કે—ગુજરાતને તો શું ? આખા ભારતવર્ષને સુખે રોટલો ખાવાનો તો વખત હજુ સુધી નહોતોજ આવ્યો. દેશની સ્વતંત્રતા હજુ દૂર નહોતીજ થઇ. ભારતની મનોમોહક લક્ષ્મીદેવી, વિદેશી સુલતાનોને એક પછી એક લલચાવતીજ રહી હતી. [illegible] ભારતવર્ષમાં ઠેકાણે ઠેકાણે આધિપત્ય ભોગવનાર પઠાણો [illegible] શાન્ત પડ્યા નહોતા, તેટલામાં વળી [illegible] જાગેલા પેલા તૈમૂરના એક વંશધર બાબરે [illegible] આટોપ્યો. તેણે એકાએક કાબુલનો માર્ગ [illegible] પ્રવેશ કર્યો એટલુંજ નહિ પરન્તુ, તેણે અને તેના [illegible] હુમાયુને વારંવાર હુમલાઓ કરીને ભારતીય [illegible] પાદશાહ કહેવરાવ્યો—તેણે [illegible] કરી પોતાને સર્વોપરિ [illegible]

સર્વત્ર લગભગ અરાજકતાના પરિણામે ખૂબ લૂટફાટો થતી, ત્રીજું જુદા જુદા પ્રાન્તોના અધિકારી સૂબાઓ પોતપોતાના પ્રાન્તોની પ્રજાને ખૂબ રંજાડતા, ચોથું તીર્થયાત્રા માટે નિકળનારા યાત્રાળુઓ પાસેથી લેવાતો 'કર' અને 'જીજીયાવેરા' જેવા મ્હોટા મ્હોટા જુલમી કરો પ્રજાને પાયમાલ કરી નાખનારા તો ઉભાજ હતા. અને પાંચમું સામાન્ય ગુન્હેગારોના પણ હાથ-પગ વિગેરે અવયવો કાપી લેવાની અને ડગલે ને પગલે દેહાન્તદંડની તેમજ એવી બીજી બીજી ક્રૂર સજાઓનો ત્રાસ તો વળી કોઇ ઓરજ પ્રકારનો હતો. આવી રીતે ચારે તરફથી ભયંકર ત્રાસોમાં દિવસો ગુજારતી પ્રજા સુખે નિદ્રા લે, અથવા સુખે રોટલો ખાય, એ કલ્પનામાંએ કેમ આવી શકે ? હજારો કોશો ઉપર ચાલતા યુદ્ધનો અસાધારણ પ્રભાવ અહિં બેઠાં પડે છે, અર્થાત્ ન્હાના કે મ્હોટા, ગરીબ કે તવંગર, રાજા કે પ્રજા–દરેકના ઉપર તેની અસર પહોંચે છે, તો પછી જેની આંખો આગળ ભયંકર યુદ્ધો ચાલી રહ્યાં હોય, અને મહાન્ ત્રાસો વરતાઇ રહ્યા હોય, એવી પ્રજા કષ્ટમાં દિવસો ગુજારે, સુખે નિદ્રા ન લે, રાત દિવસ તેમનાં હૃદયો કંપાયમાન રહે, તો તેમાં નવાઇ જેવુંજ શું છે ? કહેવું જોઇએ કે–લગભગ ઇ. સ. ના સોળમા શતકના પ્રારંભના ચાલીસ વર્ષો સુધી, બલ્કે તે પછી પણ કેટલાક સમય સુધી ભારતવર્ષના જુદા જુદા વિભાગોમા મ્હોટી મ્હોટી લડાઇઓ અને લૂટફાટો ચાલતીજ રહી હતી. અને તેથી લોકોને પોતાના જાન-માલની રક્ષા કરવાનું કાર્ય ઘણું કઠિન થઇ પડ્યું હતું.

અમે જે 'જીજીયાવેરા'નું નામ ઉપર લઇ ગયા છીએ, તે જીજીયાવેરો સાધારણ કર ન્હોતો કેટલાક વિદ્વાનોનો મત છે, કે–આ કર ભારતીય પ્રજા ઉપર ઇ. સ. ના આઠમા સૈકામા મુસલમાન કાસિમે દાખલ કર્યો હતો. તેણે પ્રથમ તો આર્યપ્રજાને ઇસલામ ધર્મ સ્વીકારવા માટે ફરજ પાડી હતી. આર્યપ્રજાએ તે વખતે અખૂટ ધનસંપત્તિ આપીને પણ પોતાના ધર્મની રક્ષા કરી હતી. આ ધર્મના બચાવ માટે અર્પણ કરાની રકમને 'જીજીયાવેરો' કહે-

વામાં આવતો. તે પછી ધીરે ધીરે ત્યાં સુધી ઠરાવવામાં આવ્યું હતું કે–'આર્ય લોકો ખાતાં પીતાં જે કંઇ મિલકત બચાવે, તે બધી મિલકત 'જીજીયાવેરા' રૂપે ખજાનામાં આપી દેવી.' ફિરસ્તાના શબ્દોમાં કહીએ તો "મૃત્યુતુલ્ય દંડ આપવો એજ જીજીઆવેરાનો મુખ્ય ઉદ્દેશ હતો" આવો દંડ આપીને પણ આર્યપ્રજાએ પોતાના ધર્મની રક્ષા કરી હતી. આવો તદ્દન અસહ્ય જીજીયાવેરો થોડો વખત ચાલી બંધ થઇ જવા પામ્યો હતો, એમ પણ ન્હોતું. ખલીફ઼ ઉમરે આ જીજીયાવેરાને ત્રણ વિભાગોમાં મુકરર કર્યો હતો. મનુષ્ય દીઠ વાર્ષિક ૪૮–૨૪ અને ૧૨ દરહામ ('દરહામ' એ તે વખતના નાણા વિશેષનું નામ છે) ઇ. સ. ના ચૌદમા અને પંદરમા સૈકામાં પણ ફીરોજશાહ તુગલકે ધનવાન ગણાતા ગૃહસ્થના ઘરમાં જેટલા ઉમર લાયક મનુષ્યો હોય, તે દરેક મનુષ્ય દીઠ વાર્ષિક ૪૦, સામાન્ય સંપત્તિવાળા ગૃહસ્થ પાસેથી મનુષ્ય દીઠ ૨૦, અને દરિદ્રી પાસેથી મનુષ્ય દીઠ ૧૦ ટાંક 'જીજીયાવેરા' રૂપે લેવાનું ઠરાવ્યું હતું. ત્યાંથી આગળ વધીને તપાસીએ તો આપણા પ્રસ્તુતકાળમાં એટલે અકબરના સમયમાં પણ આ જીજીયાવેરો હયાત હતો.

રાત–ઊંઘતાં અને જાગતાં એજ પ્રાર્થના કરી રહી હતી કે–"પ્રભો ! **અમારા દુઃખના, અરે કાળા કેરના દિવસો દૂર કરો ! અમારા આર્યત્વની રક્ષાને માટે ભારતભૂમિમાં શાન્તિનું સામ્રાજ્ય સ્થાપન કરો !! અમે હૃદયથી ઇચ્છીએ કે આ વીરપ્રસૂ ભારતમાતાની કુક્ષિથી એક એવો વીરપુરૂષ ઉત્પન્ન થાઓ કે ભારતમાં શાન્તિનું સામ્રાજ્ય સ્થાપન કરે, અને અમારા ઉપરનો આ જુલ્મ સર્વથા નાબૂદ કરે !!! ઓ ભારતમાતા ! તું અમારાં આ દુઃખનાં આંસૂડાં દૂર કરવાનો વખત નજીક નહિં લાવી આપે કે?"**

આ પ્રસંગે એક બીજી વાત કહેવી પણ જરૂરની છે. દેશના હિતનો આધાર જેમ દેશના અધિપતિ–રાજા ઉપર રહેલો છે, તેમ સચ્ચરિત્ર વિદ્વાન્ મહાત્માઓ ઉપર પણ રહેલો છે. વિદ્વાન્ સાધુમહાત્માઓ જેમ પ્રજાના હિતને માટે પ્રજાને અનીતિથી દૂર રહેવા અને સદ્‌માર્ગ પર લાવવા પ્રયત્ન કરે છે; તેમ નિડરપણે રાજાઓને તેમના ધર્મો સમજાવવામાં પણ તેઓજ સિદ્ધહસ્ત ગણી શકાય છે. ગમે તેવા ઘનિષ્ઠ સંબંધીની ઘણી ખુશામતોથી પણ જે અસર નથી થતી, તે અસર, શુદ્ધ ચારિત્રવાળા મુનિના એક વચન માત્રથી થાય છે. ઇતિહાસનાં પૃષ્ઠો ઉથલાવી જૂઓ. જ્યારે ને ત્યારે રાજાઓને પ્રતિબોધ કરવામાં કે પ્રજા પ્રત્યેનો ધર્મ સમજાવવામાં જો કોઇ પણ સફલપરિશ્રમ નિવડ્યા હોય, તો તે ધર્મગુરૂઓજ નિવડ્યા છે. તેમાં જો નિષ્પક્ષપાતપણે કહેવામાં આવે, તો કહેવું જોઇએ કે આ ફરજને અદા કરવામાં ખાસ કરીને જૈનાચાર્યોએ વધારે ભાગ ભજવેલો છે અને તેમાં તેમણે જે સંપૂર્ણ રીતે સફલતા પ્રાપ્ત કરેલી છે, તેમાં જો કોઈ પણ કારણ હોય, તો તે તેમનું શુદ્ધ ચારિત્ર અને વિદ્વત્તાજ છે. કયા ઈતિહાસવેત્તાથી અજાણ્યું છે કે–**સંપ્રતિરાજાને** પ્રતિબોધ કરવામાં **આર્યસુહસ્તિએ, આમરાજને** પ્રતિબોધવામા **બપ્પભટ્ટીએ, હસ્તિકુંડીના** રાજાઓને પ્રતિબોધ કરવામાં **વાસુદેવાચાર્યે, વનરાજને** પ્રતિબોધવામાં **શી-**

લગુણસૂરિએ તથા સિદ્ધરાજ અને કુમારપાલને પ્રતિબોધવામાં હેમચંદ્રાચાર્યે મ્હોટું માન મેળવ્યું હતું ? આ અને એવા બીજા કેટલાએ જૈનાચાર્યો થઇ ગયા છે કે-જેમણે રાજા-મહારાજાઓને પ્રતિબોધ કરી દેશમાં શાન્તિ અને આર્યધર્મનો પ્રધાન સિદ્ધાન્ત-અહિંસા-નો પ્રચાર કરાવવામાં સફલતા પ્રાપ્ત કરી હતી. એટલું જ શા માટે ? મુહમ્મદ તુગલક, ફીરોજશાહ, અલ્લાઉદ્દીન અને ઔરંગજેબ જેવા ક્રૂર અને નિષ્ઠુરહૃદયના મુસલમાન બાદશાહો ઉપર પણ જિનસિંહસૂરિ, જિનદેવસૂરિ અને રત્નશેખરસૂરિ (નાગપુરીય) જેવા જૈનાચાર્યોએ કેટલેક અંશે પ્રભાવ પાડી ધર્મની અને સાહિત્યની સેવા બજાવી હતી.

કહેવાની મતલબ કે-જે જૈનધર્મમાં સમય સમય ઉપર આવા પ્રભાવક આચાર્યો થતા આવ્યા હતા, તે જૈનધર્મ ઉપર પણ, આ વખતની (પંદરમા અને સોળમા સૈકાની) [illegible] વિજળીની માફક ચમત્કાર બતાવ્યો હતો. [illegible] આ ઉપર [illegible] ની [illegible] નિર્નાયકતા-[illegible]

ઓએ જૈનધર્મના મૂલ સિદ્ધાન્તોમાં કંઇને કંઇ અવશ્ય ફેરફાર કર્યો. અને જૈનધર્મના એક છત્ર સામ્રાજ્યમા છિન્નભિન્નતા કરી નાખી. જે ધર્મના અનુયાયિયોમાં એક બીજાની તાણાતાણી અને વિરૂદ્ધતા હોય, તે ધર્મમાં શાન્તિનું સામ્રાજ્ય કાયમ રહે, એ કલ્પનામાં પણ લાવવા જેવી બાબત નથી. આ સમયમાં જેમ જેમ નવા નવા ફાંટાઓ અને મતો નિકળતા ગયા હતા; તેમ તેમ દરેક પોતપોતાના મત અને ફાંટાની પ્રબળતાને માટે એક બીજાના ઉપર વિરૂદ્ધતાઓ અને આક્ષેપો પ્રકટ કરવા લાગ્યા હતા. ‘ પોતાનું સાચું અને બીજાનું ખોટું ’ આ નિયમ તે દરેકના ઉપર સવાર થયો હતો. અને તેના લીધે તેઓ મૂલ પરંપરાનો છેદ કરવામાં કુઠાર સમાન કાર્ય કરવા લાગ્યા હતા. આટલેથીજ તેઓ ન્હોતા અટકતા. જૈનોનાં પ્રાચીન તીર્થો, મંદિરો અને ઉપાશ્રયોમાં પણ પોતપોતાની સત્તા જમાવવાને માટે પ્રયત્નશીલ રહેતા હતા. અને તેટલા માટે તો સિદ્ધાચલજી તીર્થ ઉપર એક વખત જુદા જુદા ગચ્છના આચાર્યો વિગેરેએ મળીને એવો ઠરાવ કર્યો હતો કે— “ શત્રુંજયતીર્થ ઉપરનો મૂલગઢ અને મુખ્ય શ્રીઆદિનાથ ભગવાન્નું મંદિર સમસ્ત શ્વેતાંબર જૈનોનું છે. અને બાકીની દેવકુલિકાઓ જુદા જુદા ગચ્છવાળાઓની છે. ” વિગેરે.

એક તરફ આવી રીતે જુદા જુદા ફાંટાઓ અને મતો પૂરજોશથી નિકળવાથી જૈનધર્મના અનુયાયિઓમાં મ્હોટો ખળભળાટ અને અશાન્તિ ફેલાઇ રહી હતી. જ્યારે બીજી તરફ સાધુઓમાં શિથિલતાએ પણ પોતાનો પગપેસારો કર્યો હતો, નિદાન સાધુઓમા સ્વતંત્રતાનાં વાતાવરણો ફેલાતાં ન્હાના મ્હોટાઓની મર્યાદાઓ આય. છૂટવા લાગી હતી. ગૃહસ્થોની સાથે સાધુઓ વધારે પરિચયમા આવતા જતા હતા અને તેથી કરીને ‘ અતિપરિચયાદવજ્ઞા ’ એ નિયમનો તેમને સંપૂર્ણ અનુભવ કરવો પડતો હતો. વળી આનું પરિણામ એ પણ આવવા લાગ્યું હતું કે—સાધુઓમા, એક મકાનના મમત્વે પુસ્તકો અને વસ્ત્રોના સંગ્રહથી પણ આગળ

વધીને ક્યાંય ક્યાંય દ્રવ્ય રાખવા સુધીની પણ પ્રવૃત્તિ કરાવી દીધી હતી. જિહ્વેન્દ્રિયની લાલચથી કેટલાકો આહારની શુદ્ધતા–અશુદ્ધતાનું પણ ભાન ભૂલી જવા લાગ્યા હતા. તેઓની, પડિલેહણા અને એવા પ્રકારની બીજી જયણામાં પણ ઉપેક્ષા થઇ ગઇ હતી તેમજ વચનવર્ગણાઓમા પણ કંઇક કઠોરતાએ પ્રવેશ કર્યો હતો. આથી પરિણામ એ આવવા લાગ્યું હતું કે–ગૃહસ્થોની શ્રદ્ધા સાધુઓ ઉપરથી ઓછી થવા લાગી હતી. સાધુઓ પોતાના માન મર્યાદાને લગભગ ગુમાવી બેઠા હતા. સાધુઓ, શ્રાવકોને પોતપોતાના રાગી બનાવવા માટે વધુ પ્રયત્નો કરતા. વળી ગચ્છ ખટપટ અને સત્તાની મારા-

ઉપકારી ગુરૂઓની સ્હામે થતાં પણ અચકાતા ન્હોતા. અને કેટલાક તો ' અમેજ ઉત્કૃષ્ટ છીએ ' એમ માની અલગ અલગ ખીચડી પકાવવા લાગ્યા હતા. વળી સારા સારા શ્રદ્ધાળુ ગણાતા શ્રાવકોમાં પણ ખોટી માન્યતાનો પ્રવેશ થઇ ગયો હતો. ખોટી ખોટી માનતાઓ માનવી, બીજાઓનાં પર્વો ઉજવવા. શુદ્ધ દેવ, ગુરૂ અને ધર્મથી વિ-મુખ થઇ તેથી ભિન્ન દેવાદિની પૂજના-માનતા કરવી, મંત્ર-જંત્રાદિના ખોટા આડંબરમા લોભાઇ સ્વધર્મને ભૂલી જવો, સાક્ષાત્ ચારિત્રધર્મથી વિમુખ થયેલ નામધારી સાધુને પણ તેના વેષમાત્રથી સાધુ તરીકે માનવા અને શુદ્ધ સાધુઓની નિંદા કરવી. અર્થાત્ પોતાના માનેલા સાધુમાં ગમે તેવા સાક્ષાત્ દુર્ગુણો હોય, પરન્તુ તેની તરફ દૃષ્ટિ ન કરતાં, તેનેજ સાચા સાધુ તરીકે માનવા. જ્યારે કેટલાક તો એવા પણ હતા કે-જેઓ સાધુના વેષમાંજ મહત્ત્વ સમજીને ભ્રષ્ટ સાધુઓને પણ માનતા હતા.

સાધુઓની અને શ્રાવકોની આવી ભયંકર સ્થિતિ થઈ પડી હતી, છતાં પણ અમારે કહેવું જોઇએ કે-તે સમયમાં પણ એવા ત્યાગી અને આત્મશ્રેયમાં લીન રહેનારા સાધુ મહાત્માઓ મૌજૂદ હતા કે-જેઓ એવા ઝેરી વાતાવરણોમાં પણ સાધુધર્મની સારી રીતે રક્ષા કરી શકયા હતા. એટલુંજ નહિં, પરન્તુ કેટલાક એવા પણ શાસનપ્રેમી મહાત્માઓ હતા કે-જેઓને આવી ભયંકર સ્થિતિ જોઇ ઘણું લાગી પણ આવતું હતું. જ્યાં જોશભેર પ્રવાહ એક તરફ વહી રહ્યો હોય, તેવામા કોઇ પણ જાતનું સાહસ કરવું, એ તદ્દન અશકય અથવા મુશ્કેલીઓથી ભરેલું કહી શકાય. તે છતાં પણ આવા કટોકટીના સમયમા તે એકજ મહાત્મા ક્રિયોદ્ધાર કરવાને બહાર પડ્યા હતા કે જેઓનું નામ **આનંદવિમલસૂરિ** હતું. **આનંદવિમલસૂરિજી**એ ક્રિયોદ્ધાર કરવામાં મ્હોટો પુરૂષાર્થ વાપર્યો હતો. કહેવાય છે કે-તેમને આ મહત્ કાર્યમાં જોઇએ તેવા અને જોઇએ તેટલા સહાયકો ન્હોતા મળ્યા, તો પણ પોતાના પુરૂષાર્થથી તેમણે તે વખતની સ્થિતિમા ઘણો ફેરફાર કરી નાખ્યો

હતો, સમયાનુસાર સાધુધર્મના સમસ્ત નિયમોને બરાબર પાલન કરવા, કોઇ પણ શ્રાવક કે શ્રાવિકા પ્રત્યે મમત્વ ન રાખતા દરેકને એક સરખી દૃષ્ટિથી જોવા, નિસ્પૃહતાથી વિચરવું, નિઃસ્વાર્થપણે ઉપદેશ આપવો, શુદ્ધમાર્ગનો પ્રકાશ કરવો અને ઉત્કૃષ્ટ ક્રિયાઓ કરવી–એ બધી બાબતો ઉપર પૂરતું લક્ષ આપવા ઉપરાન્ત તપસ્યાઓ પણ ઘણી કરવા લાગ્યા હતા. આથી ઘણા શ્રાવકોનો સાધુઓ પ્રત્યે ભાવ વધવા લાગ્યો હતો. સાધુધર્મ કેવો હોવો જોઇએ ? સાધુઓમાં કઇ કઇ ક્રિયાઓની આવશ્યક્તા છે ? સાધુઓએ કોઇ પણ વસ્તુ ઉપર મોહ કે મમત્વ ન રાખતા નિસ્પૃહતાનું બખ્તર ધારણ કરી કેવો શુદ્ધ ઉપદેશ આપવો જોઇએ ? ઇત્યાદિ બાબતોનું જ્ઞાન એક આનંદવિમલસૂરિની જીવનચર્યા ઉપરથી મળવા લાગ્યું હતું. જો કે તેમણે ઘણા દેશોમા વિચરીને લોકોને સન્માર્ગ ઉપર લાવવાને પ્રયત્ન કર્યો હતો અને તેમાં તેમને કેટલીક સફલતા પણ પ્રાપ્ત થઇ હતી, તેમજ તેમની પછી વિજયદાનસૂરિએ, તેમણે વાવેલા બીજને કેટલેક અંશે સિંચન પણ કર્યું હતું. તો પણ આપણે એમ તો સ્વીકાર કરવું જ પડશે કે–જૈન [illegible] ઉપર રાજા–મહારાજાઓ ઉપર પ્રભાવ પાડનાર [illegible] આવ્યા છે, અને તેઓ [illegible]

તીર્થો સર્વ સત્તાથી પાછાં સોંપાવે. આ કાર્યોની મહત્તા ઉપરથી આપણે સહજ જોઇ શકીએ છીએ કે-જેમ ભારતવર્ષની રાષ્ટ્રીય સ્થિતિ સુધારનાર-પોતાની પ્રજાને પુત્રવત્ પાલન કરનાર ભારત વર્ષમાં એક સુયોગ્ય સમ્રાટ્ની આવશ્યકતા હતી, તેમ દેશની હિંસક પ્રવૃત્તિ આદિને દૂર કરાવવામાં સમર્થ એવા એક મહાત્મા પુરૂષના અવતારની પણ તેટલીજ આવશ્યકતા હતી.

પ્રકરણ બીજું.

સૂરિ-પરિચય.



સમયે સમયે સંસારમાં એવા મહાત્મા પુરૂષો ઉત્પન્ન થાય છે કે, જેઓ '**સ્વોપકાર**' નેજ પોતાના જીવનનું પ્રધાન લક્ષ્યબિંદુ નહિ રાખતાં '**પરોપકાર**'માજ જીવનની સર્વથા સફલતા સમજે છે. આ વાતના ચોક્કસ અનુભવના પરિણામેજ ઋષિયોના મુખેથી એ વચન નિકળેલું છે કે-'परोपकाराय सतां विभूतयः'। સજ્જનોની -મહાત્માઓની સમસ્ત વિભૂતિ પરોપકારને માટેજ હોય છે. આ પ્રકરણમાં અમે જેનો પરિચય કરાવવા માગીએ છીએ, તે પણ સંસારના તેવા પરોપકારી મહાત્માઓ પૈકીના એક છે.

વિક્રમ સંવત્ ૧૫૮૩ ના (ઇ. સ. ૧૫૨૭) ના માર્ગશીર્ષ સુદિ ૯ ને સોમવારના દિવસે **પાલણપુર**ના ઓસવાલ ગૃહસ્થ **કૂરાશાહ**ને ત્યાં તેનાં ધર્મપત્ની **નાથી**એ એક પુત્રને જન્મ આપ્યો હતો, જેનું નામ **હીરજી** રાખવામાં આવ્યું હતું. હીરજીના

જન્મ પહેલાં નાથીને ત્રણ પુત્રો અને ત્રણ પુત્રિયો થઈ ચૂક્યાં હતાં. પુત્રોનાં નામો–સંઘજી, સૂરજી અને શ્રીપાલ હતાં, જ્યારે પુત્રિયોનાં નામો–રંભા, રાણી અને વિમલા હતાં. 'પુત્રનાં લક્ષણ પારણામાંથી જણાય' એ નિયમાનુસાર કહીએ તો, હીરજી બાલ્યાવસ્થાથીજ તેજસ્વી, સુલક્ષણયુક્ત અને પ્રેમીલા સ્વભાવવાળો જણાતો હતો. અને તેથી તેના કુટુંબિયોનાજ નહિ, પરંતુ જે કોઈ તેને દેખતું, તેમના હૃદયમા કુદરતી રીતેજ તેના પ્રત્યે પ્રેમ જાગૃત થતો.

તેમના વાલિયો સાધુ કરી દેતા હશે. નહિ, તેમ પણ ન્હોતું. આપણે તેઓનાં ચારિત્રો અને તેમની પ્રભાવકતાઓ ઉપરથી સહજ જોઇ શકીએ છીએ કે, તે વખતે સારા સારા ખાનદાન કુટુંબના-ધનાઢય ગૃહસ્થોના પુત્રોજ ઘણે ભાગે દીક્ષા લેતા હતા અને તેથી તેઓ ' અસમર્થો ભવેત્ સાધુ: ' એ આક્ષેપથી સર્વથા દૂરજ રહેતા. ખરૂં છે કે-જેઓ ' દીક્ષા ' ને ઐહિક અને પારલૌકિક સુખનું પરમ સાધન સમજતા હોય અને જેઓ ' શુદ્ધ ચારિત્ર ' નેજ જગત્‌ના ઉપર પ્રભાવ પાડવાનો એક ચમત્કારિક જાદૂ સમજતા હોય, તેઓ ક્ષણવારમાં નષ્ટ થવા વાળી લક્ષ્મી કે પરિણામે ભયંકર કષ્ટોને પહોંચાડનાર વિષયવાસનાઓમાં મુગ્ધ થતાજ નથી. તેઓ તો પ્રતિક્ષણ એજ વિચાર કરે છે કે-**' અમે સાધુ થઇ, અમારૂં અને જગત્‌નું કલ્યાણ કરીએ. '**

આવી શુભ ભાવનાઓપૂર્વક સારા સારા ખાનદાન કુટુંબના મનુષ્યો તે જમાનામાં દીક્ષા લેતા હતા, અને તેનુંજ એ પરિણામ હતું કે-તેઓ સ્વોપકારની સાથે ' પરોપકાર ' ના પરમ-સિદ્ધાન્તનું પાલન કરવાને શક્તિમાન થતા હતા અને આટલી ઉચ્ચ સ્થિતિએ પહોંચવામાં અગર ખરૂં કારણ તપાસવા જઇએ તો તેમને બાલ્યાવસ્થામાંથીજ સાધુની પાસે મોકલીને જે ધર્મના સંસ્કારો દૃઢ કરાવવામાં આવતા હતા, તેજ કહી શકાય.

અત્યારે, દીક્ષાની વાત તો બાજૂ ઉપર મૂકીએ, પરન્તુ, ગમે તેટલા વ્યાવહારિક જ્ઞાનમાં આગળ વધેલા યુવકોમાં પણ **ધાર્મિક સંસ્કારો**નો પ્રાય: અભાવ જોવામાં આવે છે, તેનુ કારણ **એટલુંજ** છે કે-તેઓને બાલ્યાવસ્થાથી ગુરૂસમાગમ કરવા દેવામાં આવેલો નથી હોતો. જો પ્રાચીન પદ્ધતિ અનુસાર બાલ્યાવસ્થાથીજ વ્યાવહારિક શિક્ષણ આપવાની સાથે અમુક અમુક સમય ધર્મગુરૂઓની પાસે જવા આવવાની છૂટ દેવામા આવી હત, તો તેઓની ધર્મભાવનાઓ દૃઢ રહેત, એટલુંજ નહિ, પરન્તુ અત્યારે તેઓના ઉપર

'નાસ્તિકતા' નો જે આરોપ મૂકવામાં આવે છે, તેનો પણ પ્રસંગ આવતજ નહિ. અસ્તુ.

ઉપર્યુક્ત રીતિ અનુસાર હીરજીને, પાંચ વર્ષની ઉમરે તેના પિતા કુંરાશાહે જેમ વ્યાવહારિક જ્ઞાન પ્રાપ્ત કરવા માટે શાળામાં મૂક્યો, તેમ ધાર્મિક અભ્યાસને માટે સાધુઓની પાસે જવાની પણ છૂટ આપી દીધી. પરિણામે માત્ર બારજ વર્ષની ઉમરમાં તે એવો તો વિચારવાન અને ધાર્મિક જીવનવાળો બન્યો કે-જેને જોઈ લોકોને બહુ આશ્ચર્ય થતું.

ચોકકસ વિચાર થયો. આ વિચાર તેણે મનમાંજ ન રાખતાં પોતાની બહેનને પણ જણાવ્યો.

બહેન સમજુ અને શાણી હતી. " દીક્ષા, એ મનુષ્યના કલ્યાણમાર્ગની ઉંચી હદ છે. " એમ તે સારી પેઠે સમજતી હતી. તેથી તેણીએ જેમ ભાઇને દીક્ષા લેવાનો નિષેધ ન કર્યો, તેમ ભાઇ ઉપરના મોહથી દીક્ષા લેવા માટે ખુલ્લા શબ્દોમાં અનુમતિ પણ ન આપી. આ વખતે તેણીને ' વ્યાઘ્રતટી ' ન્યાય જેવું થયું હતું. આથી તેણીએ મૌનનુંજ અવલંબન કર્યું. આ અવલંબનથી હીરજીને જોકે પહેલાં તો કંઇ ન સૂઝયું, પરન્તુ પાછળથી તેને જણાયું કે- " अनिषिद्धमनुमतम् " એ ન્યાયનું અવલંબન કરી, મને રજા મળી ચુકી, એમજ મારે સમજવું જોઇએ." છેવટ, તેણે સં. ૧૯૫૬ (ઇ. સ. ૧૫૪૦) ના કાર્ત્તિક વદિ ૨ ને સોમવારના દિવસે પાટણમાંજ શ્રીવિજયદાનસૂરિ પાસે દીક્ષા લીધી. આ વખતે તેનું નામ હીરહર્ષ રાખવામાં આવ્યું હતું. હીરજીની સાથે બીજા અમીપાલ, અમરસિંહ, (અમીપાલના પિતા), કપૂરાં (અમીપાલની બહેન), અમીપાલની માતા, ધર્મશીઋષિ, રૂડોઋષિ, વિજયહર્ષ અને કનકશ્રી એ આઠ જણે પણ દીક્ષા લીધી હતી. હવેથી આપણે હીરજીને મુનિ શ્રીહીરહર્ષના નામથી ઓળખીશું.

વર્તમાન સમયમાં ' ન્યાયશાસ્ત્ર'ને માટે કેન્દ્રસ્થાન જેમ નવદ્વીપ (બંગાલ) અને 'વ્યાકરણ'ને માટે કાશીને ગણવામાં આવે છે, તેમ તે વખતે નૈયાયિકોની પ્રધાનતા દક્ષિણદેશમાં વધારે હતી. અર્થાત્ દક્ષિણમાં ન્યાયશાસ્ત્રના અદ્વિતીય વિદ્વાનો રહેતા હતા. હીરહર્ષમુનિની બુદ્ધિ જેમ તીવ્ર હતી, તેમ તેમની વિદ્યાપ્રાપ્તિ તરફ અભિરૂચિ પણ ઘણી હતી. આથી વિજયદાનસૂરિએ તેમને દક્ષિણ દેશમા ન્યાયશાસ્ત્રનો અભ્યાસ કરવા માટે જવાની રજા આપી હતી. તેથી તેઓ શ્રીધર્મસાગરજી અને શ્રીરાજવિમલ એ

આચાર્ય પદ થયા પછી જ્યારે તેઓ **પાટણ** આવ્યા હતા, ત્યારે ત્યાં તેમનો **પાટમહોત્સવ** થયો હતો. આ પાટમહોત્સવમાં અહિંના સૂબા **શેરખાનના**[1] મંત્રી **ભણુશાળી સમરથે** અતુલિત દ્રવ્યનો વ્યય કર્યો હતો. પાટમહોત્સવ વખતે ખાસ કરીને એક જાણવા જેવી ક્રિયા થાય છે. અને તે એ છે કે-જ્યારે આચાર્ય, નવીન પટધરને પાટપર સ્થાપન કરે છે, ત્યારે આચાર્ય પોતે પણ નવીન પટધરને વિધિપૂર્વક વંદન કરે છે. અને તે પછી સમસ્ત સંઘ વંદન કરે છે. આમ કરવામા ખાસ એક મહત્વ રહેલું છે. પાટપર સ્થાપન કરનાર આચાર્ય પોતે વંદન કરીને એમ બતાવી આપે છે કે-નવીન ગચ્છપતિને-પટ્ટધરને હું માનું છું, માટે તમારે (સંઘે) બધાઓએ પણ માનવા. વળી પાટપર સ્થાપન થનાર સાધુથી દીક્ષા પર્યાયે કોઈ મ્હોટા સાધુ હોય અને તેઓને કદાચ વંદન કરતાં સંકોચ થતો હોય, તો તેમનો પણ સંકોચ દૂર થાય.

આ ઉપરથી કોઇએ એમ પણ નથી સમજવાનું કે-નવીન પટધરને આચાર્ય હમેશાં વંદન કરતા હશે. માત્ર પાટપર સ્થાપન કરતી વખતેજ વંદન કરે. તે પછી તો હમેશાંના નિયમ મુજબ શિષ્યજ આચાર્યને વંદન કરે.

હવે, ઉપર પ્રમાણે હીરવિજયસૂરિની આચાર્યપદવી થયા પછી બાર વર્ષે સં. ૧૬૨૨ (ઇ. સ. ૧૫૬૬) ના વૈશાખ શુદિ ૧૨ ના દિવસે **વડાવલીમાં** તેમના ગુરૂ **શ્રીવિજયદાનસૂરિનો** સ્વર્ગવાસ થયો હતો. અને તેથી તેમની ભટ્ટારકપદવી થતાં સમસ્ત સંઘનો ભાર તેમણે ઉઠાવી લીધો હતો. અને પૃથ્વીતલમાં વિચરવા લાગ્યા હતા.

અમે પ્રથમ પ્રકરણમાં બતાવી ગયા છીએ કે, વિક્રમની સોળ-

---

૧ આ **શેરખાન, અહમદશાહ બીજાના** વખતમા પાટણનો સૂબેદાર હતો. આના સબંધમા વિશેષ માહિતી મેળવવા ઇચ્છનારે '**મિરાતે સિકંદરી**' ના ગુજરાતી અનુવાદનુ ચૌદમુ અને પંદરમુ પ્રકરણ જોવુ.

મી શતાબ્દીનો સમય, આખા ભારતમાં અને ખાસ કરીને ગુજરાતમાં તો લગભગ અરાજકતા જેવોજ હતો અને તેને પરિણામે પ્રાન્ત-સૂબાઓ પ્રજાને રંજાડવા કે હેરાન કરવામાં કંઈ કમી રાખતા નહોતા. ગુનેગાર કે બિનગુનેગારની તપાસ કર્યા સિવાય, કોઈ જઈને લગાર કાન ભંભેર્યું, તો ઝટ વારંટો કાઢતા અને તેમને, પછી તે સાધુ હોય કે ગૃહસ્થ, કષ્ટ આપવું, એજ પોતાની ફરજનું ચિહ્ન સમજતા હતા. આથી સાધુ મહાત્માઓના ઉપર પણ કોઈ કોઈ વખતે આફતો આવી પડતી, અને તેની મુશ્કેલીઓમાંથી પસાર થવું ઘણુંજ કઠિનતાભર્યું થઈ પડતું. આ અરાજકતાના [illegible] સૂબાઓની બાદશાહીનો અંત [illegible], પરન્તુ તેની [illegible].

આપણા પ્રથમ નાયક શ્રી હીરવિજયસૂરિ [illegible]

આચાર્ય પદ થયા પછી જ્યારે તેઓ **પાટણ** આવ્યા હતા, ત્યારે ત્યાં તેમનો **પાટમહોત્સવ** થયો હતો. આ પાટમહોત્સવમાં અહિંના સૂબા **શેરખાનના**[1] મંત્રી **ભણશાળી સમરથે** અતુલિત દ્રવ્યનો વ્યય કર્યો હતો. પાટમહોત્સવ વખતે ખાસ કરીને એક જાણવા જેવી ક્રિયા થાય છે. અને તે એ છે કે-જ્યારે આચાર્ય, નવીન પટધરને પાટપર સ્થાપન કરે છે, ત્યારે આચાર્ય પોતે પણ નવીન પટધરને વિધિપૂર્વક વંદન કરે છે. અને તે પછી સમસ્ત સંઘ વંદન કરે છે. આમ કરવામાં ખાસ એક મહત્વ રહેલું છે. પાટપર સ્થાપન કરનાર આચાર્ય પોતે વંદન કરીને એમ બતાવી આપે છે કે-નવીન ગચ્છપતિને-પટ્ટધરને હું માનું છું, માટે તમારે (સંઘે) બધાઓએ પણ માનવા. વળી પાટપર સ્થાપન થનાર સાધુથી દીક્ષા પર્યાયે કોઈ મ્હોટા સાધુ હોય અને તેઓને કદાચ વંદન કરતાં સંકોચ થતો હોય, તો તેમનો પણ સંકોચ દૂર થાય.

આ ઉપરથી કોઈએ એમ પણ નથી સમજવાનું કે-નવીન પટધરને આચાર્ય હમેશાં વંદન કરતા હશે. માત્ર પાટપર સ્થાપન કરતી વખતેજ વંદન કરે. તે પછી તો હમેશાંના નિયમ મુજબ શિષ્યજ આચાર્યને વંદન કરે.

હવે, ઉપર પ્રમાણે હીરવિજયસૂરિની આચાર્યપદવી થયા પછી બાર વર્ષે સં. ૧૬૨૨ (ઇ. સ. ૧૫૬૬) ના વૈશાખ શુદિ ૧૨ ના દિવસે **વડાવલીમાં** તેમના ગુરૂ **શ્રીવિજયદાનસૂરિનો** સ્વર્ગવાસ થયો હતો. અને તેથી તેમની ભટ્ટારકપદવી થતાં સમસ્ત સંઘનો ભાર તેમણે ઉઠાવી લીધો હતો. અને પૃથ્વીતલમાં વિચરવા લાગ્યા હતા.

અમે પ્રથમ પ્રકરણમાં બતાવી ગયા છીએ કે, વિક્રમની સોળ-

---

૧ આ **શેરખાન, અહમદશાહ બીજાના** વખતમાં પાટણનો સૂબેદાર હતો. આના સંબંધમાં વિશેષ માહિતી મેળવવા ઇચ્છનારે '**મિરાતે સિકંદરી**' ના ગુજરાતી અનુવાદનું ચૌદમું અને પંદરમું પ્રકરણ જોવું.

થઇ ગયો. જ્યારે છોકરો આઠ વર્ષનો થયો, ત્યારે આચાર્યશ્રી વિચરતા વિચરતા ત્યાં આવ્યા અને જ્યારે તેમણે છોકરાની (રામજીની) માગણી કરી, ત્યારે રત્નપાલદોશી અને તેનો આખો પરિવાર આચાર્યશ્રી પ્રત્યે કલેશ કરવા લાગ્યો. આથી સૂરિજીએ બિલકુલ મૌન ધારણ કર્યું, અને તે વાતને છોડી પણ દીધી.

રામજીને અજા નામની એક બ્હેન હતી. તેણીના સસરાનું નામ **હરદાસ** હતું. હરદાસે પોતાના છોકરાની સ્ત્રીની પ્રેરણાથી આ વખતે ખંભાતનું આધિપત્ય ભોગવનાર નવાબ **શિતાબખાન**[1]ની પાસે જઇ કહ્યું:—" આઠ વર્ષના બાળકને હીરવિજયસૂરિ સાધુ બનાવી દેવા ચાહે છે, માટે તેમને અટકાવવા જોઇએ. " કાનના કાચા સૂબાએ ઝટ હીરવિજયસૂરિ અને તેમની સાથેના બીજા સાધુઓને પકડવા માટે વારંટ કાઢ્યું. આથી હીરવિજયસૂરિને એકાન્તસ્થાનમાં સંતાઇ જવું પડ્યું. નિદાન, હીરવિજયસૂરિ નહિ મળવાથી રત્નપાલ અને રામજીને શિતાબખાન પાસે લઇ જવામાં આવ્યા. છોકરાનું રૂપ-લાવણ્ય જોઇ શિતાબખાને રત્નપાલને કહ્યું—" કેમ રે, આને તું સાધુ કેમ બનાવી દે છે ? આ બાળક યોગને શું સમજે ? યાદ રાખજે, જો આને તું સાધુ બનાવી દઇશ, તો તને માર્યા વિના છોડીશ નહિ. "

શિતાબખાનનાં કોપયુક્ત વચનોથી ગભરાઇને રત્નપાલે કહ્યું —" હું આને સાધુ બનાવતો નથી અને બનાવીશ પણ નહિ. હું તો એનું લગ્ન કરવાનો છું. આપની સ્હામે કોઇએ જૂઠી હકીકત કહેલી છે. "

રત્નપાલને આ બચાવથી છોડી દીધો અને તે પછી બધી

---

૧ શિતાબખાનનુ ખરૂ નામ છે-સૈયદ ઇસહાક. શિતાબખાન એ એનુ ઉપનામ અથવા ટાઇટલ છે. આના સંબધમા વિશેષ માહિતી મેળવવા ઇચ્છનારે ' અકબરનામા ' પ્રથમ ભાગના બેવરિજના અંગરેજી અનુવાદના પે. ૩૧૯ મા જોવું.

જેઓની તેને સહાય હતી, તેઓજ તેનાથી વિરૂદ્ધ થઇ પડ્યા. એટલે તેનું કંઇ ચાલ્યું નહિ. છેવટે બધાઓએ ત્યાંથી તેને કાઢી મૂક્યો. આ પ્રમાણે આ ઉપદ્રવનો અંત આવતાં હીરવિજયસૂરિ પ્રકટપણે વિહાર કરવા લાગ્યા. અને અનુક્રમે **ખંભાત** આવ્યા.

ત્રીજો એક ઉત્પાત-**શ્રીસોમવિજયજી**ની દીક્ષા થયા પછી હીરવિજયસૂરિ વિહાર કરતા કરતા **પાટણ** થઇ **કુણગેર** આવ્યા (આ કુણગેર પાટણથી ૩ ગાઉ દૂર થાય છે.) અને ચોમાસુ અહિંજ કર્યું. આ વખતે **સોમસુંદર** નામના એક આચાર્ય પણ કુણગેરમાંજ હતા. પર્યુષણાપર્વ વીત્યા પછી ત્યાં વળી **ઉદયપ્રભસૂરિ** આવ્યા. (આ **ઉદયપ્રભસૂરિ** તે વખતના શિથિલ સાધુઓ (જતિયો) પૈકીના કોઇ હોવા જોઇએ. કારણ કે, જો તેવા ન હોય, તો વિના કારણે ચોમાસાની અંદર એક ગામથી બીજે ગામ આવી શકેજ કેમ ? કહેવાય છે કે-આ વખતે તેમની સાથે ત્રણસો મહાત્માઓ હતા. અસ્તુ) આ ઉદયપ્રભસૂરિ તરફથી હીરવિજયસૂરિજીને એમ કહેવામાં આવ્યું કે—" તમે **સોમસુંદરસૂરિ**ને ખામણાં કરો, તો અમે તમને કરીએ. " સૂરિજીએ કહ્યું:-" મારા ગુરૂએ નથી કર્યાં, તો મારાથી કેમ થઇ શકે ? "

આ પ્રમાણે હીરવિજયસૂરિએ તેમનું કથન નહિં માનવાથી તેઓ બધા સૂરિજી પ્રત્યે ઘણીજ ઈર્ષ્યા કરવા લાગ્યા. એટલુંજ નહિ, પરંતુ સૂરિજીને વધુ કષ્ટ પહોંચાડવાના ઇરાદાથી તેઓ **પાટણ**માં જઇ સૂબા કલાખાનને મળ્યા. અને એવી વાત ભરાવી કે-' હીરવિજયસૂરિએ વરસાદને અટકાવ્યો છે. ' બુદ્ધિવાદના સમયનો કોઇ પણ માણસ આ કારણને સાચું માની શકે ખરો ? છતાં **પાટણ**નું આધિપત્ય ભોગવનાર કલાખાને તે વાતને તદ્દન સાચી માની અને હીરવિજયસૂરિને પકડવા માટે ઝટ સો ઘોડેસ્વારો દોડાવ્યા. સ્વારો કુણગેરની ચારે તરફ ફરી વળ્યા. હીરવિજયસૂરિ રાતની અંદર ત્યાંથી ચાલ્યા નિકળ્યા તેમની રક્ષાને માટે **વડાવલી**ના રહીશ

સૂરિને બોલાવ્યા, અને કહ્યું–' મહારાજ ? આજકાલ વરસાદ કેમ નથી વરસતો ? શું આપે બાંધી લીધો છે ? ' સૂરિજીએ કહ્યું–' અમે વરસાદને શા માટે બાંધી લઇએ ? વરસાદ નહિં વરસવાથી લોકોને શાન્તિ મળે નહિં. અને જ્યારે લોકોનેજ શાન્તિ ન હોય, તો અમને શાન્તિ ક્યાંથી મળે ? '

આવી રીતે બન્નેને આપસમાં વાતચીત થઇ રહી હતી, તેવામાં અમદાવાદના પ્રસિદ્ધ જૈનગૃહસ્થ કુંવરજી ત્યાં જઇ પહોંચ્યા, અને તેણે શિહાબખાનને જૈન સાધુઓના આચાર અને ઉદાર વિચારો સંબંધી બધી હકીકત કહી સંભળાવી. આથી શિહાબખાન ખુશી થયો, અને તેણે સૂરિજીને ઉપાશ્રયે જવાની છૂટ આપી. સૂરિજી ઉપાશ્રયે આવ્યા. લોકોને ખૂબ દાન આપવામાં આવ્યું. દાન આપતી વખતે એક ટૂકડી[illegible] આવ્યો. આ ટૂકડીની સાથે કુંવરજી ઝવેરીને તકરાર થઇ. ' સૂરિજીને કોણે છોડાવ્યા ? ' આ વિષયમાં બન્નેને [illegible] સાતુંસી [illegible] પડી. છેવટ ટૂકડી એમ કહીને ચાલ્યો ગયો કે– ' [illegible] તારા ગુરુને છોડાવી લાવજે. ' તેણે સૂરિજીને પુનઃ [illegible] કોટવાલની પાસે જઇ [illegible]. કોટવાલે [illegible] સૂરિજીને પકડી લાવવા માટે સિપા[illegible] સિપાઇઓએ ઝવેરીવાડામાં આવી સૂરિજીને [illegible], અને જ્યારે તેઓ સૂરિજીને લઇ જવા લાગ્યા, ત્યારે [illegible] અને શ્રી[illegible] વગમાં [illegible] [illegible] સૂરિજીને [illegible]

[illegible]

([illegible])

[illegible] જમાનાના અધિકારિયો [illegible]

[illegible] હતા ? [illegible] ન સ્વીકાર કરી શકે, એવી બાબતોને પણ આગળ લાવી એક મહાન્ ધર્મગુરૂને પકડવા માટે પોલીસ રોકાવવી, સિપાઈઓ રોકાવવા અને ચારે તરફ ધમાધમ કરી મૂકવી, એ તે જમાનાની અરાજકતાને અથવા બીજા શબ્દોમાં કહીએ તો અધિકારિયોની નાદરશાહીનો નમૂનો નહિં. તો બીજું શું કહી શકાય ? યેનકેન પ્રકારેણ પ્રજાને પાયમાલ કરવાવાળી બાબત નહિં તો બીજું શું ? અસ્તુ.

ઉપર બતાવેલા ઉપદ્રવો પૈકી છેલ્લો ઉપદ્રવ સં. ૧૬૩૬ ની સાલમાં થયો હતો, એ વાત આપણે ઉપર જોઇ ગયા છીએ. તે પછી તેઓ શાન્તિપૂર્વક વિહાર કરવા લાગ્યા હતા. સં. ૧૬૩૭ ની સાલમાં સૂરિજી બોરસદ પધાર્યા હતા. અહિં તેમના પધારવાથી ઘણા ઉત્સવો થયા હતા. આ સાલનું ચોમાસુ તેમણે ખંભાતમાં કર્યું હતું. અહિંના સંઘની ઉદયકરણે સં. ૧૬૩૮ (ઇ. સ. ૧૫૮૨) ના મહા શુદિ ૧૩ ના દિવસે સૂરિજીના હાથે શ્રીચન્દ્રપ્રભુની પ્રતિષ્ઠા પણ કરાવી હતી. તેમ તેણે આબૂ-ગિરનાર વિગેરેની


યાત્રા માટે સંઘ પણ કાઢ્યો હતો. તે પછી સૂરિજી વિહાર કરીને **ગંધાર** પધાર્યા હતા.

ગ્રંથના પ્રથમ નાયક શ્રીહીરવિજયસૂરિજીના હવે પછીના વૃત્તાન્તને આપણે આગળ ઉપર મુલતવી રાખી, હવે બીજા નાયક–સમ્રાટ્ની ખોજ કરીએ.

પ્રકરણ ત્રીજું.



સમ્રાટ્-પરિચય.





પ્રથમ પ્રકરણમાં ભારતીય પ્રજાના ઉપર જુલ્મ ગુજારનારા કેટલાક વિદેશી રાજાઓનાં નામો લેવામાં આવ્યાં છે. તેમાં **બાબર** અને તેના પુત્ર **હુમાયુન**નાં નામો પણ પાઠકો વાંચી ગયા છે. આ બાબરનો હિંદુસ્થાન સાથેનો સંબંધ ઇ. સ. ૧૫૦૪ માં માં તેની બાવીસ વર્ષની ઉમરે થયો હતો, અને તેના સંબંધ વખતે તે **કાબુલ**નો અમીર થયો હતો. અહિં એ વાતનું પુનઃ સ્મરણ કરાવવું જરૂરનું થઇ પડશે કે–આ બાબર, તેજ **તૈમૂર**નો વંશજ હતો, કે જેણે ભારતવર્ષમા આવીને લાખો હિંદવાસિયોની કતલ કરી હતી. અને જેણે સતિયોના સતીત્વનો નાશ કરવાને માટે લગારે ન્યૂનતા રાખી ન્હોતી બાબરના આવવા પછી ભારતીય પ્રજાને શાન્તિ ન્હોતી મળી, એ વાત આપણે પ્રથમ પ્રકરણમા જોઇ ગયા છીએ. આ બાબરે ઇ. સ. ૧૫૨૬ ના એપ્રીલની ૨૧ મી તારીખે **ઇબ્રાહીમ લોદી**ને પાણીપતના મેદાનમાં માર્યો હતો તે પછી ઇ. સ, ૧૫૨૭ ના માર્ચની ૧૬ મી તારીખે **ચિત્તોડ**ના

[illegible] દિલ્હીની [illegible] હુમાયુન પણ [illegible] તેવોજ નિકળ્યો [illegible] —તેનામાં [illegible] ન્હોતા. તેના [illegible] ને તેને પાયમાલ કરી નાખ્યો હતો અને તેની તે અયોગ્યતાનો લાભ લઈનેજ શેરશાહે ઈ. સ. ૧૫૩૯ માં ચોસા અને કનોજની પાસે તેને હરાવ્યો, અને પોતે ગાદીએ બેઠો હતો.

આ પ્રમાણે હુમાયુન પદભ્રષ્ટ થવાથી તે પશ્ચિમમાં નાસી ગયો હતો. અને છેવટે 'મારો ભાઈ મને આશ્રય આપશે,' એ ઇચ્છાથી તે કાબુલમાં પોતાના ભાઈ કામરાન પાસે ગયો. પરન્તુ ત્યાં પણ તેનો ધડો થયો નહિં. કામરાને તો તેને લગાર પણ આશ્રય ન આપ્યો. આથી તે પોતાનાં થોડાંક મનુષ્યોની સાથે સિંધના રણમાં જ્યાં ત્યાં ભટકતોજ રહ્યો. સંસારમાં એક સરખા દિવસો હમેશાને માટે કોના કાયમ રહ્યા છે ? સુખની પાછળ દુઃખ અને દુઃખની પાછળ સુખ—એ 'અરઘટ્ટઘટી' ન્યાયથી સંસારનો કયો મનુષ્ય બચવા પામ્યો છે ? જો આ નિયમનું મનુષ્યો બારીકાઈથી અવલોકન કરે, તો સંસારમાં આટલી અનીતિ, અન્યાય

અધર્મ થવા પામે ખરાં ? આવી કઢંગી સ્થિતિમાં પણ હુમાયુન એક ૧૩-૧૪ વર્ષની બાળિકાના મોહમાં ફસાયો હતો. આ બાળિકા તેજ છે કે, જે હુમાયુનના ન્હાના ભાઇ હિંડાલના એક શિક્ષક **શેખ અલિઅકબર જામી**ની પુત્રી થતી હતી, અને જેણીનું નામ **હમીદાબેગમ** અથવા **મરિયમમકાની** હતું. આ બાળા, જો કે રાજકીયવંશની ન્હોતી, છતાં હુમાયુનની સાથે પરણવાને તે ખુશી ન્હોતી. કારણ કે, હુમાયુન રાજા ન્હોતો. આ બનાવ કોને આશ્ચર્યમાં ગરકાવ નહિ કરે ? હુમાયુન રાજ્યથી પદભ્રષ્ટ થયો છે, કોઇ સ્થળે આશ્રય મળતો નથી, નિસ્તેજ અવસ્થાને ભોગવે છે, અને જ્યાં ત્યાં માર્યો માર્યો ફરે છે, છતાં એક તેર ચૌદ વર્ષની બાળિકાના રૂપ-લાવણ્ય ઉપર તેની આટલી બધી મુગ્ધતા ! ! મોહરાજાની માયામયી જાળથી કોણ બચ્યો છે ? પરિણામે કેટલાંક અઠવાડીયાં પછી તેની માગણી સ્વીકારવામાં આવી હતી, અને ઇ. સ. ૧૫૪૧ ની અંત અને ૧૫૪૨ ની શરૂઆતમાં પશ્ચિમ સિંધના પાટનગરમાં હુમાયુનનું તેણીની સાથે લગ્ન થયું હતું. આ વખતે તેણીની ઉમર માત્ર ૧૪ વર્ષની હતી. હુમાયુને કરેલા આ લગ્નથી તેનો ન્હાનો ભાઇ હિંડાલ પણ તેનાથી જુદો પડી ગયો. હુમાયુનની પાસે આ વખતે કંઇજ રહ્યું ન્હોતું. રાજ્ય ન્હોતું, લશ્કર ન્હોતું, તેમ બીજું પણ કોઇ તેને સહાયક ન્હોતું. અરે ! પોતાના ન્હાના ભાઇ હિંડાલની સાથે બચ્યો બચાવ્યો જે કંઇ સ્નેહ રહ્યો હતો, તે પણ આ **હમીદા બેગમ**ના કારણે નષ્ટ થયો. હવે નિરાશ્રય-નિરાલંબપણે તે જ્યાં ત્યાં ભટકવા લાગ્યો. આમ ભટકતાં ભટકતાં તે પોતાની સ્ત્રી અને થોડાંક માણસો સાથે, હિંદુસ્થાન અને સિંધની વચ્ચેના મુખ્ય રસ્તા ઉપર સિંધના રણની પૂર્વ બાજૂએ આવેલા **અમરકોટ** (ઉમરકોટ) માં દાખલ થયો. ‘ સુખીયાના સહાયક ઘણા હોય છે, પરન્તુ દુઃખીયાનો બેલી કોઇ થતું નથી. ’ આ એક સામાન્ય કહેવત છે, છતાં પણ જો આ એકાન્ત નિયમ હોય, તો સંસારના દુઃખી મનુષ્યોના

અમરકોટના રાજાએ હુમાયુનનો સારો સત્કાર કર્યો, ને સિંહાસન આપ્યું, એટલુંજ નહિ, પરન્તુ તેણે એ સલાહ પણ આપી કે "સારા બે હજાર ઘોડેસ્વારો અને નાના મિત્ર સરદારોના હાથ નીચેનાં ૫૦૦૦ માણસો લઈને તને ઠઠ્ઠા અને બખ્ખર પરગણાંઓ ઉપર ચડાઈ કરો." હુમાયુને આ સલાહ સારી લાગી, અને ૨૦ મી નવેમ્બરે બે ત્રણ હજાર માણસો સાથે તેણે પ્રસ્થાન કર્યું. આ વખતે તેની સ્ત્રી હમીદાબેગમ સગર્ભા હોવાથી તેણીને અમરકોટ માંજ રાખવામાં આવી.

હુમાયુનના વિદાય થયા પછી થોડાજ વખતમાં હમીદાબેગમે હિંદુ રાજાના ઘરમાં ઈ. સ. ૧૫૪૨ ના નવેમ્બરની ૨૩ મી તારીખને ગુરૂવારે પુત્રને જન્મ આપ્યો. આ વખતે હમીદાબેગમની ઉમર માત્ર ૧૫ વર્ષનીજ હતી. પુત્રનું નામ બદરૂદ્દીન મુહમ્મદ

અકબર એવું રાખવામાં આવ્યું હતું. આ પ્રમાણેનું નામ પાડવામાં વિદ્વાનો કારણો એ બતાવે છે કે-તે સ્ત્રીના પિતાનું નામ **અલિઅકબર** હતું. ભારતવર્ષની પ્રજા જે સમ્રાટ્‌ની પ્રતીક્ષા કરી રહી હતી. અને જેનો પરિચય અમે આ પ્રકરણમાં કરાવવા માગીએ છીએ, તે સમ્રાટ્ આજ **બદરૂદ્દીન મુહમ્મદ અકબર** છે, કે જેની પ્રસિદ્ધિ '**સમ્રાટ્ અકબર**'ના નામથી જગત્‌માં થયેલી છે. આપણે પણ આ સમ્રાટ્‌ને **સમ્રાટ્ અકબર**ના નામથીજ ઓળખીશું.

જે વખતે અકબરનો જન્મ થયો હતો, તે વખત તેનો પિતા હુમાયુન અમરકોટથી ૨૦ માઇલ દૂર એક તળાવને કિનારે મુકામ કરી રહ્યો હતો. પુત્રનો જન્મ થતાંજ **તરાદીબેગખાન** નામના એક માણસે પુત્રજન્મની વધામણી તેને આપી હતી. જે વધામણી સાંભળી હુમાયુનને પારાવાર આનંદ થયો હતો.

વ્યવહારનો નિયમ રાજા કે રંક-દરેકને શક્તિ અનુસાર સાચવવો પડે છે.આ વખતે પુત્રપ્રાપ્તિની ખુશાલીમાં કોઇપણ રીતે ઉત્સવ મનાવવો, એ હુમાયુન પોતાનું કર્તવ્ય સમજતો હતો. પણ 'વસુ-વિના નર પશુ,' તેમાં વળી જંગલમાં નિવાસ ! આ વખતે હુમાયુન શું કરી શકે ? હુમાયુન પાસે અત્યારે શું હતું કે-તે દ્વારા પોતાના મનોરથો પૂર્ણ કરી શકે ? પુત્રપ્રાપ્તિ જેવા હર્ષના પ્રસંગમાં પણ, ઉપર્યુક્ત કારણે તેના મુખકમલ ઉપર કંઇક ઉદાસીનતાની રેખા ઉપસી આવી. આ જોઇને તેના એક અંગરક્ષક માણસ-**જૌહરે** તેનું કારણ સમજી લીધું. તેણે ઝટ પોતાની પાસે રાખી મૂકેલો **કસ્તૂરી**નો એક ટૂંટો લાવી હુમાયુન આગળ ધર્યો. આથી હુમાયુનને ઘણી હિમ્મત આવી. તેણે એક માટીના પાત્રમાં તે કસ્તૂરીનો ભૂકો કરી; પોતાની સાથેના મનુષ્યોમાં વ્હેંચી. અને કહ્યું કે-" હું દિલગીર છું કે-મારી પાસે બીજું કંઇજ ન હોવાથી પુત્રજન્મના ઉપલક્ષમાં આપ સર્વ બંધુઓને આ કસ્તૂરીની સુગંધીજ પહોંચાડીને સંતોષ માનું છું. હું આશા રાખું છું કે-આ કસ્તૂરીની સુગંધીથી

જેમ આ મંડળ સુવાસિત થયું છે; તેવીજ મારા પુત્રના યશરૂપી સુગંધથી આ પૃથ્વી સુવાસિત–સુગંધીવાળી થાઓ.”

અકબરની જન્મતિથિના સંબંધમાં વિદ્વાનોના બે મતો છે. કેટલાકોનું કથન છે કે–‘ અકબરનો જન્મ તા. ૧૫ મી અક્ટોમ્બર ઇ. સ. ૧૫૪૨–રવિવારને દિવસે થયો હતો ’ પરન્તુ **વિન્સેન્ટ એ. સ્મીથ** સપ્રમાણ જાહેર કરે છે કે–“ યદ્યપિ, અકબરનો જન્મ તો તા. ૨૩ નવેમ્બર ૧૫૪૨ ને ગુરૂવારે થયો હતો, પરન્તુ પાછળથી તે તારીખના બદલામા તા. ૧૫ મી અક્ટોમ્બર રવિવારનો દિવસ જાહેર કરવામાં આવ્યો હતો. આવી રીતે જેમ તેની જન્મતિથિને ફેરવવામાં આવી હતી, તેવી રીતે તેનું નામ ‘ **બદરૂદ્દીન મુહમ્મદ અકબર** ’ ના બદલે ‘ **જલાલુદ્દીન મુહમ્મદ અકબર** ’ જાહેર કરવામા આવ્યું હતું. ” આમ કહેવામાં તેઓ પ્રમાણ એ આપે છે કે–અકબરનું નામ પાડતી વખતેજ હાજર રહેનાર હુમાયુનના વિશ્વાસુ **જૌહર** નામના મનુષ્યે પોતાની નોંધબુકમાં પૂર્વોક્ત તિથિ અને નામજ લખ્યું છે. ગમે તે હો, પરન્તુ પ્રસિદ્ધિમાં તો અકબરનું પૂરૂ નામ ‘ **જલાલુદ્દીન મુહમ્મદ અકબર** ’ અને તેની જન્મ તિથિ તા. ૧૫ અક્ટોમ્બર ઇ. સ. ૧૫૪૨ રવિવારજ આપેલાં છે. અસ્તુ, મ્હોટાઓની મ્હોટાઇમાં કંઇ તો વૈચિત્ર્ય હોવુંજ જોઇએ.

આપણે પહેલાં જોઇ ગયા તેમ, **અકબર** બાબરનો પૌત્ર થાય છે. અને **બાબર**, **તૈમૂર** કે જે તુર્ક હતો, તેનાથી પાંચમી પેઢીએ થયો હતો, સુતરાં, અકબર પિતૃપક્ષમાં તુર્ક હતો, અને તે તૈમૂરલિંગથી સાતમી પેઢીએ થયો હતો.

અકબર પાંચ વર્ષનો થયો, ત્યારથીજ તેની શિક્ષાને માટે હુમાયુને પ્રબંધ કર્યો હતો. પ્રારંભમા તેને ભણાવવાને માટે જે શિક્ષક રાખવામા આવ્યો હતો, તેણે અકબરને અક્ષરજ્ઞાન ન કરાવતાં કબૂતરોને પકડવાનું અને ઉડાવવાનું જ્ઞાન આપ્યુ હતું. એક પછી એક ચાર શિક્ષકો તેને ભણાવવાને માટે રહી ચૂકયા, પરન્તુ અકબર

કંઇજ ભણ્યો નહિં, કહેવાય છે કે આખી જિંદગી સુધી, અકબર પોતાનું નામ લખવા વાંચવા જેટલું પણ શીખી શકયો ન્હોતો.

આ સંબંધમાં પણ વિદ્વાનોમાં બે મતો છે. કેટલાકો 'તે લખી-વાંચી શકતો હતો' એમ કહે છે, જ્યારે કેટલાકો તેને 'અક્ષરજ્ઞા-નથી બિલકુલ શૂન્ય' બતાવે છે. ગમે તેમ હશે, પરન્તુ અકબર મહાવિચક્ષણ, બુદ્ધિશાલી અને પંડિતોની સાથે વાર્તા-વિનોદ કરવામાં ઘણોજ કુશળ હતો, એમ તો દરેક કબૂલજ કરે છે. ભારતમાં એવા પુરૂષો કયાં નથી થયા, કે-જેઓમાં અક્ષરજ્ઞાન બિલકુલ નહિ હોવા છતાં મહાપુરૂષો કે મ્હોટાં મ્હોટાં રાજ્યતંત્રો ચલાવનારા તરીકે લેખાયા છે. એટલુંજ નહિ, પરન્તુ મ્હોટી વીરતાવાળાં મહાભારત કાર્યો કરી ગયા છે. અકબરે પણ તેવીજ રીતે અક્ષરજ્ઞાન નહિ લેવા છતાં, આવાં મહત્ત્વનાં કાર્યો કરી બતાવ્યાં હોય, તો તેમાં નવાઇ જેવું શું છે ? વિદ્વાનોનો મત છે કે-યદ્યપિ અકબર પોતે લખી વાંચી ન્હોતો જાણતો, પરન્તુ બીજાની પાસે વંચાવીને સાંભળવાનો તે ઘણો શોખી હતો. ઘણી ખરી કવિતાઓ વિગેરે તે કંઠસ્થજ રાખતો. ખાસ કરીને **હાફિઝ** અને **જલાલુદ્દીન રૂમી**ની કવિતાઓ તેને વધારે પસંદ હતી. કહેવાય છે કે-આનુંજ એ પરિણામ છે કે-ભવિષ્યની જિંદગીમાં તે ધર્માન્ધ ન થયો.

'મ્હોટાઓને મ્હોટાં કષ્ટ' અથવા 'મ્હોટાઓને મ્હોટી ચિંતા' એ સામાન્ય નિયમો છે. અકબરે જેમ પોતાની પાછલી જિંદગીમાં નિશ્ચિંતતા પૂર્વક ઐશ-આરામ કર્યો હતો, તેવી રીતે પ્રારંભિક જિંદગીમાં તેને કષ્ટોની સ્હામે પણ કંઈ કમ થવું પડયું ન્હોતું. પણ તેનું ખરૂં કારણ તો તેના પિતા હુમાયુનના ભાગ્યની વિષમતાજ છે.

હુમાયુનને મહાન્ કષ્ટના સમયમાં જેણે આશ્રય આપ્યો હતો તે-અમરકોટના અધિપતિની સાથે પણ તેની પ્રીતિ લાંબો વખત ટકી શકી નહિં. કારણ એમ બન્યું કે-હુમાયુનના એક

મુસલમાન અનુચરે અમરકોટના રાજાનું અપમાન કર્યું; આનો હુમાયુને કંઇ પણ પ્રતિકાર કર્યો નહિં. આથી અમરકોટનો રાજા ક્રુદ્ધ થયો અને તેણે પોતાનું સૈન્ય હુમાયુન પાસેથી લઇ લીધું, આથી હુમાયુન પહેલાંની માફક પાછો અસહાય થયો. તેણે પોતાના પુત્ર (અકબર) અને સ્ત્રીને લઇને **કંધાર** તરફ પ્રયાણ કર્યું. તે વખતે ત્યાંનો રાજા હુમાયુનનો ભાઇ **કામરાન** હતો. તેણે અને તેના બીજા ભાઇ **અસ્કરી**એ હુમાયુનને કેદ કરવાનો યત્ન કર્યો; પરન્તુ હુમાયુન તેજ વખતે અકબરને ત્યાં પડતો મૂકી સ્ત્રીને સાથે લઇ પલાયન થઇ ગયો. અકબર બાલ્યાવસ્થામાં જ માતા પિતાથી વિયોગી બની, પિતાના શત્રુના પંજામાં સપડાઇ ગયો. આ બાળકને ઉઠાવી જઇ **અસ્કરી**એ તેનું સંરક્ષણ કરવાનું કામ પોતાની સ્ત્રીને સોંપ્યું.

હુમાયુન ત્યાંથી છૂટી ઈરાનમાં ગયો. ત્યાંના રાજાની સખ્તાઈથી તેને **શીઆધર્મ** સ્વીકારવો પડયો. એ પ્રમાણે શીઆધર્મનો સ્વીકાર કરીને તેણે ઈરાનના રાજાની મહેરબાની મેળવી અને એ મહેરબાનીના પરિણામે કેટલુંક સૈન્ય અને દ્રવ્યની સહાયતા મેળવીને તેણે **કંધાર** અને **કાબુલ** ઉપર ચઢાઈ કરી. આ લડાઇમાં એક વખત તો તેણે કંધાર અને કાબુલનો અધિકાર મેળવી પોતાના પ્યારા પુત્રને પણ પ્રાપ્ત કર્યો, પરન્તુ બીજી વખત **કામરાન** જીત્યો, અને તેણે કાબુલ તથા અકબરને પાછો લઈ લીધો. એક વખત એવો પ્રસંગ બન્યો કે—હુમાયુન તોપના ગોળા કાબુલ ઉપર છોડવાની તૈયારી કરવા લાગ્યો. અને તે વખત કામરાનનો જ્યારે બીજો કોઇ ઉપાય ન ચાલ્યો, ત્યારે તેણે અકબરને તોપના મોંઢાની સમ્મુખ કિલ્લા ઉપર લાવીને ઉભો કર્યો. આથી હુમાયુને તોપો છોડવાનું કામ બંધ રાખ્યું. એમ ધારીને કે—“ બીજાનો ક્ષય કરવા જતા વ્હાલો અકબર ખપી જશે.” આ ભાઇયોની લડાઇમાં પરિણામે તો **કામરાન** હાર્યો અને તે ભારતવર્ષમાં નાશી ગયો. હવે હુમાયુને કાબુલ અને અકબરને પ્રાપ્ત કર્યા.

હુમાયુન પણ કામરાનથી કંઇ કમનિષ્ઠુર-નિર્દય ન્હોતો. પોતાના ભાઇએ આપેલ કષ્ટનો બદલો વાળવામાં તેણે પણ કંઇ કમ દયા (!) ન્હોતી કરી. જ્યારે હુમાયુને દિલ્લીની ગાદી પ્રાપ્ત કરી, અને કામરાન તેના કબજામાં આવ્યો, ત્યારે કામરાનને તેણે કેદ કર્યો. એટલુંજ નહિં, પરન્તુ તેની આંખો ફોડી નાખી, તેમાં લીંબુ અને મીઠાનો રસ નાંખીને કામરાનને અસાધારણ કષ્ટ આપ્યું હતું. તે ઉપરાન્ત આવીજ અવસ્થામાં તેને મક્કા મોકલી દીધો હતો. આવી રીતે બીજા ભાઇ અસ્કરીને પણ ત્રણ વર્ષ કેદમાં રાખી મક્કા તરફ રવાના કર્યો હતો.

હાય ! લોભાવિષ્ટ મનુષ્યો શું નથી કરી શકતા ? લાખો મનુષ્યોના ઉપર આધિપત્ય ભોગવવાનું કાર્ય કરનાર, ડાહ્યા ગણાતા મનુષ્યો પણ આવી ભૂલો કરે છે, આવી નિર્દયતાઓ વાપરે છે, એ કોનો પ્રતાપ ! એક માત્ર લોભનોજ, બીજા કોઇનો નહિં.

ઇ. સ. ૧૫૫૧ માં જ્યારે હિંડાલ (હુમાયુનનો ભાઇ) મરણ પામ્યો, ત્યારે ગિજની અને તેની આસપાસનો મુલક, કે જેના ઉપર હિંડાલ રાજ્ય કરતો હતો, અકબરને સોંપવામાં આવ્યો હતો. વળી આજ હિંડાલની દીકરી રૂકૈયાબેગમનું અકબર સાથે લગ્ન પણ થયું હતું. તે પ્રદેશોની દેખરેખ અકબર પોતે રાખતો હતો, અને તેના ઉપરની દેખરેખ માટે બીજા હોશીયાર માણસો રોકવામાં આવ્યા હતા. કહેવાય છે કે-અહિં તો માત્ર તે છ મહીના સુધીજ રહ્યો હતો.

અકબર બાલ્યાવસ્થાથીજ મહાન્ તેજસ્વી અને બહાદુર હતો. ગમે તેવા તોપના ભડાકા, તેને દીવાળી ઉપર ફોડાતાં ફટાકીયાં જેવાજ લાગતા. તેના કુદરતથી બક્ષિશ મળેલા વીરતાના અને શૌર્યના ગુણો છુપા રહ્યા ન્હોતા. કંઈ પણ સમજવા લાગ્યો, ત્યારથીજ તે યુદ્ધાદિ કાર્યોમાં તેના પિતાને સહાય કરવા લાગ્યો હતો. આનું એકજ દૃષ્ટાન્ત જોઇએ.

એક વખત હુમાયુને બૈરામખાનને સાથે લઇ પાંચહજાર ઘોડેસ્વારો સાથે કાબુલથી પ્રયાણ કર્યું. ત્યાંથી પંજાબમાં સરહિંદનાં જંગલોમાં આવતાંજ સિકંદરસૂરની સેના સાથે તેને અથડામણ થઇ. હુમાયુનનો સેનાપતિ તો સિકંદરની સેનાને જોઇનેજ હતાશ થઇ ગયો. તેને વિચાર થયો કે–' આવી જબરજસ્ત સેના સાથે યુદ્ધ કેમ થઇ શકશે ? ' આ વખતે હુમાયુન અને તેના સેનાપતિને ઉત્તેજિત કરવામાં એક માત્ર બાળક અકબરનીજ વીરતા કામમાં આવી હતી. અકબરે તેઓને વચનોના પૂરસપાટાથી ઉત્તેજિત કર્યા હતા. એટલુંજ નહિં, પરન્તુ પોતેજ સર્વથી આગળપડતો સેનાપતિ તરીકેનો ભાગ ભજવ્યો હતો. પરિણામે આ ભીષણ યુદ્ધમાં અકબરનીજ સહાયતાથીજ હુમાયુને સર્વ પ્રકારે જય મેળવ્યો હતો. પાઠકોને એ જાણીને નવાઇ થશે કે આ વખતે અકબરની ઉમર માત્ર બાર વર્ષનીજ હતી. તે પછી હુમાયુને અનુક્રમે દિલ્લી અને આગ્રાનો પણ અધિકાર ઇ. સ. ૧૫૫૫ માં મેળવ્યો હતો.

હજારો, લાખો કે કરોડો મનુષ્યોનાં લોહીની નદિયો વહેવરાવીને અને સંસારમાં હલકામાં હલકાં–નીચ કામો કરીને પણ જે મનુષ્યો રાજાઓ બને છે, તે કાયમના–હમેશાંને માટે રાજા બની રહેલા કોઇએ જોયા છે ? વિનાશી અને વિરોધ કરાવવાવાળી જે રાજ્ય સંપત્તિ–લક્ષ્મીને માટે મનુષ્યો અન્યાય–અનીતિ અને અધર્મ કરીને લાખો મનુષ્યોનાં અન્તઃકરણોને દુઃખી કરે છે, તે લક્ષ્મી કોઇની પણ પાસે કાયમને માટે રહી છે ? જેઓ ભવિષ્યની લાંબી લાંબી આશાઓના હવાઇ કિલ્લાઓ બાંધીને મહાન્ અનર્થો કરી રાજ્યપ્રાપ્તિ કરે છે, તેઓ પોતાના આયુષ્યની ક્ષણિકતાનો–વિનશ્વરતાનો વિચાર કરતા હોય, તો આધ્યાત્મિક સંસ્કારોને દૂર હઠાવી, સંસારમાં એટલી અનીતિ કે અન્યાય કરે ખરા ? જે પૃથ્વીને માટે મનુષ્યો પોતાનું સર્વસ્વ ખોઇ નાખે છે, તે પૃથ્વી કોઇની સાથે ગઇ છે ? ગોંડલનાં મહારાણી સાહેબા શ્રીમતી નંદકોરબા, પોતાના 'ગોમંડલ પરિક્રમ ' નામના પુસ્તકમાં કેવું સરસ લખે છે:–

" પૃથ્વીપતિ થવાને કેટલા લોકો ફાંફાં મારે છે? કેટલી જાતની ખુવારી કરે છે? કેટલું લોહીનું પાણી કરે છે? કેટલો અન્યાય કરે છે? પણ એ તે પૃથ્વી કોઇની થઇને રહી છે? એનો વિચાર જો પૃથ્વીના ભૂખ્યા નૃપતિયો કરતા હોય, તો દુનિયામાંથી ઘણો અનર્થ ઓછો થાય. "

હુમાયુનને રાજ્યગાદી લેવા માટે કેટલાં કષ્ટોની સ્હામે થવું પડ્યું? ભૂખ-તરસ કેટલી વેઠવી પડી, બીજાઓનો આશ્રય લેવો પડ્યો, પાછળથી તેનો પણ તિરસ્કાર સહવો પડ્યો, પોતાના પ્યારા પુત્રને નિરાધારપણે મૂકીને નાશી છૂટવું પડ્યું, સગા ભાઇયો અને સ્નેહિયોની સાથે વૈર-વિરોધ કરવાં પડયાં, અરે, પોતાના હાથે સગા ભાઇની આંખો ફોડવાનું અને અંદર લીંબુનો રસ અને મીઠું નાખવા જેવું ક્રૂરતા ભરેલું કાર્ય પણ કરવું પડ્યું. આટલું બધું કરવા છતાં હુમાયુન દિલ્લીની ગાદીને કાયમને માટે ભોગવી શક્યો કે? ના. ગાદીએ બેઠા પછી માત્ર છ મહીના જેટલી ટૂંકી મુદતમાંજ એક પુસ્તકાલયની નિસરણીથી ઉતરતાં, નીચે પડી જવાના કારણે તેને પોતાની બધી આશાઓને આ સંસારની સપાટી ઉપર મૂકીને વિદાય થઇજ જવું પડ્યું. (૨૪ જાન્યુઆરી ઇ. સ. ૧૫૫૬).

આ વખતે અકબર પંજાબમાં હતો, કારણ કે, તેને ઈ. સ. ૧૫૫૫ ના નવેમ્બર મહીનામાં પંજાબનો સૂબો બનાવવામાં આવ્યો હતો. અકબર, તે વખતે **બૈરામખાન**ના આધિપત્ય નીચે **સિકંદરસૂર**ને પરાજિત કરવામાં રોકાયેલો હતો. તે હુમાયુનના મૃત્યુ સમયે દિલ્લીનો શાસનકર્તા **તરાદીબેગખાન** હતો. કહેવાય છે કે-તેણે સત્તર દિવસ સુધી તો આ શોકસંવાદ સાધારણ લોકોમાં જાહેર પણ ન્હોતો કર્યો. એમ ધારીને કે અકબરને રાજ્યપ્રાપ્તિમાં રખેને કંઇ વિઘ્ન ઉપસ્થિત થાય. આ દરમીયાન તે સમાચાર એક વિશ્વાસુ મનુષ્યદ્વારા તેણે પંજાબમાં અકબર પાસે મોકલ્યા હતા. પિતૃવત્સલ અકબરને આ દુઃખદ સમાચાર માલૂમ પડ્યા, ત્યારે

તેને અસીમ દુઃખ થયું. તે પછી તેણે પિતાની સમાધિ ઉપર એવા પ્રકારનું મંદિર બનાવ્યું કે-જે આજ પણ દરેક દર્શકોનાં ચિત્તોને આકર્ષણ કરી લે છે. દિલ્લીમાં જેટલી જોવા લાયક વસ્તુઓ છે, તેમાં આ સમાધિમંદિરની મુખ્યતયા ગણતરી કરવામાં આવે છે.

પિતાના મૃત્યુ પછી અકબર ઝટ તેની ગાદી ઉપર બેસી ગયો હતો, એમ ન્હોતું. દિલ્લીની ગાદી ઉપર બેસવામાં તેને મ્હોટું યુદ્ધ ખેડવું પડયું હતું. જો કે, તેને પ્રથમ પ્રસંગે **ગુરૂદાસપુર** જીલ્લાના **કલાનોર ગામમાં** ઇ. સ. ૧૫૫૬ ના ફેબ્રુઆરીની ૧૪ મી તારીખે ગાદીએ બેસાડવામાં આવ્યો હતો; પરન્તુ દિલ્લીનો રાજ્યાભિષેક થતાં કંઈક વાર લાગી હતી. એમાં વિઘ્ન એ નડયું હતું કે-જે વખતે હુમાયુન સ્વર્ગવાસી થયો, તે વખતે મુસલમાનોમાં ઘોર આત્મકલહ ઉભો થયો હતો. આ લાભ લેવાને એક હિંદુ, કે જે **આદિલશાનો** મંત્રી હતો, અને જેનું નામ **હેમૂ** હતું, તેનું મન લલચાયું હતું. તેની ઇચ્છા હતી કે-હું દિલ્લીનો અધીશ્વર થઇ **વિક્રમાદિત્ય હેમૂ**ના નામથી પ્રસિદ્ધ થાઉં. તે **ચુનાર** અને **બંગાલ**નાં વિદ્રોહોને શાન્ત કરતો આગળ વધ્યો હતો. **આગ્રા** તેણે અનાયાસથી સર કર્યું હતું, અને હવે **દિલ્લી**ને લેવા માટે પોતાની દૃષ્ટિ ફેરવી હતી. તે વખતે દિલ્લીનો શાસન કર્ત્તા **તરાદીબેગખાન** હતો. તે તો **હેમૂ**થી પરાજિત થઇ બચ્યું બચાવ્યું સૈન્ય લઇને પંજાબમાં **અકબર**ની પાસે જવા માટે પલાયન થઇ ગયો. ખરેખર, **હેમૂ**, દિલ્લીની ગાદી મેળવી લઇ અસીમ આનંદમાં ગરકાવ થઇ ગયો, પણ તેની લોભવૃત્તિ તેટલેથીજ વિરામ ન પામી. તેની ઇચ્છા પંજાબ તરફ વધવાની થઇ. અને તેથી તેણે **પંજાબ** તરફ પ્રસ્થાન પણ કર્યું.

બીજી તરફ **અકબર**ને એ સમાચાર મળી ચૂકયા કે, **દિલ્લી** અને **આગરા** **હેમૂ**એ લઇ લીધાં છે. આથી તેને ઘણી ચિંતા થઇ, તેણે પોતાની સમરસભા એકઠી કરીને બધાઓની સલાહ લીધી કે-

'આપણે શું કરવું ?' ઘણાઓનો મત તો એજ પડ્યો કે-'જ્યારે ચારે તરફથી વાદળ ઘેરાયું છે, તો પછી આપણે કાબુલનો અધિકાર મેળવી હમણાં ચૂપ રહેવું જોઇએ'-પરંતુ બૈરામખાને એ મત આપ્યો કે-'નહિં, આપણે દિલ્લી અને આગરાનો અધિકાર મેળવવોજ જોઇએ' છેવટે બૈરામખાનનો વિચાર નિશ્ચિત થયો. અને હેમૂને હરાવવા દિલ્લી તરફ પ્રસ્થાન કર્યું. માર્ગમાં તરાદિબેગખાન થોડાક સૈન્ય સાથે સ્હામે મળ્યો તેને બૈરામખાને છેતરીને મારી નાખ્યો.[1] તે પછી આગળ વધતાં કુરૂક્ષેત્ર નામના પ્રસિદ્ધ સ્થાનમાં અકબર અને હેમૂના સૈન્યોને ભયંકર યુદ્ધ થયું. યુદ્ધમાં પરિણામ એ આવ્યું કે-બૈરામખાનના એક બાણથી હેમૂ હાથીપરથી નીચે પડ્યો.[2] તેનું સૈન્ય નાશી ગયું અને અકબરે જય મેળવ્યો. તે પછી અકબરે આગળ વધીને દિલ્લી અને આગરાને સ્વાધીન કર્યાં અને પિતાના સિંહાસને નિઃશંકપણે આરૂઢ થયો.

અકબર ગાદીએ બેઠો, તે વખતે ભારતવર્ષની સ્થિતિ બહુ ખરાબ હતી. લગભગ દરેક સ્થળે અવ્યવસ્થા અને અરાજકતા

---

૧ તરાદિબેગખાન (તાર્દિબેગ)ને કોણે માર્યો ? એ વિષયમા ઇતિહાસકારોના જુદા જુદા મતો છે. બંકિમચંદ્ર લાહેડીએ આ મતો પોતાના 'સમ્રાટ્અકબર' નામના બંગાળી પુસ્તકમા આપ્યા છે. તે ઉપરથી જણાય છે કે-બદાઉનીના મત પ્રમાણે-"બૈરામખાને અકબરની સમ્મતિથી તેને માર્યો હતો." ફિરસ્તાએ લખ્યું છે કે-"બૈરામખાને અકબરને કહ્યું કે-'આપનામા દયા બહુ છે, આપ તાર્દિબેગને જરૂર ક્ષમા કરત, એટલા માટે આપને જણાવ્યા સિવાય મેં તેને માર્યો છે. આ સાભળી અકબર કપી ઉઠ્યો" વિગેરે.

૨ હેમૂના મૃત્યુ સંબધી પણ ભિન્ન મતો છે. અહમદ યાદગારે લખ્યું છે કે-"અકબરે બૈરામખાનના આદેશથી અસ્ત્રાઘાત કરીને હેમૂનું મસ્તક અપવિત્ર શરીરથી અલગ કર્યું હતું." અબ્બુલફજલ, ફૈજીસરહિન્દી અને બદાઉનીએ લખ્યુ છે કે-"અકબર હેમૂના શરીરમા અસ્ત્રાઘાત કરવાને અસ્વીકૃત થયો અને બૈરામખાને તેનો શિરચ્છેદ કર્યો."

જેવાંજ ચિહ્નો દેખાતાં હતાં. તેમાં પણ આર્થિક સ્થિતિ લોકોની કંઈક વધારે ખરાબ હતી. તેમાં કારણો અનેક હતાં. જે દેશની રાજકીય સ્થિતિ ઠીક ન હોય,–પ્રબંધવાળી ન હોય, તે દેશની આર્થિક સ્થિતિને જરૂર ધક્કો પહોંચે છે. એક તો એ, અને બીજું ઇ. સ. ૧૫૫૫ અને ૧૫૫૬ એમ બે વર્ષ લાગટ દુષ્કાળો પડી ચૂકયા હતા. તેમ લડાઇઓ ચાલવાથી દિલ્લી, આગરા અને તેની આસપાસના બીજા પ્રદેશો લગભગ ઉજડ અને વેરાન જેવા બની ગયા હતા.

અકબરે ગાદી ઉપર આવ્યા પછી દેશની સ્થિતિ સુધારવાને અને પોતાના પિતાના વખતમાં ગયેલાં પરગણાંઓને પાછાં મેળવવાને ધ્યાન પર લીધું હતું. કારણ કે–આ વખતે ભારતવર્ષના જુદા જુદા પ્રાન્તો આ પ્રમાણે સ્વતંત્રતા ભોગવતા હતાઃ—

કાબુલ, કે જયાનું રાજ્ય અકબરના ન્હાના ભાઇના નામથી ચાલતું હતું. તે ખરી રીતે સ્વતંત્ર હતું. **બંગાલ**, કે જે દેશ અફ્ઘાન સરદારોના હાથ નીચે હતો, તે પણ બસોથી વધારે વર્ષોથી સ્વતંત્ર બની ગયો હતો. **રાજપૂતાનાનાં** રાજ્યો, બાબર હાર્યા પછી તે બધાં સારી સ્થિતિમાં આવી ગયાં હતાં. અને પોતપોતાના કિલ્લાઓથી પોતાનો કબજો ભોગવતાં હતાં. **માળવા** અને **ગુજરાતે** તો ઘણા લાંબા વખતથીજ દિલ્લીનું આધિપત્ય દૂર કર્યું હતું. **ગોંડવાણા** અને **મધ્યપ્રાન્તોનાં** રાજ્યો પોતાના દેશના તેજ સરદારોને માન આપતાં હતાં–કે જે સરદારો પોતાથી ઉપરી કોઇને સમજતાજ ન્હોતા. **ઓરીસા** રાજ્યે તો કોઇને ધણી તરીકેજ સ્વીકાર્યો ન્હોતો. દક્ષિણમાં **ખાનદેશ, વરાડ, બેદર, અહમદનગર, ગોવળકાંડા** અને **વીજાપુર** વિગેરેમાં ત્યાના સુલતાનોજ રાજ્ય કરતા હતા, કે જેઓ દિલ્લીના બાદશાહોના નામની પણ દરકાર કરતા ન્હોતા. ત્યાથી દક્ષિણમાં વધારે આગળ વધીને જોઇએ તો **કૃષ્ણા** અને **તુંગભદ્રા**થી લઈને **કેપકુમારી** સુધીનો

પ્રદેશ વિજયનગરના રાજાના કબજામાં હતો. આ વખતે વિજય નગરનું રાજ્ય ઘણી જાહોજલાલીમાં હતું. ગોવા અને એવાં બીજાં કેટલાંક બંદરો પોર્ટુગીઝોએ રોકી રાખ્યાં હતાં. અને તેમનાં વહાણોનો વ્યવહાર અરબીસમુદ્રમાં ચાલતો હતો. છેવટે–ઉત્તરમાં કાશ્મીરનું રાજ્ય, સિંધ, બલુચિસ્તાન અને બીજાં કેટલાંક રાજ્યો ઉપરીની સત્તાથી તદ્દન સ્વતંત્ર હતાં.

આ ઉપરથી આપણે જોઈ શકીએ છીએ કે હિંદુસ્તાનના મ્હોટા ભાગના લોકો પોતપોતાની સ્વતંત્ર હકૂમતો ભોગવતા હોવાથી અકબરની સત્તા નીચે પ્રારંભમાં માત્ર થોડોજ ભાગ હતો. અને તેથી તેની ઈચ્છા બીજા દેશોને સ્વાધીન કરવાની થાય, એ સ્વાભાવિકજ હતું.

અકબરે પોતાની કચેરીના રિવાજો ત્રણ પ્રકારે રાખ્યા હતા. ૧ તુર્કી, ૨ મોંગલ અને ૩ ઈરાની. આમ કરવાનું કારણ હતું. અકબર પિતૃપક્ષે તૈમૂરલિંગથી ઉતરી આવ્યો હતો. અને તે તૈમૂરલિંગ તુર્ક હતો, એટલા માટે તુર્કી રિવાજ રાખ્યો હતો. અકબર માતૃપક્ષે ચંગેજખાન વંશમાં થયો હતો. અને તે ચંગેજખાન મોગલ હોવાથી મોંગલ રિવાજ પણ રાખ્યો; વળી અકબરની મા ઈરાની હોવાથી ઈરાની રિવાજ પણ રાખ્યો હતો. અકબરના રાજત્વની શરૂઆતમાં તેના રાજ્યમાં હિંદુરિવાજોની અસર બહુ થોડી હતી. એટલે તેના રિવાજો જેમ ત્રણ પ્રકારમાં વ્હેંચાએલા હતા, તેમ તેના નોકરો અને હજૂરિયાઓ પણ બે વિભાગમાં વિભક્ત હતા. એક વિભાગમાં તુર્ક અને મોંગલ અથવા ચગતાઇ અને ઉઝબેગ, અને બીજા વિભાગમાં ઈરાની હતા. કહેવાય છે કે અકબરે પોતાના વખતમાં શેરશાહના કાયદાઓની નકલ વધુ પ્રમાણમાં કરી હતી. અને ખાસ કરીને વસૂલાત ખાતામાં કંઇક સુધારો અવશ્ય કર્યો હતો. આ શેરશાહ તેજ છે કે–જેણે હુમાયુનને ઇ. સ. ૧૫૩૯ માં ચૌસા અને કન્નૌજ પાસે હરાવ્યો

હતો. અને જેનું નામ **શેરખાન** હોવા છતાં, **શેરશાહ** એવું નામ ધારણ કરીને ગાદીએ બેઠો હતો. આ **શેરશાહે** ઇ. સ. ૧૫૪૫ સુધી દિલ્લીમાં રહીને કેટલાક સુધારા કર્યા હતા.

કેટલાકોનો મત છે કે–અકબરે દીવાની અને ફોજદારી સંબંધી ખાસ કોઇ કાયદા ન્હોતા રાખ્યા, તેમ તે સંબંધી ચોપડા કે રજીસ્ટર પણ ન્હોતાં રાખ્યાં. લગભગ તે બધું મોંઢેથી ચલાવતો, અને જે કંઇ તે શિક્ષાઓ કરતો, તે કુરાને શરીફના નિયમ પ્રમાણે કરતો.

અકબર અઢાર વર્ષની ઉમરનો થયો, ત્યાં સુધી તેના સંરક્ષકપણાનું કામ **બૈરામખાન** કરતો હતો. એટલુંજ નહિ, પરન્તુ રાજ્યની સંપૂર્ણ સત્તા–રાજ્યની લગામ **બૈરામખાન**ના હાથમા હતી, એમ કહીએ તો પણ ચાલી શકે. અકબરનો પણ બૈરામખાન ઉપર સંપૂર્ણ વિશ્વાસ હતો. પરન્તુ એ વિશ્વાસનો બૈરામખાને ખરેખર દુરૂપયોગ કર્યો હતો. જો કે, અકબર પાછળથી એમ તો જાણી શકયો હતો કે–બૈરામખાન મહા ક્રૂર અને અન્યાયી છે, અને તેનાં કર્ત્તવ્યોથી અકબર સારી પેઠે સમજતો હોવાથી દરેક બાબતો પ્રત્યે આંખ આડા કાનજ કરી લેતો; તેમ છતાં પણ બૈરામખાનના અન્યાયની માત્રા દિવસે દિવસે વધતીજ રહી હતી. બૈરામખાન જેવો અન્યાયી હતો, તેવોજ તે ઉદ્ધત, વાણીનો કઠોર, હૃદયનો નિષ્ઠુર અને ચરિત્રથી પાપી હતો. ગમે તેવા સામાન્ય મનુષ્યને માટે પણ આ દુર્ગુણો નિંદનીય ગણાય છે; તો પછી એક રાજ્યશાસકને માટે તો કહેવુંજ શું ? અસ્તુ, કોઇ પણ રીતે બૈરામખાનની સાથે વૈમનસ્ય ન થાય, એને માટે અકબર બહુ સંભાળ રાખતો. પરન્તુ કહેવત છે કે–' ઘણું, તે થોડાને માટે હોય છે ? ' અથવા ' अति सर्वत्र वर्ज्जयेत् ' છેવટે અકબરની પણ ઇચ્છા રાજ્યની સંપૂર્ણ સત્તા પોતાના હાથમા લેવાની થઇ, પણ યુક્તિપૂર્વકજ કામ કરવાથી લાભ છે, એમ ધારી અકબરે ઉતાવળ ન કરી.

એક વખત પ્રસંગ એવો બન્યો કે-અકબર આગરાથી કેટલાંક માણસોને સાથે લઈ શિકારે નિકળ્યો. ત્યાં તેને દિલ્લીથી સમાચાર મળ્યા કે-" તેની મા બીમાર છે. " આ સમાચાર સાંભળી તે દિલ્લી આવ્યો. દિલ્લી આવ્યા પછી તરતજ તેણે પોતાના રાજ્યમાં આજ્ઞા ફેરવી દીધી કે-" રાજ્યશાસનનો સમસ્ત ભાર મારા હાથમાં લેવામાં આવ્યો છે. માટે હવેથી મારી આજ્ઞા સિવાય બીજા કોઈની પણ આજ્ઞા માનવી નહિં. " (ઈ. સ. ૧૫૬૦) આ ઉદ્દ્ઘોષણા બહાર પાડવા સાથે બૈરામખાન ઉપર પણ એક વિનયથી ભરેલો પત્ર લખ્યો. તેમાં તેણે જણાવ્યું કે-" આપની સજ્જનતા અને વિશ્વાસ ઉપર નિર્ભય રહીને રાજ્યનો સમસ્ત ભાર આપના ઉપર સોંપીને, મેં અત્યાર સુધી આનંદ કર્યો છે. હવે હું રાજ્યભાર મારા હાથમાં લઉં છું. આપ મક્કા જવાની અભિલાષા પ્રકટ કરતા હતા; તો તે પ્રમાણે હવે આપે મક્કા ખુશીથી પધારવું. આપને ભારતવર્ષનું એક ખાસ પરગણું આપવામા આવશે, આપ તેના જાગીરદાર થશો. અને તેની જે આવક થશે, તે આપના નોકરો આપના ઉપર મોકલી આપશે. " પરિણામે બૈરામખાન આગરાથી મક્કાને માટે વિદાય થયો પરન્તુ અકબર પ્રત્યે તેનો વિરોધભાવ જાગ્રત થવાથી તે મક્કે ન જતાં પંજાબ તરફ વળ્યો-એવા ઈરાદાથી કે-' અકબરની સાથે યુદ્ધ કરવું. ' આ સમાચાર અકબરને પહેલાંજ મળી ચૂકયા, અને તેથી તેનું લશ્કર પંજાબ તરફ પહોંચી ગયું. આ યુદ્ધમાં સમ્રાટ્ના સેનાપતિ મુનીમખાને બૈરામખાનને કેદ કરી લીધો. (ઇ. સ. ૧૫૬૦).

અકબરે આ પ્રમાણે રાજ્યસત્તા પોતાના હાથમાં લીધી, તો પણ એટલું તો ખરૂંજ કે તે ખરાબ સહવાસમાંથી એકદમ છૂટી શકયો ન્હોતો. કહેવાય છે કે-તે ત્રણ વર્ષ પછીજ સર્વથા સ્વતંત્ર અથવા તો ખરાબ સહવાસોથી બચવા પામ્યો હતો.

જ્યાં જૂઓ, ત્યાં રાજાઓમાં આ દુર્ગુણ મ્હોટો હોય છે.

પોતાની બુદ્ધિમત્તાથી કાર્ય કરનારા અને ન્યાયને તપાસનારા રાજાઓ બહુજ થોડા હોય છે. પાર્શ્વવર્ત્તિ મનુષ્યોના કથન ઉપર ચાલનારા રાજાઓ વધારે જોવામાં આવે છે. અત્યારે ઘણાંએક દેશી રાજ્યોમાં પ્રજાનો પોતાના રાજા પ્રત્યે અભાવ કે ઘૃણા જોવામાં આવે છે, એનું કારણ એજ છે કે–રાજાની પાસે બેસનારા ખુશામતિયાઓ રાજાને ભલુ મનાવવાની ખાતર અથવા તો પોતાનું ઇષ્ટ સાધવાની ખાતર રાજાના કાનમાં કંઇનું કંઇ ભરાવે છે, અને તેને પરિણામેજ રાજા વગર તપાસે, વગર જોએ હુકમો બહાર પાડે છે. આના પરિણામે રાજા–પ્રજા વચ્ચે અણબનાવ ઉભો થવા પામે છે. ખરી વાત તો એજ છે કે, રાજાએ સ્વયં નિરીક્ષક બનવું જોઇએ. અને તેની સાથેજ સાથે પ્રજા પ્રત્યે કોઇપણ પ્રકારનો અન્યાય ન થાય, એવી રીતે વર્તાવ કરવો જોઇએ અકબરનો પણ પ્રારંભિકકાલ લગભગ તેવોજ–એટલે ખુશામતિયાઓના જોરવાળો હતો. પરન્તુ પાછળથી તે પોતાની બુદ્ધિથી કામ કરવાનું વધારે પસંદ કરવા લાગ્યો હતો.

ઈ. સ. ૧૫૬૨ માં–એટલે પોતાની વીસ વર્ષની ઉમરે સમ્રાટે પોતાની પ્રજાની કેવી સ્થિતિ છે, તે જાણવાને સારા પ્રયત્નો આદર્યા હતા અને તેને માટે તે ફકીર–સાધુઓનો સહવાસ વધુ કરવા લાગ્યો હતો. વાત પણ સાચીજ છે કે નિષ્પક્ષપાતી સાધુ–ફકીરો દ્વારા પ્રજાની સ્થિતિ વધારે સારી રીતે જાણી શકાય છે. વર્તમાન સમયના ઘણાખરા રાજાઓ તો સાધુ–ફકીરોને મળવામાં મ્હોટુ પાપજ સમજી બેઠા છે. અસ્તુ, અકબરને, સાધુ–ફકીરોને મળવામાં એટલો આનંદ મળતો કે–કોઇ કોઈ વખતે તે પોતાનો વેષ બદલી બદલીને પણ સાધુ–સંતોને મળવાની પોતાની ઇચ્છાને પૂરી કરતો. આમ કરીને જેમ તે સાધુઓદ્વારા પ્રજાની સ્થિતિ સંબંધી માહિતી મેળવતો, તેમ આત્માની ઉન્નતિનાં સાધનોનું પણ અન્વેષણ કરતો. અકબર કહી ગયેલ છે કે—

'On the completion of my twentieth year,'

he said, 'I experienced an internal bitterness, and from the lack of spiritual provision for my last journey my soul was seized with exceeding sorrow.'*

અર્થાત્:—"વીસ વર્ષની ઉમર પૂરી થતાં મને મારા અંતઃકરણમાં ઉગ્ર શોકનો અનુભવ થયો હતો. અને દુનિયાની છેવટની મુસાફરીને માટે ધાર્મિક જીવનની ખામી રહેવાને લીધે મારો આત્મા અત્યન્ત દુઃખી થયો હતો."

અકબરને અત્યાર સુધીના અનુભવ ઉપરથી એ પણ જણાયું હતું કે-જેની જેની સાથે તેણે વિશ્વાસ રાખ્યો હતો, તે બધાએ વિશ્વાસ રાખવાને લાયક ન્હોતા. તેમ તેમાંના કેટલાક **અકબર**ને મારવા સુધીનો પણ પ્રયત્ન કરી ચૂકયા હતા.

અત્યાર સુધી **અકબર**ના રાજ્યની ઉપજની પણ અવ્યવસ્થાજ હતી. આ હકીકત જ્યારે **અકબર**ના સમજવામાં આવી, ત્યારે તેણે સૂરવંશીયરાજ્યના એક વફાદાર માણસને નોકર રાખ્યો હતો, કે જેને **ઈતમાદખાન**નો ઇલકાબ આપવામાં આવ્યો હતો. આ માણસે કેટલાક કાયદા-કાનૂનો એવા બનાવ્યા કે-જેથી ઉપજ સંબંધી બધી અવ્યવસ્થા દૂર થઇ હતી, અને રીતસર કામ ચાલવા લાગ્યું હતું.

અકબર આજ વર્ષમાં એટલે ઇ. સ. ૧૫૬૨ ના જાન્યુઆરી મહીનામાં **ખ્વાજા મુઇનુદ્દીન**ની યાત્રા કરવા માટે **અજમેર** ગયો હતો. માર્ગમા આવતાં **દોસા** ગામમાં **અંબેર** (જયપુરની જૂની રાજ્યધાની) ના રાજા **બિહારીમલ્લે** પોતાની મ્હોટી દીકરી પરણાવવાનું કબૂલ કર્યું હતું. **અકબર** **અજમેર**થી એકદમ **આગરે** આવ્યો હતો, અને **સાંભર** આગળ તે હિંદુ કન્યાની સાથે અક-

---

* Ain-i-Akbari, Vol III, p. 386 by H. S. Jarrett

બરે પોતાનું લગ્ન કર્યું હતું. હિંદુ સ્ત્રીની સાથે આ તેનું પ્રથમ લગ્ન હતું. (અકબરનો પુત્ર ' જહાંગીર ' (સલીમ) એ આજ સ્ત્રીથી ઉત્પન્ન થયેલ પુત્ર હતો.) (ઇ. સ. ૧૫૬૯).

અકબરની આંતરિક ઇચ્છા એ હતી કે–ભારતવર્ષમાં એક છત્ર સામ્રાજય સ્થાપન કરવું. અને રાષ્ટ્રીય દૃષ્ટિથી જોવા જઇએ તો ભારતવર્ષની પ્રજાને સુખસાગરમા ઝીલવાનું પણ ત્યારેજ મળી શકે તેમ હતું કે–જયારે કોઇ પણ એક પ્રતાપી રાજાના એક છત્ર સામ્રાજય હેઠળ સમસ્ત પ્રજા રહેવાને ભાગ્યશાળી બને. જુદા જુદા રાજાઓની હકૂમતથી જયારે ને ત્યારે ચકમકો ઝરવાનોજ પ્રસંગ રહે છે. અને તેના પરિણામે પ્રજાની પાયમાલી થાય છે. અતઃ અકબરે પોતાનું પ્રધાન લક્ષ એજ રાખ્યું હતું કે–' એકજ રાજાના આધિપત્ય નીચે સમસ્ત પ્રજાને લાવી મૂકવી. ' આ ઉદ્દેશને ધ્યાનમાં રાખીનેજ તેણે ધીરે ધીરે ન્હાનાં મ્હોટાં પરગણાંઓને સ્વાધીન કર્યાં હતાં. અને એ પ્રમાણે ભારતવર્ષના મ્હોટા ભાગનું આધિપત્ય મેળવવા માટે અકબરે બાર વર્ષ સુધી લડાઇઓ શરૂ રાખી હતી. અકબરની આ સમસ્ત યુદ્ધયાત્રાઓનું વૃત્તાન્ત ન આપતાં માત્ર ટૂંકમાં એટલુંજ કહીશું કે–તેણે પોતાના ઉદ્દેશમાં ઘણે ભાગે સફલતા પણ મેળવી હતી.

અકબરનો વિશેષ પરિચય કરવા માટે હવે આપણે તેના બીજા ગુણ–અવગુણોનું નિરીક્ષણ કરીએ.

યદ્યપિ અકબર મુસલમાન કુલોત્પન્ન હતો, છતાં તેનામાં દયાની લાગણી સારી હતી. દીન અને રંક જનોની સેવા કરવી, અથવા તેઓનાં દુઃખો દૂર કરવા માટે પ્રયત્ન કરવો, એ અકબર પોતાનું કર્ત્તવ્ય સમજતો હતો. પોતાની હિંદુ કે મુસલમાન, કોઈપણ પ્રજાને રંજાડવામાં કે દુઃખી કરવામાં તે પાપ સમજતો હતો. એક રાજાના પ્રજા પ્રત્યે કેવા ધર્મો હોવા જોઇએ, એ અકબર સારી પેઠે સમજતો હતો. ' મોર પીંછાંથીજ શોભે છે '

તેમ 'રાજા, પ્રજાથીજ શોભે છે' અર્થાત્‌ 'પ્રજાની શોભામાંજ રાજાની શોભા છે.' એ વાત અકબરના ખ્યાલ બહાર ન્હોતી. અને તેથી કરીને તે, પ્રજાની લાગણી દુખાય, એવાં કામોથી દૂર રહેતો. બલ્કે, જ્યારે ને ત્યારે પ્રજાની અનુકૂલતાનાં કાર્યો કરીને પ્રજાને બહુ પ્રસન્ન રાખતો. અર્થાત્‌ જ્યાં જેવી જરૂરત જણાતી, ત્યાં તેવાં કાર્યો કરાવી દેતો. અકબરે કરાવેલાં આવાં અનેક કાર્યોમાં ફતેપુર સીકરીમાં પાણીની અછત દૂર કરવાને માટે ૬ માઇલ લાંબુ અને ૨ માઇલ પહોળું બંધાવેલું તળાવ પણ એક છે. આ તળાવનાં કંઇક ચિન્હો હજૂ પણ તેની દયાળુ લાગણીની સાક્ષી આપી રહ્યાં છે. **શ્રીદેવવિમલગણિએ** પોતાના 'હીરસૌભાગ્ય' નામક કાવ્યમાં આ તળાવનો ઉલ્લેખ કર્યો છે. અને તેને '**ડાબર**' તળાવના નામથી ઓળખાવ્યું છે.*

તેની આ દયાળુવૃત્તિને પરિણામેજ તેણે રાજ્યની લગામ હાથમાં લીધા પછી આઠમે વર્ષે '**યાત્રાવેરા**' ના નામે લેવાતો કર પોતાના રાજ્યમાંથી દૂર કર્યો હતો. અને નવમે વર્ષે '**જીજીયાવેરો**' પણ કાઢી નાખ્યો હતો. (ઇ. સ. ૧૫૬૨) આ બન્ને કરોથી પ્રજાને ઘણુંજ કષ્ટ ઉઠાવવું પડતું હતું.

આ જીજીયાવેરાની ઉત્પત્તિ ભારતવર્ષમાં ક્યારથી થઇ હતી; તેનો ચોક્કસ સમય જો કે નિર્ધારિત નથી કરી શકતા, તો પણ તેની ટૂંકી માહિતી આપણે પ્રથમ પ્રકરણમાં જોઈ ગયા છીએ. પ્રસિદ્ધ ઇતિહાસકાર **વિન્સેન્ટસ્મીથના** મત પ્રમાણે **ફીરોજશાહે** નાખેલો કર અકબરના વખત સુધી ચાલુ રહ્યો હતો.

---

* " स श्रीकरीपुरमत्रासयदात्मशिल्पि-
सार्थेन डाबरसरःसविधे धरेशः
इन्द्रानुजात इव पुण्यजनेश्वरेण
श्रीद्वारकां जलधिगाधवसंनिधाने ॥६३॥
(१० सर्ग)

આવો વેરો, કે જેની ઉપજ અકબરને લાખો બલ્કે કરોડો રૂપિયાની થતી હતી, તે પણ એક માત્ર પોતાની દયાળુ લાગણીથીજ કાઢી નાખ્યો હતો. આ ઉપરથી આપણે સહજ જોઇ શકીએ છીએ કે–અકબર જેવો મુસલમાન બાદશાહ પોતાની પ્રજા પ્રત્યે કેટલી લાગણી ધરાવતો હોવો જોઇએ. જે આર્યપ્રજાને મુસલમાની રાજત્વ કાલમાં પણ આવા જુલ્મી કરોથી દૂર રહેવાનું સૌભાગ્ય પ્રાપ્ત થતું હતું, તેજ આર્યપ્રજાને આર્યરાજાઓના આધિપત્ય નીચે રહીને જુદી જુદી જાતના કરો દ્વારા અને બીજી રંજાડોથી કોઇ કોઇ સ્થળે જે દુ:ખો ઉઠાવવાં પડે છે, એ કોનાથી અજાણ્યાં છે ? આ પ્રસંગે તો અમને **કેપ્ટિન એલેકઝાન્ડર હેમિલ્ટન**, કે જે **સ્કૉટલાંડનો** રહેવાસી હતો અને જે ઇ. સ. ૧૬૮૮ થી ૧૭૨૩ સુધી હિંદુસ્થાનમાં વ્યાપાર કરતો હતો, તેનુંજ વચન યાદ આવે છે. તે કહે છે કે–

" સ્વરાજ્ય કરતાં મોગલોના અમલમાં રહેવું હિંદુ લોકોને સારૂં લાગતું; કારણ કે મોગલોએ લોકો ઉપર કરનો બોજો વિશેષ નાખ્યો ન્હોતો. જે કર આપવો પડતો, તે અધિકારિયોની મરજી ઉપર આધાર રાખતો ન હોઇ મુકરર કરેલો હતો અને પ્રત્યેક માણુસ તે અગાઉથી જાણતો હતો. હિંદુ રાજા મરજી પ્રમાણે લોકો ઉપર કર બેસાડતા. મનનો દ્રવ્યલોભ, એજ લોકો પાસેથી પૈસા વસૂલ કરવાનું પ્રમાણ મનાતું. તેઓ ક્ષુલ્લક કારણો ઉપરથી પાડોસીઓ સાથે લડાઇ ઉભી કરતા; આથી તેમની મહત્ત્વાકાંક્ષા અને મૂર્ખતાનું પરિણામ સર્વ પ્રજાને ભોગવવું પડતું અને દેહસંબંધી તથા દ્રવ્ય સંબંધી તેમને અત્યન્ત નુકસાન વેઠવું પડતું. "

(**મુસલમાની રીયાસત** ભા. ૧ લો. પૃષ્ઠ ૪૨૬)

ખરેખર અત્યારે પણ કોઇ કોઇ દેશી રાજ્યોની પ્રજા ઉપર પ્રમાણેનો અનુભવ કરી રહી છે. અમુક ગણ્યાં ગાંઠયાં રાજ્યો, કે જયાંના રાજાઓ પ્રજાની ઉન્નતિને માટે નિરંતર સચેષ્ટ રહે છે, અને પ્રજાની લાગણીને કોઇ પણ રીતે દુ:ખી કરવાની

લગાર પણ ભાવના રાખતા નથી, તેઓને બાદ કરીએ તો, ભારત-વર્ષમાં હજૂ પણ—આવા વિજ્ઞાનના જમાનામાં પણ—એવાં દેશી રાજ્યો દૃષ્ટિગોચર થાય છે કે—જ્યાંના હિંદુ રાજાઓ—આર્ય રાજાઓ—નાં કૃત્યો, ખરેખર એક જુલ્મી મુસલમાન રાજાનાં કૃત્યોને પણ ભૂલાવી દે, તેવાં જોવાય છે. અફસોસ ! જે રાજાઓ હિંદુ હોઇ કરીને પોતાની આર્યપ્રજા ઉપર જુલ્મી કરો નાખીને હરેક રીતે પ્રજાને રંજાડે છે, અરે—પ્રજાની નજરો આગળ હિંસા કરવા કે કરાવવામાં પ્રજાની લાગણીનો લગાર માત્ર પણ વિચાર કરતા નથી, તે રાજાઓ નહિ—તે પ્રજાના માલિક નહિં, પરન્તુ પ્રજાના દુશ્મનો છે. જે રાજા, હરેક રીતે પ્રજાને રંજાડીને દુઃખી કરીને અને ત્રાસ પમાડીને પોતાનો ભંડારજ પૂરવા ચાહે છે, તે રાજાજ કેમ કહી શકાય ? ભંડારો ભરવાની આશાથી આ પૃથ્વીની સપાટી ઉપર કેટલા રાજાઓ અનીતિ અને અન્યાય કરી ચૂકયા ? પણ કોઈનો ભંડાર કાયમનો ભરેલો રહ્યો ? અરે ! એક માત્ર તુચ્છ લક્ષ્મીની ખાતર જેમણે હજારો, લાખો કે કરોડો મનુષ્યોના ખૂનની નદિયો વ્હેતી કરી હતી, તેઓ પણ શું તે લક્ષ્મીને પોતાની સાથે લઇ ગયા ? આવી રીતે પ્રજાના ઉપર અન્યાય કરનારા અને ત્રાસ વરતાવનારા રાજાઓ માત્ર એટલોજ વિચાર કરતા હોય કે—' એક મનુષ્ય એક નાનકડો ગુન્હો કરે છે, તો તેને મોટી શિક્ષા આપી અમે આ ભવમાંજ તેના પાપનું ફળ બતાવી આપીએ છીએ; જ્યારે હજારો કે લાખો મનુષ્યો ઉપર ગુજરાતા ત્રાસનું ફળ અમને કેવું મળવું જોઇએ ? ' ખેદનો વિષય છે કે ડાહ્યા અને વિચક્ષણ મનુષ્યો પણ સ્વાર્થવૃત્તિમાં અંધ બનીને પોતાના પહાડ જેવડા ગુનહાને પણ ગુનહા તરીકે જોઇ શકતા નથી અથવા તો પોતાના અધિકારના મદમાં ' ભવાન્તરમાં પાપનું પ્રાયશ્ચિત્ત કેવું ભોગવવું પડશે. ' એનો પણ ખ્યાલ લાવી શકતા નથી.

[illegible] પ્રવૃત્તિના પરિણામથી પ્રજા ઉપરથી [illegible] હતા, [illegible] નહિ, [illegible], [illegible] તથા

પાડા, ઘોડા અને ઉંટ એ જાનવરોને કોઇએ મારવાં નહિં, એવો કાયદો પોતાના રાજ્યમાં પ્રચારિત કર્યો હતો. આ સિવાય કોઇ પણ સ્ત્રીને પોતાની મરજી વિરૂદ્ધ સતી થવાને પણ કોઇએ ફર્જ ન પાડવી, એવી આજ્ઞા પ્રચલિત કરી હતી. તેમ અમુક અમુક દિવસોએ કોઇપણ પ્રાણિનો વધ ન કરવો, એવો પણ હુકમ બહાર પાડયો હતો. જો કે પાછલી જિંદગીમાં તો આથી પણ ઘણાંજ દયાળુ કાર્યો કર્યાં હતાં. જે વાત આગળ ઉપર આપણે જોઇશું.

અકબરના આ દયાળુવૃત્તિના ગુણને પ્રકાશમા લાવનાર તેનો **ઉદારતાનો** ગુણ હતો. પોતાના આશ્રિત મનુષ્યોના કાર્યની કદર કરવામાં તે કાચો ન્હોતો. ખરી વાત છે કે મ્હોટાઓનું મહત્ત્વ કાર્યની કદર કરવામાજ રહેલું છે. અકબરની ઉદારવૃત્તિ એટલે સુધી આગળ વધેલી હતી કે–પોતાના દુશ્મનમાં રહેલા ગુણોની પણ તે ખુલ્લી રીતે પ્રશંસા કરતો. એટલું જ શા માટે ? દુશ્મન હોવા છતા તેના ગુણથી મુગ્ધ બનીને તેનું નામ અમર રાખવાને પણ તે પોતાથી બનતું કરતો. આનું એકજ દૃષ્ટાન્ત જોઇએ. અકબરે જ્યારે ચિત્તોડપર ચઢાઇ કરી, અને રાણાની સાથે અકબરનું દારૂણ યુદ્ધ થયું, તે વખતે રાણાના બે પ્રધાનો–**જયમલ** અને **પતાએ** અકબરની સાથે યુદ્ધ કરવામાં અસાધારણ વીરતા બતાવી હતી. તેઓની આ વીરતાથી અકબરને એક વખત ત્યાં સુધી ભય પેસી ગયો હતો કે–' **જયમલ** અને **પતાની** વીરતા મને સફલતા પ્રાપ્ત થવા દેશે નહિ, ' પણ પાછળથી આ યુદ્ધમાં અકબરની ક્રૂરતાને પરિણામે **જયમલ** અને **પતા** મરણને શરણ થયા હતા. પરન્તુ અકબરના હૃદયપટ પરથી તે બન્નેની વીરતાના પ્રભાવની છાપ દૂર થવા પામી ન્હોતી અને અકબરે, ' આવા વીરપુરૂષો દુનિયામાં વિદ્યમાન નહિ હોવા છતા પણ, ખરેખર પોતાના યશને જીવતોજ મૂકી જાય છે ' એ છાપ બેસાડવાની ખાતર–તે બન્નેની વીરતાના ગુણ ઉપર ફિદા થઇ આગરે આવી તે બન્નેના પૂતળા આગરાના કિલ્લામા ઉભા કર્યા હતા અકબરના સમયનોજ શ્રાવક

કવિ ઋષભદાસ, અકબરના મૃત્યુ પછી ચોવીસ વર્ષે બનાવેલા **શ્રીહીરવિજયસૂરિરાસ** ના પૃ. ૮૦ માં લખે છે કે—

> જયમલ પતાના ગુણ મન ધરે, બે હાથી પત્થરના કરે:
> જયમલ પતા બેસાર્યા ત્યાંહિ, એસા શૂર નહિ જગ માંહિ, ૫

જો કે, જયમલ અને પતાનાં આ બાવલાં અકબરે તો આગરાના કિલ્લાના સિંહદ્વારની બન્ને બાજૂએ સ્થાપન કર્યાં હતાં. પરન્તુ પાછળથી જ્યારે શાહજહાને દિલ્લી વસાવ્યું, અને તેનું નામ શાહજહાનાબાદ રાખ્યું, ત્યારે ઉપરનાં બન્ને બાવલાં આગરેથી ઉઠાવીને દિલ્લીના કિલ્લાના સિંહદ્વારની બન્ને બાજૂએ સ્થાપન કરવામાં આવ્યાં હતાં અહિંનાં આ બન્ને બાવલાંને જોઈને, ફ્રાન્સિસ **બર્નિયર**, કે જે ૧૬૫૫ થી ૧૬૬૭ સુધી હિંદુસ્તાનમાં રહ્યો હતો, તે પોતાના ભ્રમણવૃત્તાન્તમા લખે છે કે—

" કિલ્લાના સિંહદ્વારની બન્ને બાજૂએ પત્થરના મ્હોટા બે હાથિયોને છોડીને બીજૂં કંઇ ઉલ્લેખયોગ્ય નથી. એક હાથી ઉપર ચિત્તોડના સુપ્રસિદ્ધ રાજા **જયમલ્લ**ની મૂર્ત્તિ છે, અને બીજા ઉપર તેના ભાઇ **પતા**ની મૂર્ત્તિ છે. આ બે સાહસી વીરોએ અને તેઓની વધારે સાહસી માતાએ સુવિખ્યાત અકબરને અટકાવીને અવિનશ્વર કીર્ત્તિ ઉત્પાદન કરી હતી તેઓ અકબરે ઘેરી લીધેલ નગરની દૃઢતાપૂર્વક રક્ષા કરવામાં અને છેવટે ઉદ્ધત આક્રમણ કરનારાઓથી પરાજય થવા કરતાં, શત્રુ ઉપર આક્રમણ કરીને પ્રાણત્યાગ કરવો યુક્તિયુક્ત સમજ્યા હતા. આ પ્રમાણે અતિઆશ્ચર્યપૂર્વક જીવન ત્યાગ કરવાથી તેમના શત્રુઓએ આ મૂર્ત્તિઓ સ્થાપન કરીને તેઓને ચિરસ્મરણીય બનાવ્યા છે. આ બે મોટી હાથીની મૂર્ત્તિયો અને તેના ઉપર સ્થાપન કરેલ બે વીરોની મૂર્ત્તિયો અત્યન્ત મહિમાયુક્ત અને અવર્ણનીય સમ્માન અને ભીતિ ઉત્પાદન કરે છે.[1]"

---

1 જુઓ, બર્નિયરના ભ્રમણવૃત્તાન્તનો બંગાળી અનુવાદ **સમસામયિક** ભારત ૨૦ મો ભાગ, પે. ૩૦૪.

આ ઉપરથી ચોક્કસ થાય છે કે–અકબરે બે હાથિયો ઉપર બન્ને વીર પુરૂષોની મૂર્ત્તિયો બેસાડી હતી. ખરેખર આમ કરીને અકબરે ' रजपूत साचे शूरको वैरी करे बखान ' એ કહેવતને ચરિતાર્થ કરી બતાવી હતી. અકબરની ગુણાનુરાગિતાનું આ એક જ્વલંત ઉદાહરણ છે. જો કે, કેટલાકોનું એમ માનવુ છે કે–અકબરે ચિત્તોડની લડાઇમાં એટલી બધી ક્રૂરતા વાપરી હતી, કે જેનાથી લોકો તેને બીજો **અલ્લાઉદ્દીન** ખૂની કે બીજો **શિહાબુદ્દીન** કહેતા હતા, આ કલંક દૂર કરવાને માટે અર્થાત્ લોકોને સંતોષ આપવાની ખાતર **જયમલ** અને **પતાના** પૂતળાં તેણે ઉભાં કર્યાં હતાં; પરન્તુ અમારા મત પ્રમાણે તેમ ન હોઇ શકે. લોકોને સતોષ પમાડવાના આ કરતાં પણ બીજા ઘણા સારા માર્ગો હતા, પણ તે ન લેતાં આ માર્ગ લીધો, એ તેની ગુણાનુરાગિતાનેજ સૂચવે છે. કેટલાક વિદ્વાનો એમ પણ કહે છે કે–ઉપર્યુક્ત બાવલાં અકબરે ત્યારે ઉભાં કર્યાં હતાં, કે જ્યારે તે મુસલમાન ધર્મને છોડીને હિંદુધર્મમાં દાખલ થયો હતો. આ કથનમાં પણ જોઇએ તેવું તથ્ય માલૂમ પડતું નથી. અસ્તુ,

અકબર, આવી રીતે જેનામાં જે કંઈ ગુણ દેખતો, તેના ઉપર તે ગુણથી અવશ્ય પ્રસન્ન થતો. એટલુજ નહિ, પરન્તુ તેને ઉત્તેજન પણ સારૂં આપતો. સુપ્રસિદ્ધ **બીરબલ**, એક વખત બિલકુલ દરિદ્ર **મહેશદાસ** નામનો બ્રાહ્મણ હતો. પરન્તુ તે જ્યારે અકબરના દરબારમાં આવ્યો, અને અકબરે તેનામાં ઘણા પ્રકારના ગુણો દેખ્યા, ત્યારે તુર્તજ તેને ' **કવિરાય**'ની ઉપાધિથી વિભૂષિત કર્યો હતો. એટલુંજ નહિ, પરન્તુ, દિવસે દિવસે જેમ જેમ અકબરને તેના પાંડિત્યનો વિશેષ પરિચય થતો ગયો, તેમ તેમ તેના ઉપર મહેરબાનીનો વરસાદ વરસાવા લાગ્યો હતો. પરિણામે તેજ દરિદ્ર **મહેશદાસ** બ્રાહ્મણ ' બે હજાર સેનાનો અધિપતિ, ' ' રાજા બીરબલ'ની ઉપાધિવાળો અને છેવટે **નગરકોટ**ના રાજ્યનો પણ માલિક થયો હતો. મ્હોટાઓની મહેરબાની શું કામ નથી કરી શકતી ?

આવીજ રીતે સુપ્રસિદ્ધ ગવૈયા **તાનસેનના** અને બીજા કેટલાએ લોકોના ગુણોથી પ્રસન્ન થઇ, સમ્રાટે તેઓને કુબેરભંડારીના નાતેદાર બનાવી દીધા હતા. આપણા નાયક–સમ્રાટ્માં કેટલાક અકૃતજ્ઞ રાજાઓના જેવી ઉદારતા (!) ન્હોતી કે કોઇના ગુણોથી પ્રસન્ન થઇ તેનું ખરેખરૂં નાક કાપી સોનાનું નાક બનાવી આપવાની ઉદારતા કરે!

અકબર ઉદારતામાં એટલો બધો આગળ વધેલો હતો કે, ઘણી વખત કોઇએ કરેલા હજારો અપરાધોને પણ ભૂલી જઇને તે ભયભીત થયેલા અપરાધીને આશ્વાસન આપતો. આનું પણ દૃષ્ટાન્ત જોઇએ.

આપણે પહેલાં જોઇ ગયા છીએ કે–અકબરના એક વખતના માનીતા **બૈરામખાને** અકબરની વિરૂદ્ધમાં કેટલાં બધાં કાવતરાં કર્યાં હતાં. ત્યાં સુધી કે અકબરનો કટ્ટર વિરોધી થઇ અકબરનું રાજ્ય છીનવી લેવાના પણ તેણે પ્રયત્નો કર્યા હતા. આ પ્રયત્નોમાંજ જ્યારે **બૈરામખાન** કેદી થયો, અને તેને અકબરની પાસે લાવવામાં આવતો હતો, તે વખતે અકબરની ઉદારતા ભાવ ભજવ્યા વિના રહી શકીજ ન્હોતી. અકબરે પોતાના કેટલાક અધિકારિયોને સ્હામા મોકલીને બૈરામખાનનું સન્માન કર્યું હતું. એટલુંજ નહિં. પરન્તુ 'હવે મારી સંસારયાત્રાની પૂર્ણાહુતિનો સમય નજીક આવ્યો છે.' એવી ભયાવસ્થામાં થરથર કાંપતો બૈરામખાન જ્યારે અકબરના દૃષ્ટિપથમાં આવ્યો, ત્યારે અકબરે સિંહાસનથી ઉભા થઇ બૈરામખાનનો હાથ પકડી, તેને પોતાના જમણા હાથ તરફ સિંહાસન ઉપર બેસાડ્યો હતો. વાહ! અકબર વાહ!! તારી ઉદારવૃત્તિને કોટિશઃ ધન્યવાદ છે!!!

પ્રસિદ્ધિમાં આવેલા ઉંચી હદના મનુષ્યોમાં જેમ સારા સારા ગુણોનું દર્શન થાય છે, તેમ તેઓમાં કોઇ કોઇ એવાં અપલક્ષણો કિંવા દુર્ગુણો પણ હોય છે, કે જેના લીધે તેઓ સર્વતોભાવથી લોકપ્રિય થઇ શકતા નથી. એટલુંજ નહિં, પરન્તુ પોતાના કાર્યોમાં પણ તે

દુર્ગુણોના લીધે પાછાજ પડે છે. અકબર જેવો શાન્ત હતો, તેવો ક્રોધી પણ હતો; જેવો તે ઉદાર હતો, તેવો લોભી પણ હતો; જેવો કાર્યદક્ષ હતો, તેવો પ્રમાદી પણ હતો; જેવો દયાળુ હતો, તેવો ક્રૂર પણ હતો અને જેવો તે શાણો હતો, તેવો રમતીયાળ–ખેલાડી પણ હતો. કુદરતના નિયમોને કોઇ પહોંચી શકે તેમ છે? એક મનુષ્યના ગુણોની જેટલી તારીફ કરવામાં આવે છે, તેના દુર્ગુણો તરફ તેટલી ઘૃણા પણ બતાવવી પડે છે. પોતાની ગુણવાળી પ્રકૃતિને સર્વથા સંભાળી રાખનારા જગતમા વિરલાજ પુરૂષો હોય છે. મનુષ્યોમાં જે દુર્ગુણો હોય છે અથવા જે દુર્ગુણો પડે છે, તેમાં કેટલાક સ્વભાવતઃ હોય છે, કેટલાક શોખથી પડે છે, અને કેટલાક સંસર્ગથી પણ આવે છે. સમ્રાટ્માં જે કંઇ દુર્ગુણો હતા, તે ભિન્ન ભિન્ન રીતેજ પડેલા હતા. સમ્રાટ્ને જિંદગીના પ્રારંભથીજ કારણો પણ તેવાંજ મળ્યાં હતાં. આપણે પહેલાં જોઇ ગયા છીએ તેમ, તેની પાંચ વર્ષની ઉમ-રમાં તેની શિક્ષાના પ્રબંધ માટે જે શિક્ષક રાખવામાં આવ્યો હતો, તે શિક્ષકે પ્રારંભથીજ **અક્ષરજ્ઞાનને** બદલે **પક્ષિજ્ઞાન** આપ્યું હતું. એટલે કે કબૂતરોને કેમ ઉડાવવાં, કેમ પકડવાં–એ વિગેરે શિખવ્યું હતું. કહેવાય છે કે; અકબરે, પોતાની તે બાલ્યાવસ્થામા ૨૦૦૦૦ કબૂતરોના દસવર્ગ પાડીને રાખ્યા હતા. આ પ્રમાણે અકબરના મગજમાં બાલ્યાવસ્થાથીજ રમતના સંસ્કારો પડયા હતા. જેમ જેમ તે મોટી ઉમરનો થતો ગયો, તેમ તેમ તેનામાં બીજાં કેટલાંક નહિં ઇચ્છવા યોગ્ય વ્યસનો પણ પડવા લાગ્યાં હતાં. સૌથી પ્રથમ તો તેનામાં દારૂનું વ્યસન અસાધારણ હતું. દારૂના વ્યસનથી ઘણી વખત પોતાનાં ચોક્કસ કામોને પણ ભૂલી જતો, અને દારૂનો નિશો ઉતરી જતો, ત્યારે તે, તે કામોને બહુ કઠિનતાથી સ્મરણમા લાવતો. આ વ્યસનના લીધે કોઇ વખત તેનાથી એવો અવિવેક પણ થઇ જતો, કે–ગમે તેવા ઉંચી હદના માણસને તેણે મળવા બોલાવ્યો હોય, પણ જો તેજ ટાઇમમા તેને દારૂ પીવાનું મન થઇ આવતું, તો તે તેને મળતો પણ નહિ. આ એકલા દારૂથીજ તેને સંતોષ ન્હોતો થયો.

અફીણુ અને પોસ્તા પીવાનું પણ તેને જબરૂ વ્યસન હતું. ઘણી વખત ધર્મચર્ચાના પ્રસંગમાં પણ તે બેઠો બેઠો ઉંઘ્યા કરતો, એનું કારણ તેનું વ્યસનજ હતું. અકબરમાં બહુ ખરાબ આદત એક એ હતી કે-મનુષ્યોને આપસમાં લડાવી તમાશો જોવાની મજાહને તે પૂરી કરતો. પોતાની મજાહની ખાતર મનુષ્ય મનુષ્યને પશુઓની માફક લડાવવાં, એ એક રાજાને માટે નહિં ઇચ્છવા યોગ્યજ ગણી શકાય. આ સિવાય, ઘણા ખરા રાજાઓ જે મ્હોટા વ્યસનથી દૂષિત ગણાય છે, અથવા બીજા શબ્દોમાં કહીએ તો-રાજાઓને તેમના જાતીય જીવનમાં જે વ્યસન કલંકરૂપ ગણવામા આવે છે, તે-શિકારના વ્યસનથી પણ આપણો સમ્રાટ્ બચ્યો ન્હોતો. શિકારનું વ્યસન તેને જબરદસ્ત હતું. ચિત્તાઓદ્વારા હરિણનો શિકાર કરવાનો શોખ પૂરો કરવામાં તે બહુ આનંદ માનતો. અકબર વખતો વખત શિકારને માટે બહાર નિકળતો. આ શિકારનો શોખ પૂરો કરવામાં સમ્રાટે લાખો બલ્કે કરોડો પ્રાણિયોના પ્રાણ લીધા હશે.

એક તરફ રાજાઓની ઉદારતાનું આપણે નિરીક્ષણ કરીએ છીએ અને બીજી તરફ રાજાઓની આવી શિકારી પ્રવૃત્તિ જોઇએ છીએ, ત્યારે ખરેખર નવાઇ ઉપજ્યા વિના રહેતી નથી.

ધારો કે-બે રાજાઓને આપસમાં વર્ષો સુધી યુદ્ધ થયું હોય, લાખો મનુષ્યો અને કરોડો રૂપિયાની તે યુદ્ધમાં આહુતિ આપી હોય અને તેમાં પણ એક રાજાના મનમાં એમજ થઇ આવ્યું હોય, કે-જો દુશ્મન મારી પાસે આવે, તો તેના ટુકડે ટુકડા કરી નાખું, આવા ક્રૂર પરિણામ તેના મનમાં થઇ આવ્યા હોય, પરન્તુ જો તેજ દુશ્મન એક ક્ષણભરને માટે મ્હોંમા ઘાસ લઇને તે રાજાની પાસે આવે, તો તે રાજા તેને મારશે ખરો ? નહિં, કદાપિ નહિં. તેને મારવાની ગમે તેવી ઇચ્છા હતી, છતાં, ' આ મારી આગળ પશુ થઇને આવ્યો છે. ' એમ ધારીને તેને છોડીજ દેશે. આવી ઉદારતાવાળા રાજાઓ, હમેશાં ઘાસ ખાઇનેજ પોતાનું જીવન ચલાવવાવાળાં, પોતાનું દુઃખ

બીજાને નહિ કહી શકનારા અને હમેશાં પૂંઠ બતાવનારાં નિર્દોષ પ્રાણિયોનો વધ કરવામા અને શિકાર કરવામા લગારે વિચાર ન રાખે, એ કેવો નવાઇ જેવો વિષય? રાજાઓની આ રાજાઇ તે કેવી? રાજાઓનું આ વીરત્વ તે કેવું? જે તરવાર કે બંદૂકનો ઉપયોગ રાજાઓએ પોતાની સમસ્ત પ્રજાની (પછી તે મનુષ્ય હો કે પશુ પક્ષી હો) રક્ષા કરવાને માટે કરવાનો છે, તેજ તરવાર કે બંદૂકનો ઉપયોગ પોતાની પ્રજાનો અંત કરવામાં કરનારા રાજાઓ શું પોતાનાં તે હથીયારોને લજાવતા નથી? દુશ્મનોને લલકારીને સ્હામે થવાનું ખોઇ બેઠા પછી નિર્દોષ અને ઘાસ ખાઇને જીવન વ્યતીત કરનારા જાનવરો ઉપર વીરત્વને અજમાવનારા વીરો (!) પોતાના વીરત્વને શું લજાવતા નથી? આપણા પુસ્તકના એક નાયક–અકબરે તો ખરેખર શિકારની હદજ વાળી હતી. તેણે વખતો વખત કરેલા શિકારોનું વર્ણન ન કરતા માત્ર તેના શિકારના એકજ પ્રસંગનો અહિં ઉલ્લેખ કરીશું.

ઇ. સ ૧૫૮૬ ની સાલમાં અકબરનો ભાઇ મુહમ્મદ હકીમ અફઘાનીસ્તાનમાંથી પંજાબ ઉપર ચઢી આવ્યો હતો. તેને પાછો હઠાવવા માટે અકબર તેની સ્હામે ચઢ્યો હતો. અકબરના ચઢી આવવાથી તેનો ભાઇ ત્યાંથી નાસી છૂટ્યો હતો; એટલે અકબરને લડાઇ કરવાનો વિશેષ પ્રસંગ મળી આવ્યો નહિ. પરન્તુ અકબરે તે વખતે લાહોરની પાસેના એક જંગલમાં પચાસ હજાર માણસોને દસ માઇલના ઘેરાવામા એક મહીના સુધી જંગલના જાનવરોને એકઠાં કરવામા રોકયા હતા. એ પ્રમાણે તમામ જાનવરો દસ માઇલના ઘેરાવામા એકઠા થયા પછી તલવાર, ભાલા, બંદૂક, બાણ અને જાળ વિગેરેથી તે પ્રાણિયોનો પાંચ દિવસ સુધી ક્રૂરતા પૂર્વક સંહાર કર્યો હતો. આ શિકારને 'કમર્ઘ' નામના શિકારથી ઓળખવામા આવે છે એવું કહેવામા આવે છે કે–આવો શિકાર પહેલાં કદિ થયો ન્હોતો, અને હજૂ સુધી જાણવામા પણ આવ્યો નથી. દશ માઇલના ઘેરાવામા એકઠા થયેલા કરોડો પ્રાણિયોનો પાચ દિવસ

સુધી કચ્ચરઘાણ કાઢનારનાં હૃદયો તે વખતે કેવા ક્રૂર થયાં હશે. એનું કોઇ અનુમાન કરી શકે તેમ છે? અકબરની ક્રૂરતા આ ઉપરથી સહજ જોઇ શકાય છે. અને એટલા માટે તો પહેલાં કહેવામાં આવ્યું છે કે-અકબર જેવો દયાળુ હતો, તેવો ક્રૂર પણ હતો.

ઘણે ભાગે રાજાઓમાં ક્ષણમાં રૂષ્ટ અને ક્ષણમાં તુષ્ટ થવાની આદત વધુ જોવામાં આવે છે. પ્રસન્ન થતાંએ વાર નહિં, અને રૂષ્ટ થતાં એ વાર નહિં. અકબર પણ લગભગ તેવીજ પ્રકૃતિનો હતો. તેને રાજી થતા એ વાર ન્હોતી લાગતી અને નારાજ થતાં પણ વાર ન્હોતી લાગતી. જે વખત તે કોઇના ઉપર નારાજ થતો, તે વખત તે તેને શું કરશે? એ કોઇથી પણ કળી શકાતું નહિં. ગુન્હેગારને શિક્ષા કરવામાં તેણે કંઇ નિયમ ન્હોતો રાખ્યો. મનમાં આવે તે શિક્ષા. એક વખત એક માણસે કોઇના જોડા ચોર્યા, એવી ફરિયાદ અકબર પાસે આવી કે અકબરે તેના બે પગ કાપી નાખવાનો હુકમ કર્યો. અકબરના સ્વભાવમા ક્રોધની માત્રા વધુ હોવાને લીધેજ, તે કોઇ કોઇ વખત ન્યાય કે અન્યાય જોયા સિવાય સ્હામે આવેલા ગુન્હેગારને હાથીના પગ નીચે કચડવાની, ખીલા જડીને મારવાની, ગળું કાપવાની અને ફાસીની પણ શિક્ષા દઇ દેતો. અંગછેદન અને સખ્તાઇથી કટકા મારવાના હુકમો તો અકબરના મુખથી વાતની વાતમા નિકળતા હતા. અકબર પોતેજ શા માટે? અકબરે જુદા જુદા પ્રાન્તોમા રાખેલા સૂબાઓ પણ સૂળીએ ચઢાવવાની, હાથીના પગ નીચે કચરવાની, ફાંસીની, જમણો હાથ કાપી નાખવાની અને ચાબુકો મારવાની-ઇત્યાદિ સજાઓ કરતા હતા.

અકબર જે જે દેશો ઉપર ચઢાઇયો કરતો અથવા જેની જેની સાથે તે લડતો, તેમા તેને જ્યા સુધી પોતાની જીતનું પરિણામ દૃષ્ટિમા ન આવતુ, ત્યા સુધી તે નિર્દયતા પૂર્વકજ કતલ ચલાવતો. આવી નિર્દયતાના અકબરના જીવનમાંથી અનેક પ્રમાણો મળી આવે છે. ઇ. સ. ૧૫૬૪ મા ગોંડવાણાની ન્યાયશાલિની રાણી

દુર્ગાવતીની સાથે એવીજ નિર્દયતાપૂર્વક લડાઇ કરી હતી. વળી **રાણા ઉદયસિંહ**ના વખતમાં ઇ. સ. ૧૫૬૭ ના અકટોબર માસમાં અકબરે **ચિત્તોડ** ઉપર ચઢાઇ કરી જે દસ માઇલનો ઘેરો ઘાલ્યો હતો, તે પણ તેવીજ લડાઇ હતી. કહેવાય છે કે આ ચિત્તોડનો કિલ્લો ૪૦૦ ફીટ ઉંચો હતો. અકબરે તે લડાઇમાં એટલી બધી નિર્દયતા-ક્રૂરતા વાપરી હતી કે, જેનું સ્મરણ કરતાં આજ પણ કંપારી છૂટયા વિના રહેતી નથી. 'હાર્યો જુગારી બમણું રમે' તેની માફક અકબરને આ લડાઇમાં જયારે અસફલતાનાં ચિહ્નો જણાયાં, ત્યારે પોતાની સમસ્ત ફોજને એવોજ હુકમ કર્યો હતો કે '**ચિત્તોડના** એક કૂતરાને પણ દેખો, તો કતલ કર્યા વિના રહો નહિં.' **ચિત્તોડની** ચાલીસ હજાર મનુષ્યોની ખેડુત વર્ગની-ગરીબ નિર્દોષ વસ્તી ઉપર તેણે એવી તો અસાધારણ ક્રૂરતાવાળી કતલ ચલાવી હતી કે-ત્રીસ હજાર માણસોને તો સપાટાબંધ કાપી નાખ્યા હતા. પાછળથી તેનો ક્રોધાગ્નિ એટલો બધો ભપકી ઉઠયો હતો, કે-તેની શરણે આવનાર મ્હોટા મ્હોટા ધનિકોને પણ યમરાજના અતિથિ બનાવી દેતો. અરે ! ત્યા સુધી કે નિર્દોષ બાળાઓ અને સ્ત્રિયોને પણ અગ્નિમાં હોમી હોમીને તેણીઓના પ્રાણ લીધા હતા. આવા ઉગ્ર પાપને લીધેજ અત્યારે પણ 'તુ' આમ કરે, તો તારા ઉપર **ચિત્તોડની** લડાઇનું પાપ' એવી કહેવત બોલવામાં આવે છે. કહેવાય છે કે-**ચિત્તોડના** કેટલા રાજપૂતો આ લડાઇમા ખપી ગયા હતા, તેનો અંદાજ કાઢવાને તેઓની જનોઇયો તોળવામાં આવી હતી. જેનું વજન ૭૪॥ મણ થયું હતુ. અત્યારે વણિકો પત્ર લખવાની શરૂ-આતમા ૭૪॥ નો જે અંક લખે છે, તેનુ કારણ પણ કેટલાકો તેજ કહે છે. પણ આ વાત ઐતિહાસિક દૃષ્ટિએ માન્ય થઇ શકે તેમ નથી કારણ કે-**ચિત્તોડની** લડાઇ પહેલા પણ ૭૪॥ અંક લખવાનો રિવાજ પ્રચલિત હતો, એવુ અનેક પ્રમાણોથી સિદ્ધ થાય છે

અકબરને અજમેરના ખ્વાજા **મુઇનુદ્દીન ચિશ્તી** ઉપર બહુ શ્રદ્ધા હતી અને તેથીજ તેણે ચિત્તોડની ચઢાઇ વખતે એવી

પ્રતિજ્ઞા કરી હતી કે-' જો આ લડાઇમાં હું ફતેહ મેળવીશ, તો ખ્વાજા **મુઇનુદ્દીન**ની યાત્રા પગે ચાલીને કરીશ.' લડાઇમાં ફતેહ મેળવ્યા પછી કરેલી પ્રતિજ્ઞા પ્રમાણે યાત્રા માટે તે ૨૮ મી ફેબ્રુઆરીએ પગે ચાલી રવાના થયો હતો. ઉન્હાળાની ઋતુ હતી, કેટલીક સ્ત્રિયો અને બીજા માણસો પણ તેની સાથે પગેજ ચાલતા હતા. આ વખતે **માંડલ**, કે જે ચિત્તોડથી ૪૦ માઇલ દૂર થાય છે, ત્યાં આવતાં અજમેરથી રવાના થયેલા કેટલાક ફકીરો તેમને સ્હામા મળ્યા. તે ફકીરોએ કહ્યું કે-' ખ્વાજાએ સ્વપ્નમાં આવીને અમને કહ્યું છે કે-બાદશાહે સવારી પૂર્વક આવવું.' આથી બાદશાહ અહિંથી સવાર થયો હતો, અને છેવટના ભાગમાં તો બધાએ પગે ચાલી અજમેર ગયા હતા.

આ પછી થોડાજ વખતમાં એટલે સં. ૧૬૨૯ માં રાજપૂત રાજાઓના હાથમાથી **રણથંભોર** અને **કલિંજર** પણ તેણે કબજે કર્યાં હતા. તદનન્તર સં. ૧૫૭૨-૭૩ માં તેણે ગુજરાત દેશનો લગભગ મ્હોટો ભાગ કબજે કર્યો હતો. આ વખતે ગુજરાતનો સુલતાન **મુજફ્ફરશાહ** હતો. તેણે વગર પ્રયાસે શરણે આવીને પોતાનું રાજ્ય અકબરને સ્વાધીન કર્યું હતું. જ્યારે સૂરત, ભરૂચ, વડોદરા અને ચાંપાનેર વિગેરે લેવામાં જો કે તેને કંઇક મુસીબતો ઉઠાવવી પડી હતી, પરન્તુ અન્તતોગત્વા તો તેને લેવામાં તે સફળજ નિવડયો હતો. કહેવાય છે કે ગુજરાતની લડાઇમાં એક વખત **સરનાલ** (ઠાસરાથી પૂર્વે પાંચ માઇલ છે, તે) પાસે અકબરનો જીવ જોખમમાં આવી પડયો હતો. પરન્તુ જયપુરના રાજા ભગવાનદાસ અને **માનસિંહે** જબરદસ્ત પરાક્રમ કરીને અકબરને બચાવ્યો હતો.

ઇ. સ. ૧૫૭૫ માં બંગાળા, બિહાર અને ઓરીસા એ ત્રણે પ્રાતો તેણે તેવીજ વીરતા અને ક્રૂરતા પૂર્વક કબજે કર્યાં હતા. આ પછી ત્રણ ચાર વર્ષ કંઇક શાન્તિમાં ગયા હતા.

અકબરમા કંઇક લોભપ્રકૃતિ વિશેષ હતી અને તેના લીધે તે

ખર્ચ પણ કમ રાખતો. તે પોતે એક એવો જબરદસ્ત **સમ્રાટ** હોવા છતા કાયમને માટે લશ્કર માત્ર ૨૫૦૦૦ મનુષ્યોનુંજ રાખતો. પણ તેની હાથ નીચેના જે રાજાઓ હતા,તેમની સાથે એવો ઠરાવ કરવામાં આવ્યો હતો, કે–તેમણે અમુક અમુક ખ ડણી આપવી, અને જરૂર પડે લશ્કર પૂરૂ પાડવું. જ્યારે **સમ્રાટે** ઇ.સ ૧૫૮૧ માં **કાબુલ** ઉપર ચડાઇ કરી હતી, ત્યારે તેની પાસે ૪૫૦૦૦ ઘોડેસ્વારોનું લશ્કર હતું. અને ૫૦૦૦ હાથી હતા.

જૈનકવિ **ઋષભદાસે**, '**હીરવિજયસૂરિરાસ**' માં અકબરની ઋદ્ધિ આ પ્રમાણે બતાવી છે.

સોલ હજાર હાથી, નવલાખ ઘોડા, વીસ હજાર રથ, અઢાર લાખ પાયદલ (જેમના હાથમાં **ભાલા** અને **ગુરજ** હથીયાર રહેતાં), આ પ્રમાણેની સેના ઉપરાન્ત ચોદ હજાર હરિણ, બાર હજાર ચિત્તા, પાંચસો વાઘ, સત્તર હજાર શકરા અને બાવીસ હજાર બાજ વિગેરે જાનવરો હતાં. સાત હજાર ગાનારા અને અગીયાર હજાર ગાનાસ્ત્રિયો હતી. તે સિવાય અકબરના દરબારમા પાચસો પંડિતો, પાંચસો મ્હોટા પ્રધાનો, વીસહજાર કારકુનો અને દસહજાર ઉમરાવો હતા. ઉમરાવોમાં–**આજમખાન, ખાંનખાના, ટોડરમલ્લ, શેખ અબ્બુફેજલ, બીરબલ, ઈતમાદખાન, કુતુબુદ્દીન, શિહાબખાન, ખાનસાહેબ, તલાખાન, ખાનેકિલાન, હાસિમખાન, કાસિમખાન, નૌરંગખાન, ગુર્જરખાન, પરવેજખાન, દૌલતખાન**, અને **નિજામુદ્દીન અહમદ** વિગેરે મુખ્ય હતા. **અતગબેગ** અને **કલ્યાણરાય** એ બે ખાસ અકબરની પાસેજ રહેનારા હજૂરીયા હતા. વળી અકબરને ત્યાં સોલ હજાર સુખાસન, પંદર હજાર પાલખિયો, આઠ હજાર નગારાં, પાચહજાર મદનભેર, સાતહજાર ધ્વજાઓ, પાંચસો બિરૂદ બોલવાવાળા, ત્રણસો વૈદ્યો, ત્રણસો ગંધર્વ, અને સોલસો સુતાર હતા. તે સિવાય છયાસી મનુષ્યો સમ્રાટ્ને આભૂષણ પહેરાવવાવાળા, છયાસી મરદન કરવાવાળા ત્રણસો પંડિતો શાસ્ત્ર વાંચનાર અને ત્રણસો વાજીંત્રો હતાં."

આ ઉપરાન્ત તે કવિ એમ પણ લખે છે કે-" અકબરની તહેનાતમાં ક્ષત્રિયો, રાજપૂતો, મુગલો, હબશીયો, રોમી, રોહેલા, અંગરેજ અને ફિરંગિયો પણ રહેતા હતા. ભોઇ વિગેરે પણ તેના દરબારમાં ઘણા હતા. પાચ હજાર પાડા, વીસહજાર કૂતરા અને વીસ-હજાર વાઘરી પણ રહેતા હતા. અકબરે એક એક કોસને આંતરે એક એક હજીરો બનાવ્યો હતો. એવા એકસો ચોદ હજીરા તેણે કરાવ્યા હતા અને તે દરેક હજીરા ઉપર પાંચસો પાચ સીંગડાં ગોઠવ્યાં હતાં. વળી અકબરે દસ દસ ગાઉને આતરે એક એક ધર્મ-શાળા અને એક એક કૂવો કરાવ્યો હતો. એટલુંજ નહિ, પરન્તુ તે તે ઠેકાણે લોકોના આરામને માટે સુંદર વૃક્ષો પણ રોપાવ્યાં હતાં. અકબરે એક વખત એક એક હરિણનું ચામડું, બબે સીંગડાં અને એક એક સોના મહોર-એટલી વસ્તુઓનું શેખોનાં છત્રીસ હજાર ઘરોમાં લ્હાણું કર્યું હતું."

આ સિવાય એક બીજા જૈનકવિ **પં. દયાકુશલે**, અકબરની વિદ્યમાનતામાંજ-એટલે અકબરના દેહોત્સર્ગ પહેલાં બાર વર્ષે '**લાભોદયરાસ**' બનાવ્યો છે. તેમાં અકબરના વર્ણનમાં લખ્યું છે કે—

"અકબર બહુ હઠી હતો. અકબરનું નામ સાંભળતાંજ લોકો ધ્રૂજી જતા. તેણે ચિત્તોડ, કુંભલમેર, અજમેર, સમાણુ, જોધપુર, જેસલમેર, જુનાગઢ, સૂરત, ભરૂચ, માંડવગઢ, રણથંભોર, સ્યાલ-કોટ અને રોહિતાસ વિગેરેના કિલ્લા લીધા હતા. વળી ગૌડ વિગેરે ઘણા દેશો પણ સ્વાધીન કર્યા હતા. મ્હોટા મ્હોટા રાજા-રાણાઓ તેની સેવા કરતા. રોમી, ફિરંગી, હિંદુ, મુલ્લા, કાજી, પઠાણ અને એવું બીજું કોઇ ન્હોતું કે-જે તેની આજ્ઞા લોપી શકે ?"

અકબરની સેનાના સંબંધમાં **અબ્બુલફ્જલ** કહે છે કે-" સમ્રાટ્ પાસે ૪૪ લાખ સૈનિકો હતા. તેમાંનો મ્હોટો ભાગ જાગીરદારો તરફથીજ સમ્રાટ્ને મળ્યો હતો."

ફ્રિચ કહે છે કે–" એમ કહેવામાં આવે છે કે–અકબરની પાસે ૧૦૦૦ હાથી, ૩૦૦૦૦ ઘોડા, ૧૪૦૦ પાળેલાં હરિણ, ૮૦૦ રાખેલી સ્ત્રિયો અને તે સિવાય ચિત્તા, વાઘ, પાડા, અને મુરઘાં વિગેરે ઘણાં હતા."

અકબરના સૈન્ય વિગેરેના સંબંધમાં ઉપર પ્રમાણે જુદા જુદા મતો જોવાય છે. તેથી અકબર પાસે ચોક્કસ કેટલુ સૈન્ય હતું, એનો નિર્ણય કરવો અસંભવિત નહિ, તો કઠિન અવશ્ય છે. તો પણ એમ અનુમાન જરૂર થઇ શકે છે કે–જુદા જુદા લેખકોએ જુદી જુદી દૃષ્ટિઓથી તે વર્ણન કરેલું હોવું જોઇએ. અસ્તુ, આ વાતને બાજૂ ઉપર મૂકીએ તો પણ, પ્રસ્તુતમાં એમ તો અવશ્ય કહેવું પડશે કે–અકબર પ્રકૃતિનો અવશ્ય લોભી હતો. અને તેનુંજ એ પરિણામ હતું કે અકબર મર્યો ત્યારે તેના એક આગરાનાજ ખજાનામાંથી બે કરોડ પૌંડની કિંમતના તો એકલા સિક્કાજ નિકળ્યા હતા. અને બીજી છ તીજોરિયોમાં પણ તેટલાજ ભરી રાખ્યા હતા. અત્યારની સ્થિતિએ જોતા તો તે મિલકત વીસ કરોડ પૌંઠની કહી શકાય, એમ વિન્સેન્ટ સ્મીથનું કહેવું થાય છે.

અકબરનું અંતઃપુર (જનાનખાનું) એક મ્હોટા શહેર જેવુંજ હતું. તેના અંતઃપુરમાં ૫૦૦૦ સ્ત્રિયો હતી. દરેકને રહેવાને માટે જુદાં જુદાં મકાનો હતાં. તે સ્ત્રિયોમાં અમુક અમુક સ્ત્રિયોના ભાગ પાડી તે દરેક ભાગ ઉપર એક એક સ્ત્રી દારોગા તરીકે રાખી હતી. અને ખર્ચનો હિસાબ લખવા માટે કલાર્કો રાખવામાં આવ્યા હતા.

અકબરે ફતેપુર–સીકરીમાં એક એવો મહેલ બનાવ્યો હતો કે–જેની આખી ઇમારત માત્ર એકજ થાંભલા ઉપર ઉભી કરવામા આવી હતી. આ મહેલને 'એક થંભિયા મહેલ' ના નામથી ઓળખવામા આવે છે. કવિ દેવવિમલગણિએ પણ

પોતાના હીરસૌભાગ્ય નામક કાવ્યના ૧૦ મા સર્ગના ૭૫ મા શ્લોકમાં આ એક થંભિયા મહેલનો ઉલ્લેખ કર્યો છે.[1]

હવે માત્ર અકબર સંબંધી એકજ બાબતનો ઉલ્લેખ કરી અકબરના આ પરિચયને શોભાવીશું. આજ પ્રકરણમાં એક સ્થળે કહેવામાં આવ્યું છે તેમ, અકબરના હૃદયમાં કંઇક ધર્મના સંસ્કારની માત્રા અવશ્ય હતી. તેની ઇચ્છા એમ રહ્યા કરતી હતી, કે–'જેને માટે લોકોમાં આટલું બધું આન્દોલન ચાલે છે, તે ધર્મ શી વસ્તુ છે? અને તેનું વાસ્તવિક તત્ત્વ શું છે? તે જાણવું,' આવી ઇચ્છા થયા પૂર્વે પણ બીજા શબ્દોમાં કહીએ તો–આની તપાસને માટે યત્ન કરવા પૂર્વે પણ તેને મુસલમાન ધર્મ પ્રત્યે તો ખરેખર અરૂચિજ થઇ ગઇ હતી, એની સાથેજ સાથે તેની એ પણ ઇચ્છા થઇ હતી કે, ભારતવર્ષમાં હિંદુ અને મુસલમાનોની એકતા કરવી. અને આ ઇચ્છાથીજ તેણે ઇ. સ. ૧૫૭૯ માં 'ઈશ્વરનો ધર્મ' (**દીને ઇલાહી**) નામના એક નવા ધર્મની સ્થાપના કરી હતી. એટલુંજ નહિં પરન્તુ, આ નવા ધર્મમાં ઘણા હિંદુ મુસલમાનોને મેળવવા પ્રયત્ન કરવા લાગ્યો હતો, અને તેમાં તે કેટલેક અંશે સફળ પણ નિવડ્યો હતો.

કેટલાકોનો મત છે કે–અકબર માનાભિલાષી બહુ હતો. ત્યાં સુધી કે, પોતાને 'ઇશ્વરના અંશ' તરીકે તે ઓળખાવતો અને તેજ ઇચ્છાથી તેણે આ નવા ધર્મની સ્થાપના કરી હતી. લોકોને કંઇને કંઇ ચમત્કાર બતાવવાનું તેને વધારે પ્રિય હતું. રોગીનો રોગ મટાડવા માટે પોતાના પગનું ધોએલું પાણી તે આપતો. ધીરે ધીરે તેના ચમત્કાર માટે તેની દુકાન ખૂબ જામી ગઇ હતી. અને તેને પરિણામે ઘણી સ્ત્રિયો છોકરાં થવા માટે તેની બાધા પણ રાખતી. અને જેણીની

---

1 " उन्नालनीरजमिव श्रियमापदेक-
स्तंभं निकेतनमकब्बरभूमिभानोः । "

અર્થાત્—જેમ એક નાળની ઉપર રહેલું કમળ શોભે છે. તેવી રીતે એકજ થાંભલા ઉપર રહેલું અકબરનું ઘર શોભે છે.

ઇચ્છા પૂર્ણ થતી, તે બાધા પૂરી કરવા આવતી. જ્યારે બાદશાહ પણ, તેણિઓ જે જે વસ્તુઓ લાવતી, તે તે વસ્તુઓનો આનંદથી સ્વીકાર કરતો.


બાદશાહના ઉપર્યુક્ત વર્તનથી અને નવા ધર્મની સ્થાપનાથી ઘણા મુસલમાનો તેનો વિરોધ કરવા લાગ્યા હતા. પરિણામે અકબર પણ ઇ. સ. ૧૫૮૨ માં ખુલ્લી રીતે મુસલમાન ધર્મથી બિલકુલ વિરૂદ્ધ પડચો હતો. આ પ્રમાણે વિરૂદ્ધ પડવા પહેલાં પણ તેણે મુસલમાન અને હિંદુ–બન્ને તરફ સમદૃષ્ટિથી વર્તાય, એવાજ રાજકીય સિદ્ધાન્તો ચલાવવાના પ્રયત્નો શરૂ કર્યાં હતા. આ શરૂઆત તેણે તે વખતે કરી હતી કે–જ્યારે તે પક્કો અંધશ્રદ્ધાળુ મુસલમાન જણાતો હતો. અને પાછળથી જો કે તેના વિચારોમા ઘણા ફેરફારો થયા હતા, અને લગભગ તે હિંદુ જેવોજ જણાતો હતો,-તોપણ તે કયા ધર્મ ઉપર પકકો આસ્થાવાળો છે, એવો નિર્ણય કોઇથી થઇ શકતો ન્હોતો અને તેના વિચારો જાણવાને પણ કોઇ સમર્થ થઇ શકતું નહિ. આને માટે અકબરના વખતનોજ એક ક્રિશ્ચીયન પાદરી, જેનું નામ **બાર્ટોલી** (Bartoli) છે, તે લખે છે—

'He never gave anybody the chance to understand rightly his inmost sentiments, or to know what faith or religion he held by... ..And in all business, this was the characteristic manner of king Akbar–a man apparently free from mystery or guile, as honest and candid as could be imagined, but, in reality, so close and self-contained, with twists of words and deeds so divergent one from the other, and most times so contradictory, that even by much seeking one could not find the clue to his thoughts.'*

* Akbar The Great Mogul' page 73.

અર્થાત્—તેના આંતરિક વિચારો બરાબર સમજવાની, અથવા કયા ધર્મ કે કયા પંથ પ્રમાણે તે વર્તતો હતો, તે જાણવાની તક કોઇ દિવસ કોઇને આપતો નહિં, અને તેના દરેક કામમાં ખાસ રીત એ હતી કે-તે દેખીતી રીતે તો ભેદ અને પ્રપંચથી દૂર રહેતો. તેમ જેટલો ધારી શકાય તેટલો પ્રામાણિક અને નિખાલસ રહેતો; પણ વસ્તુતઃ તે એવોજ ઊંડો અને સ્વતંત્ર હતો. હરેક વાત તથા કાર્યમાં પરસ્પર વિરોધી શબ્દો એવા તો મરડી મચરડીને બોલતો અને ઘણી વખત એવું વિરૂદ્ધ વર્તન કરતો કે-ઘણી **તપાસ કરવા છતાં પણ કોઇને તેના વિચારો જાણી લેવાની ચાવી મળતી ન્હોતી.**


આ ઉપરથી સમજાય છે કે-અકબરની સ્થિતિ ધર્મના વિષયમાં તો ખરેખર ડામાડોલજ હોવી જોઇએ અથવા તો તેની સ્થિતિ કોઇ જાણી શકયું ન્હોતું. અસ્તુ. અકબરની હવે પછીની જિંદગીનો પરામર્શ આગળ ઉપર કરવાનું મુલતવી રાખી, અત્યારે તો અકબરના આટલાજ પરિચયથી આપણે સંતોષ માનીશું.





સમ્રાટ અકબર

પ્રકરણ ચોથું.



આમંત્રણ.



ગત પ્રકરણમાં આપણે જોઇ ગયા છીએ કે, અકબરે ઇ. સ. ૧૫૭૯ માં '**દીને-ઇલાહી**' નામના એક સ્વતંત્ર ધર્મની સ્થાપના કરી હતી. આ પ્રમાણે સ્વતંત્ર ધર્મની સ્થાપના કરવા પહેલાં તેણે ઇ. સ. ૧૫૭૫ માં એક ઇબાદતખાનાની સ્થાપના કરી હતી, કે જેને આપણે **ધર્મસભા** તરીકે ઓળખીશું. આ સભામાં તેણે સૌથી પહેલાં તો કેવળ મુસલમાની ધર્મના જુદા જુદા ફિરકાઓના વિદ્વાન્ મૌલવિયોનેજ દાખલ કર્યા હતા. તેઓ હમેશાં આપસમાં વાદાનુવાદ કરતા અને અકબર તે બધું બરાબર સાંભળતો. ખાસ કરીને શુક્રવારના દિવસે તો અકબર આ સભામાં ઘણોજ વખત વ્યતીત કરતો. લગભગ ત્રણ વર્ષ સુધી તો આ પ્રમાણે એકલા મુસલમાનોજ ધર્મચર્ચા કરતા રહ્યા હતા; પરન્તુ તેનું પરિણામ સારૂં આવ્યું ન્હોતું. જે મુસલમાનો અકબરની સમક્ષ વાદવિવાદ કરતા હતા; તેઓમાં ધીરે ધીરે પક્ષો બંધાઇ ગયા હતા. અને તે બન્ને પક્ષવાળાઓ એક બીજાને ખોટા ઠરાવવાનાજ પ્રયત્નો કરતા હતા. આ બન્ને પક્ષો પૈકી એકનો આગેવાન 'મુખદૂમુલ્મુલ્ક' હતો, અને બીજા પક્ષનો આગેવાન 'અબ્દુન્નબી' હતો, કે જેને '**સદરેસદૂર**' ની પદવી હતી. આ બન્ને પક્ષોમાં ધીરે ધીરે એવી ચકમક ઝરવા લાગી કે-જેને લીધે અકબરને 'વાદે વાદે જાયતે તત્ત્વબોધઃ' ના બદલે તેથી વિરૂદ્ધજ ફળ જણાવા લાગ્યું. છેવટે ઝગડો વધી પડતાં અકબરની તે બન્ને પક્ષો ઉપર સર્વથા અરૂચિ થઇ ગઇ. અકબરના દરબારમાં રહેનારો કટ્ટર મુસલમાન બદાઊની, આ ધર્મસભામાં બેસનારા મુસલમાનોમાં ફેલી ગયેલી તકરાર સંબંધી લખે છેઃ—

There he used to spend much time in the Ibadat-khanah in the company of learned men and Shaikhs. And especially on Friday nights, when he would sit up there the whole night continually occupied in discussing questions of religion, whether fundamental or collateral. The learned men used to draw the sword of the tongue on the battle-field of mutual contradiction and opposition, and the antagonism of the sects reached such a pitch that they would call one another fools and heretics '

(Al-Badaoni, Translated by W. H Lowe, M A. Vol. II. p. 262.)

અર્થાત્—" ઇબાદતખાનામાં બાદશાહ વિદ્વાનો અને શેખોની સોબતમાં ઘણો વખત ગુજારતો અને ખાસ કરીને શુક્રવારની રાત્રિ, કે જે વખતે તે આખી રાત જાગતો બેસી રહેતો, તે વખતે ગમે તો મુખ્ય તત્ત્વના અથવા તો અવાન્તર વિષયના સવાલોની ચર્ચા કરવામાં નિરંતર ગુંથાયેલો રહેતો. આ વખતે તે વિદ્વાનો અને શેખો, પરસ્પરની વિરૂદ્ધોક્તિ અને સામે થવાની રણભૂમિ પર જીભની તલવારો ખેંચતા અને તે તે પક્ષવાળાઓની રસાકસી એટલે દરજ્જે પહોંચતી, કે તેઓ એક બીજાને મૂર્ખ અને પાખંડી કહેતા."

મુસલમાનોની આવી તકરારોને પરિણામેજ બાદશાહે તે મુસલમાન ધર્મગુરૂઓ (ઉલમાઓ) પાસે એક કરારનામું કરાવી લીધું હતું; જેમાં એવું લખવામાં આવ્યું હતું કે-" જ્યારે જ્યારે મતભેદ થાય, ત્યારે ત્યારે નિકાલ કરવાનો અને કુરાનનાં વચનોને અનુસરીને ધર્મમાં નવીન ફેરફાર કરવાનો અધિકાર બાદશાહને છે." આ કરારનામું શેખમુબારકે લખ્યું હતું, અને તેના ઉપર તે ઉલમાઓએ (મુસલમાન આગેવાનોએ) સહીઓ કરી હતી. (સ.

૧૫૭૯) આ પછી પણ બાદશાહે ઉલમાઓના ઉપર્યુક્ત વડા અને સરન્યાયાધીશ બન્નેને નોકરીમાંથી દૂર કર્યા હતા.

કહેવાય છે કે મુસલમાન ધર્મ ઉપરથી જ્યારે તેની શ્રદ્ધા ઉઠી ગઈ અને તેઓના ઉપર નારાજ થયો, ત્યારે બાદશાહ ખુલ્લં ખુલ્લા બોલવા લાગ્યો હતો કે " **મુહમ્મદ પેગંબરે** દશ વર્ષની છોકરી **અયેષા** સાથે લગ્ન કર્યું હતું, અને **ઝૈનાબ** તેના દત્તકપુત્રની સ્ત્રી હોવા છતા, તેના છૂટાછેડા થયા બાદ મુહમ્મદ પેગંબરે પોતેજ તેની સાથે લગ્ન કર્યું હતું, આવા અનાચાર કરનારો મુહમ્મદ પરમેશ્વરનો દૂત હોઇ શકે નહિં."

આ પ્રમાણે મુસલમાની ધર્મ પ્રત્યે અરૂચિ થયા પછી તેણે હિંદુ, જૈન, પારસી અને ક્રિશ્ચિયન ધર્મના વિદ્વાનોને બોલાવી પોતાની સભામાં જોડવાનુ શરૂ કર્યું હતું. એ પ્રમાણે જુદા જુદા ધર્મના વિદ્વાન્ પુરૂષોની સાથે તે બેસતો અને તેમા થતી ધર્મચર્ચાને સાભળતો. તેણે આ સભામા દરેક ધર્મના વિદ્વાનોને પોતપોતાના અભિપ્રાયો પ્રકટ કરવાની છૂટ આપી હતી. અને તેથી દરેક વિદ્વાનો એવી શાન્તિ અને ગંભીરતાપૂર્વક ધર્મચર્ચા કરતા હતા, કે અકબરને તેથી ઘણોજ આનંદ આવવા લાગ્યો હતો. બીજી તરફ પેલા મુસલમાનો ઉપરથી તો તેનો ભાવજ ઉઠી ગયો હતો. એટલુંજ નહિં પરન્તુ પરિણામે તેણે મસજીદમા જવાનું પણ છોડી દીધું હતુ અને કેવળ તે પોતાની ધર્મ સભામા બેસી, ધર્મચર્ચા સાભળી તેમાથી સાર-ગ્રહણ કરવાનુંજ વધારે પસંદ કરવા લાગ્યો હતો અબ્બુલફજલ કહે છે કે—" અકબર પોતાની આ ધર્મસભામા એટલો બધો આનંદ લેવા લાગ્યો હતો કે ખરેખર અકબરે પોતાની કોર્ટને તત્ત્વશોધકોનુ ઘર બનાવી મૂક્યુ હતુ."—

The Shahinshah's court became the home of inquirers of the seven climes and the assemblage of the wise of every religion and sect.

(Akbarnama translated by H. Beveridge Vol. III P. [illegible])

અર્થાત્—શહેનશાહનો દરબાર, સાતે પ્રદેશો (પૃથ્વીના ભાગ) ના શોધકોનું અને દરેક ધર્મ તથા સંપ્રદાયના ડાહ્યા માણસોનું ઘર થઇ પડયું હતું.

અકબરની આ ધર્મસભામા ડૉ. **વિન્સેંટસ્મીથ**ના મત પ્રમાણે સૌથી પહેલાં ઇ. સ. ૧૫૭૮ માં **પારસી** વિદ્વાન્ જોડાયો હતો, કે જે **નવસારી**થી આવેલો દસ્તૂર મેહરજી રાણા હતો. અને પારસીઓ જેને **મોબેદ** કહે છે. આ વિદ્વાન્ ઇ. સ. ૧૫૭૯ સુધી ત્યાં રહ્યો હતો. તે પછી ઇ. સ. ૧૫૮૦ ના ફેબ્રુઆરીની ૨૮ મી તારીખે **ક્રિશ્ચયન** પાદરી ફાધર **રીડોલ્ફો એકવેવીવા** (Father Ridolfo Aqvaviva)**મૉન્સિરાટ**(Monserrate) અને **એનરીશેઝ** (Enrichez) ગોવાથી તેની પાસે આવ્યા હતા.

આ પ્રસંગે એ જણાવવું જરૂરનું થઇ પડશે કે, અકબરે પોતાની આ ધર્મસભાના મેમ્બરોને પાંચ વિભાગોમા વિભકત કર્યા હતા. આ પાંચે વિભાગોમાં મળીને કુલ ૧૪૦ મેમ્બરો હતા. ' આઇન–ઇ–અકબરી ' (અંગ્રેજી) ના બીજા ભાગના ૩૦ મા આઇનની અંતમાં આ મેમ્બરોનું લિસ્ટ આપવામાં આવ્યું છે. તેના ૫૩૭–૫૩૮ મા પેજમાં પહેલા વર્ગના ૨૧ મેમ્બરોનાં નામો છે. જેમાં સૌથી પહેલું નામ ' **શેખ મુબારક** ' નું છે, કે જે ' **અબ્બુલ ફજલ** ' નો પિતા થતો હતો અને સૌથી છેલ્લું નામ ' **આદિત્ય** ' નામક કોઇ હિંદુનું છે. પહેલાં બાર નામો મુસલમાનોનાં છે અને તે પછીનાં ૮ નામો (સોલમું છોડીને) હિંદુઓનાં માલૂમ પડે છે. જ્યારે સોલમું નામ 'હરિજીસૂર' (Harji Sur) આ પ્રમાણે છે. આ ' હરિજીસૂર ' એજ આપણા આ પુસ્તકના નાયક છે, અને જેઓને આપણે ' **હીરવિજયસૂરિ** ' ના નામથી ઓળખીએ છીએ.

આ હીરવિજયસૂરિની સાથે અકબર બાદશાહનો સંબંધ કેવી રીતે થયો, એ તરફ હવે આપણે દષ્ટિપાત કરીએ.

એક વખત અકબર બાદશાહી મહેલના ઝરૂખે બેસી નગર-ચર્ચા જોઇ રહ્યો હતો. તે વખત તેના કાનમાં વાજિંત્રોનો અવાજ પડ્યો. આ અવાજ સાંભળી તેણે પોતાની પાસે ઉભેલા એક નોકરને પૂછ્યું:—' આ ધૂમધામ શાની છે ? ' તેણે જણાવ્યું કે—' **ચાંપા** નામની એક શ્રાવિકાએ છ મહીનાના ઉપવાસો કર્યા છે.[1] તે ઉપવાસ એવા કે—જ્યારે જરૂર પડે ત્યારે માત્ર દિવસે ગરમ પાણી સિવાય કોઇ વખત બીજી કંઇ પણ વસ્તુ મ્હોંમાં નાખી શકાય નહિ, અને તે નિમિત્તે આ વાજિત્રો વાગી રહ્યા છે.'

' છ મહીનાના ઉપવાસ ' આ શબ્દ સાભળતાજ બાદશાહ તો આશ્ચર્યમાં ગરકાવ થઇ ગયો. ' મુસલમાનો એક મહીનાના રોજા કરે છે, તેમાં પણ રાત્રે તો પેટ ભરીને ખાય છે, તેમાં તો કેટલુંએ કષ્ટ પડે છે, તો પછી બિલકુલ ભોજન લીધા સિવાય છ મહીનાના ઉપવાસ કેમ થઇ શકે ? ' આ શંકા તેના હૃદયમાં ઉપસ્થિત થઇ, અને તેથી તેણે આ વાતની ખાતરી કરવાને માટે **મંગલચૌધરી** અને **કમરૂખાન** નામના પોતાના બે માણસોને ચાંપાને ત્યાં મોકલ્યા. આ બન્નેએ ત્યાં જઇ વિનયભાવથી પૂછ્યું:—

' બહેન ! તમારાથી આટલા બધા દિવસો સુધી ભૂખ્યાં કેમ

રહી શકાય છે ? એક દિવસ બપોરે ભોજન ન થયું હોય, તો શરીર ધ્રૂજવા લાગે છે, તો પછી આટલા બધા દિવસો સુધી અન્ન વિના કેમ ચાલી શકે ?'

ચાંપાએ કહ્યું—' ભાઇઓ ! આવી તપસ્યા કરવી, એ મારી શકિતથી બહારનું કામ છે. પરન્તુ **દેવ-ગુરૂની** કૃપાથીજ હું આ તપસ્યા કરૂં છું, અને આનંદપૂર્વક ધર્મધ્યાનમાં દિવસો ગુજારૂં છું ?'

ચાંપાનાં પરમ આસ્તિકતાવાળાં આ વચનો સાંભળી તેઓને એમ પૂછવાનું મન અવશ્ય થઈ આવ્યું કે—આ બાઈના **દેવ** અને **ગુરૂ** કોણ છે, કે જેના પ્રતાપથી આ બાઈમાં આટલી બધી શકિત આવી છે ?

પોતાની આ જિજ્ઞાસા પૂર્ણ કરવાને તેમણે જ્યારે પૂછ્યું, ત્યારે **ચાંપાએ** કહ્યું—' મારા દેવ **ઋષભાદિ** તીર્થંકરો છે, કે જેઓ સમસ્ત પ્રકારના દોષો અને જન્મ-મરણથી રહિત થયેલા છે, અને મારા ગુરૂ **હીરવિજયસૂરિ** છે કે—જેઓ કંચન-કામિનીના ત્યાગી થઇ ગ્રામાનુગ્રામ વિચરી જગત્‌ના કલ્યાણનો ઉપદેશ આપે છે.'

મંગલ ચોધરી અને **કમરૂખાને** બાદશાહ પાસે આવી ઉપરની તમામ હકીકત નિવેદન કરી. બાદશાહની આ વખતે તીવ્ર ઇચ્છા થઇ કે—આવા મહાપ્રતાપી સૂરિનાં દર્શન અવશ્ય કરવાં જોઇએ. આ વખતે બાદશાહને એમ પણ વિચાર થયો કે—**ઇતમાદખાન** ગુજરાતમાં ઘણું રહેલ છે, માટે તે **હીરવિજયસૂરિ**થી પરિચિત હશે. આથી તેણે **ઇતમાદખાનને** બોલાવી પૂછ્યું—' શું તમે હીરવિજયસૂરિને જાણો છો ?' ઇતમાદખાને કહ્યું:—' હા હજૂર, હીરવિજયસૂરિ એક સાચા ફકીર છે. તેઓ એક્કા ગાડી, ઘોડા વિગેરે કંઇ પણ વાહનમાં બેસતા નથી. હમેશાં પગે ચાલી ગ્રામાનુગ્રામ ફરે છે, દ્રવ્ય રાખતા નથી, સ્રીથી સર્વથા દૂર રહે છે, અને હમેશાં ઇશ્વરની બંદગી

ફરી લોકોને સારો સારો બોધ આપવામાંજ દિવસો ગુજારે છે.'

ઇતમાદખાનનાં આ વચનોથી બાદશાહની ઉત્કંઠામાં કંઇક વધારો થયો અને તેની સંપૂર્ણ ઇચ્છા થઇ કે–' આવા સાચા ફકીરને અવશ્ય આપણા દરબારમાં બોલાવવા જોઇએ; અને તેમનો ઉપદેશ સાંભળવો જોઇએ.'

આવાજ પ્રસંગમાં એક દિવસ નગરમાં નિકળેલો એક મોટો વરઘોડો તેની દૃષ્ટિમાં પડયો. અનેક પ્રકારના વાજિંત્રો અને હજારો મનુષ્યોની ભીડ તેના જોવામાં આવી. તેજ વખત તેણે ટોડરમલ્લને પૂછ્યું–' આટલાં બધાં માણસોની ભીડ અને આ વાજાં–એ બધું શાને માટે છે ?' ટોડરમલ્લે કહ્યું–' સરકાર ! જે બાઇએ છ મહીનાની તપસ્યા કરી હતી, તે તપસ્યા આજે પૂરી થઇ છે, તેની ખુશાલીમાં શ્રાવકોએ આ વરઘોડો ચઢાવેલો છે.'

બાદશાહે ઉત્સુકતાપૂર્વક પુનઃ પૂછ્યું–' તો શું, તે બાઈ પણ, આ વરઘોડામાં સામેલ છે ?'

ટોડરમલ્લે કહ્યું–' હા હજૂર ! તે બાઇ ઉત્તમોત્તમ વસ્ત્રો અને આભૂષણોથી સુસજ્જિત થઈ પ્રસન્નતાપૂર્વક એક પાલખીમાં બેઠી છે. તેની સામે ફૂલો અને સોપારી વિગેરેથી ભરેલા કેટલાક થાળો રાખવામાં આવ્યા છે.'

આમ વાતો થતી હતી, તેવામાં વરઘોડો બાદશાહી મહેલ પાસે આવ્યો. બાદશાહે વિવેકી માણસોને મોકલી સન્માનપૂર્વક ચાંપાબાઈને પોતાના મહેલમાં બોલાવી. અને વિનયપૂર્વક પૂછ્યું–' માતાજી ! તમે કેટલા અને કેવી રીતે ઉપવાસો કર્યા ?'

ના ભાગમાં ગરમ પાણી થોડું થોડું પી લેતી. એવી રીતે મારો તે માસી તપ આજે પૂર્ણ થયો છે.'

બાદશાહે આશ્ચર્યાન્વિત થઇ કહ્યું—'બાઈ ! આટલા બધા પવાસ તમારાથી કેમ થઇ શક્યા ?'

ચાંપાએ દૃઢતા અને શ્રદ્ધાપૂર્વક કહ્યું—'મારા ગુરૂ હીરવિ-જયસૂરિના પ્રતાપથીજ હું આટલી તપસ્યા કરી શકી છું.'

જો કે, બાદશાહ મંગળચોધરી અને કમરૂખાનને પહેલાં કલીને ચાંપાની આ હકીકતથી વાકેફ થયો હતો, છતાં કુદરતનો યદો છે કે–બીજાના મુખથી સાંભળેલી વાતમાં જેટલો આનંદ ને લાગણી ઉદ્ભવે છે, તેના કરતાં સાક્ષાત્કારથી કઇ ગુણો આનંદ ને લાગણી ઉત્પન્ન થાય છે અને તેટલાજ માટે બાદશાહે 'જાણવા તાં ફરી શા માટે પૂછવું ?' એવી મનમાં લગાર પણ શંકા લાવ્યા વાય ઉપર્યુક્ત હકીકત ખાસ ચાંપાનેજ પૂછીને પોતાની જિજ્ઞાસા રી કરી. આ વખતે બાદશાહે એ પણ પૂછીને પોતાનું સમાધાન રી લીધું કે–'હીરવિજયસૂરિ અત્યારે ક્યાં બિરાજે છે ?' ને ચાંપાના કહેવાથી માલૂમ પડયું કે સૂરીશ્વરજી અત્યારે જરાત પ્રાંતના ગંધાર નગરમાં બિરાજે છે.

બાદશાહ ચાપાની બધી વાતોથી બહુ ખુશી થયો. તેણે પો-ના મનમાં નિશ્ચય કર્યો કે–ગમે તે રીતે પણ હીરવિજયસૂરિને હિં બોલાવવા યત્ન કરવો. હીરવિજયસૂરિરાસના કર્ત્તા ઋષભદાસના કહેવા પ્રમાણે–અકબરે તે વખતે પ્રસન્ન થઇ ચાંપાને બહુમૂલ્ય સોનાનો ચૂડો પહેરાવ્યો હતો. તેમ તેના વરઘોડામાં પો-તાનાં રાજકીય વાજિંત્રો આપીને વરઘોડાની શોભામાં વધારો યો હતો.

જગદ્ગુરૂકાવ્યના કર્ત્તા શ્રીપદ્મસાગરગણિ તો પોતાના

કાવ્યમાં એમ પણ કહે છે કે–અકબરે આ બાઈની તપસ્યાની પરીક્ષા કરવા માટે તેણીને મહીના–દોઢ મહીના સુધી ખાસ એક સ્થાનમા રાખીને, તેની તપાસ રાખવા માટે પોતાના માણસો રોકયા હતા. આ પરીક્ષામાં બાઈની સદ્ભાવના અને બિલકુલ દંભનો અભાવ જણાયો હતો. તે પછી 'હીરવિજયસૂરિ તેણીના ગુરૂ થાય છે' એમ જાણી લઈ, 'તે મહાત્મા કયા છે?' એનો પત્તો તેણે **થાનસિંઘ** કે જે એક જૈનગૃહસ્થ હતો, અને અકબરના દરબારમા રહેતો હતો, તેનાથી મેળવ્યો હતો

જ્યારે **વિજયપ્રશસ્તિ** કાવ્યના કર્ત્તા **શ્રી હેમવિજયગણિ** કહે છે કે–અકબરે હીરવિજયસૂરિની પ્રશંસા **ઇતમાદખાન** દ્વારાજ સાભળી હતી અને તે ઉપરથીજ તેણે હીરવિજયસૂરિને આમંત્રણ મોકલવાનું નક્કી કર્યું હતું.

અસ્તુ, ગમે તેમ હો, પરન્તુ અકબરને ઉપરના કારણોથી હીરવિજયસૂરિના નામનો પરિચય થયો હતો એ વાત તો ચોક્ક-સજ છે હવે અકબરે તેમનો સાક્ષાત્કાર કરવાની પૂર્ણ ઇચ્છા કરી. અને તે ઇચ્છા એટલી બધી તીવ્ર થઇ, કે તેણે તુર્તજ **માનુકલ્યાણ** અને **થાનસિંઘ રામજી** નામના બે જૈનગૃહસ્થો અને **ધર્મસી-પંન્યાસ**, કે જેઓ તે વખતે ત્યાંજ હતા, તેમને બોલાવી કહ્યું કે 'તમે શ્રીહીરવિજયસૂરિને અહીં પધારવા માટે એક વિનતિપત્ર લખો. અને હું પણ એક પત્ર લખું છું

મોકલવા માટે લખ્યું. આ બન્ને પત્રો લઈને બાદશાહે બે **મેવડા**[1]-ઓને અમદાવાદ મોકલ્યા. **હીરસૌભાગ્યકાવ્ય**માં આ બે મેવડાઓનાં નામો **મૌંદી** અને **કમાલ** બતાવવામાં આવ્યાં છે. આ પ્રસંગે લગાર એક બીજો પણ વિચાર કરી લઈએ.

અકબર સમ્રાટ્ હતો. તેની પાસે સમસ્ત પ્રકારની સામગ્રી હતી. હાથી હતા, ઉંટ હતા, ઘોડા હતા અને લક્ષ્મીનો ટોટો ન્હોતો, તેમ માણસોની ખોટ ન્હોતી. તે જમાનામાં જેટલી જલ્દી કાર્યસિદ્ધિ કરવી હોય, તે પ્રમાણે કરાવી શકે, એવી બધીએ સામગ્રી અકબર પાસે મોજૂદ હતી. ટૂંકમાં કહીએ તો, અકબરને હામ–દામ ને ઠામ બધુંએ હતું. અતઃ તે પોતાનું ધાર્યું કામ કરે, એમાં લગારે નવાઈ નહિં. છતાં પણ કહેવું પડશે કે વર્ત્તમાન જમાનાનો એક દરિદ્ર મનુષ્ય જેટલી ઝડપથી કાર્યસિદ્ધિ કરી શકે છે, તેટલી ઝડપથી કાર્યસિદ્ધિ તે વખતનો સમ્રાટ્ અકબર ન્હોતોજ કરી શકતો. અકબર પાસે એવું વૈજ્ઞાનિક સાધન ન્હોતુંજ, કે જેવું અત્યારના એક દરિદ્રના ભાગ્યમાં પણ પ્રાપ્ત થયું છે. અકબરને આગરે બેઠે, યદિ

---

૧ The Mewrahs. They are natives of Mewât, and are famous as runners. They bring from great distances with zeal anything that may be required. They are excellent spies, and will perform the most intricate duties. There are likewise one thousand of them, ready to carry out orders.

[The Ain-i-Akbari translated by H. Blochmann M. A. Vol. I p. 252.]

અર્થાત્—તેઓ મેવાતના વતનીઓ છે, અને દોડનાર તરીકે પ્રખ્યાત છે. જે કંઈ વસ્તુ જોઈતી હોય, તે ઉત્સાહથી ઘણે દૂરથી તેઓ લાવી આપે છે. તેઓ ઉત્તમ જાસૂસો છે અને ઘણી ગુંચવણ ભરેલી ફરજો બજાવી શકે છે. હુકમ બજાવવાને તૈયાર એવા તેઓમાંના એક હજાર છે.

ગુજરાતમા કંઇ જરૂરી સમાચાર પણ પહોંચાડવા પડતા, તો તેને માટે ઓછામા ઓછા ૧૦–૧૨ દિવસ જેટલો સમય તો સ્હેજે જોઇતો. અત્યારે ૧૦–૧૨ દિવસોની વાત તો દૂર રહી, પરન્તુ ૧૦–૧૨ કલાકો પણ તેવા કાર્ય માટે જોઇતા નથી. અરે, ૧૦–૧૨ મિનિટ પણ સેંકડો ગાઉ દૂર સમાચાર પહોંચાડવાને કાફી થઇ પડે છે. વળી જે સમાચાર મોકલવા માટે તે વખતે ઘણા રૂપિયાઓનો વ્યય કરવો પડતો હતો, તેજ સમાચાર અત્યારે માત્ર બાર આનામાંજ પહોંચાડી શકાય છે. હુજૂ લગાર જમાનાને આગળ વધવા દો. ભારતવર્ષમા સાધનોની છૂટ બહોળા પ્રમાણમા શરૂ થવા દો. જે સમાચાર પહોંચાડવામાં અત્યારે ૧૦–૧૨ મિનિટનો સમય લાગી જાય છે, તે પણ બચીને સેંકન્ડોની ગણતરીમા સમય લાગવા લાગશે. પ્રિય પાઠક ! બતાવો, અકબર સમ્રાટ્ હોવા છતા—અરે. તે વખતનો ચક્રવર્તી જેવો રાજા હોવા છતા, આવું સાધન તેના નસીબમાં હતું ? ના ન્હોતું, લગારે ન્હોતું. ઓછામા ઓછા કહીએ તો આઠ આઠ દશ દશ દિવસ કે કોઇ વખત તેથી પણ વધારે દિવસો સુધી રસ્તાની ધૂળ ફાકી ફાકીને ઊંટ કે ઘોડાનો અને તેની સાથે માણસનો પણ અંત નિકળી જતો, ત્યારે અકબર મુશ્કેલથી એક સમાચાર ગુજરાત પહોંચાડી શકતો. અકબરની ઘણીએ ઇચ્છા હતી કે—હીરવિજયસૂરિને મોકલેલું આમંત્રણ હમણા ને હમણાં પહોંચે તો સારૂ, પણ તેનું ધાર્યું શું કામમા આવે ? મનુષ્ય જાતથી તો જેટલું થતું હોય, તેટલુંજ થાય ને ! તોપણ અકબરનો અને થાનસિંઘ વિગેરે શ્રાવકોનો પત્ર લઇને આગરેથી જવાના ઘસ્યેટા મેવડાઓ હાંફી હાંફી એટલે કરીને જેમ બન્યુ તેમ જલદી અમદાવાદ આવી પહોંચ્યા અને શિહાબખાનને બન્ને પત્રો સુપરત કર્યા

મોકલવા માટે લખ્યું. આ બન્ને પત્રો લઈને બાદશાહે બે મેવડા[1]-ઓને અમદાવાદ મોકલ્યા. **હીરસૌભાગ્યકાવ્ય**માં આ બે મેવડાઓનાં નામો **મૌંદી** અને **કમાલ** બતાવવામાં આવ્યાં છે. આ પ્રસંગે લગાર એક બીજો પણ વિચાર કરી લઈએ.

અકબર સમ્રાટ્ હતો. તેની પાસે સમસ્ત પ્રકારની સામગ્રી હતી. હાથી હતા, ઉંટ હતા, ઘોડા હતા અને લક્ષ્મીનો ટોટો ન્હોતો, તેમ માણુસોની ખોટ ન્હોતી. તે જમાનામાં જેટલી જલદી કાર્યસિદ્ધિ કરવી હોય, તે પ્રમાણે કરાવી શકે, એવી બધીએ સામગ્રી અકબર પાસે મોજૂદ હતી. ટૂંકમાં કહીએ તો, અકબરને હામ–દામ ને ઠામ બધુંએ હતું. અતઃ તે પોતાનું ધાર્યું કામ કરે, એમાં લગારે નવાઈ નહિં. છતાં પણ કહેવું પડશે કે વર્ત્તમાન જમાનાનો એક દરિદ્ર મનુષ્ય જેટલી ઝડપથી કાર્યસિદ્ધિ કરી શકે છે, તેટલી ઝડપથી કાર્યસિદ્ધિ તે વખતનો સમ્રાટ્ અકબર ન્હોતોજ કરી શકતો. અકબર પાસે એવું વૈજ્ઞાનિક સાધન ન્હોતુંજ, કે જેવું અત્યારના એક દરિદ્રના ભાગ્યમાં પણ પ્રાપ્ત થયું છે. અકબરને આગરે બેઠે, યદિ

---

૧ The Mewrâhs They are natives of Mewât, and are famous as runners They bring from great distances with zeal anything that may be required They are excellent spies, and will perform the most intricate duties There are likewise one thousand of them, ready to carry out orders

[The Ain-i-Akbari translated by H Blochmann M A Vol I p 252]

અર્થાત્—તેઓ મેવાતના રહીશો છે, અને દોડનાર તરીકે પ્રખ્યાત છે. જે કંઈ વસ્તુ જોઈતી હોય, તે ઉત્સાહથી ઘણે દૂરથી તેઓ લાવી આપે છે. તેઓ ઉત્તમ જાસૂસો છે અને વળી ગૂંચવણ ભરેલી ફરજો બજાવી આપે છે. હુકમ બજાવવાને તૈયાર એવા તેઓમાના એક હજાર છે

ગુજરાતમાં કંઇ જરૂરી સમાચાર પણ પહોંચાડવા પડતા, તો તેને માટે ઓછામાં ઓછા ૧૦-૧૨ દિવસ જેટલો સમય તો સ્હેજે જોઇતો. અત્યારે ૧૦-૧૨ દિવસોની વાતતો દૂર રહી, પરન્તુ ૧૦-૧૨ કલાકો પણ તેવા કાર્ય માટે જોઇતા નથી. અરે, ૧૦-૧૨ મિનિટ પણ સેંકડો ગાઉ દૂર સમાચાર પહોચાડવાને કાફી થઇ પડે છે. વળી જે સમાચાર મોકલવા માટે તે વખતે ઘણા રૂપિયાઓનો વ્યય કરવો પડતો હતો, તેજ સમાચાર અત્યારે માત્ર બાર આનામાંજ પહોં-ચાડી શકાય છે. હજૂ લગાર જમાનાને આગળ વધવા દ્યો. ભારત વર્ષમાં સાધનોની છૂટ બહોળા પ્રમાણમા શરૂ થવા દ્યો. જે સમાચાર પહોંચાડવામાં અત્યારે ૧૦-૧૨ મિનિટનો સમય લાગી જાય છે, તે પણ બચીને સેંકન્ડોની ગણતરીમાં સમય લાગવા લાગશે. પ્રિય પાઠક ! બતાવો, અકબર સમ્રાટ્ હોવા છતાં-અરે, તે વખતનો ચક્રવર્તી જેવો રાજા હોવા છતાં, આવું સાધન તેના નસીબમાં હતું ? ના ન્હોતું, લગારે ન્હોતું. ઓછામા ઓછા કહીએ તો આઠ આઠ દશ દશ દિવસ કે કોઇ વખત તેથી પણ વધારે દિવસો સુધી રસ્તાની ધૂળ ફાકી ફાકીને ઊંટ કે ઘોડાનો અને તેની સાથે માણસનો પણ અંત નિકળી જતો, ત્યારે અકબર મુસ્કેલથી એક સમાચાર ગુજરાત પહોચાડી શકતો અકબરની ઘણીએ ઇચ્છા હતી કે-હીરવિજયસૂરિને મોકલેલું આમંત્રણ હમણાં ને હમણાં પહોંચે તો સારૂં, પણ તેનું ધાર્યું શું કામમા આવે ? મનુષ્ય જાતથી તો જેટલું થતું હોય, તેટ-લુંજ થાય ને ! તોપણ અકબરનો અને થાનસિંઘ વિગેરે શ્રાવકોનો પત્ર લઇને આગરેથી રવાના થએલા મેવડાઓ, લાંબી લાંબી ખેપો કરીને જેમ બન્યુ તેમ જલદી અમદાવાદ આવી પહોંચ્યા અને શિહાબખાનને બન્ને પત્રો સુપરત કર્યા.

શિહાબખાને સમ્રાટ્નો પત્ર હાથમા લઇ ભક્તિપૂર્વક માથે ચઢાવ્યો. અને તે પત્રને વાચ્યા પહેલાજ ઉત્સુકતાપૂર્વક તેને સમ્રા-ટની, સમ્રાટ્ના ત્રણ પુત્રો-શેખૂજી, પહાડી અને દાનીયાલની અને સમસ્ત બાદશાહી કુટુમ્બની સુખશાન્તિના સમાચાર પૂછ્યા.

તદનન્તર તેણે બાદશાહનું સોનેરી ફરમાન બહુજ ધ્યાનપૂર્વક વાંચ્યું. તેમા જણાવવામાં આવ્યુ હતું કે—

‘ હાથી, ઘોડા, પાલખી અને બીજી રાજ્ય સામગ્રી સાથે સમ્માન અને ધૂમધામપૂર્વક શ્રીહીરવિજયસૂરિને અહિં મોકલો. ’

શિહાબખાન, ખુદ સમ્રાટ્‌નો આ પત્ર જોઇ એક વખત તો સ્તબ્ધજ બની ગયો. તેને પોતાનુ પૂર્વકૃત સ્મરણમાં આવ્યું- ‘ આ તેજ હીરવિજયસૂરિને બાદશાહે આમંત્રણ કર્યું છે કે—જેઓને મેં થોડાજ સમય ઉપર અનીતિપૂર્વક જુલ્મી ઉપદ્રવ કર્યો હતો. અરે, આજ હીરવિજયસૂરિ એક વખત મારા ડરથી એવી આફતમાં આવી પડ્યા હતા કે—તેમને ઉઘાડા શરીરે મારા દુષ્ટ સિપાઇયોના પંજામાથી નાસવું પડ્યું હતું ’ ઇત્યાદિ વિચારોની ભરતી તેના હૃદયસાગરમાં થવા લાગી. અને તેની સાથેજ સાથે ‘ આવા મહાત્માને આપેલા કષ્ટ માટે ’ તેના હૃદયમાં અસાધારણ પશ્ચાત્તાપ થવા લાગ્યો. પણ પાછળથી તેને ‘ गतं न शोचामि कृतं न मन्ये ’ એ નિયમનું અવલંબન કરી, પોતાના માલિકની આજ્ઞાનો કેમ જલદી અમલ થાય, એજ વાત તેણે હાથમા લીધી. તેણે અમદાવાદના પ્રસિદ્ધ પ્રસિદ્ધ આગેવાન જૈન ગૃહસ્થોને બોલાવ્યા. તેઓ બધા એકઠા થયા. પછી શિહાબખાને આગરાના શ્રાવકોનો પત્ર તેઓને આપ્યો અને પોતાના ઉપરનો બાદશાહનો પત્ર પણ વાંચી સંભળાવ્યો તે ઉપરાત તેણે એ પણ કહ્યુ કે—

“ જ્યારે સમ્રાટ્ આવા માનપૂર્વક શ્રીહીરવિજયસૂરિજીને આમંત્રણ કરે છે, તો પછી તમારે તેઓને ત્યા જવા માટે ખાસ કરીને વિનતિ કરવી જોઇએ. આ એવુ માન છે કે—જે માન બાદશાહ તરફથી અત્યાર સુધી કોઇને પણ મળ્યું નથી. સૂરીશ્વરજીના પધારવાથી તમારા ધર્મનું ગૌરવ વધશે, અને તમારી પણ કીર્ત્તિમાં વધારો થશે એટલુંજ નહિ પરન્તુ હીરવિજયસૂરિજીની શિષ્ય

પરંપરાને માટે પણ આ પ્રાથમિક પ્રવેશ ઘણોજ લાભદાયક થઈ પડશે. માટે કઇ પણ જાતની 'હા' 'ના' કર્યા સિવાય હીરવિજયસૂરિને જરૂર ત્યાં જવા માટે સમ્મતિ આપો. મને ખાતરી છે કે–તેઓ ત્યાં જઇને જરૂર બાદશાહ ઉપર પોતાનો પ્રભાવ પાડશે, અને બાદશાહ પાસે સારા સારા કામો કરાવશે."

આની સાથે ખાને એ પણ કહ્યુ કે–'સૂરિજીની રસ્તાની સગવડતાને માટે હાથી, ઘોડા, પાલખી અને દ્રવ્ય વિગેરે જે કંઇ જોઇએ, તે બધું આપવાને માટે મને સમ્રાટ્નો હુકમ છે, માટે તે સંબંધી તમારે કંઇ પણ વિચાર કરવાનો નથી.'

જો કે સમ્રાટ્નું આ આમંત્રણ વાંચતાની સાથે તો અમદાવાદના ગૃહસ્થોને પ્રસન્નતા થવાને બદલે ઝાંખી પણ ગ્લાની થઈ હતી; પરન્તુ શિહાબખાનના ઉપર્યુક્ત ઉત્તેજનાત્મક શબ્દોથી તેઓના મુખો પર કંઇક ઉત્સાહની રેખાઓ ઉપસી આવી હોય, તેમ જણાવા લાગ્યું હતું. છેવટે શ્રાવકો, શિહાબખાનને એમ કહીને ઉઠયા કે–' સૂરિજી મહારાજ હાલ ગંધારમા બિરાજે છે, માટે અમે ગંધાર જઇને તેઓશ્રીને વિનંતિ કરી અહી લઇ આવીએ.'

તે પછી શ્રાવકોએ એકઠા થઇ અમુક અમુક ગૃહસ્થોને ગંધાર જવાનું ઠરાવ્યું. અને તે પ્રમાણે **વચ્છરાજ પારેખ, મૂલોશેઠ, નાના વીપૂશેઠ** અને **કુંવરજી ઝવેરી** વિગેરે ગાડીઓ જોડી ગંધાર ગયા. બીજી તરફ અમદાવાદના જૈનસંઘની સૂચનાથી **ખંભાતથી સંઘવી ઉદયકરણ, પારેખ વજીઆ, પારેખ રાજીઆ,** અને **રાજા શ્રીમલ્લ** ઓશવાલ વિગેરે પણ સીધા ગંધાર પહોચ્યા.

અમદાવાદ અને ખંભાતના આગેવાન ગૃહસ્થોના આવવાથી જો કે સૂરિજીને બહુ આનંદ થયો, પરન્તુ ' આમ એકાએક આવવાનુ શુ કારણ હશે ?' એ શંકાએ તેઓશ્રીના હૃદયમા અવશ્ય સ્થાન લીધું. બન્ને ગામોના સંઘોએ સૂરિજી અને તમામ મુનિમં-

ણુને માન આપી, સૂરિજીએ ત્યાં પધારવું કે કેમ ?' એ વિષયમાં શ્રાવકોમા ઘણા મતભેદો પડ્યા. કોઇ કહેવા લાગ્યા કે-' સૂરિજી મહારાજને ત્યાં પધારવાનું કામજ શું છે ? બાદશાહને ધર્મોપદેશ સાંભળવો હશે, અથવા સૂરિજી મહારાજના દર્શન કરવા હશે, તો ઘણોએ અહિં આવશે.' કેટલાક કહેવા લાગ્યા-' અરે સૂરિજી મહારાજને તે ત્યાં મોકલાય ? એ તો મહા મ્લેચ્છ રહ્યો, ન માલૂમ શું એ કરે ? આપણે ત્યા જવાનું કામજ શું ?' વળી કોઇએ કહ્યું-' અકબરને તમે તેવો ન સમજશો. એના નામથી લોકોને રેચ લાગે, તો એની પાસે તો જઇજ કોણ શકે ?' કોઇ તો કહે કે-' એ તો ખાસો રાક્ષસનો અવતાર છે. માણસોને મારી નાખવાં, એ તો એને એકડે એક જેવુંજ છે. આવા દુષ્ટ રાજા પાસે જવાનું આપણે શું કામ છે ?' એમ વાદાનુવાદ કરતા કરતા કોઇ તો અકબરની ઋદ્ધિ સમૃદ્ધિનો હિસાબ લગાવવા લાગ્યા, તો કોઇ એની લડાઇયોની ગણતરી કરવા લાગ્યા. વાણીયાઓની વાતોનો આરો આવે ખરો ? સૂરિજી આ બધુ મૌન ધારણ કરી ચુપચાપ સાભળી રહ્યા હતા. કેટલાકો તરફથી એમ પણ કહેવામા આવ્યું કે-' નહિં, નહિં, બાદશાહ એવો ક્રૂર હોવા છતા તેનામાં ગુણાનુરાગનો મ્હોટો ગુણ છે. તે કોઇનામા પણ કંઇ મહત્ત્વનો ગુણ દેખે છે, તો તે ફિદાફિદા થઇ જાય છે. માટે સૂરિજી જેવા મહાત્મા પુરૂષને દેખીનેજ તે લટ્ટુ બની જશે. કોઇ કહે-' આપણને આવી સંકુચિતતા રાખવી ન જોઇએ. જ્યારે રાજા આવા માનપૂર્વક તેડાવે છે, તો પછી સૂરીશ્વર મહારાજના પધારવાથી શાસનની ઘણીજ શોભા વધશે.' કોઇએ કહ્યું-' આપણે ડરવાનું કંઈ કામ નથી અકબર બાદશાહને સોલસો તો અંતેઉરી છે. તેઓમાજ તે પોતાનો દિવસ વ્યતીત કરે છે માટે તે બિચારો સ્ત્રિયોની સેવામાથી અને રમ્મત ગમ્મતમાથી નવરો પડે, ત્યારે સૂરિજી મહારાજને મળશેને ?' એટલામા તો કોઇ બોલી ઉઠ્યો કે-' જ્યારે મળશેજ નહિં, તોપછી ત્યા જવાનું કામજ શું છે ?'

આ પ્રમાણે શ્રાવકોમાં જે વાદાનુવાદ થયો તેનું સૂરીશ્વરજી મહારાજે શાન્તચિત્તથી શ્રવણ કર્યું. હવે તેઓ સાહેબે શાસન સેવાની સંપૂર્ણ લાગણીવાળા હૃદયથી ચિત્તની ઉત્સુકતાપૂર્વક ગંભીરતાથી કહ્યું:—

" મહાનુભાવો ! તમારા બધાઓના વિચારો મેં અત્યાર સુધી શ્રવણ કર્યા છે ! અને હું સમજું છું ત્યાં સુધી પોતપોતાના વિચારો પ્રકટ કરવામા કોઇનો પણ ખરાબ અભિપ્રાય નથી. સૌએ લાભનો ઉદ્દેશ રાખીનેજ પોતાના અભિપ્રાયો બતાવ્યા છે હવે હું મારો વિચાર જણાવું છું. જો કે એ વાતનું અત્યારે લાંબુ વિવેચન કરવાનો પ્રસંગ નથીજ કે—આપણા પૂર્વાચાર્યોએ કેવળ શાસનની સેવા માટે માન—અપમાનની દરકાર રાખ્યા સિવાય રાજ—દરબારમાં પગપેસારો કરી કરીને રાજાઓને પ્રતિબોધ કર્યો હતો. એટલુંજ નહિ પરન્તુ તેઓ દ્વારા શાસન હિતનાં મ્હોટાં મ્હોટાં કામો કરાવ્યાં હતા. કોણ નથી જાણતું કે આર્ય મહાગિરિએ સંપ્રતિરાજાને, બપ્પભટ્ટીએ આમરાજાને, સિદ્ધસેન દિવાકરે વિક્રમાદિત્યને અને કલિકાલ સર્વજ્ઞ પ્રભુશ્રી હેમચંદ્રાચાર્યે કુમારપાલ રાજાને—એમ અનેક પૂર્વાચાર્યોએ અનેક રાજાઓને પ્રતિબોધ્યા હતા ? અને તેનાજ પરિણામથી જૈનધર્મની અત્યારે આટલી જાહોજલાલી જોઇ શકીએ છીએ. ભાઇઓ ! જો કે હુ તો તે મહાન્ પ્રતાપી આચાર્યોના જેવી શક્તિ ધરાવતો નથી, હું તો તે પૂજ્ય પુરૂષોના પગની રજ સમાન જ છું; તોપણ તે પૂજ્ય પુરૂષોના પુણ્ય—પ્રતાપથી ' यावद्बुद्धिबलोदयम् ' એ નિયમાનુસાર કંઇપણ શાસનસેવા માટે ઉદ્યમ કરવો, એ મારી ફરજ સમજુ છુ. વળી આપણા તે પૂજ્ય પુરૂષોને તો રાજ્ય દરબારમાં પગપેસારો કરવામાં કેટલીક મુશ્કેલીઓ પણ પડી હતી અને આ તો સરકાર પોતે આપણને આમંત્રણ કરે છે. તો પછી આપણે તેના આમંત્રણને પાછું ઠેલવું, એ મને તો વ્યાજબી જણાતું નથી તમે નથી સમજી શકતા કે, હજારો બલ્કે લાખો મનુષ્યોને ઉપદેશ આપવામાં જે લાભ રહેલો છે, તેના કરતાં કંઈ ગુણો

લાભ એક રાજાને—સમ્રાટ્ને ઉપદેશ આપવામાં રહેલો છે. કારણ કે ગુરૂ કૃપાથી યદિ સમ્રાટ્ના હ્રદયમાં જો એક પણ વાત ઉતરી જાય, તો તેનું અનુકરણ કરવાને હજારો કે લાખો મનુષ્યોને બાધ્ય થવુંજ પડે. વળી આપણે એમ પણ વિચાર કરવાની જરૂર નથી કે—'જેને ગરજ હશે, તે આપણે ત્યાં વસ્તુનો સ્વીકાર કરવાને આવશે.' આવા વિચારો શાસનને માટે લાભદાયક નથી. સંસારમાં પોતાની મેળે ધર્મ કરનારા—સારાં સારાં કામો કરનારા મનુષ્યો બહુ થોડા હોય છે. અત્યારનો ધર્મ પાંગળો છે. લોકોને સમજાવી સમજાવીને—યુક્તિયો ઠસાવી ઠસાવીને જો ધર્મ કરાવવામાં આવે, તોજ મનુષ્યો ધર્મમાં આરૂઢ થાય છે, અને પુણ્ય કાર્યમાં જોડાય છે. એટલા માટે આપણે તો શાસનસેવાનીજ ભાવના રાખવી જોઇએ છે અને શાસનસેવાની લાગણીથી—ભાવનાથી આપણને ગમે ત્યાં જવું પડે, તોપણ આપણે તેમાં સંકોચ રાખવોજ જોઇએ નહિં. પરમાત્મા મહાવીર દેવના અકાટ્ય સિદ્ધાન્તોનો ઘેર ઘેર જઇને પ્રકાશ કરવામાં આવશે, ત્યારેજ આપણે સાચી શાસનસેવા બજાવી શકીશું. 'सवी जीव करूं शासन-रसी' એ ભાવનાનો મૂળ ઉદ્દેશ શો છે ? ગમે તે રીતે પણ મનુષ્યોને ધર્મના—અહિંસા ધર્મના અનુરાગી બનાવવા માટે પ્રયત્ન કરવો. માટે તમે બધા બીજો બધો વિચાર છોડી દઇને અકબરની પાસે જવા માટે મને સમ્મત થાઓ, એજ હું ઇચ્છું છું."

સૂરિજી મહારાજના ગંભીરતાવાળા આ ઉપદેશની દરેક ઉપર વિજળીની માફક અસર થઇ. એક વખત જે લોકો અકબરની પાસે જવામા અલાભ જોતા હતા, તેઓ બધા લાભજ દેખવા લાગ્યા. 'સૂરિજી મહારાજના ઉપદેશથી બાદશાહ માસાહાર છોડી દે, તો કેવું સારૂં !' 'સૂરિજી મહારાજના ઉપદેશથી બાદશાહ પશુવધ બંધ કરે, તો કેટલો બધો લાભ થાય ?' 'સૂરિજી મહારાજના ઉપદેશથી બાદશાહ જૈન થાય, તો કેવી મજાહ ?' એમ અનેક કલ્પના-દેવીના ઘોડાઓ દરેકના હૃદયોમા દોડાદોડ કરવા લાગ્યા. દરેક એકી અવાજે સૂરિજી મહારાજને પ્રસન્નતાથી કહેવા લાગ્યા—

" સાહેબજી ! આપ ખુશીથી પધારો. અમે બધા રાજી છીએ. આપ મહાપ્રતાપી પુરૂષ છો, આપ મહાપુણ્યશાળી છો, આપના તપસ્તેજથી બાદશાહ રાગી થશે, અને અનેક પ્રકારનાં શાસનની ઉન્નતિનાં કાર્યો થશે. આપ પ્રભુ શ્રીહેમચંદ્રાચાર્યના જેવોજ પ્રતાપ પાડી જીવદયાનો વિજય વાવટો આ ભારતભૂમિમાં ફરકાવો, એવી અમે આશા રાખીએ છીએ. અને અમારી તે આશા શાસનદેવો અવશ્ય સફળ કરશે, એમ અમને ચોક્કસ ખાતરી છે, અમારો આત્મદેવ એવીજ સાક્ષી પૂરે છે."

તે પછી સૂરિજી મહારાજને વિહાર કરવાનું નક્કી થતાં હર્ષના આવેશપૂર્વક એકઠા થયેલા સંઘે એકી અવાજે વીર પરમાત્માની અને શ્રીહીરવિજયસૂરિ મહારાજની જય બોલાવી આખો ઉપાશ્રય ગજવી દીધો.

આજે **માગશર** વદિ ૭ નો દિવસ છે. હજારો મનુષ્યોની ભીડ **ગંધાર**ના ઉપાશ્રયમાં થઈ રહી છે. સાધુ–મુનિરાજો કમ્મર બાધવાની તૈયારી કરી રહ્યા છે. આગેવાન શેઠિયાઓ સૂરિજી મહારાજ પાસે બેસી હર્ષ અને શોકની સમકાલીન સ્થિતિમાં સૂરિજી મહારાજના મુખ કમલથી બોધવચનો ગ્રહણ કરી રહ્યા છે. એક તરફ સ્રી વર્ગનું મ્હોટું ટોળું ઉભું છે. તેમાં કેટલીક ગુરૂવિરહથી આંસુ પાડી રહી છે, કેટલીક 'ગુરૂ મહારાજ **અકબર** બાદશાહને બોધ આપવા જાય છે' વિગેરે વાતો કરી રહી છે, કેટલીક 'ગુરૂ મહારાજ એટલે બધે દૂર જાય છે, તો હવે દર્શન ક્યારે થશે ?' એવી ભાવનાંઓ કરી નિસ્તેજ મુખે સ્તબ્ધ થઇ ઉભી રહી છે, જ્યારે કેટલીક ગાવામાં હોશીયાર ગણાતી મહિલાઓ 'ગુરૂવિરહ' ની ગહુંળીઓ ગાઇ રહી છે. મુનિરાજો કમ્મર બાધીને તૈયાર થયા, એટલે સૂરિજી મહારાજે પણ તરપણી અને દંડો હાથમાં લીધો. હજારો સ્રી–પુરૂષો સૂરિજીની મુખમુદ્રાને નિહાળતાંજ રહ્યાં. સૂરિજી આગળ આગળ ચાલવા લાગ્યા. પાછળ પાછળ મુનિરાજોનો સમુદાય પોત પોતાની

સમુદાય અને સૌથી છેલ્લો સ્ત્રી સમુદાય ચાલવા લાગ્યો. ગુરૂથી પડતા આ લાંબા વિરહની વાર્તા જેમ જેમ મનુષ્યોના મગજમાં આવવા લાગી; તેમ તેમ તેઓનાં હૃદયો ભરાઇ આવવા લાગ્યાં અને ગમે તેટલી ધીરતાથી રોકવા છતાં પણ દરેકની આંખોથી આંસુ પડવાજ લાગ્યાં. ગુરૂ તો હજારો મનુષ્યોની આ ઉદાસીનતાને ન દેખતાં માત્ર સમભાવમાં લીન થઇ પરમેષ્ઠીનું ધ્યાન કરતા કરતા, ધીરે ધીરે આગળ વધતાજ રહ્યા. નગરથી બહાર થોડે દૂર આવી સૂરિજીએ તમામ સંઘને વૈરાગ્યમય ઉપદેશ આપ્યો. સૂરિજીએ કહ્યું:—

"ધર્મનો સ્નેહ, એ સંસારમાં અજબ સ્નેહ છે. ગુરૂ અને શિષ્યનો સ્નેહ, એ ધર્મસ્નેહ છે. તમારો અને અમારો સ્નેહ, એ ધર્મસ્નેહ છે અને તેજ ધર્મસ્નેહના લીધે અત્યારે તમારા મુખકમળો કરમાઇ ગયેલાં જોવાય છે; પણ તમે બધા જાણોજ છો કે પરમાત્માએ અમારે માટે એવો માર્ગ બતાવેલો છે કે જે માર્ગમાં ચાલવાથીજ અમે અમારા ચારિત્રની રક્ષા કરી શકીએ છીએ. ચોમાસાના ચાર મહીનાની સ્થિતિમા તમને એટલો બધો સ્નેહ થઇ જાય છે કે મુનિરાજો વિહાર કરે, ત્યારે તમને પાર વિનાનું દુઃખ થાય છે. જો કે આ ધર્મસ્નેહ લાભકર્તા છે, ભવ્યપુરૂષો આ ધર્મસ્નેહથી પોતાનો ઉદ્ધાર કરી શકે છે; પરન્તુ આ સ્નેહ પણ કોઇ વખત બંધનનું કારણ થઇ પડે છે. માટે પરિણામે તો આ સ્નેહથી પણ આપણે બધાઓએ મુક્તજ થવાનું છે. મહાનુભાવો ! મુનિરાજોના ધર્મ પ્રમાણે આ સમય અમારે માટે વિહારનોજ છે તેમાં પણ તમે જાણો છો તેમ, આપણા દેશના સમ્રાટ્ અકબર બાદશાહ તરફથી આવેલા આમંત્રણને માન આપી, મારે તેઓની પાસે જવાને બાધ્ય થવુ પડ્યું છે. જો કે તમે અત્યાર સુધીમા ઘણી ભક્તિ કરી છે, અને તે ભક્તિ મને નિરંતર સ્મરણમા આવ્યા કરશે, પણ હવે હું તમારા બધાઓની–ચતુર્વિધ સંઘની એક સહાયતા માગુ છું. અને તે એ છે કે તમે બધાઓ શાસનદેવને એવી પ્રાર્થના કરશો કે–તેઓ મને વીર પરમાત્માના શાસનની સેવા કરવાનું સામર્થ્ય અર્પણ કરે અને મને

નિર્વિઘ્નપણે ફત્તેપુર-સીકરી પહોંચાડી મારા કાર્યમાં સહાયક થાય. હવે હું તમને બધાઓને એજ કહેવા માગું છું કે-તમે બધાઓ ધર્મધ્યાનમાં ઉદ્યમ રાખજો, કલેશ-કંકાસથી દૂર રહેજો, વિષય-વાસનાથી નિવૃત્ત થજો અને આ મનુષ્યજન્મની સાર્થકતા કરવા માટે દાન, શીલ, તપ અને ભાવરૂપ ધર્મની આરાધના કરવામાં હમેશાં દત્તચિત્ત રહેશો. એજ ॐ શાન્તિઃ ”

બસ, સૂરિજીએ ‘ ॐ શાન્તિઃ ’ ના ઉચ્ચારણ પૂર્વક કોઇની પણ સ્હામે દૃષ્ટિ ન દેતાં આગળ પ્રયાણ કર્યું, શ્રાવક અને શ્રાવિકાઓ પોતપોતાની ભાવનાનુસાર પાછળ પાછળ ચાલ્યાં અને પછી જ્યાં સુધી ગુરૂમહારાજ દેખાતા હતા, ત્યાં સુધી ઉભા રહી ગુરૂ મહારાજ અદૃશ્ય થતાં સૌ કોઇ એક પછી એક ઉદાસીન ચહેરે પાછા વળ્યા.

સૂરિજીએ ગંધારથી નિકળી પહેલું મુકામ **ચાંચોલ**માં કર્યું હતું. તે પછી ત્યાંથી **જંબૂસર** થઇ **કૂઆરણ**ના આરે **મહીનદી** ઉતરી **વટાદરે** આવ્યા. આ ગામમાં સૂરિજીને વંદન કરવા ખંભાતનો સંઘ આવ્યો હતો.

સૂરિજીને આ ગામમાં રાત્રિના સમયે એક અજાયબી ભરેલો બનાવ અનુભવવામા આવ્યો. એવું બન્યું કે-જ્યારે તેઓ રાત્રિના સમયમાં કંઇક નિદ્રા ને કંઇક જાગ્રત-એવી અવસ્થામાં હતા, તે વખતે તેમના જોવામા આવ્યુ કે-એક દિવ્યાકૃતિવાળી સ્રી તેમની આગળ ઉભી છે. તેણીએ હાથમાં કંકુ અને મોતી ગ્રહણ કરેલાં છે. સૂરિજીને તે મોતીથી વધાવીને કહેવા લાગી-“ પૂર્વ દિશામાં રહીને લગભગ આખા ભારતવર્ષ ઉપર રાજ્ય કરી રહેલ બાદશાહ અકબર આપને ઘણોજ ચાહે છે. માટે આપ કોઇપણ જાતની શંકા સિવાય ત્યા પધારો અને વીરશાસનની શોભાને વધારો. આપના પધારવાથી દ્વિતીયાના ચંદ્રની માફક આપની કીર્તિનો વધારો થશે. ”

બસ, આટલા શબ્દો બોલ્યા પછી, તે દિવ્યાકૃતિવાળી સ્રી

અંતર્ધાન થઇ ગઇ. તે વાતની વાતમાં ક્યાં ગઇ, એની સૂરિજીને પણ કંઇ ખબર પડી નહિં. અને તેથી સૂરિજી વિશેષ ખુલાસો કરી શકવાને પણ સમર્થ થઇ શક્યા નહિં. પણ એટલું તો ખરૂં જ કે-ઉપરના શબ્દધ્વનિથી તેમના હૃદયમાં અપૂર્વ ઉત્સાહ પ્રકટ થયો.

સૂરિજીએ ત્યાંથી આગળ વિહાર કર્યો, અને **સોજીતરા, માતર અને બારેજા** વિગેરે થઇ **અમદાવાદ** આવ્યા. અમદાવાદના શ્રાવકોએ મ્હોટા આડંબર સાથે સૂરિજીનો પ્રવેશોત્સવ કર્યો. અહિંનો સૂબો **શિહાબખાન**, જો કે એક વખત સૂરિજીને ઉપદ્રવ કરવાવાળો હતો, અને તેથી અત્યારે સૂરિજીને મળવું, એ એને માટે કઠિનતાવાળુ થઇ પડયું હતું, અર્થાત્ તેનો પગ ભારે થઇ ગયો હતો, તો પણ મનમાં ધૈર્ય ધારણ કરીને તે પોતાના રસાલા સાથે સૂરિજીની સ્હામે ગયો અને સૂરિજીના ચરણકમલમાં મસ્તક ઝુકાવી તેણે સૂરિજીને પ્રણામ કર્યા. સૂરિજીના શહેરમાં આવ્યા પછી એક વખત શિહાબખાને સૂરિજીને પોતાના દરબારમા પધરાવ્યા. અને તેઓની આગળ હીરા, માણેક, મોતી વિગેરે ઝવેરાત અને બીજુ દ્રવ્ય મૂકી તે કહેવા લાગ્યો—

“ મહારાજ ! આ વસ્તુઓ આપ આપની સાથેજ લઇ જાઓ. આ સિવાય હું હાથી, ઘોડા અને પાલખી વિગેરે પણ માર્ગની સગવડતાને માટે આપને આપું છું. તે પણ સ્વીકારી આપ દીલ્હીશ્વરને જઇ મળો. આપની સાથે આ બધી સામગ્રી રહેવાથી આપને માર્ગમા કોઇ પણ જાતની તકલીફ પડશે નહિ રસ્તો ઘણો લાંબો છે. આપની પણ અવસ્થા લગભગ વધારે થયેલી છે. માટે આ બધાં સાધનો આપે સાથે રાખવા જરૂરના છે

“ મહારાજ ! આ સિવાય હું આપની પાસે એક વાતની વારંવાર માફી માગું છું અને તે એજ છે—કે મેં આપના જેવા મહાત્મા પુરૂષને મ્હોટી તકલીફ આપી હતી કે એવો દુષ્ટ મનુષ્ય હું છું, ને આપને પહેલ નમસ્કાર કરીને પવિત્ર ન કર્યો,

અને એકદમ નોકરોના કહેવા ઉપરથી આપના ઉપર મ્હોટો ઉપદ્રવ કર્યો. આપ મારા તે અક્ષમ્ય ગુન્હાઓની માફી આપશો અને આપ મને એવો આર્શીવાદ આપો કે–મારા જેવો દુષ્ટ મનુષ્ય પણ તે મ્હોટા પાપથી બચવા પામે."

સૂરિજીએ આ વખતે પ્રસન્ન વદનથી એજ કહ્યું:—

"ખાન સાહેબ ! અમારો ધર્મ જુદાજ પ્રકારનો છે. અમારે માટે તો પરમાત્મા મહાવીર દેવે એમજ કહ્યું છે કે 'તમને કોઇ ગમે તેવી તકલીફ દે, તો પણ તમે તેના ઉપર સમભાવજ રાખજ્યો' પ્રભુની આ આજ્ઞા અમારે જો કે શિરોવાહ્ય છે, તો પણ એ તો મારે અવશ્ય કહેવું પડશે કે હજુ મારી તેવી અવસ્થા આવી નથી અને જે દિવસે સંપૂર્ણ રીતે તેવી અવસ્થા પ્રાપ્ત થશે, તે દિવસ હું સ્વયં મારા આત્માને ધન્ય માનીશ. તો પણ અત્યારે હું એટલું તો તમને અવશ્ય કહીશ કે, મને તમારા ઉપર લગાર માત્ર પણ દ્વેષ નથી. તમારે તે સંબંધી તમારા અંતઃકરણમાં લગાર માત્ર પણ ગ્લાનિ ન લાવવી. હું માનું છું કે દુનિયામાં મારૂં કોઈ ભલું કે બૂરૂં કરતુંજ નથી. જે કંઇ સારા–ખોટાનો કે સુખ દુઃખનો અનુભવ હું કરૂં છું, તેમાં મારાં પોતાનાંજ કર્મો કારણભૂત છે. તે સિવાય બીજું કોઇ કારણભૂત નથી. સંસારમાં આપણે જેવાં જેવાં કર્મો કરીએ છીએ; તેવાં તેવાં ફળો આપણને મળે છે. માટે તમે લગાર માત્ર પણ તે સંબંધી વિચાર કરશો નહિ."

સૂરિજીએ તે પછી પોતાના આચાર સંબંધી કેટલુંક વિવેચન કર્યું, અને શિહાબખાનને એ વાત દૃઢતાપૂર્વક સમજાવી કે–"અમે કંચન અને કામિનીથી સર્વથા દૂરજ રહીએ છીએ હીરા, મોતી, માણેક આદિ ઝવેરાત અને પૈસો–ટકો એ વસ્તુઓ અમારાથી રાખી શકાયજ નહિં. અમારો તો પગે ચાલીનેજ ગામેગામ વિચરી જન-સમાજને ઉપદેશ આપવાનો ધર્મ છે, માટે આપ જે કંઇ વસ્તુઓ મારી સગવડતાની ખાતર સાથે મોકલવા કે આપવા ચાહો છો, તે

વસ્તુઓ મારા ધર્મના ભૂષણરૂપ નથી. માટે હું મારા ધર્મ પ્રમાણે ગામેગામ વિચરતો વિચરતો **સમ્રાટ્**ની પાસે જેમ બનશે, તેમ જલદી પહોંચીશ. ”

સૂરીશ્વરજીના આ વક્તવ્યે શિહાબખાનના હૃદયમાં સચોટ અસર કરી. જૈનસાધુઓની ત્યાગવૃત્તિ અને અસલ ફકીરી ઉપર તે લટ્ટુ બની ગયો. તેણે ઉપર્યુક્ત તમામ વાત ધ્યાનમાં લઇ બાદશાહ ઉપર એક લાંબો પત્ર લખ્યો. તેમાં તેણે એ પણ જણાવ્યું કે—

“ **શ્રીહીરવિજયસૂરિ** ગંધારથી પગે ચાલીને અહિં પધાર્યા છે. તેઓને આપની આજ્ઞા પ્રમાણે તમામ પ્રકારની સામગ્રી પૂરી પાડી; પરન્તુ પોતાના ધર્મની રક્ષાને માટે તેમણે કંઇપણ વસ્તુનો સ્વીકાર કર્યો નથી સરકાર, હું આપને શું નિવેદન કરૂં ? હીરવિજયસૂરિ એક એવા ફકીર છે કે તેમની જેટલી તારીફ કરવામા આવે, તેટલી થોડીજ છે. તેઓ પૈસાને (દ્રવ્યને) તો અડી પણ શકતા નથી. પગે ચાલે છે. કોઇ પણ વાહનમાં બેસતા નથી. અને સ્ત્રિયોના સંસર્ગથી સર્વથા દૂર રહે છે. વિગેરે એમના એવા કઠિન આચારો છે કે જ્યારે આપને તેઓ મળશે, ત્યારે આપને ખાતરી થશે. ”

અમદાવાદમા થોડાજ દિવસની સ્થિરતા કરી સૂરિજીએ આગળ વિહાર કર્યો. **મૌંદી** અને **કમાલ** નામના જે બે મેવડાઓ અકબર બાદશાહ પાસેથી આમંત્રણ પત્ર લઇને આવ્યા હતા, તેઓ અત્યાર સુધી અમદાવાદમાજ રહ્યા હતા તેઓ પણ સૂરીશ્વરજીની સાથેજ ચાલ્યા. અમદાવાદથી વિહાર કર્યા પછી **ઉસમાનપુર, સોહલા, હાજીપુર, બોરીસાણા, કડી, વીસનગર** અને **મહેસાણા** વિગેરે થઇ સૂરિજી **પાટણ** પધાર્યા અહિં સૂરિજી સાત દિવસ રહ્યા. તે દરમીયાન કેટલીક પ્રતિષ્ઠાઓ પણ કરી. અહિંથી **શ્રીવિમલહર્ષ ઉપાધ્યાયે** પાંત્રીસ સાધુઓ સાથે આગળ વિહાર કર્યો અને તે પછી સૂરિજીએ વિહાર કર્યો. સૂરિજી વડલીને પોતાના

ગુરૂ શ્રીવિજયદાનસૂરિના સ્તૂપની (પાદુકાની) વંદન કરી **સિદ્ધપુર** પધાર્યા. **શ્રીવિજયસેનસૂરિ** અહિંથી પાછા **પાટણ** પધાર્યા; કારણ કે–સંઘની–સાધુઓની સંભાળ રાખવાને તેઓને ગુજરાતમાંજ રહેવાનું નક્કી થયું હતું. સિદ્ધપુરથી **આબૂની** યાત્રા માટે વિહાર કરતાં સૂરિજી **સરોત્તર** (સરોત્રા) થઇ રોહ પધાર્યા હતા. અહિં **સહસા અર્જુન** નામક ભીલોનો ઉપરી રહેતો હતો, તેણે અને તેની આઠ સ્ત્રિયોએ સૂરિજીની સાધુવૃત્તિથી પ્રસન્ન થઇ સૂરિજીનો ઉપદેશ શ્રવણ કર્યો. જેને પરિણામે તેણે કોઇ પણ નિરપરાધી જીવને નહિં હણવાનો નિયમ ગ્રહણ કર્યો હતો. એ પ્રમાણે **સહસા અર્જુનને** પ્રતિબોધી સૂરિજી **આબૂની** યાત્રા માટે **આબૂ** પધાર્યા હતા. **આબૂનાં** મંદિરોની કારિગિરી જોઇ સૂરિજીને ઘણીજ પ્રસન્નતા થઇ. આબૂથી **સિરોહી** પધાર્યા. સિરોહીના રાજા **સુરત્રાણે** (દેવડા સુલતાને) સૂરિજીનો સારો સત્કાર કર્યો, એટલુંજ નહિં પરન્તુ સૂરિજીના ઉપદેશથી તેણે મદિરાપાન, શિકાર, માંસાહાર અને પરસ્ત્રી સેવન–એ ચાર બાબતો નહિં કરવાની પ્રતિજ્ઞા લીધી હતી. તે પછી સૂરિજી ત્યાંથી સાદડી થઇ **રાણકપુરની** યાત્રાએ આવ્યા હતા. અહિંના મંદિરની વિશાળતા, કે જે સૃષ્ટિની સપાટી ઉપર અદ્વિતીયતા ભોગવે છે, તે જોઇ સૂરિજીને ઘણોજ આનંદ થયો. ત્યાંથી પાછા તેઓ **સાદડી** આવ્યા. સૂરિજીની સેવામાં આવવાને વરાડથી નિકળેલ **શ્રીકલ્યાણવિજય** ઉપાધ્યાય પણ સૂરિજીને અહિંજ મળ્યા. અહિંથી તેઓ **આઉઆ** સુધી સૂરિજીની સાથેજ રહ્યા હતા, અને પછી પાછા વળ્યા હતા. **આઉઆના** સ્વામી વણિક ગૃહસ્થ **તાલ્હાએ** સૂરિજીના પધારવાથી ઉત્સવ કર્યો હતો, અને પિરોજિકા નામનું નાણું દરેક માણસમાં વહેંચ્યું હતું. ત્યાંથી સૂરિજી **મેડતે** પધાર્યા હતા. મેડતામાં બે દિવસની સ્થિરતા કરી. અહિંના રાજા **સાદિમસુલતાને** પણ સૂરિજીને સારૂં માન આપ્યું હતું. ભારતવર્ષ ઉપર એક છત્ર સામ્રાજ્ય ભોગવનાર બાદશાહ અકબરે જ્યારે સૂરિજીને બહુમાન પૂર્વક તેડાવ્યા છે, તો પછી તેવી મહત્તા ભોગવનાર સૂરિજીનું

બીજા ન્હાના ન્હાના રાજાઓ બહુ માન કરે, એમાં આપણને કંઇ પણ આશ્ચર્ય પામવા જેવું જણાશે નહિં. બેશક, સૂરિજીના ઉપદેશમાં રહેલી વિદ્યુતશક્તિ, ખરેખર આપણને આશ્ચર્ય પમાડયા વિના રહેતી નથી. સૌથી પહેલાં તો તેઓની ગંભીર અને શાન્ત મુખમુદ્રાજ લોકોને આકર્ષણ કરી લેતી, અને તે પછી શુદ્ધચારિત્રના રંગથી રંગાએલો તેમનો ઉપદેશ એવો થતો કે-ગમે તેવાને પણ તેની અસર થયા વિના રહેતી નહિં.

મેડતેથી સૂરિજી 'ફલોધી પાર્શ્વનાથ'ની યાત્રા માટે **ફલોધી** પણ પધાર્યા હતા અને ત્યાંથી વિહાર કરી **સાંગાનેર** પધાર્યા હતા.

હવે સૂરિજીને અહિંજ મૂકી, આપણે સૂરિજીથી આગળ નિકળેલ **શ્રીવિમલહર્ષ** ઉપાધ્યાય પાસે જઇએ.

શ્રીવિમલહર્ષ ઉપાધ્યાય હમણાજ-સૂરિજી **સાંગાનેર** પધાર્યા ત્યારે-ફતેપુર-સીકરી પહોંચ્યા છે. તેમની સાથે **શ્રીસિંહવિમલ** વિગેરે વિદ્વાન્ મુનિરત્નો પણ છે તેમણે ઉપાશ્રયમા મુકામ કર્યા પછી તુર્તજ **થાનસિંઘ, માનુકલ્યાણ** અને **અમીપાલ** વિગેરે આગેવાન શ્રાવકોને કહ્યુ-**'ચાલો આપણે બાદશાહને મળીએ.'**

ઉપાધ્યાયજીની આ ઉત્સુકતા વાંચનારને લગાર અજુગતી અવશ્ય લાગશે. હજૂ તો ઉપાશ્રયમાં આવીને મુકામ કરતા વાર થઇએ નથી, અને એકદમ અકબર જેવા બાદશાહને મળવા માટે તૈયાર થવું, એ લગાર અસભ્યતાવાળું નહિં, તો અનુચિત જેવું તો અવશ્ય લાગે છે. ઉપાધ્યાયજીના આ વચનના ઉત્તરમાં થાનસિંગ અને માનુકલ્યાણે એજ કહ્યુ-' બાદશાહ વિચિત્ર પ્રકૃતિનો માણસ છે, એકાએક તેની પાસે જઇને ઉભા રહેવું, તે આપણે માટે યોગ્ય નથી, માટે આપ સ્થિરતા કરો અને મોદી અબુલફજલને મળીએ છીએ. તેઓ જે સલાહ આપશે, તે પ્રમાણે આપણે કરીશું."

થાનસિંઘ, માનુકલ્યાણ અને અમીપાલ વિગેરે કેટલાક

આગેવાન શ્રાવકો અબ્બુલફ્જલ પાસે ગયા. અને કહ્યું કે-' શ્રીહીરવિજયસૂરિના કેટલાક શિષ્યો આવી ગયા છે, અને તેઓ બાદશાહને મળવા ચાહે છે.' અબ્બુલફ્જલે બહુ હર્ષપૂર્વક જણાવ્યું કે-' ખુશીથી તેઓને લાવો, આપણે બાદશાહ પાસે લઇ જઇએ.'

આ પ્રસંગે એટલો ખુલાસો કરી દેવો જરૂરનો થઇ પડશે કે-સૂરીશ્વરજીના આવ્યા પહેલાં વિમલહર્ષ ઉપાધ્યાયની ઇચ્છા બાદશાહને બહુ જલદી મળવાની થઇ હતી: તેમાં ખાસ એક કારણ હતું. અને તે એ કે-બાદશાહના સંબંધમાં નાના પ્રકારની વાતો તેઓના સાંભળવામાં આવતી હતી. કોઈ બાદશાહને બિલકુલ અસભ્ય બતાવતા, તો કોઇ ક્રોધી બતાવતા, અને કોઇ પ્રપંચી જણાવતા તો કોઇ ધર્માભિલાષી પણ કહેતા. આથી ઉપાધ્યાયજી વિગેરે આગળ આવેલા સાધુઓએ વિચાર કર્યો કે-' આપણે બાદશાહને પહેલાં મળીએ, અને જોઇએ તો ખરા કે તે કેવી પ્રકૃતિનો માણસ છે ? આપણું અપમાન કરશે, તો તેની કંઇ હરકત નથી, પણ સૂરીશ્વરજી મહારાજનું કંઇ અપમાન થાય, તો તે મહાદુઃખદાયી થઈ પડે. અરે કદાચિત્ એક વખત આપણને કંઇ આફતમાં પણ આવવું પડે, તો પણ ગુરૂભકિત કે શાસનસેવા માટે એવી આફત ઉઠાવવી, એ પણ આપણે માટે તો શ્રેયસ્કરજ છે, પણ એથી સૂરીશ્વરજી મહારાજને તો ચેતી જવાનો પ્રસંગ મળશેજને !' બસ, આજ અભિપ્રાયથી તેઓએ પહેલાં મળવાનું ઉચિત ધાર્યું હતું.

શ્રાવકો બોલાવા આવ્યા. ઉપાધ્યાયજી, સિંહવિમલ પંન્યાસ, ધર્મસીઋષિ અને ગુણસાગરને સાથે લઇ પહેલાં અબ્બુલફ્જલને ત્યાં ગયા. અબ્બુલફ્જલની પાસે જઇને પહેલાં ઉપાધ્યાયજીએ એજ કહ્યું,-' અમે ફકીર છીએ, ભિક્ષાવૃત્તિ કરી નિર્વાહ કરીએ છીએ, એક કોડી પણ પાસે રાખતા નથી. ગામ નથી, ગરાસ નથી, ઘર નથી, ખેતર નથી, પગે ચાલીને પૃથ્વીપર ગ્રામાનુગ્રામ ભ્રમણ કરીએ છીએ. તેમ મંત્ર, જંત્ર અને તંત્રાદિપણ

કરતા નથી, તો પછી બાદશાહે શા કારણથી અમને (અમારા ગુરૂ હીરવિજયસૂરિને) બોલાવ્યા છે?'

ઉપાધ્યાયજીના આ પ્રશ્નનો ખુલાસો અબ્બુલફજલે માત્ર એટલાજ શબ્દોમાં કર્યો કે-'બાદશાહને આપનું બીજુ કંઇજ કામ નથી, માત્ર તેઓ આપની પાસેથી ધર્મ સાંભળવાને ચાહે છે.'

તે પછી અબ્બુલફજલ આ ચારે મહાત્માઓને બાદશાહ પાસે લઇ ગયો અને તેઓનો પરિચય કરાવતાં કહ્યું-'આ મહાત્માઓ તેજ હીરવિજયસૂરિના ચેલાઓ છે કે-જેઓને અહિં પધારવા માટે આપ નામદારે આમંત્રણ મોકલ્યું છે.'

'હા, આ હીરવિજયસૂરિના શિષ્યો છે,' એમ બોલતાંની સાથેજ **બાદશાહ** સિંહાસનથી ઉઠ્યો અને ગલીચાથી બહાર જ્યાં ઉપાધ્યાયજી વિગેરે ઉભા હતા, ત્યાં સ્હામે આવ્યો. તેજ વખતે ઉપાધ્યાયજીએ **ધર્મલાભ** રૂપ આશીર્વાદ આપી સૂરિજી તરફથી પણ ધર્મલાભ જણાવ્યા, બાદશાહે આ વખતે તીવ્રેચ્છાપૂર્વક કહ્યું-'મને તે પરમકૃપાળુ સૂરીશ્વરજીનાં દર્શન ક્યારે થશે?' ઉપાધ્યાયજીએ કહ્યું કે-'હાલ તેઓ **સાંગાનેર** બિરાજે છે. અને હવે જેમ બનશે, તેમ જલદી તેઓ પધારશે.

આ વખતે બાદશાહે પોતાના એક હજુરિયા પાસે આ ચારે મહાત્માઓના નામો, પૂર્વાવસ્થાના નામો, તેમના માતાપિતાના નામો અને ગામોના નામો પણ લખાવી લીધાં. વધુમાં તેણે પરીક્ષા કરવાના કે ગમે તે અભિપ્રાયથી પૂછ્યું કે-'આપ ફકીર શા માટે થયા?' ઉપાધ્યાયજીએ બાદશાહના આ પ્રશ્નના ઉત્તરમાં કહ્યું—

"સંસારમાં સાધારણ દુઃખનાં કારણો ત્રણ છે.-**જન્મ, જરા** અને **મૃત્યુ** આ ત્રણે કારણોથી જ્યાં સુધી છુટા ન થવાય, ત્યાં સુધી પરમસુખ અર્થાત્ પરમ આનંદની પ્રાપ્તિ થતી નથી. આ ત્રણ બાધક કારણોની નિવૃત્તિને માટેજ અમે સાધુ-ફકીર થયા છીએ. [illegible]

આ જીવ વીંટાએલો રહે છે અને તેથી તે પોતાની આત્મિક ઉન્નતિને માટે કરવા લાયક કાર્યો કરી શકતો નથી. માટે તેવાં કારણોથી દૂર રહેવામાંજ સાર છે, એમ સમજીનેજ અમે ગૃહસ્થાવસ્થા છોડેલી છે. કારણ કે આત્મોદ્ધારમાં યદિ કોઇ પણ અસાધારણ કારણ સંસારમાં જણાતું હોય, તો તે ધર્મજ છે. આ ધર્મનો સંગ્રહ સાધુ અવસ્થામા—ફકીરીમાંજ સારી રીતે થઇ શકે છે. વળી આપણા ઉપર મૃત્યુનો ડર પણ એટલો બધો રહેલો છે, કે તે ક્યારે આપણને ઝડપશે, એની લગાર માત્ર પણ ખબર નથી. જ્યારે આવી અવસ્થા છે, તો પછી મહાત્માઓના આ વચનને, કે—

> अनित्यानि शरीराणि विभवो नैव शाश्वतः ।
> नित्यं संनिहितो मृत्युः कर्त्तव्यो धर्मसंग्रहः ॥ १ ॥

સ્મરણમાં રાખીને શા માટે ધર્મનો સંચય કરવામા તત્પર ન રહેવું જોઇએ.

"રાજન્! આપના પ્રશ્નનો ઉત્તર આટલાજ શબ્દોમાં આવી જાય છે. આથી પણ જો ટૂંકાણમાં કહું તો તે એટલુંજ છે કે—ગૃહસ્થાવસ્થામા રહીને મનુષ્યો જોઇએ તેવી રીતે ધર્મસાધન કરી શકતા નથી, અને ધર્મસાધન કરવું એ બહુ જરૂરનું છે, બસ, એટલાજ માટે અમે સાધુ—ફકીર થયા છીએ."

ઉપાધ્યાયજીના આ ખુલાસાથી બાદશાહને ઘણી પ્રસન્નતા થઈ. તેઓની નિડરતા અને અસ્ખલિત વચનધારા જોઈ બાદશાહને એમ થઈ આવ્યું કે—જેના શિષ્યો આવા ત્યાગી, વિદ્વાન્ અને હોશીયાર છે, તે ગુરૂ તો ન માલૂમ કેવાએ હશે? છેવટે બાદશાહે પોતાનો હર્ષ શબ્દોદ્વારા પણ જાહેર કર્યો, અને તે પછી ઉપાધ્યાયજી વિગેરે પાછા ઉપાશ્રયે આવ્યા.

બાદશાહની સાથેની આ પ્રાથમિક મુલાકાતથી ઉપાધ્યાયજી અને બીજા મુનિયોને ખાતરી થઈ કે—' બાદશાહના સંબંધમા જે

કંઈ કિંવદન્તિઓ સંભળાતી હતી, તેમાંનું કંઈ છેજ નહિં. બાદશાહ વિનયી, વિવેકી અને સભ્ય છે, તે વિદ્વાનોની ખરેખર કદર કરે છે અને ધર્મની પણ જિજ્ઞાસા સારી ધરાવે છે.'

પ્રિયપાઠક, આપણને ખબરજ છે કે **શ્રીહીરવિજયસૂરિ** **સાંગાનેર** સુધી પધારેલા છે. હવે બાદશાહની સાથે ઉપાધ્યાયજીની મુલાકાત થયા પછી ફતેપુરશીકરીના ઘણા શ્રાવકો **સાંગાનેર** સુધી સૂરિજીની સ્હામે ગયા. તેમણે ઉપાધ્યાયજી અને બાદશાહ સંબંધી બધી હકીકત જણાવી, તેમ બાદશાહ આપના દર્શન કરવાની તીવ્ર ઇચ્છા ધરાવે છે, તે પણ જણાવ્યું. સૂરિજીને આ બધી હકીકતથી બહુ આનંદ થયો. તેમના હૃદયના કોઈ ખૂણા ખચકામા બાદશાહની પ્રકૃતિ સંબંધી લગાર પણ શંકા રહેલી હશે, તે પણ દૂર થઈ અને હવે તો તેઓશ્રીના હૃદયમા પણ એકાન્ત એજ ભાવનાએ સ્થાન લીધું કે–'ક્યારે બાદશાહને મળું અને ધર્મોપદેશ સંભળાવું.' અસ્તુ,

સાંગાનેરથી વિહાર કરી **નવલીગ્રામ**, **ચાટસૂ**, **હિંડવણી**, **સિકંદરપુર** અને **બયાના** વિગેરે થઈ સૂરિજી **અભિરામાબાદ**[૨] પધાર્યો. અહિના સંઘમા કંઈક કલેશ હતો, તે પણ સૂરિજીના ઉપ-

દેશથી દૂર થયો. ઉપાધ્યાયજી પણ ફતેપુર-સીકરીથી સૂરિજીની સ્હામે અહિં આવ્યા.

આથી માલૂમ પડે છે કે-વિમલહર્ષ ઉપાધ્યાય ફતેપુર-સીકરીથી સૂરિજીની સ્હામે અહિં આવ્યા હતા. અને અહિં આવીને તેમણે એ જણાવ્યું હતું કે-' બાદશાહ આપના સમાગમને ચાહે છે ' એ વાત આગળના શ્લોકથી પ્રતીત થાય છે —

मघो पिकीकान्त इवैष युष्मत्समागमं काङ्क्षति भूमिकान्त ।
तद्वाचकेनेत्युदितो यतीन्द्रः फतेपुरोपान्तमुवं बभाज ॥ ४५ ॥

આ શ્લોક ઉપરથી એમ પણ જણાય છે કે-જ્યાં વિમલહર્ષ ઉપાધ્યાયે ઉપર્યુક્ત હકીકત જણાવી, એ સ્થાન ફતેપુરથી થોડે દૂર હોવું જોઇએ.

ઋષભદાસ કવિ ' હીરવિજયસૂરિ રાસ ' માં લખે છે—

" ચાલ્યા તહાં અભિરામાબાદ ગુરૂ આવતા ગયો વિષવાદ
ફતેપુર ભણી આઇ જસિય અનેક પંડિત પૂઠિ તસ્યઇ " ૫
(પૃ ૧૦૮)

આ ઉપરથી પણ એમ જણાય છે કે-**અભિરામાબાદ**, એ સૂરિજીનું છેલ્લું મુકામ હતું અહિંથી રવાના થઇને સૂરિજી ફતેપુર પધાર્યા હતા

આ સિવાય એક પ્રબળ પ્રમાણ બીજું પણ મળે છે. '**જગદ્ગુરૂ કાવ્ય**' માં કહ્યું છે—

आयाता इह नाथहीरविजयाचार्याः सुशिष्यान्विता-
इत्थं स्थानकसिंहनाथिकमसौ श्रुत्वा नृपोऽकब्बरः ।
स्वं सैन्यं सकलं फतेपुरपुराद्भूपालकान्तरा-
यातानामभिसंमुखं यतिपतीनां प्राहिणोत् हर्षितमुक् ॥१६३॥

હવે ફતેપુર-સીકરી માત્ર છ ગાઉજ રહ્યું છે. અને તેથી સૂરિજી અભિરામાબાદ પધાર્યા છે. એવા સમાચાર ફતેપુર સીકરીમાં બહુજ જલદી ફેલાઇ ગયા. લોકોની આવ જા શરૂ થઈ ગઈ અને બીજી તરફ સૂરિજીના સામૈયા માટે. થાનસિંઘ, માનુકલ્યાણ અને અમીપાલ વિગેરે આગેવાન ગૃહસ્થોએ બાદશાહને મળી બાદશાહી વાજાં અને હાથી, ઘોડા વિગેરે જે જે વસ્તુઓની અપેક્ષા હતી, તે તે વસ્તુઓનો પણ બંદોબસ્ત કરી લીધો.

આજે જયેષ્ઠ વદિ ૧૨ (વિ. સં. ૧૬૩૯) નો દિવસ છે. પ્રાતઃકાલથી આખા શહેરમાં કંઇક નવીનતાના ચિહ્નો દેખાવા લાગ્યાં છે. કેટલાકો પોતાનાં બાળબચ્ચાંઓને ઉત્તમોત્તમ આભૂષણો અને વસ્ત્રો પહેરાવવા લાગી પડ્યા છે, કેટલાકો પોતપોતાના હાથિયો અને ઘોડાઓ વિગેરેને શણગારી રહ્યા છે કેટલાકો રથોની તૈયારીઓ કરી રહ્યા છે, જ્યારે કેટલાકો તો દિન ઉગ્યા પહેલા [illegible] સૂરિજીની સામે જવાને વ્હેલા વ્હેલા ઉઠીને, બને તેટલી [illegible] વિદાય થઇ ગયેલા છે. એ પ્રમાણે લગભગ નવ વાગતા વાગતાં શહેર બહાર હાથિયો, ઘોડા, ઊંટ, રથ, અને [illegible] નિશાન નેજા ખાસ બાદશાહ તરફથી મળેલા રાજકીય વાજિંત્રોની તૈયારી પૂર્વક હજારો મનુષ્યો સૂરીશ્વરજીની પ્રતીક્ષા કરીને ઉભા રહેલા છે. થોડી વાર થતાંજ સંઘયાણ ધ સાધુઓનું ટોળું લોકોની દૃષ્ટિએ પડ્યું. લોકો હર્ષમાં ને હર્ષમાં સૂરિજીની સામે નાચવા લાગ્યા [illegible] સૂરિજીની સાથે વિમલહર્ષ ઉપાધ્યાય, શાન્તિચંદ્ર [illegible] પંડિત સિંહવિમલ ગણિ, પં. [illegible] સોમવિજય, પં. સહજસાગર ગણિ, પં. કનકવિજય, પં. [illegible] ગુણવિજય, પં. ગુણસાગર, પં. રત્નચંદ્ર ઋષિ [illegible] પં. [illegible] પં. માનસાગર, પં. રત્નકુશલ પં. [illegible] ઋષિ જગમાલ, પં. [illegible] પં. હંસવિજય. પં. [illegible] પં. [illegible]


વૈયાકરણ હતા, તો કોઇ નૈયાયિક હતા; કોઇ વાદી હતા, તો કોઇ વ્યાખ્યાની હતા; કોઇ અધ્યાત્મી હતા, તો કોઇ શતાવધાની હતા; અને કોઇ કવિ હતા, તો કોઇ ધ્યાની પણ હતા. એમ જુદા જુદા વિષયોમાં અસાધારણ વિદ્વત્તા ધરાવનારા હતા સૂરિજી શહેરના દરવાજાની પાસે આવ્યા, એટલે તમામ સંઘે વિધિપૂર્વક વંદન કર્યું. કુમારિકાઓએ સોના ચાંદીનાં ફૂલોથી સૂરિજીને વધાવ્યા. જ્યારે કેટલીક સૌભાગ્યવતિયોએ મોતીના સાથીયાવડે ગહુંળીયો પણ કરી. એમ શુભશકુનો પૂર્વક સૂરિજી ફતેપુર–સીકરીના એક પરામાં થઇને શહેરમાં પ્રવેશ કરવા લાગ્યા. તેટલામાં તે પરામાં રહેતો એક સામન્ત, કે જેનું નામ [1]'**જગન્મલ્લ કચ્છવાહ**' હતું, તે આવીને સૂરિજીના પગમાં પડ્યો અને હર્ષના આવેશમાં આવીને પોતાના મહેલને સૂરિજીનાં પગલાંથી પવિત્ર કરવાની ભાવનાથી તે પોતાના મહેલમાં લઇ ગયો; એટલુંજ નહિ પરન્તુ તેણે પોતાના મહેલના એક સ્વતંત્ર કમરામાં આખો દિવસ અને રાત રાખ્યા, અને તેઓશ્રીના મુખથી ઘણોજ ઉપદેશ શ્રવણ કર્યો.

સૂરિજીએ પોતાના વિહારની જે સીમા બાંધી હતી, તે સીમાનો અંત અહિં પૂરો થાય છે. સૂરિજી ગંધારથી વિહાર કરીને જે રસ્તે થઇને ફતેપુર–સીકરી પધાર્યા, તે રસ્તાનો નિર્ણય હીરવિજયસૂરિરાસ, હીરસૌભાગ્ય કાવ્ય, વિજયપ્રશસ્તિ, અને લાભોદય રાસ ઉપરથી કરવામાં આવ્યો છે. અને તે ઉપરથીજ ટ્રિગ્નોમેટ્રિકલ સર્વેના નકશાઓ સાથે મેળવીને સૂરિજીના વિહારનો નકશો તૈયાર કરાવવામાં આવ્યો છે, કે જે આ સાથે જોડવામાં આવ્યો છે.

---

૧ આ **જગન્મલ્લ કચ્છવાહ** તેજ છે કે, જે જયપુરના રાજા **બિહારીમલ્લ**નો ન્હાનો ભાઇ થતો હતો આના સંબંધમાં વિશેષ માહિતી મેળવવા ઇચ્છનારે '**આઇન–ઇ–અકબરી**' નો પહેલો ભાગ, **બ્લૉકમેન**ના અંગરેજી અનુવાદના ૪૩૬ મા પેજમાં જોવું.

પ્રકરણ પાંચમું.



પ્રતિબોધ.





આજે જ્યેષ્ઠ વદિ ૧૩ નો દિવસ છે. પ્રાતઃકાલ થતાંજ થાનસિંઘ વિગેરે આગેવાન ગૃહસ્થો સૂરિજીની પાસે આવી પહોંચ્યા. સૂરિજીના હૃદયમાં સ્વાભાવિક આનંદનો સંચાર થઇ રહ્યો છે. સૂરિજી, જે કાર્યને માટે મ્હોટાં કષ્ટો ઉઠાવીને સેંકડો ગાઉની મુસાફરી કરી અહિં પધાર્યા છે, તે કાર્યનું મંગલાચરણ આજેજ કરવાનું સૂરિજીએ અંતઃકરણમાં ધાર્યું છે. અને તેટલાજ માટે. કોઇ પણ શુભકાર્યનો પ્રારંભ કરવા પહેલાં મંગલ નિમિત્તે-તે કાર્ય નિર્વિઘ્નપણે પૂરૂં પડે, તેને માટે પ્રત્યાખ્યાન (સંકલ્પ) પણ સૂરિજીએ આંબિલ[1]નુંજ કર્યું છે. એટલુંજ નહિં, પરન્તુ સૂરિજીની ઇચ્છા પણ પ્રાતઃકાલથી એવીજ થઇ કે-ઉપાશ્રયે પણ કાર્યની શરૂઆત કર્યા પછીજ જવું.

સૂરિજીને અહિં કયું મહત્ત્વનું કાર્ય કરવાનુ છે, એ પાઠકથી અજાણ્યું નથી. ' અકબર બાદશાહને પ્રતિબોધ કરવો. ' એજ સૂરિજીનું સાધ્યબિંદુ છે. પ્રાતઃકાલમાજ સૂરિજીએ એવી વ્યવસ્થા કરી દીધી કે-જે સાધુઓને-વિદ્વાન્ સાધુઓને-પોતાની સાથે રાજ-સભામા લઈ જવાના હતા. તેઓને પોતાની પાસે રાખ્યા, અને બીજાઓને ઉપાશ્રયે મોકલી દીધા.

સૌથી પહેલાં અબ્બુલફજલના મકાને આવવા માટે સૂરિજી જગન્મલ્લકચ્છવાહને ત્યાંથી રવાના થયા અને જ્યારે સિંહદ્વાર નામને મુખ્ય દરવાજો, કે જે બ્રહ્મપ્રદેશમાં હતો, ત્યાં આવ્યા, એટલે થાનસિંઘ વિગેરે શ્રાવકોએ આગળ જઈને અબ્બુલફજલને એ વાતની સૂચના આપી કે સૂરિજી ' સિંહદ્વારે ' પધાર્યા છે. એટલુંજ નહિં, પરન્તુ સાથે સાથે એ પણ જણાવ્યું કે–' સૂરિજી હમણાંજ બાદશાહને મળવાને ચાહે છે.'

અબ્બુલફજલ કંઈ પણ 'હા''ના' કાની કર્યા સિવાય બાદશાહ પાસે ગયો અને જણાવ્યું કે–' હીરવિજયસૂરિજી સિંહદ્વાર સુધી પધાર્યા છે. હવે આપની આજ્ઞા હોય, તો હું તેઓને આપની પાસે લાવું, કારણ કે તેઓ હમણાંજ આપના સમાગમને ચાહે છે.'

પ્રત્યુત્તરમાં બાદશાહે જણાવ્યું–" જેઓની હું ઘણીજ ચાહના કરતો હતો; તેઓના પધાર્યાના સમાચારથી મને ઘણોજ હર્ષ થાય છે, પરન્તુ દિલગીર છું કે–હાલ હું કંઈક કાર્યમાં વ્યગ્ર મનવાળો હોઈ મહેલમાં જાઉં છું. માટે ત્યાંથી આવું, ત્યારે તમે સૂરિજીને લઈને આવજો. ત્યાં સુધી તમે સૂરિજીના ચરણકમળથી તમારા સ્થાનને પવિત્ર કરો."

બાદશાહનો આ જવાબ કોઈ પણ સહૃદયને ખૂંચ્યા વિના નહિ રહે. કારણ કે, જેઓને સેંકડો કોશોની મુસાફરી કરાવી પોતાની પાસે બોલાવ્યા છે, અને જેઓને મળવા માટે મેઘની માફક પ્રતીક્ષા કરી રહ્યો હતો, તેઓનાજ આવવા પછી–આવવા પછીજ નહિં, પરંતુ સમાગમને માટે પૂછાવવા છતા ' અત્યારે હું કાર્યમાં વ્યગ્ર છું ' ' થોડી વાર પછી મળીશ ' આવો ઉત્તર બાદશાહના કયા દુર્ગુણના પરિણામે નિકળ્યો હશે, એ શોધી કાઢવું, અસંભવ નહિં, તો કઠિનતાવાળું અવશ્ય છે.

શ્રીહીરસૌભાગ્યકાવ્યના કર્ત્તા, ૧૩ મા સર્ગના ૧૨૫ મા શ્લો-

કેની ટીકામાં આને માટે કહે છે કે–‘ एतत्कथनं त्वमतिवृद्धत्वेन अज्ञाततत्त्वभावेन म्लेच्छत्वेन वा । यद्यास्तिकः स्यात्तदा तु सर्वमपि त्यक्त्वा वन्दत एव ’ । પણ અમને તો આપણે ત્રીજા પ્રકરણમાં જોઈ ગયા છીએ તેજ–તેના દારૂના વ્યસનનુંજ આ પરિણામ લાગે છે. કેમકે, આ વ્યસનના લીધે તેનાથી ઘણી વખત નહિ ઇચ્છવા યોગ્ય અવિવેક થઈ જતો. જ્યારે તેને દારૂ પીવાનું મન થઈ આવતું, ત્યારે તે ગમે તેવા કામોને પડતા મૂકીને, અરે, ગમે તેવા માણસને મળવા બોલાવ્યો હોય, તો પણ તેને નહિં મળતા, તે દારૂ પીવાની ઇચ્છાને પૂર્ણ કરતો

શું એ બનવા જોગ નથી કે–પોતાની આ કુટેવને પરિણામે જ તેણે ઉપર પ્રમાણેનો ઉત્તર આપ્યો હોય ? અસ્તુ. ગમે તે હો, પણ ખરી રીતે તો સૂરિજીની બાદશાહને મળવાની ઇચ્છા થઈ. તેના કરતાં હજાર ગુણી ઇચ્છા બાદશાહને તત્કાલ થવી જોઈતી ’ની અસ્તુ

હવે, ‘ જે થાય છે તે સારાને માટે ’ એ એક સામાન્ય નિયમ પ્રમાણે, બીજી રીતે વિચાર કરીએ તો–એ રાત્રે બાદશાહને નહિ મળવાથી થયો તો ફાયદો જ. કારણ કે બાદશાહને મળવા પહેલાં સૂરિજીને, બાદશાહના સર્વજ્ઞ તરીકે જાણતા વિદ્વાન્ શિ. અબુલફજલની સાથે લાંબો વખત વાતચીત કરવાનો [illegible] મળી આવ્યો. અને તેથી બાદશાહને મળતાં પહેલાં [illegible] માનીતા એકાદ પુરુષના અંતઃકરણમાં સૂરિજીની વિદ્વત્તા અને પવિત્રતાના સંબંધમાં જે છાપ બેસાડવાની જરૂર હતી, તે પણ પૂર્ણ થઈ, એટલે કે–બાદશાહને [illegible] સમયમાં સૂરિજી શીઘ્ર અબુલફજલને ત્યાં [illegible], અને [illegible] વખત સુધી અબુલફજલની સાથે પ્રસંગ [illegible] થઈ

"The weary traveller was made over to the care of Abul Fazl until the sovereign found leisure to converse with him."

[Akbar–p. 167]

અબ્બુલફ્જલની સાથેની આ પ્રાથમિક મુલાકાત અને પ્રાથમિક ધર્મચર્ચામાં અબ્બુલફ્જલે **કુરાનેશરીફ**ની કેટલીક આજ્ઞાઓનું પ્રતિપાદન કર્યું હતું, જ્યારે હીરવિજયસૂરિએ તેજ વાતને યુક્તિપૂર્વક સમજાવી, ઈશ્વરનું વાસ્તવિક સ્વરૂપ કેવું છે ? સુખ-દુઃખને આપનાર ઈશ્વર નહિ, પરન્તુ આપણાં કર્મોજ છે, એ, અને તેની સાથે દયાધર્મનું પણ પ્રતિપાદન કર્યું હતું. શેખ અબ્બુલફ્જલને સૂરિજીની આ વિદ્વત્તાભરી વાણી અને યુક્તિયોથી બહુજ આનંદ થયો હતો.

અબ્બુલફ્જલને ત્યાં ધર્મચર્ચા કરતાં જ લગભગ મધ્યાહ્નકાળ થઈ ગયો. આપણે જાણી ગયા છીએ કે–આજે સૂરિજીએ આંબિલની તપસ્યા કરી હતી. હવે અહિંથી ઉપાશ્રયે જઈ આહાર કરવો, અને પાછા બાદશાહની પાસે જવા માટે અહિં આવવું, એ અશક્ય જેવું થઈ પડયું હતું. કારણ કે તેમ કરવામાં ઘણો વખત વ્યતીત થઈ જાય તેમ હતું; અતએવ સૂરિજીએ ઉપાશ્રયે ન જતાં અબ્બુલફ્જલના મહેલની પાસેજ **કરણરાજ**[1] નામના હિંદુગૃહસ્થના મકાનના એક એકાન્ત સ્થળમાં–ગોચરી વ્હોરી લાવીને–આંબિલ કરી લીધું.

હવે એક તરફ **સૂરિજી** આહાર–પાણી કરીને નિવૃત્ત થયા

---

૧ **કરણરાજ**નું ખાસ નામ **રામદાસ કચ્છવાહ** હતું, અને **રાજા કરણ**, એ એનું બિરૂદ હતું. આ કરણરાજ ૫૦૦ સેનાનો અધિપતિ હતો આને માટે વિશેષ હકીકત મેળવવા ઇચ્છનારે, **આઈન–ઇ–અકબરી**, ભાગ પહેલો, **બ્લોકમેનકૃત** અંગરેજી અનુવાદના પે. ૪૮૩ મા જોવું.

અને બીજી તરફ બાદશાહ પણ પોતાના કાર્યથી છૂટો થઈને દરબારમાં આવી પહોંચ્યો. તેણે દરબારમાં આવતાંની સાથેજ એક માણસ સાથે સૂરિજીને પધારવા માટે સમાચાર મોકલાવ્યા. સમાચાર મળ્યા કે તુર્ત સૂરિજી, કેટલાક વિદ્વાન્ શિષ્યો, થાનસિંઘ અને માનુકલ્યાણ વિગેરે ગૃહસ્થ શ્રાવકો અને અબ્બુલફજલને પણ સાથે લઇ બાદશાહ પાસે પધાર્યા.

કહેવાય છે કે—આ વખતે સૂરિજીની સાથે સૈદ્ધાન્તિક શિરોમણિ ઉપાધ્યાય **શ્રીવિમલહર્ષગણિ**, શતાવધાની **શ્રીશાંતિચંદ્રગણિ**, પંડિત **સહજસાગરગણિ**, પંડિત **સિંહવિમલગણિ**, (હીરસૌભાગ્યકાવ્યના કર્ત્તાના ગુરૂ), વક્તૃત્વ અને કવિત્વ શકિતમાં સુનિપુણ **પંડિત હેમવિજયગણિ** ('વિજયપ્રશસ્તિ' કાવ્યાદિના કર્ત્તા), વૈયાકરણ[illegible] **પંડિત લાભવિજયગણિ** અને સૂરિજીના પ્રધાન (દીવાન) તરીકે ગણાતા **શ્રીધનવિજયગણિ** વિગેરે ૧૩ સાધુઓ સાથે હતા. નવાઇ જેવો વિષય તો એ છે કે—આજે દિવસ પણ તેર[illegible] અને સાધુઓ પણ તેરજ હતા.

બાદશાહે દૂરથી આ સાધુમંડળને જોયું, અને તેથી તે એકદમ પોતાના સિંહાસનને છોડી, પોતાના ત્રણ પુત્રો—શેખૂજી, પહાડી (મુરાદ) અને દાનિયાલને સાથે લઇ સૂરિજીની સામે આવ્યો અને સારા સત્કારપૂર્વક સૂરિજીને [illegible] આ વખતે એક તરફ બાદશાહ, પોતાના ત્રણ પુત્રો, [illegible] બીરબલ વિગેરે રાજમંડળ સાથે હાથ જોડીને ઉભો છે અને બીજી તરફ, જૈનના [illegible] સૂરિજી, વિદ્વાન્ મુનિમંડળ સાથે [illegible] આ વખતનો દેખાવ [illegible]

સંગમરમરવાળા એક દલાનમાંજ બન્ને મંડળો ઉભાં રહ્યાં. બાદશાહે સૂરિજીને વિનયપૂર્વક કુશલ-મંગલના સમાચાર પૂછ્યા, અને તે પછી ત્યાં ઉભાં ઉભાજ બાદશાહે બહુ નમ્રભાવથી સૂરિજીને કહ્યું:—

" મહારાજ ! આપે મ્હારા જેવા એક મુસલમાનકુલોત્પન્ન તુચ્છ મનુષ્ય ઉપર ઉપકાર કરવાની બુદ્ધિથી જે તકલીફ ઉઠાવી છે, તેને માટે હું ક્ષમા યાચું છું. પણ આપ મને કૃપા કરીને એ ફરમાવશો કે-મારા અમદાવાદના સૂબાએ હાથી, રથ, ઘોડા વિગેરે આપને જોઇતાં સાધનો શું પૂરાં ન પાડયા કે-જેને લીધે આપને પગે ચાલીને અહિં સુધી આવવાની તકલીફ ઉઠાવવી પડી ? "

સૂરિજીએ કહ્યું-" નહિં, રાજન્ ! તમારી આજ્ઞા પ્રમાણે તે મહાનુભાવે તો તમામ પ્રકારની સામગ્રી પૂરી પાડી હતી, પરન્તુ મારા સાધુધર્મના આચારને આધીન થઇ, હું તે વસ્તુઓનો સ્વીકાર કરી શકયો નહિં. બીજી વાત એ છે કે-આપે અમારા અહિં આવવા સંબંધી જે ક્ષમા યાચી, તે આપની સજ્જનતાનેજ જાહેર કરે છે. વસ્તુતઃ અમારા અહિં આવવામાં ક્ષમા યાચવા જેવું કે ઉપકાર માનવા જેવું કંઇજ નથી. કારણ કે-અમારા સાધુજીવનનું મુખ્ય કર્તવ્ય ' ધર્મનો ઉપદેશ આપવો ' એજ છે. હવે ધર્મના ઉપદેશને માટે અમારે ગમે ત્યાં પણ અમારા ધર્મની રક્ષાપૂર્વક જવું પડે, તો તેમાં અમે અમારા કર્ત્તવ્યથી વધારે કંઇજ કરતા નથી. તેમાં પણ આપના જેવા સમ્રાટ્, કે જેઓ લાખો બલકે કરોડો મનુષ્યોના માલિક છે, તેમને ધર્મોપદેશ સંભળાવવા માટે ગમે તેટલી તકલીફો ઉઠાવવી પડે, તોએ શું ? હું તો એમજ સમજું છું કે-લાખો મનુષ્યોને ઉપદેશ આપવામાં જે ફળ સમાએલું છે, તેટલું ફળ, આપના જેવા એક મહાશક્તિશાળી સમ્રાટ્ને આપવામાં સમાએલું છે. માટે આપે તે સંબંધી લગાર પણ વિચાર કરવો જોઇતો નથી. "

સૂરિજીના આ પ્રત્યુત્તરે બાદશાહના અંતઃકરણમાં સૂરિજીની કર્ત્તવ્યનિષ્ઠતા માટે અસાધારણ છાપ પાડી. બાદશાહ ફરીથી આ

સંબંધી કંઇ પણ બોલી શકયો નહિ. પણ તેણે થાનસિંઘને સંબોધીને કહ્યું કે—

"થાનસિંઘ! તારે મને સૂરિજીના આવા કઠિન આચાર સંબંધી વિસ્તારથી વાત તો કરવી હતી જો મને એમજ ખબર હોત, કે સૂરિજીનો આવો કઠિન આચાર છે, તો હું તેઓને આટલી બધી તકલીફ શા માટે આપત ? "

થાનસિંઘ બાદશાહની સામે ટગર ટગર જોઇ રહ્યો. તે બાદશાહને શું ઉત્તર આપવો, એ વિચારમાં જ હતો. એટલામાં બાદશાહ સ્વયં બોલી ઉઠ્યો—

આ પછી બાદશાહે એ પૂછ્યું કે–“ મહારાજ ! આપ મને એ જણાવવા કૃપા કરશો કે–આપના ધર્મમાં મ્હોટાં તીર્થો કયાં કયાં માનવામાં આવે છે. ”

સૂરિજીએ શત્રુંજય, ગિરિનાર, આબૂ, સમ્મેતશિખર અને અષ્ટાપદ–એ વિગેરે કેટલાંક તીર્થોનાં નામો થોડી થોડી માહિતી સાથે કહી બતાવ્યાં.

જો કે, આ પ્રમાણે ઉભાં ઉભાંજ વાત કરવામાં વખત ઘણો લાગી ગયો હતો, તોપણ સૂરિજી સાથેની અત્યાર સુધીની વાતચીત ઉપરથી મળેલા આનંદથી બાદશાહનું મન કોઇ એક સ્થાનમાં નિશ્ચિંતતાથી બેસીને સૂરિજીના મુખકમળથી ધર્મોપદેશ સાંભળવાને લલચાયું હતું. અને તેથીજ તેણે સૂરિજીને પોતાની ચિત્રશાળાના એક મનોહર કમરામાં પધારવા માટે નમ્રભાવે વિનતિ કરી. સૂરિજીએ પણ સમયસૂચકતા વાપરી બાદશાહની વિનતિનો સ્વીકાર કર્યો. પછી બાદશાહ વિગેરે તે ચિત્રશાળા પાસે ગયા.

ચિત્રશાળામાં પ્રવેશ કરવાના દ્વાર પાસે જતાંજ સૂરિજીએ ઘણોજ સુંદર ગલીચો બીછાવેલો જોયો, કે જે ગલીચા ઉપર થઇને અંદર–કમરામાં જવાનું હતું. ગલીચો જોતાંજ સૂરીશ્વરજીની ગતિ કંઇક મંદ થઇ. તેઓ દરવાજા પાસે જઇનેજ એકદમ થોભાયા. બાદશાહ વિચારમાં પડ્યો અને તેને શંકા થઇ કે–‘ શું કારણ હશે કે–સૂરિજી અંદર આવતાં થોભાયા ? ’ બાદશાહે પોતાની આ શંકાને શબ્દોદ્વારા વ્યક્ત કરીએ નહિ, એટલામાં તો સૂરિજીએ સ્વયં કહ્યું–

“ રાજન્ ! આ ગલીચા ઉપર થઇને અમારાથી અંદર આવી શકાય નહિ; કારણ કે ગલીચા ઉપર પગ દઇને ચાલવાનો અમારો અધિકાર નથી. ”

બાદશાહે આશ્ચર્યપૂર્વક પૂછ્યુ–“ મહારાજ ! એમ કેમ ? ગલીચો બિલકુલ સ્વચ્છ છે. કોઇ જીવ-જંતુ એના ઉપર છે નહિ, તો પછી તેના ઉપર ચાલવામાં આપને શી હરકત છે ? ”

સૂરિજીએ ગંભીરતાથી કહ્યું—"રાજન્! જૈનસાધુઓને માટેજ નહિં, પરન્તુ તમામ ધર્મના સાધુઓને માટે એ નિયમ છે કે—'दृष्टिपूतं न्यसेत् पादम्' (મનુસ્મૃતિ, અ-૬, શ્લોક ૪૬) દૃષ્ટિથી પવિત્ર થએલી જમીન ઉપર પગ મૂકવો. અર્થાત્ જ્યાં ચલવું તથા બેસવું હોય, ત્યાં દૃષ્ટિથી જમીનને જોઈ લેવી જોઈએ. આ સ્થાનમાં ગલીચો બિછાવેલો હોવાથી, તેની નીચે શું હશે, એ કંઈ દૃષ્ટિથી જોઈ શકાતું નથી, માટેજ આ ગલીચા ઉપર અમારાથી ચાલી શકાય નહિં."

ઉપલક દૃષ્ટિએ તો સૂરિજીનું આ કથન બાદશાહને કંઈક આશ્ચર્યનું કારણ નિવડ્યું. 'આવા મનોહર સ્વચ્છ ગલીચાની નીચે, ક્યાંથી જીવો આવીને પેસી ગયા હશે?' એમ મનમાં [illegible] બાદશાહે સૂરિજીને અંદર લઈ જવા માટે [illegible] આનો એક છેડો ઉપાડી ગલીચાને [illegible], કે તુરત [illegible] શાહે કીડિયોનો ઢગલો જોયો. [illegible] તો કીડિઓનો ઢગલો. બાદશાહ તો [illegible] પત્યેની શ્રદ્ધામાં કંઈ ગુણો વધારો થયો. [illegible] આનું નામ!' એમ [illegible] લાગણીથી [illegible] પછી બાદશાહે પોતે [illegible] અને ગલીચો ઉઠાવી દીધો. [illegible] પ્રવેશ કર્યો.

મજબૂત બનાવે છે—૧ પાયો, ૨ ભીંતો અને ૩ ધરણ (મોભ). જે મકાનની આ ત્રણ વસ્તુઓ મજબૂત હોય છે, તે મકાનને એકાએક પડવાનો ભય તેના માલિકોને રહેતો નથી. તેવીજ રીતે મનુષ્યજીવનની નિર્ભયતાને માટે મનુષ્ય માત્રે **દેવ**, **ગુરૂ** અને **ધર્મ**ની પરીક્ષા કરીને તેનો સ્વીકાર કરવો જોઇએ. કારણ કે–એ કુદરતનો કાયદો છે કે–મનુષ્ય ગુણીની સેવા કરે, તો ગુણી અને નિર્ગુણીની સેવના કરે, તો નિર્ગુણી બને છે. એને માટે દેવ, ગુરૂ અને ધર્મની પણ પરીક્ષા એવીજ રીતે કરવી જોઇએ.

" વસ્તુતઃ વિચારીએ તો સંસારમાં મત–મતાન્તરોના અથવા દર્શનોના જે ઝઘડા જોવામાં આવે છે, તે ઈશ્વરને લઇને જ છે; અને તે ઈશ્વરને માનવામાં તો જો કે–કોઇની ' હા ' ' ના ' કાની નથી, પરન્તુ નામોમાં ભેદો પડવાથી અને ઈશ્વરના સ્વરૂપને બીજી બીજી રીતે માનવાથી ઝઘડા ઉભા થએલા છે. આ ઈશ્વરનાં અનેક નામો છે દેવ, મહાદેવ, શંકર, શિવ, વિશ્વનાથ, હરિ, બ્રહ્મા, ક્ષીણાષ્ટકર્મા, પરમેષ્ઠી, સ્વયંભૂ, જિન, પારગત, ત્રિકાલવિત્, અધીશ્વર, શંભુ, ભગવાન્, જગત્પ્રભુ, તીર્થંકર, જિનેશ્વર, સ્યાદ્વાદી, અભયદ, સર્વજ્ઞ, સર્વદર્શી, કેવલી, પુરૂષોત્તમ, અશરીરી અને વીતરાગ એ વિગેરે નામો ગુણનિષ્પન્ન છે. અર્થાત્ તે નામોના અર્થમાં કોઇને વિવાદ છેજ નહિં; પરન્તુ નામમાત્રમાંજ ભિન્નતા માનેલી જોવામાં આવે છે. આ દેવ–મહાદેવ–ઈશ્વરનું સ્વરૂપ ટૂંકમાં કહીએ તો, આજ છે કે—

' જેને ક્લેશ ઉત્પન્ન કરનાર **રાગ** નથી, શાન્તિ રૂપી કાષ્ટને બાળવામાં દાવાનળ સમાન **દ્વેષ** નથી, સમ્યગ્જ્ઞાનને નાશ કરવાવાળો અને અશુભવર્તનને વધારનાર **મોહ** નથી, અને ત્રણ લોકમાં જેની **મહિમા** પ્રસરેલી છે, તે **મહાદેવ** કહેવાય છે. વળી જે **સર્વજ્ઞ** છે, શાશ્વત સુખના માલિક છે, અને જેમણે પોતાના સમસ્ત કર્મોનો ક્ષય કરીને મુક્તિ સુખને મેળવેલું છે, તેમ જેમણે 'પરમાત્મપદને

પ્રાપ્ત કર્યું છે, તે મહાદેવ અથવા ઈશ્વર કહેવાય છે. બીજા શબ્દોમાં કહીએ તો-ઈશ્વર જન્મ, જરા અને મરણથી રહિત છે. રૂપ, રસ, ગંધ અને સ્પર્શ પણ તેને નથી, તેમ રોગ, શોક અને ભયથી પણ રહિત હોઇ, તે અનંતસુખનો અનુભવ કરે છે.

'ઈશ્વરના ઉપર્યુક્ત સ્વરૂપ ઉપરથી આપણે સહજ સમજી શકીએ છીએ કે-ઈશ્વરને ફરીથી સંસારમાં જન્મ ધારણ કરવાનું કંઇ પણ કારણ રહેતું નથી. કારણ કે-તેણે સમસ્ત કર્મોનો ક્ષય કરેલો હોય છે. અને એ નિયમ છે કે-' કોઇ પણ આત્મા સમસ્ત કર્મોનો ક્ષય કર્યા સિવાય સંસારથી મુકત થઇ શકે નહિ અને મુકત થયેલો આત્મા પુનઃ સંસારમાં આવી શકે નહિં. ' જૈનધર્મનો આ અટલ સિદ્ધાન્ત છે. ' સંસાર ' શબ્દથી અહિં દેવ, મનુષ્ય, તિર્યંચ અને નરક-એ ચાર ગતિયો સમજવાની છે."

એ પ્રમાણે દેવનું સ્વરૂપ સંક્ષેપમાં બતાવ્યા પછી સૂરિજીએ ગુરૂના ગુણો વર્ણવતાં કહ્યુ—

" જેઓ પાંચ મહાવ્રતો (અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ) નું પાલન કરે છે ભિક્ષા માત્રથી પોતાનો નિર્વાહ કરે છે. જેઓ સમભાવરૂપ સામાયિકમાં હમેશા સ્થિર રહે છે અને જેઓ ધર્મનો ઉપદેશ કરે છે, તેઓ ગુરૂ કહેવાય છે. ગુરૂનાં આ લક્ષણોનો જેટલો વિસ્તૃત અર્થ કરવો હોય, તેટલો થઇ શકે. અર્થાત્ સાધુના સમસ્ત આચાર-વિચારો અને વ્યવહારોનો સમાવેશ ઉપર્યુક્ત પાચ બાબતોમાં થઇ જાય છે. ગુરૂઓમાં સૌથી મોટામાં મોટી બે બાબતો તો હોવીજ જોઇએ-સ્ત્રીના સંસર્ગનો અભાવ અને મૂર્છાનો ત્યાગ. આ બે બાબતો જેનામાં ન હોય, તે ગુરૂ તરીકે માની શકાયજ નહિં. આ બે બાબતોની રક્ષાપૂર્વકજ સાધુઓએ-ગુરૂઓએ પોતાના બધા આચારો પાળવાના છે. વળી ગુરૂ તે છે કે, જે પોતાની જિહ્વાને વશમાં રાખે. અર્થાત્-સારા સારા પદાર્થો-ગરિષ્ઠપદાર્થો વારંવાર વાપરે નહિં. ગમે તેવાં કષ્ટોને પણ સમભાવ

પૂર્વક સહન કરે. બેઠા, ગાડી, ઘોડા, ઊંટ, હાથી અને રથ વિગેરે કોઇ પ્રકારનાં વાહનોમાં બેસે નહિ અને મન, વચન, કાયથી કોઇ પણ જીવને તકલીફ પહોંચે, એવું કામ પણ ન કરે. પાંચે ઇંદ્રિયોના વિષયોને કાબૂમાં રાખવા પ્રયત્ન કરે. માન-અપમાનની દરકાર કરે નહિં. સ્ત્રી, પશુ અને નપુંસકના સહવાસથી દૂર રહે. એકાન્ત સ્થાનમાં સ્ત્રીની સાથે વાત પણ કરે નહિં. તેમ શરીરની શુશ્રૂષા પણ કરે નહિ. હમેશાં યથાશકિત તપસ્યાનો આદર કરે ચાલતાં, બેસતાં, ઉઠતાં, ખાતાં, પીતા-દરેક ક્રિયા કરતાં બરાબર ઉપયોગ રાખે; રાત્રે ભોજન કરે નહિં, અને મંત્ર જંત્ર વિગેરેથી પણ દૂર રહે. વળી અફીણઆદિનું વ્યસન પણ રાખે નહિ. ઇત્યાદિ અનેક આચારો સાધુઓએ-ગુરૂઓએ પાલન કરવાના છે. ટૂંકાણમા કહિએ તો-' गृहस्थानां यद् भूषणं तत् साधूनां दूषणम् ' ગૃહસ્થોને જે ભૂષણ છે, તે સાધુઓને દૂષણરૂપ છે. ”

સૂરિજીએ આ પ્રસંગે એ પણ સ્પષ્ટપણે કહી દીધું કે, 'જો કે, આ પ્રમાણેના ગુરૂના આચારોને અમે સંપૂર્ણ પાળીએ છીએ, એમ હું કહેવા માગતો નથી; પણ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવ પ્રમાણે, યથાશકિત તે આચારોને પાળવા અમે અવશ્ય પ્રયત્ન કરીએ છીએ.'

એ પ્રમાણે ગુરૂનું સ્વરૂપ સમજાવ્યા પછી સૂરિજીએ કહ્યું—

" **ધર્મ**ને માટે તો વિશેષ કહેવા જેવું રહેતું જ નથી. કારણ કે-સંસારમાં અજ્ઞાની મનુષ્યો જે **ધર્મ**નું નામ લઇને કલેશ કરે છે, તે વસ્તુતઃ **ધર્મ** જ નથી. જે ધર્મથી મનુષ્યો મુકિતનું સુખ લેવા ચાહે છે અથવા જેનાથી મુકિતનું સુખ મળે છે, તે ધર્મમાં કલેશ હોઇ શકેજ નહિં. ખરી રીતે ધર્મ તો એનું નામ છે કે-' अन्तःकरणशुद्धित्वं धर्मत्वम् ' જેનાથી અંતઃકરણની શુદ્ધિ થાય-હૃદયની પવિત્રતા થાય, તેનું નામ જ **ધર્મ** છે. પછી અંતઃકરણની શુદ્ધિ-નિર્મળતા ગમે તે કારણોથી થાય. બીજા શબ્દોમાં કહીએ તો ' विषयनिवृत्तित्वं धर्मत्वम् ' વિષયથી નિવૃત્ત થવુ-દૂર થવું, એનું

નામજ ધર્મ છે. હવે એમા વિચાર કરવાની વાત એ છે કે–આ પ્રમાણે ધર્મનું લક્ષણ કરવામાં આવે, તો કોઇને પણ કલેશનું કારણ રહે ખરૂં ? કલેશનું કારણ તો દૂર રહ્યુ, પરન્તુ કોઇને અસ્વીકાર કરવાનો પણ વખત આવે ખરો ? કદાપિ નહિં. ખરો ધર્મ તો દુનિયામા આજ છે, અને આજ ધર્મથી મનુષ્ય ઇચ્છિત સુખોને–યાવત્ મુક્તિ સુખને પણ પ્રાપ્ત કરે છે. ”

સૂરિજીના આ ઉપદેશે બાદશાહના અંતઃકરણમાં સચોટ અસર કરી. બાદશાહે ખુલ્લંખુલ્લાં જણાવ્યું કે–‘ દેવ, ગુરૂ અને ધર્મનું સાચેસાચું સ્વરૂપ સમજવાનો પ્રસંગ મને મળ્યો હોય, તો તે આ પહેલોજ છે. આજ સુધીમાં કોઇએ પણ આવા નિખાલસ હૃદયથી યથાર્થ હકીકત સમજાવી ન્હોતી. જેઓ આવતા, તેઓ પોતાનુંજ ગાતા. પરન્તુ આજે મારાં અહોભાગ્ય છે કે–આપે દેવ, ગુરૂ અને ધર્મનું યથાર્થ સ્વરૂપ સમજાવ્યું. ’

બાદશાહે સૂરિજીની ભૂરિ ભૂરિ પ્રશંસા કરી. બાદશાહના હૃદયમાં સૂરિજીની ઉત્તમ વિદ્વત્તા અને પવિત્ર ચારિત્ર માટે ઉંચો અભિપ્રાય બંધાયો. તેને ચોક્કસ ખાતરી થઇ કે–આ એક અસાધારણ મહાપુરૂષ છે.

તે પછી બાદશાહે સૂરિજીને એક વાત પૂછી. તેણે કહ્યું–‘ મહારાજ ! મને મીન રાશિમાં શનૈશ્ચરની દશા બેઠી છે. લોકો કહે છે કે–દુર્જન અને યમરાજની માફક ખરાબી કરવાવાળી આ દશા છે. મને આનો બહુ ભય છે. માટે આપ કૃપા કરીને એવો કંઇક ઉપાય કરો કે–જેથી તે દશા દૂર થઇ જાય. ’

સૂરિજીએ ચોખ્ખું કહ્યું કે–‘ મારો વિષય ધર્મનો છે. જ્યોતિષનો નથી. અને આ હકીકત જ્યોતિષસંબંધી છે. એટલે હું તે વિષયમાં કંઇ પણ કહેવાને અશક્ત છું. આપ કોઇ જ્યોતિષિને પૂછશો, તો તે કંઇક બતાવી શકશે. ’

સૂરિજીના આ કથનથી બાદશાહની ઇષ્ટસિદ્ધિ ન થઇ. બાદશાહ એમ ચાહતો હતો કે-સૂરિજી મને કંઇ મંત્ર, જંત્ર કે દોરો-ધાગો કરી આપે, કે જેથી તે દશાની મારા ઉપર કંઇ અસર થાય નહિં. પરન્તુ સૂરિજીએ તો એ વિષયજ પોતાનો નથી, એમ જ્યારે જણાવ્યું, ત્યારે બાદશાહને સ્પષ્ટ શબ્દોમાં કહેવુંજ પડયું કે—

" મહારાજ ! મારે જ્યોતિષશાસ્ત્રીનું કંઇ કામ નથી. આપજ મને કંઇ એવો મંત્ર-જંત્ર કરી આપો કે-જેથી મને તે ખરાબ દશા હાનિ કરે નહિં. "

સૂરિજીએ કહ્યું-" રાજન્ ! મંત્રાદિ કરવાનો અમારો આચાર નથી. બેશક, આપ જીવો ઉપર ખૂબ મહેર કરશો, અને જીવોને અભયદાન દેશો, તો આપનું પણ સારૂંજ થશે, કારણ કે ' બીજાનું સારૂં કરવાથીજ આપણું સારૂં થાય છે. ' એ કુદરતનો કાયદો છે. "

સૂરિજીના આ કથનથી બાદશાહને બહુજ આનંદ થયો. કારણ કે-બાદશાહના ઘણું ઘણું કહેવા છતાં પણ સૂરિજી પોતાના આચાર પ્રત્યેની દૃઢતામાં ચલાયમાન ન થયા. બાદશાહે અબ્બુલફજલને પોતાની પાસે બોલાવી સૂરિજીની બહુ તારીફ કરી. આજ વખતે બાદશાહે બીજા પણ કેટલાક પ્રશ્નો-જેવા કે-' સૂરિજીને કેટલા શિષ્યો છે? ' ' સૂરિજીના ગુરૂનું નામ શું છે? ' વિગેરે સાધુઓને પૂછીને તેના ખુલાસા કરી લીધા.

તદનન્તર બાદશાહે પોતાના વડીલ પુત્ર શેખૂજી પાસે પોતાને ત્યાંથી પુસ્તકોનો ભંડાર પોતાની પાસે મંગાવ્યો. શેખૂજીએ પેટી-માંથી તમામ પુસ્તકો કાઢીને ખાનખાના[1] સાથે બાદશાહ પાસે

---

૧ ખાનખાનાનું પૂરૂં નામ હતું-**ખાનખાનાન મીર્જા અબ્દુર રહીમ** તેના પિતાનું નામ બૈરામખાન હતું. જ્યારે તેણે ગુજરાત જીત્યું, ત્યારે તેના ઉપર પ્રસન્ન થઇ બાદશાહે તેને ' ખાનખાના ' ની ઉપાધિ આપી હતી અને પાંચહજાર સેનાનો અધિપતિ બનાવ્યો હતો.

પહોંચતાં કર્યાં. સૂરિજી અને **વિમલહર્ષ** ઉપાધ્યાય વિગેરેને આ પુસ્તકો જોઇ બહુ આનંદ થયો. કહેવાય છે કે–આ ભંડારમાં જૈન ગ્રંથો અને બીજા દર્શનોનાં પણ અતિપ્રાચીન ઘણાં પુસ્તકો હતાં.

સૂરિજીએ પૂછ્યું કે–" આપની પાસે ઉત્તમ પુસ્તકોનો ભંડાર ક્યાંથી ? "

બાદશાહે કહ્યું:–" અમારે ત્યાં **પદ્મસુંદર** નામક એક નાગપુરીય તપાગચ્છના વિદ્વાન્ સાધુ હતા. જ્યોતિષ, વૈદ્યક અને સિદ્ધાન્તમાં પણ સારા નિપુણ હતા. તેમનો સ્વર્ગવાસ થયા પછી તેમનાં આ પુસ્તકો મેં દરબારમાં સાચવી રાખ્યાં છે. હવે આપ મારા ઉપર અનુગ્રહ કરીને આ પુસ્તકોનો સ્વીકાર કરો. "

બાદશાહની આ ઉદારવૃત્તિને માટે સૂરિજીને બહુ આનંદ થયો. પણ, સ્વકીય તરીકે તે પુસ્તકો રાખવામાં, તેના ઉપર મમત્વભાવ થઇ જવાનો સંભવ જોવાથી, સૂરિજીએ તે પુસ્તકો લેવાની ચોખ્ખી નાજ પાડી. અને કહ્યું કે–" અમારાથી જેટલાં ઉઠાવાય, તેટલાંજ પુસ્તકો અમે રાખીએ છીએ. વધારે લઇને અમે શું કરીએ ? બાકી જ્યારે જ્યારે અમને કોઇ કોઇ પુસ્તકોની જરૂર પડે છે, ત્યારે ત્યારે તે પુસ્તકો જ્યાં ત્યાંના ભંડારોમાંથી મળીજ રહે છે; તો પછી આટલી બધી ઉપાધિ અમારે ઉઠાવવાની શી જરૂર ? વળી આટલાં બધાં પુસ્તકો સ્વકીય તરીકે રાખવામાં આવે, તો મારો કે મારા શિષ્યોનો પણ કોઇ વખત મમત્વભાવ થઇ જવાનો સંભવ રહે, માટે એવાં કારણોથી સર્વથા દૂર રહેવું. એજ અમારે માટે તો શ્રેયસ્કર છે. "

પુસ્તકોને માટે મારામારી કરનારા આજકાલના મહાત્માઓએ

આના સંબંધી વિશેષ હકીકત માટે જૂઓ–' આઇન–ઇ–અકબરી, ' પહેલો ભાગ **બ્લૉકમૅન**નો અંગ્રેજી અનુવાદ. પૃ. ૩૩૪. તથા ' **મીરાતે અહમદી** ' નો ગુજરાતી અનુવાદ પૃ. ૧૫૦–૧૫૪.

શ્રીહીરવિજયસૂરિજીના ઉપર્યુક્ત શબ્દો ઉપર ખૂબ ધ્યાન દેવું જોઇએ છે. સમય સમયનું કામ કરે જાય છે. તે જમાનામાં ન્હોતી અત્યારના જેટલી લાયબ્રેરિયો, કે તે વખતે ન્હોતાં અત્યારના જેટલાં વિસ્તૃત સાધનો, છતાં તે વખતના આવા પૂજ્યપુરૂષો સ્વકીય તરીકે પુસ્તકો રાખવામાં મમત્વભાવ થઇ જવાનો કેવો ભય રાખતા હતા, તે હીરવિજયસૂરિજીના ઉપર્યુક્ત શબ્દોથી સ્પષ્ટ થાય છે.

સૂરિજીની આવી નિઃસ્પૃહતા માટે યદ્યપિ બાદશાહને બહુ આનંદ થયો, પરન્તુ તેણે વારંવાર એ પ્રાર્થના કરી કે–' ગમે તે પ્રકારે પણ મારી આ નાનકડી ભેટને તો આપ અવશ્ય સ્વીકારો.'

છેવટે અબ્બુલફજલે પણ સૂરિજીને સમજાવતાં કહ્યું કે–" જો કે, આપને પુસ્તકની દરકાર નથી, પરંતુ પુણ્યનું કાર્ય સમજીને પણ આનો સ્વીકાર કરો. આપ આ પુસ્તકોનો સ્વીકાર કરશો, તો તેથી બાદશાહને બહુ પ્રસન્નતા થશે."

તદનન્તર સૂરિજીએ વિશેષ 'હા' 'ના' કાની કર્યાં સિવાય તે પુસ્તકોનો સ્વીકાર કર્યો. અને કહ્યું કે–"આટલાં બધાં પુસ્તકોને અમે કયાં કયાં ફેરવતા રહીશું ? માટે આ પુસ્તકોનો એક ભંડાર બનાવી દેવામાં આવે તો સારૂં, અને તેમાંથી અમને જ્યારે જોઇશે, ત્યારે વાંચવા માટે મંગાવ્યા કરીશું."

બાદશાહે પણ એ વાતની સમ્મતિ આપી અને દરેકની સમ્મતિપૂર્વક તે પુસ્તકોનો ભંડાર કરવામાં આવ્યો, અને તેની વ્યવસ્થાનું કામ થાનસિંઘને સોંપવામાં આવ્યું. 'વિજયપ્રશસ્તિ કાવ્ય' ના કર્ત્તાના મત પ્રમાણે આ ભંડાર આગરામાં અકબરના નામથીજ ખોલવામાં આવ્યો હતો.

બાદશાહ સાથેની પ્રથમ મુલાકાત આ પ્રમાણે પૂરી થઇ.

સૂરિજી બાદશાહી વાજિંત્રો અને બીજી મ્હોટી ધૂમધામ પૂર્વક ઉપાશ્રયે પધાર્યા. શ્રાવકોમાં આનંદ આનંદ ફેલાઇ ગયો. તેમ થાનસિંઘ વિગેરે કેટલાએક ભાવિક શ્રાવકોએ આ શુભકાર્ય નિમિત્તે ઘણું દાન પણ કર્યું.

થોડા દિવસ ફતેપુર–સીકરીમાં સ્થિરતા કરી, પછી સૂરિજી આગરે પધાર્યા. ફતેપુર અને આગરાને ચોવીસ માઇલનું આંતરૂં છે. સૂરિજીએ ચાતુર્માસ આગરામાંજ વ્યતીત કર્યું. આ દરમીયાનમાં જ્યારે પર્યુષણાપર્વના દિવસો નજીક આવ્યા, ત્યારે આગરાના શ્રાવકોએ વિચાર કર્યો કે–' સૂરિજી અહિં બિરાજે છે. બાદશાહ પણ તેઓને સારૂં માન આપે છે. આવા અવસરમાં જો પર્યુષણાના આઠે દિવસ આખા શહેરમાં જીવહિંસા ન થાય, તો કરોડો જીવોને અભયદાન મળે.' આમ વિચારી સમસ્ત સંઘ તરફથી **અમીપાલદોસી** વિગેરે કેટલાક આગેવાનો બાદશાહ પાસે ગયા. અને બાદશાહની આગળ શ્રીફળ વિગેરે ભેટણું ધરી સૂરિજી તરફથી બાદશાહને ધર્મલાભ જણાવ્યા. સૂરિજીની આશીષ સાંભળી બાદશાહ બહુ ખુશી થયો. અને ઉત્સુકતા પૂર્વક પૂછ્યું–' શું સૂરિજીએ મારા લાયક કંઇ કામ ફરમાવ્યું છે?' અમીપાલદોસીએ કહ્યું–" અમારૂં પર્યુષણાપર્વ નજીક આવે છે. તે પવિત્રપર્વના દિવસોમાં કોઇ પણ માણસ કોઇ પણ જીવની હિંસા ન કરે, એવી ઉદ્‌ઘોષણા આપના તરફથી કરાવવામાં આવશે, તો મને બહુ આનંદ થશે. એમ સૂરિજીએ કહ્યું છે."

બાદશાહે તુર્તજ આઠ દિવસનું ફરમાનપત્ર લખી આપ્યું. અને બાદશાહ તરફથી આગરામાં આઠ દિવસ સુધી કોઇ પણ માણસ કોઇ પણ જીવની હિંસા ન કરે, એવો હુકમ ફેરવવામા આવ્યો. '*હીરસૌભાગ્ય*' અને '*જગદ્‌ગુરૂકાવ્ય*' માં આ પ્રમાણે સં. ૧૬૩૯ ની સાલના પર્યુષણાપર્વના આઠે દિવસોમાં અમારીપડહ વગડાવ્યા સંબંધી કંઇ પણ હકીકત નથી, પરન્તુ '*વિજય*

પ્રશસ્તિ' મહાકાવ્યમાં આ વખતે આઠે દિવસ જીવહિંસા બંધ કરાવ્યાની હકીકત છે, જ્યારે '**હીરવિજય સૂરિરાસ**'માં ઋષભદાસ કવિ પાંચ દિવસ અમારી પળાવ્યાનું લખે છે.

ચાતુર્માસ પૂર્ણ થયે સૂરિજી **સૌરીપુર**ની યાત્રા કરીને પાછા **આગરે** આવ્યા અને કેટલાંક પ્રતિષ્ઠાદિ કાર્યો કરી પુનઃ **ફતેપુર–સીકરી** પધાર્યા. આ વખતે સૂરિજીને બાદશાહની સાથે વધારે વખત સમાગમ કરવાનો પ્રસંગ મળ્યો હતો.

કહેવાની જરૂર છેજ નહિં કે–**અબ્બુલફજલ** એક વિદ્વાન્ પુરુષ હતો. તત્ત્વોની ચર્ચા કરવામાં એને જેટલો આનંદ આવતો, એટલો ભાગ્યેજ બીજા કોઈ વિષયમાં આવતો. ખાવા–પીવાનું અને બીજું બધું કાર્ય મૂકીને પણ ધર્મચર્ચા કરવામાં તે પોતાનો વધુ સમય વ્યતીત કરતો. એટલુંજ નહિં પરન્તુ તે જેની સાથે ધર્મચર્ચા કરતો, તેની સાથે જિજ્ઞાસુ થઇનેજ કરતો. નહિં કે–પોતાનો કક્કો ખરો કરવાને વિતંડા કરતો, અને એટલાજ માટે, તે હીરવિજયસૂરિજીની સાથે વખતો વખત ધર્મચર્ચા કરવાનો પ્રસંગ લેતો હતો. સૂરિજીને પણ તેની સાથે વાતચીત કરવામાં બહુ આનંદ પડતો. કારણ કે–અબ્બુલફજલ જિજ્ઞાસુ હોવા સાથે બુદ્ધિશાલી પણ હતો. તેની બુદ્ધિ મર્મને જલદી પહોંચી જતી. સુતરાં, ગમે તેવી કઠિન વાતને પણ તે બહુ જલદીથી સમજી શકતો હતો. ખરેખર, વિદ્વાન્‌ને વિદ્વાન્‌ની સાથે વાતચીત કરવામાં અપૂર્વ આનંદજ આવે છે.

એક વખત અબ્બુલફજલના મહેલમાં હીરવિજયસૂરિ અને અબ્બુલફજલ જ્ઞાનગોષ્ઠી કરી રહ્યા હતા. તેવામાં અકસ્માત્ ત્યાં બાદશાહ આવી ચઢયો. અબ્બુલફજલે ઉભા થઇ બાદશાહનો સત્કાર કર્યો. બાદશાહને ઉચિતાસને બેસાડવામાં આવ્યો. પછી અબ્બુલફજલે સૂરિજીની વિદ્વત્તા સંબંધી મુક્તકંઠે પ્રશંસા કરી. આ વખતે બાદશાહના અંતઃકરણમાં સ્વાભાવિક રીતે એવો વિચાર સ્ફુરી આવ્યો કે–' સૂરિજીની પ્રસન્નતાની ખાતર તેઓ માગે તે આપવું.'

આ વિચારથી તેણે સૂરિજીને પ્રાર્થના કરી કે–" મહારાજ ! આપ આપના અમૂલ્ય સમયનો ભોગ આપી અમને જે ઉપદેશ આપો છો, એ ઉપકારનો બદલો અમારાથી કદિ પણ વાળી શકાય તેમ નથી. તો પણ, મારા કલ્યાણની ખાતર આપ મારા લાયક કંઇ પણ કામ બતાવશો, તો હું આપનો વધુ ઉપકાર માનીશ. આપની પ્રસન્નતાનું જે કંઇ કામ બતાવશો, તે કરવાને આ સેવક હમેશાંને માટે તૈયાર છે."

અકબર જેવા સમ્રાટ્ની આટલી બધી ભક્તિ અને લાગણી હોવા છતાં, સૂરીશ્વરજીએ પોતાના અંગત–સ્વાર્થનું એક લગાર માત્ર પણ કામ ન બતાવ્યું. આ વખતે સૂરિજી ચાહતે, તો પોતાના ગચ્છને માટે, પોતાના અનુયાયિયોને માટે અથવા પોતાના અંગત સ્વાર્થને માટે ગમે તે કાર્ય કરાવી શકતે, પરંતુ સૂરિજીએ તો તેમાંના એક પણ કાર્યની માગણી ન કરી. તેઓ સૌથી સારામાં સારૂં અને જરૂરનું કાર્ય જીવોને અભયદાન આપવાનુંજ સમજતા હતા. અને તેથીજ તેમણે બાદશાહ પાસે જ્યારે જ્યારે કંઇ કામ કરાવ્યું, ત્યારે ત્યારે જીવોને અભયદાનનુંજ–જીવોને આરામ પહોચાડવાનુંજ કામ કરાવ્યું હતું.

આ વખતે બાદશાહે જ્યારે કંઇ પણ કામ બતાવવાની માગણી કરી, ત્યારે સૂરિજીએ પક્ષિયોને પાંજરાઓમાંથી મુક્ત કરવાનું સૂચવ્યું. બાદશાહે બહુજ પ્રસન્નતા પૂર્વક તેમ કરી દીધું. અર્થાત્ પક્ષિયોને પાંજરાઓમાંથી મુક્ત કર્યાં. એટલુંજ નહિં પરન્તુ, ફતેપુર–સીકરીના સુપ્રસિદ્ધ **ડાબર તળાવને** માટે પણ એવો હુકમ કાઢ્યો કે–' ત્યાંથી કોઇ પણ માણસ માછલા વિગેરે જીવોની હિંસા કરે નહિં.' આ કાર્યનો અમલ તેજ વખતે થવા માટે કેટલાક સિપાઇયોની સાથે **શ્રીધનવિજયજી** પોતે તે તળાવ ઉપર ગયા અને તમામ ભોઇ લોકોને નિષેધ કરી, ત્યાંથી દૂર કર્યા. 'હીરસૌભાગ્યકાવ્ય'ના કર્તાનું કથન છે કે–ડાબર તળાવમાં થતી હિંસા બાદશાહે **શ્રીશાંતિચંદ્રજી**ના ઉપદેશથી બંધ કરી હતી.

આ વખતે શેખ અબ્બુલફજલના મકાનમાં સૂરિજીને અને બાદશાહને ઘણા લાંબા વખત સુધી ધર્મચર્ચા થઇ હતી. એકાન્ત પ્રસંગ હોવાથી જેમ બાદશાહે ખુલ્લા દિલથી વાતચીત કરી હતી, તેમ સૂરિજીએ પણ યથાયોગ્ય શબ્દોમાં બાદશાહને ઉપદેશ આપવામાં કંઈ બાકી રાખી ન્હોતી.

આ વખતની વાતચીતમાં સૂરિજીએ પ્રસંગ જોઇને પર્યુષણાના આઠ દિવસોમાં અકબરના આખા રાજ્યમાં કોઇ પણ માણસ કોઈ પણ જીવની હિંસા ન કરે, એવો હુકમ બહાર પાડવા બાદશાહને સચોટ ઉપદેશ કર્યો હતો. બાદશાહે સૂરિજીના ઉપદેશને માન આપી તત્કાલ સૂરિજીના કહેવા પ્રમાણે પર્યુષણાના આઠ દિવસોજ નહિં, પરન્તુ પોતાના કલ્યાણ માટે તેમાં ચાર દિવસો વિશેષ ઉમેરીને બાર દિવસ (શ્રાવણ વદિ ૧૦ થી ભાદરવા સુદિ ૬ સુધી)નો હુકમ બહાર પાડવાનું કબૂલ કર્યું. અબ્બુલફજલે આ વખતે બાદશાહને નમ્રભાવથી એવી ભલામણ કરી કે–' આ હુકમ આપ ખુદાવિંદ તરફથી એવી રીતે બહાર પાડવો જોઇએ કે–જે પેઢીની પેઢિયો સુધી કાયમ રહે. ' બાદશાહે કહ્યું કે–' તમેજ ફરમાનપત્ર લખો ' અબ્બુલફજલે પોતે ફરમાનપત્ર લખ્યું અને તે પછી તે બાદશાહની સહી સીક્કા સાથે તેના સમસ્ત રાજ્યમાં મોકલવામાં આવ્યું.

આ ફરમાનપત્રમાં સહી સીક્કો થઇ ગયા પછી, તે રાજસભામાં વાંચવામાં આવ્યું હતું. અને તે પછી બાદશાહે પોતાના હાથે થાનસિંઘને અર્પણ કર્યું હતું. થાનસિંઘે તેને બહુમાનપૂર્વક મસ્તક પર ચઢાવ્યું અને બાદશાહને તેણે ફૂલો અને મોતિયોથી વધાવ્યા હતા.

બાદશાહે આપેલા આ ફરમાનથી લોકોમાં અનેક પ્રકારની વાયકાઓ ચાલવા લાગી. કોઇ કહે કે–સૂરિજી કેવા પ્રતાપી કે બાદશાહને આવો રાગી કર્યો. કોઇ કહે કે–સૂરિજીએ બાદશાહને તેની સાત પેઢી આકાશમાં બતાવી. કોઇ કહે કે–સૂરિજીએ બાદ-

શાહને સોનાની ખાણો બતાવી. જ્યારે કોઇ કોઇ એમ પણ કહેવા લાગ્યા કે–સૂરિજીએ એક ફકીરની ટોપીને ઉડાડીને ચમત્કાર બતાવ્યો છે. એમ અનેક પ્રકારની વાર્તાઓ જનતામાં થવા લાગી. આવીજ રીતે પ.છળના કેટલાક જૈન લેખકોએ પણ પરંપરાથી ચાલી આવેલી ઉપર્યુક્ત કિંવદન્તિયોને સાચી માની, હીરવિજયસૂરિ સંબંધી કંઇને કંઇ લખતાં આવી ચમત્કારની કેટલીક બાબતો લખેલી છે. પરન્તુ વસ્તુતઃ ઐતિહાસિક સત્યથી તે વિરૂદ્ધ હકીકતો છે. હીરવિજયસૂરિએ કોઇ દિવસ મંત્ર–જંત્ર કે બીજી કોઇ પણ વિદ્યાદ્વારા બાદશાહને ચમત્કાર બતાવ્યોજ નથી. જ્યારે ને ત્યારે તેમણે ' મંત્ર–તંત્રાદિ કરવાનો અમારો ધર્મ નથી. ' એજ વચન બાદશાહને કહ્યું હતું. તેઓ એક પવિત્રચારિત્રધારી આચાર્ય હતા. તેઓના ચારિત્રનોજ પ્રભાવ એવો હતો કે–જેના લીધે તેઓ ગમે તેવા મનુષ્યના હૃદયમાં સદ્ભાવ ઉત્પન્ન કરાવી શકતા હતા. તેઓના મુખારવિંદ ઉપર એવી તો શાન્તિ વિકસિત રહેતી કે–ગમે તેવો શત્રુ પણ તેમનાં દર્શન કરતાં શાન્ત થઇ જતો. કોણ નથી જાણતું કે–એક મનુષ્યનું પવિત્ર ચારિત્ર જે પ્રભાવ પાડે છે, તે પ્રભાવ સેંકડો ઉપદેશકોનો ઉપદેશ પણ પાડી શકતો નથી. શુદ્ધ આચરણ–પવિત્ર ચારિત્ર વિનાના મનુષ્યના ઉપદેશને લોકો ' પોથીમાંનાં રીંગણાં ' જ કહીને હસી કાઢે છે. સૂરિજીના પવિત્ર ચારિત્રથી ગમે તેવા માણસો પણ ફિદા થઇ જતા. અને એનુંજ એ પરિણામ હતું કે–અકબર બાદશાહ પણ હીરવિજયસૂરિનાં વચનોને બ્રહ્માનાં વચનોની માફક ગ્રહણ કરતો હતો.

આપણે એ વાતને સારી પેઠે જાણીએ છીએ કે–હીરવિજયસૂરિ ત્યાગી અને બિલકુલ નિઃસ્પૃહ પુરૂષ હતા. આવા નિઃસ્પૃહ મહાત્મા પ્રત્યે બાદશાહનો સદ્ભાવ થાય, એમાં કંઇ આશ્ચર્ય પામવા જેવું નથી. કારણ કે–બાદશાહમાં પણ એ મ્હોટો ગુણ હતો, કે–તે નિઃસ્પૃહી, નિર્લોભી અને પોતાનાજ આત્માની બરાબર જગતના તમામ આત્માઓને–તમામ પ્રાણિયોને જોનારા પ્રત્યે ખાસ

કરીને વધારે પ્રેમ ધરાવતો હતો. અને પોતાના આવા ગુણના પ્રતાપે બાદશાહ, હીરવિજયસૂરિના ઉપદેશનું સમ્માન કરે-સૂરિજીના ઉપદેશ પ્રમાણે કામ કરે, એમાં કંઇ આશ્ચર્ય પામવા જેવું નથી. તેમ, અકબર જેવા મુસલમાન સમ્રાટ્‌ને આવો ઉપદેશ-કોઇ પણ જાતની સ્વાર્થવૃત્તિ સિવાય માત્ર જગત્‌નાજ કલ્યાણનાં-બીજા જીવોનાં કલ્યાણનાં કાર્યોનો ઉપદેશ જૈન સાધુ જેવા ત્યાગી-નિઃસ્પૃહી પુરૂષ સિવાય બીજું કોણ આપી શકે તેમ હતું ?

બાદશાહે હીરવિજયસૂરિજીના ઉપદેશથી પર્યુષણાના આઠ દિવસો અને બાકીના ચાર-એમ બાર દિવસ (શ્રાવણ વદિ ૧૦ થી ભાદરવા સુદિ ૬) સુધી પોતાના સમસ્ત રાજ્યમાં કોઇ પણ માણસ કોઈ પણ જીવની હિંસા ન કરે, એવો જે હુકમ બહાર પાડ્યો, તેની છ નકલો કરવામાં આવી હતી. જેમાંની ૧ ગુજરાત અને સૌરાષ્ટ્રમાં, ૨ દિલ્લી-ફતેપુર વિગેરેમાં, ૩ અજમેર, નાગપુર વિગેરેમાં, ૪ માળવા અને દક્ષિણ દેશમાં, ૫ લાહોર-મુલતાનમાં મોકલવામાં આવી અને છઠ્ઠી નકલ ખાસ સૂરિજીને સોંપવામાં આવી હતી.

એ પહેલાંજ કહેવામાં આવ્યું છે કે-અબ્બુલફજલના મકાનમાં જે વખતે સૂરિજી અને બાદશાહને આપસમાં ધર્મચર્ચા થતી હતી, તે વખતે સૂરિજી અને બાદશાહ-બન્નેને ખુલ્લા દિલથી બહુ આનંદપૂર્વક વાર્તાલાપ થયો હતો. સૂરિજીએ આ વખતે બાદશાહને ઉપદેશ આપતાં જણાવ્યું કે-" મનુષ્ય માત્રે સત્યનો સ્વીકાર કરવા તરફ રૂચિ રાખવી જોઇએ. જો કે, અજ્ઞાનાવસ્થામાં મનુષ્યો દુષ્કર્મો કરી નાખે છે, પરન્તુ જ્યારે તેઓને સત્યનું ભાન થાય, ત્યારે તેઓએ તે માર્ગ હાથમાં લેવોજ જોઇએ. પરન્તુ પોતે જે માર્ગ ઉપર ચાલ્યા આવતા હોય, તેજ માર્ગ સારો છે, એમ માની અથવા પોતાના બાપદાદા એ પ્રમાણે કરતા આવ્યા છે, માટે તે નજ છોડવો, એવો દુરાગ્રહ ન રાખવો જોઇએ. "

સૂરિજીના આજ વચનને પુષ્ટ કરનાર એક રમૂજી વાત બાદશાહે ઉપસ્થિત કરી. તેણે કહ્યું-

" મહારાજ ! મારા જેટલા સેવકો છે, તે બધા માંસાહાર કરનારા છે, એટલા માટે તેઓને આપની ફરમાવેલી જીવદયા રૂચતી નથી. તેઓ કહે છે કે–આપણા બાપદાદાઓ જે કામ કરતા આવ્યા હોય, તે કામને છોડવું જોઇએ નહિં. એક વખત બધા ઉમરાવો એકઠા થયા હતા, તે વખત તે ઉમરાવોએ મને કહ્યું–' પિતાનો સાચો બેટો તેજ છે કે–જે પૂર્વથી ચાલતા આવેલા માર્ગને છોડે નહિં.' આ વાત ઉપર તેમણે એક દૃષ્ટાન્ત પણ આપ્યું—

' એક દેશનો બાદશાહ હતો, તેણે પોતાના નગરની પાસેના એક પહાડને એવા ઇરાદાથી નષ્ટ કરી દેવાનો હુકમ કર્યો કે–આ પહાડ હવાને રોકે છે. લોકોએ એક એક મણ દારૂથી સો સો મણના પત્થરો તોડી તોડીને તે પહાડને નષ્ટ કરી દીધો. અને તે જગામાં મેદાન બનાવી દીધું. એક વખત એવો આવ્યો કે–સમુદ્રનું પાણી, કે જે પહાડના કારણથી રોકાઇ રહ્યુ હતું, તે ગર્જના પૂર્વક શહેર તરફ ધસી આવ્યું. બસ, કહેવુંજ શુ હતું ? લોકો તણાવા લાગ્યા. અને થોડીજ વારમા આખુ ગામ સમુદ્રના ઉદરમાં સમાઈ ગયું. કહેવાની મતલબ કે–તે બાદશાહે પ્રાચીનકાલથી સ્થિર રહેલા પહાડને તોડાવી દીધો, તો તેનો દંડ તેને ભોગવવોજ પડયો.'

બાદશાહ કહે છે કે–" મહારાજ ! ઉમરાવોએ મને જ્યારે એવી વાત સંભળાવી, ત્યારે મેં પણ મારી વાતની પુષ્ટિમાં એક દૃષ્ટાન્ત આપ્યું. મેં કહ્યું—

' સાંભળો, એક બાદશાહ હતો, તે આંધળો હતો. તેનો છોકરો થયો, તે પણ આંધળો થયો. અને તેનો (છોકરાનો) છોકરો થયો, તે દેખતો થયો, હવે બતાવો, તમારા ન્યાયથી તે દેખતા છોકરાએ આંધળા થવું જોઇએ કે નહિં ? કારણ કે તેનો બાપ અને તેના બાપનો બાપ આંધળો હતો; તો પછી તેણે આંધળો શા માટે ન થવું ?'

" વળી એક બીજું દૃષ્ટાન્ત–' મારી સાતમી પેઢી ઉપર તૈમૂર બાદશાહ થયો. તે પહેલાં પશુઓને ચારવાનું કામ કરતો હતો. એક વખત એક ફકીર એવી ટહેલ મારતો આવ્યો કે–' મને જે રોટલી આપે, તેને હું દુનિયા આપું.' તૈમૂરે રોટલી આપી, ત્યારે ફકીરે તૈમૂરના માથા ઉપર છત્ર ધારણ કરી કહ્યું–' હું તને બધો મૂલક આપી દઉં છું.'

એક વખત એક દુબળા ઘોડાને એક ચારવાવાળાએ ચાબુક માર્યો. તે વખતે હજારો ચરવાદાર એકઠા થઈ ગયા. અને કંઈક કારણસર જંગલમાં ગયા. આ ચરવાદારોમાં તૈમૂર પણ હતો. આવા સમયમાં તે જંગલમાં થઈને કેટલાક લોકો ઊંટો ઉપર માલ ભરી ભરીને જતા હતા. તેઓને તૈમૂર વિગેરે એકઠા થએલા ચરવાદારોએ નસાડી–ભગાડીને તેઓનો માલ લઈ લીધો. લૂટારા ચરવાદારોને પકડવા માટે મોટું લશ્કર આવ્યું. લશ્કરને પણ હરાવી દીધું. છેવટ-બાદશાહ સ્વયં લડવા માટે આવ્યો. પરન્તુ તેને તો પૂરોજ કરી દીધો અને તેનો બધો મુલક તૈમૂરે લઈ લીધો. એ પ્રમાણે તૈમૂર બાદશાહ થયો.

' હવે કહો, તૈમૂરની પૂર્વાવસ્થાની માફક અમે ગુલામગીરી કરીએ યા બાદશાહી ?' ઉમરાવ, ખાન, વજીર વિગેરે ત્યાં બેઠેલા તમામ માણસોને એજ કહેવું પડયું કે–' પુરાણી રીત હોવા છતાં પણ જો તે રીત અનુચિત હોય, તો તેને છોડી દેવી જોઇએ.'

" મહારાજ, ખરી વાત તો એજ છે કે– જે લોકો માંસાહાર કરે છે, તેઓ માત્ર પોતાની જિહ્વેન્દ્રિયની લાલચથીજ કરે છે; પરન્તુ તે નજીવી લાલચને પૂરી કરવામાં હજારો જીવોનો ઘાણ નિકળી જાય છે, તે તરફ તો કોઈ ધ્યાનજ આપતું નથી."

" ગુરૂજી ! હું બીજાઓની વાત શા માટે કરૂં ? મેં પોતે સંસારમાં એવાં એવાં પાપો કર્યાં છે કે–તેવાં પાપ ભાગ્યેજ દાંસા-

રમા બીજા કોઇ મનુષ્યે કર્યાં હશે. જ્યારે મેં ચિત્તોડગઢ લીધો ત્યારે મારા કરેલાં પાપોનું વર્ણન મારાથી પણ થઈ શકે તેમ નથી. તે વખતે રાણાના હાથી, ઘોડા અને સ્ત્રી–પુરૂષોની તો શી વાત કહું, પણ ચિત્તોડના એક કૂતરાને પણ મેં છોડયું ન્હોતું. ચિત્તોડમાં રહેવા વાળા કોઇ પણ જીવને હું દેખતો, તો તેની કતલજ કરતો. મહારાજ ! આવાં પાપો કરીને તો મેં કેટલાએ ગઢો લીધા. આ સિવાય શિકાર ખેલવામાં પણ મે કંઇ ખામી રાખી નથી. ગુરૂજી ! આપે મેડતાના રસ્તે આવતાં મારા બનાવેલા હજીરા* જોયા હશે, કે જેની સંખ્યા

---

* આ પ્રમાણે હજીરા કરાવ્યાના સબધમા **કવિ ઋષભદાસે શ્રીહીરવિજયસૂરિરાસ**મા **અકબર**ના મુખથી આ પ્રમાણે શબ્દો કઢાવ્યા છે—

" દેખે હજીરે હમારે તુહ્મ એકસો ચઉદ કીએ વે હમ્મ;
અકેકે સિગ પચસે પચ પાતિગ કરતા નહિ ખલખચ " ૭

આ વાતની સત્યતા બદાઉનીના શબ્દોથી પણ સિદ્ધ થાય છે. **બદાઉની** લખે છે—

" His Majesty's extreme devotion induced him every year to go on a pilgrimage to that city, and so he ordered a palace to be built at every stage between Agrah and that place, and a pillar to be erected and a well sunk at every coss "

(Vol II by W H Lowe M. A. p. 176).

અર્થાત્—' દરવર્ષે તે શહેર (અજમેર)ની યાત્રાએ જવા માટે બાદશાહ પોતાની અત્યન્ત ભક્તિને લીધે લલચાતો અને તેથી કરીને તેણે **આગ્રા** અને **અજમેર**ની વચ્ચે સ્થળે સ્થળે એક મહેલ અને દર એક ગાઉએ એક એક સ્થભ (હજીરો) બધાવ્યો હતો તથા એક એક કૂવો ખોદાવ્યો હતો.'

આગ્રા અને **અજમેર**ની મધ્યમા ૨૨૮ માઇલનુ આતરૂ છે, આ હિસાબે પણ ૧૧૪ હજીરા બનાવ્યા સબધી કવિ **ઋષભદાસ**નુ કથન સત્યજ ઠરે છે.

૧૧૪ ની છે. તે દરેક હજીરા ઉપર પાંચસો હરિણનાં સીંગડાં રાખવામાં આવ્યાં છે. વળી મેં છત્રીસ હજાર હરિણનાં ચામડાનું લ્હાણું શેખોનાં કુલ ઘરોમાં કર્યું હતું. જેમાં એક એક ચામડું, બે બે સીંગડાં અને એક એક સોનેયો આપ્યો હતો. આટલાજ ઉપરથી આપને વિદિત થશે કે–મેં કેટલો શિકાર અને તે દ્વારા કેટલા જીવોની હિંસા કરેલી હોવી જોઇએ. મહારાજ ! હું મારા પાપનું શું વર્ણન કરૂં ? હું હમેશાં પાંચસો પાંચસો ચકલાની જીભો ખાતો હતો; પરન્તુ આપનાં દર્શનથી અને આપના પવિત્ર ઉપદેશથી તે પાપ કાર્ય મેં છોડી દીધું છે, વળી આપે મારા ઉપર કૃપા કરીને ઘણોજ સરસ માર્ગ બતાવ્યો છે, તેને માટે હું આપનો વારંવાર ઉપકાર માનું છું. ગુરૂજી ! હું ખુલ્લા દિલથી સ્પષ્ટ કહું છું કે–મેં એક વર્ષમાં છ મહીના માંસ ખાવું છોડી દીધું છે અને જેમ બનશે તેમ, સર્વથા માંસાહારને છોડી દેવાને બનતા પ્રયત્નો કરતો રહીશ. હું સત્ય કહું છું કે–હવે માંસાહાર તરફ મને બહુ અરૂચિ થઇ છે.”

બાદશાહના ઉપર્યુક્ત સંભાષણથી સૂરિજીને પારાવાર આનંદ થયો. અને તેની સરળતા અને સત્યપ્રિયતાને માટે સૂરિજીએ વારંવાર ધન્યવાદ આપ્યો.

ખરેખર, સૂરિજીના ઉપદેશનો બાદશાહ ઉપર કેટલો બધો પ્રભાવ પડેલો હોવો જોઇએ, તે બાદશાહનાં ઉપર્યુક્ત હાર્દિક વચનો ઉપરથી આપણે સહજ સમજી શકીએ તેમ છીએ. બાદશાહને માંસાહાર ઉપરથી અરૂચિ કરાવવામા જો કોઇ પણ ઉપદેશક સિદ્ધહસ્ત નિવડ્યો હોય, તો તે હીરવિજયસૂરિજ છે.

આ પ્રમાણે હીરવિજયસૂરિજીના સમાગમમાં આવ્યા પછીથીજ બાદશાહના આચાર–વિચાર અને વર્તનમાં મોટો ફેરફાર થવા લાગ્યો હતો. ધીરે ધીરે આ પરિવર્તને કયાં સુધી રૂપ પકડયું હતું, તેનો વિશેષ પ્રકાશ આગામી પ્રકરણમાં પાડવાનું મુલતવી

રાખી હાલ તો આપણે અબ્બુલફ્જલના મકાનમાં, બાદશાહ અને સૂરિજીની જ્ઞાનગોષ્ઠીનોજ આસ્વાદ લેવાનું કામ કરીશું.

બાદશાહે પ્રસંગ લાવીને સૂરિજીને કહ્યું–" મહારાજ ! કેટલાક લોકો કહે છે કે–' हस्तिना ताड्यमानोऽपि न गच्छेज्जैनमंदिरम् ' ' હાથી મારી નાખે તો બહેત્તર, પરન્તુ જૈનમંદિરમાં ન જવું, ' એનું કારણ શું છે ? "

બાદશાહની આ વાત ઉપર સૂરિજીએ લગાર હસીને કહ્યું– " રાજન્ ! આનો ઉત્તર હું શું આપું ? આપ વિજ્ઞ છો; અતએવ સ્વયં જાણી શકો તેમ છો, તો પણ હું એટલું તો અવશ્ય કહીશ કે– આ વાકય બોલનારાઓને આપણે પૂછવું જોઈએ કે–' કોઇ પણ વિદ્વાન્ કોઈ પણ પ્રાચીન શ્રુતિ–સ્મૃતિમાંથી આ વાકય કાઢી બતાવે તેમ છે ? ' કદાપિ નહિ. આ વાકય તો કોઇ એવા દ્વેષીલા માણસેજ બનાવેલું હોવું જોઇએ, અને એમ તો અમે જૈનો પણ કહી શકીએ તેમ છીએ કે–' सिंहेनाऽऽताड्यमानोऽपि न गच्छेच्छैवमंदिरम् ' ' સિંહ ચારે તરફથી આતાડના કરતો હોય, તો પણ શૈવમંદિરમાં જવું નહિં. ' પણ આનું પરિણામ શું ? લઠ્ઠાલઠ્ઠી અને કેશાકેશી સિવાય બીજું કંઇજ નહિં. રાજન્ ! ભારતવર્ષની અવનતિનું કોઇ કારણ હોય, તો તે આજ છે. જેમ, હિંદુઓએ જૈનોને નાસ્તિક કહ્યા, તો જૈનોએ હિંદુઓને મિથ્યાદૃષ્ટિ (મિથ્યાત્વી) બતાવ્યા; મુસલમાનોએ હિંદુઓને કાફર કહ્યા, તો હિંદુઓએ મુસલમાનોને મ્લેચ્છ કહ્યા. બસ, એમ એક બીજાને ખોટા–નાસ્તિક ઠરાવવાનોજ દરેક પ્રયત્ન કરે છે, પરન્તુ એવો વિચાર રાખનારા બહુ થોડા મનુષ્યો છે કે–'बालादपि सुभाषितं ग्राह्यम्' ગમે તો એક બાળક પણ કંઇ સારૂં વચન કહે, તો તે ગ્રહણ કરવુ જોઇએ. મનુષ્ય માત્રે ગમે ત્યાંથી પણ સારી વાતનો સ્વીકાર કરવાની બુદ્ધિ રાખવી, અને તેમ કરવામાં આવે, તોજ તે પોતાના જીવનમા સારા સારા ગુણો મેળવી શકે છે. પણ તેમ ન કરતાં જો બધાએ પોત પોતાની અપેક્ષાએ

એક બીજાને નાસ્તિક કે જૂઠા ઠરાવશે, તો પછી દુનિયામાં સાચો કે આસ્તિકજ કોણ રહેશે ? માટે એક બીજાને જૂઠા કે નાસ્તિક ન ઠરાવતાં સત્યવસ્તુનોજ જો પ્રકાશ કરવામાં આવે, તો કેટલો બધો લાભ થઇ શકે ? ખરી રીતે નાસ્તિક તો તેજ છે કે–જે આત્મા, પુણ્ય, પાપ, ઈશ્વર આદિ પદાર્થોને માનતા નથી. જેઓ આ પદાર્થોને માને છે, તેઓ કોઇ કાળે પણ નાસ્તિક કહેવાયજ નહિં. ”

સૂરિજીની આ તટસ્થ વ્યાખ્યા સાંભળીને બાદશાહને ઘણોજ આનંદ થયો. તેના હૃદયમાં ચોક્કસ ખાતરી થઇ–અને તે અબ્બુલ-ફજલને સંબોધીને સ્પષ્ટપણે પ્રકટ પણ કરી કે–“ અત્યાર સુધીમાં હું જેટલા વિદ્વાનોને મળ્યો હતો, તે બધાએ ‘ મારૂં તેજ સાચું ’ એમ કહેવાવાળા મળ્યા હતા. પરન્તુ આ સૂરિજીના કથનમાંથી ચોખ્ખી ધ્વનિ નિકળે છે કે–‘ મારૂં તે સાચું નહિ, પરન્તુ સાચું તે મારૂં,’ એજ સિદ્ધાન્તને તેઓ માને છે. એમના પવિત્ર હૃદયમાં દુરાગ્રહનું નામ નથી. ધન્ય છે આવા મહાત્મા પુરૂષોને ! ! ”

સૂરિજી અને બાદશાહની ઉપર્યુક્ત વાતચીત પ્રસંગે દેવીમિશ્ર[1] નામનો એક બ્રાહ્મણ પંડિત પણ બેઠો હતો. તેને સંબોધીને બાદશાહે પૂછ્યું–“ કેમ પંડિતજી ! હીરવિજયસૂરિજી જે કહે છે, તે ઠીકજ કહે છે કે કંઇ ફેરફાર જેવું છે, કંઇ વિરૂદ્ધતા જેવું હોય, તો જરૂર કહેજો. ”

પંડિતજીએ કહ્યું–“ નહિ મહારાજ ! સૂરિજી જે વચનો કાઢે છે, તે બિલકુલ વેદવાક્યસમાન છે. એમાં લગારે ફેરફાર જેવું નથી.

૧ દેવીમિશ્ર, એ અકબરના દરબારમાં રહેનારો એક વિદ્વાન્ બ્રાહ્મણ હતો. તે મહાભારતાદિના અનુવાદના કાર્યમાં દુભાષિયા તરીકે કામ બજાવતો. બાદશાહની તેના ઉપર સારી મહેરબાની હતી. આના સંબંધમાં વધુ વૃત્તાન્ત મેળવવા હોય, તેણે બદાઉની, ભાગ ૨ જો, ડબલ્યુ. એચ. લો. એમ. એ. ના અંગરેજી અનુવાદના પે. ૨૬૫માં જોવું.

એમના જેવા સ્વચ્છહૃદયી, તટસ્થ અને અપૂર્વ વિદ્વત્તાવાળા મુનિ મેં અત્યારસુધી ક્યાંય પણ જોયા નથી, તેઓ એક જબરદસ્ત પંડિત–યતિ છે, એમાં લગાર પણ શંકા લાવવા જેવું નથી. ”

એક વિદ્વાન બ્રાહ્મણના મુખથી નિકળેલા આ શબ્દો બાદશાહની શ્રદ્ધાને વજ્રલેપ સમાન દૃઢ કરે–મજબૂત કરે, એમાં કંઇ નવાઇ જેવું છે ?

અબ્બુલફ્ઝલના મકાનમાં આ પ્રમાણે વાતચીત થયા પછી બાદશાહ પોતાના મહેલમાં ગયો, જ્યારે સૂરિજી પણ વખત ઘણો થઇ જવાથી ઉપાશ્રયે પધાર્યા.

આ પછી જ્યાં સુધી સૂરિજી ફતેપુર–સીકરીમાં રહ્યા, ત્યાં સુધીમાં અનેક વખત બાદશાહની સાથે તેઓની મુલાકાત અને ધર્મચર્ચા થઇ. વખતો વખતની મુલાકાતમાં સૂરિજીએ જુદા જુદા વિષયો ઉપર વિવેચન કરી બાદશાહને તે તે વિષયો સમજાવવાને બનતો પ્રયત્ન કર્યો હતો, અને તેથી બાદશાહને ચોક્કસ ખાતરી થઇ હતી કે–‘ સૂરિજી એક અસાધારણ વિદ્વાન્ સાધુ છે. એટલુંજ નહિ પરન્તુ, તેઓની વિદ્વત્તા અને પવિત્ર ચારિત્રના લીધે તેમને જૈનોજ માન આપે છે, એમ નહિ, પરન્તુ જગત્ના કોઈ પણ ધર્મવાળાઓ તેઓને માન આપવાને બાધ્ય થાય છે, સુતરાં તેઓ જૈનોના ગુરૂ નહિ, કિન્તુ જગત્ના ગુરૂ છે, એમ કહેવામાં લગારે અત્યુક્તિ નથી, ’ બાદશાહ પોતાની આ આતરિક ભાવનાને દબાવી પણ ન શકયો. તેણે એક વખત અવસર જોઇને સૂરિજીને રાજસભા સમક્ષ ‘ જગદ્ગુરૂ ’ ના બિરૂદથી વિભૂષિત પણ કર્યા. સૂરિજીના આ પદપ્રદાનની ખુશાલીમા પણ બાદશાહે ઘણા પક્ષિયોને બંધનથી મુક્ત કર્યાં. તે સિવાય હરિણ, રોઝ, સસલા અને બીજાં ઘણાં જાનવરોને છોડી મૂકયા.

એક વખત બાદશાહ, અબ્બુલફ્ઝલ અને બીરબલ વિગેરે

રાજ મંડલ સાથે બેઠો હતો, તેવામાં શાંતિચંદ્રજી વિગેરે કેટલાક વિદ્વાન્ મુનિયો સાથે સૂરિજી પણ પધાર્યા. આ વખતે સૂરિજીએ બાદશાહને કેટલોક ઉપદેશ કર્યો. તદનન્તર બાદશાહે પ્રસન્ન થઇ કહ્યું—'મહારાજ! આપને મારા લાયક કંઈ પણ કાર્ય હોય, તે અવશ્ય બતાવો. આપ એમાં લગાર પણ સંકોચ કરશો નહિ. કારણ કે હું આપનોજ છું, અને જ્યારે હુંજ આપનો છું, તો પછી એ સ્પષ્ટ કરવાની જરૂર રહેતી નથી કે આ રાજ્ય–ઋદ્ધિ–સમૃદ્ધિ અને તમામ મંડલ પણ આપનુંજ છે.'

સૂરિજીએ કહ્યું–'આપને ત્યાં ઘણા કેદિયો છે, એ કેદિયોને કેદથી મુક્ત કરો, તો સારૂં' કહેવું જરૂરનું થઇ પડશે કે બાદશાહને ગુન્હેગારો ઉપર વધારે ચીડ હતી. અને તેથીજ સૂરિજીની ઉપર્યુક્ત માગણી હોવા છતાં, બાદશાહે તેનો સ્વીકાર કર્યો નહિ. ઋષભદાસ કવિના શબ્દોમાં કહીએ તો બાદશાહે કહ્યું કે—

" કહઇ અકબર એ મોટા ચોર, મુલકમિં બહુત પડાવઇં સોર;
એક ખરાબ હજારકું કરઇ, ઇહા ભલે એ જબ લગિ મરઇ "

(હીરવિજયસૂરિરાસ પૃ. ૧૩૪)

જૈનકવિની કેવી સત્યતા? જે કામ અકબરે ન કર્યું, તે કામ માટે તેમણે સ્પષ્ટ લખી દીધું કે–'આ કામ ન કર્યું.'

આ પછી અકબરે કહ્યું કે–'આપ તે સિવાય બીજું કંઇ માગો.' સૂરિજી, 'શું માગવું?' એવો કંઇક વિચાર કરતા જ હતા, એટલામાં શાંતિચંદ્રજીએ સૂરિજીના કાનમાં કહ્યું કે–'સાહેબ! વિચાર શું કરો છો? એવું માગોને કે–તમામ ગચ્છના લોકો મને પગે પડે અને માને.'

વાચક! સૂરિજીની ઉદાર પ્રકૃતિને અનુકૂળ આ વાત તમે કદિ માની શકો છો? સૂરિજીના મુખકમલથી આવી સ્વાર્થમિશ્રિત સૌરભ કોઇ દિવસ પણ નિકળી શકે ખરી? 'લોભ સર્વ વિનાશનું

મૂળ છે ' એ શું સૂરિજીથી અજાણ્યું હતું ? આવી લોભવૃત્તિ ધારણ કરી પોતાનું માન વધારવાની માગણી કરવામાં પરિણામ કેવું ખરાબ આવે, એ વિચાર સૂરિજીના હૃદયપટ પર રમવા લાગ્યો ! સૂરિજી, શાંન્તિચંદ્રજીના વચન પ્રત્યે ઉપેક્ષા કરીને બાદશાહને કંઇક કહેવા જતા હતા, તેટલામાં બાદશાહે પોતે સૂરિજીને આગ્રહ પૂર્વક પૂછ્યું–' ગુરૂજી ! શાંતિચંદ્રજીએ આપને શું કહ્યુ ' ? સૂરિજીએ જે હકીકત હતી, તે સ્પષ્ટ કહી દીધી. તેની સાથે એ પણ કહ્યું કે–" હું તેવી માગણી કરવાને સ્વપ્નમાં પણ ચાહતો નથી. શિષ્યો ગુરૂની ભકિત નિમિત્તે ગમે તેવા વિચારો કરે, પરન્તુ હું એમજ માનું છું કે–મને કોઇ માને તો એ શું, અને ન માને તોએ શું ? મારો ધર્મ તો જગત્‌ના તમામ જીવો પ્રત્યે સમભાવ રાખીને ઉપદેશ કરવાનોજ છે. " સૂરિજીની આ ઉદારતા માટે–નિઃસ્પૃહતા માટે તો બાદશાહને હદપારનો આનંદ થયો. એટલુંજ નહિં, પરન્તુ પોતાના સમસ્ત રાજ્યમંડલસમક્ષ તેણે એ શબ્દો ઉચ્ચાર્યા કે–" જગત્‌માં આવી નિઃસ્પૃહતા રાખનાર તો મેં હીરવિજયસૂરિજીનેજ દેખ્યા. જેઓ પોતાના સ્વાર્થની લગાર માત્ર પણ વાત ન કરતાં કેવલ જ્યારે ને ત્યારે બીજા જીવોના કલ્યાણનોજ ઉપદેશ આપે છે. સંસારમાં ' સાધુ ' ' સંન્યાસી ' ' જોગી ' કે ' મહાત્મા'નાં નામો ધરાવનારાઓનો કંઇ પાર નથી. પરન્તુ તે બધાઓની પ્રાયઃ સ્થિતિ જોઇએ છીએ તો તેઓ કંઇને કંઇ ફંદમાં ફસાએલાજ જોવાય છે. કેટલાકો તો ખાસા મોટા મોટા મઠોના માલિક થઇ બેસી લાખોની લક્ષ્મી ઉપર તાગડધિન્ના કરતા જોવાય છે. કેટલાક સૂફી, શેખ અને કંથાધારી બનવા છતાં, દ્રવ્ય અને બબ્બે સ્ત્રિયોનું પતિપણું ભોગવે છે. કેટલાક ' મહેર ' રાખવાનો પોકાર કરવા છતાં જાનવરોને મારી ખાતાં પણ અચકાતા નથી કેટલાક મંત્ર–તંત્ર કરવાનો ઢોંગ લઇ ભોળા જીવોને ઠગતા ફરે છે. કેટલાક દંડધારી અને દરવેશનો વેષ લેવા છતાં અનેક પ્રકારના ફંદોને ફેલાવે છે, જ્યારે કેટલાક ' તાપસ ' નામધારીઓ વૈરાગીનો આડંબર ધારણ કરી ઘરે

ઘરે ભિક્ષા માંગે છે, પરન્તુ ભોગવિલાસને ભૂલતાજ નથી. અરે, કોણ મઠવાસી કે કોણ સંન્યાસી, કોણ ગોદડિયા કે કોણ ગિરિ-પુરી, કોણ નાથ કે કોણ નાગાપ્રાય: તેઓ બધાએ ક્રોધાદિને કમ કરી શકયા નથી અને જ્ઞાનથી રહિત હોઇ અનેક પ્રકારની ધાંધલો કરતા જોવાય છે. હવે તેઓને દુનિયાના ગુરૂ-ધર્મગુરૂ તરીકે કેમ માની શકાય ? વળી જેઓમાં ક્રોધ, માન, માયા અને લોભાદિ કષાયો રહેલા હોય અને જેઓનું ચારિત્ર વિષયવાસનાઓથી ભરેલું હોય, તેને પૂજ્ય કેમ મનાય ? ખરેખર, આ સંસારમાં વિચરતા રહીને કંચન-કામિનીથી આવી રીતે સર્વથા દૂર રહેવું, અને કોઇ પણ જાતની સ્પૃહા ન રાખવી એ શું ઓછું કઠિન કામ છે ? ”

બાદશાહનાં આ વચનોએ તમામ અધિકારી મંડલ પર સચોટ અસર કરી અને તેથી તેઓની સૂરિજી પ્રત્યેની ભકિતમાં કઇ ગુણો વધારો થયો.

આ વખતે બીરબલની ઇચ્છા થઇ કે-સૂરિજીને કંઇક પૂછું. અને તેથી તેણે બાદશાહની મંજૂરી માગી. બાદશાહે મંજૂરી આપ્યા પછી બીરબલે સૂરિજીને પૂછયું:—

‘ મહારાજ ! શું શંકર સગુણ હોઇ શકે કે એ આપ ફરમાવવા કૃપા કરશો ’

સૂરિજી—‘ હા, શંકર સગુણ છે. ’

બીરબલ—‘ હું તો માનું છું કે શંકર નિર્ગુણજ છે. ’

સૂરિજી—‘ ના, એમ ન હોઇ શકે. હું પૂછું છું કે-શંકરને તમે ઇશ્વર માનોછો ? ’

બીરબલ—‘ જી હા ? ’

સૂરિજી—‘ ઇશ્વર જ્ઞાની છે કે અજ્ઞાની ? ’

બીરબલ—‘ ઈશ્વર જ્ઞાની છે. ’

સૂરિજી—' જ્ઞાની એટલે ? '

બીરબલ—' જ્ઞાનવાળો. '

સૂરિજી—' ઠીક, ત્યારે એ બતાવો કે-જ્ઞાન, ગુણ છે કે નહિં. '

બીરબલ—' મહારાજ ! જ્ઞાન, ગુણ છે. '

સૂરિજી—' જ્ઞાન ગુણ છે ? '

બીરબલ—' જી હા, જ્ઞાન ગુણ છે. '

સૂરિજી—' જો તમે જ્ઞાનને ગુણ માનતા હો, તો પછી ઈશ્વર-શંકર ' સગુણ ' છે, એમ તમારે માનવુંજ જોઇએ અને તે તમારા શબ્દોથીજ સિદ્ધ થાય છે '

બીરબલ—' સૂરિજી ! મને ખાતરી થઇ છે કે ખરેખર ઈશ્વર-શંકર ' સગુણ ' છે. '

સૂરિજીની આ સ્પષ્ટ સમજાય તેવી યુક્તિયોથી આખા મંડલને બહુજ આનંદ થયો.

આ મુલાકાત પછી સૂરિજી લાંબા વખત સુધી બાદશાહને મળી શકયા ન્હોતા અને તેથી એક વખત બાદશાહે ઉત્કટ ઇચ્છા પૂર્વક સૂરિજીને યાદ કર્યા સૂરિજી બાદશાહ પાસે પધાર્યા.અને અસરકારક ધર્મોપદેશ આપ્યો. સૂરિજીનો ઉપદેશ સાંભળવાથી બાદશાહના હૃદયમાં એક ઔરજ પ્રકારની શીતલતાનો સંચાર થયો ખરેખર સૂરિજીની વાણીમાંજ એક એવા પ્રકારનું માધુર્ય હતું કે-જેના લીધે તેમનો ઉપદેશ સાભળવામાં બાદશાહને બહુજ રસ પડતો હતો. એટલુંજ નહિં, પરન્તુ વારંવાર તેઓનો ઉપદેશ સાંભળવાની બાદશાહને ઇચ્છા પણ થયા કરતી હતી.

આ પ્રસંગે એક વાત ખાસ વિચારવા જેવી છે. આજકાલના કેટલાક રાજા-મહારાજાઓની માફક, લાંબો વખત ઉપદેશ સાંભળ્યા

પછી 'ઉપકાર માનવા' પુરતું ફળ અકબર ન્હોતો આપતો. તે સમજતો હતો કે–" જગત્‌ને તૃણવત્ સમજનારા આવા નિઃસ્પૃહી મહાત્માઓ પોતાના અમૂલ્ય સમયનો ભોગ આપી અમને ઉપદેશ આપવાની તકલીફ ઉઠાવે છે, તે શાને માટે ? 'આપનો ઉપકાર માનું છું" એટલા શબ્દો સાંભળવા માટે ? ના, જગત્‌ના અને મારા કલ્યાણને માટે. મહાત્માનો ઉપદેશ સાંભળ્યા પછી, તેમાંનું જો કંઇ પણ કાર્ય ન કરવામાં આવે, તો એમના ઉપદેશનું અને બન્નેના વખતનો વ્યય થયાનું પરિણામ શું ? "

અકબર, પોતાની આ ઉદારભાવનાને લીધેજ જ્યારે ને ત્યારે, ઉપદેશ સાંભળવા પછી તે અવશ્ય એમ કહેતો કે–' આપ મારા લાયક કામ ફરમાવો અને આપની ઇચ્છા હોય તે માગો. '

સૂરિજીએ આ વખતની મુલાકાત વખતે એક મહત્ત્વના કાર્યની માગણી કરી હતી. સૂરિજીએ કહ્યું–" આપે આજ સુધી મારી માગણી પ્રમાણેનાં ઘણાં સારાં સારાં કામો કર્યાં છે, અને તેથી જો કે મને વારંવાર એવી માગણી કરતાં સંકોચ થાય છે, તો પણ બીજાઓના ભલાને માટે આજે હું એજ માગું છું કે–' આપને ત્યાં જે **જીજીયા વેરો**[1] લેવામાં આવે છે તે, અને તીર્થોમાં જે મૂંડકું

---

૧ જો કે, ખરી રીતે તો બાદશાહે પોતાના રાજ્યમાથી આ વેરો ગાદીએ બેઠા પછી નવમે વર્ષેજ (ઇ. સ. ૧૫૬૨ મા) કાઢી નાખ્યો હતો, અને તે વાત આપણે ત્રીજા પ્રકરણમાં જોઇ પણ ગયા છીએ, પરન્તુ ગુજરાતમાંથી આ કર દૂર થયો ન્હોતો કારણ કે તે વખતે ગુજરાત દેશ અકબરના આધિપત્ય નીચે ન્હોતો આવ્યો અત એ સિદ્ધ થાય છે કે–**શ્રીહીરવિજયસૂરિના** ઉપદેશથી **જીજીયાવેરો** બંધ કર્યા સંબંધી બાદશાહે જે ફરમાન આપ્યું હતું, તે ગુજરાતને લગતું હતુ. આ વાત **હીરસૌભાગ્યકાવ્યની ટીકાથી** પણ સિદ્ધ થાય છે. **હીરસૌભાગ્યકાવ્યના** ૧૪ મા સર્ગના ૨૭૧ મા શ્લોકની ટીકામા લખ્યું છે— **जेजीयकारव्यो गौर्जरकरविशेष** જીજીયાવેરો, એ ગુજરાતના કર વિશેષનું નામ છે

લેવામાં આવે છે તે-આ બન્ને બાબતો આપે બંધ કરી દેવી જોઇએ. કારણ કે આ બન્ને બાબતોથી લોકોને ઘણો ત્રાસ ભોગવવો પડે છે."

સૂરિજીના વચનને માન આપી બાદશાહે તુર્તજ તે બન્ને બાબતો બંધ કરાવી દીધી અને તે સબંધી સરકારી હુકમો બહાર પાડ્યા.

હીરવિજયસૂરિરાસના કર્ત્તા કવિ **ઋષભદાસે** આ વખતની મુલાકાતનુ વર્ણન આપતાં એમ પણ કહ્યું છે કે-" બાદશાહ અને સૂરિજીને ઉપર પ્રમાણે પબ્લિકમાં વાર્તાલાપ થયા પછી, સૂરિજી અને બાદશાહ-બેજ જણ એકાંતમાં વાતો કરવા બેઠા હતા; પરન્તુ ત્યાં શી વાત થઇ, તે કોઇના જાણવામાં આવી નથી."

કહેવાય છે કે-જે વખત સૂરિજી અને બાદશાહ એકાંતમાં વાતો કરતા હતા, તે વખત **બીઠો ગપ્પી**, કે જેને ગમે તે વખતે બાદશાહ પાસે જવાની છૂટી હતી, ઉઘાડે માથે '**नमो नारायण**' કરતો બાદશાહ પાસે પહોંચી ગયો. એટલુંજ નહિં, પરંતુ પોતાના સ્વભાવ પ્રમાણે કેટલીક હાસ્યજનક ચેષ્ટાઓ પણ કરવા લાગ્યો. બાદશાહે આ લપને દૂર કરવા માટે તેને **પામરી** આપી વિદાય કર્યો.

એ પ્રમાણે પ્રાઇવેટમાં વાતચીત થયા પછી સૂરિજી ઉપાશ્રયે પધાર્યા.

× × × ×

આ પ્રસંગે એક બીજી વાતનું સ્પષ્ટીકરણ કરવું જરૂરતું સમજાય છે. સૂરિજી પોતાની અત્યાર સુધીની સ્થિતિ દરમીયાન એકજ સ્થાને રહ્યા હતા, એમ ન્હોતુ. વચગાળે તેઓ મથુરાની યાત્રા કરવા પણ પધાર્યા હતા. ત્યાં તેઓએ પાર્શ્વનાથ અને સુપાર્શ્વનાથની યાત્રા કરી હતી. તેમ જંબૂસ્વામી, પ્રભવસ્વામી અને

બીજા મહાપુરૂષોનાં કુલ ૫૨૭ સ્તૂપોને વંદન કર્યું હતું. ત્યાંથી તેઓ **ગ્વાલીયર** પધાર્યા હતા. અને ત્યાં બાવન ગજ પ્રમાણની ઋષભદેવની મૂર્ત્તિને વાસક્ષેપ પૂર્વક નમસ્કાર કર્યો હતો. તે પછી ત્યાંથી પાછા આગરે પધાર્યા હતા. આ વખતે મેડતાના રહેવાસી **સદારંગે** ઉત્સાહપૂર્વક હાથી, ઘોડા અને બીજી કેટલીએ વસ્તુઓનું દાન કર્યું હતું. તેમ મ્હોટા આડંબર પૂર્વક પ્રવેશોત્સવ કરાવ્યો હતો. આ ચોમાસુ–સં. ૧૬૪૧ નું ચોમાસું સૂરિજીએ આગરામાં કર્યું હતું, ચાતુર્માસ પૂર્ણ થયે, પુનઃ **ફતેપુર–સીકરી** પધાર્યા હતા.

× × × ×

ધાર્યા કરતાં વખત ઘણો થઇ ગયો. ફલપ્રાપ્તિ પણ કોઇ વખત કલ્પનામાએ ન્હોતી આવી, એવી થઇ ગઇ. ગુજરાતથી પણ **શ્રી-વિજયસેનસૂરિના** વારંવાર પત્રો આવવા લાગ્યા કે–' આપ ગુજ-રાતમાં જલદી પધારો. ' આવાં અનેક કારણોથી સૂરિજીની ઇચ્છા થઇ કે–' હવે ગુજરાત તરફ વિહાર કરવો. ' વાત પણ ઠીકજ છે. કારણ કે એકજ સ્થાનમાં સાધુઓને વધુ વખત રહેવામાં ફાયદાના બદલે નુકસાન પણ થઈ જાય છે. કવિ ઋષભદાસના શબ્દોમાં કહીએ તો—

" સ્ત્રી પીહરિ નરસાસરઇ સંયમિયાં સહિવાસ,
એ ત્રિણે અળખામણા જો મંડઇ થિરવાસ "

માટે સૂરિજીની વિહાર કરવાની ઇચ્છા અયોગ્ય અથવા અ-સ્થાને ન્હોતી. એક વખત પ્રસંગ જોઇ સૂરિજીએ પોતાની આ ઇચ્છા બાદશાહને જણાવી. પ્રત્યુત્તરમાં બાદશાહે બહુ લાગણીપૂર્વક જણાવ્યું કે–' આપ જે કંઇ કાર્ય બતાવો, તે કરવાને માટે હું તૈયાર છું. આપને ગુજરાતમાં જવાની કંઇ જરૂર નથી. આપ અહિં બિરાજો; અને મને ધર્મોપદેશ સંભળાવો. '

સૂરિજીએ કહ્યું—' હું એ તો પણ સમજું છું કે–અહિં આપના

સમાગમમાં રહેવાથી હું ધાર્મિક લાભ ઘણો ઉઠાવી શકું તેમ છું. પરન્તુ કેટલાંક અનિવાર્ય કારણોથી ગુજરાતથી **શ્રીવિજયસેનસૂરિ** મને જલદી બોલાવે છે, માટે મારે ત્યાં જવું જરૂરનું છે. હું ત્યાં ગયા પછી બનતા સુધી વિજયસેનસૂરિને આપની પાસે મોકલીશ.'

છેવટ—સૂરિજીનો નિશ્ચયરૂપ વિચાર જાણી બાદશાહે ગુજરાતમાં જવા માટે સમ્મતિ આપી, પરન્તુ તેની સાથે એવી માગણી બહુ લાગણીપૂર્વક કરી કે–' મને વિજયસેનસૂરિ મળે, ત્યાં સુધી વખતો વખત ઉપદેશ આપનાર, કોઈ એક આપના સારા વિદ્વાન્ શિષ્યને અવશ્ય અહિં મૂકીને પધારો. '

બાદશાહના આ પ્રમાણેના આગ્રહથી સૂરિજીએ **શ્રીશાંતિચંદ્રજીને** બાદશાહની પાસે મૂકયા અને પોતે **જેતાશાહને** દીક્ષા આપી, ત્યાંથી વિહાર કરી વિ. સં. ૧૬૪૨ નું ચાતુર્માસ **અભિરામાબાદમાં** કર્યું.



પ્રકરણ છઠ્ઠું.



વિશેષ કાર્યસિદ્ધિ.





થા પ્રકરણમાં આપણે જોઈ ગયા છીએ કે-અકબરે પોતાની ધર્મસભાના ૧૪૦ મેમ્બરોને પાંચ વિભાગોમાં વિભક્ત કર્યા હતા. અર્થાત્-એકસો ચાલીસે મેમ્બરોને પાંચશ્રેણિયોમાં વ્હેંચી નાખ્યા હતા. જેમાંની પહેલી શ્રેણિમાં જેમ **શ્રીહીરવિજયસૂરિનું** નામ જોવાય છે; તેવીજ રીતે પાંચમી શ્રેણિમાં પણ બે જૈન મહાત્માઓનાં નામો જોવાય છે. ૧ **વિજયસેનસૂરિ** અને ૨ **ભાનુચંદ્ર. અબ્બુલફ્ઝલે આઈન-ઇ-અકબરીના** બીજા ભાગના ત્રીસમા **આઈનની** અંતમાં આ બધા સભાસદોનું લિસ્ટ આપ્યું છે. તેમાં ૫૪૭ મા પેજમાં આ બન્ને મહાત્માઓનાં નામો છે-139 Bijai sen sur, 140 Bhan chand. આ 'વિજયસેનસૂર' અને 'ભાનચંદ' એજ **વિજયસેનસૂરિ અને ભાનુચંદ્રજી** છે. આ બન્ને મહાત્માઓએ પણ અકબરની ધર્મસભામાં જૈનઉપદેશક તરીકે કામ કર્યું હતું. અતએવ તેઓના સંબંધમાં પણ કંઇક પ્રકાશ પાડવો જરૂરનો* છે. આ બન્ને મહાત્માઓના સંબંધમાં કંઇક કહીએ, તે પહેલાં, ગત પ્રકરણમાં આપણે જે **શાંતિચંદ્રજીનું** નામ લઇ ગયા છીએ; અને જેઓને અકબર બાદશાહની વિનતિથી, હીરવિજયસૂરિ બાદશાહની પાસે મૂકી ગયા હતા; તેમનાજ સંબંધમાં કંઇક કહીશું. અર્થાત્ તેમણે બાદશાહની પાસે રહીને શું શું કર્યું ? તેનું અવલોકન કરીશું.

એમાં તો કંઇ શકજ નથી કે-શાન્તિચંદ્રજી મહાન્ વિદ્વાન્ અને ગમે તેવાને અસર કરે, એવી ઉપદેશશક્તિ ધરાવનારા મહાત્મા

હતા. તેમાં પણ એકી સાથે એકસોઆઠ અવધાનો કરવાની તેમનામાં જે શક્તિ હતી, તે તો ખરેખર અતુલનીયજ હતી. તેમણે અકબર બાદશાહને મળ્યા પહેલાં ઘણા રાજા-મહારાજાઓને પોતાની વિદ્વત્તા અને ચમત્કારિક શક્તિથી ચમત્કૃત કર્યા હતા. તેમ ઘણા વિદ્વાનોની સાથે શાસ્ત્રાર્થ કરીને વિજયપતાકા પણ પ્રાપ્ત કરી હતી. અકબરને પણ તેમણે ખૂબ રંજિત કર્યો હતો. તેઓ અવાર નવાર બાદશાહને મળતા અને ઉપદેશદ્વારા અથવા શતાવધાન સાધીને તેને બહુ ખુશી કરતા. આ સિવાય તેમણે કૃપારસકોશ નામનું ૧૨૮ શ્લોકોનું એક ચિત્તાકર્ષક સંસ્કૃત-કાવ્ય બનાવ્યું હતું; કે જે કાવ્યમાં બાદશાહે કરેલાં દયાળુ કામોનું વર્ણન કરવામાં આવ્યું હતું. આ કાવ્ય તેઓ વખતો વખત બાદશાહને સંભળાવતા હતા. બાદશાહ પોતાની તારીફનું આ કાવ્ય-કવિતા ખબ ચાહનાથી સાંભળતો અને સાંભળીને બહુ ખુશી થતો. હીરવિજયસૂરિની માફક **શાંતિચંદ્રજીએ** પણ બાદશાહને બહુ પ્રસન્ન કર્યો હતો. અને તેને પરિણામે **બાદશાહના જન્મનો આખો મહીનો, રવિવારના દિવસો, સંક્રાંતિના દિવસો અને નવરોજના દિવસો[1]-એ દિવસોમાં કોઇએ પણ જીવહિંસા ન કરવી, એવા હુકમો કઢાવ્યા હતા.**

કહેવાય છે કે-જ્યારે બાદશાહ લાહોરમાં હતો, ત્યારે **શાંતિચંદ્રજી** પણ ત્યાંજ હતા. તે પ્રસંગે એક વખત ઈદના દિવસે **શાંતિચંદ્રજી** બાદશાહ પાસે ગયા; અને પ્રસંગ જોઇને બાદશાહને કહ્યું-' યદિ આપની સમ્મતિ હોય, તો હું અહિંથી વિહાર કરવા

૧ નવરોજના દિવસો **મીરાતે-એહમદી**ના પે ૧૬૪ મા આ પ્રમાણે ગણાવવામા આવ્યા છે—

" દશમી ફરવરદીન માહે-ઇલાહી, ત્રીજી ઝરદી બિહિશ્ત માહે-ઇલાહી; છઠ્ઠી ખુરદાદ માહે-ઇલાહી, તેરમી તીર માહે-ઇલાહી, સાતમી અમરદાદ માહે-ઇલાહી, ચોથી શહેરયુર માહે-ઇલાહી, સોલમી મહેર માહે-ઇલાહી, દશમી આબાન માહે-ઇલાહી, આઠમી પદરમી અને તેવીશમી દે માહે-ઇલાહી, બીજી બેહમન માહે-ઇલાહી, પાચની ઇસ્ફંદીઆર માહે-ઇલાહી

ચાહું છું.' બાદશાહે વિસ્મિત થઇને કહ્યું-'એકદમ આવો વિચાર કેમ થયો ? આમ કરવાનું કારણ શું છે ? જે કંઇ કારણ હોય, તે આપ અવશ્ય કહો. ? શાંતિચંદ્રજીએ સ્પષ્ટ કહ્યું-'બીજું કંઇજ કારણ નથી; પણ કાલે ઈદનો દિવસ હોઈ સાંભળવા પ્રમાણે લાખો બલ્કિ કરોડો જીવોની હિંસા થવાની છે. આવી સ્થિતિમાં મારે અહિં રહેવું મને વ્યાજબી લાગતું નથી. મારા અંતઃકરણને ઘણો આઘાત પહોંચાડનારૂં કારણ ઉપસ્થિત થયું છે.'

આ પ્રસંગે શાંતિચંદ્રજીએ કુરાનેશરીફની કેટલીક એવી આજ્ઞાઓ બતાવી આપી કે-જેમાં ભાજી અને રોટલી ખાવાથીજ રોજા કબૂલ થવાનું જણાવ્યું છે. તેમ દરેક જીવો ઉપર મહેર રાખવાનું ફરમાવ્યું છે.

બાદશાહ આ વાતથી અજાણ્યો ન્હોતો. તે સારી પેઠે સમજતો હતો-ખાસ કરીને હીરવિજયસૂરિજીના મળ્યા પછી ખાતરી પૂર્વક સમજવા લાગ્યો હતો કે-'જીવોને મારવામાં મ્હોટું પાપ છે. તેમ કુરાનેશરીફમાં પણ જીવોની હિંસા કરવાનું નથી ફરમાવ્યું, કિન્તુ મહેર ખાવાનુંજ ફરમાવ્યું છે;' તથાપિ વિશેષ ખાતરીને માટે અથવા તો બીજાઓને ખાતરી કરાવી આપવા માટે તેણે અબ્બુલફજલ અને બીજા કેટલાક ઉમરાવોને એકઠા કરી મુસલમાનોના માન્ય ધર્મગ્રંથો વંચાવી લીધા. અને તે પછી લાહોરમાં એવો ઢંઢેરો પીટાવી દીધો કે-'કાલે-ઈદના દિવસે કોઇએ કોઇ પણ જાતના જીવની હિંસા કરવી નહિં.'

બાદશાહના આ ફરમાનથી કરોડો જીવોના જાન બચ્યા, વાણિયાઓએ ઠેકાણે ઠેકાણે જાતે ફરીને કોઇ ગુપ્ત રીતે પણ હિંસા ન કરે, એવી તપાસ રાખી.

આ પછી શાંતિચંદ્રજીએ બાદશાહને ઉપદેશ આપીને મહોરમનો આખો મહીનો અને સૂફી લોકોના દિવસોમાં જીવ-

વધનો નિષેધ કરાવ્યો. 'હીરસૌભાગ્યકાવ્ય'ના કર્ત્તાના મત પ્રમાણે બાદશાહે પોતાના ત્રણ પુત્રો–સલીમ (જહાંગીર), મુરાદ અને દાનીયાલના જન્મના મહીનાઓમાં પણ કોઇ પણ માણસ કોઇ પણ જીવની હિંસા ન કરે, એવા હુકમો કાઢ્યા હતા. એકંદર રીતે અકબર તરફથી પોતાના આખા રાજ્યમાં એક **વર્ષમાં છમાસ અને છ દિવસ સુધી કોઇ પણ માણસ કોઇ પણ જીવની હિંસા ન કરે, એવા હુકમો નિકળ્યા હતા.** આ વાતનો નિર્ણય આગળ ઉપર કરવાનું મુલતવી રાખી, અહિં એ બતાવવું જરૂરનું સમજાય છે કે–**શાંતિચંદ્રજી**એ બાદશાહ પાસે જે કંઇ જીવદયાનાં કાર્યો કરાવ્યાં હતાં, તેમાં ખાસ કારણ–નિમિત્ત તેમણે બનાવેલ '**कृपारसकोश**' નામના કાવ્યને બતાવવામાં આવે છે, અસ્તુ.

શાંતિચંદ્રજીએ ઉપર્યુક્ત જીવદયાનાં ફરમાનો મેળવવા ઉપરાન્ત 'જીજીયાવેરો' બંધ કર્યાનું પણ ફરમાન મેળવ્યું હતું. આ ફરમાનો મેળવ્યા પછી, બાદશાહની સમ્મતિ લઇને તેઓ પોતે **નત્થુમેવડા**ને સાથે લઈ ગુજરાતમાં આવ્યા અને સિદ્ધપુરમાં શ્રીહીરવિજયસૂરિને મળ્યા બીજી તરફ **ભાનુચંદ્રજી**ને બાદશાહની પાસે રાખવામાં આવ્યા આ **ભાનુચંદ્રજી** તેજ છે કે–જેઓ બાદશાહની ધર્મસભાના ૧૪૦ મા નંબરના (પાંચમી શ્રેણિના) સભાસદ હતા.

ભાનુચંદ્ર અને **સિદ્ધિચંદ્ર**–એ બન્ને ગુરૂ–શિષ્યે **અકબર** બાદશાહ પાસે રહીને બહુ સારી ખ્યાતિ મેળવી. ખ્યાતિ મેળવી, એટલુંજ નહિ પરંતુ તેઓ પોતાની વિદ્વત્તા અને ચમત્કારિક વિદ્યાઓથી બાદશાહને બહુ પ્રિય પણ થયા. બાદશાહ **ફતેપુર**–આગરાને છોડીને બીજે કોઇ સ્થળે જતો, ત્યારે **ભાનુચંદ્રજી**ને પણ સાથેજ લઇ જતો. એટલે બાદશાહ સ્વારી માર્ગે જતો, જ્યારે **ભાનુચંદ્રજી** પોતાના આચાર પ્રમાણે પગે ચાલીને જતા. બાદશાહની **ભાનુચંદ્રજી** ઉપર બહુ શ્રદ્ધા જામી હતી અને તેને એમ ચોક્કસ થયું હતું કે–આ મહાત્મા વચનસિદ્ધિવાળા છે. આવી શ્રદ્ધા થવામાં કેટલાક ખાસ કારણો પણ તેને મળી આવ્યા હતા.

એક વખત બાદશાહને અત્યન્ત શિરોવેદના થઇ આવી. આ વખતે વૈદ્યોએ ઘણા ઘણા ઉપચારો કર્યા છતાં આરામ થયો નહિં, છેવટ, તેણે ભાનુચંદ્રજીને બોલાવી પોતાની વેદનાની હકીકત જણાવી અને ભાનુચંદ્રજીનો હાથ પકડી પોતાના મસ્તક ઉપર મૂકયો. ભાનુચંદ્રજીએ કહ્યું–' આપ ચિંતા લગારે ન કરો, બહુ જલદી આરામ થઇ જશે.' બસ, થોડીજ વારમાં બાદશાહને આરામ થઇ ગયો. કહેવું જરૂરતું થઇ પડશે કે આમાં ભાનુચંદ્રજીએ મંત્ર–તંત્રાદિનો પ્રયોગ લગારે ન્હોતો કર્યો. બાદશાહને આરામ થઇ જવામાં જો કંઇ પણ કારણ હતું, તો તે ' ભાનુચંદ્રજી ઉપરની તેની દૃઢ શ્રદ્ધા અને ભાનુચંદ્રજીનું નિર્મળ ચારિત્રજ '–બીજું કંઇજ નહિં. શ્રદ્ધા અને શુદ્ધચારિત્રનો સંયોગ કયું કાર્ય સિદ્ધ નથી કરી શકતો ?

બાદશાહની શિરોવેદના દૂર થયાની ખુશાલીમાં ઉમરાવોએ પાંચસો ગાયોને એકઠી કરી. જ્યારે બાદશાહે આ વાત જાણી ત્યારે ઉમરાવોને પૂછયું કે–' આટલી ગાયો કેમ એકઠી કરી છે ? ' ઉમરાવોએ જણાવ્યું કે–' ખુદાવંદ ! આપને આરામ થયો છે, એની ખુશાલીમાં આ ગાયોની કુરબાની કરીશું. ' બાદશાહ ગુસ્સે થયો અને કહેવા લાગ્યો–' અરે ! મને આરામ થયાની ખુશાલીમાં બીજા જીવોની કતલ ! ! બીજા જીવોને ખુશી ઉત્પન્ન કરાવવાના બદલામાં તેમનો સમૂળગો નાશ ! ! ! છોડી મૂકો બધી ગાયોને, વિચરવા દ્યો નિર્ભયપણે ! ' બાદશાહના હુકમથી બધી ગાયોને મુક્ત કરવામાં આવી.

ભાનુચંદ્રજીને આ હકીકત સાંભળતાં બહુ આનંદ થયો, તેઓ બાદશાહ પાસે ગયા અને બાદશાહને બહુ ધન્યવાદ આપ્યો.

બાદશાહ જ્યારે કાશ્મીરની મુસાફરીએ ગયો, ત્યારે ભાનુચંદ્રજી પણ તેમની સાથે ગયા હતા,

કહેવાય છે કે-એક વખત રાજા **બીરબલે** બાદશાહને કહ્યું હતું કે—' સૂર્યના પ્રતાપથીજ મનુષ્યોને કામમાં આવતાં ફળો અને ઘાસ વિગેરે ઉત્પન્ન થાય છે. તેમ અંધકારને દૂર કરી જગત્માં પ્રકાશ કરનાર પણ સૂર્યજ છે. માટે સૂર્યની આરાધના આપે કરવી જોઇએ. '

બીરબલના આ અનુરોધથી બાદશાહ સૂર્યની ઉપાસના કરવા લાગ્યો હતો. **બદાઉની** લખે છેઃ—

" A second order was given that the sun should be worshipped four times a day, in the morning and evening, and at noon and midnight His Majesty had also one thousand and one Sanskrit names for the sun collected, and read them daily, devowtly turning towards the sun "

(Al-Badaoni, translated by W. H Lowe M A. Vol. II p 332)

અર્થાત્—બીજો હુકમ એવો આપવામાં આવ્યો હતો કે-સવારે અને સાંજે તથા બપોરે અને મધ્યરાત્રિએ-એમ દિવસમાં ચાર વખત સૂર્યની પૂજા થવી જોઇએ. બાદશાહે વળી સૂર્યપૂજાને માટે એક હજાર એક (૧૦૦૧) સંસ્કૃત નામો એકઠાં કર્યાં હતાં-મેળવ્યા હતાં. અને સૂર્ય તરફ ફરીને ભક્તિ પૂર્વક દરરોજ તે વાંચતો હતો.

આ પ્રમાણે દરેક લેખકોએ **અકબર** સૂર્યપૂજા કરતો હતો, એ સંબંધમાં લખ્યું છે; પરન્તુ કોઇએ એમ બતાવ્યું નથી કે-અકબરે સૂર્યનાં એક હજારને એક નામો ક્યાંથી પ્રાપ્ત કર્યાં હતાં, અથવા તે નામો તેને કોણે શીખવ્યાં હતાં? આ સંબંધી જૈન ગ્રંથોમાં બહુ વિસ્તૃત વૃત્તાન્ત જોવામાં આવે છે. **ઋ**ષભદાસ કવિ તો 'હીરવિજયસૂરિરાસ'માં ત્યાં સુધી કહે છે કે—

" પાતશાહ કાશ્મીરે જાય, ભાણુચંદ પુઠે પણિ ધાય;
પૂછઇ પાતશા ઋષિને જોઇ, ખુદા નિછક કોને વળી હોઇ.

ભાણુચંદ બોલ્યા તતખેવ, નછક તરણી જાગતો દેવ,
તે સમર્યો કરિ બહુ સાર, તસ નામિં ઋદ્ધિ અપાર ૨૦
હુઓ હુકમ તે તેણીવાર, સંભલાવે નામ હજાર;
આદિત્ય ને અરક અનેક, આદિદેવમા ઘણો વિવેક." ૨૧

આ ઉપરથી સમજાય છે કે–બાદશાહ જ્યારે કાશ્મીર ગયો; ત્યારે બાદશાહના પૂછવાથી ભાનુચંદ્રજીએ સૂર્યની આરાધના કરવાનો અનુરોધ કર્યો હતો. એટલુંજ નહિં પરન્તુ, સૂર્યનાં એકહજાર નામોનું સ્તોત્ર પણ તેમણેજ (ભાનુચંદ્રજીએજ) સંભળાવ્યું અને શીખવ્યું હતું. આગળ ચાલતાં કવિ એમ પણ કહે છે કે–બાદશાહ, દરેક રવિવારે ભાનુચંદ્રજીને સુવર્ણ અને રત્નથી જડિત બાજઠ ઉપર પધરાવીને તેમના મુખથી સૂર્યનાં એક હજાર નામોનું સ્તોત્ર સાંભળતો હતો.

આ સિવાય એક બીજું પણ પ્રબળ પ્રમાણ મળે છે, તે એ છે કે–ભાનુચંદ્રજીએ, બાદશાહને શિખવવાને અને સંભળાવવાને સૂર્યનાં સહસ્ર નામોનું જે સ્તોત્ર બનાવ્યાનું ઉપર કહેવામાં આવ્યું છે, તેનીજ એક હસ્તલિખિત પ્રતિ પૂજ્યપાદ ગુરૂવર્ય શાસ્ત્રવિશારદ–જૈનાચાર્ય શ્રીવિજયધર્મસૂરીશ્વરજી મહારાજશ્રીના પુસ્તકભંડારમાં છે. તેની આદિનો શ્લોક આ છેઃ—

" नमः श्रीसूर्यदेवाय सहस्रनामधारिणे ।
कारिणे सर्वसौख्यानां प्रतापाद्भुततेजसे " ॥ १ ॥

જ્યારે અન્તનો ભાગ આ પ્રમાણે છે—

" यस्त्विदं शृणुयान्नित्यं पठेद्वा प्रयतो नरः ।
प्रतापी पूर्णमायुश्च करस्थास्तस्य संपदः ॥ १ ॥
नृपाग्नितस्करभयं व्याधिभ्यो न भयं भवेत् ।
विजयी च भवेन्नित्यं स श्रेयः समवाप्नुयात् ॥ २ ॥

कीर्त्तिमान् सुभगो विद्वान् स सुखी प्रियदर्शनः ।
भवेद्वर्षशतायुश्च सर्वबाधाविवर्जितः ॥ ३ ॥

नाम्नां सहस्रमिदमंशुमतः पठेद्यः
प्रातः शुचिर्नियमवान् सुसमाधियुक्तः ।
दूरेण तं परिहरन्ति सदैव रोगा
भीताः सुपर्णमिव सर्वमहोरगेन्द्राः ॥ ४ ॥

इति श्रीसूर्यसहस्रनामस्तोत्रं संपूर्ण ॥ अमुं श्रीसूर्यसहस्रनामस्तोत्रं प्रत्यहं प्रणमत्पृथ्वीपतिकोटीरकोटिसंघट्टितपदकमलत्रिखंडाधिपतिदिल्लीपतिपातिसाहिश्रीअकब्बरसाहिजलालदीनः प्रत्यहं शृणोति सोऽपि प्रतापवान् ॥ भवतु ॥ कल्याणमस्तु ॥

આ ઉપરથી સ્પષ્ટ સમજાય છે કે—સૂર્યનાં સહસ્ર નામો બાદશાહ અવશ્ય સાંભળતો હતો. વળી કાદમ્બરીની ટીકા, વિવેકવિલાસની ટીકા અને ભક્તામરની ટીકા વિગેરે અનેક ગ્રંથોમાં ભાનુચંદ્રજીને 'सूर्यसहस्रनामाध्यापक' એવું વિશેષણ પણ આપેલું જોવાય છે, અતએવ બાદશાહને સૂર્યનાં સહસ્રનામો શિખવનાર ભાનુચંદ્રજીજ હતા, એ વાત નિર્વિવાદ સિદ્ધ થાય છે અસ્તુ.

કાશ્મીર પહોંચ્યા પછી બાદશાહે એક ચાલીસ કોશના પાણીથી ભરેલા તળાવને કિનારે તંબૂઓ નાખી મુકામ કર્યો હતો. 'હીરસૌભાગ્ય કાવ્ય'ના કર્ત્તાના કથન પ્રમાણે આ તળાવ[1] 'જયનલ' નામના રાજાએ બંધાવ્યું હતું. અને તેનુ નામ 'જયનલલંકા' હતું. અહિંની અસહનીય ટાઢ ભાનુચંદ્રજીને સહન કરવી પડતી હતી.

---

૧ આ તળાવનું વર્ણન બંકિમચંદ્ર લાહિડીએ सम्राट् अकबर નામના બંગાળી પુસ્તકના પેજ ૧૮૮ મા પણ કર્યું છે

બાદશાહ અહિં પણ નિરન્તર રવિવારે સૂર્યનાં સહસ્રનામો સાંભળતો હતો. એક વખત બાદશાહે ભાનુચંદ્રજીને પૂછ્યું–' કેમ ભાનુચંદ્રજી ! અહિં તમને કોઇ જાતની તકલીફ તો નથી ને ? ' ભાનુચંદ્રજી લગાર હસ્યા અને પછી બોલ્યા–' રાજન્ ! અમે સાધુ છીએ, અમારે તો ગમે તેવી તકલીફ હોય, તો પણ સહન કરવીજ જોઇએ. ' બાદશાહે કહ્યું–' નહિં નહિં, એમ તો નહિ; પરન્તુ આપને કંઇ જરૂર હોય, તો અવશ્ય ફરમાવો ' ભાનુચંદ્રજીએ બાદશાહની પ્રસન્નતા જોઈ કહ્યું—' આજકાલ ટાઢ ઘણી પડે છે. અને તેથી શરીરમાં કંઇક ગરમાવો રહે, તો ટાઢની અસર કમ થાય ખરી ' બાદશાહે કહ્યું–' આપ એની શી ચિંતા રાખો છો ? જોઇએ તેવા ગરમ દુશાલા–ધુસ્સા દરબારમાં ઘણા છે, આપને ઉચિત લાગે, તે અવશ્ય લઇ શકો તેમ છો.' ભાનુચંદ્રજીએ સ્પષ્ટ સમજાવતાં કહ્યું–' નહિં નહિં, હું ધુસ્સા કે દુશાલાઓના ગરમાવાથી ટાઢની અસર કમ કરવા માગતો નથી. ધર્મનાં કામો કરવામાં મને જે ગરમાવો રહે છે, તે ગરમાવો ગરમ કપડાં ઓઢવાથી રહેતો નથી. ' બાદશાહે કહ્યું–' ત્યારે આપ શું માગો છો ?' ભાનુચંદ્રજીએ કહ્યું– ' આપે એક કામ ખાસ કરીને કરવા જેવું છે, અને તે એ છે કે– અમારા પવિત્ર તીર્થ સિદ્ધાચલજી ઉપર યાત્રા કરવા જનાર પાસેથી જે કર અને દાણ લેવામાં આવે છે, તે દૂર કરી દેવાં જોઇએ. '

બાદશાહે આ વાત મંજૂર કરી અને તે સંબંધી ફરમાનપત્ર લખી હીરવિજયસૂરિ ઉપર મોકલવામાં આવ્યું.

' હીરસૌભાગ્યકાવ્ય'ના કર્ત્તાનું કથન છે કે–' આ સિદ્ધાચલ તીર્થ ઉપર યાત્રા કરવા જનાર પાસેથી પહેલાં દીનાર (સોનાનાણું)' તે પછી પાંચમહમુંદિકા (રૂપિયા), અને તદનન્તર ત્રણ (રૂપિયા) લેવાતા; ' છેવટે બાદશાહે આ કર દૂર કર્યો.

કહેવાય છે કે–બાદશાહ જ્યારે કાશ્મીરની મુસાફરીથી પાછો વળ્યો, ત્યારે તે હિમાલયના વિષમ માર્ગમાં થઇને પીરપંજાલની

ઘાટીના રસ્તે આવ્યો હતો. આ અભેદ્ય ઘાટીમાં થઈને પસાર થતાં **ભાનુચંદ્રજી** અને બીજા સાધુઓને ઘણી તકલીફ ઉઠાવવી પડી હતી. બલ્કિ પગ ફાટવા લાગ્યા હતા અને તેથી ચાલવું પણ મુશ્કેલ થઇ પડયું હતું. આથી બાદશાહે તેઓને વાહનો સ્વીકારવાને કહ્યું, પરન્તુ તેમણે તે સંબંધી ચોખ્ખો ઇન્કાર કરી દીધો બાદશાહે પણ આવી વિડંબનાવસ્થામાં તેઓને મૂકીને આગળ વધવું અનુચિત ધારી ત્યાંજ મુકામ કર્યો, અને ત્રણ દિવસ બાદ જ્યારે તેઓ સમર્થ થયા, ત્યારેજ ત્યાંથી પડાવ ઉપાડયો હતો.

આ મુસાફરીમાંથી જ્યારે તેઓ લાહોરમાં આવ્યા, ત્યારે ત્યાં મ્હોટો ઉત્સવ થયો હતો. અને **ભાનુચંદ્રજી**ના ઉપદેશથી વીસ હજાર રૂપિયાઓનો વ્યય કરી ત્યાંના શ્રાવકોએ એક મ્હોટો ઉપાશ્રય બંધાવ્યો હતો.

આવીજ રીતે જ્યારે બાદશાહ **બર્હાનપુર** ગયો હતો, ત્યારે પણ **ભાનુચંદ્રજી**ને સાથેજ લઈ ગયો હતો. કહેવાય છે કે અહિં નગરને લૂંટતું અટકાવવામાં ખાસ **ભાનુચંદ્રજી**નો ઉપદેશજ કામમાં આવ્યો હતો અને તેથી તમામ પ્રજાને બહુ આનંદ થયો હતો.

અહિંથી પાછા આગરે આવ્યા પછી પણ તેમણે બાદશાહ પાસે કેટલાંક જીવદયા વિગેરેના કાર્યો કરાવ્યાં હતાં. એક વખત બાદશાહની સમક્ષ એક **બ્રાહ્મણ** પંડિતને પરાજિત કરીને પણ તેમણે બાદશાહની ખૂબ પ્રસન્નતા મેળવી હતી.

ભાનુચંદ્રજીની 'ઉપાધ્યાય' પદવી પણ બાદશાહની પ્રસન્નતાના ફળ રૂપેજ હતી. ઋષભદાસ કવિએ 'હીરવિજયસૂરિરાસ'માં આ સબંધી ખાસ જાણવા જેવી હકીકત આપી છે—

એક વખત શેખ અબ્બુલફ્જલને ત્યાં મૂલ નક્ષત્રમાં પુત્રીનો જન્મ થયો. તે વખત કેટલાક જોશિયોએ શેખને એમ જણાવ્યું કે 'આ પુત્રી જો જીવશે, તો તે મ્હોટો ઉત્પાત થશે, માટે તેણીને

પાણીમાં વહેતી મૂકી દેવી જોઇએ.' જ્યારે ભાનુચંદ્રજીને પૂછવામાં આવ્યું, ત્યારે તેમણે કહ્યું કે–' તેમ કરીને સ્ત્રીહત્યાનું પાપ વ્હોરવાની કંઇજ જરૂર નથી. તેની શાન્તિને માટે અષ્ટોત્તરીસ્નાત્ર ભણાવવું જોઇએ.' બાદશાહ અને શેખને આ વાત પસંદ પડી. તેમણે જોશિયોના કહેવા પ્રમાણે ન કરતાં કર્મચંદ્રજીને અષ્ટોત્તરીસ્નાત્ર ભણાવવાનો હુકમ કરી દીધો. એક લાખ રૂપિયાના વ્યયપૂર્વક મ્હોટા ઉત્સવ સાથે શ્રીસુપાર્શ્વનાથનું અષ્ટોત્તરીસ્નાત્ર ભણાવવામાં આવ્યું. **શ્રીમાનસિંગે** (ખરતર ગચ્છીય શ્રીજિનસિંહસૂરિએ) આ સ્નાત્ર ભણાવ્યું. આ અપૂર્વ ઉત્સવમાં બાદશાહ અને શેખે પણ ઉત્સાહથી ભાગ લીધો હતો. આ સ્નાત્ર વખતે તમામ શ્રાવક શ્રાવિકાઓએ આંબિલની તપસ્યા કરી હતી. આવા પવિત્ર માંગલિક કાર્યથી બાદશાહનું અને શેખનું વિઘ્ન દૂર થયું અને જિનશાસનની પણ ખૂબ પ્રભાવના થઇ.

આવા ઉત્તમકાર્યથી ભાનુચંદ્રજીની સર્વત્ર વધારે પ્રશંસા થવા લાગી. આ પ્રસન્નતાના પરિણામેજ એક વખત બાદશાહે શ્રાવકોને પૂછ્યું કે–' ભાનુચંદ્રજીને કંઇ પદવી છે કે કેમ? અને છે તો કઇ?' શ્રાવકોએ 'પંન્યાસ' પદવી હોવાનું જણાવ્યું. પછી બાદશાહે સૂરિજી (હીરવિજયસૂરિ) ઉપર પત્ર લખી ભાનુચંદ્રજીને ઉપાધ્યાય પદવી આપવા માટે અનુરોધ કર્યો. સૂરિજીએ ઝટ વાસક્ષેપ મંત્રીને બાદશાહ ઉપર મોકલાવ્યો. વાસક્ષેપ આવ્યા પછી મ્હોટા ઉત્સવપૂર્વક ભાનુચંદ્રજીને 'ઉપાધ્યાય' પદવી આપવામાં આવી. આ પદવી પ્રસંગે શેખ અબ્બુલફજલે પચીસ ઘોડા અને દસહજાર રૂપિયાનું દાન કર્યું હતું. તે સિવાય સંઘે પણ ઘણું દાન કર્યું હતું.

'હીરસૌભાગ્યકાવ્ય'ના કર્ત્તાનું એવું કથન છે કે–" જ્યારે બાદશાહ લાહોરમાં હતો, ત્યારે તેણે હીરવિજયસૂરિ ઉપર આમંત્રણ પત્ર લખી મોકલી, સૂરિજીના પ્રધાન શિષ્ય–પટ્ટધર **શ્રીવિજયસેનસૂરિને** બોલાવ્યા હતા. તેમણે જઇને નંદિમહોત્સવપૂર્વક

ભાનુચંદ્રજીને ‘ ઉપાધ્યાય ’ પદવી આપી હતી. તેમ શેખ અબ્બુલ-ફજલે આ પ્રસંગે ૬૦૦ રૂપિયા અને કેટલાક ઘોડાઓ વિગેરેનું દાન કર્યું હતું. ” અસ્તુ,

ગમે તે હો, પરન્તુ ભાનુચંદ્રજીની ઉપાધ્યાય પદવી અકબર બાદશાહના અનુરોધથી અને બાદશાહની સમક્ષ લાહોરમાં થઇ હતી, એ વાત તો નિર્વિવાદ સિદ્ધ છે.

કહેવાય છે કે–ભાનુચદ્રજીએ અકબરના પુત્ર **જહાંગીર** અને **દાનીઆલ**ને જૈનશાસ્ત્રોનો અભ્યાસ પણ કરાવ્યો હતો.

ઉપરના વૃત્તાન્તમાં બે નવાં નામોનો ઉલ્લેખ અમે કરી ગયા છીએ. **કર્મચંદ્ર** અને **માનસિંહ**. આ બન્ને મહાનુભાવોનો ટૂંક પરિચય અહિં આપવો જરૂરનો છે.

કર્મચંદ્ર, એ એક વખત **બીકાનેર**ના મહારાજા **કલ્યાણ-મલ્લ**ના મંત્રી હતા. ધીરે ધીરે પોતાની શક્તિથી આગળ વધીને તેણે અકબર બાદશાહનું મંત્રિત્વ પ્રાપ્ત કર્યું હતું. મંત્રિ કર્મચંદ્ર, ખરતરગચ્છના અનુયાયી જૈનગૃહસ્થ હોવાથી જૈનધર્મની ઉન્નતિનાં કાર્યોમાં બહુ ઉત્સાહથી ભાગ લેતો હતો. બાદશાહની પણ તેના ઉપર બહુ પ્રીતિ હતી. આ કર્મચંદ્રના કારણથીજ ખરતરગચ્છીય આ-ચાર્ય **શ્રીજિનચંદ્રસૂરિ** અકબરના દરબારમાં ગયા હતા. ‘ કર્મ-ચંદ્રચરિત્ર ’ વિગેરે કેટલાક ગ્રંથો ઉપરથી જણાય છે કે–જિનચંદ્ર-સૂરિએ પણ બાદશાહ ઉપર સારો પ્રભાવ પાડ્યો હતો. અને તેમના ઉપદેશથી બાદશાહે આષાઢ શુદિ ૯ થી આષાઢ શુદિ ૧૫ સુધી–સાત દિવસો અમારી–જીવવધના નિષેધનો હુકમ બાહાર પાડ્યો હતો. અને તે સંબંધીનું ફરમાનપત્ર પોતાના અગિયાર પ્રાન્તોમાં મોકલી આપ્યું હતું[1] આ તે વખતની વાત છે કે–જ્યારે આચાર્ય

---

૧ આ અસલી ફરમાનપત્ર સૌથી પહેલાં પરમગુરુ શાસ્ત્ર-વિશારદ-જૈનાચાર્ય શ્રીવિજયધર્મસૂરી મહારાજને વિ. સં. ૧૯૬૮ ની

લાહોરમાં રહેતો હતો. અને જે વખત ભાનુચંદ્રજી વિગેરે પણ ત્યાંજ હતા.

બીજું નામ **માનસિંહ**નું છે. આ **માનસિંહ**, તેજ **શ્રીજિનચંદ્રસૂરિ**ના શિષ્ય હતા. અને જેઓનું પ્રસિદ્ધ નામ **શ્રીજિનસિંહસૂરિ** હતું. જ્યારે બાદશાહ **કાશ્મીર**ની મુસાફરીએ ગયો હતો, ત્યારે જેમ **ભાનુચંદ્રજી**ને સાથે લઇ ગયો હતો, તેમ **માનસિંહ** (**જિનસિંહસૂરિ**) ને પણ સાથેજ લઇ ગયો હતો. જ્યારે **જિનચંદ્રસૂરિ** **લાહોર**માં રહ્યા હતા. **કાશ્મીર**ની મુસાફરીથી આવ્યા પછી **માનસિંહ**ને મ્હોટા ઉત્સવપૂર્વક **આચાર્યપદ્વી** આપવામાં આવી હતી, અને તે વખતે તેમનું નામ '**જિનસિંહસૂરિ**' સ્થાપન કરવામાં આવ્યું હતું. **માનસિંહ**ની આચાર્યપદવીની ખુશાલીમાં **બાદશાહે** **ખંભાત**નાં બંદરોમાં થતી હિંસા બંધ કરાવી હતી. તેમ **લાહોર**માં પણ એક દિવસ, કોઇ પણ માણસ જીવની હિંસા ન કરે, એવો પ્રબંધ કર્યો હતો. **કર્મચંદ્ર**મંત્રિએ આ પ્રસંગે ઘણું દ્રવ્ય ખરચીને ઉત્સવ કર્યો હતો.

આપણે પહેલાં જોઇ ગયા છીએ કે—જ્યારે **શાંતિચંદ્રજી** બાદશાહ પાસેથી વિદાય થયા, ત્યારે **ભાનુચંદ્રજી**ની સાથે તેમના સુયોગ્યશિષ્ય **સિદ્ધિચંદ્રજી**ને પણ રાખવામાં આવ્યા હતા. તે સિવાય **ઉદયચંદ્રજી** વિગેરે પણ તેમના કેટલાક વિદ્વાન્ શિષ્યો રહ્યા હતા. બાદશાહ **સિદ્ધિચંદ્રજી**ને પણ બહુમાન આપતો હતો. જ્યારે

[illegible]ને [illegible] ખરતરગચ્છ[illegible] પ્રાચીન પુસ્ત[illegible] તપાસતા [illegible] [illegible]ન તેની એક નકલ '**સરસ્વતી**' સમ્પાદક સાદરરત્ન [illegible] [illegible]**રપ્રસાદ દ્વિવેદી**જીને આપતા, તેમણે '**સરસ્વતી**'ના ઇ સ ૧૯૧૨ ના જૂનના અંકમા પ્રકટ પણ કર્યું હતું આ ફરમાનપત્રમા બાદશાહે, હીરવિજયસૂરિના ઉપદેશથી સૂરિજીને પર્યુષણના આઠ અને બીજા ચાર—એમ બાર દિવસો સુધી જીવરક્ષાનું જે ફરમાન આપ્યુ હતું, તેનો પણ ઉલ્લેખ કરેલો છે.

ઉમરાવો વિગેરે તેમને બહુમાન આપે એમાં આશ્ચર્ય શું છે? કહેવાય છે કે–એક વખત **બર્હાનપુર**માં બત્રીસ ચોરો માર્યા જતા હતા, તે વખત દયાની લાગણીથી તેઓ બાદશાહનો હુકમ લઇ જાતે ત્યાં ગયા હતા અને તે ચોરોને છોડાવ્યા હતા. વળી **જયદાસ જપો** નામનો એક લાડવાણિયો હાથી તળે ચકદાવીને માર્યો જતો હતો, તેને પણ છોડાવ્યો હતો.

સિદ્ધિચંદ્રજી જેવા વિદ્વાન્ હતા; તેવાજ શતાવધાની પણ હતા. આથી બાદશાહ તેમના ઉપર પ્રસન્ન રહેતો. તેમની આવી ચમત્કૃતિથી ચમત્કૃત થઇને જ બાદશાહે તેમને '**ખુશફહમ**' ની માનપ્રદ પદવી આપી હતી. તેઓએ ફારસી ભાષા ઉપર પણ સારો કાબૂ મેળવ્યો હતો, અને તેથી કરીને કેટલાક ઉમરાવો સાથે પણ તેમની સારી પ્રીતિ થઇ હતી

જુદી જુદી ભાષાઓનું જ્ઞાન, જુદા જુદા દેશના મનુષ્યોને ઉપદેશ આપવામા અસાધારણ કારણ છે. ગમે તેવો વિદ્વાન્ મનુષ્ય હોય, પરન્તુ જો તેને જુદી જુદી ભાષાઓનું (દેશ ભાષાઓનુ) જ્ઞાન ન હોય, તો તે પોતાના મનનો ભાવ જોઇએ તેવી રીતે બીજી બીજી ભાષાના જાણકારોને સમજાવી શકે નહિ. કેવલ ગુજરાતી ભાષાનો જાણકાર ગમે તેવો વિદ્વાન્ કે વકતૃત્વશક્તિ ધરાવનાર હોય, પણ જો તે બંગાલમાં જાય, તો ત્યાના લોકોને કોઇ પણ રીતે પોતાની વિદ્વત્તાનો કે વકતૃત્વશકિતનો લાભ આપી શકશે નહિ. એટલા માટે તો પહેલાંના જમાનામા કોઇને આચાર્યપદવી આપવા વખતે જેમ તેમની વિદ્વત્તાનો ખ્યાલ કરવામા આવતો હતો, તેમ તેમનુ ભાષાજ્ઞાન પણ જોવામા આવતું હતું અર્થાત્ આચાર્યને જુદા જુદા દેશની જુદી જુદી ભાષાઓ શિખવી પડતી હતી ઉપદેશકોએ આ વાત ખૂબ ધ્યાનમા લેવી જોઇએ છે.

ઋષભદાસ કવિના કહેવા પ્રમાણે સિદ્ધિચંદ્રજી, પોતાના સાધુધર્મમાં કેવા પક્કા છે? તેઓ કોઇ પણ ઉપાયે ગૃહસ્થાશ્રમ તરફ લલચાય છે કેમ? એની પરીક્ષા કરવા માટે બાદશાહે કેટલીક ધન–

માલની લાલચ આપી હતી, અને છેવટે તેમને બાંધીને મારવા સુધીનો પણ ભય બતાવ્યો હતો; પરન્તુ સિદ્ધિચંદ્રજી પોતાની દૃઢતામાં એકના બે થયા ન્હોતા. તેમણે એજ શબ્દો ઉચ્ચાર્યા હતા કે–" આ લક્ષ્મી તો શું ? આખું રાજ્ય આપો અને આ પ્રમાણે કષ્ટ આપવાની વાત તો શી ? પણ પ્રાણ ચાલ્યા જવાનો વખત આવે, તો પણ હું મારા આ ચારિત્રધર્મને છોડી શકું તેમ નથી. જે તુચ્છ વસ્તુઓનો ત્યાગ કર્યો છે, તે તુચ્છ વસ્તુઓનો સ્વીકાર કરવો, એ ઓકેલાને પાછું ખાવા બરાબર છે. વિશેષ શું કહેવું ? "

સિદ્ધિચંદ્રજીનાં આ દૃઢતાભર્યાં વચનોથી બાદશાહને પારાવાર આનંદ થયો. અને ગદગદ હૃદયે સિદ્ધિચંદ્રજીના પગમાં પડી તેણે ભક્તિપૂર્વક નમસ્કાર કર્યો

ભાનુચંદ્રજી અને સિદ્ધિચંદ્રજી વખતો વખત બાદશાહની આગળ વિજયસેનસૂરિની તારીફ કરતા હતા. બાદશાહને પણ સ્મરણમાં હતું કે–હીરવિજયસૂરિએ પોતાના પ્રધાન શિષ્ય વિજયસેનસૂરિને મોકલવા માટે વચન આપ્યું છે. એક વખત બાદશાહની ઇચ્છા થઇ કે–વિજયસેનસૂરિને બોલાવીએ. આ વખતે બાદશાહ લાહોરમાં હતો. 'લાભોદયરાસ' માં કહેવામાં આવ્યું છે કે–બાદશાહ જ્યારે લાહોરમાં હતો; ત્યારે તેની ઇચ્છા હીરવિજયસૂરિને પુનઃ પોતાની પાસે બોલાવવાની થઈ. જ્યારે તેણે પોતાની આ ઇચ્છા અબ્બુલફજલને જણાવી, ત્યારે અબ્બુલફજલે બાદશાહને સમજાવતાં કહ્યું હતું કે–' હીરવિજયસૂરિ હવે વૃદ્ધ થઇ ગયા છે. આવી અવસ્થામાં તેઓને અહિં સુધી બોલાવવા તે ઠીક નહિં.' તેથી તેણે વિજયસેનસૂરિને બોલાવવા માટે આમંત્રણ મોકલ્યું હતું. આ પત્રમાં તેમણે લખ્યું હતું કે—

" જો કે, આપ તો નીરાગી છો, પરન્તુ હું રાગી છું. આપે સંસારના તમામ પદાર્થો ઉપરથી મોહને તજી દીધો છે. તેથી એ બનવાજોગ છે કે–આપ મને પણ ભૂલી ગયા હો. પરન્તુ મહારાજ ! હું આપને ભૂલ્યો નથી. આપ વખતો વખત મારા લાયક કંઇને કંઇ

કાર્ય ફરમાવતા રહેશો, તો મને બહુ આનંદ થશે અને હું માનીશ કે—ગુરૂજીની દયા મારા ઉપર હજૂ જેવી ને તેવીજ છે. બીજી વાત એ છે કે—આપને યાદ હશે કે જ્યારે આપ મારી પાસેથી વિદાય થયા, તે વખત મારા ઉપરની અનહદ કૃપાને પરિણામે આપે મને વચન આપ્યું હતું કે—‘ વિજયસેનસૂરિને મોકલીશ. ’ આશા છે કે—આપ વિજયસેનસૂરિને મોકલીને મને વધારે ઉપકૃત કરશો. ”

આ વખતે સૂરિજી રાધનપુરમાં બિરાજતા હતા. બાદશાહનો પત્ર વાંચી સૂરિજી બહુ વિચારમા પડ્યા. પોતાની આવી વૃદ્ધાવસ્થામાં વિજયસેનસૂરિને પોતાથી જુદા પાડવા—લાંબી મુસાફરીને માટે જુદા પાડવા—માટે સૂરિજીનું મન વધતું ન્હોતું; જ્યારે બાદશાહને આપેલા વચન પ્રત્યે ઉપેક્ષા કરવાની પણ તેમની હિંમત ચાલતી ન્હોતી. અન્તતોગત્વા વિજયસેનસૂરિને મોકલવાનોજ નિશ્ચય કર્યો. વિજયસેનસૂરિએ પણ ગુરૂની આજ્ઞા પૂર્વક, વિ સ. ૧૬૪૯ ના માગશર શુદિ ૩ ના દિવસે શુભ મુહુર્ત્તે પ્રયાણ કર્યું. વિજયસેનસૂરિ પાટણ, સિદ્ધપુર, માલવણ, સરોત્તર, રોહ, સુંડથલા, કાસદ્રા, આબૂ, સીરોહી, સાદડી, રાણપુર, નાડલાઇ, બાંતા, બગડી, જયતારણ, મેડતા, ભમરૂદા, નારાયણા, ઝાક, સાંગાનેર, વૈરાટ, બેરોજ, રયવાડી, વિક્રમપુર, ઝજ્ઝર, મહિમનગર, અને સમાના થઇને લાહોર પધાર્યા. લાહોરમાં આવ્યા પહેલા જ્યારે લુધિઆણામા આવ્યાના સમાચાર મળ્યા, ત્યારે ફૈજી સ્હામે આવ્યો હતો. અહિં નંદિવિજયજીએ અષ્ટાવધાન સાધી બતાવ્યા હતાં. આથી ફૈજીને બહુ આનદ થયો. અને તેથી તેણે બાદશાહ પાસે જઇને બહુ તારીફ કરી વળી વિજયસેનસૂરિ લાહોરથી પાચ ગાઉ દૂર રહ્યા, ત્યારે ભાનુચન્દ્રજી વિગેરે તેમની સ્હામે આવ્યા હતા. લાહોરના પ્રવેશ કર્યા પહેલા તેમણે ખાનપુર નામના પરાના મુકામ કર્યો હતો. વિજયસેનસૂરિના પ્રવેશોત્સવ પ્રસંગે બાદશાહે હાથી, ઘોડા અને વાજિત્રા વિગેરે કેટલોએ બાદશાહી સામાન આપી. પ્રવેશોત્સવની શોભા

પાડી હતી અને તેથી બાદશાહના તેમના પ્રત્યેના પૂજ્યભાવમાં વધારો થયો હતો, પરન્તુ કહેવું જોઈએ કે આ વાત જૈનધર્મના કેટલાક દ્વેષી મનુષ્યોને બિલકુલ અસહ્ય થઈ પડી હતી

ભારતવર્ષની અવનતિનું ખાસ કારણ આપસનો દ્વેષભાવ બતાવવામાં આવે છે, તે ખોટું નથી જ્યારથી આ ઈર્ષ્યાએ–દ્વેષભાવે ભારતવર્ષમા પગ પેસારો કર્યો છે, ત્યારથી ભારતવર્ષ દિનપ્રતિદિન અધઃ અવસ્થામાંજ આવતો જાય છે તેમા ખાસ કરીને કેટલાકોને તો આપસમાં નિત્યવૈર જેવુ જ થઈ પડેલુ હોય છે આવા લોકોમા 'યતિ' (સાધુ) અને 'બ્રાહ્મણો' નુ દૃષ્ટાંત પહેલાં અપાય છે. અને તેટલાજ માટે વૈયાકરણ લોકોને '**नित्यवैरस्य**' એ સમાસ-સૂત્રમાં **अहिनकुलम्** ઇત્યાદિ નિત્ય વૈરવાળાઓના ઉદાહરણોની સાથે '**यतिब्राह्मणम्**' એ ઉદાહરણ પણ આપવુ પડ્યું છે જો કે એ બહુ ખુશી થવા જેવુ છે કે–જાગતા જીવતા આ વૈજ્ઞાનિક જમાનામાં ધીરે ધીરે આ વૈરનો નાશ થતો જાય છે અને જમાનાને ઓળખનાર યતિ (સાધુ) અને બ્રાહ્મણો આપસમાં પ્રેમ ગણવા લાગ્યા છે પરંતુ જે જમાનાનો ઇતિહાસ આપણે અવલોકીએ છીએ. તે જમાનામા '**यतिब्राह्मणम्**' નુ ઉદાહરણ વિશેષતયા ચરિતાર્થ થતું હતુ, એમ કેટલીક ઐતિહાસિક બીનાઓ ઉપરથી માલૂમ પડે છે

વિજયસેનસૂરિ જ્યારે લાહોરમા અકબરની પાસે હતા, ત્યારે પણ એવોજ એક પ્રસંગ ઉપસ્થિત થયો હતો કહેવાય છે કે–જ્યારે અકબર બાદશાહ વિજયસેનસૂરિને બહુ માનવા લાગ્યો અને તેઓનો ઉપદેશ વાર વાર શ્રવણ કરવા લાગ્યો, તેમ જૈનોના મ્હોટા મ્હોટા ઉત્સવો થવા લાગ્યા. ત્યારે કેટલાક અન્યપ્રકૃતિવાળા બ્રાહ્મણોએ પ્રસંગ જોઈને બાદશાહને એ વાત ઠસાવી કે– "જૈનો તો સચ્ચિદ્રૂપ પરમાત્મા–ઈશ્વરનેજ માનતા નથી. તો પછી તેમનો સત્કાર શા કામનો? જે લોકો ઈશ્વરને ન માનતા હોય તેમની બધી ક્રિયાઓ નકામી જ છે."

રીતે માને છે ? તેનું સ્વરૂપ કેવું છે ? સર્વથા કર્મથી મુક્ત થએલ અને સંસારના સંબંધથી છૂટા થએલ ઈશ્વરને જગત્નો કર્ત્તા માનવાથી–જગત્ની રચનાના પ્રપંચમાં પાડવાથી કેવી કેવી બાધાઓ ઉપસ્થિત થાય છે ? એ વિગેરે બતાવવા સાથે હિંદુ ધર્મશાસ્ત્રનાંજ કેટલાંક પ્રમાણોથી એ વાત સિદ્ધ કરી બતાવી કે–ખરેખર જૈનો ઈશ્વરને માનેજ છે. અને તેઓ જે સ્વરૂપમા માને છે, તેજ સ્વરૂપ વાસ્તવમાં સાચું છે.+

બાદશાહને વિજયસેનસૂરિજીની અકાટચ યુક્તિયો અને શાસ્ત્રપ્રમાણોથી બહુ ખુશી થઇ અને તેથી તેણે અધ્યક્ષપદેથી એ શબ્દો ઉચ્ચાર્યા કે–" જે લોકો એમ કહે છે કે–' જૈનો ઈશ્વરને માનતા નથી, ' તેઓ તદ્દન જૂઠ્ઠા છે. જૈનો, જેવી રીતે જોઇએ તેવી રીતેજ ઈશ્વરને માને છે. "

આ સિવાય બ્રાહ્મણ પંડિતો તરફથી, ' જૈનો સૂર્યને અને ગંગાને પણ માનતા નથી ' એવી દલીલ ઉભી કરવામા આવી. આનો ઉત્તર પણ સૂરિજીએ ટૂંકામાં પણ બહુ યુક્તિપુરઃસર આપ્યો હતો. સૂરિજીએ કહ્યું–" જેવી રીતે અમે–જૈનો ' સૂર્ય ' ને અને ' ગંગા ' ને માનીએ છીએ, તેવી રીતે બીજું કોઈ માનતુંજ નથી. એમ હું દાવા સાથે કહી શકું છું. અમે સૂર્યને ત્યા સુધી માનીએ છીએ–સૂર્યનું ત્યા સુધી બહુમાન કરીએ છીએ કે–સૂર્યની વિદ્યમાનતા સિવાય અમે અન્ન પાણી પણ લેતા નથી. અર્થાત્ સૂર્યનો ઉદય થયા પહેલા અને સૂર્યનો અસ્ત થયા પછી અન્ને પાણી પણ પીતા નથી. કેટલું બધું બહુમાન ? કેટલી બધી સાચી માન્યતા ? લગાર વિચાર કરવાની વાત છે કે–જ્યારે કોઈ મરી જાય છે, ત્યારે તેના સંબંધી મનુષ્યો અરે, રાજાનું મૃત્યુ થયું હોય. તે તેની પ્રજા ત્યા સુધી ભોજન નથી કરતી કે જ્યા સુધી તેનો અગ્નિસંસ્કાર

[illegible]

કરવામાં નથી આવતો ત્યારે દિનાનાથ—સૂર્યની અસ્તદશામાં (રાત્રિના સમયે) ભોજન કરનારા જો સૂર્યદેવને માનવાનો દાવો કરતા હોય, તો તે તદ્દન ખોટું છે, એ વાત બુદ્ધિમાન મનુષ્યો સહજ સમજી શકે તેમ છે. માટે ખરી રીતે સૂર્યને માનનારા અમે જૈનોજ છીએ.

"હવે ગંગાજીને માનવાનો ડોળ પણ તેમનો તેવોજ છે. ગંગાજીને માતા—પવિત્રમાતા માનવા છતાં તેની અંદર પડીને નહાય છે, તેમાં કોગળા કરે છે અને, વિષ્ઠા અને પેશાબ પણ તેની અંદર નાખે છે. ક્યાં સુધી કહેવું? મરેલા મનુષ્યનાં મડદાં, કે જેને [illegible] અભડાય, તેનાં હાડકાં વિગેરે પણ તે પવિત્ર [illegible] સમર્પણ કરે છે. જુઓ માતાનું બહુમાન, જુઓ [illegible]? પવિત્ર અને પૂજ્ય ગણાતી ગંગામાતાને આવી [illegible] કરનાર ભક્તોની ભક્તાઇને માટે શું કહેવું? [illegible] ગંગાના પવિત્ર જળનો ઉપયોગ જિનપ્રતિષ્ઠાદિ શુભકા- [illegible] કરવામાં આવે છે. ગંગાજીમાં ડુબકીઓ મારીને સ્નાન પણ [illegible] નથી. આ વર્તનના ઉપરથી બુદ્ધિમાનો વિચાર કરી શકે કે ગંગાજીનું ખરૂં બહુમાન જૈનો કરે છે કે આ [illegible] કરવા ઉભા થયેલા પંડિતો?"

મનુષ્યોને બંદિ કરવાનો નિષેધ, એ વિગેરે કામો મુખ્ય છે **વિજય**-સેનસૂરિના ઉપદેશથી બાદશાહે કરેલાં કાર્યોનું વિસ્તૃત વર્ણન '**વિજયપ્રશસ્તિકાવ્ય**' વિગેરેમાં જોવામાં આવે છે. **પં.** દયાકુશલગણિ પણ '**લાભોદયરાસ**'માં **વિજયસેનસૂરિના** ઉપદેશથી બાદશાહે કરેલ કાર્યોનો ઉલ્લેખ આ પ્રમાણે કરે છે—

" **અકબર** સહગુરૂકુ બકસઈ ને ગુણના હીઅડુ વિકસઈ,
નગર ઠઠઉ સિંધ કચ્છ પાણી બહુલા જિહા મચ્છ. ૧૨૭
જિહા હુતા બહુત સહાર ધ્યન ધ્યન સદ્ગુરૂ ઉપગાર;
ચ્યાર માસ કો જાલ ન ધાલઇ વિગોપઇ વલી વરસાલઇ ૧૨૮
ગાય બલદ ભીંસિ મહિષ જેહ કહી કોએ ન મારઇ તેહ,
ગુરૂવચનિ કો બદી ન ઝાલઇ મૃતક કેરૂ કર ટાલઇ" ૧૨૯

આ ઉપરથી એ પણ જણાય છે કે-**વિજયસેનસૂરિના** ઉપદેશથી બાદશાહે સિંધુ નદી અને કચ્છમાં જ્યાં ઘણા મચ્છોની જીવહિંસા થતી હતી, ત્યાં ચાર મહીના કોઇ જાળ ન નાખે, અને કોઇ જીવની હિંસા ન કરે, એવો પણ હુકમ બહાર પાડયો હતો

× × × ×

અત્યાર સુધીનાં વૃત્તાન્તો ઉપરથી આપણે જોઇ શક્યા છીએ કે-આચાર્ય **શ્રીહીરવિજયસૂરિ**, **શ્રીશાંતિચંદ્ર** ઉપાધ્યાય, **શ્રીભાનુચંદ્ર** ઉપાધ્યાય અને **શ્રીવિજયસેનસૂરિએ** **અકબર** બાદશાહ ઉપર પ્રભાવ પાડીને અનેક જનહિતના, ધર્મની રક્ષાના અને જીવદયાના કાર્યો કરાવ્યાં હતા **ગુજરાતમાંથી** 'જીજીયાવેરો' દૂર કરાવ્યો; સિદ્ધાચલ, ગિરિનાર, તારંગા, આબૂ, કેસરિયાજી, રાજગૃહીના પહાડો અને સમ્મેતશિખર વિગેરે તીર્થો શ્વેતામ્બરોના છે, એ સંબંધી પરવાનો લીધો.[1]

૧ આ અસલ પરવાનો અમદાવાદમાં શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીમાં મોજૂદ છે. તેનો [illegible]
જના દેના **મુહમ્મદ અબ્દુલસાહે** [illegible]

સિદ્ધાચલજીમા લેવાતું મૂંડકું બંધ કરાવ્યું; મરેલ મનુષ્યનું ધન ગ્રહણ કરવાનો અને યુદ્ધમાં બંદિગ્રહણ કરવાનો નિષેધ કરાવ્યો; વળી પક્ષિયોને પાંજરાંમાંથી છોડાવવાનું; ડાબર તળાવમાં થતી હિંસા બંધ કરાવવાનું; ગાય, ભેંસ, પાડા અને બળદની હિંસા બંધ કરાવવાનું; અને તે સિવાય વખતો વખત જીવહિંસાના પ્રસંગો પ્રાપ્ત થયે બાદશાહને કહી કહીને તે હિંસા બંધ કરાવવાનું–વિગેરે અનેક કાર્યો કરાવ્યાં હતાં આ ઉપરાન્ત તેઓના ઉપદેશથી સૌથી મ્હોટામાં મ્હોટું અને સૌથી વધારે મહત્ત્વનુ કાર્ય થયું હતું, તે એ છે કે–**બાદશાહે** પોતાના સમસ્ત રાજ્યમાં આખા વર્ષમાં છ મહીના અને છ દિવસ સુધી કોઈ પણ માણસ કોઈ પણ જીવની હિંસા ન કરે, એવા હુકમો બહાર પાડયા હતા. આ દિવસોની ચોક્કસ ગણતરી કરવાનું કામ કઠિનતા ભરેલું છે કારણ કે, જો કે **હીરસૌભાગ્ય** કાવ્ય, **હીરવિજયસૂરિરાસ**, **ધર્મસાગરની પટ્ટાવલી**, **પાલીતાણાનો** વિ. સં. ૧૬૫૦ નો શિલાલેખ અને **જગદ્ગુરુકાવ્ય** વિગેરે જુદા જુદા અનેક જૈન ગ્રંથોમાં **અકબરે** જીવદયાને માટે મુકરર કરેલા મહીનાઓ અને દિવસોનાં નામો અવશ્ય આપ્યાં છે, કિન્તુ તેમા કેટલાક મહીના મુસલમાની તહેવારોના હોઈ એ નિર્ણય સ્હેજે

સમજાય છે, કે તે હીરવિજયસૂરિના ઉપદેશથી આપવામા આવ્યો હતો કેટલાક લોકો ઉપર્યુક્ત તીર્થો શ્વેતામ્બરોનાં સ્વતંત્ર હોવામા વાંધો ઉઠાવે છે, પરન્તુ તે બિલકુલ ખોટું છે કારણ કે–એક તો ઉપરનો પરવાનો વિદ્યમાન છે, અને બીજું, ઉપરનો પરવાનો આપ્યા પછી અમુક મુદતે, ઉપરના પરવાનાની દૃઢતાને માટે અકબરના દરબારમા રહેતા શ્વેતામ્બર મૂર્તિપૂજક ખરતરગચ્છીય **મંત્રિ કર્મચંદ્રને** પણ તેજ તીર્થો આપ્યાનો ઉલ્લેખ અકબરના સમકાલીન **પં. જયસોમે** પણ પોતાના બનાવેલા **कर्मचंद्रचरित्र** મા આ પ્રમાણે કર્યો છે—

> " **नाथनाथ प्रसन्नेन जिनास्तीर्थास्समेऽपि हि ।**
> **मंत्रिमाद्भिहिता नूनं पुंडरीकाचलादय.** " ॥ ३२८ ॥

ભાવાર્થ—બાદશાહે પ્રસન્ન થઈને પુંડરીક (સિદ્ધાચલ) આદિ બધાં તીર્થો મંત્રીને આધીન કર્યા.

થઇ શકે તેમ નથી કે-તે મહીનાઓના કેટલા કેટલા દિવસો ગણવા અથવા તેમાં કોનો કોનો સમાવેશ થઇ જાય છે આમ છતાં પણ પહેલાં ગણાવ્યા છે, તે પ્રમાણેના અથવા તે પૈકીના અમુક અમુક દિવસોમા બાદશાહે પોતાના સમસ્ત રાજ્યમા જીવહિંસાનો નિષેધ કર્યો હતો, અને તે દિવસોમા **બાદશાહ** પોતે પણ માંસાહાર કરતો નહિં, એ વાત અનેક જૈનેતર લેખકોએ પણ પોતપોતાના ધર્મગ્રંથોમાં લખી છે **બંકિમચંદ્ર લાહિડી** પોતાના '**સમ્રાટ્ અકબર**' નામના બંગાળી પુસ્તકના પે ૨૫૨ મા લખે છે—

"सम्राट् रविवारे, चन्द्र ओ सूर्यग्रहणादिने एवं आर ओ अन्यान्य अनेक समये कोन मांस आहार करितेन ना। रविवार ओ आर ओ कतिपय दिने पशुहत्या करिते सर्वसाधारणके निषेध करिया छिलेन।"

અર્થાત્—સમ્રાટ્ રવિવાર, ચંદ્ર અને સૂર્યગ્રહણના દિવસો અને બીજા પણ જુદા જુદા અનેક સમયોમા માંસાહાર કરતો નહોતો. રવિવાર અને બીજા કેટલાક દિવસોમા પશુહત્યા કરવાનો સર્વ સાધારણમાં તેણે નિષેધ કર્યો હતો.

આવીજ રીતે અકબરના સર્વસ્વ તરીકે ગણાતા અને અકબરનો રાતદિવસનો સહચર શેખ અબુલફજલ પોતે પણ 'આઈન-ઇ-અકબરી' માં લખે છે—

and during the month, in which His Majesty was born, viz, the month of Aban

[The Ain-i-Akbari translated by H. Blochmann M. A. Vol. I p p 61-62]

અર્થાત્-તે (બાદશાહ) જમાનાની લાગણીઓને કંઇક અંશે વળગી રહીને પણ હાલમાં ધીરે ધીરે માંસ છોડવાનો વિચાર રાખે છે. બાદશાહ ઘણા વખત સુધી શુક્રવારોએ અને ત્યારપછી રવિવારોએ પણ માંસ ભક્ષણ કરતો નહિ. હાલમાં તે દરેક સૌર્ય મહીનાની પહેલી તિથિએ, રવિવારે, સૂર્ય અને ચંદ્રગ્રહણના દિવસોએ, બે ઉપવાસની વચ્ચેના દિવસોએ, રજબ મહીનાના સોમવારોએ, દરેક સૌર્ય મહીનાના તહેવારે, આખા ફરવરદીન મહીનામાં અને પોતાના (બાદશાહના) જન્મના મહીનામાં અર્થાત્ આખા આબાન માસમાં માંસભક્ષણ કરતો નથી.

જૈન લેખકોની સત્યતા, અબ્બુલફજલના આ વચનથી બહુ દૃઢ થાય છે. કારણ કે-જૈન લેખકોએ જે દિવસો ગણાવ્યા છે, તેજ દિવસો લગભગ અબ્બુલફજલ પણ ગણાવે છે. એટલુંજ નહિ પરન્તુ, જૈન લેખકો, બાદશાહે છ મહીના અને છ દિવસ-અથવા છ મહીના ઉપર માંસાહાર છોડયા સંબંધી અને તેટલાજ દિવસોમાં જીવહિંસા બંધ કર્યો સંબંધી જે હકીકત જણાવે છે, તેજ હકીકત અકબરના દરબારનો કટ્ટર મુસલમાન બદાઉની પણ લખે છે. તે કહે છે—

" At this time His Majesty promulgated some of his new-fangled decrees The killing of animals on the first day of the week was strictly prohibited, (P. 322) because this day is sacred to the Sun, also during the first eighteen days, of the month of Farwardin, the whole of the month of Aban (the month in which His Majesty was born), and on several other days, to please the Hindus This order

was extended over the whole realm and punishment was inflicted on every one, who acted against the command. Many a family was ruined, and his property was confiscated. During the time of these fasts the Emperor abstained altogether from meat as a religious penance, gradually extending the several fasts during a year over six months and even more, with a view to eventually discontinuing the use of meat altogether."

[Al-Badaoni, Translated by W. H. Lowe, M. A., Vol. II p. 331.]

અર્થાત્—આ વખતે બાદશાહે તેના કેટલાક નવીન પ્રિય હુકમોનો પ્રચાર કર્યો હતો. અઠવાડિયાને પહેલે દિવસે પ્રાણિયોના વધની સખત મનાઇ કરવામાં આવી હતી, કારણ કે આ દિવસ સૂર્ય પૂજાનો છે. વળી ફરવરદીન મહીનાના પહેલા અઢાર દિવસોમાં, આખા આબાન મહીનામાં (જે મહીનામાં બાદશાહનો જન્મ થયો હતો) અને હિંદુઓને ખુશ કરવાને બીજા કેટલાક દિવસોએ પ્રાણિયોના વધનો સખત નિષેધ કર્યો હતો. આ હુકમ આખા રાજ્યમાં ફેલાવવામાં આવ્યો હતો અને હુકમ વિરુદ્ધ વર્ત્તન કરનારને સજા કરવામાં આવતી હતી. આથી ઘણાં કુટુંબો પાયમાલ થઇ ગયાં હતાં અને તેઓની મિલકત જપ્ત કરવામાં આવી હતી. આ ઉપવાસોના દિવસોમાં બાદશાહે એક ધાર્મિક તપ તરીકે માંસાહાર તદ્દન બંધ કર્યો હતો અને ધીરે ધીરે વર્ષ દરમીયાન છ મહીના ઉપરાન્ત અને તેથી પણ વધારે કેટલાક ઉપવાસો એવા હેતુથી વધારતો ગયો કે, તે માંસનો ઉપયોગ આખરે તદ્દન બંધ કરી શકે.

બદાઉનીએ ઉપરના વચનોમાં 'હિન્દુ' [illegible] છે તે 'હિન્દુ' ની [illegible]

ઓના વધનો નિષેધ કરવામાં અને જીવદયા સંબંધી રાજા મહારાજાઓને ઉપદેશ આપવામાં આજ સુધી જો કોઇ પણ પ્રયત્નશીલ રહ્યા હોય, તો તે **જૈનોજ** છે. સુપ્રસિદ્ધ ઇતિહાસકાર **વિન્સેંટ સ્મીથ** પણ પોતાના Akbar નામના પુસ્તકના ૩૩૫ મા પેજમાં સ્પષ્ટ રીતે લખે છેઃ—

" He cared little for flesh food, and gave up the use of it almost entirely in the later years of his life, when he came under Jain influence "

અર્થાત્—માંસભોજનપર બાદશાહને બિલકુલ રૂચિ ન્હોતી. અને તેની પાછલી જિંદગીમાં, જ્યારથી તે જૈનોના સમાગમમાં આવ્યો, ત્યારથી માંસભોજનને સર્વથા છોડીજ દીધું.

આ ઉપરથી સિદ્ધ થાય છે કે–બાદશાહને માંસાહાર છોડાવવામાં તથા જીવવધ બંધ કરાવવામાં **શ્રીહીરવિજયસૂરિ** આદિ જૈનઉપદેશકોજ સિદ્ધહસ્ત નિવડ્યા હતા. ડૉ. **સ્મીથ** સાહેબ એમ પણ કહે છે કે—

"But the Jain holy men undoubtedly gave Akbar prolonged instruction for years, which largely influenced his actions, and they secured his assent to their doctrines so far that he was reputed to have been converted to Jainism "

[Jain Teachers of Akbar by Vincent A. Smith]

અર્થાત્—પરન્તુ, જૈનસાધુઓએ નિઃસંદેહ રીતે વર્ષો સુધી અકબરને ઉપદેશ આપ્યો હતો, એ ઉપદેશનો ઘણોજ પ્રભાવ બાદશાહની કાર્યાવલી ઉપર પડ્યો હતો તેઓએ પોતાના સિદ્ધાન્તો તેની પાસે એટલે સુધી માન્ય કરાવ્યા હતા કે–લોકોમાં એવો પ્રવાદ ફેલાઇ ગયો હતો કે બાદશાહ જૈની થઇ ગયો.

આ પ્રવાદ, પ્રવાદ માત્રજ ન્હોતો; પરન્તુ તે વખતના કેટલાક વિદેશી મુસાફરોને પણ અકબરના વર્તન ઉપરથી એમ ચોક્કસ થયું હતુ કે–' **અકબર જૈનસિદ્ધાન્તોનો અનુયાયી છે.**'

આ સંબંધી ડૉ. **સ્મીથ** સાહેબે પોતાના '**અકબર**' નામના પુસ્તકમા એક માર્કાની વાત પ્રકટ કરી છે તેમણે ઉક્ત પુસ્તકના ૨૬૨ મા પેજમા 'પિનહરો' (Pinheiro) નામના એક પોર્ટુગીઝ પાદરીના પત્રના, તે અંશને ઉદ્ધૃત કર્યો છે કે જે ઉપરની વાતને પ્રકટ કરે છે આ પત્ર તેણે લાહોરથી તા ૩ સપ્ટેમ્બર સ. ૧૫૯૫ ના દિવસે લખ્યો હતો. તેમાં તેણે લખ્યું છે—

He follows the sect of the Jains (vertei)

અર્થાત—' અકબર જૈનસિદ્ધાન્તોનો અનુયાયી છે '

આમ લખીને તેણે કેટલાક જૈનસિદ્ધાન્તો પણ તે પત્રમાં લખ્યા છે આ પત્રને લખવાનો સમય તેજ છે કે–જે સમયે વિજયસેનસૂરિ લાહોરમા અકબર બાદશાહની પાસે હતા

આવી રીતે વિદેશી મુસાફરોને પણ જ્યારે એક વખત અકબરના વર્તન ઉપરથી એમ કહેવાને કારણ મળ્યુ હતુ કે ' અકબર જૈનસિદ્ધાન્તોનો અનુયાયી છે ' ત્યારે એ સહજ સમજી શકાય તેમ છે કે અકબરની દયાળુ વૃત્તિ બહુ દૃઢ પાયેથી મજબૂત થયેલી હોવી જોઈએ અને આ દયાળુ વૃત્તિ જૈનાચાર્યોએજ–જૈનઉપદેશકોએજ ઉત્પન્ન કરાવી હતી. એ વાતના હવે વિશેષ પ્રમાણો આપવાની જરૂર રહેતી નથી

આપણે ઉપર જોઈ ગયા છીએ કે–બાદશાહે પોતાના રાજ્યમા એક વર્ષના છ મહીના ઉપરાન્ત જીવવધનો નિષેધ કરાવ્યો હતો. તેમ તે દિવસોમાં તે માંસાહાર પણ કરતો નહિં. આ કાર્ય એની દયાળુતાને પ્રકટ કરે છે એટલુંજ નહિં પરન્તુ [illegible]

મુસલમાન બાદશાહની આવી દયાળુ વૃત્તિ થાય, એ હીરવિજયસૂરિ આદિ જૈનસાધુઓના ઉપદેશનું કેટલું મહત્ત્વ સૂચવે છે? જૈન સાધુઓ (જૈન શ્રમણો) ના ઉપદેશનું આવું મહત્ત્વ બદાઉની પણ સ્વીકારે છે. તે કહે છે—

And Samanas and Brahmans (who as far as the matter of private interviews is concerned (p 257) gained the advantage over every one in attaining the honour of interviews with his Majesty, and in associating with him, and were in every way superior in reputation to all learned and trained men for their treatises on morals, and on physical and religious sciences, and in religious ecstacies, and stages of spiritual progress and human perfections) brought forward proofs, based on reason and traditional testimony, for the truth of their own, and the fallacy of our religion, and inculcated their doctrine with such firmness and assurance, that they affirmed mere imagination as though they were self-evident facts, the truth of which the doubts of the sceptic could no more shake.

[Al-Badaoni Translated by W H. Lowe M A.
Vol II p 264]

અર્થાત્—સમ્રાટ્ અન્ય સંપ્રદાયોની અપેક્ષાએ શ્રમણો[1] (જૈન સાધુઓ) અને બ્રાહ્મણોને એકાન્ત પરિચયના માનનો વ-

૧ બદાઉનીના અંગ્રેજી અનુવાદક ડબલ્યુ. એચ. લો. એમ. એ એ પોતાના અનુવાદની નોટમાં 'શ્રમણ' નો અર્થ 'બૌદ્ધશ્રમણ' કર્યો છે પરન્તુ તે ઠીક નથી 'બૌદ્ધશ્રમણ' તો બાદશાહના દરબારમાં કોઈ [illegible] નહોતો, એ વાતનું વધારે સ્પષ્ટીકરણ આઠમા પ્રકરણના [illegible] કરવામાં આવશે અહિં શ્રમણથી 'જૈનસાધુ' જ લેવાના છે

ધારે લાભ આપતો તેઓના સહવાસમાં વધારે સમય વ્યતીત કરતો તેઓ નૈતિક, શારીરિક, ધાર્મિક અને આધ્યાત્મિક શાસ્ત્રોમાં તેમ ધર્મોન્નતિની પ્રગતિમાં અને મનુષ્ય જીવનની સંપૂર્ણતા પ્રાપ્ત કરવામાં બીજા બધા (સંપ્રદાયોના) વિદ્વાનો અને પંડિત પુરૂષોના કરતા દરેક રીતે ચડિયાતા હતા તેઓ પોતાના મતની સત્યતા અને અમારા (મુસલમાન) ધર્મના દોષો બતાવવા માટે બુદ્ધિપૂર્વક અને પરંપરાગત પ્રમાણો આપતા હતા અને એવી તો દૃઢતા અને દક્ષતાની સાથે પોતાના મતનું સમર્થન કરતા કે જેથી તેઓનો કેવળ કલ્પિત જેવો મત સ્વતઃ સિદ્ધ પ્રતીત થતો હતો અને તેની સત્યતાને માટે નાસ્તિક પણ શંકા લાવી શકતો નહિં ”

આટલું બધું સામર્થ્ય ધરાવનાર જૈનસાધુઓ અકબરના ઉપર આવો પ્રભાવ પાડે, એ શું બનવાજોગ નથી ? અસ્તુ.

અકબરે પોતાના વર્તનમાં જ્યારે આટલો બધો ફેરફાર કરી નાખ્યો હતો. ત્યારે એ ઉપરથી એવા નિશ્ચય ઉપર આવવું લગારે ખોટું નથીજ કે-અકબરના દયા સંબંધી વિચારો ઘણીજ ઉચ્ચ કોટિએ પહોંચી ગયા હતા આ વાતની દૃઢતાનાં અનેક પ્રમાણો પણ મળે છે. જુઓ, બાદશાહે ગાજતોના જે ફર્મો પ્રકાશિત કર્યા હતા, તેમાં તેણે એક આ ધર્મ પણ બતાવ્યો હતો—

“ પ્રાણીજગત જેટલું ઈશ્વરીય વસીલત ધરી શકે છે તેટલું બીજી કોઈ વસ્તુથી થઈ શકતું નહીં દયા અને પરોપકાર, એ સુખ અને દીર્ઘાયુષ્યના કારણો છે ? ”

સુખનો વિષય થાત ? અથવા મારા શરીરનો એક અંશ કાપીને માંસાહારિયોને ખવડાવવા પછી પણ, જો તે અંશ પુનઃ પ્રાપ્ત થતો હત, તો પણ હું ઘણો પ્રસન્ન થાત. હું મારા એક શરીરદ્વારા માંસાહારિયોને તૃપ્ત કરી શકતે [૧] ”

દયા સંબંધી કેવા સરસ વિચારો ? પોતાના શરીરને ખવડાવીને માંસાહારિયોની ઇચ્છા પૂર્ણ કરાવવી, પરંતુ બીજા જીવની કોઇ હિંસા ન કરે, એવી ભાવના ઉચ્ચકોટિની દયાળુવૃત્તિ સિવાય કદાપિ થઇ શકે ખરી કે ?

અબ્બુલફજલ ‘ આઇન–ઇ–અકબરી ’ ના પહેલા ભાગમાં એક સ્થળે એમ પણ લખે છે કે—

His Majesty cares very little for meat, and often expresses himself to that effect It is indeed from ignorance and cruelty that, although various kinds of food are obtainable, men are bent upon injuring living creatures, and lending a ready hand in killing and eating them, none seems to have an eye for the beauty inherent in the prevention of cruelty, but makes himself a tomb for animals If His Majesty had not the burden of the world on his shoulders, he would at once totally abstain from meat

[Ain-i-Akbari by H Blochmann Vol. I. page 61]

શાહેનશાહ માંસની બહુ ઓછી દરકાર કરે છે, અને ઘણી વખત તે સંબંધી પોતાનો મત જાહેર કરે છે કે–‘ જો કે, ઘણી જાતની ખાદ્ય વસ્તુ મળે તેમ છે, છતાં જીવતાં પ્રાણિયોને દુઃખ દેવાને મનુષ્યોનું વલણ રહે છે, અને તેઓની કતલ કરવામાં તથા તેમનું ભક્ષણ કરવામાં તત્પર રહે છે, એ ખરેખર તેમની અજ્ઞાનતા અને

૧ આઇન–ઇ–અકબરી, ખં ૩ જો, પે. ૩૯૫

નિર્દયતાને લીધે છે. કોઇ પણ મનુષ્ય, નિર્દયતા અટકાવવામા જે આંતરિક સુંદરતા રહેલી છે, તે પારખી શકતો નથી. પણ ઉલટો પ્રાણિયોની કબર પોતાના દેહમાં બનાવે છે '–જો શહેનશાહની ખાધઉપર દુનિયાનો (રાજ્યકારભારનો) ભાર ન હત, તો તે માંસાહારથી તદ્દન દૂર રહેત."

આવીજ રીતે ડૉ. **વિન્સેંટ સ્મીથે** પણ અકબરના વિચારોનો ઉલ્લેખ કર્યો છે જેમાંના આ પણ છે.–

" Men are so accustomed to eating meat that, were it not for the pain, they would undoubtedly fall on to themselves "

" From my earliest years, whenever I ordered animal food to be cooked for me, I found it rather tasteless and cared little for it I took this feeling to indicate the necessity for protecting animals, and I refrained from animal food."

" Men should annually refrain from eating meat on the anniversary of the month of my accession as a thanks-giving to the Almighty, in order that the year may pass in prosperity."

" Butchers, fishermen and the like who have no other occupation but taking life should have a separate quarter and their association with others should be prohibited by fine

[Akbar The Great Mogul pp 335-336]

“ હું મારી ન્હાની ઉમરથીજ જ્યારે જ્યારે માંસ પકાવવાની આજ્ઞા કરતો, ત્યારે ત્યારે તે મને નીરસ લાગતું હતું. અને તેના ભોજનની હું ઓછી અપેક્ષા કરતો હતો આજ વૃત્તિથી પશુ રક્ષાની આવશ્યકતા તરફ મારી દૃષ્ટિ ગઇ અને પાછળથી હું માંસ ભોજનથી સર્વથા દૂર રહ્યો.

“ મારા રાજ્યાભિષેકની તારીખના દિવસે પ્રતિવર્ષ ઇશ્વરનો આભાર માનવા માટે કોઇ પણ માણસ માસ ખાય નહિ, કે જેથી કરીને આખું વર્ષ આબાદીમા વ્યતીત થાય.”

“ કસાઇ, મચ્છીમાર અને એવાજ બીજા, કે જેઓનો ધંધો કેવલ હિંસા કરવાનો જ છે, તેઓને માટે રહેવાનાં સ્થાનો અલગ હોવાં જોઇએ. અને બીજાઓના સહવાસમાં તેઓ ન આવે, તેને માટે દંડની યોજના કરવી જોઇએ.”

જીવદયાને માટે કેટલા બધા સરસ વિચારો ! જીવદયાનાજ શા માટે ! પોતાની તે પ્રજા કે જે પ્રજા માંસાહાર પ્રત્યે અને જીવ-વધનાં કાર્યો પ્રત્યે ઘૃણાની નજરથી જોતી હોય, તેઓનાં અંતઃકરણો ન દુખાય, એની સંભાળ રાખવાને માટે પણ બાદશાહની કેટલી બધી ઉચ્ચ લાગણી !! મુસલમાન સમ્રાટ્ અકબરના ઉપર્યુકત વિચારો તરફ અમારા આર્યાવર્તના તે દેશીરાજાઓએ ધ્યાન આપવું જોઇએ છે કે જેઓ પોતાની પ્રજાની લાગણીનો કંઇ પણ ખ્યાલ રાખતા નથી. અસ્તુ.

ઉપરના તમામ વૃત્તાન્ત ઉપરથી આપણે એ નિશ્ચય કરી ચૂકયા છીએ કે–અકબરની જીવન–મૂર્ત્તિને સુશોભિત–દેદીપ્યમાન બનાવ-વામાં સુયોગ્ય–જેવી જોઇએ તેવી દક્ષતા જો કોઇએ વાપરી હોય, તો તે હીરવિજયસૂરિ આદિ જૈનસાધુઓએજ વાપરી હતી. બીજા શબ્દોમાં કહીએ તો–અકબરની જીવનયાત્રાને સફળ બનાવવામાં જો કોઇએ પણ મ્હોટો ભાગ ભજવ્યો હોય, તો તે હીરવિજયસૂરિ આદિ જૈનસાધુઓએજ ભજવ્યો હતો. આટલું હોવા છતાં એ

સ્હેજે નવાઇ ઉપજે એવો વિષય છે કે-અકબરની જીવનમૂર્ત્તિને આલેખવાવાળા-લિપિબદ્ધ કરવાવાળા આધુનિક એક પણ જૈનેતર લેખકે જૈનસાધુઓએ અકબરના ઉપર પાડેલા પ્રભાવ સંબંધી પોત પોતાનાં પુસ્તકોમાં કંઇ પણ ઉલ્લેખ કર્યો નથી. આનું મૂલ કારણ શું છે ! એ સંબંધી પરામર્શ કરવો, આ પ્રસંગે સમુચિત સમજાય છે.

યદ્યપિ એ વાત તો નિર્વિવાદ સિદ્ધ છે કે-'અકબરના દરબારમાં રહેનારા બે મૂળ ઇતિહાસકારો કે જેઓના નામો શેખ અબ્બુલ ફજલ અને બદાઉની છે, અને જેઓના ગ્રંથોના આધારેજ અત્યાર સુધીના દરેક લેખકો અકબરના સંબંધમાં કંઇને કંઇ લખતા આવ્યા છે, તેઓ તો અકબરના ઉપર પ્રભાવ પાડનારાઓના નામોમાં 'જૈનસાધુ'નું નામ આપવું જરૂરી નથી પણ તે નામ 'સેવડા' શબ્દથી આપ્યું, 'શ્રમણ' [illegible]

બૌદ્ધશ્રમણોનાં કે બીજા કોઇનાં નહિં, પરન્તુ જૈનસાધુઓનાંજ છે. અને તેના લીધે પરિણામે સત્ય ઇતિહાસ ઉપર જે કંઈ ઢાંક પિછોડો દેવાયો છે, તે દેવાનો વખત પણ કદાપિ આવતે નહિ. આ ઢાંક પિછોડાને દૂર કરીને ઇતિહાસક્ષેત્રમાં સત્યસૂર્યનો પ્રકાશ પાડવાનું સૌભાગ્ય અત્યાર સુધીમાં જો કોઇ પણ **જૈનેતર** લેખકે પ્રાપ્ત કર્યું હોય, તો તે એક (Akbar The Great Mogul) 'અકબર ધી ગ્રેટ મોગલ' નામનું અતિ મહત્ત્વનું પુસ્તક લખનાર **ડૉ. વિન્સેંટ. એ. સ્મીથ** જ છે ડૉ. સ્મીથ, ઘણી શોધ અને પરામર્શ પૂર્વક જાહેર કરે છે કે–**અબ્બુલફ્‌જલ** અને **બદાઉની**ના ગ્રંથોના અનુવાદકોએ પોતાની અનભિજ્ઞતાનાજ કારણથી '**જૈન**' ના સ્થાનમાં '**બૌદ્ધ**' શબ્દનો વ્યવહાર સર્વત્ર કર્યો છે. કારણ કે–**અબ્બુલ**-ફ્‌જલે તો પોતાના ગ્રંથમાં સ્પષ્ટ લખ્યું છે કે–" સૂફી, દાર્શનિક, તાર્કિક, સ્માર્ત્ત, સુન્ની, શિયા, બ્રાહ્મણ, યતિ, સેવડા, ચાર્વાક, નાજરીન, યહૂદી, સાબી અને પારસી વિગેરે દરેક ત્યાના ધર્માનુશીલનનો અપૂર્વ આનંદ લેતા હતા.[1] "

આ વાક્યમાં '**જૈનસાધુ**' ને (નહિં કે 'બૌદ્ધસાધુ' ને) સૂચવનાર 'યતિ' અને 'સેવડા' શબ્દો આપેલા છે. છતા **ડૉ. સ્મીથ** કહે છે તેમ, '**ચૈલમર્સ**' સાહેબે **અકબરનામા**ના અંગરેજી અનુવાદમાં ભૂલથી તેનો અર્થ 'જૈન' અને 'બૌદ્ધ' કર્યો તે પછી તેનુંજ અનુકરણ કરીને '**ઇલિયટ**' અને '**ડાઉસન,**' કે જેઓ 'મુસલમાની ઇતિહાસ સંગ્રહ' ના કર્ત્તા છે, તેમણે પણ તેજ ભૂલ કરી અને આ ભૂલે '**વૉનનોઅર**' ને પણ પોતાના પુસ્તકમાં તેજ ભૂલ કરવાને બાધ્ય કર્યો. આમ એક પછી એક દરેક લેખકો ભૂલો કરતા ગયા, અને એનું પરિણામ આપણે ત્યાં સુધી જોઇ શકીએ છીએ કે–અકબરના સંબંધમા જૈનેતર

---

૧ જુઓ, અકબરનામા, બેવરિજનો અંગરેજી અનુવાદ, ખંડ ૩ અધ્યાય ૪૫, પે. ૩૬૫

લેખકોના હાથથી લખાયેલા દરેક અનુવાદો અને સ્વતંત્ર ગ્રંથોમાં જ્યાં જૂઓ ત્યાં બૌદ્ધોનુંજ નામ જોવામાં આવે છે. એટલે સુધી કે આધુનિક બંગાળી, હિન્દી અને ગુજરાતી ગ્રંથલેખકો પણ તેજ પ્રમાણે ભૂલ કરતા આવ્યા; પરન્તુ કોઇએ એ વાતની તપાસ નજ કરી કે—વાસ્તવમાં અકબરની ધર્મસભામાં કોઇ બૌદ્ધસાધુ હતો કે નહિ? અથવા તો અકબરે બૌદ્ધસાધુઓનો ઉપદેશ કોઇ દિવસ સાંભળ્યો હતો કે નહિ?

વસ્તુત. અત્યારની શોધ પ્રમાણે એ નિર્વિવાદ સિદ્ધ થાય છે કે—અકબરને કોઇ દિવસ કોઇ પણ વિદ્વાન બૌદ્ધસાધુ સાથે સમાગમ કરવાનો અવસર મળ્યોજ નહોતો. આને માટે અનેક પ્રમાણો આપીને પુસ્તકના આકારને વધારવાની આવશ્યકતા જણાતી નથી. સૌથી પ્રબળમાં પ્રબળ અને વધારે માન્ય થઇ શકે, [illegible] જલના કથનનેજ અહિં ઉધૃત કરીશ. તે '[illegible]' માં એક સ્થળે કહે છે —

" લામા લોકોથી હિન્દુસ્તાનના [illegible] પણ પત્તો મળતો નથી. ડા. પેગ્, તનાસ્લિમ અને [illegible] બેશક તેઓ મળી આવે છે. [illegible] કાશ્મીર દેશની મુસાફરીએ જતાં [illegible] વાળા બે ચાર બૌદ્ધ સાધુઓની [illegible] વિદ્વાનની સાથે મેળ-મેળાપ કર્યો નહોતો."

આ ઉપરથી સ્પષ્ટ [illegible] કે—અકબરને [illegible] કોઇ પણ વિદ્વાન્ બૌદ્ધસાધુને [illegible] નહોતો. તેમ કોઇ બૌદ્ધવિદ્વાને [illegible] પાડી નહોતી.

To sum up. Akbar never came under Buddhist influence in any degree whatsoever. No Buddhists took part in the debates on religion held at Fatehpur-Sikri, and Abu-l Fazl never met any learned Buddhist. Consequently his knowledge of Buddhism was extremely slight. Certain persons who took part in the debates and have been supposed erroneously to have been Buddhists were really Jains from Gujarat.

[Jain Teachers of Akbar by V. A. Smith.]

અર્થાત્—સારાંશ એ છે કે-અકબરનો બૌદ્ધોની સાથે કોઇ દિવસ સમ્પર્ક થયો ન્હોતો, અને તેઓનો અકબર ઉપર કંઇ પણ પ્રભાવ ન્હોતો. ન તો ફતેપુર-સીકરીની ધર્મચર્ચાઓમાં કોઇ દિવસ બૌદ્ધમતવાળાઓએ ભાગ લીધો હતો અને ન અબ્બુલફજલની કોઇ દિવસ વિદ્વાન્ બૌદ્ધસાધુઓથી મુલાકાતજ થઇ હતી અતએવ બૌદ્ધ-ધર્મના સંબંધમાં તેનું જ્ઞાન ઘણુંજ થોડું હતું. **ધાર્મિકપરામર્શ-સભામાં ભાગ લેવાવાળા જે બે ચાર પુરૂષોનું બૌદ્ધ હોવાનું ભ્રમાત્મક અનુમાન લોકોએ કર્યું છે, તે વાસ્તવમાં ગુજરાતથી આવેલા જૈનો હતા.** ”

આ ઉપરથી એ ચોક્કસ જણાઇ આવે છે કે-અત્યાર સુધીમાં જે જે લેખકો અને અનુવાદકો અકબરના ઉપર પ્રભાવ પાડનારાઓમાં બૌદ્ધની ગણતરી કરતા આવ્યા છે, એ દેખીતીજ ભૂલ છે. અને તે બધે સ્થળે ‘ બૌદ્ધ’ના સ્થાનમાં ‘ જૈનજ સમજવાનું છે.

આ પ્રમાણે અકબરની સાથે જૈનસાધુઓનો અવ્યવહિત-અવિચ્છિન્ન સંબંધ વિ સં. ૧૬૩૯ થી વિ. સં. ૧૬૫૧ સુધી રહ્યો હતો. અને તે પછી પણ અકબર જીવ્યો ત્યા સુધી, બલ્કિ, તેના મૃત્યુ બાદ, તેના પુત્ર જહાંગીરને પણ જૈનસાધુઓ અવારનવાર મળતાજ રહ્યા હતા.

પ્રથમ નાયક **હીરવિજયસૂરિએ** તેવા **સૂબાઓ** અને રાજાઓને પણ વારંવાર ઉપદેશ આપી મહત્ત્વનાં કાર્યો કરાવ્યાં હતાં. યદ્યપિ **निःस्पृहस्य तृणं जगत्** એ ન્યાયથી **હીરવિજયસૂરિને** કોણ રાજા કે કોણ મહારાજા, કોણ શેઠ કે કોણ સાહુકાર અને કોણ સૂબો કે કોણ સુલતાન–કોઈની પણ દરકાર ન્હોતી. તો પણ જીવોના કલ્યાણની જે ભાવના તેમના નિર્મળ અંતઃકરણમાં સ્થાપિત થઈ હતી, તેના લીધે કોઈ પણ જીવનું હિત કેમ થાય, એવા પ્રયત્નો કરવાને તેમનું મન પ્રત્યેક વખતે ઉલ્લસિત રહેતું; અને તેજ કારણથી અનેક કષ્ટો ઉઠાવીને પણ તેઓ **સૂબાઓ** વિગેરેના નિમંત્રણને માન આપી રાજ–દરબારોમાં જવા આવવાનું વધારે પસંદ કરતા.

આ પ્રમાણે જો કે **સૂરીશ્વરે** પોતાની જીવનયાત્રામાં ઘણા **સૂબાઓ** અને રાજાઓને પ્રતિબોધવાનું સૌભાગ્ય પ્રાપ્ત કર્યું હતું, પણ તે બધાઓનો અહિં ઉલ્લેખ ન કરતાં માત્ર થોડાજ પ્રસંગોને તપાસીશું.

કલાખાન.[1]

વિ. સં. ૧૬૩૦–ઇ. સ. ૧૫૭૪ ની લગભગમાં જ્યારે **સૂરીશ્વરજી પાટણ** પધાર્યા હતા, ત્યારે **શ્રીવિજયસેનસૂરિના** પાટમહો-

૧ **કલાખાનનું** ખાસ નામ **ખાનેકલાન** મીરમુહમ્મદ હતું. તે **અતઘખાનનો** મ્હોટો ભાઈ થતો હતો. કામરાન અને હુમાયુનનો આ સેવક ધીરે ધીરે **અકબરના** રાજ્યમા ઉંચે દરજ્જે ચઢ્યો હતો. ઘણાં બહાદુરી ભર્યાં કામો કરીને તેણે સારી ખ્યાતિ મેળવી હતી બાદશાહે કલાખાનને ઇ. સ. ૧૫૭૨ મા ગુજરાતને ફરી જીતવા માટે આગળથી મોકલ્યો હતો. માર્ગમાં **શિરોહીની** પાસે કોઇ રાજપૂતે કંઇ પણ દેખીતા કારણ વિના તેને ઘાયલ કર્યો હતો. પણ તેમાથી તે સાજો થયો અને ગુજરાત પર જીત મેળવ્યા પછી તે **પાટણના** સૂબા તરીકે નિમાયો. **પાટણમા** તે ઇ સ. ૧૫૭૪ મા મરણ પામ્યો હતો. વધુ હકીકત માટે જૂઓ **આઇન–ઇ–અકબરીનો બ્લોકમેનનો** અંગ્રેજી અનુવાદ, ભા. ૧ લો, પે. ૩૨૨.

ત્સવ પ્રસંગે અહિંના હેમરાજ નામના જૈનમંત્રિએ ઘણું દ્રવ્ય ખરચીને અનેક શુભકાર્યો કર્યાં હતાં. આ વખતે પાટણનો સૂબો કલાખાન હતો. આ સૂબાના જુલ્મથી પ્રજા ઘણીજ ત્રસ્ત હતી તેણે પ્રજાને એટલી બધી હેરાન કરી મૂકી હતી કે—જેના લીધે પ્રજાપૈકીનો એક પણ માણસ તેનું સારૂં બોલતો નહિ સૂરીશ્વરે આ નગરમાં આવીને ઘણા વ્યાખ્યાનો આપ્યા જેથી ધીરે ધીરે તેમની વિદ્વત્તાની પ્રશંસા આખા શહેરમાં થવા લાગી ત્યાં સુધી, કે તે પ્રશંસાનો પડઘો કલાખાનના કાન સુધી પણ પહોંચ્યો પરિણામે કલાખાનને [illegible] થયું કે 'આવા વિદ્વાન્ સાધુ કોણ આવ્યા છે કે જેની આટલી બધી પ્રશંસા થાય છે ' છેવટે તેની એ ઇચ્છા થઈ કે એ મહાત્માને મળવું જોઈએ એ ઇચ્છાથી તેણે સૂરિજી પાસે પોતાના [illegible] મોકલી સૂરિજીને પોતાની પાસે બોલાવ્યા. [illegible] સૂરિજીના અનુયાયી વર્ગને તો આથી [illegible], પરન્તુ સૂરિજી સર્વથા નિર્ભય હતા [illegible] हे-[illegible] ।

અને અમારાં શાસ્ત્રોમાં વાંચ્યું છે, તેવીજ રીતે હું કહું છું. તમારાં શાસ્ત્રોમાં તેમ કહ્યું હોય, તો ભલે તમે તેમ માનો."

આચાર્યશ્રીનું આ કથન સાંભળતાં કુલીખાન કંઇક વિચારમાં પડયો. તેને સમજાયું કે-જે વસ્તુ અગમ્ય છે, પરોક્ષ છે, તેને માટે શાસ્ત્રીય મોહથી હઠ પકડીને પોતાનો કક્કો ખરો કરાવવા આગ્રહ કરવો, એ નકામો છે. તેથી તેણે સૂરિજીને કહ્યું—

"મહારાજ ! આપનું કથન યથાર્થ છે. જે વસ્તુ આપણે પ્રત્યક્ષ જોઇ નથી, તેને માટે અમુક વાતની 'હા' પડાવવા માટે હઠ પકડવી, એ નકામી છે. ગુરૂજી મહારાજ ! આપની સરળતાથી હું ઘણો પ્રસન્ન થયો છું. મારા લાયક કંઇ પણ કામ હોય, તો તે આપ અવશ્ય ફરમાવો.

સૂરિજીએ અનુકંપાની દૃષ્ટિથી, તે કેદિયોને છોડી મૂકવાની સૂચના કરી-કે જેઓને દેહાન્ત દંડની સજા કરવામાં આવી હતી. સૂરિજીના કથનથી તે કેદિયોને મુક્ત કરવામાં આવ્યા અને તે ઉપરાન્ત આખા શહેરમાં એક મહીના સુધી કોઇ પણ માણસ કોઇ પણ જીવની હિંસા ન કરે, એવો પણ હુકમ બહાર પાડવામાં આવ્યો.

તે પછી કુલીખાને કરેલા સારા સત્કાર પૂર્વક સૂરિજી ઉપાશ્રયે પધાર્યા. આ તે વખતની વાત છે કે જ્યારે હીરવિજયસૂરિ અને સમ્રાટ્ અકબરને આપસમાં સંબંધ થયોજ ન્હોતો.

ખાનખાના.[1]

અકબર બાદશાહના સમાગમમાંથી મુક્ત થઇ, સૂરિજીએ જ્યારે ગુજરાત તરફ પ્રયાણ કર્યું, ત્યારે તેઓ મેડતે પધાર્યા હતા. આ વખતે ખાનખાના, કે જે સૂરિજીની પવિત્રતા અને

૧ જૂઓ આ પુસ્તકના પેજ ૧૧૮ ની નોટ.

વિદ્વત્તાથી પરિચિત હતો તે સેઠતામાજ હતો તેણે સૂરિજીને નગરમાં આવેલા જાણી પોતાની પાસે બોલાવ્યા. તેણે સૂરિજીનું સારૂં સમ્માન કર્યું. તે પછી સૂરિજીના મુખથી ઈશ્વરનું સ્વરૂપ જાણવાની ઈચ્છા પ્રકટ કરી, અને તેણે પૂછ્યું—

" મહારાજ ! ઈશ્વર અરૂપી છે કે રૂપી ? "

સૂરિજી—" ઈશ્વર અરૂપી છે "

ખાનખાના—" જો ઈશ્વર અરૂપી છે, તો પછી તેની મૂર્ત્તિ શા માટે કરવી જોઈએ ? "

સૂરિજી—" મૂર્ત્તિ, એ ઈશ્વરનું સ્મરણ કરાવવામાં કારણ છે. અર્થાત્-મૂર્ત્તિને જોવાથી જેની તે મૂર્ત્તિ હોય છે, તે વ્યક્તિનું સ્મરણ થાય છે. જેમ કોઈનું ચિત્ર-તસવીર દેખવાથી તે વસ્તુ યાદ આવે છે. અથવા જેમ નામ નામવાન્‌નું સ્મરણ કરાવે છે, તેવી રીતે મૂર્ત્તિ મૂર્ત્તિમાનને-જેની મૂર્ત્તિ હોય છે, તેને યાદ કરાવે છે જે મનુષ્યો એમ કહે છે કે-' અમે મૂર્ત્તિને નથી માનતા ' તેઓ ખરેખર ભૂલ કરે છે સંસારમા ધ્યાતા, ધ્યાન અને ધ્યેય-એ ત્રિપુટીને માન્યા સિવાય કોઈને પણ ચાલતું નથી કારણ કે-કોઈ પણ વસ્તુ ઉપર મનને લગાવ્યા સિવાય ધ્યાન થઈ શકતુ નથી. વળી દુનિયાના અરૂપી પદાર્થોનું જ્ઞાન આપણને મૂર્ત્તિથીજ થાય છે આપ મને સાધુ તરીકે ઓળખો છો, એ શા ઉપરથી ? મારા વેષ ઉપરથી અર્થાત્-હું સાધુ છું, એવું જ્ઞાન થવામા જો કોઈપણ સાધન હોય, તો તે મારો વેષજ છે ' આ હિન્દુ છે ', ' આ મુસલમાન છે ' એ આપણે શા ઉપરથી જાણીએ છીએ ? તેમના વેષો ઉપરથી બસ, એનું નામજ મૂર્ત્તિ. આપણે આપણા શાસ્ત્રોને જોઈને કહીએ છીએ કે-' આ શું છે ? ' 'ભગવાન્‌ની વાણી-ખુદાના વચનો-પૈગમ્બરની વાણી ' અરે, ખુદાનાં વચનો તો બોલતાની સાથેજ આકાશમાં ઉડી ગયાં હતા, છતા આ વચનો ખુદાના વચનો ક્યાથી ? ત્યારે કહેવુ પડશે કે-આ ખુદાનાં વચનોની મૂર્ત્તિ છે. મતલબ કે મૂર્ત્તિ સિવાય કોઈને પણ ચાલે

તેમ નથી. અને જેઓ મૂર્ત્તિને નહિ માનવાનો દાવો કરે છે, તેઓ પણ પ્રકારાન્તરે તો મૂર્ત્તિને માનેજ છે."

આ સિવાય મૂર્ત્તિને માનવાનાં બીજાં પણ કેટલાંક પ્રમાણો **સૂરિજીએ** આપ્યાં. તે પછી **ખાનખાનાએ** પૂછ્યું:—

"મૂર્ત્તિને માનવાની જરૂર છે, લોકો માને છે, એ વાત ખરી; પણ હવે આપ એ બતાવો કે–મૂર્ત્તિની પૂજા શા માટે કરવી જોઇએ? તે મૂર્ત્તિ આપણને શો લાભ આપી શકે તેમ હતી ?"

આનો ઉત્તર આપતાં **સૂરિજીએ** કહ્યું:–

"મહાનુભાવ ! જે મનુષ્યો મૂર્ત્તિની પૂજા કરે છે, તેઓ વસ્તુતઃ મૂર્ત્તિની પૂજા નથી કરતા, પરંતુ મૂર્ત્તિદ્વારા ઈશ્વરની પૂજા કરે છે. મૂર્ત્તિની પૂજા કરતી વખતે તેઓની ભાવના એવી નથી હોતી કે હું આ પત્થરની પૂજા કરૂં છું. તેઓ એમજ સમજે છે કે અમે પરમાત્માની પૂજા કરીએ છીએ. મુસલમાનો મસજીદમાં જઇને પશ્ચિમ દિશા તરફ નિમાજ પઢે છે, તેઓ એમ નથી સમજતા કે–અમે આ ભીંત સ્હામે નિમાજ પઢીએ છીએ, પરન્તુ એમજ સમજે છે કે–પશ્ચિમ દિશા તરફ જે મક્કા શરીફ આવેલ છે, તેની તરફ અમે નિમાજ પઢીએ છીએ. જે લાકડાને ઘડીને ટેબલના રૂપમાં મૂક્યું છે, તેને કોઇ લાકડું નહિ કહે, પરન્તુ ટેબલજ કહેશે. સંસારની તમામ સ્ત્રિયો એક સરખીજ હોય છે, પરન્તુ જેની સાથે વિવાહ–પાણિગ્રહણ થાય છે, તે સ્ત્રી પોતાની અર્ધાઙ્ગના કહેવાય છે. અર્થાત્ તેના પ્રત્યે સ્ત્રીત્વનોજ ભાવ રહે છે. બીજો નહિં. તેવીજ રીતે પત્થર, તે તો પત્થરજ છે, પણ જે પત્થરને ઘડીને મૂર્ત્તિરૂપે બનાવેલ છે અને મંત્રાદિથી પ્રતિષ્ઠા કરીને જેની સ્થાપના કરવામાં આવેલ છે, તે મૂર્ત્તિમાં પરમાત્માનોજ આરોપ કરવામાં આવે છે. આ ઉપરથી એ સિદ્ધ થાય છે કે–મૂર્ત્તિની પૂજા કરનારાઓ પત્થરની પૂજા નથી કરતા, પરન્તુ મૂર્ત્તિ દ્વારા પરમાત્માનીજ પૂજા કરે છે.

"હવે મૂર્ત્તિની પૂજા કરવાનો હેતુ એ છે કે-મૂર્ત્તિની પુજાથી-મૂર્ત્તિનાં દર્શનથી મનુષ્ય પોતાના હૃદયને પવિત્ર કરી શકે છે. મૂર્ત્તિનાં દર્શન કરવાથી જેની તે મૂર્ત્તિ હોય છે, તે વ્યક્તિ-તે પરમાત્માના ગુણો યાદ આવે છે અને તે ગુણોને સ્મરણમાં લાવવા-તે પ્રમાણે વર્ત્તન કરવા પ્રયત્ન કરવો, એ મ્હોટામાં મ્હોટો ધર્મ છે. મનુષ્યોને જેવા સંયોગો મળે છે, તેવુંજ તેનું હૃદય બને છે. વેશ્યાની પાસે જનાર મનુષ્યને પાપ લાગે છે, એનું કારણ શું? શું તેને વેશ્યા પાપ આપી દે છે? વેશ્યાને તો પાપનું જ્ઞાન પણ હોતું નથી. ત્યારે કહેવું પડશે કે-વેશ્યા પાપ નથી આપતી, પરન્તુ વેશ્યાની પાસે જવાથી તેનું અંતઃકરણ મલિન-અપવિત્ર થાય છે. અને અન્તઃકરણનું મલિન થવું, એજ પાપ છે આ પ્રમાણે જો કે-પરમાત્માની મૂર્ત્તિ આપણને કંઇ દેતી-લેતી નથી; પરન્તુ તેનાં દર્શન અને પૂજનથી આપણું અંતઃકરણ નિર્મળ-શુદ્ધ બને છે, અને અંતઃકરણનું શુદ્ધ થવું-નિર્મળ થવું, એનું નામજ **ધર્મ** છે."

આ વિગેરે કેટલીક યુક્તિયોથી **સૂરિજીએ** મૂર્ત્તિ અને મૂર્તિપૂજાનું પ્રતિપાદન કર્યું.

સૂરિજીના ઉપર્યુક્ત વિવચનથી **ખાનખાનાને** ઘણીજ પ્રસન્નતા થઇ. તેણે **સૂરિજીની** બહુ તારીફ કરી અને મુક્તકંઠે કહ્યું કે-"ખરેખર, **અકબર** બાદશાહે આપની આટલી બધી કદર કરી છે, એ તદ્દન યથાર્થજ છે. આપના ગુણો એવી કદરને યોગ્યજ છે."

તે પછી **ખાનખાનાએ** કેટલીક વસ્તુઓ સ્વીકારવાનો આગ્રહ કર્યો, પરન્તુ **સૂરિજીએ** પોતાનો તે આચાર નથી, એ સમજાવતાં જૈનસાધુઓને પાળવાના [1]અઢાર બોલોનું વિવેચન કરી બતાવ્યું.

આ પ્રમાણે **ખાનખાના** ઉપર પણ **સૂરિજીએ** પોતાનો પ્રભાવ પાડ્યો હતો.

૧ જૈનસાધુઓને પાળવાના અઢાર બોલો આ છે—હિંસા, મૃષાવાદ, ચોરી, અબ્રહ્મ અને પરિગ્રહથી દૂર રહેવું, એ ૫, રાત્રિભોજન ન કરવું ૧,

મહારાવ સુરતાન.[1]

સૂરીશ્વરજી જ્યારે વિહાર કરતા કરતા **સિરોહી** પધાર્યા, ત્યારે ત્યાંના પ્રતાપી રાવ **સુરતાન** ઉપર પણ પ્રભાવ પાડ્યો હતો. રાવ **સુરતાનને સૂરિજી**એ પોતાના ઘણા સમાગમમાં લાવીને તેને પ્રતિબોધ કર્યો હતો. અને કેટલાક **કરો,** કે જે પ્રજાના ઉપર જુલ્મ

પૃથ્વી, પાણી, તેજ, વાયુ, વનસ્પતિ અને ત્રસજીવોને તકલીફ આપવી નહિં, એ ૬, રાજપિંડ ગ્રહણ કરવુ નહિં,—અર્થાત્ જેનો રાજ્યાભિષેક થયો હોય, એવા રાજાના ઘરનું ભોજન ગ્રહણ કરવું નહિં; ૧, કાસા વિગેરે ધાતુનાં વાસણોમા ભોજન કરવું નહિં. ૧; પલંગ વિગેરેમાં સૂવું બેસવું નહિં ૧; ગૃહસ્થના ઘરે બેસવું નહિં. ૧; સ્નાન કરવુ નહિં ૧ અને શણગાર પણ સજવો નહિં ૧. એકંદર આ અઢાર બોલો સાધુઓએ પાળવાના છે.

૧ **મહારાવ સુરતાન, સિરોહી**ની ગાદી ઉપર વિ. સં. ૧૬૨૮ માં બેઠો હતો. તે વખતે તેની ઉમર માત્ર ૧૨ વર્ષની હતી. **મહારાવ સુરતાનને** ઘણી વખત **રાજપૂતો** સાથે અને **બાદશાહી** ફોજ સાથે યુદ્ધ ખેડવું પડ્યુ હતું. અને તેમાં કોઇ કોઇ વખત તેને હાર ખાઇને ગાદી છોડવી પણ પડી હતી, પરન્તુ પાછળથી પોતાની વીરતાના પ્રતાપે શત્રુઓને હરાવવામા તે સિદ્ધહસ્ત નિવડયો હતો અને પાછી ગાદી મેળવી હતી **મહારાવ સુરતાન** વીરપ્રકૃતિનો રાજા હતો. મહારાણા **પ્રતાપસિંહ**ની માફક તેને સ્વતંત્રતા પ્રિય હતી જેના લીધે તેણે પોતાની જિંદગીનો મ્હોટો ભાગ લડાઇયોમાંજ વ્યતીત કર્યો હતો. કહેવાય છે કે—તેને એકંદર બાવન લડાઇયોમાં ઉતરવુ પડ્યું હતું. જ્યારે તે **આબૂ**ના પહાડનો આશ્રય લેતો, ત્યારે ગમે તેવી શત્રુની સેનાને પણ કોઇ ચીજજ ન સમજતો. તે જેવો બહાદુર હતો, તેવો ઉદારપ્રકૃતિનો પણ હતો તેણે ઘણાં ગામો દાનમા આપી દીધા હતા. તેના મિલનસારીસ્વભાવના કારણે ઘણા રાજાઓની સાથે તેની મિત્રચારી હતી

આના સંબંધી વિશેષ માહિતી મેળવવા ઇચ્છનારે **सिरोही राज्य का इतिहास** (પંડિત ગૌરીશંકર હીરાચંદ ઓઝાકૃત) ના પે, ૨૧૭ થી ૨૪૪ સુધીમા જોવું.

રૂપે હતા, તે દૂર કરાવ્યા હતા, તેમ અન્યાય નહિં કરવા માટે સુરતાનને નિશ્ચય કરાવ્યો હતો. આ સિવાય સૂરિજીના તપોબળથી એક મહત્ત્વનુ કાર્ય આ પણ થયું હતું:—

સિરોહીના રાવ સુરતાને કંઇ પણ કારણસર નિર્દોષ સો શ્રાવકોને ગુન્હેગાર ઠરાવીને કેદમા નાખ્યા હતા. આથી સમસ્ત સઘમાં હાહાકાર મચી ગયો હતો. સંઘના આગેવાનો ઘણો પ્રયત્ન કરતા હતા, છતાં સુરતાન તેઓને છોડતો ન્હોતો.

પ્રસંગ એવો બન્યો કે–એક વખત સૂરિજીની સાથેના સાધુઓ બહાર ઠંડિલ (જંગલ) જઇ આવીને ઇરિયાવહિયા[1] કર્યા સિવાય પોતપોતાના કામે વળગી ગયા સૂરિજીએ આ વાત ધ્યાનમાં રાખી અને સાંજે તમામ સાધુઓને આજ્ઞા કરી કે–" આવતી કાલે તમારે બધાઓએ આંબિલ[2] કરવુ કારણ કે–તમે આજે ઠંડિલ જઇ આવીને ઇરિયાવહિયા કર્યા નથી " તમામ સાધુઓએ આ પ્રાયશ્ચિત્તનો સ્વીકાર કર્યો બીજા દિવસે સૂરિજીની આજ્ઞા પ્રમાણે તમામે આંબિલની તપસ્યા કરી સૂરિજીની સાથે બધા સાધુઓ જ્યારે આહાર કરવા બેઠા, ત્યારે માલૂમ પડયું કે–સૂરિજીએ પણ આજે આંબિલનીજ તપસ્યા કરી છે સાધુઓએ સૂરિજીને પૂછયું કે–'આપને આજે આંબિલ શાનુ ?' ત્યારે સૂરિજીએ કહ્યું–'મારૂં માતરૂં (પેશાબને જૈનસાધુઓ માતરૂં કહે છે) પડિલેહ્યા સિવાય પરઠવ્યું હતું.[3] આ દિવસે એકંદર એંસી આંબિલ થયાં હતાં. આ પ્રમાણે

---

૧ જૈનસાધુઓ, જ્યારે પોતાના સ્થાનથી જગલ જઇને યા પેશાબ કરીને મકાનમા આવે છે, ત્યારે માર્ગમા જતા આવતા રાખવા જોઇતા ઉપયોગમા થયેલી સ્ખલનાના પ્રાયશ્ચિત્તને માટે ગુરૂ સમીપે એક ક્રિયા કરે છે, જેને **ઇરિયાવહિયા** કહેવામા આવે છે

૨ આંબિલને માટે જૂઓ પે. ૧૦૫ ની નોટ.

૩ જૈનસાધુઓ ગટર–મોરી વિગેરે સ્થાનોમાં પેશાબ કરતા નથી. તેઓ છૂટી જમીનમા, કે જ્યા કોઇ પ્રકારનો જીવ–જંતુ હોતો નથી, ત્યા પેશાબ કરે છે. અથવા કુંડીની અંદર પેશાબ કરીને નિર્દોષ જમીનમાં

આંબિલ કરવા-કરાવવાનો સૂરિજીનો આંતરિક ઇરાદો જુદો હતો. સૂરિજીની ઇચ્છા હતી કે-જે શ્રાવકો આફતમાં આવી પડ્યા છે, તેઓ કોઇ ઉપાયે છૂટી જાય, તો સારૂં. સૂરિજીને આંબિલની તપસ્યા ઉપર બહુ શ્રદ્ધા હતી. જ્યારે ને ત્યારે કોઇપણ મહત્ત્વનું કાર્ય કરવાની તેમની ઇચ્છા થતી, તો તેના પ્રારંભમાં તેઓ આંબિલજ કરતા એક તરફ સૂરિજીએ આ પ્રમાણે આંબિલની તપસ્યા કરી અને બીજી તરફ સિરોહીના મહારાવ સુરતાનને મળીને કારાગારમાં બંધ કરેલા તે નિર્દોષ શ્રાવકોને છોડવા માટે ઉપદેશ કર્યો. સૂરિજીના ઉપદેશની સુરતાનના હૃદયમાં અસર થઇ અને તેથી તેણે તેજ દિવસે સ્હાંજે બધાઓને મુક્ત કર્યા.

સુલતાન હબીબલો.

સૂરિજી એક વખત વિહાર કરતા કરતા ખંભાત પધાર્યા. અહિં હબીબલો નામક એક ખોજો રહેતો હતો, કે જેનો ખોરાક એક ટંકનો લગભગ એક મણ હતો અને જે શરીરે ખૂબ જાડો હતો. આ હબીબલાએ ગમે તે રીતે ધનનું બહાનું કાઢીને સૂરિજીનું ઘણું અપમાન કર્યું. તેમાં વળી સૂરિજીનો દ્વેષી મહીઓ નામનો એક ગૃહસ્થ તેને મળી ગયો; એટલે તે વધારે ફાવી ગયો. પરિણામે સૂરિજીને તેણે ગામ બહાર કાઢ્યા. આથી આખી જૈનકોમમાં ખળભળાટ મચી ગયો. સૂરિજીના આ અપમાનથી જુદા જુદા ગચ્છના જે સાધુઓ તે વખતે ખંભાતમાં હતા, તેઓ પણ ગામમાંથી નિકળી ગયા અને સૂરિજીના પક્ષમાં રહ્યા. સૂરિજીનું આ અપમાન ખરેખર અક્ષમ્ય હતું આને માટે કંઇ પણ પ્રતીકાર કરવો જરૂરનો હતો. સ્વછંદી અને નિરંકુશી મનુષ્યોનો મદ ન ઉતારવામાં આવે, તો તેઓ અવાર નવાર-જ્યારે ને ત્યારે ગમે તેવા મનુષ્યનું

છૂટાછૂટા નાખે છે, કે જેથી જલદી સૂકાઇ જાય, દુર્ગંધ ફેલાય નહિં અને જીવોત્પત્તિ પણ ન થાય. આમ કરવામા આવે છે, તેને '**માતરૂ પરઠવ્યું**' કહે છે.

અપમાન કરવામાં આચકો ખાતા નથી. અતએવ ભવિષ્યમાં તેવા પ્રસંગો ન બનવા પામે, તેની ખાતર પણ કંઇ પ્રયત્ન કરવો જરૂરનો છે, એમ ધારી હીરવિજયસૂરિ પાસેથી વિહાર કરીને **ધનવિજય** નામના સાધુ એકદમ અકબર બાદશાહ પાસે ગયા. આ વખતે છઠ્ઠા પ્રકરણમાં વર્ણવેલ **શ્રીશાન્તિચદ્ર** ઉપાધ્યાય બાદશાહ પાસેજ હતા, તેઓ **શાન્તિચંદ્રજીને** મળ્યા અને તમામ હકીકત જણાવી. પછી **શાન્તિચંદ્રજીએ** બાદશાહ પાસે જઇને તમામ હકીકત નિવેદન કરી. બાદશાહે ગુસ્સામા આવીને કહ્યુ–'તેને બાંધી–જૂતાં મારીને અહિં લાવવાનો હમણાંજ હુકમ કરૂં છું.'

આ વખતે **અકબર** બાદશાહ પાસે ઉપર્યુક્ત હબીબલાનો હીરાનંદ નામનો એક ગુમાસ્તો રહેતો હતો. તેણે બાદશાહને બહુ આજીજી પૂર્વક પ્રાર્થના કરી કે–' ખુદાવંદ ! આપ માફ કરો. હું તેમને લખીને બધું ઠીક કરી દઉં છું.'

બાદશાહે તેનુ કહેવું માન્યું નહિ. અને પોતે એવો હુકમ લખી આપ્યો કે–' **હીરવિજયસૂરિની** બુરાઇ કરવાવાળો માર્યો જાય.'

ધનવિજયજી આ ફરમાન લઇને ગુજરાતમાં **સૂરિજી** પાસે આવ્યા. શ્રાવકો ઘણા ખુશી થયા. જ્યારે પેલા હબીબલાને આ હકીકતની ખબર પડી અને શ્રાવકોદ્વારા ઉપર્યુક્ત ફરમાન વાંચ્યું, ત્યારે તો તેના પેટમાં જોરથી ખળભળાટ થવા લાગ્યો. ' હવે શું થશે ?' ' હું કેમ બચીશ ?' ' અકબર બાદશાહ પણ જેને આટલું માન આપે છે, તેનુ મે અપમાન કર્યું, એ મારી કેવી દુર્બુદ્ધિ ?' ઇત્યાદિ અનેક વિચારો તેને થવા લાગ્યા. છેવટ તેણે ઘણા માનપૂર્વક **સૂરિજીને** પોતાના નગરમા લાવવા માટે કેટલાક માણસો મોકલ્યા. **સૂરિજીના** મનમા તો કંઇ હતુ જ નહિં. માત્ર ભવિષ્યમા જૈનસાધુઓનુ આવું અપમાન ન કરે, એવી છાપ બેસાડવાની ખાતરજ આટલો પ્રયત્ન કરવાની જરૂર પડી હતી. **સૂરિજી**

ખુશીની સાથે ખંભાત તરફ પધાર્યા. હબીબલાએ હાથી, ઘોડા અને ચતુરંગીસેના પૂર્વક સૂરિજીનું સ્વાગત કર્યું. તે પોતે પણ સૂરિજીની સ્હામે ગયો. સૂરિજીને દેખતાંની સાથેજ તે તેમના પગમાં પડયો, અને સૂરિજીના ગુણ ગાવા લાગ્યો.

સૂરિજીના ખંભાતમાં પ્રવેશ કર્યા પછી હબીબલાએ સૂરિજી પાસે માફી માગી અને કહેવા લાગ્યો કે-' મહારાજ ! આપ દયાળુ પુરૂષ છો. મેં આપનું જે અપમાન કર્યું છે, તેની આપ મારા ઉપર દયા લાવીને મને માફી આપો. હું ખુદાના નામપૂર્વક કહું છું કે-હવે કોઇ પણ દિવસ કોઇ પણ મહાત્માનું આવું અપમાન કરીશ નહિં.'

સૂરિજીએ કહ્યું-' સુલતાનજી ! જૂઓ. આ ગામ આપનું છે. આપના તરફથી માણસો બોલાવવા માટે આવ્યા કે તુર્તજ હું રવાના થયો. જો મારા મનમાં આપના ઉપર કંઇ પણ દુર્ભાવ હત, તો હું આવતેજ શા માટે ? '

હબીબલો આથી ઘણોજ પ્રસન્ન થયો. સૂરિજીની મુખમુદ્રા અને અસલ ફકીરીનું નિરીક્ષણ કરતાંજ તેના અંતઃકરણમાં કોઇ ઓરજ પ્રકારનો ભાવ ઉત્પન્ન થયો. તેને ખાતરી થઇ કે-આવા ગુણવાન્ મહાત્માને અકબર બાદશાહ અને તમામ લોકો માન આપે, એમાં કંઇ નવાઇ નથી.

આ પછી પણ હબીબલો અવારનવાર સૂરિજીનો ઉપદેશ શ્રવણ કરવાને ઉપાશ્રયમાં આવતો જતો હતો. એક વખત સૂરિજીના વ્યાખ્યાન પ્રસંગે હબીબલો આવ્યો આ વખતે સૂરિજી મુખ ઉપર મુહપત્તી[1] બાંધીને વ્યાખ્યાન વાંચતા હતા આ જોઇને હબી-

૧ મુહપત્તીનું સંસ્કૃત નામ ' મુખવસ્ત્રિકા ' છે આ મુખવસ્ત્રિકા જૈનસાધુઓ હમેશા પોતાની પાસે હાથમા રાખે છે. અને જ્યારે બોલવાનુ કામ પડે છે ત્યારે મ્હો આગળ રાખે છે પ્રાચીન જમાનામા, કે જ્યારે કાગળોનો પ્રચાર ન્હોતો થયો, અને ગ્રથો લાબા લાબા તાડપત્રો

બલાએ સૂરિજીને પૂછ્યું-" મહારાજ ! આપે મ્હોં ઉપર કપડું કેમ બાંધ્યું છે ? "

સૂરિજીએ કહ્યું-" અત્યારે આ પુસ્તક મારા હાથમાં છે; માટે બોલતાં બોલતાં તેના ઉપર થૂક ન પડે, એટલાની ખાતર આ કપડું બાંધવામાં આવ્યું છે. "

હબીબલાએ પુનઃ પૂછ્યું-" મહારાજ ! શું થૂંક નાપાક છે?"

સૂરિજીએ કહ્યુ-" હા, જ્યા સુધી થૂંક મ્હોંમાં રહે છે, ત્યાં સુધી પાક છે, અને મ્હોથી બહાર નિકળતાં તે નાપાક ગણાય છે. "

સૂરિજીના આ ઉત્તરથી તે ખુશી થયો. તે પછી તેણે પ્રાર્થના કરી કે-' આપ મારા લાયક કંઇ કાર્ય હોય, તે ફરમાવો.' સૂરિજીએ કેટલાક બંદિવાનોને છોડી મૂકવાની સૂચના કરી. હબીબલાએ પણ તે સૂચનાને માન આપ્યું અને સૂરિજીના કહેવા પ્રમાણે બંદિવાનોને મુક્ત કર્યાં. તેમ આખા ગામમાં અમારી પડહ (કોઇ જીવ ન મારે એવો ઢંઢેરો વગડાવ્યો.

ઉપર લખાયેલા હતા, ત્યારે તે ગ્રંથોના પાના બન્ને હાથમા પકડીને વ્યાખ્યાન વાંચવુ પડતુ આમ બન્ને હાથો પુસ્તકને પકડવામાજ જ્યારે રોકવા પડતા, ત્યારે તે મુખવસ્ત્રિકા સાધુઓ મુખ ઉપર બાધતા હતા. એટલા માટે કે થૂક પુસ્તક ઉપર ન પડે પરન્તુ હવે એવા લાબા લાબા તાડપત્રો હાથમા રાખીને વ્યાખ્યાન વાચવુ પડતુ નથી હવે તો ખાસા મજાના એકજ હાથમા પકડી શકાય, એવા કાગળોના પાના ઉપર ગ્રંથો છપાઇ ગયા છે માટે આ જમાનામા વ્યાખ્યાન વખતે તે મુખવસ્ત્રિકા મ્હોં ઉપર બાધવાની જરૂર જણાતી નથી એક હાથથી પાના પકડવામા આવે અને એક હાથમા મુખવસ્ત્રિકા રાખી મ્હો ઉપર બરાબર ઉપયોગ રાખવામા આવે, તો ચાલી શકે તેમ છે છતા તે જૂનો રિવાજ હજૂ પણ કોઇ કોઇ સ્થળે દૃષ્ટિગોચર થાય છે પણ ખરી રીતે વ્યાખ્યાન વખતે મ્હો ઉપર બાધવાનું કારણ દૂર થયેલુ હોવાથી હવે તે રિવાજને પકડી રાખવાની કઇ જરૂર નથી.

આઝમખાન.[1]

વિ. સં. ૧૬૪૮ની સાલમાં હીરવિજયસૂરિ અમદાવાદ પધાર્યા હતા. આ વખતે અમદાવાદનો સૂબો આઝમખાન, કે જે બીજીવાર નિમાયો હતો, તે હતો. આઝમખાનની સૂરિજી ઉપર બહુ શ્રદ્ધા હતી. એક વખત આઝમખાન સોરઠ ઉપર ચઢાઈ કરવાને તૈયાર થયો હતો, તેવામાં ધનવિજયજી તેમને મળ્યા, અને કહ્યું કે-'શ્રીહીરવિજયસૂરિજી મહારાજે મને આપની પાસે મોકલ્યો છે.' તેણે ઉત્સુકતા પૂર્વક પૂછ્યું-'શું સૂરિજીએ મારા લાયક કંઇ કાર્ય ફરમાવ્યું છે?' ધનવિજયજીએ કહ્યું-'હા, કાર્ય એ કે-આપ જાણો છો કે-અમારાં પવિત્ર તીર્થો-ગિરિનાર, શત્રુંજય વિગેરે બાદશાહ તરફથી અમને સુપરત થયેલાં છે, અને તે સબંધી પરવાના પણ મળ્યા છે. પણ ખેદ છે કે-હજૂ તેનો જોઇએ તેવો અમલ થયો નથી. કેટલાંક વિઘ્નો ઉપસ્થિત થાય છે, માટે તેનો પક્કો બંદોબસ્ત આપના તરફથી થવો જોઇએ.'

તેણે ધનવિજયજીને જવાબ આપ્યો કે-"સૂરિજી મહારાજને મારી સલામ સાથે જણાવશો કે-હાલ હું લડાઇના કાર્ય માટે જાઉં છું. ત્યાંથી આવ્યા પછી જરૂર આપની આજ્ઞા પ્રમાણે કરી દઇશ."

ધનવિજયજી સૂરિજી પાસે આવ્યા. આઝમખાને સોરઠ ઉપર ચઢાઈ કરી. સૌથી પહેલાં તે જામનગર ઉપર ચઢ્યો. એક તરફ આઝમખાનનું લશ્કર અને બીજી તરફ હાલા, ઝાલા અને કાઠી લોકો-એમ બન્ને લશ્કરોને આપસમાં ખૂબ યુદ્ધ થયું. આઝમખાનને સૂરિજી ઉપર બહુ શ્રદ્ધા હતી. તેને વિશ્વાસ હતો કે

૧ આ આઝમખાન તેજ છે કે જેને ખાનેઆઝમ (મોટા) અથવા મિર્ઝાઅઝીઝકોકાના નામથી ઓળખવામાં આવે છે તે ઇ. સ. ૧૫૮૭ થી ઇ. સ. ૧૫૫૨ સુધી અમદાવાદના સૂબા તરીકે રહ્યો હતો. વધુ વૃત્તાંત માટે જૂઓ મીરાતે અહમદીનો ગુજરાતી અનુવાદ પે. ૧૭૨ થી ૧૮૫ સુધી.

'લડાઇને માટે તૈયાર થતાં જે **સૂરિજી**ના પ્રતિનિધિ **શ્રીધનવિજયજી**નાં મને દર્શન થયાં હતાં, માટે મારી અવશ્ય ફતેહ થશે.' આજમખાનના લશ્કરે ખૂબ ધીરતા અને વીરતાપૂર્વક આગળ વધવા માંડયું. બનવા જોગ એવો બન્યો કે—જામનગરનો જે **સતોજામ**[1] આજમખાનની સ્હામે થયો હતો, તેની ઘોડી એકાએક ભડકી, આથી બીજા ઘોડેસ્વારોમાં પણ મ્હોટું ભંગાણ પડયું, અને તમામને પોતાના ઘોડાઓને મૂકી દઇ છૂટા થઇ જવું પડયું. આથી આજમખાન ફાવી ગયો અને તેના લશ્કરે આગળ વધી જીત મેળવી. જો કે જામ તરફના **જસાવજીરે** બહુ બહાદુરી બતાવી હતી, પરન્તુ આખેરે તે રણમાં માર્યો ગયો અને **સતાજામને** નાસી જવું પડયું હતું.

એ પ્રમાણે નવાનગરને સર કર્યા પછી આજમખાને **જૂનાગઢ** ઉપર ચઢાઈ કરી હતી. અને ત્યાં પણ સંપૂર્ણ જીત મેળવીને પછી તે પાછો **અમદાવાદ** ગયો હતો.

અમદાવાદમાં આવતાંની સાથેજ તેણે **સૂરીશ્વરજીને** યાદ

---

૧ **સતા** જામનું ખાસ નામ હતું **સતરસાલ** (શત્રુશલ્ય). તે **જામવિભાજી**ના ચાર પુત્રો પૈકીનો મુખ્ય હતો. તેની પ્રસિદ્ધિ **જામસતાજી**ના નામથી થઇ હતી. તે ગાદીનશીન થયો, ત્યારે ગુજરાતમા ઘણી અવ્યવસ્થા ચાલતી હતી. ઇ સ ૧૫૬૯ માં તેનો પિતા મરણ પામતા તે ગાદીએ બેઠો હતો **જામ** સતાજીના વખતથીજ સુલતાન **મુજફ્ફર**ની પરવાનગીથી **જામનગર**ના જામો કોરિયો પાડવા લાગ્યા હતા. આ જામના વજીરનુ નામ જસો વજીર કહેવામાં આવ્યું છે, તેનું પૂરૂં નામ હતુ—**વજીર જસા લાધક**. તેણે અને જામના પુત્ર કુંવર **અજાજી**એ બહાદુરી પૂર્વક **આઝમખાન**ની સાથે યુદ્ધ કર્યું હતુ; પરન્તુ આખરે બન્ને લડાઇમાં ખપી ગયા હતા **આઝમખાન** અને **જામસતાજી**ની આ લડાઇનુ વિશેષ વૃત્તાન્ત જાણવુ હોય, તેણે **અકબરનામા**—ત્રીજો ભાગ—બેવરિજનો અંગરેજી અનુવાદ, પે ૯૦૨; **કાઠિયાવાડ સર્વસંગ્રહ** (ગુજરાતી ભાષાન્તર) પે. ૪૫૪–૪૫૫, **મિરાતે અહમદી** (ગુજરાતી અનુવાદ) પે ૧૭૭, અને **મીરાતે સિકંદરી** (ગુજરાતી અનુવાદ) પે ૪૬૯ વિગેરેમા જોવુ.

કર્યા હતા. સૂરીશ્વરજી, સોમવિજયજી અને ધનવિજયજીને સાથે લઈ આજમખાનના બંગલે પધાર્યા. મહેલમાં પધારતાંજ આજમખાને સૂરિજીનો સત્કાર કર્યો, તદનન્તર કેટલીક વાતચીત થયા પછી આજમખાને કહ્યું—

"મહારાજ ! આપના પવિત્ર નામથી હું ઘણા વખતથી પરિચિત હતો, અને આપના તે શુભનામનું સ્મરણ કરવાથીજ મારા કાર્યમાં મને ફત્તેહ મળી છે. હું આપનાં દર્શન કરવાને ઘણા લાંબા વખતથી ઉત્સુક હતો; બલ્કિ ખરી વાત તો એજ છે કે—આપે અકબર બાદશાહને પ્રસન્ન કર્યા, ત્યારથીજ આપને મળવાની મારી ચાહના હતી. મારી તે ચાહના આજે સફળ થઈ છે, એથી મારા આત્માને હું ભાગ્યશાળી સમજુ છું."

આ પ્રમાણે વિવેક બતાવ્યા પછી તેણે કહ્યું—"મહારાજ ! આપ કયા પૈગમ્બરના કાઢેલા ધર્મ પ્રમાણે ચાલો છો ?"

સૂરિજી—"મહાવીરસ્વામી."

આજમખાન—"મહાવીર સ્વામીને થયાં કેટલાં વર્ષ થયાં ?"

સૂરિજી—"લગભગ બે હજાર વર્ષ."

આજમખાન—"ત્યારે તો આપનો ધર્મ બહુ પુરાણો ન કહી શકાય ?"

સૂરિજી—"હું જે મહાવીરસ્વામીનું નામ લઉં છું, તે તો ચોવીસમા પૈગમ્બર છે. તેમની પહેલાં પણ તેવીસ પૈગમ્બરો થઈ ગયા છે. અમે મહાવીરસ્વામીના સાધુ કહેવાઈએ છીએ. કારણ કે—તેમણે જે માર્ગ બતાવ્યો છે, તેજ માર્ગમાં અમે ચાલવાવાળા છીએ."

આજમખાન—"તો શું આપના પહેલા અને છેલ્લા પૈગમ્બરમાં કંઈ ફર્ક છે ?"

સૂરિજી—"પહેલા પૈગમ્બરનું નામ છે—ઋષભદેવ. તેમનું શરીર

પાંચસો ધનુષ્ય પ્રમાણનું હતું. તે પછી બીજા ત્રીજા વિગેરે જે જે પૈગમ્બરો થયા, તેમનું શરીરપ્રમાણ ન્હાનું ન્હાનું હતું. તેમનાં વસ્ત્રો અને લક્ષણોમાં પણ ફર્ક છે. ઋષભદેવ ભગવાને સફેદ વસ્ત્રો બતાવ્યાં, અને તે પણ પ્રમાણ–માપવાળાં. વ્રતો પાંચ કહ્યાં–અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ. આવી રીતે પહેલા અને છેલ્લા તીર્થંકરના સાધુઓનો આચાર તો લગભગ એક સરખોજ છે, પરન્તુ વચલા બાવીસ તીર્થંકરોના સાધુઓના આચારમાં કંઇક ફર્ક છે. બાવીસ તીર્થંકરોએ પાંચ વર્ણનાં વસ્ત્રો કહ્યાં અને તે પણ પ્રમાણ વિનાના. તેમણે વ્રતો ચાર કહ્યા. અર્થાત્ બ્રહ્મચર્ય અને અપરિગ્રહ–એ બન્નેનો એકમાજ સમાવેશ કર્યો. આ પ્રમાણે ભેદ હોવામા બીજું કંઇ પણ કારણ નથી. તેનું માત્ર એકજ કારણ છે. અને તે એજ કે–બાવીસ તીર્થંકરના વખતના મનુષ્યો સરળપ્રકૃતિના અને સમજૂ હતા, એટલે તેઓ થોડામા ઘણું સમજી શકતા હતા. જ્યારે આ કાળના મનુષ્યો વક્ર અને જડ કહેવાય છે. અતએવ જેટલો આચાર કહેવામાં આવ્યો છે, એટલો પણ પાળી શકતા નથી ધ્યાનમાં રાખવું જોઇએ કે–આચારમાં આટલો ભેદ હોવા છતાં ચોવીસ તીર્થંકરોએ પ્રકાશિત કરેલા સિદ્ધાન્તમાં કંઇ પણ ફર્ક નથી. પૂર્વ પૂર્વ તીર્થંકરોએ જેવા જેવા સિદ્ધાન્તો પ્રકાશિત કર્યા છે, તેવાજ ઉત્તરોત્તર તીર્થંકરો પ્રકાશિત કરતા આવે છે પહેલા ઋષભદેવ તીર્થંકરને થયે અસંખ્ય કાળ થઇ ગયો છે. અને છેલ્લા મહાવીર સ્વામીને થયે લગભગ બે હજાર વર્ષ થયાં છે. બસ, તેમના કહેલા માર્ગમા અમે દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવાનુસાર ચાલીએ છીએ.”

આ સાભળી આજમખાન બહુ ખુશી થયો. તે પછી તેણે પૂછ્યું–“આપને સાધુ થયે કેટલા વર્ષ થયાં ?”

સૂરિજી—“બાવન વર્ષ.”

આજમખાન—“આપે આટલાં વર્ષોમાં કંઇ ચમત્કાર પ્રાપ્ત કર્યો કે નહિં ? અથવા ખુદાથી કોઇ વખત ભેટ થઇ કે નહિં ?”

સૂરિજી—"ખાનસાહેબ! સંસારમાં ખુદા આવી શકતોજ નથી, તો પછી તેની ભેટ થાયજ ક્યાંથી? વળી દેશ, માલ, ઘર, સ્ત્રી વિગેરે સમસ્ત વસ્તુઓને છોડીને અમે સાધુ થયા છીએ, પછી અમારે એવા ચમત્કારો કરીને જગતને ચમત્કૃત કરવાની જરૂરજ શી છે? અમને નથી પૈસાની ઇચ્છા કે નથી રાજ્યપ્રાપ્તિનો લોભ. બેશક, એ વાત ખરી છે કે–એવી ચમત્કારિક વિદ્યાઓ સંસારમાં અવશ્ય મૌજૂદ છે; પરન્તુ તેના કરવાવાળા નિઃસ્પૃહી અને ત્યાગી મહાત્માઓ સંસારમાં બહુજ થોડા છે. તે કાલિકાચાર્ય હવે ક્યાં છે કે–જેમણે ઈંટનું સોનુ બનાવ્યું હતું? હવે તે સનત્કુમાર ક્યાં છે કે–જેના થૂંક માત્રથી શરીરના રોગો ચાલ્યા જતા હતા? આવી આવી અનેક વિદ્યાઓને ધારણ કરનારા મહાત્માઓ વિદ્યમાન હતા, પરન્તુ તેમણે એમ સમજીને પાછલી સંતતિને એ વિદ્યાઓ ન આપી, કે–આ લોકો આ વિદ્યાઓથી ગર્વિત થઈને પોતાનું સાધુપણું પણ છોડી દેશે. પહેલાંના જે સાધુઓ હતા, તે તો તેમની વિદ્યાઓનો દુરૂપયોગ ન્હોતા કરતા. જ્યારે કંઇ ધર્મનું કાર્ય આવી પડતું, અને ખાસ જરૂર જણાતી, ત્યારે જ તેઓ તેનો ઉપયોગ કરતા. ખરી વાત તો એ છે કે–અત્યારે પણ સાધુ, પોતાના ચારિત્રનું નિર્મળ રીતે પાલન કરે અને પોતાના સાધુધર્મમાં બરાબર દૃઢ રહે, તો તે પણ ધાર્યું કામ અવશ્ય પાર પાડવાને સમર્થ થઇ શકે છે. ચારિત્રનો પ્રભાવજ એવો છે કે–વગર વચન કાઢે પણ હજારો મનુષ્યોના ઉપર વિજળીની માફક અસર કરી શકાય છે. ચારિત્રના પ્રભાવથીજ, સાધુની સ્હામે આવનારાં જાતિવૈરવાળાં પ્રાણિયો પણ પોતાના વૈરને ભૂલી જાય છે. પરંતુ એટલું નિર્મળ ચારિત્ર હોવું જોઇએ. એવા નિર્મળ ચારિત્રવાળાની પાસે મંત્ર–તંત્રાદિ ન હોય, તો પણ ચાલી શકે છે. પોતાના નિર્મળ ચારિત્રથીજ બધું કાર્ય સિદ્ધ થઇ શકે છે. અમે અત્યારે જે ખુદાની બંદગી કરીએ છીએ, અને સાધુધર્મ પાળીએ છીએ, તે એટલા માટે કે ધીરે ધીરે કાળાન્તરે અમે પણ ખુદાને જઇ મળીએ."

સૂરિજીનું ઉપર્યુક્ત કથન ધ્યાનપૂર્વક સાંભળ્યા પછી આજમખાને એક હાસ્યજનક કથા સંભળાવી. તેણે કહ્યું–

"આપને યદિ ખોટું ન લાગે, તો હું એક વાત કહું. હિંદુ લોકો ખુદાને કદિ પણ પ્રાપ્ત કરી શકતા નથી. મુસલમાનોજ પ્રાપ્ત કરી શકે છે. જૂઓ–એક વખત એવું બન્યું કે–હિંદુ અને મુસલમાન બન્નેને આપસમાં ઝઘડો થયો. હિંદુઓ કહેવા લાગ્યા કે ખુદા પાસે અમે જઇ શકીએ છીએ. મુસલમાનો કહે કે અમે. આ ઝઘડામાં એ નિશ્ચય થયો કે–બન્ને પક્ષના એક એક માણસને ત્યાં મોકલવામાં આવે. તેમાંથી જે પક્ષનો માણસ ત્યાં જઇને આવે, તે પક્ષ ખુદાની નજદીક છે, એમ માનવું. બસ, હિંદુઓમાંથી એક વિદ્વાન્ માણસ ત્યા જવાને તૈયાર થયો; તે પોતાનું શરીર છોડીને ખુદાની પાસે જવા રવાના થયો. પરન્તુ આગળ જતાં રસ્તામાં મ્હોટું જંગલ આવ્યું. તે જંગલને ઉલ્લંઘીને આગળ જઇ શકયો નહિં, અને પાછો આવ્યો. લોકોએ પૂછયું–'ખુદાની પાસે જઇ આવ્યા?' તેણે કહ્યું–'હા, જઇ આવ્યા.' ફરી પૂછયું–'ખુદા કેવો છે?' જવાબ આપ્યો–'ઘણોજ સુંદર.' પરન્તુ તેણે કંઇ નિશાની આપી નહિં, તેથી તેનું જૂઠાપણું જાહેર થઈ ગયું.

"તે પછી એક મુસલમાન પોતાની કાયાને છોડીને ખુદાની પાસે ગયો. આગળ જતાં તેણે દાડમ, બદામ, દ્રાક્ષા, અખોડ, ચંપો, આંબા, જાબૂ અને લીંબૂ વિગેરેનાં ઝાડો જોયાં. સોનાનાં મકાનો દેખ્યાં. મીઠાં ટોપરા જેવાં પાણી પીધા. વળી આગળ ચાલ્યો એટલે તેણે હીરા–માણેક–મોતીથી જડેલા સોનાના સિંહાસન ઉપર બેઠેલ ખુદાને જોયા. ખુદાની પાસે અનેક ફિરસ્તાઓની ઉભેલી ફોજ જોઇ; ખુદાને નમસ્કાર કરીને તે ઝટ પાછો વળ્યો. માર્ગમાં આવતા ખુદાની પાસે જઇને આવ્યો છે, એની ખાતરી કરાવવાને માટે તે મરચાંની એક લૂંબ બગલમા મારતો આવ્યો. આથી સિદ્ધ થાય છે કે–મુસલમાન સિવાય બીજું કોઇ ખુદાની પાસે જઇ શકતું નથી."

આજમખાનની આ કથા સાંભળીને સૂરિજીને અને તેમની સાથેના બીજા સાધુઓને તો હસવુંજ આવ્યું. તેમનું આ હાસ્ય જોઇને આજમખાને પૂછયું–“ મહારાજ ! આપ હસો છો કેમ ? કંઇ કારણ તો કહો.”

સૂરિજીએ કહ્યું–“ આપે કહેલી કથા ઉપર અમને હસવું આવે છે. જેનામાં કંઇ પણ સમજવાની શકિત છે, તે માણસ આપની આ કથાને સત્ય માને ખરો ? મનુષ્ય પોતાના શરીરને અહિં મૂકીને ખુદાની પાસે જાય, રસ્તામાં જંગલ હોવાના લીધે તેને પાછું આવવું પડે; અથવા ખુદાની પાસે પહોંચે, તે ખુદાને સિંહાસન ઉપર બેઠેલો જૂએ, રસ્તામાંથી મરચાંની લૂંબ બગલમાં મારતો આવે, આ બધું હવામાં કિલ્લો બાંધવા જેવું શું આપને નથી લાગતું ? શું ખુદા શરીરવાળો છે કે–જે સોનાના સિંહાસન ઉપર ચઢી બેઠો હતો ? વળી અહિંથી જવાવાળો મુસલમાન શરીર તો અહિં મૂકી ગયો હતો, તો પછી તેની પાસે બગલજ કયાં હતી, કે જેમાં મરચાંની લૂંબ લેતો આવ્યો ? ”

આજમખાન તો ખડખડ હસીજ પડયો. તેને ચોખ્ખું જણાયું કે–આ તો મેં હવામાંજ કિલ્લો બાંધ્યો. પછી તે સૂરિજીની ઘણી પ્રશંસા કરવા લાગ્યો. અને છેવટે તેણે એ પ્રાર્થના કરી કે–‘ મારા લાયક કંઇ પણ કામ હોય, તે આપ ફરમાવો.’

સૂરિજીએ, જગડુશાહ નામનો એક શ્રાવક કેદમાં પડયો હતો, તેને છોડી મૂકવા માટે કહ્યું આજમખાને તુર્તજ તે વાત ધ્યાનમાં લીધી અને જગડુશાહને છોડી મૂકયો, તેમ એક લાખ રૂપિયાનો જે દંડ કરાવ્યો હતો, તે પણ માફ કર્યો.

તે પછી ઘણી ધુમધામ પૂર્વક આજમખાને સૂરિજીને ઉપાશ્રયે પહોંચાડ્યા. જગડુશાહના છુટા થવાથી અને સૂરિજીના આજમખાન ઉપર અત્યંત પ્રભાવ પડવાથી અમદાવાદના સમસ્ત શ્રાવકોમાં આનંદ

આનંદ ફેલાઇ ગયો. અને તેની ખુશાલીમાં શ્રાવકોએ ઘણું દ્રવ્ય ખરચી મ્હોટો ઉત્સવ કર્યો.

આજમખાનની શ્રદ્ધા **સૂરિજી** ઉપર બહુ જામી હતી. જ્યારે જ્યારે પ્રસંગ મળતો, ત્યારે ત્યારે તે **સૂરિજી**નાં દર્શન કરવા જતો અને **સૂરિજી**ની વાણી શ્રવણ કરતો.

કહેવાય છે કે–જ્યારે **સૂરિજી**એ વિ. સં. ૧૬૫૧ માં ઊનામાં પહેલું ચોમાસુ કર્યું હતું, ત્યારે પણ **આજમખાન** હજજથી[1] (**મક્કાથી**) પાછા વળતા **સૂરિજી**ના દર્શનાર્થ આવ્યો હતો. તે વખતે તેણે સાતસો રૂપિયા **સૂરિજી**ને ભેટ કર્યા હતા, પરન્તુ **સૂરિજી**એ સમજાવ્યું હતું કે–'અમે કંચન અને કામિનીના સર્વથા ત્યાગી છીએ. માટે આ રૂપિયા અમારાથી લઇ શકાય નહિં.' **આજમખાને** તે રૂપિયા બીજા સન્માર્ગે વાપરી દીધા હતા. **આજમખાને** અહિં પણ **સૂરિજી**નો ઉપદેશ શ્રવણ કર્યો હતો અને તેથી તેને બહુ આનંદ થયો હતો.

કાસિમખાન.[2]

વિ. સં ૧૬૪૯ ની સાલમાં **સૂરિજી પાટણ** પધાર્યા હતા. આ વખતે અહિંનો સૂબો **કાસિમખાન** હતો.

---

૧ જૂનાગઢની ફતેહ મેળવ્યા પછી થોડાજ વખતમા એટલે વિ સં ૧૬૫૦ મા **આજમખાન**, કુટુબ પરિવાર, દાસ–દાસિયો અને મો નોકરો કરતા વધારે માણસોને સાથે લઇ, સરકારી હોદ્દો અને અમીરીનો ત્યાગ કરી **મક્કા** જવાના ઇરાદાથી રવાના થયો હતો **મક્કાથી** પાછા વળતા સૂરિજીને તે વિ સ ૧૬૫૧ મા મળેલ છે, તે ઉપરથી સમજાય છે કે–તે **મક્કામા** લગભગ એક વર્ષ રહ્યો હતો વધુ માટે, જૂઓ **આઇન–ઇ–અકબરી**નો બ્લૉકમેનનો અગરેજી અનુવાદ, પે ૩૨૫ થી ૩૨૮ સુધી

૨ કાસિમખાન, એ કુદલિવાલબારહના **ખાન** સૈયદ **મુહમ્મદ**નો ભાઇ હતો. તે પહેલા **ખાનઆલમ**ના હાથ નીચે નોકર રહ્યો હતો.

આ વખતે તેજસાગર અને સામલસાગર નામના બે સાધુઓને કંઇ પણ કારણથી સમુદાય બહારની શિક્ષા કરવામાં આવી હતી. આથી તે બન્ને સાધુઓ ગુસ્સે થઇને કાસિમખાનને મળ્યા. આ વખતે કાસિમખાનના શરીરમાં કંઇક રોગ થયો હતો. તે રોગ આ બન્ને સાધુઓએ દવા કરીને મટાડયો. આથી કાસિમખાનની તે સાધુઓ ઉપર કંઇક પ્રસન્નતા થઇ. અને તેથી તેણે કહ્યું કે–"મારા લાયક કંઈ કાર્ય હોય, તે કહો." સાધુઓએ કહ્યું–"જો તમારી અમારા ઉપર પ્રસન્નતા હોય, તો હીરવિજયસૂરિને સમજાવીને અમને સમુદાયમાં લેવડાવો."

કાસિમખાને ઝટ હીરવિજયસૂરિને પોતાની પાસે બોલાવ્યા. જો કે–એણે તો એમજ ધાર્યું હતું કે–હીરવિજયસૂરિને દબાવીને આ બન્ને સાધુઓને સમુદાયમાં લેવડાવવા. પરન્તુ હીરવિજયસૂરિને દેખતાંજ–તેમની ભવ્યાકૃતિ અને ચારિત્રની છાપ તેના ઉપર એવી તો પડી કે–તેના બધા વિચારો લય પામી ગયા. સુતરાં, જે નિમિત્તે સૂરિજીને પોતાની પાસે બોલાવ્યા હતા, તે નિમિત્ત તો તેણે દબાવીજ દીધું અને સારો સત્કાર કરવા પૂર્વક પ્રેમથી વાતો કરવા લાગ્યો. પ્રસંગોપાત્ત સૂરિજીએ કાસિમખાનને જીવહિંસા છોડવા માટે ઉપદેશ કર્યો. ત્યારે કાસિમખાને કહ્યું.

"સંસારમાં જીવ, જીવનું ભક્ષણ છે. એવો કયો મનુષ્ય છે કે–જે જીવોનુ ભક્ષણ ન કરતો હોય? લોકો અનાજ ખાય છે, તે શું છે? તેમાં પણ જીવ છે. એ લોકો અનાજના ઘણા જીવોનું ભક્ષણ

તેણે, મુહમ્મદ હુસેન મિરઝા, કે જે મુહમ્મદ અઝીઝ કોકાથી હાર પામી દક્ષિણમા નાશી ગયો હતો, તેની પૂઠ પકડવામા બહાદુરી બતાવી હતી. ધીરે ધીરે તે આગળ વધતા ગુજરાતના સૂબા તરીકે નિમાયો હતો ઇ. સ. ૧૫૯૮ મા તે ગુજર્યો હતો મર્યો તે વખતે, તે પંદમો સેનાનો નાયક હતો વધુ માટે જૂઓ, આઇન–ઇ–અકબરી, બ્લોકમેનનો અંગરેજી અનુવાદ, પે ૪૧૯.

કરે છે, ત્યારે તેના કરતાં એક જીવનું ભક્ષણ કરીને ઘણા જીવોનું પોષણ થાય, એ શું ખોટું છે ?”

સૂરિજીએ કહ્યું—“સાંભળો ખાનસાહેબ ! ખુદાએ સમસ્ત જીવો ઉપર મહેર રાખવાનું ફરમાવ્યું છે એ વાતને તો આપ પણ સ્વીકાર કરશો. હવે બની શકે તો–સમસ્ત જીવો ઉપર રહેમ–દયા રાખીને તેના ભક્ષણથી દૂર રહેવું, એ તો સૌથી શ્રેષ્ઠ માર્ગ છે, પરન્તુ એમ કરવું મનુષ્યજાતિને માટે અશક્ય છે. કારણ કે–પેટ ભરવાની દરેકને જરૂરત રહેલી છે. હવે પેટનું પોષણ કેવી રીતે કરવું ? એજ માત્ર વિચારવાનું રહે છે.

“સંસારમાં જીવો બે પ્રકારના જોવાય છે. **સ્થાવર** અને **ત્રસ**. જે જીવો પોતાની મેળે હાલી–ચાલી શકતા નથી, તે **સ્થાવર** જીવો છે. જેવા કે–પૃથ્વી, પાણી, તેજ, વાયુ અને વનસ્પતિના જીવો. અનાજના જીવો એ સ્થાવર જીવો છે. અને જે જીવો પોતાની મેળે હાલી–ચાલી શકે છે, તે **ત્રસ જીવો** છે. નરક, તિર્યંચ, મનુષ્ય અને દેવલોકના જીવો ત્રસ જીવો કહેવાય છે. **સ્થાવર** જીવોને માત્ર એકજ ઇંદ્રિય હોય છે. જ્યારે ત્રસ જીવો બે, ત્રણ, ચાર અને પાંચ ઇંદ્રિયોવાળા હોય છે. એકેન્દ્રિય કરતાં બે ઇન્દ્રિયવાળા જીવોનું પુણ્ય વધારે. બેઇંદ્રિય કરતા તેઇંદ્રિય, તેઇંદ્રિય કરતાં ચઉરિન્દ્રિય અને ચઉરિન્દ્રિય કરતાં પચેન્દ્રિય જીવોનું પુણ્ય વધારે. જો એ પ્રમાણે પુણ્યમાં ન્યૂનાધિકતા ન હોય, તો એક પછી એક વધારે ઇંદ્રિયોની પ્રાપ્તિજ કેમ થાય ? પાંચ ઇંદ્રિયોવાળા જીવોમાં પણ પશુ–મનુષ્ય વિગેરે છે. તેમાં પશુઓ કરતાં મનુષ્યોનું પુણ્ય વધારે મનુષ્યોમાં પણ પુણ્યપ્રકૃતિ ન્યૂનાધિક જોવામા આવે છે. કોઇ ગરીબ છે, તો કોઇ રાજા છે; કોઇ ગૃહસ્થ છે, તો કોઇ સાધુ છે આ બધી પુણ્યનીજ લીલા છે. હવે હું પુછું છું કે–જે મનુષ્યો અનાજના જીવોને અને પશુઓના જીવોને સરખા ગણીને પશુઓનુ માંસ ખાય છે, તેઓ શા માટે મનુષ્યોનું માંસ ખાતા નથી ? કારણ કે–તેમના મન્તવ્ય પ્રમાણે તો અનાજ,

પશુ અને મનુષ્ય-બધાઓના જીવો એક સરખાજ છે. પણ નહિં; કહેવું પડશે કે તમામ જીવોના પુણ્યમાં ન્યૂનાધિકતા રહેલી છે. અને જે જીવોનું પુણ્ય ઓછું તે જીવોની હિંસાનું પાપ પણ ઓછું. સુતરાં, એ સિદ્ધ થાય છે કે-જ્યાં સુધી થોડા પુણ્યવાળા જીવોથી કામ ચાલતું હોય, ત્યાં સુધી વધારે પુણ્યવાળાથી કામ લેવું, એ ગેરવ્યાજબી છે. અને એ હિસાબે જ્યારે અનાજથી આપણું કામ ચાલે છે, તો પછી તેથી વધારે ઇંદ્રિયોવાળા ત્રસ જીવોનો સંહાર શા માટે કરવો જોઇએ ? વળી જેઓ માંસાહારી છે, તેઓના અંતઃકરણમાં ખુદાએ ફરમાવેલી મહેર-દયા રહેતી નથી, એ વાત ચોક્કસ છે. ”

સૂરિજીના વક્તવ્યથી કાસિમખાન બહુ ખુશી થયો. તેના અંતઃકરણમાં દયાની લાગણી જાગૃત થઇ અને એ પ્રસન્નતાના પરિણામે તેણે કંઇ પણ કાર્ય બતાવવા માટે જ્યારે સૂરિજીને નમ્ર વિનતિ કરી, ત્યારે સૂરિજીએ, જે જે બકરા, પાડા, પક્ષિઓ અને બંદિવાનોને રાખવામાં આવ્યા હતા, તેઓને મુક્ત કરવા માટે સૂચના કરી. આ સૂચનાને માન આપી તેણે તે બધાંઓને છોડી મૂક્યાં.

હવે, કાસિમખાને સૂરિજીની આ કાર્યદ્વારા પ્રસન્નતા મેળવી એક વાતની માગણી કરી. તેણે કહ્યું—

“ આપના જે બે શિષ્યોને આપે ગચ્છ બહાર કર્યા છે, તેમને આપ ગચ્છમાં પાછા લેશો, તો મને બહુ આનંદ થશે. ”

સૂરિજીએ કહ્યું—“ સૈયદ સાહેબ ! આપ વિચાર કરી શકો છો કે-અમે મનુષ્યોને તેમના કલ્યાણને માટે સાધુ બનાવવાને કેટલો બધો પ્રયત્ન કરીએ છીએ, અને એક જીવ સંસારથી બહાર નિકળી સાધુ થાય છે, તો પારાવાર આનંદ થાય છે; ત્યારે આવા થએલા સાધુઓને અમે વિના કારણે અલગ કરી દઇએ, એ કોઇ દિવસ સંભવી શકે ખરૂં ? પણ શું કરવું ? તેઓ કોઇનું કહ્યું માનતા નથી, અને સ્વતંત્ર રહે છે, માટેજ મારે તેમ કરવું પડયું

છે. તે કરતાં જ્યારે આપનો અનુરોધ છે, તો ભલે હું તેઓને ગચ્છમાં લઇ લઉં છું, આપ તેઓને બોલાવીને એટલું સમજાવો કે–તેઓ મારી આજ્ઞા પ્રમાણે વર્તાવ કરે.”

કાસિમખાને ઝટ તે બન્ને–**તેજસાગર** અને **સામલસાગર**ને પોતાની પાસે બોલાવી કહ્યું કે–‘ હીરવિજય સૂરિ કહે, તે પ્રમાણે તમારે વર્ત્તાવ કરવો. ’

એ પ્રમાણે ભલામણ કરીને તે બન્ને સાધુઓ **સૂરિજી**ને સોંપવામાં આવ્યા. તે પછી વાજતે ગાજતે સૂરિજી ઉપાસરે પધાર્યા.

સુલતાન મુરાદ.[1]

વિ. સં. ૧૬૫૦ ની સાલમાં **સૂરિજી** પાટણથી નિકળેલા એક મ્હોટા સંઘની સાથે **સિદ્ધાચલ**ની યાત્રાએ પધારતા હતા. અનુક્રમે આ સંઘ જ્યારે **અમદાવાદ** આવ્યો, ત્યારે ત્યાંના **સુલતાન મુરાદે** **સૂરિજી**નો અને સંઘનો ઘણોજ સત્કાર કર્યો, તેણે ઉત્તમોત્તમ રત્નો મૂકીને **સૂરિજી**ની પૂજા કરી અને સંઘની પણ સારી સેવા કરી.

આ વખત **સુલતાને** **સૂરિજી**ના મુખથી વાણી સાંભળવાની જિજ્ઞાસા પ્રકટ કરી. આથી **સૂરિજી**એ તેને ઘણો ધર્મોપદેશ આપ્યો. **સૂરિજી**એ આ પ્રસંગે હિંસાનો ત્યાગ, સત્યનું આચરણ, પરસ્ત્રીનો ત્યાગ, અનીતિ–અન્યાયથી દૂર રહેવું, તેમ ભાંગ, અફીણ, તાડી અને દારૂ વિગેરે વ્યસનોથી બચવાનો ખૂબ ઉપદેશ આપ્યો. અને તેથીજ તેણે **સૂરિજી**ના ઉપદેશને માન આપી તે દિવસે આખા શહેરમાં કોઇ માણસ જીવહિંસા ન કરે, એવો અમારીપટહ વગ-

---

૧ **અમદાવાદ**નો સૂબેદાર **આઝમખાન** જ્યારે જૂનાગઢની જીત મેળવ્યા પછી **મક્કા**ની યાત્રાએ ગયો, ત્યારે તેના સ્થાનમા બાદશાહ **અક-બરે** પોતાના પુત્ર **સુલતાન** મુરાદની નિમણુક કરી હતી આના સંબંધમા વિશેષ હકીકત જોવી હોય, તેણે **મીરાતે અહમદી**નો ગુજરાતી અનુવાદ પે ૧૮૬ મા જોવું

ડાવ્યો હતો. તેમ જ્યારે સૂરિજીએ વિહાર કર્યો, ત્યારે સરકારી બે મેવાડા સૂરિજીની સેવામાં મોકલ્યા હતા.

આ ઉપરાન્ત સૂરિજીએ પોતાના ભ્રમણ દરમિયાન બીજા પણ ઘણા સુલતાનો અને સૂબાઓને ઉપદેશ આપી જીવદયા વિગેરેનાં કાર્યો કરાવ્યાં હતાં.

પ્રકરણ આઠમું.

દીક્ષાદાન.





માનો જમાનાનું કામ કર્યાજ કરે છે. કુદરતના કાયદાની સ્હામે યુદ્ધ કરવાને કોઇ પણ મનુષ્ય સમર્થ થઇ શકે નહિં. જમાનાને અનુકૂળ કુદરતી રીતેજ દરેક પ્રવૃત્તિઓમાં પ્રવર્ત્તનો થયાજ કરે છે. ભારતવર્ષની પ્રાચીન વિભૂતિનો પ્રત્યક્ષ પુરાવો આપી રહેલાં આબૂ, ગિરિનાર, તારંગા, પાલીતાણા અને રાણુપુર વિગેરે અનેકાનેક સ્થાનોમાં ગગનસ્પર્શી અદ્વિતીય મંદિરોનું અવલોકન કરનારાઓને (કેટલાકોને) અત્યારે સ્હેજે એ કલ્પના ઉદ્ભવે છે કે–" તે જમાનાના લક્ષ્મીપુત્રો કેવા કે–જેમણે પોતાની અખૂટ લક્ષ્મીનો વ્યય–આવાં મંદિરો બનાવવામાં કર્યો ? શું તેઓને બોર્ડિંગો, બાળાશ્રમો, વિશ્વવિદ્યાલયો, અનાથાશ્રમો અને પાઠશાળાઓ વિગેરે સ્થાપવાનું ન સૂઝયું ? "

પરન્તુ આવી કલ્પના કરનારાઓ જરા સંસારની પરિવર્ત્તનશીલતાનું અવલોકન કરે, તો તેઓને પોતાની કલ્પનાનું સમાધાન

સ્હેજે થઇ જાય તેમ છે. કોઇ પણ જમાનો હમેશાંને માટે એક સરખોજ પ્રવૃત્તિવાળો રહ્યોજ નથી. જે જમાનામાં જેવાં કાર્યોની આવશ્યકતા જણાય છે, તે જમાનામાં કુદરતી રીતે મનુષ્યોની બુદ્ધિઓનું વાતાવરણ તેવા પ્રકારનું થાય છે. કોઇ જમાનો એવો આવે છે કે-જે વખતે **દર્શન**નો ઉદયકાળ હોય છે. તે વખતે ઠેકાણે ઠેકાણે મંદિરો બનાવવા તરફ, પ્રતિષ્ઠાઓ કરાવવા તરફ, સંઘો કાઢવા તરફ અને મ્હોટા મ્હોટા ઉત્સવો કરવા તરફ પ્રધાનતયા લોકોની પ્રવૃત્તિ રહે છે. કોઇ જમાનો **જ્ઞાન**ના ઉદયકાળનો હોય છે; તે વખતે ઠેકાણે ઠેકાણે પાઠશાળાઓ, વિશ્વવિદ્યાલયો અને પુસ્તકાલયો વિગેરે જ્ઞાનનાં સાધનોનો બહોળા પ્રમાણમાં પ્રચાર કરવા તરફ લોકો ઝુકી પડે છે, જ્યારે કોઇ જમાનો **ચારિત્ર**ના ઉદયકાળનો આવે છે, તે વખતે ચારે તરફથી સાધુઓની વૃદ્ધિજ થતી જોવાય છે.

વિક્રમની સોળમી અને સત્તરમી શતાબ્દિના સમયમાં, કે જે સમયનું આપણે અવલોકન કરીએ છીએ, પ્રધાનતયા **ચારિત્રનો ઉદયકાળ** હતો, એમ કહેવાને અવશ્ય કારણ મળે છે. અર્થાત્ તે વખતે સંસારની અનિત્યતાનું ભાન થતાં ઘણા ગૃહસ્થો-ઘણા ગર્ભ-શ્રીમંતો પણ ગૃહસ્થાવસ્થાને છોડીને ચારિત્ર (દીક્ષા) અંગીકાર કરતા હતા. અને એનુંજ એ પરિણામ હતું કે-તે વખતે સેંકડો નહિં પરન્તુ, હજારોની સંખ્યામાં જૈન સાધુઓ હયાતી ધરાવતા હતા.

કર્ત્તવ્ય કર્મથી પરિભ્રષ્ટ થયેલા મનુષ્યો સંસારમાં નિંદાને પાત્ર બને છે જો કે, એ વાત ખરી છે કે-દુનિયાના સમસ્ત મનુષ્યો સરખીજ પ્રકૃતિના, સરખીજ વિદ્વત્તા ધરાવવાવાળા કે સરખાજ કાર્યો કરવાવાળા નથી હોતા, પરન્તુ એટલુ તો ખરૂંજ કે-મનુષ્યોએ પોતાના લક્ષ્યબિંદુને નહિ ચૂકવુ જોઇએ દીક્ષા લેનારે, દીક્ષા લેવાનો ઉદ્દેશ શો છે ? એ જેમ ખૂબ સમજી રાખવું જોઇએ છે, તેમ દીક્ષાદાન કરનારે પણ દીક્ષા આપવાનો ઉદ્દેશ ભૂલવો જોઇતો નથી.

દીક્ષા, એ પરમસુખનું કારણ છે. દીક્ષા, એ મોક્ષની નિસરણી છે. દીક્ષિત મનુષ્ય જે સુખ અનુભવે છે, તે ઇન્દ્ર–ચંદ્ર–નાગેન્દ્રને પણ નથી. આવી આ ભવ અને પરભવને માટે સુખ આપનારી દીક્ષા લેવી, એ પોતાને સુખ ઇચ્છનાર દરેક મનુષ્યને માટે જરૂરનું છે; પરન્તુ મનુષ્યોની તે તરફ અભિરૂચિ થતી નથી, એનું કારણ સંસારના અનિત્ય પદાર્થો ઉપરનો મોહ અને ચારિત્રના મહત્ત્વનું અજ્ઞાતપણું જ છે. બેશક, એ વાત ખરી છે કે–દીક્ષા લીધા પછી પણ મનુષ્ય સ્વ–પરોપકાર સાધવામાં તત્પર ન રહે, વિષય–વાસનાઓ અને મોહ–મૂર્ચ્છાથી મૂર્ચ્છિત થઇ જાય, તો તેની સ્થિતિ ધોબીના કૂતરા જેવી જ થાય છે. એટલું જ નહિં, પરન્તુ પોતાની સાથે બીજા અનેક આત્માઓને ડૂબાડે છે. પરન્તુ આવી સ્થિતિ તેજ મનુષ્યની થાય છે, કે જે પોતાનો દીક્ષા લેવાનો ઉદ્દેશ—

मूंड मूंडाये तीन गुन मिटे सीसकी खाज ।
खानेको लड्डु मिले लोक कहें महाराज ॥

આ રાખે છે; પરન્તુ જેઓ–साध्नोति स्व–परकार्याणीति साधुः અથવા यतते इन्द्रियाणीति यतिः। સ્વ-પર કાર્યોને સાધન કરે તે **સાધુ** અથવા ઇંદ્રિયોને વશમાં રાખે, તેજ **યતિ**, એ વ્યાખ્યાને પોતાના હૃદયપટ પર હમેશાંને માટે કોતરી રાખે છે, તેઓની તેવી સ્થિતિ થતી નથી. એટલા જ માટે ઉપર કહેવામાં આવ્યું છે કે—મનુષ્યે પોતાના લક્ષ્યબિંદુને નહિં ચૂકવું જોઇએ.

આવીજ રીતે દીક્ષાદાન કરનારે પણ પોતાની ઉદારભાવનાને હમેશાંને માટે કાયમ જાળવી રાખવી જોઇએ. કહેવાની કંઇ જરૂર નથી કે–દીક્ષા લેનારના કરતાં દીક્ષા આપનારને માથે વધારે જવાબદારી રહેલી હોય છે. દીક્ષા લેનાર પોતાનું અને જગતનું કલ્યાણ કરવાવાળો કેમ થાય ? વિષય–વાસનાઓથી તેનું ચિત્ત કેમ હઠે ? તેનું જીવન આદર્શજીવન કેમ બને ? ઇત્યાદિ બાબતો તરફ દીક્ષા

આપનાર ગુરૂએ હમેશાંને માટે પ્રયત્નશીલ રહેવાનું છે. આવી રીતે સચેષ્ટ તેજ ગુરૂ–દીક્ષા આપનાર રહી શકે છે કે–જેઓ સંસારના આરંભ સમારંભનાં કાર્યોમાં મસ્ત બની રહેલ અને વિષયવાસના તથા ક્રોધાદિકષાયોથી પરિતૃપ્ત થયેલ જીવને દયાની લાગણીથી અને શાસનના હિતની ખાતર બહાર કાઢે છે પરન્તુ જેઓ માત્ર ઘણા ચેલાઓના ગુરૂ કહેવરાવવાની લાલચથી અને ખોટા આડંબરથી લોકોને રંજિત કરવાની ઇચ્છાથી જ ચેલા કરે છે, તેઓ તો દીક્ષા લેનારનું કંઇ પણ હિત કરી શકતા નથી. માત્ર કોઇ પણ મનુષ્યને ગૃહસ્થાવસ્થામાંથી મુકત કરી પોતાના મંડલમાં લઈ લેવો, એટલામાંજ પોતાના કર્ત્તવ્યની 'ઇતિશ્રી' કરી બેસે છે. ઘણી વખત આનું પરિણામ એ આવે છે કે–દીક્ષા લેનાર કાં તો થોડા વખત પછી ઘરભેગોજ થઇ જાય છે, અથવા કદાચ કુલની લજ્જાને લીધે સાધુના વેષમાં રહે, તો પણ તે આખી જિંદગીમાં સાધુપણાના વાસ્તવિક સુખનો લગાર પણ અનુભવ કરી શકતો નથી, ન તો તે સમાજનુ ભલું કરી શકે છે કે ન તે પોતાનું હિત પણ કરી શકે છે. આવા ગુરૂઓ અને ચેલાઓ ખરેખર સમાજને ભારભૂતજ થઇ પડે છે.

આપણા નાયક હીરવિજયસૂરિ મહાન વિચક્ષણ, શાસનના પ્રેમી અને જગતનું કલ્યાણ ઇચ્છનાર હતા અને તેથીજ તેઓ જેને દીક્ષા આપતા, તેને પવિત્ર ઉદ્દેશથીજ આપતા હતા. અને તેનું એજ કારણ હતું કે–તેમના ઉપદેશથી સંખ્યાબંધ મનુષ્યો દીક્ષા લેવાને તૈયાર થતા હતા. આ પ્રમાણે સૂરિજીએ જો કે ઘણાઓને દીક્ષાઓ આપી હતી, પણ તે બધા પ્રસંગોનો ઉલ્લેખ અહિં ન કરતા માત્ર થોડાજ પ્રસંગો અહિ ટાંકીશુ તે ઉપરથી તે વખતની દીક્ષાઓ, મનુષ્યોની ભાવનાઓ અને બીજી કેટલીક વ્યાવહારિક બાબતોનો ખ્યાલ પણ પાઠકોને આવી શકશે

આપણે એક પ્રકરણમા જોઇ ગયા છીએ કે–જે સમયનું

આપણે અવલોકન કરીએ છીએ, તે સમયમાં કેટલાક સ્વચ્છંદી પુરૂષો નવનવા મતો કાઢવામાં અને પોતાના મતોનો પ્રચાર કરવામાં ફાવી જતા હતા અને તેથી હીરવિજયસૂરિ જેવા ધર્મરક્ષકોને વધારે પ્રયત્નશીલ રહેવું પડતું હતું.

લોંકા નામના ગૃહસ્થે કાઢેલા જે મતના સંબંધમાં પહેલાં કહેવામાં આવ્યું છે તે મતને માનવાવાળા જો કે–તે વખતે ઘણા સાધુઓ અને ગૃહસ્થો હતા, પરન્તુ જ્યારે હીરવિજયસૂરિ સપ્રમાણ મૂર્ત્તિપૂજાની સિદ્ધિ ઠેકાણે ઠેકાણે કરી બતાવવા લાગ્યા, ત્યારે મૂર્ત્તિને નહિં માનવાવાળા ઘણા સાધુઓ અને ગૃહસ્થોના વિચારો ફરવા લાગ્યા. એટલુંજ નહિં પરન્તુ, કેટલાક સાધુઓ તો પોતાના મતની દીક્ષા છોડીને હીરવિજયસૂરિ પાસે પુનઃ દીક્ષા લઇ મૂર્ત્તિપૂજક પણ થયા. આવી રીતે લોંકામતમાંથી મૂર્ત્તિપૂજક થયેલા સાધુઓ પૈકી મેઘજીઋષિ, કે જેઓ એકી સાથે ત્રીસ સાધુઓની સાથે પોતાનો મત છોડી તપાગચ્છમાં આવ્યા હતા, તેઓનો પ્રસંગ ખાસ કરીને નોંધવા લાયક છે.

લોંકામતમાં મેઘજી નામનો એક સાધુ મુખ્ય ગણાતો હતો. જોકે તે લોંકાનો અનુયાયી હતો, પરન્તુ પાછળથી જૈન સૂત્રોનું અવલોકન કરતાં તેને એમ જણાયું કે ‘ જૈન સૂત્રોમાં મૂર્ત્તિપૂજા અવશ્ય બતાવવામાં આવેલી છે; છતાં જેઓ મૂર્ત્તિપૂજા નથી માનતા, એ તેમનો કદાગ્રહજ છે.’ મેઘજીની શ્રદ્ધા મૂર્ત્તિ અને મૂર્ત્તિપૂજાને માનવાની થઇ. ધીરે ધીરે તેણે બીજા પણ કેટલાક સાધુઓને પોતાના મતમાં મેળવી લીધા. આ વખતે તપાગચ્છના સાધુઓમાં મુખ્ય હીરવિજયસૂરિ હતા. મેઘજી વિગેરે લોંકામતના અનુયાયી સાધુઓની ઇચ્છા હીરવિજયસૂરિ પાસે તપાગચ્છની દીક્ષા લેવાની થઇ. આ વાતની સૂરિજીને ખબર પડતા તેઓ અમદાવાદ જલદી આવ્યા કે જ્યાં મેઘજી વિગેરે સાધુઓ હતા. સૂરિજી આવ્યા પછી લોંકામતના અનુયાયી ત્રીસ સાધુઓએ એકી સાથે સૂરિજી પાસે પુનઃ

દીક્ષા લેવાનું નક્કી કર્યું. તેના માટે **અમદાવાદ**ના સંઘે મ્હોટો ઉત્સવ પણ આરંભ્યો.

આ પ્રસંગે વળી એક વિશેષ નવાઇ જેવો પ્રસંગ બન્યો. અને તે એ કે–બાદશાહ **અકબર**, કે જે તે વખતે એક મ્હોટો સમ્રાટ્ ગણાતો હતો, તેનું અકસ્માત્ અમદાવાદ આવવું થયું[1]. તેની સાથે તેનો માનીતો અનુચર **થાનસિંઘ રામજી** નામનો આગરાનો એક જૈનગૃહસ્થ પણ હતો. તેની લાગવગથી બાદશાહી વાજિંત્રો વિગેરે ઘણો સામાન આ ઉત્સવ પ્રસંગે મળ્યો હતો, કે જેણે ઉત્સવની શોભામાં અને જૈનોના ગૌરવમાં અતુલિત વધારો કર્યો હતો

આ પ્રમાણે **અમદાવાદ**ના જૈન સંઘે કરેલા મ્હોટા ઉત્સવપૂર્વક **મેઘજી**[2] ઋષિએ લોંકામતનો ત્યાગ કરી **હીરવિજયસૂરિ** પાસે સંવત્ **૧૬૨૮** ની સાલમાં દીક્ષા લીધી. **સૂરિજી**એ **મેઘજી**નું નામ **ઉદ્યોતવિજય** રાખ્યું.

મેઘજી જેવો એક આગેવાન સાધુ પોતાના મતનો ત્યાગ કરી શુદ્ધ માર્ગ ઉપર આવ્યો, તેથી તેના ત્રીશ[3] શિષ્યો–અનુ-

---

૧ **અકબર**નું આ આગમન તે વખતનું આગમન છે કે, જ્યારે તેણે પહેલીજવાર ગુજરાત ઉપર ચઢાઇ કરી હતી તે ઇ સ ૧૫૭૨ ના નવેમ્બરની ૨૦ મી તારીખે અમદાવાદ આવ્યો હતો અને ઇ સ ૧૫૭૩ ના એપ્રીલની ૧૩ મી તારીખે તેણે ગુજરાત છોડ્યું હતું. લગભગ પાંચ મહીના જેટલી મુદત તે ગુજરાતમાં રહ્યો હતો (જૂઓ, **અકબરનામા**નો ત્રીજો ભાગ, બેવરીજનો અંગ્રેજી અનુવાદ, પે ૧૧ થી ૪૮ સુધી) આજ મુદત દરમ્યાન **મેઘજી**ની દીક્ષાનો પણ પ્રસંગ બન્યો હતો

૨ આ **મેઘજી** ગૃહસ્થાવસ્થામાં પ્રાગ્વંશીય હતો, એમ **ઋષભદાસ** કવિના કથનથી માલમ પડે છે

૩ **મેઘજી**એ કેટલાઓની સાથે હીરવિજયસૂરિ પાસે દીક્ષા લીધી, એ વિષયમાં લેખકોના જુદા જુદા મતે છે ' **हीरसौभाग्यकाव्य** 'ના નવમા સર્ગના ૧૧૫ મા શ્લોકમાં **ત્રીસ** જણની સાથે લોંકામત ત્યાગ કર્યાનું લખ્યું છે–**चिंतयैस्त्रिमाना समम्** । આજ રીતે

યાયિઓ પણ તેની સાથેજ તપાગચ્છની અંદર દાખલ થયા અને હીરવિજયસૂરિ પાસે દીક્ષા લીધી. તે ત્રીસમાં મુખ્ય આંબો, ભોજો, શ્રીવંત, નાકર, લાડણ, ગાંગો, ગણો (ગુણવિજય) માધવ અને વીરાદિ હતા. જ્યારે તેના ગૃહસ્થ અનુયાયી, જેવા કે દોસી શ્રીવંત, દેવજી, લાલજી અને હંસરાજ વિગેરે પણ સૂરિજીના અનુયાયી થયા.

કોઇ પણ વખતે નહિં બનેલા આ બનાવથી જેમ શ્વેતાંબર મૂર્ત્તિપૂજક જૈનોની તારીફ થવા લાગી, તેવીજ રીતે હીરવિજયસૂરિની મહિમામાં પણ ઘણો વધારો થયો. જ્યારે મેઘજી વિગેરે મુનિયોની તો તેથી પણ વધારે પ્રશંસા થાય, એમાં નવાઇ જેવુંજ શું છે ? કારણ કે તેમણે સત્યનો સ્વીકાર કરવામાં લોકાપવાદનો લગારે ભય ન રાખ્યો.

આપણા નાયક હીરવિજયસૂરિ ગીતાર્થ હતા, ઉત્સર્ગ-અપવાદના જાણકાર હતા, શાસનના પ્રભાવક હતા, તેઓને ન્હોતો

ઋષભદાસ કવિ હીરવિજયસૂરિરાસમા **ત્રીસ**ની સાથે દીક્ષા થયાનુ જણાવે છે—

'સાથઈ સાથ લિએ નર ત્રીશ'

'**विजयप्रशस्ति काव्य**' ના આઠમા સર્ગના નવમા શ્લોકની ટીકામાં **સત્તાવીશ**ની સાથે દીક્ષા લેવાનું લખ્યું છે—**सप्तविंशतिसंख्यैः परीतः सन्** । જ્યારે—

ગુણવિજયજીના શિષ્ય શ્રીસંઘવિજયજીએ વિ. સં. ૧૬૭૯ ના માગશર શુ૦ ૫ ના દિવસે બનાવેલ **અમરસેન-વયરસેન**ના આખ્યાનમાં-

'**અઠ્ઠાવીસ** ઋષિસ્યું પરવર્યા આવી વંદઇ મનકોડિ.' ૯૭

એમ લખવામા આવ્યું છે. આજ **સંઘવિજયજી**એ પોતાની બનાવેલ **સિંઘાસણ બત્રીસી**માં પણ અઠ્ઠાવીસની સાથેજ દીક્ષા લીધાનુ લખ્યું છે, એટલે **મેઘ**જીઋષિની સાથે કેટલાઓએ દીક્ષા લીધી, એ સંબંધી ચોક્કસ સખ્યા કહી શકાતી નથી કદાચ એમ સંભવી શકે છે કે પહેલા **મેઘ**જીની સાથે ત્રીસ જણાઓ નિકળ્યા હોય અને પાછળથી તેમાથી બે ત્રણ જણ નિકળી ગયા હોય, અને તેથી કેટલાક કવિઓએ તે નિકળી ગયેલાઓને બાદ કરી સંખ્યા લખી હોય

શિષ્યનો લોભ કે ન્હોતી માનની અભિલાષા. માત્ર જગતના જીવોનું કલ્યાણ કેમ થાય ? જૈનધર્મમાં પ્રભાવિક પુરૂષો પેદા કેમ થાય ? અને ઠેકાણે ઠેકાણે અહિંસા ધર્મની વિજયપતાકા કેમ ફરકે ? એજ ભાવના તેઓને પ્રતિક્ષણ રહેતી હતી, અને તેના લીધેજ તેઓનો ઉપદેશ એટલો બધો અસર કરતો હતો કે–જ્યારે ને ત્યારે તેઓની પાસે સંખ્યાબંધ મનુષ્યો દીક્ષા લેવાને તૈયાર થતા હતા. શુદ્ધ હૃદયથી, પરોપકાર બુદ્ધિથી અપાતો ઉપદેશ શા માટે અસર ન કરે ?

વિ. સં. ૧૬૩૧ ની સાલમાં હીરવિજયસૂરિ જ્યારે **ખંભાત**માં હતા, ત્યારે તેમણે એકી સાથે અગિયાર જણને દીક્ષા આપી હતી, તે અને **અમદાવાદ**માં એકી સાથે અઢારજણને આપેલી દીક્ષા પણ ઉપરનીજ વાતને પુરવાર કરે છે. આ બન્ને પ્રસંગોને લગાર વિસ્તારથી જોઇએ, જેથી વાંચકોને ખાતરી થશે કે–તે વખતના મનુષ્યો આત્મકલ્યાણ કરવામાં કેવા ઉત્સુક હતા

પાટણની અંદર **અભયરાજ** નામક એક ઓશવાલ ગૃહસ્થ રહેતો હતો. તે કાળાન્તરે પોતાના કુટુંબ સાથે દીવબંદિરમા જઇ વસ્યો. **અભયરાજ** દીવબંદિરનો એક મ્હોટો વ્યાપારી ગણાતો હતો; કારણ કે તેની પાસે ચાર તો મ્હોટાં વહાણો હતા. અભયરાજે ઘણી લક્ષ્મી પોતાની જાતમહેનતથી મેળવી હતી. તેની **અમગદે** નામની સ્ત્રી હતી. અને **ગંગા** નામની પુત્રી હતી, કે જે બાલકુંવારી હતી. **ગંગા** **કમલવિજયજી**[1] પન્યાસની એક સાધ્વી પાસે નિરંતર અભ્યાસ

---

૧ આ કમલવિજયજી 'મ્હોટા કમલવિજયજી'ના નામથી ઓળખાય છે તેઓ મૂળ **દ્રોણાડા** (મારવાડ) ના રહીશ હતા. જાતે ઓસવાલ અને છાજહડ ગોત્રીય હતા. તેમના પિતાનું નામ **ગોવિંદશાહ** અને માતાનું નામ **ગેલમદે** હતું. મૂલનામ **કેલ્હરાજ** હતું. [illegible] વર્ષની ઉમ્મરે પિતાનો સ્વર્ગવાસ થતાં માતાની સાથે તેઓ **જાલોર** આવ્યા હતા. અહિં **પંડિત અમરવિજયજી**નો સમાગમ થતાં તેમની દીક્ષા લેવાની ઇચ્છા થઈ હતી. ઘણી મુસીબતે માતાની આજ્ઞા મેળવીને ધામધૂમપૂર્વક [illegible] અમરવિજય

કરવાને જતી હતી. અભ્યાસ કરતાં કરતાં તેણીના અંતઃકરણમાં વૈરાગ્યે નિવાસ કર્યો. પરિણામે તેણીની ઇચ્છા દીક્ષા લેવાની થઇ. જ્યારે પોતાનો આ વિચાર ગંગાએ પોતાની માતાને જણાવ્યો, ત્યારે તેને ઘણું દુઃખ થયું. પિતાએ પણ ચારિત્ર લેવા કરતાં પાળવામાં કેટલા ધૈર્યની અને સહનશીલતાની જરૂર છે, એ હકીકત સમજાવી. પરન્તુ ગંગા પોતાના વિચારમાં ખૂબ દૃઢ રહી. પુત્રીનો દૃઢ વિચાર જાણી માતાએ પણ એજ કહ્યું કે–' જો તું દીક્ષા લઇશ, તો હું પણ તારી સાથેજ સાધ્વી થઇશ, ' અભયરાજ વિચાર કરે છે કે ' જ્યારે સ્ત્રી અને પુત્રી બન્ને દીક્ષા લેવાને તૈયાર થયાં છે, તો પછી મારે સંસારમા રહીને શું કરવું છે ? હું પણ સાધુ કાં ન થઇ જાઉં ? ' પરન્તુ અભયરાજને એક વાત મનમાં અવશ્ય ખટકતી હતી, અને તે એ કે 'અભયરાજને મેઘકુમાર નામનો એક ન્હાનો પુત્ર હતો, તેની શી વ્યવસ્થા કરવી ? ' એક વખત અભયરાજે મેઘકુમારને કહ્યું ' વત્સ ! હું, તારી માતા અને બેન ગંગા–ત્રણે જણ દીક્ષા લેવાનો ઇરાદો રાખીએ છીએ, માટે તું સુખ

જી પાસે દીક્ષા લીધી. નામ **કમળવિજયજી** સ્થાપવામા આવ્યું થોડાજ વખતમાં તેમણે આગમો વિગેરેનો સારો અભ્યાસ કરી લીધો. તદનન્તર તેમની યોગ્યતા જાણીને આચાર્ય **શ્રીવિજયદાનસૂરિએ** તેમને **ગંધારમાં** **પંડિત** પદ આપ્યું. (વિ. સં. ૧૬૧૪). તેમણે મારવાડ, મેવાડ, સોરઠ વિગેરે દેશોમાં અસ્ખલિત વિહાર કર્યો હતો. અને ઘણાઓને દીક્ષા આપી હતી. તેઓની ત્યાગવૃત્તિ ઘણીજ પ્રશંસનીય હતી મહીનામા ૭ ઉપવાસ તો તેઓ કાયમ કરતા અને દરરોજ વધારેમાં વધારે સાતદ્રવ્ય (સાત વસ્તુઓજ) વાપરતા. વિ સં. ૧૬૬૧ ની સાલમા આચાર્ય **વિજયસેનસૂરિની** આજ્ઞાથી તેમણે **મહેસાણામા** ચાતુર્માસ કર્યું હતુ. ત્યાં અશાડ સુદિ ૧૨ ના દિવસે તેમના શરીરમા વ્યાધિ ઉત્પન્ન થયો હતો જો કે–સાત દિવસોની લાગણી બાદ થોડા વખતને માટે રોગની શાન્તિ થઇ હતી, પરન્તુ છેવટે તેજ મહીનાની એટલે અશાડ વદી ૧૨ ના દિવસે ૭૨ વર્ષની વયે તેઓ સ્વર્ગવાસી થયા હતા. (વધારે હકીકત માટે જૂઓ **ઐતિહાસિકરાસ સંગ્રહ.** ભા. ૩ જો, પૃ. ૧૨૯.)

પૂર્વક સંસારમાં રહે, અને આનંદ કર.’ મેઘકુમારે કહ્યું–“ પિતાજી ! આપ મારી કંઇ પણ ચિંતા ન કરો. હું પણ આપની સાથે જ દીક્ષા લેવાને તૈયાર છું. માતા–પિતા અને બહેનની સાથે મને દીક્ષા લેવાનો પ્રસંગ પ્રાપ્ત થાય, એ શું મારે માટે કમ સૌભાગ્યની નિશાની છે, આવો અપૂર્વ પ્રસંગ મને ક્યાં મળવાનો હતો ? ” પુત્રનો સ્વતઃ આવો વિચાર જાણી પિતાને બહુ પ્રસન્નતા થઇ. આત્મકલ્યાણના પગથિયા ઉપર ચઢવાને પોતાની મેળે તૈયાર થતા બાળક મેઘકુમારના ઉપર્યુક્ત શબ્દોએ બહુજ અસર કરી.

મેઘકુમારનો પણ દીક્ષા લેવાને માટે વિચાર થતાં તેની કાકીને પણ વૈરાગ્ય થયો. અને તે પણ દીક્ષા લેવાને માટે તૈયાર થઇ, ધીરે ધીરે એક પછી એકને વૈરાગ્ય થતાં આખા કુટુંબને (પાંચે જણને) દીક્ષા લેવાને તૈયાર થયેલ જોઇ, અભયરાજના ચાર મુખ્ય વાણોતરો પણ તેમનીજ સાથે જ દીક્ષા લેવાને તૈયાર થયા. એકંદર નવે જણને દીક્ષા લેવાનો વિચાર નક્કી થતા અભયરાજે આચાર્ય શ્રી હીરવિજયસૂરિ ઉપર એક પત્ર લખ્યો, અને આ પ્રમાણે દીક્ષા લેવાની હકીકત જણાવી. આ વખતે આચાર્યશ્રી ખંભાતમા બિરાજતા હતા. આચાર્યશ્રીએ પ્રત્યુત્તરમાં દીક્ષા આપવા માટે બહુ ખુશી બતાવી.

આવા લજ્જાસંપન્ન, કુલસંપન્ન, વિનયસંપન્ન, ધનસંપન્ન અને દરેક રીતે યોગ્ય–એવા વૈરાગી પુરૂષોને દીક્ષા આપવા માટે આચાર્યશ્રી ઉત્સુકતા બતાવે, એમાં નવાઇ જેવુંજ શું છે ?

સૂરિજીનો જવાબ આવતાની સાથે જ અભયરાજ બધાંઓને સાથે લઇ હીરવિજયસૂરિ પાસે ખંભાત ગયો. ખંભાતમા તેઓએ વાઘજીશાહ નામના ગૃહસ્થને ત્યાં ઉતારો કર્યો. દીક્ષોત્સવની તૈયારી થવા લાગી. લોકો એકઠા થવા લાગ્યા. મિષ્ટાન્ન ખાણાં ઉડવા લાગ્યાં, દાનક્રિયાઓ શરૂ થઈ. એ પ્રમાણે હમેશાં ત્રણ મહીના સુધી શુભ કાર્યો થતા અભયરાજે તે નિમિત્તે બત્રીસ હજાર મહમુંદિકાનો વ્યય કરી પોતાની લક્ષ્મીને સાર્થક કરી.

એ પ્રમાણે પોતાની છતી ઋદ્ધિ–સમૃદ્ધિને છોડીને મ્હોટા આડંબર સાથે **અભયરાજે** પોતાના પુત્ર, પુત્રી, સ્ત્રી, ભાઈની સ્ત્રી અને ચાર નોકરો સાથે **ખંભાત**ની પાસે આવેલ **કંસારીપુર**[1]માં

---

૧ **કંસારીપુર**, એ **ખંભાત** શહેરથી લગભગ એક માઇલ ઉપર આવેલ પરૂ છે. જો કે અત્યારે ત્યા જૈનોની વસ્તી કે દેરાસર વિગેરે કંઇજ નથી, પરન્તુ પહેલા ત્યાં દેરાસરો અને શ્રાવકોની વસ્તી સારી હતી, એમ કેટલાંક પ્રમાણો ઉપરથી માલૂમ પડે છે. સત્તરમી શતાબ્દિના સુપ્રસિદ્ધ **કવિ ઋષભદાસે** ખંભાતની ચૈત્યપરિપાટી બનાવી છે, (કે જે પોતાને હાથે લખેલી છે) તેમાં કંસારીપુરનું વર્ણન કરતા લખ્યું છે—

ભીડિભંજણ જિન પૂજવા **કંસારીપુર**માહિં જઇઇ,
બાવીસ બ્યંબ તીહા નમી ભવિક જીવ નીર્મલહઇ થઇઇ;
બીજઇ દેહરઇ જઈ નમુ સ્વામી ઋષભજિણંદ,
સતાવીસ બ્યંબ પ્રણમતા સુપરપમનિ આણંદ ॥ ૪૬ ॥

આ ઉપરથી જણાય છે કે તે વખતે કંસારીપુરમા બે દેરાસરો હતાં. એક **ભીડ**ભંજન પાર્શ્વનાથનું અને બીજું **ઋ**ષભદેવનુ. **ભી**ડભંજન પાર્શ્વનાથના દેરાસરમાં બાવીસ જિનબિંબો હતા, જ્યારે **ઋ**ષભદેવના દેરાસરમાં સત્તાવીસ હતા

સં. ૧૬૩૯ ની સાલમા સુધર્મગચ્છના આચાર્ય **વિ**નયદેવસૂરિ **ખં**ભાત આવ્યા, ત્યારે કંસારીપુરમા આવીને ત્રણ દિવસ રહ્યા હતા. તે વખતે તેમણે પાર્શ્વનાથનાં દર્શન કર્યાનું **મ**નજીઋષિએ **વિનયદેવસૂરિરાસ**મા લખ્યું છે. તે લખે છે—

ગચ્છપતિ પાંગર્યા પરિવારઇ બહૂ પરવર્યા,
ગુણભર્યા કસારીઈ આવીયા એ,
પાસજિણદ એ અશ્વસેનકુલિ ચદ એ,
વૃંદએ ભાવ ધરીનઇ વંદીયા એ.
વંદ્યા પાસજિણેસર ભાવઇ ત્રિણ્ણ દિવસ થોભી કરી,
હવઇ નયરિ આવઇ મોતી બધાવઇ શુભ દિવસ મનસ્યઉં ધરી.
(ઐતિહાસિકરાસસં ભા. ૩ જો, પૃ. ૩૧)

આવીજ રીને વિધિપક્ષીય **ગજસાગરસૂરિ**ના શિષ્ય **લલિતસાગર**ના

આબા સરોવર[1] પાસે રાયણના વૃક્ષ નીચે હીરવિજયસૂરિ પાસે દીક્ષા લીધી.

આવી રીતે એકી સાથે નવ જણની દીક્ષાઓ જોઇ શ્રીમાલી જ્ઞાતિના નાના નાગજી નામના ગૃહસ્થને વૈરાગ્ય થઇ આવ્યો, અને તેથી તેણે પણ તેજ વખતે દીક્ષા લઇ લીધી. તેનું નામ ભાણવિજય રાખવામાં આવ્યું.

આવી રીતના ક્ષણિક વૈરાગ્યથી એકાએક દીક્ષા લઇ લેવાનું અને આપવાનુ કાર્ય કેટલાકોને નહિં ઇચ્છવા યોગ્ય-ઉતાવળ કર્યા જેવું જણાશે. પરન્તુ વસ્તુતઃ તેવુ નથી કારણ કે श्रेयांसि बहु विघ्नानि શુભ કાર્યોમાં અનેક વિઘ્નો આવવાનો પ્રસંગ રહે છે અને તેટલાજ માટે धर्मस्य त्वरिता गतिः એમ કહેવામા આવ્યું છે. ધર્મના કાર્યમાં ઢીલ થવી જોઇએ નહિ. તેમા ખાસ કરીને દીક્ષા જેવા કાર્યને માટે તો હિન્દુ ધર્મશાસ્ત્રમા પણ એમજ કહેવામા આવ્યું છે કે- यदहरेव विरजेत् तदहरेव प्रव्रजेत् । જે દિવસે વૈરાગ્ય થાય, તેજ દિવસે દીક્ષા લઇ લેવી. તીવ્ર વૈરાગ્ય થાય, તે વખતે મુહૂર્ત્તની પણ રાહ જોવાની જરૂર નથી કોણ જાણે બીજા ક્ષણમા કેવા વિચારો થઇ આવે? બેશક, એ વાત ખરી છે કે-દીક્ષા દેનારે યોગ્યતાનો વિચાર અવશ્ય કરવો જોઇએ છે

બીજા પ્રકરણમાં આપણે જોઇ ગયા છીએ કે-હીરવિજયસૂરિ

શિષ્ય મતિસાગરે પણ સં. ૧૭૦૧ ની સાલમા ખંભાતની તીર્થમાળા બનાવી છે, તેની અંદર પણ ચિંતામણિ પાર્શ્વનાથનું, આદિનાથનું અને નેમિનાથનુ-એમ ત્રણ દેરાસરો હોવાનુ જણાવ્યું છે

વર્તમાનમા ખંભાતના [illegible] દેરાસરમા કંસારી પાર્શ્વનાથની મૂર્તિ છે કહેવાય છે કે-આ મૂર્તિ કંસારીપુરમાંથી [illegible] હતી સંભવ છે, આજ પાર્શ્વનાથની મૂર્તિને લોકો ' [illegible]-પાર્શ્વ-નાથ ' કહેતા હોય

૧ આંબાસરોવરને [illegible] આંબાખાડ કહે છે. તે [illegible] [illegible]

એક વખત ખંભાતમાં આવ્યા, ત્યારે ત્યાંના **રત્નપાલ** દોસી નામના ગૃહસ્થે **સૂરિજી**ને એવું વચન આપ્યું હતું કે–'મારો છોકરો **રામજી**, કે જે ઘણો બીમાર છે, તે જો સાજો થશે, તો હું તેને આપનો શિષ્ય કરી દઇશ. જો તેની મરજી હશે તો.' પાછળથી તે છોકરો સાજો થઇ જવા છતાં તેણે **સૂરિજી**ને સોંપ્યો ન્હોતો.[1] **રામજી**, આ દીક્ષાના પ્રસંગે ત્યાંજ ઉભો હતો. **રામજી** પહેલેથી એ જાણતો હતો, કે–'મને મારાં માતા–પિતાએ **હીરવિજયસૂરિ**ને સોંપવા માટે વચન આપ્યું હતું, પરન્તુ પાછળથી સોંપ્યો નહિં, તો પણ ખરેખર પિતાએ આપેલા વચન પ્રમાણે તો હું **સૂરિજી**નો શિષ્ય થઇ ચૂકેલ છું. ગમે તે પ્રસંગે મારે તેઓશ્રીની સેવામાં જવુંજ જોઇએ.' આ અભિપ્રાયથીજ, પિતાનો ઘણો આગ્રહ હોવા છતાં તેણે લગ્ન કર્યું ન્હોતું.

ઉપર કહ્યા પ્રમાણે જે વખતે દસ જણની દીક્ષા થઇ રહી હતી, તે વખતે **રામજી** પણ હાજર હતો. તેનું મન આવા અપૂર્વ પ્રસંગે દીક્ષા લેવા માટે તલપી રહ્યું હતું; પરન્તુ કરે શું? તેના પિતા અને બહેનનો સખ્ત વિરોધ હતો. **રામજી**એ **ભાણુવિજયજી**, કે જેમણે **રામજી**નાજ વચનથી દીક્ષા લીધી હતી, નામના સાધુની સ્હામે જોયું, અને ઇસારામાં એ સમજાવ્યું કે 'કોઇ પણ ઉપાયે મને દીક્ષા આપો.'

આ વખતે એવી સંટલસ કરવામાં આવી કે–તેજ વખતે **ગોપાલજી** નામનો એક શ્રાવક **રામજી**ને રથમાં બેસાડીને **પીપલોઇ**[2] ઉપાડી ગયો, અને તેની પાછળ પાછળ એક પંન્યાસ પણ ગયા. ત્યાં જઇ **રામજી**ને દીક્ષા આપી, તેઓ **વડલી**[3] ગયા.

---

૧ જૂઓ પૃ. ૨૭–૨૮.

૨ **પીપલોઇ**, **ખંભાત**થી ૬–૭ માઇલ દૂર છે, વર્ત્તમાનમાં પણ તેને **પીપલોઇ**જ કહે છે.

૩ **વડલી**ને વર્ત્તમાનમાં **વડદલા** કહે છે. હાલ ત્યાં મંદિર નથી, પરન્તુ શ્રાવકોનાં થોડાક ઘરો છે. **ખંભાત**થી તે લગભગ ૯–૧૦ માઇલ દૂર છે.

દીક્ષા લેવા ઇચ્છનારનુ મન દૃઢ હોય, તો હજારો વિઘ્નો કંઇ પણ કરી શકતા નથી, એ વાત નિર્વિવાદ સિદ્ધ છે. **રામજીનું** મન દૃઢ હતુ–દીક્ષા લેવાની તેની સંપૂર્ણ ઇચ્છા હતી, તો તેણે છેવટે દૂર જઇને પણ દીક્ષા તો લઇજ લીધી. જો કે આ પ્રમાણે દીક્ષા લેવાથી તેની બહેન અને કુંઅરજી નામના તેના ભાઇએ પાછળ ધાંધલ અવશ્ય કરી, પરન્તુ આખરે ઉદયકરણના સમજાવવાથી તેઓ સમજી ગયા; અને શાન્તિપૂર્વક નવદીક્ષિત **રામજીને** પત્ર લખી **ખ**ભાતમાં તેડાવી તેની દીક્ષા નિમિત્તે ધૂમધામથી ઉત્સવ કર્યો.

ઉપર પ્રમાણે **મેઘકુમાર** (મેઘવિજય) વિગેરે અગિયાર જણની એકી સાથે દીક્ષા થઈ.

આવી રીતે **અમદાવાદમાં** એક પ્રસંગ એવો બન્યો હતો કે–**સૂરિજીએ** એકી સાથે અઢાર જણને દીક્ષા આપી હતી.

વીરમગામમાં વીરજી મલિક નામનો એક વજીર રહેતો હતો, કે જે જાતે પોરવાલ હતો આ માણસ એવો તો નામી પુરૂષ હતો, કે–તેની સાથે કાયમને માટે પાચસો ઘોડેસ્વારો રહેતા હતા. **વીરજીનો** પુત્ર **સહસકરણ** મલિક થયો. આ પણ બહુ પ્રસિદ્ધ હતો અને તે **મહમ્મુદશાહ**[1] બાદશાહનો મંત્રી હતો **સહસકરણને ગોપાળજી** નામનો એક પુત્ર થયો

ગોપાળજીની બાલ્યાવસ્થાથી જ ધર્મ ઉપર પ્રીતિ લાગી હતી તેનું હૃદય વિષય–વાસનાઓથી બહુ વિરક્ત રહેતુ હતુ **ગોપાળજી** સાધુઓનો સહવાસ વધારે કરતો અને તેમ કરીને પ્રથમ તો તેણે ન્હાનીજ ઉમરમા ન્યાય–વ્યાકરણાદિનો સારો અભ્યાસ કર્યો હતો; એટલુંજ નહિ પરન્તુ નૈસર્ગિક કવિત્વશક્તિના [illegible]

૧ આ મહમ્મુદશાહ [illegible]
[illegible]
[illegible]

સારાં કાવ્યો પણ પોતાની ન્હાની ઉમરમાં બનાવવા લાગ્યો હતો. બાર વર્ષની ઉમરમાં તેણે બ્રહ્મચર્યનો નિયમ પણ લીધો હતો.

થોડાજ સમય પછી **ગોપાળજીનું** અંતઃકરણ વૈરાગ્યવાસિત થયું. ત્યાં સુધી કે તેની દીક્ષા લેવાની ઇચ્છા થઇ. પોતાનો આ વિચાર જ્યારે તેણે પોતાના કૌટુમ્બિક પુરૂષોને જણાવ્યો, ત્યારે તે બધાઓએ પ્રથમ તો નિષેધજ કર્યો; પરન્તુ તે પોતે પોતાના વિચારમાં મક્કમ રહ્યો; એટલું જ નહિં; પરન્તુ પોતાના ભાઈ **કલ્યાણજી** અને બહેનને પણ દીક્ષા લેવા માટે વિચાર કરાવ્યો. આ બે ભાઇઓ અને એક બેન ત્રણે જણ **હીરવિજયસૂરિ** પાસે **અમદાવાદ** ગયા, અને ઝવેરી **કુંઅરજીને** ત્યાં ઉતારો કર્યો. દીક્ષાનો ઉત્સવ શરૂ થયો. વરઘોડા ચઢવા લાગ્યા. **કુંવરજી** ઝવેરીએ આ ઉત્સવમાં ઘણું દ્રવ્ય ખરચ્યું. **ગોપાળજી** અને **કલ્યાણજીને** દીક્ષા લેતો જોઈ શાહ**ગણજી** નામના ગૃહસ્થને પણ વૈરાગ્ય થયો અને **ગોપાળજીની** સાથે જ તેણે પણ દીક્ષા લીધી. આ સિવાય **ધન**વિજય નામના એક સાધુ થયા, કે જેમની સાથે તેમના બે ભાઇ (કમલ અને વિમલ) તથા તેમના માતાપિતાએ પણ દીક્ષા લીધી. આ ઉપરાન્ત **સદ**યવચ્છ ભણશાળી, **પદ્મ**વિજય, **દેવ**વિજય અને **વિજય**હર્ષ મળીને એકંદર અઢાર જણે દીક્ષા લીધી હતી.

ગોપાળજીનું નામ **સોમવિજય** રાખવામાં આવ્યું હતું, આ **સોમ**વિજયજી તેજ છે કે–જેઓને ઉપાધ્યાયની પદવી હતી. અને જેઓ **હીર**વિજયસૂરિના પ્રધાન તરીકે હતા. **કલ્યાણજીનું** નામ **કીર્ત્તિવિજય** અને તેમની બેનનું નામ સાધ્વી **વિમલશ્રી** રાખ્યું. આ **કીર્ત્તિ**વિજય એજ છે કે જે સુપ્રસિદ્ધ ઉપાધ્યાય **શ્રીવિનયવિજયજીના** ગુરૂ થતા હતા.

હીરવિજયસૂરિ ગણે ભાગે એવાઓને જ દીક્ષા આપતા હતા, કે જેઓ ખાનદાન કુટુંબના અને લજ્જાસપન્નાદિ ગુણોવાળા હતા. અને ખરેખર જ્યાં સુધી એવાઓને દીક્ષા આપવામા ન આવે,

અથવા બીજા શબ્દોમાં કહીએ તો ઉત્તમકુલના અને વ્યાવહારિક કાર્યોમાં બહાદુર પુરૂષો દીક્ષાઓ ન લે, ત્યાં સુધી તેઓ સાધુત્વેન શાસન પ્રત્યેની પોતાની ફરજ બજાવવાને શકિતમાન થઇ શકે નહિં. ભૂલવું જોઇતું નથી કે—દેશની, સમાજની કે ધર્મની ઉન્નતિનો મુખ્ય આધાર સાધુઓ ઉપરજ રહેલો છે. એવા નિઃસ્વાર્થી, ત્યાગી અને સાચા ઉપદેશક સાધુઓ નહિં હોય, ત્યા સુધી ઉન્નતિની આશા આશામાત્રમાંજ રહેવાની છે જ્યારે જ્યારે શાસનના મહાન કાર્યો થયા છે, તે મ્હોટે ભાગે સાધુઓના ઉપદેશથીજ થયેલ છે. દેશ–દેશાન્તરોમાં વિચરીને લોકોના હૃદયોમા ધર્મની લાગણીઓ જાગૃત રખાવવાનો પ્રયત્ન સાધુઓદ્વારાજ થાય છે અને રાજદરબારોમાં પ્રવેશ કરીને યત્કિંચિત્ અંશે પણ ધર્મનું બીજ વાવવાનો પ્રયત્ન સાધુઓજ કરે છે. આ સાધુઓ કંઇ ઝાડથી ઉતરતા નથી, પરન્તુ ગૃહસ્થ વર્ગમાથીજ થાય છે. જ્યારે એમજ છે તો પછી, જે ગૃહસ્થો પોતાને કેળવાયલા સમજે છે અને ઘણી વખત 'સાધુઓ કંઇ કરતા નથી, સાધુઓ જોઇતો ઉપદેશ આપતા નથી' ઇત્યાદિ પ્રકારના આક્ષેપો કરી પોતાને શાસનના હિતૈષી હોવાનો દાવો કરે છે, તેઓ પોતે સાધુત્વ સ્વીકારીને શા માટે સમાજ કે ધર્મની ઉન્નતિને માટે યાહોમ કરીને ઉતરી પડતા નથી? શા માટે પોતે સાધુ બનીને બીજા વાર્તમાનિક સાધુઓને માટે આદર્શભૂત બનતા નથી કહેવાની કંઇજ આવશ્યકતા નથી કે—જમાનો કાર્ય કરી બતાવવાનો છે, વાતો કરવાનો નથી. કરવું કંઇ નહિં અને માત્ર મ્હોટી મ્હોટી વાતો કરવી અથવા બીજાઓ ઉપર આક્ષેપો કરવા, એ તો એક પ્રકારની વાવદૂકતાજ કહી શકાય [illegible] કરતા એક પૈસાભાર કરી બતાવનારની [illegible] નિયમ [illegible] [illegible] કે—વર્ત્તમાન સાધુઓ [illegible] [illegible]

એ વચન સત્ય છે કે–જે કમ્મે સૂરા તે ધમ્મે સૂરા જેઓ કર્મમાં શૂરવીર હોય છે, તેઓજ ધર્મમાં પણ વીરતા બતાવી શકે છે. માટે શાસનની ઉન્નતિની આશાને વધારે સફળ કરવી હોય, તો તેવી યોગ્યતા ધરાવવાવાળા સાધુઓ થવાની જરૂર છે. આને માટે ખાસ કરીને આપણા સાધુ વર્ગે પણ વિચાર કરવાની જરૂર છે.

બાદશાહ અકબરની પાસે **જૈતાશાહ** નામનો એક **નાગોરી** ગૃહસ્થ રહેતો હતો, તે બાદશાહનો ઘણો માનીતો હતો. હીરવિજય-સૂરિ બાદશાહ પાસેથી જ્યારે વિદાય થવા લાગ્યા, ત્યારે ઉપર્યુક્ત જૈતા નાગોરીએ સૂરિજીને પ્રાર્થના કરી કે– ‘ જો આપ બે ત્રણ મહીનાની સ્થિરતા કરો, તો હું આપની પાસે દીક્ષા લઉં. ’

સૂરિજીને માટે આ વિષય વિચારણીય થઇ પડયો. જૈતાશાહ જેવા બાદશાહના માનીતા અને પ્રતિષ્ઠિત પુરૂષને દીક્ષા આપવાનો લાભ કંઇ કમ નહોતો, જ્યારે બીજી તરફ ગુજરાત તરફ પ્રયાણ કરવાની આવશ્યકતા પણ પણ કંઇ ઓછી ન્હોતી. હવે કેમ કરવું ? એ સબંધી લાભાલાભના વિચારમાં હતા, તેવામા **થાનસિંઘે** જૈતા-શાહને કહ્યું કે ‘ જ્યાં સુધી બાદશાહની આજ્ઞા ન મળે, ત્યાં સુધી તમારાથી દીક્ષા લઇ શકાશે નહિ. ’ જૈતાશાહને એવી સૂચના કરીને **થાનસિંઘ** અને **માનુકલ્યાણ**–બન્ને બાદશાહે પાસે ગયા, અને બાદશાહને એ હકીકત જણાવી કે– ‘ જૈતાનાગોરી હીરવિજયસૂરિ પાસે દીક્ષા લેવાને ચાહે છે, પરન્તુ તેમાં આપની આજ્ઞાની અપેક્ષા છે. ’

બાદશાહે જૈતાનાગોરીને પોતાની પાસે બોલાવીને પૂછયું કે– ‘ તું સાધુ શા માટે થાય છે ? તને જો કંઇ દુઃખ હોય. તો હું તે દુઃખ દૂર કરવાને તૈયાર છું. ગામ–ગરાસ–ધન જે જોઇએ તે ખુશી-થી માગી લે. ’

જૈતાશાહે કહ્યું—“ હું મારી રાજીખુશીથી સાધુ થવા ચાહું

છુ. મારે નથી સ્ત્રી કે નથી પુત્ર. આત્મકલ્યાણ કરવાને માટેજ હું સાધુ થવાને ઇચ્છુ છું. મારે ગામ–ગરાસ કે ધનની કંઇ જરૂર નથી હું તો માત્ર આપની પ્રસન્નતા ચાહુ છું. અને એવી પ્રસન્નતા પૂર્વક આપ મને સાધુ થવાને આજ્ઞા આપો, એજ મારી વિનતિ છે.”

જૈતાશાહની સંપૂર્ણ દૃઢતા જોઇને બાદશાહે દીક્ષા લેવાની આજ્ઞા આપી. તે વખતે થાનસિંઘે કહ્યુ–‘ હીરવિજયસૂરિ તો અહિ રહેતા નથી; તો પછી એમને દીક્ષા કોણ આપશે ?

બાદશાહે કહ્યુ–‘ જાઓ, સૂરિજીને જઇને કહો કે જ્યાં લાભ હોય, ત્યા આપે રહેવું જોઇએ જૈતાશાહ આપની પાસે દીક્ષા લેવાને ચાહે છે, એ લાભ કંઇ કમ નથી, ’ સુતરાં, સૂરિજીને થોડો વખત સ્થિરતા કરવી જ પડી જૈતાશાહની દીક્ષાને માટે ઉત્સવ શરૂ થયો બાદશાહની અનુમતિથી થયેલી મ્હોટી ધુમધામ પૂર્વક સૂરિજીએ જૈતાશાહને દીક્ષા આપી. અને તેઓનુ નામ જીતવિજયજી રાખવામાં આવ્યુ. આ જીતવિજયજી ‘ બાદશાહી યતિ ’ ના નામથી પ્રસિદ્ધ થયા.

જૈતાશાહ જેવા પ્રસિદ્ધ અને બાદશાહના માનીતા ગૃહસ્થે દીક્ષા લેવાથી જૈનધર્મની કેટલી પ્રભાવના થઇ હશે, એ સહજ સમજી શકાય તેમ છે

આચાર્ય શ્રીહીરવિજયસૂરિના ઉપદેશમાં જ એક પ્રકારની એવી ચમત્કારિક શકિત હતી કે જેના લીધે તેમના ઉપદેશથી કોઇ કોઇ વખત તો કુટુંબના કુટુંબ દીક્ષા લેતા હતા

સૂરિજી જ્યારે શિરોહીમાં હતા ત્યારે તેમને એક દિવસ રાત્રે એવું સ્વપ્ન આવ્યું કે—' [illegible]

વખતમાં સૂરિજીનું ઉપર્યુક્ત સ્વપ્ન સાચું પડ્યું. વાત એવી બની કે–રોહ[1]ના રહેવાસી સુપ્રસિદ્ધ શ્રીવંતશેઠ અને તેમના કુટુંબના બીજા નવ જણે એકી સાથે સૂરિજી પાસે દીક્ષા લીધી. તે દશ જણ આ હતા. શ્રીવંત શેઠ, તેમની સ્ત્રી લાલબાઇ (બીજું નામ શિણગારદે હતું), તેમના ચાર પુત્રો (ધારો, મેઘો, કુંવરજી (કલો) અને અજો,) તેમની પુત્રી, તેમની બહેન, તેમના બનેવી અને ભાણેજ, આ દશેનાં નામો આ પ્રમાણે રાખવામાં આવ્યાં—

૧	શ્રીવંત શેઠનું	(કંઇ જાણવામાં નથી)	૬	અજાનું	અમૃતવિજય
૨	સ્ત્રીનું	લાભશ્રી,	૭	પુત્રીનું	સહેજશ્રી
૩	ધારાનું	ધર્મવિજય	૮	બહેનનું	રંગશ્રી
૪	મેઘાનું	મેરૂવિજય	૯	બનેવીનું	શાર્દૂલઋષિ
૫	કુંઅરજી(કલો)નું	વિજયાણંદસૂરિ	૧૦	ભાણેજનું	ભકિતવિજય

આવી રીતે આખા કુટુંબે લીધેલી દીક્ષા કોને અજાયબી ઉત્પન્ન નહિં કરે ? ઉપર્યુક્ત દીક્ષાઓમાં શ્રીવંત શેઠના જે ચાર પુત્રોએ દીક્ષા લીધી હતી, તેમાં કુંઅરજી (કલો) વધારે પ્રસિદ્ધ થયો હતો. આ કુંઅરજી તેજ છે કે–જેઓ પાછળથી વિજયાનંદસૂરિના નામથી ઓળખાયા છે.

આજ શિરોહીમાં વરસિંઘ નામનો એક ગૃહસ્થ રહેતો હતો, તે ઘણો ધનવાન હતો. અને તે યુવાવસ્થામાં આવેલ હોવાથી તેના લગ્નને માટે તૈયારી થઇ રહી હતી. તેના ઘરે મંડપ નંખાયો હતો. ગીતો ગવાઇ રહ્યા હતાં હમેશાં વાજિંત્રો વાગી રહ્યા હતાં અને જમણોને માટે મિષ્ટાન્નો પણ બની રહ્યાં હતાં. એ પ્રમાણે વિવાહોચિત તમામ પ્રકારની સામગ્રી તૈયાર હતી. માત્ર લગ્ન મુહૂર્ત્તના ગણ્યા ગાઠયા દિવસો જ બાકી હતા.

---

૧ આબૂથી લગભગ દક્ષિણમાં ૧૨ માઇલ ઉપર રાજપૂતાના માલવા રેલવેમા સ્ટેશનનુ આ ગામ છે. અત્યારે પણ તેને રોહુજ કહે છે.

વરસિંઘ એક ધર્મિષ્ઠ મનુષ્ય હતો, તે હમેશાં ઉપાશ્રયે જતો અને ધાર્મિકક્રિયાઓ કરતો. લગ્નનો દિવસ નજીક આવેલ હોવા છતાં અને પોતાને ઘરે એટલી બધી ધૂમધામ હોવા છતાં તે પોતાની ધર્મક્રિયાઓને છોડતો નહિં.

એક દિવસ વરસિંઘ ઉપાશ્રયમાં આવીને માથે કપડું ઓઢી સામાયિક કરી રહ્યો હતો. આ વખતે તે એવી રીતે બેઠો હતો કે કોઇ તેને ઓળખી શકે નહિ, કારણ કે તેનું મોઢું કપડાથી ઢંકાયેલું હતું. ઉપાશ્રયમાં સાધુઓને વંદન કરવાને અનેક સ્ત્રી–પુરૂષોનાં ટોળાં આવતાં હતાં, આમાના એક ટોળામાં વરસિંઘની સ્ત્રી પણ વંદન કરવાને આવેલી. જે ટોળામાં વરસિંઘની સ્ત્રી હતી, તે સ્ત્રિયોના ટોળાએ સાધુઓને વંદન કરવાની સાથે વરસિંઘને પણ વંદન કર્યું. એમ ધારીને કે–આ કોઇ સાધુ બેઠેલા છે. તે સ્ત્રિયો વંદન કરીને ચાલી ગઇ, એટલે વરસિંઘની પાસે બેઠેલ એક ગૃહસ્થ હસ્યો, અને તેણે વરસિંઘને કહ્યું કે–'વરસિંઘ! હવે તો તારાથી પરણાશે નહિ, અને પરણવું જોઇએ પણ નહિ કારણ કે તારી સ્ત્રી તને સાધુ સમજીને હમણાજ વંદન કરી ગઇ. તારી સ્ત્રી તને વાંદીને એ સૂચના કરી ગઇ છે કે–'હવે તમે ચેતી જજો.'

વરસિંઘે કહ્યું—'ભાઇ! તારા કથનને હું માન્ય કરું છું. અને હવે હું તેવોજ પ્રયત્ન કરીશ કે જેથી તે (સ્ત્રી) મને [illegible] બધાં સાચી રીતેજ મને વંદન કરે.'

ઘરે આવીને તેણે જણાવ્યું કે–'મારે પરણવું નથી.' તેનું આખું કુટુંબ એકઠું થયું. દરેક સમજાવવા લાગ્યા, પરન્તુ તેણે કોઇનું માન્યું નહિ. છેવટે તેણે એજ કહ્યું કે–'જો મને તમે દીક્ષા નહિ લેવા દો, તો આત્મઘાત સિવાય મારે માટે બીજો કોઇ રસ્તો નથી.' બસ, વરસિંઘના [illegible] માતા પિતાએ [illegible]

હતાં, તે બધાઓનો ઉપયોગ દીક્ષાના નિમિત્તમાં કરવામાં આવ્યો, અને વરસિંઘે મ્હોટી ધુમધામ પૂર્વક દીક્ષા લીધી.

માતા–પિતા અને સ્ત્રી–પુત્રાદિના ક્ષણિક મોહમાં લુબ્ધ થઇ જનારા–કમજોર હૃદયના દીક્ષાના આકાંક્ષી પુરૂષોએ ઉપરનો પ્રસંગ ધ્યાનમાં લેવા જેવો છે. માત્ર એક વચન ઉપરથી કાર્યમાં ઉતરી પડવું, એ શું ઓછું મનોબળ બતાવે છે ?

આજ વરસિંઘ ધીરે ધીરે આગળ વધી પન્યાસ થયા, અને એકસો આઠ શિષ્યોના અધિપતિ થયા.

આ સિવાય **પાટણ**ની અંદર **સંઘજી** નામના ગૃહસ્થે બીજા સાત જણાઓની સાથે લીધેલી દીક્ષા પણ ખાસ નોંધવા લાયક છે.

સંઘજી **પાટણ**નો એક મ્હોટો ગૃહસ્થ હતો. ઋદ્ધિ સમૃદ્ધિ તેને ત્યાં ઘણી હતી. તેની એક સુશીલા સ્ત્રી હતી અને એક પુત્રી હતી. બત્રીસ વર્ષની ઉમરે **સૂરિજી**નો ઉપદેશ સાંભળતાં તેને દીક્ષા લેવાની ભાવના થઇ હતી. એક વખતે **સૂરિજી**નો ઉપદેશ સાંભળીને ઘેર આવ્યો અને બત્રીસહજાર મહમુંદિકા પોતાની સ્ત્રીને આપીને કહ્યું—' આ લ્યો અને મને દીક્ષા લેવાની અનુમતિ આપો' તેની સ્ત્રી ધર્મશીલા હતી. તેણીએ કહ્યુ—' હું દીક્ષા લેવાને માટે ના નથી પાડતી, પરન્તુ આ પુત્રી ન્હાની છે; તેનું લગ્ન કર્યા પછી તમે દીક્ષા લેજ્યો '

સંઘજીએ કહ્યું—' તેના લગ્નનો આધાર શું મારા ઉપરજ રહેલો છે ? શું હુંજ તેનું લગ્ન કરીશ તો થશે ? અન્યથા નહીં થાય ? નહિં, એવું ધારવુંજ નહિં ! દરેક મનુષ્યો પોતાના પુણ્યથી વ્યવહાર ચલાવી રહ્યાં છે. કોઇનું કર્યું કંઇ થતું નથી. અત્યારે હું આ સંસારયાત્રાને ખતમ કરીને ચાલ્યો જાઉં, તો પછી તેનું શું થાય ? કંઇ નહિં. સૌ સૌના ભાગ્ય પ્રમાણે થયા જ કરે છે. '

સંઘજીનો દૃઢ નિશ્ચય જાણી તેની પત્નીએ અનુમતિ આપી.

તે પછી ધૂમધામપૂર્વક શુભ મુહૂર્તમાં સૈયદ દૌલતખાનની[1] વાડીમાં તેણે દીક્ષા લીધી. જો કે આથી તેની સ્ત્રી, પુત્રી અને તેના સંબંધિઓને મોહવશાત્ દુઃખ અવશ્ય થયું, પરન્તુ વસ્તુતઃ તેઓ આ કાર્યને પ્રશંસનીયજ સમજતા હતાં. સંઘજીનું નામ સૂરિજીએ **સંઘવિજય** રાખ્યું. સંઘજી જેવા ગૃહસ્થને દીક્ષા લેતો જોઇ બીજા સાત જણાને પણ વૈરાગ્ય થયો અને તેઓએ પણ દીક્ષા લીધી.

આ પ્રમાણે સૂરિજીએ પોતાના હાથે અનેક ભવ્યાત્માઓને દીક્ષા આપી તેઓનો ઉદ્ધાર કર્યો હતો અને જૈનધર્મના સાચા ઉપદેશક બનાવ્યા હતા. ઋષભદાસ કવિના શબ્દોમાં કહીએ તોઃ-

> સિષ્ય દિખીઆ એકસો નિ આઠ, સાધુ લીઈ અનુગતિની વાટ. ૪૬
> એકસો સાઠિ પંડિતપદ દીધ, સાત ઉવઝાય ગુરૂ કીધ, ...
>
> પૃ. ૨૨૧

આ ઉપરથી જણાય છે કે–સૂરિજીએ પોતાના શિષ્ય તરીકે એકસો આઠ જણને પોતાને હાથે દીક્ષા આપી હતી અને પોતાની જિંદગીમાં એકસો સાઠ જણને પંડિતપદ આપ્યા હતા તેમ સાત ઉપાધ્યાય બનાવ્યા હતા.

પ્રકરણ નવમું.

શિષ્ય-પરિવાર.





એ માં તો શકજ નથી કે-કોઇનું પણ આધિ પત્ય પુણ્ય-પ્રકર્ષ સિવાય મળતું નથી. એક માતાની કુક્ષિથી ઉત્પન્ન થયેલ બે ભાઇઓમ એકને હજારો મનુષ્યો માને છે, તેના મુખથ નિકળતા શબ્દોને ઈશ્વરવાક્યની તુલ્ય ગણી લોકો મસ્તકે ચઢાવે છે અને તેના હાથથી લખાએલા થોડાજ શબ્દો પણ આખી આલ સ્વીકારવાને તૈયાર થાય છે, જ્યારે બીજાનો કોઇ ભાવ પણ પૂછતુ નથી. આનું કારણ એકના પુણ્યનો પ્રકર્ષ અને બીજાના પુણ્યન હીનતા સિવાય બીજું કંઇજ નથી. સંસારના હજારો મનુષ્યો મા મેળવવાને માર્યા માર્યા ફરે છે, છતાં માન મળતું નથી; લાખે મનુષ્યો પ્રતિષ્ઠા મેળવવાને ઈશ્વર પાસે પ્રાર્થના કરે છે, છતાં પ્રતિષ્ઠ મળતી નથી; એનું કારણ શું ? એનું કારણ તેવા પ્રકારના પુણ્યન ખામીજ છે. ખરી રીતે જોવા જઈએ તો કોઇ પણ વસ્તુની અભિ લાષા તે વસ્તુને મેળવવામાં બાધક નિવડે છે.

अनमांगे मोती मिले मांगी मिले न भीख । આ લોકોક્તિમ ખરેખર સત્ય સમાયેલું છે. નહિં માંગનારને બધી વસ્તુઓ મળે છે, નિઃસ્પૃહ, નિરીહ પુરૂષોને તે વસ્તુ જલદી અને અના યાસથી આવી મળે છે. આપણા નાયક હીરવિજયસૂરિમાં નિઃસ્પૃ હતાનો કેવો ગુણ હતો, એ અત્યાર સુધીના તેમના જીવન ઉપરથ આપણે જોઇ શકયા છીએ. અને તેનુંજ એ કારણ હતું કે-તેઓ જ્યાં જતા, ત્યાં માન-પ્રતિષ્ઠા મેળવતા, અને ધાર્યું કામ પણ કરી

શકતા, એટલુંજ નહિં, પરન્તુ તેઓને અણધારી શિષ્ય–સંપદાઓ આવી મળતી. આનો એજ પુરાવો છે કે–તેઓ ધીરે ધીરે આગળ વધીને બે હજાર સાધુઓનું આધિપત્ય ભોગવનાર આચાર્ય થયા હતા.

આ પ્રસંગે એક વાત અવશ્ય સમજવા જેવી છે. અને તે એ કે–કોઇ પણ ' પદ ' પ્રાપ્ત કરવામાં એટલી મુશ્કેલી નથી રહેલી કે જેટલી તે ' પદ ' ની–' ઉપાધિ ' ની જવાબદારી સમજવામાં રહેલી છે. આચાર્ય હીરવિજયસૂરિ [illegible] –નાયક થયા–બે હજાર સાધુઓ [illegible] થયા, તેથી તેઓ જેટલા પ્રશંસા પાત્ર [illegible] પોતાના ' પદ ' ની જવાબદારી સમજીને જે જે [illegible] કર્યાં હતા, જે [illegible] અને વિશાળભાવથી તેમણે [illegible] ની, [illegible] શાસનના હિતની ખાતર જે જે મુશ્કેલીઓ [illegible] કરવામાં તેમણે પુરૂષાર્થ વાપર્યો હતો, તેને માટે [illegible]

રીતે તેમને સમજાતી. સૂરિજીને, આવા પ્રસંગો ઉપસ્થિત થયે, તે પ્રસંગોને દાબી દેવા માટે જેટલો ખ્યાલ રાખવો પડતો, તેટલોજ બલ્કે તેથી પણ વધારે ખ્યાલ 'સમાજમાં એકનો ચેપ બીજાને લાગુ ન પડે અને કોઇ પણ જાતનો સડો ન પેસવા પામે ' એ મુદ્દા તરફ રાખવો પડતો. જ્યારે કંઇ એવો પ્રસંગ ઉપસ્થિત થતો, ત્યારે સૂરિજી બહુ ગંભીરતાપૂર્વક વિચાર કરીનેજ તેને માટે પગલાં ભરતા. સૂરિજીને પોતાના આધિપત્યમાં કાલના પ્રભાવે કરીને આવા અનેક પ્રસંગો પ્રાપ્ત થયા હતા, પરન્તુ તેમાંના એક બે પ્રસંગોજ અહિં ટાંકીશું.–

હીરવિજયસૂરિ જ્યારે અકબર બાદશાહ પાસે હતા, ત્યારે તેઓની અવિદ્યમાનતાનો લાભ લઇ ગુજરાતમાં કેટલાક દ્વેષી લોકોએ મ્હોટો ઉપદ્રવ ઉભો કર્યો હતો. ખંભાતના [1]રાયકલ્યાણે કેટલાક જૈનો પાસે અમુક કારણને આગળ કરી બારહજાર રૂપીયાનું ખત લખાવી લીધું, અને કેટલાકનાં માથાં મૂંડાવરાવ્યાં, તેમાં કેટલાકોને તો પોતાના જાન બચાવવાની ખાતર જૈનધર્મનો ત્યાગ પણ કરવો પડયો. આ ઉપદ્રવથી આખા ગુજરાતમાં હોહા મચી ગઇ હતી. વળી બીજી તરફ પાટણમાં વિજયસેનસૂરિ સાથે ખરતર ગચ્છવાળાઓએ શાસ્ત્રાર્થ કરવો આરંભ કર્યો હતો.[2]

---

૧ રાયકલ્યાણ એ રાજ્યાધિકારી પુરૂષો પૈકીનો એક હતો, અને તે જ્ઞાતે વણિક અને ખંભાતનો રહેવાસી હતો આને માટે જૂઓ-અકબરનામના ત્રીજા ભાગનો અંગરેજી અનુવાદ, પે. ૬૮૩ તથા બદાઉનીના બીજા ભાગનો અંગરેજી અનુવાદ, પે. ૨૪૯

૨ આ શાસ્ત્રાર્થ તે વખતનો શાસ્ત્રાર્થ છે કે-જ્યારે વિજયસેનસૂરિએ વિ. સં. ૧૬૪૨ માં પાટણમાં ચતુર્માસ કર્યું હતું. આ શાસ્ત્રાર્થમાં ખરતરગચ્છવાળાઓ જ્યારે નિરૂત્તર થયા, ત્યારે તેઓએ રાયકલ્યાણનો આશ્રય લઇને પાછો અમદાવાદમાં શાસ્ત્રાર્થ શરૂ કર્યો હતો અમદાવાદમાં થયેલો આ શાસ્ત્રાર્થ ત્યાંના સૂબા ખાનખાનાની સભામાં

આ બધી હકીકત હીરવિજયસૂરિજીને જણાવવામાં આવી. સૂરિજી અત્યારે ગુજરાતથી ઘણે દૂર હતા. તેઓ એકાએક ગુજરાતમાં પહોંચી શકે તેમ ન્હોતું. તેમ તેઓના પત્રથી પણ આ વિગ્રહ શાન્ત થાય, એવો પ્રસંગ ન્હોતો. કારણ કે વિગ્રહ કરનારા પોતાના અનુયાયી નહિં, કિન્તુ બીજા હતા. અતએવ આ કલહને શાન્ત કેમ કરવો ? એ સૂરિજીને માટે બહુ વિચારણીય વિષય થઈ પડ્યો હતો. સૂરિજી એમ પણ ધારતા હતા કે આ વખતે જો ઉચિત પગલાં નહિં ભરવામાં આવે, તો ભવિષ્યના બીજાઓ પણ આપણા ઉપર આવા હુમલાઓ કરતાજ રહેશે. માટે [illegible] એવાં પગલાં ભરવા, કે જેથી હમેશાંને માટે [illegible] દૂર થઈ જાય.

આને માટે માત્ર એકજ ઉપાય હીરવિજયસૂરિ [illegible], અને તે એ કે–' આ વાત બાદશાહના કાને નાખીને [illegible] મેળવવો ? સૂરિજી આ વખતે અભિરામાબાદના [illegible]

તેઓ અભિરામાબાદથી [illegible], [illegible] સભા બોલાવી, આને માટે [illegible] ચલાવ્યો. આ સભામાં એવો [illegible] કોઈને બાદશાહ પાસે મોકલવા. [illegible]

નદીને કિનારે હતો. શાન્તિચંદ્રજી પણ ત્યાંજ હતા. અમીપાલ દોસીએ ત્યાં જઇને પહેલાં શાન્તિચંદ્રને બધી વાત કરી. તે પછી ભાનુચંદ્રજીને બોલાવીને બધી હકીકત સમજાવી. તદનન્તર શાન્તિચંદ્રજી અને ભાનુચંદ્રજીએ બન્નેએ મળીને તમામ હકીકત અબ્બુલફ્જલને કહી. તેઓની સલાહથી અમીપાલ દોસી બાદશાહ પાસે ગયા. શ્રીફલનું ભેટણું મૂકી ઉભા રહ્યા કે-તુર્ત બાદશાહે સૂરિજીના સુખશાન્તિના સમાચાર પૂછ્યા. તદનન્તર શેખ અબ્બુલફ્જલે બાદશાહને કહ્યુ કે-'હીરવિજયસૂરિના જે શિષ્યો ગુજરાતમાં છે, તેઓને બહુ તકલીફ પડી રહી છે, માટે કંઇક બંદોબસ્ત કરવો જોઇએ.' આ સાંભળતાંજ બાદશાહે અમદાવાદના સૂબા-મિર્જાખાન ઉપર એક પત્ર લખ્યો, તેમાં જણાવ્યું કે 'હીરવિજયસૂરિના શિષ્યોને જેઓ તકલીફ આપતા હોય-કષ્ટ પહોંચાડતા હોય, તેઓને વગર વિલંબે શિક્ષા કરો.'

આ પત્ર અમદાવાદ આવ્યા પછી અમદાવાદના આગેવાન ગૃહસ્થોએ વીપુશાહ નામના ગૃહસ્થને જણાવ્યું કે-'આ પત્ર લઇને તમે ખાનસાહેબ પાસે જાઓ.' વીપુશાહે એવી સલાહ આપી કે-"બને ત્યાં સુધી અંદર અંદરજ સમજી લેવામાં સાર છે. રાજ્યાધિકારિઓથી દૂર રહેવું, એજ શ્રેયસ્કર છે. વળી કલ્યાણરાયની પાસે જે વિઠ્ઠલ મહેતો છે, તે એવો તો નાલાયક અને ખટપટિયો છે કે-એનું ચાલશે, ત્યાં સુધી તો આપણને દંડાવ્યા વિના રહેશે નહિ."

આ વખતે જીવો અને સારંગ નામના બે નાગોરી ગૃહસ્થોએ હિમ્મતપૂર્વક કહ્યું કે-'મિર્જાખાનને મળવા જવા માટે અમે તૈયાર છીએ, પરન્તુ ખંભાતમાં જેઓનાં માથાં મૂંડ્યાં છે, તેઓને અહિં તેડાવવા જોઇએ, કારણ કે-બધાં સાધનો તૈયાર રાખવાં જોઇએ.

અકબરનામાના ત્રીજા ભાગનો અંગ્રેજી અનુવાદ પે ૭૦૯ થી ૭૧૫ સુધીમાંનો પણ સિદ્ધ થાય છે.

ખંભાત પત્ર લખીને જેઓનાં માથાં મૂંડવામાં આવ્યા હતાં, તેઓને તેડાવવામા આવ્યા. તેઓના આવ્યા બાદ તે બધાઓને સાથે લઇ ઉપર્યુક્ત બન્ને ગૃહસ્થો ખાન પાસે ગયા. બાદશાહનો પત્ર તેના હાથમાં આપવામા આવ્યો. પત્ર વાંચતાની સાથેજ તે ઠંડોગાર જેવો થઇ ગયો તેણે ઝટ આવેલ ગૃહસ્થોને જણાવ્યું કે 'કહો. મારા લાયક શું કામ છે ?' જીવા અને આસકે કહ્યુ કે–'શેચકલ્યાણ ત્યાં સુધી ત્રાસ વર્તાવી રહ્યો છે કે–અમારા ધર્મને પણ ખોવરાવે છે માટે તેનો બંદોબસ્ત થવો જોઇએ.' એમ કહેવા સાથે તેમણે પહેલાં બનેલી બધી હકીકત કહી સંભળાવી.

ણુથી ચર્ચા થઇ. આનું પરિણામ એ આવ્યું કે-**ભદુઆ** શ્રાવ ઉપાધ્યાયની સ્હામે એવાં વચનો કાઢયાં, કે જે એક શ્રાવકને કે રીતે છાજે નહિં. **વિમલહર્ષ** ઉપાધ્યાયે આ હકીકત **ખંભાત સૂરિ** જીને જણાવી. **સૂરિજીને** આ હકીકત સાંભળી બહુ ખેદ થયે તેઓએ વિચાર કર્યો કે-' આવી રીતે ગૃહસ્થો પોતાની મર્યાદા છોડતા જશે, તો તેના પરિણામમાં, સાધુ અને ગૃહસ્થોની વચમ જે એક ગંભીર મર્યાદા રહેલી છે, તેનો છેદ થશે. આવી છૂટ ઉપર અઘટિત સ્વતંત્રતા ઉપર તો અંકુશ મૂકવોજ જોઇએ.

એમ વિચાર કરી **અમદાવાદમાં** રહેલા સાધુઓ ઉપર એવ મતલબનો એક પત્ર લખવા **સોમવિજયજીને** આજ્ઞા કરી કે-' **ભદુ** આ શ્રાવકને સંઘ બહાર મૂકી, તેને ત્યાં ગોચરી-પાણી જવુ બંધ કરો. '

કાગળ લખવામાં આવ્યો અને તે પત્ર બીડીયાની સાથે રવા ના કરતી વખતે **વિજયસેનસૂરિએ હીરવિજયસૂરિને** એમ વિનતિ કરી કે-' પત્ર હમણાં ન મોકલવામાં આવે તો સારૂ.' પરન્તુ સૂરિજી એ તે વાત ઉપર ધ્યાન આપ્યું નહિં, અને પત્ર મોકલીજ દીધો **અમદાવાદ** પહોંચતાંજ સાધુઓએ **સૂરિજીના** આજ્ઞાપત્ર પ્રમાણે **ભદુઆ** શ્રાવકને સંઘબહાર કરી દીધો અને તેને ત્યાં ગોચરી-પાણી જવું પણ બંધ કર્યું. આથી **અમદાવાદનો** સંઘ બહુજ વિચારમાં પડયો.

---

૧ **ભદુઓ** શ્રાવક **હીરવિજયસૂરિના** ભકતશ્રાવકો પૈકીનો એક હતો. પરન્તુ તે અમુક સમયને માટે ધર્મસાગરજીના પક્ષમાં ભળી ગયે હતો. માલૂમ પડે છે કે-આજ કારણથી **વિમલહર્ષ** ઉપાધ્યાયની સાથે તેને કંઇ બોલાચાલી થઇ હશે **ભદુઆ** શ્રાવક આદિ પર શ્રાવકોને સંઘ બહાર મૂકયાની હકીકત પં દર્શનવિજયજીએ પોતાના બનાવેલા ' વિજય-તિલકસૂરિરાસ ' મા પણ લખી છે. જૂઓ ઐતિહાસિકરાસસંગ્રહ ભા ૪ થો. પૃ ૨૩.

ભદુઆએ સાધુઓનું અપમાન કરવાનો મહાન્ ગુન્હો કર્યો હતો, એમાં તો કંઇ શક જેવું હતુંજ નહિ. અને તેમાં પણ આચાર્યશ્રીના પત્રથીજ સાધુઓએ સંઘબહારની શિક્ષા કરી હતી. એટલે તેમાં કંઇ બોલી શકાય તેમ રહ્યું નહોતું. આને માટે તો હવે માત્ર એકજ ઉપાય રહ્યો હતો, અને તે માફી માગવાનોજ. માફી માગ્યા સિવાય બીજો કોઇ ઉપાય રહ્યો નહોતો. અમદાવાદનો જૈન સંઘ ભદુઆ શ્રાવકને સાથે લઇ ખંભાત આવ્યો. સંઘે અને ભદુઆ શ્રાવકે બહુ આજીજીપૂર્વક થયેલા ગુનહા માટે માફી માગી. સૂરિજીએ પણ કંઇ પણ પ્રકારનો આગ્રહ ગણ્યા સિવાય તેનો ગુન્હો માફ કરી તેને સંઘમાં લઇ લીધો.

સંઘના ભલાની ખાતર-શાસનના [illegible] દેવાની ખાતર મ્હોટામોટા પોતાની શાન્તિને [illegible], એ તેઓને માટે જેટલું યોગ્ય ગણી શકાય, [illegible] સફળ થયા પછી પણ વાપરેલી શાન્તિને પણ [illegible] રાખવાનું કાર્ય નિરંતર આ [illegible] રીતે ધ્યાનમાં રાખતા હતા, એ વાત [illegible] થાય છે.

હતો કે-જેના લીધે તેમની અવિદ્યમાનતામાં જેવું પરિણામ આવ્યું, તેવું આવવા પામ્યું નહોતું.

મ્હોટાઓને મ્હોટી ચિંતા. આખા સમુદાયની રક્ષા કરવી, એ કંઇ ન્હાનું સૂનું કામ નથી. કેટલી ગંભીરતા અને સમયસૂચકતા વાપરીને મ્હોટાઓએ દરેક કાર્યો કરવાં જોઇએ, એ વાત હીરવિજય સૂરિ સારી પેઠે સમજતા હતા અને તેથીજ તે વખતના સમસ્ત સમુદાય ઉપર તેઓનો પ્રભાવ પડતો હતો.

આપણે પહેલાં જોઇ ગયા છીએ કે-હીરવિજયસૂરિ લગભગ બે હજાર સાધુઓના ઉપરી હતા. આ સાધુઓમાં કેટલાક વ્યાખ્યાની હતા, તો કેટલાક કવિ હતા; કેટલાક વૈયાકરણ હતા, તો કેટલાક નૈયાયિક હતા; કેટલાક તાર્કિક હતા, તો કેટલાક તપસ્વી હતા; કેટલાક યોગી હતા તો કેટલાક અવધાની હતા; અને કેટલાક સ્વાધ્યાયી હતા, તો કેટલાક ક્રિયાકાંડી હતા; એમ જુદા જુદા વિષયોમાં સંપૂર્ણ કુશળતા ધરાવનારા હતા. અને તેથીજ તે સાધુઓ બીજાઓ ઉપર સારી અસર કરી શકતા. સૂરિજીની આજ્ઞામાં રહેનારા સાધુઓમાં મુખ્ય આ હતા:—

૧ **વિજયસેનસૂરિ** આમનાં કાર્યોનું અવલોકન કરીએ છીએ, ત્યારે એમ કહેવામાં લગારે ખોટું નથી જણાતું કે-ગુરૂના ઘણા ગુણો તેઓને વારસામાં મળ્યા હતા. ટૂંકમાં કહીએ તો, હીરવિજય-સૂરિ જેવાજ લગભગ તે પ્રતાપી હતા. અને એ વાતની ખાતરી આપણને છઠ્ઠા પ્રકરણમાંથી થઇજ ગયેલી છે કે-તેમણે પણ પોતાની વિદ્વત્તાથી બાદશાહ ઉપર ઘણોજ પ્રભાવ પાડ્યો હતો. તેઓ મૂળ મારવાડમાં આવેલા **નાડલાઇ** ગામના રહેવાસી હતા. તેમની પૂર્વ પેઢીયો તપાસતાં માલૂમ પડે છે કે-તેઓ **રાજાદેવડ**ની પાંત્રીસમી પેઢીએ થયેલ છે. તેમના પિતાનું નામ **કમાશાહ** અને માતાનું નામ **કોડિમદે** હતું અને તેઓનું નામ **જેસિંઘ** હતું. વિ. સં. ૧૬૦૪ ના ફાગણ સુદિ ૧૫ ના દિવસે તેમનો જન્મ થયો હતો.

હતી. ૬૮ વર્ષનું આયુષ્ય ભોગવી સં. ૧૬૭૨ ના જ્યેષ્ઠ વ. ૧૧ ના દિવસે ખંભાતની પાસેના **અકબરપુરમાં**[1] તેઓ સ્વર્ગવાસી થયા હતા. બાદશાહ **જહાંગીરે** તેમના સ્તૂપને માટે દસ વીઘા જમીન મફત આપી હતી અને ત્રણ દિવસ સુધી પાખી પાળી હતી. (બજારો વિગેરે બંધ રાખ્યા હતા.) તેમના થયેલા અગ્નિસંસ્કારવાળી ભૂમિ ઉપર ખંભાતના **સોમજીશાહે** સ્તૂપ કરાવ્યો હતો.[2]

---

૧ **અકબરપુર**, એ **ખંભાતની** પાસે આવેલું એક પરૂ છે. **ઋષભદાસ** કવિએ બનાવેલી, અને પોતાનેજ હાથે લખેલી ખંભાતની **ચૈત્યપરિપાટી** ઉપરથી તે વખતે ત્યા ત્રણ દેરાસરો હોવાનુ જણાય છે. ૧ **વાસુપૂજ્યનુ**, જેમા સાત બિંબો હતા ૨ **શાન્તિનાથનુ**, જેમા એકવીસ જિનબિંબો હતા અને ૩ **આદીશ્વરનુ**, જેમા વીસ પ્રતિમાઓ હતી. કાલના પ્રભાવે અત્યારે અહિં એક પણ દેરાસર નથી.

૨ **સોમજી** શાહે કરાવેલા આ સ્તૂપ પૈકી અત્યારે **અકબરપુરમાં** કંઇજ નથી, પરન્તુ **ખંભાતના ભોંયરાવાડામાં શાન્તિનાથનું** મંદિર છે. તેના મૂળ ગભારામા ડાબા હાથ તરફ પાદુકાવાળો એક પત્થર છે, તેના ઉપરના લેખ ઉપરથી માલૂમ પડે છે કે-આ પાદુકા તેજ છે કે-જે **સોમજીશાહે** **વિજયસેનસૂરિના** સ્તૂપ ઉપર સ્થાપન કરી હતી કાલના પ્રભાવે **અકબરપુરની** સ્થિતિ પડી ભાગવાથી આ પાદુકાવાળો પત્થર અહિં લાવવામા આવ્યો હશે. આ લેખ ઉપરથી નીચેની હકીકત મળે છે. " વિ. સં. ૧૬૭૨ ના માઘ સુદિ ૧૩ ને રવિવારના દિવસે **સોમજીએ**, પોતાની બેન **ધર્માઇ**, સ્ત્રિયો **સહજલદે** અને **વયજલદે** તથા પુત્રો **સૂરજી** અને **રામજી** વિગેરે કુટુંબની સાથે પોતાના કલ્યાણને માટે **વિજયસેનસૂરિના** શિષ્ય **વિજયદેવસૂરિ** પાસે **વિજયસેનસૂરિની** આ પાદુકાની સ્થાપના કરાવી હતી. **સોમજી**, **ખંભાતના** રહેવાસી **વૃદ્ધશાખીય** **ઓસવાલ** જ્ઞાતીય શાહ જગસીનો પુત્ર થતો હતો. તેની માતાનું નામ **તેજલદે** હતુ. કાકાનુ નામ **શ્રીમલ્લ** હતું અને કાકીનુ નામ **મોહણદે**. લેખની અંદર લખેલા ' **पादुकाः प्रोत्तुंगस्तूपसहिताः कारिता** ' આ શબ્દો ઉપરથી એ પણ સિદ્ધ થાય છે કે-આ પાદુકા એક ઊંચા સ્તૂપ સાથે સ્થાપન કરવામા આવી હતી. આખો લેખ આ પ્રમાણે છે—

॥६० संवत् १६७२ वर्षे माघसितत्रयोदश्यां रवौ वृद्धशाखीय।

૨ **શાન્તિચંદ્રજી** ઉપાધ્યાય. એમના ગુરુનું નામ **સકલચંદ્રજી** હતું. તેમણે ઈડરના રાજા રાયનારાયણની સભામાં વાદી ભૂષણ નામના દિગમ્બરને હરાવીને જય મેળવ્યાની હકીકત, તેમનાજ શિષ્ય **અમરચંદ** કવિએ સંવત્ ૧૬૭૮ ના વૈશાખ સુ૦ ૩ ને રવિવારે બનાવેલા કુલધ્વજરાસની પ્રશસ્તિમાં લખી છે.

આમણે **અજિતશાન્તિસ્તવ**માં આવેલા [illegible] અનુસરી-ને ઋષભદેવ અને વીરપ્રભુની સંસ્કૃત ભાષામાં સ્તુતિ બનાવી છે. તેમ જંબૂદ્વીપપન્નતિની ટીકા [illegible] બનાવી છે. આ સિવાય તેઓની પ્રભાવકતા [illegible] બાદશાહ પાસે કરાવેલાં [illegible]

૩ **ભાનુચંદ્રજી ઉપાધ્યાય.** તેઓ પણ તે વખતના પ્રભાવિક પુરૂષો પૈકીના એક હતા. તેઓ મૂલ **સિદ્ધપુર**ના રહીશ હતા. તેમના પિતાનું નામ **રામજી** હતું અને માતાનું નામ **રમાદે.** તેમનું પોતાનું નામ **ભાણુજી** હતું. સાત વર્ષની ઉમરે તેમને નિશાળમાં બેસાડવામાં આવ્યા હતા. અને દસ વર્ષની ઉમરે તો સારા હુંશીયાર થયા હતા. તેમના વડીલ ભાઇનું નામ **રંગજી** હતું. **સૂરચંદ્ર**[1] પંન્યાસનો સમાગમ થતાં તે બંન્ને ભાઇઓએ દીક્ષા લીધી હતી. ઘણા ગ્રંથોનો અભ્યાસ કર્યા પછી તેમને **પંડિતપદ** મળ્યું હતું. **હીરવિજયસૂરિ**એ તેમને યોગ્ય જાણીને **અકબર** બાદશાહ પાસે રાખ્યા હતા. **અકબર**ને પણ તેમના ઉપદેશથી બહુ પ્રસન્નતા થઇ હતી. અને તે પ્રસન્નતાના કારણે તેમના ઉપદેશથી બાદશાહે ઘણાં સારાં સારાં કામો કર્યાં હતાં; જે કામોનું વર્ણન છઠ્ઠા પ્રકરણમાં આપવામાં આવેલું છે.[2]

અકબરનો દેહાન્ત થયા પછી **ભાનુચંદ્રજી** પુનઃ **આગરે** ગયા હતા અને **અકબર** બાદશાહે પહેલાં જે જે ફરમાનો કરી આપ્યાં હતાં, તે બધાં કાયમ રાખવાને **જહાંગીર**નો પુનઃ હુકમ મેળવ્યો હતો. **અકબર**ની માફક **જહાંગીર**ની પણ **ભાનુચંદ્રજી** ઉપર બહુ શ્રદ્ધા હતી. જ્યારે **જહાંગીર માંડવગઢ** હતો, ત્યારે તેણે ગુજરાતમાં માણુસ મોકલીને **ભાનુચંદ્રજી**ને પોતાની પાસે તેડાવ્યા હતા. અહિં તેણે પોતાના પુત્ર **સહરિઆર**ને **ભાનુચંદ્રજી** પાસે ભણવા મૂકયો હતો. **ભાનુચંદ્રજી** જ્યારે **માંડવગઢ**માં આવ્યા, ત્યારે બાદશાહ **જહાંગીરે** શું કહ્યું હતું.—

" મિલ્યા ભૂપનઇ, ભૂપ આનંદ પાયા,
ભલઇ તુમે ભલઇ અહી **ભાણુચંદ** આયા,

1 આ **સૂરચંદ** પન્યાસ તેજ છે કે–જેમણે **ધર્મસાગરજી** ઉપાધ્યાયે બનાવેલ ' **કુમતિકુદ્દાલ** ' નામનો ગ્રથ આચાર્ય **શ્રીવિજયદાનસૂરિ**ની આજ્ઞાથી પાણીમા બોળી દીધો હતો. (જૂઓ ઐતિહાસિકરાસ સં. ભા ૪ થો. પૃ. ૧૩.)

2 જૂઓ પૃ. ૧૪૫ થી ૧૫૦

મારતા નથી, તેની પ્રાર્થનાથીજ મારીએ છીએ. તે બરાડા પાડીને કહે છે કે-' હે મનુષ્યો ! અમને જલદી મારીને સ્વર્ગમાં પહોંચાડો, જેથી અમે આ પશુના ભવથી છૂટી જઇએ.'

પદ્મસાગરજીએ આ યુકિતના પ્રતિવાદમાં કહ્યું-' પંડિતપ્રવરો ! આપ એવી કલ્પના ન કરો. એ તો એક પ્રકારની સ્વાર્થિક કલ્પના છે. તે પશુ તો બરાડા પાડીને એમજ કહે છે કે—

' હે સજ્જન પુરૂષો ! હું સ્વર્ગનાં ફળને ભોગવવા માટે ઉત્સુક નથી. તેમ મેં તમને સ્વર્ગમાં પહોંચાડવા માટે પ્રાર્થના પણ કરી નથી. હું તો હમેશાં તૃણભક્ષણ કરવામાંજ સંતુષ્ટ છું. અને જો એ વાત સાચીજ હોય, કે તમારી દ્વારા યજ્ઞમાં હોમાતા જીવો સ્વર્ગમાંજ જાય છે, તો પછી તમે તમારા માતા-પિતા-પુત્ર અને ભાઇ વિગેરેને શા માટે સૌથી પહેલાં યજ્ઞમાં નથી હોમતા ? અ-ર્થાત તેઓનેજ પહેલાં સ્વર્ગમાં કેમ પહોંચાડવામાં નથી આવતા ?'

સજ્જનો ! સ્વાર્થયુકત યુકિતયોથી કંઇ વળતું નથી. વસ્તુતઃ વિચાર કરવો જોઇએ કે-જેમ આપણને લગારે દુઃખ પ્રિય નથી, તેમ જગતના કોઇ પણ જીવને દુઃખ પ્રિય નથી. આવી અવસ્થામાં કોઇ પણ જીવનો કોઈ પણ નિમિત્તે વધ કરવો, એ કોઇ રીતે યોગ્ય ગણી શકાય નહિ."

પદ્મસાગરજીની ઉપર્યુકત યુકિતથી દરેકને ચૂપજ થવું પડયું.

આજ પ્રસંગે **કર્મસી** નામના ભંડારીએ વળી એક પ્રશ્ન ઉભો કર્યો. તેણે મૂર્ત્તિની અનાવશ્યકતા બતાવતાં કહ્યું—

' કોઇ સ્ત્રીનો પતિ પરદેશ જાય, પછી પતિની અવિદ્યમાન-તામાં તે સ્ત્રી પતિની મૂર્ત્ત બનાવીને હમેશાં પૂજે, પરન્તુ એથી તેનું કંઇ વળે નહિ, તેવીજ રીતે મૂર્ત્તિથી પણ કંઇ વળતું નથી.'

પદ્મસાગરજીએ કહ્યું-' હું બીજું દૃષ્ટાન્ત આપું, તે પહેલાં

‘ એક પુરુષને બે સ્ત્રીઓ હતી. પુરુષ પરદેશ ગયો, એટલે બન્ને સ્ત્રીઓએ પતિની મૂર્ત્તિ બનાવી. તેમાં એક તો તે મૂર્ત્તિની હંમેશાં પૂજા કરતી, જ્યારે બીજી એ મૂર્ત્તિ ઉપર પગ દેતી અને થૂંકતી. પતિ આવ્યો. અને જ્યારે બન્નેની વર્તણુકની તેને ખબર પડી, ત્યારે હંમેશાં પૂજા કરનાર સ્ત્રીને પોતાની માનીતી બનાવી અને મૂર્ત્તિ ઉપર પગ દેનારી અને થૂંકનારીને તિરસ્કારપૂર્વક કાઢી મૂકી. સહજ સમજી શકાય તેમ છે કે–મૂર્ત્તિથી કેટલી અસર થાય છે[1] ’

પદ્મસાગરજીએ આ વિગેરે બીજી ઘણીએક યુક્તિયો દ્વારા મૂર્ત્તિ અને મૂર્ત્તિપૂજાની સિદ્ધિ કરી બતાવી. આથી આખી સભા ઘણીજ ખુશી થઇ, અને પદ્મસાગરજીના બુદ્ધિવૈભવની મુક્તકંઠે પ્રસંશા કરવા લાગી.

આવીજ રીતે પદ્મસાગરજીએ ‘કેવલીને આહાર હોય કે નહિં’ અને સ્ત્રીને મોક્ષ થાય કે નહિં,’ એ વિષયમાં દિગમ્બર પંડિતોની સાથે શાસ્ત્રાર્થ કરીને પણ તેમને નિરૂત્તર કર્યા હતા.

પદ્મસાગરજી જેવા તાર્કિક હતા, તેવા વિદ્વાન્ પણ હતા. તેમણે અનેક ગ્રંથોની રચના પણ કરી છે. જેમા મુખ્ય આ છે– **उत्तराध्ययनकथा (सं १६५७), यशोधरचरित्र, युक्तिप्रकाश–**

---

૧ મૂર્ત્તિ અને મૂર્ત્તિપૂજાના સંબંધમાં વિશેષ યુક્તિયો માટે જૂઓ પૃ. ૧૮૩ થી ૧૮૫.

सटीक, नयप्रकाश-सटीक (सं १६३३), प्रमाणप्रकाश-सटीक, जगद्गुरुकाव्य, शीलप्रकाश, धर्मपरीक्षा અને तिलकमंजरीकथा (पद्य) વિગેરે વિગેરે-

૫ **કલ્યાણવિજય વાચક**-તેમનો જન્મ **લાલપુર**માં વિ. સં. ૧૬૦૧ ના આસો વ૦ ૫ ના દિવસે થયો હતો. સં. ૧૬૧૬ ના વૈશાખ વ. ૨ ના દીવસે **મ્હેસાણા**માં તેમણે હીરવિજયસૂરિ પાસે દીક્ષા લીધી હતી અને સં. ૧૬૨૪ ના ફાગણ વ. ૭ ના દિવસે તેમને **પંડિત** પદ મળ્યું હતું. તેઓ જેવા વિદ્વાન્ હતા, તેવાજ વ્યાખ્યાની પણ હતા અને તેવાજ તાર્કિક પણ હતા. વળી તેમનું ચારિત્ર પણ એવું નિર્મળ હતું કે-જનતા પર તેમના ઉપદેશની સચોટ અસર થતી હતી.

એક વખત **રાજપીંપળા**માં **રાજા વચ્છ**[1]**ત્રિવાડી**ના નિમંત્રણથી છ હજાર બ્રાહ્મણ પંડિતો એકત્ર થયા હતા. રાજા ઉદાર મનનો હતો. તેણે બ્રાહ્મણ પંડિતોની આ વિરાટ સભામાં કલ્યાણવિજયજીને પણ નિમંત્રણ કરી બોલાવ્યા અને બ્રાહ્મણ પંડિતો સાથે વાદ કરવાને જણાવ્યું. રાજા મધ્યસ્થ બન્યો. વાદ શરૂ થયો.

---

૧ **રાજા વચ્છ ત્રિવાડી**, એ રાજપીંપળાનો બ્રાહ્મણજ્ઞાતીય રાજા હતો. જૂઓ-**આઈન-ઈ-અકબરી**ના બીજા ભાગના અંગરેજી અનુવાદનું પૃ. ૨૫૧. **વચ્છ**, એ તેનું નામ હતું અને **ત્રિવાડી**, એ તેની અટક હતી. **અકબરનામા**ના ત્રીજા ભાગના અંગરેજી અનુવાદના ૬૦૮ મા પેજની ચોથી નોટમાં લખવામા આવ્યું છે કે-ત્રીજો **મુજફ્ફર**, કે જે ગુજરાતનો છેલ્લો બાદશાહ હતો, તે ફતેપુર-સીકરીથી નાસીને રાજપીંપળાના રાજા તરવારી (ત્રિવાડી) પાસે ગયો હતો. નવાઇ જેવું છે કે-**મિરાતે સિકંદરી**ના-આત્મારામ મોતીરામ દીવાનજીએ કરેલા-ગુજરાતી અનુવાદમા **તરવારી**ને એક **સ્થાન** તરીકે ગણવાની મ્હોટી ભૂલ થયેલી છે. જૂઓ પે. ૪૫૮. આવીજ ભૂલ **મિરાતે એહમદી**ના-પઠાણ નિઝામખાન નૂરખાન વકીલે કરેલા-ગુજરાતી અનુવાદમા પણ થવા પામી છે. જૂઓ પે. ૧૩૮.

બાહ્ય પરિણામો [illegible] ([illegible]) [illegible]
[illegible]ઓની સ્થાપના કરવા આદિ [illegible] છે અને તે જ [illegible]
કર્તા [illegible] અને પાલનકર્તા [illegible] છે અને [illegible]
એ જ [illegible] કુદરત-
વિજયધર્મ [illegible] આ [illegible] સ્થાપના
પહેલા તો એ જ [illegible] કે [illegible] કદાપિ [illegible]
કર્તા. [illegible] કે પાલનકર્તા થઈ શકતો નથી. કારણ કે [illegible] ઈશ્વર
ત્યારે જ થાય છે કે—જ્યારે સમસ્ત કર્મોનો ક્ષય કરી [illegible]
સર્વથા નિરાળો થાય છે [illegible] રાગ-દ્વેષાદિ દોષોનો નાશ કરીને
જ્યારે સંસારથી મુક્ત થાય છે. અને સંસારથી મુક્ત થયા પછી
તે ઈશ્વરને એવું કંઇ પ્રયોજન રહેતું નથી, કે જેથી તે દુનિયાના
પ્રપંચમાં પડે. અને પ્રયોજન સિવાય મન્દની પણ પ્રવૃત્તિ થતી નથી,
એ એક કુદરતી કાયદો છે. प्रयोजनमनुद्दिश्य मन्दोऽपि न प्रवर्त्तते।
અતએવ ઈશ્વરને કર્તા, હર્તા કે પાલક તરીકે કોઇ રીતે ગણી શકાય
નહિં, વળી એમ પણ કહી શકાય નહિ કે-ઈશ્વર પોતાની ઇચ્છાથી
સૃષ્ટિને બનાવે છે, કારણ કે-ઇચ્છા તેનેજ થાય છે કે-જેને રાગદ્વેષ હોય
છે. રાગદ્વેષનું જ પરિણામ ઇચ્છા છે. જ્યારે આપણે તો ઈશ્વર તેનેજ
માનીએ છીએ કે જેને રાગ-દ્વેષનો સર્વથા અભાવ છે. અને જો
ઈશ્વરને પણ રાગ-દ્વેષી માનવામા આવે, તો તો પછી તેનામાં અને
આપણામાં ફર્કજ શો ? બીજી વાત એ પણ છે કે-જગત્‌માં જેટલી
વસ્તુઓ બનેલી છે, તે બધી શરીરધારીએ બનાવી છે. હવે જો આ
જગત્ ઈશ્વરેજ બનાવ્યું હોય, તો તે શરીરી ઠરશે અને ઈશ્વરને
પણ શરીરી માનવામા આવે, તો તેને કર્મયુકતજ સમજવો જોઇએ.
અને ઈશ્વરને તો કર્મ છેજ નહિં, અતઃ તે યુકિત પણ ઠીક નથી.
આ સિવાય જગત્‌માં એવા પાપી જીવો પણ જોવામાં આવે છે કે
જેઓ બીજા જીવોનો સંહાર કરે છે. ત્યારે પરમદયાળુ પરમેશ્વર
એવા જીવોને ઉત્પન્ન કરીને પોતાની દયાલુતાને કેમ કલંકિત કરે ?
અરે, એવા જીવોને ઉત્પન્ન કરવાની વાત તો દૂર રહી, પરન્તુ એ

પણ વિચાર કરવાની વાત છે કે-કોઈ ગૃહસ્થનો વીસ વર્ષનો એકનો એક છોકરો મરી જાય, તો શું તે છોકરાને ઈશ્વરે લઇ લીધો ? અને જો ઈશ્વરેજ લઈ લીધો હોય, તો પછી તેની આ દયાલુતા કેવી ?

અતએવ એકંદર રીતે વિચાર કરતાં એમ ચોક્કસ નિર્ણય થાય છે કે-' ઈશ્વરે આ જગત્ બનાવ્યું નથી. ઈશ્વર આ જગત્‌નો સંહાર કરતો નથી. તેમ ઈશ્વર પાલન પણ કરતો નથી. '

એ પ્રમાણે ઈશ્વરના કર્તા, હર્તા અને પાલન કર્તા સંબંધી જવાબ આપ્યા પછી બ્રાહ્મણ પંડિતોએ સ્થાપન કરેલ બ્રાહ્મણોના ગુરૂત્વ સંબંધી જવાબ વાળ્યો. તેમણે કહ્યું-' બેશક, બ્રાહ્મણો ગુરૂ થઇ શકે છે. કહેવામાં પણ આવ્યું છે કે-**वर्णानां ब्राह्मणो गुरुः** સમસ્ત વર્ણોના બ્રાહ્મણ ગુરૂ છે. પરન્તુ તે બ્રાહ્મણ કયા ? જેઓ શાન્ત છે, દાન્ત છે, જિતેન્દ્રિય છે, શાસ્ત્રોના પારગામી છે, બ્રહ્મચર્યનું પાલન કરે છે, અહિંસાના ઉપાસક છે, કોઇ દિવસ જૂઠું બોલતા નથી. વગર પૂછે કોઇની વસ્તુ લેતા નથી, અને સંતોષવૃત્તિને ધારણ કરે છે, તેજ બ્રાહ્મણો ગુરૂ હોવાનો અથવા કહેવરાવવાનો દાવો કરી શકે. ગુણ વિનાનો ગુરૂ, ગુરૂ કહેવાયજ નહિં. '

' આવીજ રીતે શૈવધર્મને ધર્મ તરીકે માનવામાં પણ કોઇને ઇન્કાર નથી. પરંતુ ધર્મ તે છે, કે જેમાં કલ્યાણનો માર્ગ રહેલો હોય અને જેમાં અહિંસાનું સર્વથા પ્રતિપાદન કરવામાં આવ્યું હોય. ધર્મની પરીક્ષા ચાર પ્રકારે થાય છે-શ્રુત (શાસ્ત્ર), શીલ (આચાર), તપ અને દયા. આ ચારે બાબતોની જેમાં ઉત્કૃષ્ટતા હોય, તેજ ધર્મ માન્ય છે. પછી તે ગમે તે ધર્મ કેમ ન હોય ? અમુકજ ધર્મ માનવો, અમુક નહિ, અમુકનેજ ગુરૂ માનવા અમુકને નહિં, અને અમે માનેલ સ્વરૂપવાળો જ ઈશ્વર છે, બીજો નહિં, આ વૃત્તિને સંકુચિત વૃત્તિજ કહી શકાય. '

કલ્યાણવિજય વાચકની આ વિગેરે કેટલીક યુક્તિયો સાં-

વળી [illegible] અને [illegible] આ વાદીક [illegible] કલ્યાણવિજયજીને [illegible] ઉપાધ્યાય [illegible]. પરન્તુ તેમણે [illegible] બનેથી [illegible] નહિ હોવા [illegible] [illegible] વિશેષ [illegible] અને [illegible].

કલ્યાણવિજય વાચકે વિ. સં. ૧૬૫૨ ની સાલનું ચાતુર્માસ ખંભાતમાં કર્યું હતું. આ વખતે ધર્મસાગરજીના અનુયાયી અને હીરવિજયસૂરિના અનુયાયિઓના વચ્ચે વિખવાદ ચાલતો હતો. આ પ્રસંગમાં વાચકજીને વચ્ચે પડવું પડ્યું હતું. તે વખતે તેમણે બહુ સમયસૂચકતા વાપરી હતી અને આચાર્ય વિજયસેનસૂરિને તે બધી હકીકત જણાવી ગુન્હેગારોને દંડના ભાગી બનાવ્યા હતા.+

ઉપર બતાવેલ મુખ્ય મુખ્ય સાધુઓ ઉપરાન્ત **સિદ્ધિચંદ્રજી, નંદિવિજયજી, સોમવિજયજી,** ધર્મસાગર ઉપાધ્યાય, **પ્રીતિવિજયજી, તેજવિજયજી, આણંદવિજયજી, વિનીતવિજયજી, ધર્મવિજયજી** અને હેમવિજયજી વિગેરે પણ ધુરંધર સાધુઓ હતા, કે જેઓ સ્વ-પરનું સાધન કરવામાં તત્પર રહેતા હતા. અને તેઓનું આદર્શજીવન જનતાપર અપૂર્વ પ્રભાવ પાડતું હતું. ઋષભદાસ કવિ હીરવિજયસૂરિરાસમાં હીરવિજયસૂરિના પ્રધાન પ્રધાન સાધુઓનાં નામો ગણાવી ટુંકમાં કહે છે—

" હીરના ગુણનો નહિ પારો, સાધ સાધની અઢી હજારો,
વિમલહર્ષ સરીપા ઉવઝાય, **સોમવિજય** સરિપા ઋષિરાય ૧
શાંતિચંદ પરમુપ વળી સાતો, વાચકપદે એહ વિખ્યાતો,
સિંહવિમલ સરિપા પન્યાસો, **દેવવિમલ** પંડિત તે પાસો. ૨

+ આ સંબંધી વિશેષ હકીકત જોવી હોય, તેમણે ઐતિહાસિક રાસસંગ્રહ ભા. ૪ થો (વિજયતિલકસૂરિરાસ) જોવો.

ધર્મશીઋષિ સબળી લાજે, **હેમવિજય** મોટો કવિરાજે;
જસસાગર વલી પરમુખ પાસ, એકસોને સાઠહ પંન્યાસ." ૩
(પૃ ૨૭૪)

હીરવિજયસૂરિની આજ્ઞાને સર્વતોભાવથી માન આપનારો સાધુવર્ગજ હતો, એમ નહિ, કિન્તુ તે વખતે સેંકડો નહિં, પરંતુ હજારોની સંખ્યામાં અમુક ગામોમાંજ નહિં, પરન્તુ મેવાત, મારવાડ, મેવાડ, ગુજરાત, કાઠિયાવાડ અને પંજાબ વિગેરે દેશોના પ્રાયઃ તમામ ગામોમાં શ્રાવકો પણ હતા, કે જેઓની હીરવિજયસૂરિ ઉપર અનન્ય શ્રદ્ધા હતી. કોઇ પણ કાર્ય કરવામાં હજારો રૂપિયાનો વ્યય કેમ ન થતો હોય, પરંતુ તેમાં માત્ર હીરવિજયસૂરિની સૂચનાનીજ અપેક્ષા રહેતી હતી.

સૂરિજીની સૂચના થયા પછી શંકાને અવકાશ રહેતો જ નહિ. તેમના ભક્ત શ્રાવકોને જેમ એ વાતની સંપૂર્ણ ખાતરી હતી કે-'હીરવિજયસૂરિ નિરૂપયોગી કાર્યમાં દ્રવ્ય ખરચવાને અમને ઉપદેશ આપેજ નહિ,' તેવીજ રીતે સૂરિજી પણ એ વાતને સંપૂર્ણ સમજતા હતા કે-ગૃહસ્થો લોહીનું પાણી કરીને અનેક પ્રકારનાં પાપોને સેવીને જે પૈસો પેદા કરે છે, તે પૈસો નિરર્થક અને પોતાના સ્વાર્થની ખાતર ખરચાવવો એ અનીતિનું પોષણ કરવા બરાબરજ નહિં, પરન્તુ વિશ્વાસનો ભંગ કરવા બરાબર છે. આ કારણથીજ હીરવિજયસૂરિની જ્યાં ત્યાં મહિમા થતી હતી. હીરવિજયસૂરિના ભક્ત શ્રાવકોમાં મુખ્ય આ હતા.

ગંધારમાં **ઇંદ્રજી** પોરવાલ સૂરિજીનો પરમભક્ત હતો. અગિયાર વર્ષની ઉમરમા તેની દીક્ષા લેવાની ભાવના થઇ હતી. પરન્તુ તેના ભાઇ **નાથાએ** તેના ઉપરના મોહના કારણથી તેને દીક્ષા લેતાં અટકાવ્યો હતો. જો કે તેના ભાઇની ઇચ્છા તો તેનું લગ્ન કરવાની હતી, પરંતુ ઇંદ્રજીએ ચોખ્ખી ના પાડી હતી, અને યાવજ્જીવ બાલબ્રહ્મચારીપણે રહ્યો હતો.

ઇંદ્રજી એક ધનાઢ્ય ગૃહસ્થ હતો. તેણે પોતાના જીવનમાં

સ્થાન નો પ્રતિષ્ઠાઓ કરાવી હતી આ વિજય[illegible] ગુરુનો
રામજી શ્રીમાલી પણ મૂર્તિ [illegible] હતો તેનું ચિ[illegible] ઉપર
સૂરિજીના ઉપદેશથી [illegible] વિશાળ [illegible] મંદિર બ[illegible]
[illegible] [illegible] [illegible] [illegible] નેમચંદ.
[illegible] શ્રીમલ [illegible] [illegible] [illegible] [illegible] [illegible].
[illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible],
શ્રીમલ. [illegible] અને [illegible] [illegible] [illegible] [illegible]

૧ આ મંદિર [illegible] સિદ્ધાચલ [illegible] [illegible] બનાવેલા મંદિરની બાજુના [illegible] [illegible] [illegible] [illegible] [illegible] બારણા લેખ ઉપરથી જણાય છે કે–વિ સં ૧૬૨૦ ના કાર્તિક વ૦ ૨ ના દિવસે આ મંદિરની પ્રતિષ્ઠા કરી હતી. અને તે હીરવિજયસૂરિના ઉપદેશથી ગંધારનિવાસી શ્રીમાલી[illegible] પારેખના પુત્ર વર્ધમાન, તેના પુત્રો સા રામજી, લહુજી, હંસરાજ અને મનજીએ ચારદ્વારવાળું શાન્તિનાથનું આ મંદિર બનાવ્યું હતું

૨ સંઘવી ઉદયકરણ. હીરવિજયસૂરિનો પરમ શ્રદ્ધાળુ શ્રાવક હતો તેણે હીરવિજયસૂરિના સ્વર્ગવાસ પછી તુર્તજ સિદ્ધાચલજી ઉપર તેમના (સૂરિજીના) પગલાની સ્થાપના કરી હતી આ પગલા અત્યારે પણ ઋષભદેવભગવાનના મંદિરની પછિતે ન્હાના મંદિરમા વિદ્યમાન છે તેની ઉપરના લેખથી માલૂમ પડે છે કે–સૂરિજીનો સ્વર્ગવાસ થયો, તેજ સાલના એટલે ૧૬૫૨ ના માગશર વ૦ ૨ ને સોમવારના દિવસે ઉદયકરણે, વિજયસેનસૂરિના હાથે મહોપાધ્યાય કલ્યાણવિજય અને પંડિત ધનવિજયજીની વિદ્યમાનતામા પ્રતિષ્ઠા કરાવી હતી લેખના બાકીના ભાગમા હીરવિજયસૂરિએ અકબર બાદશાહને પ્રતિબોધી કરાવેલાં કાર્યોનું ટૂંકમા વર્ણન આપેલુ છે

સંઘવી ઉદયકરણ ખંભાતનો પ્રસિદ્ધ શ્રાવક હતો. ઋષભદાસ કવિએ ' હીરવિજયસૂરિરાસ ' મા ઠેકાણે ઠેકાણે તેનુ નામ લીધુ છે

૩ ઋષભદાસ કવિએ વિ સ. ૧૬૮૫ ના પોષ સુ૦ ૧૩ ને રવિવારના દિવસે ખંભાતમાજ મલ્લીનાથરાસ બનાવ્યો છે. તેની અંતમાં ખંભાતના ધોરી શ્રાવકોનો પરિચય તેમણે આ પ્રમાણે આપ્યો છેઃ—

આજ ખંભાતના રહેવાસી પારેખ રાજીઆ અને વજીઆ સૂરિજીના પરમભક્ત હતા. આ રાજીઆ અને વજીઆએ પોતાના જીવનમાં સૂરિજીના ઉપદેશથી ઘણાંજ [illegible] કાર્યો કર્યાં હતાં. તેઓ જો કે ખંભાતના રહેવાસી હતા. પરન્તુ ઘણે ભાગે ગોવામાંજ રહેતા હતા. ગોવામાં તેમનો વ્યાપાર જોર-શોરથી ચાલતો હતો. એટલુંજ નહિં પરન્તુ રાજદરબારમાં પણ તેમની પ્રતિષ્ઠા ભારી હતી. આ રાજીઆ અને વજીઆએ પાંચ તો મોટાં મોટાં મંદિરો બનાવ્યાં હતાં તે પૈકી ખંભાતમાં એક, જેમાં 'ચિંતામણિપાર્શ્વ-

નાથ સ્થાપ્યા હતા. ગંધારમાં એક જેના નવપલ્લવપાર્શ્વનાથની સ્થાપના કરી હતી. નેજામાં એક જેના ઋષભદેવની સ્થાપના કરી હતી અને વડોદરામાં બે મંદિરો બનાવી કલ્યાણપાર્શ્વનાથ અને નેમનાથની સ્થાપના કરી હતી. એમણે સંઘ લઈને આબૂ, રાણપુર અને ગોડીપાર્શ્વનાથની યાત્રાને માટે સંઘો કાઢ્યા હતા. આ બન્ને ગૃહસ્થોનું એટલું બધું માન હતું કે-બાદશાહ અકબરે પણ તેમનું નામ સર્વત્ર જાહેર કર્યું હતું. જીવદયાના કાર્યમાં પણ એ બન્ને ભાઈઓ આગળ પડતો ભાગ લેતા હતા. પર્યુષણામાં કોઈ માણસ જીવ ન મારે, એવો હુકમ મેળવ્યો હતો. સં. ૧૬૬૧ ની સાલમાં ભયંકર દુષ્કાળ પડ્યો, ત્યારે તેમણે ચાર હજાર મણ અનાજ વાપરીને ઘણા કુટુંબોની રક્ષા કરી હતી. એટલુંજ નહિ પરન્તુ પોતાની તરફના કેટલાક માણસોને ગામેગામ ફેરવીને ઘણા ગરીબોને રોકડી રકમો આપીને પણ સહાયતા કરી હતી એકંદર તેઓએ તેત્રીસ લાખ રૂપિયા પુણ્ય કાર્યમાં ખર્ચ્યા હતા.

આ લેખ ઉપરથી જણાય છે કે-વિ સં ૧૬૮૮ ની સાલમા રાજીઆ-વજીઆએ આ મંદિર કરાવ્યુ અને ચિંતામણિ પાર્શ્વનાથ તથા મહાવીરસ્વામિની પ્રતિષ્ઠા કરાવી. પ્રતિષ્ઠા કરી શ્રીવિજયસેનસૂરિએ આ લેખમા જો કે-સવત્ ઉપરાન્ત પ્રતિષ્ઠા કર્યાની તિથિ કે વાર નથી લખવામા આવેલ, પરન્તુ આ લેખ જે મૂર્તિને સ્થાપન કર્યાની હકીકત પૂરી પાડે છે, તેજ મૂર્તિ (ચિંતામણિપાર્શ્વનાથની મૂર્તિ) ઉપરના લેખમાં પ્રતિષ્ઠાની તિથિ સ. ૧૬૮૪ ના જ્યેષ્ઠ સુ ૧૨ સોમવારની આપવામાં આવેલી છે આવીજ રીતે ' **વિજયપ્રશસ્તિકાવ્ય** ' અને **હીરવિજયસૂરિરાસ** ' મા પણ આજ તિથિ આપવામા આવી છે. ઉપર આપેલા લેખ ઉપરથી એ પણ જણાય છે કે-**રાજીઆ** અને **વજીઆ** મૂળ **ગંધાર**ના રહેવાસી હતા, પરન્તુ મંદિર થયુ, તે સમયમા તેઓ **ખંભાતમાં** રહેતા હતા.

૧ **નેજા**, ખંભાતથી લગભગ ૨ા માઇલ ઉત્તરમાં આવેલુ ન્હાનું ગામડું છે વર્તમાનમા અહિ નથી શ્રાવકનું ઘર કે નથી મંદિર. ગામ પણ લગભગ વસ્તી વિનાનુ છે. માત્ર એક સરકારી બગીચો છે.

૨ આ ગામ **દીવ** બંદરથી લગભગ બે માઇલ ઉપર આવેલું છે.

કહેવાય છે કે–એક વખત **ચીઉલ**ના એક **ખોજગી**ને અને બીજા કેટલાક માણસોને **ગોવા**ના ફિરંગી લોકો (પોર્ટુગીઝો) એ કેદ કર્યા હતા. તેઓને તે ફિરંગીયોનો અધિપતિ કેમે કરીને છોડતો ન્હોતો. છેવટે તે **ખોજગી**નો એક લાખ લ્યાહરી દંડ કર્યો. પણ આ દંડ લાવવો કયાંથી ? અંતમાં તે ખોજગીએ **રાજીયા-વજીયા**નું નામ લીધું. તેઓને બોલાવવામાં આવ્યા. **રાજીયો** ફિરંગિયોના અધિપતિ **વીજરેલ** પાસે ગયો. તેણે લાખ લ્યાહરી ભરીને **ખોજગી**ને છોડાવી દીધો અને કેટલાક દિવસ પોતાને ત્યાં રાખી પછી **ચીઉલ** પહોંચતો કર્યો. પાછળથી **ખોજગીએ** પણ એક લાખ લ્યાહરી **રાજિયા**ને ભરી દીધી.

એક વખત આ **ખોજગીએ** બાવીસ ચોરોને કેદ કર્યા હતા. તેઓને એક દિવસ તરવાર લઇને જ્યારે મારવા ઉભો થયો, ત્યારે તે ચોરોએ કહ્યું–' આપ મ્હોટા પુરૂષ છો, અમારા ઉપર દયા કરો, વળી આજે **રાજિયાશેઠ**નો મ્હોટો તહેવાર (ભાદરવા સુદ ૨) નો દિવસ છે. '

' રાજિયાના તહેવારનો દિવસ છે ' એ સાંભળતાંજ ચોરોને મારવા તો દૂર રહ્યા, પરન્તુ તેણે સર્વથા કેદથી મુકત કર્યા અને તેણે કહ્યું કે–' તેઓ મારા મિત્ર છે, એટલુંજ નહિ પરન્તુ મને જીવન દેવાવાળા છે. તેમના નામથી હું જેટલું કરૂં, તેટલું થોડુંજ છે. '

આ રાજીયા અને વજિયાની તારીફ કરતાં **પં. શીલવિજયજી** પોતાની તીર્થયાત્રામાં લખે છે:—

" પારિખ વજીઆ નિ રાજિઆ,
શ્રીશ્રીવંશિ બહુ ગાજીયા,
પાંચ પ્રાસાદ કરાવ્યા ચંગ,
[illegible] ૧૩૦

[illegible]
[illegible],
[illegible]
[illegible] ૧૦૧

હીરવિજયસૂરિના શ્રાવકો આવા જોર અને ધર્મપ્રેમી હતા આવી રીતે રાજનગરમાં વચ્છરાજ, નાનાજીઉ, દેવજી કુંઅરજી શાહ મૂલા, પૂંજો બંગાણી અને દોશી પનજી વિગેરે હતા પાટણમાં સોની તેજપાલ, દોશી આણજી, ભા. કક્કુ વિગેરે હતા વીસલનગરમાં (વીસનગર) શાહ વાઘા, સોની ગલા, મેઘા, વીરપાલ વીજા અને જિણદાસ વિગેરે હતા સીરોહીમાં આસપાલ, અચવીર, તેજા, હરખા, મહેતો પૂંજો અને તેજપાલ વિગેરે હતા. વૈરાટમાં સંઘવી ભારમલ અને ઇન્દ્રરાજ[1] વિગેરે હતા. પીપાડમાં હેમરાજ, તાલો પુષ્કરણો વિગેરે હતા. અલવરમાં શાહ ભૈરવ[2]

---

૧ હીરવિજયસૂરિ, અકબર બાદશાહ પાસેથી વિદાય થઇને જ્યારે ગુજરાતમાં આવતા હતા, ત્યારે પીપાડનગરમાં સૂરિજીને વંદન કરવા વૈરાટના સંઘવી ભારમલનો પુત્ર ઇન્દ્રરાજ આવ્યો હતો અને તેણે સૂરિજીને પોતાના નગરમાં પધારવા માટે ખૂબ વિનતિ કરી હતી. પરન્તુ સૂરિજીને બહુ જલદી સીરોહી જવાનું હોવાથી પોતે ન પધારતા કલ્યાણવિજય ઉપાધ્યાયને મોકલ્યા હતા. કલ્યાણવિજય ઉપાધ્યાય પાસે, ઇન્દ્રરાજે ચાલીસ હજાર રૂપિયાનો વ્યય કરી મ્હોટી ધૂમધામથી પ્રતિષ્ઠા કરાવી હતી. (જૂઓ, **હીરવિજયસૂરિરાસ**, પૃ. ૧૫૨)

૨ **ભૈરવ**, એ **હૂમાયુ**નો માનીતો મંત્રી હતો. કહેવાય છે કે તેણે પોતાના પુરૂષાર્થથી નવલાખ બંદિવાનોને છોડાવ્યા હતા. બંદિવાનોથી અહિં કેદી સમજવાના નથી. બાદશાહી જમાનામાં લડાઇઓની અંદર શત્રુપક્ષના જે માણસોને પકડવામાં આવતા હતા, તેઓને બંદિવાન કહેવામાં આવતા. આ બંદિવાનોને મુસલમાન બાદશાહો ગુલામ તરીકે ગણીને ખુરાસાન કે એવા બીજા દેશોમાં વેચી દેતા હતા. આવા નવલાખ બંદિવાનોને **ભૈરવે** એકી સાથે છોડાવીને અભયદાન આપ્યા સંબંધી

કહેવાય છે કે-એક વખત **ચીઉલ**ના એક **ખોજગી**ને અને બીજા કેટલાક માણસોને **ગોવા**ના ફિરંગી લોકો (પોર્ટુગીઝો) એ કેદ કર્યા હતા. તેઓને તે ફિરંગીયોનો અધિપતિ કેમે કરીને છોડતો ન્હોતો. છેવટે તે **ખોજગી**નો એક લાખ **લ્યાહરી** દંડ કર્યો. પણ આ દંડ લાવવો ક્યાંથી ? અંતમાં તે ખોજગીએ **રાજીયા-વજીયા**નું નામ લીધું. તેઓને બોલાવવામાં આવ્યા. **રાજીયો** ફિરંગિયોના અધિપતિ **વીજરેલ** પાસે ગયો. તેણે લાખ લ્યાહરી ભરીને **ખોજગી**ને છોડાવી દીધો અને કેટલાક દિવસ પોતાને ત્યાં રાખી પછી **ચીઉલ** પહોંચતો કર્યો. પાછળથી **ખોજગી**એ પણ એક લાખ લ્યાહરી **રાજિયા**ને ભરી દીધી.

એક વખત આ **ખોજગી**એ બાવીસ ચોરોને કેદ કર્યા હતા. તેઓને એક દિવસ તરવાર લઇને જ્યારે મારવા ઉભો થયો, ત્યારે તે ચોરોએ કહ્યું-' આપ મ્હોટા પુરૂષ છો, અમારા ઉપર દયા કરો, વળી આજે **રાજિયાશેઠ**નો મ્હોટો તહેવાર (ભાદરવા સુદ ૨) નો દિવસ છે.'

' રાજિયાના તહેવારનો દિવસ છે ' એ સાંભળતાંજ ચોરોને મારવા તો દૂર રહ્યા, પરન્તુ તેણે સર્વથા કેદથી મુક્ત કર્યા અને તેણે કહ્યું કે-' તેઓ મારા મિત્ર છે, એટલુંજ નહિ પરન્તુ મને જીવન દેવાવાળા છે. તેમના નામથી હું જેટલું કરૂં, તેટલું થોડુંજ છે.'

આ રાજીયા અને વજિયાની તારીફ કરતાં **પં. શીલવિજયજી** પોતાની તીર્થયાત્રામાં લખે છે—

" પારિખ વજીઆ નિ રાજિઆ,
શ્રીશ્રીવંત બહુ ગાજીયા,
પાંચ પ્રાસાદ કરાવ્યા ચંગ,
સંઘપ્રતિષ્ઠા મનનિ રંગ. ૧૩૦

જેહની ગાજી ગોત્રાણ દિશિ
ગાવત જસ ગાજિ ગુણિ,
કોઇ ન લોપિ જેહની આણ
નાણિ ગીત રૂપ ગીનાણ ૧૩૧

હીરવિજયસૂરિના શ્રાવકો આવા જ ઉદાર અને શાસનપ્રેમી હતા. આવી રીતે રાજનગરમાં વચ્છરાજ, નાનાવીપુ, ઝવેરી કુંઅરજી શાહ મૂલા, પૂંજો બંગાણી અને દોસી પનજી વિગેરે હતા. પાટણમાં સોની તેજપાલ, દોસી રાણજી, શા કુંકુ વિગેરે હતા. વીસલનગરમાં (વીસનગર) શાહ વાઘા, દોશી ગલા, મેઘા, વીરપાલ વીજા અને જિણદાસ વિગેરે હતા. સીરોહીમાં આસપાલ, સચવીર, તેજા, હરખા, મ્હેતો પૂંજો અને તેજપાલ વિગેરે હતા. વૈરાટમાં સંઘવી ભારમલ અને ઇન્દ્રરાજ[1] વિગેરે હતા. પીપાડમાં હેમરાજ, તાલો પુષ્કરણો વિગેરે હતા. અલવરમાં શાહ ભૈરવ[2]

---

૧ હીરવિજયસૂરિ, અકબર બાદશાહ પાસેથી વિદાય થઇને જ્યારે ગુજરાતમાં આવતા હતા, ત્યારે પીપાડનગરમાં સૂરિજીને વંદન કરવા વૈરાટના સંઘવી ભારમલનો પુત્ર ઇંદ્રરાજ આવ્યો હતો અને તેણે સૂરિજીને પોતાના નગરમાં પધારવા માટે ખૂબ વિનતિ કરી હતી. પરન્તુ સૂરિજીને બહુ જલદી સીરોહી જવાનું હોવાથી પોતે ન પધારતાં કલ્યાણવિજય ઉપાધ્યાયને મોકલ્યા હતા. કલ્યાણવિજય ઉપાધ્યાય પાસે, ઇંદ્રરાજે ચાલીસ હજાર રૂપિયાનો વ્યય કરી મ્હોટી ધૂમધામથી પ્રતિષ્ઠા કરાવી હતી. (જૂઓ, હીરવિજયસૂરિરાસ, પૃ. ૧૫૨)

૨ ભૈરવ, એ હૂમાયુનો માનીતો મંત્રી હતો. કહેવાય છે કે તેણે પોતાના પુરૂષાર્થથી નવલાખ બંદિવાનોને છોડાવ્યા હતા. બંદિવાનોથી અહિં કેદી સમજવાના નથી. બાદશાહી જમાનામાં લડાઇઓની અંદર શત્રુપક્ષના જે માણસોને પકડવામાં આવતા હતા, તેઓને બંદિવાન કહેવામાં આવતા. આ બંદિવાનોને મુસલમાન બાદશાહો ગુલામ તરીકે ગણીને ખુરાસાન કે એવા બીજા દેશોમાં વેચી દેતા હતા. આવા નવલાખ બંદિવાનોને ભૈરવે એકી સાથે છોડાવીને અભયદાન આપ્યા સંબંધી

હતો. જેસલમેરમાં માંડણ કોઠારી, નાગોરમાં જયમલ મ્હેતો અને જાલોરમાં મેહાજલ રહેતો હતો, કે જે વીસો પોરવાળ હતો. તેણે **સીરોહીમાં** લાખ રૂપિયા ખરચીને **ચોમુખજી**નું મંદિર કરાવ્યું

જાણવા જેવી કથા **ઋષભદાસ** કવિએ '**હીરવિજયસૂરિરાસ**' માં લખી છે. કથાનો ટૂંકો સાર આ છે—

"બાદશાહ **હુમાયુ**ને જ્યારે **સોરઠ** ઉપર ચઢાઇ કરી, ત્યારે તેણે **નવલાખ** મનુષ્યોને બંદિવાન તરીકે પકડ્યા હતા. તેણે આ મનુષ્યો **મુકીમ**ને સુપ્રત કર્યાં, અને **ખુરાસાન** દેશમાં વેચી આવવાની આજ્ઞા કરી. આ બધા મનુષ્યોને પહેલા તો **અલવર**મા લાવવામા આવ્યા. ગામના મહાજને આ મનુષ્યોને છોડી દેવા માટે ઘણી પ્રાર્થના કરી, પરન્તુ છોડી મૂકયા નહિં. હમેશા દસ–વીસ મનુષ્યો તો રક્ષકોની બેદરકારીથી તેમાંથી મરતાંજ હતા. **ભૈરવ**ને આ હકીકત બહુ ત્રાસદાયક જણાઈ. તે હુમાયુનનો માનીતો પ્રધાન હતો આવી અવસ્થામા પણ જો તે પોતાથી બનતુ ન કરે, તો પછી તેની દયાલુતા શી ? પ્રાતઃકાલમા બાદશાહ જ્યારે દાતણ કરવાને બેઠો, ત્યારે બાદશાહે **ભૈરવ**ના હાથમા પોતાની વીંટી આપી **ભૈરવે** તે વીંટીની છાપ એક કોરા કાગળ ઉપર પાડી લીધી **ભૈરવ** ત્યાંથી રવાના થયો. તેણે પોતાના ધ્રૂજતા હાથે કાગળ ઉપર ફરમાન લખ્યું. આ ફરમાન લઇને તે રથમાં બેસીને પેલા **મુકીમ** પાસે ગયો. **મુકીમ**ની પાસે પહેલા તે ફરમાન લઇને પોતાના માણસને મોકલ્યો, અને પોતે રથમાજ બેસી રહ્યો. ફરમાનમા તે મુકીમ શું વાંચે છે—'**કંઇ પણ વિલંબ કર્યા સિવાય નવલાખ બંદિવાનો ભૈરવને સોંપી દેશો.**' આ પ્રમાણે બાદશાહની મહોર સાથેની આજ્ઞા જોતાંજ, તેણે ઝટ **ભૈરવ**ને પોતાની પાસે બોલાવ્યો અને બહુ આદર–સત્કાર પૂર્વક **ભૈરવ**ને નવલાખે બંદિવાનો સોંપી દીધા, **ભૈરવે** રાતે ને રાતે બધાઓને મુક્ત કરાવી દીધા સ્ત્રી, પુરુષો અને બાળકો અંતઃકરણથી **ભૈરવ**ને આશીર્વાદ દેવા લાગ્યા તે બધાઓને રવાના કરતી વખતે **ભૈરવે** પોતાને ત્યાથી પાચસો ઘોડા મંગાવીને આગેવાનોને આપ્યા, અને દરેકને એક એક સોનામહોર આપી.

પ્રાત કાલમા દેવપૂજન, ગુરુવંદન વિગેરે આવશ્યક ક્રિયાઓ કરીને **ભૈરવ** એક વિચિત્ર વાઘો પહેરી બાદશાહ પાસે ગયો. બાદશાહ તો એકા-

હતું. મેડતામાં સદારંગ હતો. આગરામાં થાનસિંહ, માનુકલ્યાણ અને દુર્જનશાલ હતા, પીરોજનગરમાં આકુ સંઘવી હતો. આ

એક તેને ગોળામાં પણ ન નાખ્યા. તેણે પૂછ્યું—'તમે કોણ છો?' ભૈરવે કહ્યું—'હું આપનો દાસ ભૈરવ છું. આજે આપનો મ્હોટો ગુન્હેગાર બન્યો છું. કારણ કે મેં તમારા બંદીવાન પક્ષિઓને છોડાવી દીધા છે, અને ઘણા દ્રવ્યનો વ્યય કર્યો છે.' આ સાંભળી એકદમ ભડકી ગયો. 'આ માટે તમે કર્યું?' 'કોની આજ્ઞાથી કર્યું?' વિગેરે વિગેરે કેટલુંએ કહી નાખ્યું. ભૈરવે પાછળથી કહ્યું—'હુઝૂર! આપને માથે ભાર રહેલો છે. તેટલા માટે તે બધા પ્રાણીઓને ઘાસ અને પાણી આપીને એ રવાના કરી દીધા છે. તેઓ પોતાનાં બાલ-બચ્ચાં અને કુટુંબી પુરુષોથી વિયોગી થયા હતા. તે તેમનો વિયોગ મટાડીને ખરી રીતે મેં આપનું આયુષ્ય વધાર્યું છે.' ભૈરવની યુક્તિથી બાદશાહ શાન્ત થયો. અને ભૈરવના ઉપર પ્રસન્ન થયો."

૧ આ **થાનસિંધે** ફતેપુરમાં મ્હોટા ઉત્સવપૂર્વક જિનબિંબની પ્રતિષ્ઠા હીરવિજયસૂરિના હાથે કરાવી હતી. અને તેજ વખતે **શ્રીશાન્તિચંદ્રજીને ઉપાધ્યાય પદ** આપવામાં આવ્યું હતું. આવીજ રીતે તેણે **આગરામાં** પણ **ચિંતામણિ પાર્શ્વનાથનું** મંદિર બનાવી પ્રતિષ્ઠા કરાવી હતી. આ મંદિર અત્યારે પણ આગરાના **રોશનમહોલ્લામાં** વિદ્યમાન છે. તેમાં મૂલનાયકજીની મૂર્ત્તિ તો તે વખતે સ્થાપન થઇ હતી, તેજ છે, પરન્તુ મંદિર તેનું તેજ હોય એમ લાગતું નથી.

૨ વિ૦ સં૦ ૧૬૫૧ ના વૈશાખ મહીનામાં **કૃષ્ણદાસ** નામના કવિએ **લાહોરમાં દુર્જનશાલની** એક બાવની બનાવી છે તે ઉપરથી જણાય છે કે-દુર્જનશાલ ઓશવાલ વંશીય **જડિયા** ગોત્રનો હતો અને તે **જગુશાહના** વંશમાં થયો હતો. જગુશાહને ત્રણ પુત્રો હતા—૧ **વિમલદાસ**, ૨ હીરાનંદ અને ૩ સંઘવી **નાનુ** દુર્જનશાલ, **નાનુનો** પુત્ર થાય છે. આ દુર્જનશાલના ગુરૂ હીરવિજયસૂરિ હતા, એ વાત બાવનીની ૫૩ મી કડી ઉપરથી સ્પષ્ટ જણાય છે—

हरपु धरिउ मनमज्झि जात सोरीपुर किद्धि,
संघ चतुरविधि मेलि लच्छि सुभमारगि दिद्धी;

સંઘવી બહુ પુણ્યશાળી હતો. છન્નુ વર્ષની ઉમર થવા છતાં તેની પાંચે ઇંદ્રિયો મજબૂત હતી. તેની હયાતીમાં તેના ઘરમાં એકાણું પુરૂષો પાઘડીબંધ હતા. તેણે કેટલીક પૌષધશાળાઓ અને જિનપ્રાસાદો કરાવ્યા હતા. આ ગૃહસ્થ ધનાઢ્ય હોવા ઉપરાન્ત કવિ પણ હતો. તેણે ઘણી કવિતાઓ બનાવી હતી. સિરોહીમાં આસપાલ અને નેતા હતા. આ બન્ને ગૃહસ્થોએ અનુક્રમે ચોમુખજીના મંદિરમાં આદિનાથ અને અનંતનાથની પ્રતિષ્ઠા બહુ ધામધૂમ પૂર્વક કરાવી હતી. બ્હીનપુરમાં સંઘવી ઉદયકરણ, ભોજરાજ, ઠક્કર સંઘજી, હાંસજી, ઠક્કર સંભૂજી, લાલજી, વીરદાસ, ઋષભદાસ અને જીવરાજ વિગેરે હતા. માળવામાં ડામરશાહ અને સૂરતમાં ગોપી, સૂરજી, વ્હોરો સૂરો અને શાહ નાનજી વિગેરે હતા. વડોદરામાં સોની પાસવીર અને પંચાયણ, નવાનગ-

---

जिनप्रसाद उद्धरइ सुजससंसारि हि संजइ,
सुपातिष्टा संघपूज दानि छिय दंसन रंजइ;
संघाधिपत्ति नानू सुतन दुरजनसाउ धरम्मधुर,
कहि किश्नदास मंगलकरन हीरविजयसूरिंद गुर. ५२

આ કવિતા ઉપરથી એ પણ જણાય છે કે-તેણે સૌરીપુરની યાત્રા કરી ચતુર્વિધસંઘની ભક્તિ કરવામાં પોતાની લક્ષ્મીનો સદુપયોગ કર્યો હતો. તેમ તેણે જિનપ્રસાદનો ઉદ્ધાર અને પ્રતિષ્ઠા પણ કરાવી હતી.

આગળ ચાલતાં કવિ, દુર્જનશાલની પ્રશંસા કરતા કહે છે—

लछिन अंगि वतीस चारिदस विद्या जाणइ,
पातिसाहि दे मानु पान सुलितान वषाणइ;
लाहनूरगढ मझ्झि प्रवरप्रासाद करायउ,
विजयसेनसूरि वंदि भयो आनंद सवायउ;
जां लगइ सूर ससि मेर महि सुरसरिजलु आयासि धुअ,
कहि किश्नदास तां लग तपइ दुरजनसाल प्रताप तुअ. ५४

આ ઉપરથી એક ખાસ મુદ્દાની વાત નિકળે છે, અને તે એ કે-દુર્જનશાલે લાહોરમા એક મંદિર કરાવ્યું હતું

રમા આણજી ભાણશાલી અને જીવરાજ વિગેરે હતા. જ્યારે દીવમાં પારેખ મેઘજી, અભેરાજ. પરિખ દામો, દોશી જીવરાજ શવજી અને બાઇ લાડકી વિગેરે હતાં.

આવી રીતે ઘણા ગામોમા સૂરિજીના અનેક ભકત શ્રાવકો રહેતા હતા. તે લોકોની સૂરિજી ઉપર એટલી બધી અટલ શ્રદ્ધા હતી કે-સૂરિજીના ઉપદેશથી કોઇ પણ કાર્ય કરવાને માટે તેઓ હરવખત તૈયાર રહેતા હતા. એટલુંજ નહિ પરંતુ સૂરિજીની પધરામણી વખતે અને એવા બીજા પ્રસંગોમાં હજારોનું દાન કરવામાં પણ લગારે સંકોચ કરતા નહિ.

હીરવિજયસૂરિ એક વખત ખંભાતમાં હતા, ત્યારે તેમનો પૂર્વાવસ્થાનો અધ્યાપક ખંભાતમાં આવી ચઢ્યો સૂરિજી અત્યારે સાધુ હતા, લાખો મનુષ્યોના ગુરૂ હતા, છતાં સૂરિજીએ પોતાના પૂર્વાવસ્થાના અધ્યાપકનું બહુમાન કર્યું. પછી કહ્યું—' મહાશયજી ! આપ સત્કાર કરવાને યોગ્ય છો; પરન્તુ આપ જાણોજ છો કે હું અત્યારે નિર્ગ્રંથ છું, અતએવ આપને શું આપી શકુ ? '

અધ્યાપકે કહ્યું—' મહારાજ ! આપ એ સંબંધી કંઈજ ચિંતા ન કરો. હું આપની પાસે આવ્યો છું, એનું કારણ જુદુંજ છે. મને એક દિવસ સર્પ કરડ્યો હતો. તેનું વિષ કેમે કરી ઉતરતું ન્હોતું. છેવટ એક ગ્રહસ્થે આપનું નામ સ્મરણ કરીને તે ચામડીને ખૂબ ચુસી કે જ્યાં ડંખ માર્યો હતો. આપના નામના પ્રભાવથી વિષ ઉતરી ગયું અને હું બચી ગયો. પછી મને વિચાર થયો કે-જે હીરવિજયસૂરિના નામ સ્મરણથી હું બચી ગયો છું, તે સૂરિનાં દર્શન કરીને મારે પવિત્ર થવું બસ, આજ વિચારથી હું આપની પાસે આવ્યો છું. '

આ વખતે સૂરિજીની પાસે સંઘવણ સાંગદે બેઠાં હતાં,

તેમણે સૂરિજીને પૂછ્યું કે-'શું આ બ્રહ્મદેવ આપના પૂર્વાવસ્થાના ગોર છે?' સૂરિજીએ કહ્યું-'નહિં, તે મારા પૂર્વાવસ્થાના ગોર નહિં, કિન્તુ ગુરૂ છે.' સંઘવણે ઝટ પોતાના હાથમાંથી કડું કાઢીને આપ્યું, અને બીજા પણ બારસો રૂપક એકઠા કરીને પેલા બ્રાહ્મણને દક્ષિણામાં આપ્યા. બ્રાહ્મણ ખુશી થતો અને સૂરિજીનું નામ જપતો વિદાય થયો.

આવી રીતે, એક વખત સૂરિજી આગરામાં હતા, ત્યારે પણ આવોજ કીર્ત્તિદાનનો પ્રસંગ બન્યો હતો. વાત એમ બની કે-સૂરિજીના પધારવાના નિમિત્તે લોકોએ ઘણા પ્રકારનાં દાન કર્યાં. આ વખતે અકૂ નામના એક યાચકની સ્ત્રી પાણી ભરવાને ગઇ હતી તેણીને ઘરે આવતાં કંઇક વિશેષ વાર લાગી. ઘરે આવી એટલે તેના પતિએ તેણીને ઘણો ઠપકો આપ્યો, અને કહ્યું કે-'આટલો બધો વખત કેમ લગાડયો, હું કયારનો ભૂખ્યો થયો છું.' સ્ત્રીએ કહ્યું-'પાણી ભરી લાવવું કંઇ સ્હેલું કામ નથી. એતો વારે થાય, અને જો એટલી બધી બહાદુરી રાખતા હો, તો જાઓને એકાદ હાથી તો લઇ આવો.'

તે યાચક ચાનકમાં ને ચાનકમાં ઘરેથી નિકળ્યો અને હીરવિજયસૂરિના ગુણો ગાવા લાગ્યો. પોતાના ગુરૂના ગુણ ગાતો જોઇ શ્રાવકો તેના ઉપર બહુ પ્રસન્ન થયા અને વસ્ત્રાદિનું ઘણું દાન કરવા લાગ્યા. પરન્તુ તે યાચકે કંઇજ ન લીધું, અને કહેવા લાગ્યો કે-'જો મને કોઇ હાથી આપે તો લઉં.'

આ વખત સદારંગ નામના ગૃહસ્થ ઘેરથી પોતાનો હાથી મંગાવીને લૂંછણું કરી તે યાચકને આપવા લાગ્યો. તેવામાં એક ભોજક ત્યાં બેઠો હતો, તે ઝટ બોલી ઉઠ્યો કે-'જે વસ્તુનું લૂંછણું થાય છે, તે વસ્તુ ઉપર ભોજકનોજ હક હોય છે, બીજાનો નહિ.' સદારંગે તુર્તજ તે હાથી ભોજકને આપી દીધો, અને અકુ યાચકને બીજો મંગાવી આપ્યો. થાનસિંહે આ હાથીને શણગારી આપ્યો.

અક્કુ યાચક હાથમા અંકુશ લઇ હાથી ઉપર સવાર થયો, અને ઉમરાવો તથા ખુદ બાદશાહ પાસે જઇને પણ હીરવિજયસૂરિની તારીફ કરવા લાગ્યો પછી તે પોતાને ઘેર જઇ સ્ત્રી આગળ પોતાની બહાદુરી બતાવવા લાગ્યો. સ્ત્રી, જો કે ઘણી ખુશી થઇ, પરંતુ તેણીએ કહ્યું–' હાથી તો તેજ રાખી શકે, કે જે મ્હોટા રાજા–મહારાજા હોય અથવા જેને ગામ–ગરાસ હોય, આપણે તો યાચક કહેવાઇયે, આપણે ત્યા તે હાથી શોભી શકે ? માટે તેને વેચીને પૈસા કરી લેવા સારા છે '

અક્કુ યાચકે પણ આ વાતને ઠીક માની અને તે હાથી એક મુગલને ત્યાં વેચી તેની સો સુવર્ણ મ્હોરો લઈ લીધી.

એક વખત સૂરિજી અમદાવાદ પધાર્યા, ત્યારે તેઓની પધારવાની ખુશાલીમાં સારા સારા ગાયકોએ સૂરિજીની સ્તુતિનાં સુમધુરગીતો રાગ–રાગણીથી ગાયાં હતાં. ગાયકોના મધુર સ્વરો અને સૂરિજીની સ્તુતિઓમાં રહેલા અલૌકિક ભાવોથી આખી સભા ચિત્રવત્ સ્થિર થઇ ગઇ. પરિણામે ગાયકોના ઉપર અત્યન્ત પ્રસન્ન થઇને ભદુઆ નામના શ્રાવકે તેજ વખત પોતાની કમરમાંથી ચાર હજાર રૂપિયાની કિંમતનો સોનાનો કંદોરો કાઢીને તે ગાયકોને દાનમાં આપ્યો. તે પછી તો એક પછી એક બીજા અનેક શ્રાવકોએ-કોઇએ પાઘડી તો કોઇએ અંગરખું, કોઈએ વીંટી તો કોઇએ કંઠી એમ જેને જે ઠીક લાગ્યું, તે દાનમાં આપ્યું. તે સિવાય ખાસ એક ટીપ પણ થઇ, જેમાં લગભગ બારસો રૂપિયા એકઠા થયા, તે પણ તે ગાયકોને દાનમાં આપ્યા.

આવીજ રીતે પતા નામના એક ભોજકે હીરવિજયસૂરિનો રાસ ગાયો હતો, જેથી પ્રસન્ન થઇ શ્રાવકોએ એક લાખ ટકા કરી આપ્યા હતા.

કહેવાની મતલબ કે-સૂરિજીના ભક્તો આવી રીતે વખતો

વખત પ્રસંગ પ્રાપ્ત થયે અઢળક દાન કરતા હતા. એ પણ સૂરિજીના પુણ્યપ્રકર્ષનીજ મહિમા, નહિ તો બીજું શું કહી શકાય ?

હવે આ પ્રસંગે ખાસ એક મહત્ત્વની બાબત તરફ પાઠકોનું ધ્યાન ખેંચવું ઉચિત સમજાય છે.

હીરવિજયસૂરિના ઉપર્યુક્ત ભક્ત શ્રાવકોનાં કાર્યો તરફ ધ્યાન આપીએ છીએ ત્યારે બહુધા તેઓની પ્રવૃત્તિ મંદિરો બનાવવામાં, પ્રતિષ્ઠાઓ કરાવવામાં, સંઘો કાઢવામાં અને એવાંજ અન્યાન્ય કાર્યો પ્રસંગે મ્હોટા મ્હોટા ઉત્સવો કરવામાં થયેલી છે. ઋષભદાસ કવિના કહેવા પ્રમાણે એકલા સૂરીશ્વરજીના હાથેજ પચાસ પ્રતિષ્ઠાઓ થઈ હતી. અને તેમના ઉપદેશથી લગભગ પાંચસો દેરાસરો થયાં હતાં. જેમ મૂલાશાહ, કુંઅરજી ઝવેરી, સોની તેજપાલ,[1] રાયમલ્લ, આસપાલ, ભારમલ્લ, થાનસિંઘ, માનુકલ્યાણ,

---

૧ સોની તેજપાલ ખંભાતનો રહેવાસી હતો, તે સૂરિજીના ઘણા ધનાઢ્ય અને મહાન્ ઉદાર શ્રાવકો પૈકીનો એક હતો. વિ. સં. ૧૬૪૬ ની સાલમાં હીરવિજયસૂરિ જ્યારે ખંભાતમા આવ્યા, ત્યારે જ્યેષ્ઠ સુદિ ૯ ના દિવસે તેણે અનંતનાથની પ્રતિષ્ઠા કરાવી પચીસ હજાર રૂપિયા ખરચ્યા હતા. આજ વખતે સોમવિજયજીને ઉપાધ્યાય પદવી પણ આપવામાં આવી હતી. તેણે આજ ખંભાતમા એક મ્હોટુ જિનભુવન પણ બનાવ્યું હતું. તેનું વર્ણન કરતાં ઋષભદાસ કવિ ' હીરવિજયસૂરિરાસ ' માં લખે છે—

" ઇંદ્રભુવન જસ્યું દેહરું કરાવ્યું, ચિત્ર લિખિત અભિરામ;
ત્રેવીસમો તીર્થંકર થાપ્યો, વિજયચિંતામણિ નામ હો. હી. ૬

ઋષભતણી તેણે મૂરતિ ભરાવી, અત્યંત મોટી સોય;
ભુંઇરામાં જઇને જુહારો, સમકિત નિરમલ હોય હો. હી ૭

અનેક બિંબ જેણે જિનના ભરાવ્યા, રૂપકનકમણિ કેરા;
ઓશવંશ ઉજ્વલ જેણે કરીઓ, કરણી તાસ ભલેરા હો. હી." ૮

—પૃ. ૧૬૬

દુર્જનમલ્લ, ગોના કક્, વછિઆ, રાજિયા, ઠક્કર જસુ, શાહ રામજી

આ દેરાસર વર્તમાનમાં ખંભાતના માણેકચોકની ખડકીમાં વિદ્યમાન છે તેના ભોંયરામાં ઋષભદેવની મ્હોટી પ્રતિમા છે આ ભોંયરાની ભીંત ઉપર એક લેખ છે, તે ઉપરની વાતને પુરવાર કરે છે. લેખ આ પ્રમાણે છે—

॥ ६० ॥ श्रीगुरुभ्यो नमः ॥ श्रीविक्रमनृपात् ॥ संवत् १६६१ वर्षे वैशाष शुदि ७ सोमे ॥ श्रीस्तंभतीर्थनगरवास्तव्य ॥ ऊकेश ज्ञातीय ॥ आवृहरागोत्रविभूषण ॥ सौवर्णिक काला सुत सौवर्णिक ॥ वाघा भार्या रजाई ॥ पुत्र सौवर्णिक वछिआ ॥ भार्या सुहासिणि पुत्र सौवर्णिक ॥ तेजपाल भार्या ॥ तेजलदे नाम्न्या ॥ निजपति ॥ सौवर्णिक तेजपालप्रदत्ताज्ञया ॥ प्रभूतद्रव्यव्ययेन सुभूमिगृहश्रीजिनप्रासादः कारितः ॥ कारितं च तत्र मूलनायकतया ॥ स्थापनकृते श्रीविजयचिंतामणिपार्श्वनाथबिंबं प्रतिष्ठितं च श्रीमत्तपागच्छाधिराजभट्टारकश्रीआणंदविमलसूरिपट्टालंकार ॥ भट्टारकश्रीविजयदानसूरि तत्पट्टप्रभावक ॥ सुविहितसाधुजनध्येय ॥ सुगृहीतनामध्येय ॥ पात॥ साहश्रीअकब्बरप्रदत्तजगद्गुरुविरुदधारक ॥ भट्टारक ॥ श्रीहीरविजयसूरि ॥ तत्पट्टोदयशैल ॥ सहस्रपाद ॥ पातसाहश्रीअकब्बरसभासमक्षविजितवादिवृंदसमुद्भुतयशः कर्पूरपूरसुरभीकृतदिग्वधूवदनारविंदभट्टारकश्रीविजयसेनसूरिभि ॥

क्रीडायातसुपर्वराशिरुचिरो यावत् सुवर्णाचलो
मेदिन्यां ग्रहमंडलं च वियति प्रभेंदुमुख्यं लसत् ।
तावत्पन्नगनाथसेवितपदश्रीपार्श्वनाथप्रभो-
र्मूर्त्तिश्रीकलितोयमत्र जयतु श्रीमज्जिनेन्द्रालय ॥१॥छ॥:॥

આ લેખ ઉપરથી જણાય છે કે—સોની તેજપાલ ઓશવાલ જ્ઞાતિનો હતો, અને તેનું ગોત્ર **આબૂહરા** હતું. તેના પિતાનું નામ **વછિઆ** હતુ અને માતાનુ નામ **સુહાસિણી**. આ સિવાય આમાથી એક મહત્ત્વની વાત નિકળે છે તે એ છે કે-આ ભૂમિગૃહવાળું જિનમંદિર સોની તેજપાલની ભાર્યા તેજલદેએ પોતાના પતિની આજ્ઞાથી ઘણું દ્રવ્ય ખરચીને કરાવ્યુ હતુ જેમની પ્રતિષ્ઠા સં. ૧૬૬૧ ના વૈશાખ વદ ૭ ના દિવસે વિજયસેનસૂરિએ કરી હતી.

હાથે પ્રતિષ્ઠાઓ કરાવી તે નિમિત્તે મ્હોટા મ્હોટા ઉત્સવો કર્યા હતા. શાહ હીરાએ નવાનગરમાં, કુંઅરજી[1] બાહુઆએ કાવીમાં, શાહ

સાતે ખેત્રે જેણે ધન વાવ્યુ, રૂપક નાણે લહિણા
હીરતણા શ્રાવક એ હોયે, જાણે મુગટ પરિ ગહિણા હો. હી૦ ૧૧
સોની શ્રીતેજપાલ બરાબરિ, નહિ કો પાપધધારી,
વિગથા વાત ન અડકી થાએ, હાથે પોથી સારી હો હી૦ ૧૨
—પૃ. ૧૬૬

૧ આ કુંવરજીએ કાવી, કે જે ખંભાતની પાસે આવેલ છે, ત્યા બે મ્હોટા મદિરો બનાવેલા છે બન્ને મદિરો હાલ વિદ્યમાન છે. એક ધર્મનાથનું મદિર કહેવાય છે અને બીજુ આદીશ્વરનુ ધર્મનાથના મંદિરના રગમડપની બહાર દરવાજાની ભીતમા એક લેખ છે, તેમા કુંઅરજીનો ટૂકો પરિચય છે. આ લેખનો સવત્ આ છે–૧૬૫૪ ના શ્રાવણ વદિ ૯ શનિવાર. આ મંદિરનું નામ '**રત્નતિલક**' આપ્યાનું જણાવ્યું છે. આ સિવાય આજ મદિરના મૂલનાયકના પરિકરની જમણી બાજૂના કાઉસગિયા ઉપર એક લેખ છે તેમા સં ૧૬૫૬ ના વૈશાખ સુ. ૭ ના દિવસે કુઅરજીએ **વિજયસેનસૂરિ** પાસે પ્રતિષ્ઠા કરાવ્યાનુ લખ્યું છે

આદીશ્વરના મદિરમા મૂલગભારાના દરવાજામા પેસતા જમણા હાથ તરફ ગોખલામા ૩૨ શ્લોકોની એક પ્રશસ્તિયુક્ત લેખ છે. તેમાંથી કુંઅરજી સબધી આ હકીકત નિકળે છે—

ગુજરાતમા આવેલ **વડનગર** ગામમા લઘુનાગરજ્ઞાતીય અને સિયાણા ગોત્રનો **ગાંધી દેપાલ** રહેતો હતો તેનો પુત્ર **અલુઆ**, અને તેનો પુત્ર **લાહિકા** નામનો થયો તેને બે પુત્રો થયા–**બાહુક** અને **ગંગાધર. બાહુકને** બે સ્ત્રિયો હતી–૧ **પોપટી** અને ૨ **હીરાદેવી.** તે બન્નેને ત્રણ પુત્રો થયા **પોપટીનો કુંઅરજી** અને હીરાદેવીના **ધર્મદાસ** અને **વીરદાસ** લક્ષ્મીને પ્રાપ્ત કરવાની ઇચ્છાથી ગાધી **બાહુઓ ખંભાતમાં** આવી વસ્યો હતો **ખંભાતમા** તેણે દરેક પ્રકારે ઉન્નતિ કરી હતી. આ વખતે કાવીતીર્થમા એક મદિર હતું, તે ઘણુજ જીર્ણ થઇ ગયું હતું એને જોઇને કુંવરજીની ઇચ્છા તેનો જીર્ણોદ્ધાર કરવાની થઇ, પરન્તુ તેણે, પ્રશસ્તિમા કહેવા પ્રમાણે '**ततः श्रद्धावता तेन भूमिशुद्धिपुर.-**

લહુજીએ ગંધારમાં અને શાહ હીરાએ ચીઉલમાં જિનમંદિરો કરાવ્યાં હતાં. તે સિવાય લાહોર, આગરા, મથુરા, માલપુર, ફતેપુર, રાધનપુર, કલિકોટ, માંડવગઢ, રામપુર અને ડભોલ વિગેરેમાં ઘણાં મંદિરો તેમના ઉપદેશથી થયાં હતાં. ભારમલશાહે વિરાટમાં, વસ્તુપાલે સીરોહીમાં, વચ્છરાજ અને રૂપાએ રાજનગરમાં, કકૂશાહે પાટણમાં, વધુ અને ધનજીએ વડલી અને કુણગેરમાં; શ્રીમલ, કીકા અને વાઘાએ શક્કરપુરમાં[1] દેરાસરો અને પૌષધશાળાઓ બનાવી હતી ઠક્કર જસરાજ અને જસવીરે મહિમદપુરમાં દેરાસર બંધાવ્યું હતું અને આબૂનો સંઘ કાઢયો હતો. ઠક્કર લાઇએ અકબરપુરમાં દેરાસર અને ઉપાશ્રય બંધાવ્યો હતો, ઠક્કર વીરા અને સોઢાએ પણ જિનભુવન કરાવ્યું હતું, જ્યારે કુંઅરપાલે દીલ્લીમાં કરાવ્યું હતું.

વર્ત્તમાન જમાનામાં કેટલાકોને આ હકીકત અનુચિત જેવી લાગશે ખરી; પરન્તુ કહેવું જરૂરનું થઇ પડશે કે-જે જમાનાનું અવલોકન આપણે કરીએ છીએ, તે જમાનાને માટે સૂરિજીનો ઉપદેશ સમુચિત-યોગ્યજ હતો, કારણ કે-કાલના પ્રભાવે થોડાજ વખત ઉપર થયેલા કેટલાક મુસલમાનોના જુલ્મના કારણે ઘણાં ખરાં

सरम् । स्वभुजार्जितवित्तेन प्रासाद कारितो नव । તે શ્રદ્ધાળુ શ્રાવકે પોતાની ભુજાથી ઉત્પન્ન કરેલ દ્રવ્યથી, જમીન શુદ્ધિથી લઇને આખું મંદિર નવુંજ કર્યું. અને સં. ૧૬૪૯ ના માર્ગશીર્ષ સુ. ૧૩ સોમવારના દિવસે શ્રી આદીશ્વર ભગવાનને સ્થાપન કરી વિજયસેનસૂરિ પાસે તેની પ્રતિષ્ઠા કરાવી.


૧ શક્કરપુર, એ ખંભાત શહેરથી લગભગ એ માઇલ ઉપર આવેલ પરૂં છે. વર્તમાનમા ત્યા એ મંદિરો છે, એક ચિંતામણિ પાર્શ્વનાથનુ અને બીજું સીમંધર સ્વામિનુ બન્ને દેરાસરોમાં જાણવા જેવો કોઇ લેખ નથી માત્ર આચાર્યોની પાદુકાઓ ઉપરના અને એવા છૂટા છવાયા લેખો છે, કે જે ઘણે ભાગે અઢારમી શતાબ્દિના છે. ઉપર બનાવેલ ગૃહસ્થોના નામનો એક પણ લેખ નથી

સ્થાનોમાંથી મંદિરો નષ્ટપ્રાય થઇ ગયા હતા, તેમ આશાતનાના ભયથી કેટલીક મૂર્ત્તિયોને પણ ગુપ્તસ્થાનોમાં ભંડારી દેવામાં આવી હતી. આવી અવસ્થામાં ધર્મની રક્ષાને માટે તે સંબંધી ઉપદેશ આપવો, એ જમાનાને અનુકૂલજ કહી શકાય.

ટૂંકમાં કહીએ તો–આપણા નાયક હીરવિજયસૂરિનાં તમામ કાર્યો તરફ લક્ષ આપનાર કોઇ પણ સહૃદય એમ કહ્યા સિવાય નહિ રહી શકે, કે તેમણે સંપૂર્ણરીતે સમયના પ્રવાહને ધ્યાનમાં રાખીને જ ઉપદેશો આપેલા છે.

પ્રકરણ દસમું.

શેષપર્યટન.



પાંચમા પ્રકરણની અંતમાં આપણે આપણા નાયક હીરવિજયસૂરિને અભિરામાબાદમાં મૂકી આવ્યા છીએ. હવે આપણે તેમના તે પછીના પર્યટનને તપાસીએ.

વિ. સં. ૧૬૪૨ (ઇ. સ. ૧૫૮૬) નું ચાતુર્માસ તેમણે અભિરામાબાદમાં વ્યતીત કર્યું. તે દરમીયાન, ગુજરાતમાં ઉપસ્થિત થયેલા ભયંકર ઉપદ્રવને શાંત કરાવવાને માટે તેમને પુનઃ ફતેપુર–સીકરી જવું પડયું હતું. એ વાત આપણે ગત પ્રરણમાં જોઇ ગયા છીએ. અભિરામાબાદથી વિહાર કરી પાંચમા પ્રકરણમા કહેવા પ્રમાણે મથુરા અને ગ્વાલીયરની યાત્રા કરી સૂરિજી આગરે આવ્યા હતા. તેમના પધારવાથી આગરામાં સારાં સારાં ધર્મ કાર્યો થયાં હતાં. ત્યાંથી પછી વિહાર કરી તેઓ મેડતે

પધાર્યા હતા ફાગણ ચોમાસુ તેમણે મેડતામાંજ વ્યતીત કર્યું હતું. તે પછી ત્યાંથી આગળ વિહાર કરી નાગોર પધાર્યા. નાગોરમાં સૂરિજીનો બહુ સારો સત્કાર થયો હતો. સંઘવી જયમલ્લ ભક્તિપૂર્વક સૂરિજીને વંદન કરવાને સ્હામે ગયો હતો. મ્હેતા મહાજલે પણ સૂરિજીની ઘણી ભક્તિ કરી હતી. અહિં જેસલમેરનો સંઘ સૂરિજીને વંદન કરવાને આવ્યો હતો. જેમાં માંડણ કોઠારી મુખ્ય હતો. આ માંડણે સૂરિજીની સોનૈયાથી પૂજા કરી હતી. સં. ૧૬૪૩ નું ચાતુર્માસ પૂરું થયા પછી સૂરિજી પીપાડ પધાર્યા. સૂરિજીના પધારવાની ખુશાલીમાં અહિંના તાતા [illegible] (બ્રાહ્મણે) ઘણું દ્રવ્ય ખરચ્યું હતું. ત્યાંથી પાછી સૂરિજી સીરોહી પધાર્યા હતા. બીજી તરફ વિજયસેનસૂરિ, કે જેઓ ગુજરાતથી સૂરિજીની સ્હામે આવતા હતા, તેઓ પણ અહિંજ સૂરિજીને મળ્યા હતા. બન્ને આચાર્યોના એકત્રિત થવાથી લોકોમાં આનંદ ઉત્સાહ ફેલાયો હતો. જો કે, આ પ્રમાણે બન્ને આચાર્યોનો એકત્રિત નિવાસ સીરોહીમાં થોડોજ વખત રહ્યો [illegible] વિજયસેનસૂરિને કેટલાંક અનિવાર્ય કારણોથી બહુ જલદી ગુજરાતમાં હીરવિજયસૂરિની આજ્ઞાથી આવવું પડ્યું હતું. સીરોહીમાં હીરવિજયસૂરિના બિરાજવાથી અને તેમના ઉપદેશથી [illegible] કાર્યો થયાં હતાં. આ વખતે [illegible] આવી ગયા હતા, કે [illegible] પછી [illegible] વિનતિ કરીને પાછા [illegible] (વિ. સં. ૧૬૪૪). [illegible] અને તેના [illegible] અને [illegible] સૂરિજી [illegible] પધાર્યા [illegible]

તેમણે ખંભાતમાંજ કર્યું હતું. આજ વર્ષમાં ધનવિજય, જયવિજય, રામવિજય, ભાણુવિજય, કીર્ત્તિવિજય અને લબ્ધિવિજયને પંન્યાસ પદવિયો આપવામા આવી હતી વિ. સં. ૧૬૪૭ ની સાલમાં એ પ્રમાણે કેટલાંક કાર્યો કરી સૂરિજી અમદાવાદ આવ્યા હતા. અમદાવાદમાં સૂરિજીનો સારો સત્કાર થયો હતો. તેમના પધારવાની ખુશાલીમાં ઘણા શ્રાવકોએ અતુલિત દાન કર્યું હતું. તેમ મ્હોટા આડંબરપૂર્વક ઉત્સવો કર્યા હતા. વિ. સં. ૧૬૪૮ની સાલમાં સૂરિજી અમદાવાદમાંજ રહ્યા હતા, અને તે વખતે નવાબ આજમખાનની સાથે વધારે પરિચય થયો હતો. જેનું વર્ણન સાતમા પ્રકરણમાં આપવામા આવ્યું છે. સૂરિજી અહિંથી વિચરતા વિચરતા રાધનપુર પધાર્યા હતા. આ વખતેજ સૂરિજીને અકબર બાદશાહનો પત્ર મળ્યો હતો, જેમાં વિજયસેનસૂરિને પોતાની પાસે મોકલવાને પ્રાર્થના કરી હતી. અને વિજયસેનસૂરિને મોકલવામાં પણ આવ્યા હતા. અહિં ૭ હજાર સોનામહોરોથી લોકોએ સૂરિજીની પૂજા કરી હતી. અહિંથી વિહાર કરી સૂરિજી પાટણ પધાર્યા હતા. પાટણમાં આ વખતે ત્રણ પ્રતિષ્ઠાઓ કરી હતી. કાસમખાનની સાથે ધર્મચર્ચા, કે જેનું વર્ણન સાતમા પ્રકરણમાં કરવામા આવ્યું છે, તે કરવાનો પ્રસંગ પણ સૂરિજીને આજ વખતે મળ્યો હતો.

પાટણની આ વખતની સ્થિતિ દરમીયાન સૂરિજીને એક દિવસ રાત્રે સ્વપ્ન આવ્યું. તેમાં તેમણે જોયું કે–પોતે એક હાથી ઉપર સવાર થઇને પર્વત ઉપર ચઢી રહ્યા છે અને હજારો લોકો તેમને નમસ્કાર કરે છે

સૂરિજીએ આ હકીકત સોમવિજયજીને જણાવી. પ્રત્યુત્તરમાં તેમણે બહુવિચારપૂર્વક કહ્યું કે–' આ સ્વપ્નના ફળમાં મને લાગે છે કે–સિદ્ધાચલની યાત્રા થવી જોઇએ. ' બનવા કાળ કે–થોડાજ વખત પછી સૂરિજીને સિદ્ધાચલજીની યાત્રા કરવાનો વિચાર થયો. સૂરિજીનો વિચાર નક્કી થતાં પાટણના જૈનસંઘે સૂરિજીની સાથેજ

છરી પાળતાં સિદ્ધાચલની યાત્રાએ જવાનું નક્કી કર્યું. સંઘે ગુજરાત અને કાઠિયાવાડનાં તમામ ગામો ઉપરાન્ત લાહોર, આગરા, મુલતાન, કાશ્મીર અને બંગાળામાં પણ મ્હોટાં મ્હોટાં શહેરોમાં કાસદિયાઓ સાથે નિમંત્રણો મોકલાવ્યાં. શુભ મુહૂર્તમાં **પાટણ**નો સંઘ **સૂરિજી**આદિ મુનિમંડલ સાથે રવાના થયો. ગાડિયો, ઘોડા, ઊંટ અને માફા વિગેરે મ્હોટી ધૂમધામ પૂર્વક હજારો માણસોની સંખ્યામાં સંઘ આગળ વધવા લાગ્યો. ધીરે ધીરે ચાલતાં ચાલતાં આ સંઘ **અમદાવાદ** પહોંચ્યો. આ વખતે **અમદાવાદ**માં સૂબા તરીકે **અકબર**નો પુત્ર **સુલતાન મુરાદ** હતો, તેણે સંઘની અને **સૂરિજી**ની બહુ જ ભકિત કરી તથા **સૂરિજી**ના ઉપદેશથી પ્રસન્ન થઇ પોતાના બે મેવડા **સૂરિજી**ની સેવામાં મોકલ્યા.

અનુક્રમે પ્રયાણ કરતાં કરતાં સંઘ **ધોળકે** આવ્યો. આ વખતે ખંભાતના સંઘવી ઉદયકરણે વિનતિ કરીને **ધોળકા**માં થોડો વખત સ્થિરતા કરાવી, તે દરમીયાન ખંભાતથી બાઇ **સાંગદે** અને સોની **તેજપાલ** પોતાની સાથે છત્રીસ **સેજવાલા** લઇને **ધોળકે** આવી પહોંચ્યાં અને તેઓ પણ આ સંઘની સાથેજ સિદ્ધાચલની યાત્રાએ ચાલ્યા.

જ્યારે આ મ્હોટો સંઘ પાલીતણાની નજીકમા લગભગ આવવા થયો, ત્યારે **સોરઠ**ના અધિપતિ **નવરંગખાન**ને ખબર પડી કે—મુગ-

૧ વિધિપૂર્વક તીર્થયાત્રા કરનારને **છરી** પાળવાની આવશ્યકતા છે અર્થાત્ જેના અંતમા **રી** આવે, એવી છ બાબતો પાળવાની છે તે છ બાબતો આ છે—૧ **એકાહારી** (એક વખતજ ભોજન કરવું), ૨ **ભૂમિસંથારી** (જમીન ઉપરજ સૂવું), ૩ **પાદચારી** (પગે ચાલીનેજ જવું), ૪ **સમ્યક્ત્વધારી** (દેવ-ગુરુ અને ધર્મ ઉપર પૂર્ણ શ્રદ્ધા રાખવી), ૫ **સચિત્તપરિહારી** (સચિત્ત-જીવવાળી વસ્તુઓનો ત્યાગ કરવો), અને ૬ **બ્રહ્મચારી** (ઇન્દ્રિય નિગ્રહ, [illegible] [illegible] પાળવું)

[illegible]

સિદ્ધ જૈનાચાર્ય હીરવિજયસૂરિ એક મ્હોટા સંઘની સાથે સિદ્ધાચલની યાત્રા કરવાને પધારે છે, ત્યારે તે એકદમ તે સંઘની સ્હામે આવ્યો. સોરઠના સૂબાની સાથે ઉપલક કેટલીક વાતચીતો થયા પછી બાદશાહ અકબરે આપેલાં કેટલાંક ફરમાનો તેને બતાવવામા આવ્યા. સૂબો બહુજ ખુશી થયો. તેણે સૂરિજીને ઘણુંજ માન આપ્યું. ઘણા આડંબર સાથે પાલીતાણામા પ્રવેશ કરાવ્યો. એક તરફ અનેક પ્રકારનાં વાજિત્રોથી ગાજી રહેલ ગગનમંડળમા ભાટોના મુખથી નિકળતી બિરૂદાવલિયોની ધ્વનિ કોઈ ઓર જ સુર પૂરતી હતી. બીજી તરફ ભજનમંડલીયો તરફથી લેવાતા દાડિયારાસો અને છેવટના ભાગમા, સિદ્ધાચલજીને ભેટવા માટે પ્રોત્સાહિત કરનારાં સુંદરિયોના મધુર ગીતો લોકોના ચિત્તોને ગદગદ કરી નાખતાં હતા. લાખો મનુષ્યોની મેદનીની મધ્યમાં ચાલતા સૂરીશ્વરજીને હજારો માણસો સોના-ચાદીનાં ફૂલોથી વધાવતા હતા અને ગૃહસ્થવર્ગ એક બીજાને કેશરનાં છાટણાંથી છંટકાવ કરી આજના અપૂર્વ પ્રસંગનો હર્ષ પ્રકટ કરતા હતા.

ઋષભદાસ કવિના કથન પ્રમાણે આ વખતે સૂરિજીની સાથે બહોત્તેર સંઘવિયો યાત્રા કરવામાં સામેલ હતા. જેમા શાહ શ્રીમલ્લ, સંઘવી ઉદયકરણ, સોની તેજપાલ, ઠાકર કીકા, કાળા, શાહ મનજી, સોની કલો, પાસવીર, શાહ સંઘજી, શાહ સોમજી, ગાંધી કુંઅરજી, શાહ તોલો, વ્હોરા વરજાંગ, શ્રીપાલ, શાહ શ્રીમલ્લ વિગેરે મુખ્ય હતા. શાહ શ્રીમલ્લની સાથે પાંચસો સેજવાલાં અને અશ્વ-પાલખિયો વિગેરેનો તો પારજ ન્હોતો, વળી તેની સાથે ચાર જોડી તો નિશાન-ડંકાની હતી.

આ સિવાય પાટણથી કુંકુશેઠ પણ સંઘ લઈને આવ્યા હતા. મ્હેતા અબજી, સોની તેજપાલ, દોસી લાલજી અને શાહ શવજી વિગેરે પાટણના સંઘ સાથે આવ્યા હતા. અમદાવાદના ત્રણ સંઘો આવ્યા હતા. શાહ વીપૂ અને પારેખ ભીમજી સંઘપતિ થઈને

આવ્યા હતા. પૂંજો બુંગાણી, શાહ સોમો અને ખીમરસી પણ આવ્યા હતા.

માળવાથી ડામરશાહ પણ સંઘ લઈને આવ્યો હતો. તેની સાથે ચંદ્રસાહુ, સૂરો અને લખરાજ વિગેરે પણ હતા. મેવાતથી કુંવરપાળ પણ સંઘ લઈને આવ્યો. તેણે બશેર બશેર ખાંડની લ્હાણી કરી હતી. મેડતેથી સદારંગ પણ સંઘ લઈને આવ્યો હતો.

ઉપરના ગામો ઉપરાન્ત સૂરિજીની આ યાત્રાના પ્રસંગે [illegible] મેર, વીસનગર, સિદ્ધપુર, મહેસાણા, ઈડર, અહમનગર, [illegible], [illegible]ગામ, માતર, સોજીતરા, નડીયાદ, વડનગર, ડાભલું, [illegible] અમદાવાદ, ખાભાત, વડોદરા, આમોદ, ગીનોર, જંબુસર, [illegible], [illegible], [illegible], ભરૂચ, રાનેર, ઊના, દીવ, ગોઘા, નવાનગર, [illegible], [illegible], [illegible], વીજાપુર, વૈરાટ, નંદરબાર, સીરોહી, [illegible], [illegible], [illegible], ડુંગરપુર, પ્રાંતીજ, માણસા, પાટણ, [illegible], [illegible], [illegible], [illegible], વીરમગામ, જુનાગઢ અને કાલાવડ [illegible] આવ્યા હતા. વિજયતિલકસૂરિરાસ [illegible] દર્શનવિજયજીના કથન પ્રમાણે આ સંઘમાં એકંદર [illegible] એકઠા થયા હતા.

કરવામાં ઘણા મહીનાઓનો સમય લાગતો, અતુલિત દ્રવ્યનો વ્યય થતો અને કેટલીએ મુશ્કેલીઓ ઉઠાવવી પડતી, જ્યારે અત્યારે તેજ તીર્થયાત્રા માત્ર કલાકોની અંદર થોડાજ ખર્ચમાં કરીને લોકો પોતાને ઘેર પાછા આવી જાય છે. તે જમાનામાં એટલા બધા વખતનો અને સમયનો ભોગ આપી તીર્થયાત્રાઓ થઇ શકતી હતી, તેનુંજ એ કારણ હતુ કે–લોકો તીર્થયાત્રા કરવાને બહુ કમ જતા હતા. જ્યારે કઇ એવા મ્હોટા સંઘો નિકળતા, ત્યારેજ લોકો આનંદથી યાત્રા કરી શકતા.

પ્રસ્તુત યાત્રાના પ્રસંગે આટલા બધા ભાગોના સંઘો એકઠા થયા હતા, તેનું કારણ પણ એજ હતુ કે–આવો અપૂર્વ પ્રસંગ તેઓને ફરી ફરી મળી શકે તેમ ન્હોતો. આ વખતે ત્યા આવનારાઓને સ્થાવર અને જંગમ બન્ને પ્રકારનાં તીર્થોની યાત્રાનો અપૂર્વ લાભ મળવાનો હતો. તે બે પ્રકારનાં તીર્થો–**સિદ્ધાચલ** (સ્થાવર તીર્થ) અને **હીરવિજયસૂરિ** (જંગમતીર્થ). અને તેટલાજ માટે લાખો માણસોનો અભૂતપૂર્વ મેળો ભરાયો હતો. **ઋષભદાસ** કવિના કથન પ્રમાણે આ વખતે **સૂરિજી**ની સાથે યાત્રા કરવામાં એક હજાર સાધુઓ સામેલ હતા.

આવતી કાલે ચૈત્રીપૂર્ણિમાનો દિવસ છે. પુંડરીકસ્વામી પાંચ-ક્રોડ મુનિયોની સાથે મોક્ષે પણ આજ દિવસે ગયા છે. **સૂરીશ્વરજી**એ પણ આજ પવિત્ર દિવસે યાત્રા કરવાનું નક્કી રાખેલું છે. પાલીતાણા ગામથી શત્રુંજય પહાડ લગભગ બે માઇલ દૂર હોવાથી અને સ્હવારમા સમસ્ત સંઘની સાથે એકાએક વખતસર ન નિકળી શકાય, એટલા માટે સૂરિજીએ અને સમસ્ત સઘે ચૌદશના દિવસે જ પહાડ તરફ પ્રસ્થાન કર્યું હતું.

શત્રુંજય પહાડની તલહટીમા અત્યારે યાત્રાળુઓને માટે અનેક સાધનો બનેલા છે, તેવુ તે વખતે કંઇ ન્હોતું. અને તેટલા માટે સૂરિજીએ શિવના મંદિરમાં રાત્રિ વ્યતીત કરી હતી, અને સંઘે

મેદાનમાં પડાવ નાખ્યો હતો, એમ હીરસૌભાગ્યકાવ્યના કર્ત્તાનું કથન છે.

બીજા દિવસે એટલે પૂનમના દિવસે સ્હવારમાં મ્હોટા મ્હોટા ધનાઢ્ય ગૃહસ્થોએ સોના રૂપાના પુષ્પો અને સાચાં મોતીથી આ પવિત્ર પહાડને વધાવ્યો અને **સૂરિજી**ની સાથે સમસ્ત સંઘે પહાડ ઉપર ચઢવું શરૂ કર્યું. ધીરે ધીરે પણ હિમ્મત અને ઉત્સાહ પૂર્વક એક પછી એક મેખલા અને ટેકરીઓ ઉલ્લંઘન કરી બધાઓએ પર્વતના ઉપરિ તનભાગ ઉપર આવેલા પહેલા કિલ્લામાં પ્રવેશ કર્યો. આ પછી કયા ક્યાં **સૂરિજી** અને સંઘે દર્શન કર્યાં ? તે સંબંધી **હીરસૌભાગ્યકાવ્યના** કર્ત્તાએ આ પ્રમાણેનું વર્ણન આપેલું છે:-

“ પ્રથમના કિલ્લામાં પેસતાં હાથી ઉપર બેઠેલ **મરૂદેવી** માતાને નમસ્કાર કર્યો, તે પછી **શાન્તિનાથના** મંદિરમાં અને **અજિતનાથના** મંદિરમા દર્શન કરી **પેથડશાએ** બનાવેલા મંદિરમાં દર્શન કરી, **છીપાવસતી**માં ગયા, ત્યાંથી **ટોટરા** અને **મોલ્હા** નામનાં બે દેરાસરોમાં થઇ કપર્દિયક્ષ અને **અદબદ દાદા** આગળ સ્તુતિ કરી. તે પછી **મરૂદેવીશિખર** ઉપરથી ઉતરી **સ્વર્ગા-રોહણ** નામની ટૂંક ઉપર **અનુપમદેવીએ** બનાવરાવેલા **અનુપમ** નામના તળાવને જોતા જોતા ઉપર ચઢયા અને ઋષભદેવના મંદિ-રને ફરતા કિલ્લામાં પ્રવેશ કર્યો. આ કિલ્લાની પાસે **વસ્તુપાલે** બનાવેલી **ગિરનારની** રચના જોઈ. તે પછી **ખરતરવસતી** નામના દેરાસરમાં જઇને અને ત્યાં **રાજીમતી** અને **નેમનાથની** ચોરી જોઇને ત્યાં બિરાજમાન મૂર્ત્તિઓનાં દર્શન કર્યાં. ત્યાંથી **ઘોડાચોકીઓખ** નામના મંદિરમાં અને પગલાંનાં દર્શન કરી **તિલકતોરણ** નામના દેરાસરમાં દર્શન કર્યાં. તે પછી **સૂર્યકુંડ** જોઇ મૂળ મંદિરના કિલ્લામાં પ્રવેશ કરી પગથિયાં ચઢવા લાગ્યા. અનુક્રમે તોરણ, દેરાસરનો રંગમંડપ, શિખર ઉપર કોતરેલાં ચિત્રો, શિખર ઉપરના કળશો, ધ્વજાઓ, રંગમંડપના થાભલા, હાથી ઉપર બેઠેલ **મરૂદેવી**

માતા, દેરાસરનો ગભારો અને ખુદ ઋષભદેવ ભગવાન્‌ની મૂર્ત્તિ જોઇ સૂરિજીને ઘણો આનંદ થયો. તે પછી મૂળ દેરાસરને પ્રદક્ષિણાઓ ફરતા દેરીઓમાં સ્થાપેલ મૂર્ત્તિઓ અને રાયણવૃક્ષ નીચેનાં પગલાના દર્શન કર્યા. તદનન્તર જસુ ઠક્કરે બંધાવેલ ત્રણ દ્વારવાળું દેરાસર, રામજીશાહે બનાવેલ ચાર દ્વારવાળું દેરાસર અને ઋષભ દેવની સ્હામે બિરાજેલ પુંડરીક સ્વામિના દર્શન કરી મૂળ દેરાસરમા પ્રવેશ કર્યો. દેરાસરના મંડપમાં રહેલ મરૂદેવી માતાને નમસ્કાર કરી ઋષભદેવ ભગવાન્‌ની ભાવથી સ્તુતિ–પૂજા કરી. ત્યાંથી પછી બહાર નિકળી મૂળદ્વાર આગળ દીક્ષાઓ અને વ્રતોચ્ચારણ વિગેરે ધર્મક્રિયાઓ કરાવી; ત્યાંથી ઉઠીને પછી પુંડરીક ગણધરની પ્રતિમા આગળ આવીને સૂરિજીએ યાત્રાળુઓ સમક્ષ **'શત્રુંજયમાહાત્મ્ય'** ઉપર વ્યાખ્યાન આપ્યું."

હીરસૌભાગ્યકાવ્યના કર્ત્તાએ ઉપરના વૃતાન્ત સાથે એક મહત્ત્વની બાબતનો ઉલ્લેખ કર્યો છે તે એ છે કે–' હીરવિજયસૂરિ કેટલાક દિવસો સુધી સિદ્ધાચલ પર્વત ઉપર રહ્યા હતા.'

સિદ્ધાચલજી જેવા પવિત્ર તીર્થ ઉપર રાત્રે રહેવાનો નિષેધ છે, પરન્તુ હીરવિજયસૂરિ વૃદ્ધાવસ્થાવાળા હતા અને મહાન્ તપસ્વી હતા અતએવ અવાર નવાર તેઓ ચઢી ઉતરી શકે તેમ નહિ હોવાથી અપવાદરૂપે તેઓને ઉપર રહેવાની ફરજ પડી હતી. હીરસૌભાગ્યની ટીકામાં પણ આજ ખુલાસો કરેલો છે.[1]

આવીજ રીતે ઋષભદાસ કવિએ પણ **હીરવિજયસૂરિરાસ**મા આ વખતની યાત્રાનું વર્ણન આપ્યું છે, તે પણ ખાસ જાણવા જેવુ હોવાથી અહિં આપવામા આવે છે તેઓ કહે છે:—

" તળેટીએ ત્રણ સ્તૂપ છે, તેમા એકમાં **આદીશ્વરનાં**

૧ જૂઓ સર્ગ ૧૬ શ્લોક ૧૪૧ પૃ. ૮૪૭

પગલાં છે, બીજામાં **ધનવિજયજી**નાં અને ત્રીજામાં **નાકર**નાં છે, તે ત્રણે સ્થળે સ્તુતિ કરી. ત્યાંથી **ધોળીપરબે** આવી થોડી સ્થિરતા કરી. ત્યાંથી ઉપર **સાકરપરબે** આવ્યા. અહિં સાકરનાં પાણી આપવામાં આવતાં હતાં. ત્યાંથી ત્રીજી બેઠકે આવ્યા. જ્યાં **કુમારકુંડ** છે. ચોથી બેઠકને **હીંગળાજનો હડો** કહેવામાં આવે છે. ત્યાંથી પાંચમી બેઠકે ચઢતાં **સૂરિજી**ને થાક લાગવાથી **સોમવિજયજી**એ **સૂરિજી**નો હાથ પકડયો. અહિં **શલાકુંડે** લોકોએ પાણી પીને શાન્તિ લીધી. અહિં ઋષભદેવનાં પગલાં પણ છે. સંઘ સાથે સૂરિજીએ તેનાં દર્શન કર્યાં, અને પછી આગળ વધ્યા. છઠ્ઠી બેઠકે બે પાળીયા જોવામાં આવ્યા. ત્યાંથી સાતમી બેઠકે ગયા. એટલે બે રસ્તા આવ્યા. બારીમાં પેસીને જતાં **ચોમુખજી**નું મંદિર આવે છે, અને બીજા માર્ગે જતાં **સિંહદ્વાર** આવે છે **સૂરિજી** સંઘ સાથે **સિંહદ્વાર**ના માર્ગે પધાર્યા. સૌથી મોટા મંદિરે આવતાં પહેલવહેલાં શ્રીઋષભદેવ ભગવાન્નાં દર્શન કર્યાં અને પછી ત્રણ પ્રદક્ષિણા ફર્યા. આ મોટા દેરાસરની પ્રદક્ષિણાઓ ફરતાં એકસો ચૌદ ન્હાની દેરીઓમાં એકસો વીસ જિનપ્રતિમાઓનાં દર્શન કર્યાં એકસો આઠ મોટી દેરીઓ અને દશ દેરાસરોમાં એકંદર ૨૪૫ જિનબિંબોના દર્શન કર્યાં. આ સિવાય એક સુંદર સમવસરણ છે. ત્યાં દર્શન કરી રાયણવૃક્ષની નીચે ચોરાણું પગલાં છે ત્યાં અને ભોંયરાની અંદર રાખેલાં બસો જિનબિંબોનાં પણ દર્શન કર્યાં. ત્યાંથી સૂરિજી અને બીજા બધા કોટની બહાર આવ્યા. કોટની બહાર સૌથી પહેલાં **ખરતરવસહી**માં આવી બસો જિનબિંબોનાં દર્શન કર્યાં. અહિં ઋષભદેવની મનોહર મૂર્તિએ બધાઓનું ખાસ ધ્યાન ખેંચ્યું. ત્યાંથી પછી પોષધશાળામાં આવી સૂરિજી અને બધા સંઘે થોડો વખત સ્થિરતા કરી. એકંદર કોટની બહાર સત્તર જિનમંદિરોમાં રહેલ બસો જિનબિંબોનાં દર્શન કર્યાં. તે પછી અદબદજી જતાં અનોપમ તળાવ અને પાંડવોની દેરીએ થઈ અદબદજીનાં દર્શન કરી ફુલવસહીનો પ્રાસાદ અને સવાસોમજીનું ચોમુખજીનું દેરાસર

કે જેને ફરતી બાવન દેરીઓ હતી, અને જે નવો પ્રાસાદ થયો હતો, ત્યાં આવ્યા. ત્યાંના એક ભોંયરામાં રાખેલ બે પ્રતિમાઓનાં ભાવ દર્શન કર્યાં. અહિંની એક પીઠિકા ઉપર વીસ પગલાં હતાં, તેનાં પણ દર્શન કરી ત્યાંથી પુંડરીકજીના દેરાસરે આવી દર્શન કર્યાં. અહિં સંઘને 'શત્રુંજયમાહાત્મ્ય' સંબંધી સૂરિજીએ ઉપદેશ આપ્યો."

સૂરિજીએ લાખો મનુષ્યોની મેદની સાથે ઉપર પ્રમાણે સિદ્ધાચલની યાત્રા કરી. ઋષભદાસ કવિએ આપેલા ઉપરના વૃત્તાન્ત ઉપરથી એ સહજ જોઇ શકાય છે કે–સૂરિજીએ યાત્રા કરી તે સમયે (વિ. સં. ૧૬૫૦ માં) સિદ્ધાચલજી પહાડ ઉપર કયે કયે સ્થળે શું શું હતું? અને તે ચોકકસ સ્થાનોમાં કેટલી કેટલી મૂર્તિયો હતી?

જમાનાના પરિવર્ત્તનનો પ્રવાહ કેટલો બધો જોશભેર ચાલે છે, એનો ખ્યાલ સૂરિજીના ઉપર્યુક્ત યાત્રાના પ્રસંગ ઉપરથી પણ પૂરેપૂરો થઇ આવે છે. કયા આખી જિંદગીમાં એક બે વખત પણ પોતાના જીવનને નિર્મળ કરવાના હેતુથી આવનારા યાત્રાળુઓ અને કયા અત્યારે ઉન્હાળા જેવી ઋતુમાં માત્ર હવા ખાવાને માટે અથવા વ્યાપાર–રોજગારથી કંટાળી એશ–આરામ કરવા માટે તીર્થસ્થાનોમા જનાર કેટલાએક યાત્રાળુઓ! કયા એવડા મ્હોટા તીર્થમાં માત્ર ગણી ગાંઠી મૂર્ત્તિયો અને કયા અત્યારે એક એક ચોખો મૂકે પણ આરો ન આવે એટલી મૂર્ત્તિયોની બહુલતા! કયા એ તીર્થયાત્રાઓ કર્યા પછી મનુષ્યોને પોતાના જીવનમા સત્ય, બ્રહ્મચર્ય, અનીતિનો ત્યાગ અને ઇચ્છાનો નિરોધ કરવાની ઉદાર ભાવનાઓ, અને કયા અત્યારે અનેક વખત તીર્થયાત્રાઓ કરવા છતા પણ જીવનમા ગુણોને સ્થાપન કરવાની ઘણે ભાગે ઉપેક્ષા! કયા એ તીર્થસ્થાનોમા ચારે તરફ છવાઇ રહેલુ શાન્તિનું સામ્રાજ્ય, અને કયા અત્યારે શાસ્ત્રોની અનભિજ્ઞતાથી વધી પડેલો અશાન્તિ ભર્યો આડંબર! કયા

એ તીર્થો અને દેવમંદિરોની રક્ષા માટે લોકોને રાખવી પડતી નિશ્ચિંતતા અને કયાં અત્યારે તેની રક્ષાને બહાને ચલાવવાં પડતાં પક્ષપાતથી ભરેલાં મ્હોટાં રાજ્ય-દરબારી કારખાનાં ! ! આ બધું શું ? જમાનાના પરિવર્ત્તનનો પ્રવાહ ! બીજું કંઇજ નહિં.

તે જમાનામાં જે લોકો તીર્થયાત્રાએ જતા હતા, તેઓ પોતાનું અહોભાગ્ય સમજતા હતા. તીર્થોની તે પવિત્ર ભૂમિનો સ્પર્શ કરતાંજ શુભ ભાવનાઓમાં આરૂઢ થતા હતા. જ્યાં સુધી તીર્થ સ્થાનમાં રહેતા હતા, ત્યાં સુધી ક્રોધ-માન-માયા-લોભ આદિ કષાયોને મંદ કરતા હતા અને પોતાના જીવનના સુધારને માટે સારા સારા નિયમો ગ્રહણ કરતા હતા.

આ પવિત્ર તીર્થ ઉપર બધે સ્થળે દેવવંદન કર્યા પછી સૂરિજી એક સ્થળે નિવૃત્ત થઇને બેઠા. તે વખત બધા સંઘવાળાઓએ ગુરૂવંદન શરૂ કર્યું, **ડામર**સંઘવીએ સૂરિજીને વંદન કરતાં સાત હજાર મહમુંદિકાનો વ્યય કર્યો. ગંધારનો **રામજી**શાહ જ્યારે ગુરૂવંદન કરવા લાગ્યો, ત્યારે સૂરિજીની તેના ઉપર દૃષ્ટિ પડી. સૂરિજીએ **રામજી**શાહને સંબોધી કહ્યું—‘ કેમ ? વચન સાંભરે છે કે ? ’ **રામજી**શાહે કહ્યું-‘હા સાહેબ ! મેં આપની આગળ કહ્યું હતું કે— ‘ સંતાન થશે, એટલે બ્રહ્મચર્યવ્રત ધારણ કરીશ. ’ સૂરિજીએ કહ્યું ‘ ત્યારે હવે કેમ ? મેં સાંભળ્યું છે કે-તમારે સંતાન તો થયું છે. ’ **રામજી**એ કહ્યું-‘ સાહેબ તૈયાર છું. મારૂં એવું કયાંથી અહોભાગ્ય કે-આવા પવિત્ર સ્થાનમાં આપના જેવા પવિત્ર ગુરૂના હાથે હું વ્રત ધારણ કરૂં ? ’ તે પછી તેજ વખતે ચતુર્વિધ સંઘની સાક્ષીએ **રામજી** અને તેની સ્ત્રી, જેણીની ઉમર માત્ર બાવીસ વર્ષની હતી, બન્નેએ યાવજ્જીવ સુધી બ્રહ્મચર્ય પાલન કરવાનો નિયમ લઇ લીધો. આવી નાની ઉમરમાં આ બન્ને સ્ત્રી-પુરૂષને બ્રહ્મચર્યવ્રત ધારણ કરતાં જોઇ બીજાં પણ ઘણા સ્ત્રી-પુરૂષોએ બ્રહ્મચર્યવ્રત ધારણ કર્યું.

તે પછી પાટણના સંઘવી કકુ શેઠે પણ બ્રહ્મચર્યવ્રત ધારણ કર્યું, તેમની સાથે બીજા ત્રેપન મનુષ્યોએ તેજ વ્રત ધારણ કર્યું. આ વખતે હીરવિજયસૂરિની પૂજા કરવામાં અગીયાર હજાર ભરૂ-અચીની ઉપજ થયાનું ઋષભદાસ કવિ લખે છે.

એ પ્રમાણે સિદ્ધાચલજી તીર્થ ઉપર શુભભાવપૂર્વક દેવવંદન અને વ્રતગ્રહણાદિ ક્રિયાઓ કરી બધા નીચે ઉતર્યા. અને પાલીતાણા ગામમાં આવ્યા.

પાલીતાણામાં કેટલોક વખત સ્થિરતા કર્યા પછી સંઘને વિદાય થવાનું અને સૂરિજીને વિહાર કરવાનું નક્કી થયું. ગામે ગામથી એકઠા થયેલા ગૃહસ્થો પોતપોતાના ગામોમાં પધારવા માટે સૂરિજીને સાગ્રહ વિનંતિ કરવા લાગ્યા. તેમા ખાસ કરીને ખંભાતના સંઘવી ઉદયકરણની અને દીવના મેઘજી પારેખ, દામજી પારેખ અને સવજીશાહની વિનતિ વધારે જોરદાર હતી. આ બન્ને ગૃહસ્થોએ પોત પોતાના ગામોમાં પધારવા માટે સૂરિજીને અનહદ આગ્રહ કર્યો. દીવની લાડકીબાઇ નામની એક શ્રાવિકા હતી, તેણીએ પણ સૂરિજીને વિનતિ કરતાં કહ્યું–'ગામે ગામ ફરીને આપે સર્વત્ર પ્રકાશ કર્યો છે, પરન્તુ અમે હજુ સુધી અંધારામાંજ રવડીએ છીએ. માટે અમારા ઉપર કૃપા કરીને આપે દીવ પધારવુંજ જોઇએ.' ઇત્યાદિ વિનયપૂર્વક, પરન્તુ સાગ્રહ વિનતિ બહુ કરી. છેવટ–સૂરિ-જીએ દીવના સંઘને સંબોધી કહ્યું, 'જેમ તમારી રૂચિ હશે, અને સૌ કોઈને સુખશાન્તિ રહેશે, તેમ કરીશું.'

દીવનો સંઘ આ વચન સાંભળી બહુ ખુશી થયો. પાલી-તાણેથી એક વધામણિઓ એકાએક દીવ પહોંચી ગયો. તેણે દીવમાં જઇને સૂરિજીના પધારવા સંબંધી શુભ સમાચાર સંભ-ળાવ્યા. લોકોએ પ્રસન્ન થઇ તે વધામણિયાને ચાર તોલા સુવર્ણની જીભ, વસ્ત્રો અને ઘણી લ્યાહરી વધામણીમાં આપી.

હવે દેશોદેશ અને ગામેગામના આ મ્હોટા મેળામાંથી જ્યારે સૂરિજીએ ઊના તરફ પ્રયાણ કર્યું, ત્યારે તે બધા માણસોને

ગુરૂવિરહનુ અત્યન્ત દુઃખ થયું. આ વખતે કોણ જાણે કુદરતી રીતે તે જુદા પડતા સંઘના માણસોને હૃદયમાં એવો ધ્રાસકો પડ્યો કે હવે ગુરૂ મહારાજનાં દર્શન થશે કે કેમ ? સૌ ઉદાસીન ચહેરે ગુરૂથી જુદા પડયા. સૂરિજી અને તેમના શિષ્યમંડળે નીરાગચિત્તથી દીવ તરફ વિહાર કર્યો. પાલીતાણેથી વિહાર કરી દાઠા-મહુવા વિગેરે થઇ સૂરિજી દેલવાડે પધાર્યા. અને ત્યાથી અજાર જઇ આજારાપાર્શ્વનાથની યાત્રા કરી. દીવનો સંઘ અહિં સૂરિજીને વંદન અને વિનતિ કરવા આવ્યો. અને અહિંથી મ્હોટા આડંબર સાથે સૂરિજીને દીવમાં લઇ ગયા. ત્યાંથી ઊને પધરતાં લોકોએ મોતીયોના થાળથી સૂરિજીને વધાવ્યા. કહેવાય છે કે આ વખતે સૂરિજીની સાથે પચીસ સાધુઓ હતા. અહિં રહીને સૂરિજી રોજ નવા નવા અભિગ્રહો-નિયમો ધારણ કરવા લાગ્યા.

સૂરિજી ઊનામા હમેશા વ્યાખ્યાન-વાણી કરવા લાગ્યા. હજારો લોકો લાભ લેવા લાગ્યા. અનેક ઉત્સવો થયા. મેઘજી પારેખ, લખરાજ રૂડા, અને લાડકીની માએ સૂરિજીના હાથે પ્રતિષ્ઠાઓ કરાવી. શ્રીશ્રીમાલીવંશીય શાહ બકોરે પોતાનુ દ્રવ્ય સન્માર્ગમા ખરચીને સૂરિજીની પાસે દીક્ષા લીધી આ સિવાય સૂરિજીના બિરાજવાથી બીજી પણ અનેક ધાર્મિક ક્રિયાઓ જૈનોમા થવા પામી. સૂરિજીની ઊનાની સ્થિતિ દરમ્યાન જામનગરના જામસાહેબનો વજીર અબજીભણશાલી સૂરિજીને વંદન કરવાને આવ્યો હતો. તેણે સૂરિજીની અને બીજા સાધુઓની સોનૈયાથી નવઅંગે પૂજા કરી હતી. એક લાખ ટંકાનું લૂંછણુ કર્યું હતું અને યાચકોને ઘણું દાન આપ્યું હતું.

સં. ૧૬૫૧ નું ચાતુર્માસ સૂરિજીએ ઊનામાંજ વ્યતીત કર્યું હતું. ચાતુર્માસ પૂર્ણ થયે જો કે-સૂરિજીએ વિહારની તૈયારી કરી, પરન્તુ તેમનું શરીર અસ્વસ્થ હોવાથી ગૃહસ્થોએ વિહાર નહિ કરવા દીધા. અગત્યા સૂરિજીને ત્યાંજ રહેવું પડ્યું.

પ્રકરણ અગિયારમું.

જીવનની સાર્થકતા.



જેમ ઉદયની પાછળ અસ્ત નિયમેન રહેલ છે; તેમ જન્મની પાછળ મરણ અવશ્ય રહેલુ છે. રાજા હો કે મહારાજા હો, શેઠ હો કે કે શાહૂકાર હો, ગરીબ હો કે તવંગર હો, બાળક હો કે વૃદ્ધ હો, સ્ત્રી હો કે પુરૂષ હો, અરે, સાક્ષાત્ દેવજ કેમ ન હોય, દરેકને-જન્મ ધારણ કરનારને-વ્હેલા કે મોડાં મરવું અવશ્ય પડે છે પરન્તુ મરવા મરવામા ફરક છે. જેઓએ આ સંસારમાં જન્મ ધારણ કરીને પોતાના જીવનની સાર્થકતા કરી લીધી છે, તેને મરવું, એ આનંદનો વિષય થઇ પડે છે. કારણ કે તેને એ વાતની ચોકકસ ખાતરી છે કે-મને નિંદ્ય-તુચ્છ માનુષી શરીર છોડીને દિવ્ય શરીર મળવાનું છે. ખરૂં છે કે-જેને ઝૂંપડી છોડયા પછી મ્હોટો મહેલ મળવાની ખાતરી હોય, તેને ઝૂંપડી છોડતાં ખેદ થાયજ નહિ. હવે જે મનુષ્ય પોતાના જીવનની કંઇ પણ સાર્થકતા કરતો નથી, તેને 'હાય, શું થશે'? 'હાય ! શું થશે'. એવી હાય હાયમાજ મરવું પડે છે. એટલે આ જન્મમાં જેવી હાય હાય, તેવી જન્માન્તરમા પણ હાય હાયજ રહેવાની.

જીવનની સાર્થકતા જો કોઇમાં રહેલી હોય, તો ઉત્તમોત્તમ ગુણોમાં રહેલી છે દયા, દાક્ષિણ્ય, વિનય, વિવેક, સમભાવ અને ક્ષાન્ત્યાદિ ગુણો એજ જીવનની સાર્થકતાના હેતુઓ છે. આપણા હીરવિજયસૂરિ આવા ઉચ્ચતમ ગુણોના ભંડાર હતા, એમ કહીએ તો લગારે ખોટું નથી. પોતાની જીવનયાત્રામા અનારનવાર પડતી

તકલીફોને તેમણે જે સહનશીલતાથી સહન કરી છે, તે તેમના જીવનની સાર્થકતાનેજ સૂચવે છે. ગુજરાત જેવા રમ્ય અને પરમ-શ્રદ્ધાલુ પ્રદેશને છોડીને મહાન્ કષ્ટો ઉઠાવી **ફતેપુર-સીકરી** સુધી જવું અને તે પ્રદેશમાં ચાર વર્ષ સુધી રહી **અકબર** જેવા મુસલમાન સમ્રાટ્‌ને પ્રતિબોધી આખા વર્ષમાં છ મહીના ઉપરાન્ત જીવહિંસા બંધ કરાવવાનું કાર્ય શું ઓછી જીવનની સાર્થકતા બતાવે છે ? આ સિવાય પોતાના સાધુધર્મ ઉપર તેઓની કેટલી આસ્થા હતી ? તેઓનો સમભાવ કેવો હતો ? એટલી ઊંચી હદે પહોંચવા છતાં તેઓ કેવી નમ્રતા, વિનય, વિવેક અને લઘુતા રાખતા હતા, અને તેઓની ગુરૂભક્તિ કેવી પ્રશંસનીય હતી, એ સંબંધી તેમના જીવનમાંથી મળતા પ્રસંગો તરફ જ્યારે ધ્યાન આપીએ છીએ ત્યારે ખરેખર તેમના જીવનની સફળતાને માટે કોઇને પણ આનંદ થયા વિના રહેતો નથી.

હીરવિજયસૂરિ પોતાના સાધુધર્મમાં કેટલા દૃઢ હતા અને પોતાનાજ નિમિત્તે થયેલી વસ્તુઓને નહિ વાપરવામાં કેટલો ઉપ-યોગ રાખતા હતા, તે સંબંધી એકજ પ્રસંગ જોઇશું.

એક વખત **સૂરિજી અમદાવાદના કાલુપુરમાં** આવ્યા અને **જ્યારે**, ઉપાશ્રયમાં પ્રવેશ કરીને શ્રાવકોને ઉપદેશ આપવા માટે નવા બનાવેલા એક ગોખલામાં બેસવાની શ્રાવકો પાસે આજ્ઞા માગી, ત્યારે શ્રાવકોએ કહ્યું-' મહારાજ, અમને પૂછવાની કંઇ જરૂરજ નથી. એ ગોખલો તો આપને માટેજ ખાસ બનાવવામાં આવેલો છે '. **સૂરિજીએ** કહ્યું-' ત્યારે તો તે અમને ખપેજ નહિ. કારણ કે અમારે માટે બનાવેલી કાંઇ પણ વસ્તુ અમારા ઉપયોગમાં લઇ શકાય નહિ.' તે પછી ત્યાં રાખેલા લાકડાની પાટ ઉપર આસન કરી શ્રાવકોને ઉપદેશ આપ્યો.

પોતાને માટે તૈયાર કરેલી વસ્તુને નહિ વાપરવા માટે **સૂરિજી**

કેટલી સાવધાનતા–ઉપયોગ રાખતા હતા, તેનું આ જ્વલંત ઉદાહરણ છે.

એક વખત એક ગૃહસ્થને ત્યાંથી ભિક્ષામાં ખીચડી આવેલી. આ ખીચડી સૂરિજીએ ખાધી. સાધુઓ આહાર પાણી કરીને નિવૃત્ત થયાએ નહિ, એટલામાં તો જે ગૃહસ્થને ત્યાંથી એ ખીચડી ભિક્ષામા આવી હતી, તે ગૃહસ્થ ઉપાશ્રયમાં આવી પહોંચ્યો, અને સૂરિજીના શિષ્યોની આગળ કહેવા લાગ્યો કે–' આજે મારાથી મ્હોટામાં મ્હોટો અનર્થ થઇ ગયો છે. મારે ત્યાંથી જે ખીચડી આપ વ્હોરી લાવ્યા, તે એટલી બધી ખારી છે, કે મારા મોંમાં પણ પેસી નહિં ' સાધુઓ તો ખારી ખીચડીનું નામ સાંભળતાં સ્તબ્ધજ બની ગયા. કારણ કે–દૈવયોગે તેજ ખીચડી સૂરીશ્વરજીએ વાપરી હતી, પરન્તુ તેમણે વાપરતાં એક શબ્દ પણ ઉચ્ચાર કર્યો ન્હોતો ? હમેશાની માફક આહાર કરતાજ રહ્યા હતા. તેમ મોંઢા ઉપરથી એવો ભાવ પણ ન્હોતો પ્રકટ થતો કે–ખીચડી ખાઇ શકાય તેવી નથી. સૂરીશ્વરજીએ પોતાની જિંહ્વેન્દ્રિય ઉપર કેટલો કાબૂ મેળવ્યો હતો, એ વાત ઉપરના પ્રસંગથી પ્રકટ થઇ આવે છે. જિંહ્વેન્દ્રિય ઉપર કાબૂ મેળવવો, એ કંઇ ઓછું પુરૂષાર્થ ભર્યું કાર્ય નથી. બીજી બધીએ બાબતો ઉપર સમભાવ રાખવાવાળા હજારો મનુષ્યો નિકળી આવે, પરન્તુ ઇંદ્રિયને ન ગમી શકે, એવી વસ્તુ પ્રાપ્ત થયે લગાર પણ મનમાં દુર્ભાવના કર્યા સિવાય–લગાર પણ ચિત્તમાં ગ્લાનિ લાવ્યા સિવાય–તેને ઉપયોગમાં લેવી એ ઘણુંજ કઠિન કામ છે. દરેક મનુષ્યોએ, ખાસ કરીને સાધુઓ, કે જેઓનો ભિક્ષાવૃત્તિથીજ નિર્વાહ કરવાનો આચાર છે, તેઓએ તો જિંહ્વેન્દ્રિયના વિષયને જીતવોજ જોઇએ. ઘણી વખત કેટલા નામધારી સાધુઓ પોતાને નહિ કલ્પી શકે તેવી વસ્તુઓ અર્થાત્ સદોષ વસ્તુઓ સ્વીકાર કરતાં પણ આચકો ખાતા નથી, એનું કારણ તેઓની લાલચવૃત્તિ સિવાય બીજું કંઇજ નથી. હીરવિજયસૂરિ એવા ધુરં-

ધર પ્રભાવક આચાર્ય હોવા છતાં ઇન્દ્રિયોનું દમન કરવા તરફ કેટલું ધ્યાન આપતા હતા, એ ઉપરના દૃષ્ટાન્તથી જાણાઇ આવે છે.

આવીજ રીતે ઊનામાં પણ એક બીજો પ્રસંગ જાણવા જેવો બન્યો હતો. સૂરિજી જ્યારે ઊનામાં હતા, ત્યારે તેઓની કમરમાં ગૂમડું થયું હતું. સૂરિજી સમજતા હતા કે ' જ્યારે પાપનો ઉદય થાય છે, ત્યારે રોગોથી ભરેલા આ શરીરમાંથી કોઇ ને કોઇ રોગ બહાર નિકળે છે. અને તે પાપનું પરિણામ હોઇ, તેને સમભાવ પૂર્વક સહન કરવું, એજ મનુષ્યને માટે ઉચિત છે. હાયવોય કરવાથી કંઇ વેદના શાન્ત થતી નથી, બલ્કિ વસ્તુતઃ તેજ હાયવોય નવા કર્મોને ઉપાર્જન કરાવે છે. આવીજ ભાવનાથી, જોકે શરીરના ધર્મ પ્રમાણે તે ગૂમડાની વેદના ઘણી થતી હતી, પરન્તુ સૂરિજી તેને સમભાવપૂર્વક સહનજ કરતા હતા. એવામાંજ વળી એક દિવસ એવું બન્યું કે-રાત્રે સૂરિજીએ સંથારો કર્યો, ત્યારે એક ગૃહસ્થ સૂરિજીની ભક્તિ કરવાને આવ્યો. બનવા કાળ કે-તે ગૃહસ્થના હાથમાં સોનાનો વેઢ હતો, અને તે વેઢની અણી પેલા ગૂમડાની અંદર પેસી ગઇ. આથી સૂરિજીને ક્ષતક્ષાર જેવું થયું. ગૂમડાની વેદનામાં કઇ ગુણો વધારો થયો. સૂરિજીનાં કપડાં લોહી વાળાં થઇ ગયાં. આટલું થવા છતાં સૂરિજીએ પોતાની જીભથી એમ ન કહ્યું કે-' અરે તેં આ શું કર્યું ?' સૂરિજીએ વિચાર્યું કે-'એમાં તે ગૃહસ્થનો શો દોષ છે ? મારે જેટલી વેદના ભોગવવાને નિર્માણ થયેલી હશે, તેને મિથ્યા કોણ કરી શકે તેમ છે ?' જો કે-પ્રાતઃકાલમાં સૂરિજીનાં કપડાં લોહીવાળાં જોઇને શ્રીસોમવિજયજીએ, તે શ્રાવક પ્રત્યે, કે જેના હાથથી આમ બનવા પામ્યું હતું, બહુ ખેદ પ્રકટ કર્યો, પરન્તુ સૂરિજીએ તો પ્રાચીન મહામુનિયોનાં દૃષ્ટાન્તો આપી કહ્યું કે-' તેઓના કષ્ટો આગળ આ કષ્ટ કઇ ગણતરીનું છે ? તેવાં મહાન્ કષ્ટોને તે મહાપયોએ સમભાવપૂર્વક સહન કરીને આત્મસાધન કરી લીધું. તો પછી આવું તુચ્છ-નજીવું કષ્ટ પણ આપણે ન સહન કરી શકીએ, એ કેટલો બધો ખેદનો વિષય કહી શકાય ? '

સૂરિજીમા રહેલા બીજા અનેક ગુણોની અપેક્ષા એક વિશેષ ગુણ ઘણોજ મહત્ત્વનો અને વધારે ધ્યાન ખેંચનારો હતો. તે ગુણ હતો **ગુણાનુરાગતાનો.** સૂરિજી આચાર્ય હતા. એથી અઢી હજાર સાધુઓ તેમની આજ્ઞામાં રહેવાવાળા હતા. લાખો જૈનોનું આધિપત્ય તેઓ ભોગવતા હતા અને મ્હોટા મ્હોટા રાજા–મહારાજાઓને પ્રતિબોધવાની શકિત ધરાવતા હતા. એટલે આટલી ઊંચી હદે પહોંચેલા હોવા છતાં તેઓમાં ગુણાનુરાગતાનો એવો ગુણ હતો કે–કોઇ પણ મનુષ્યમાં રહેલ ગુણની પ્રશંસા અને અનુમોદના કર્યા સિવાય તેઓ રહેતાજ નહિ.

સૂરિજીના સમયમાંજ અમરવિજયજી[1] નામના એક સાધુ હતા. તેઓ ત્યાગી, વૈરાગી અને મહાન્ તપસ્વી હતા. નિર્દોષ આહાર લેવા ઉપર તો એમનું એટલું બધું લક્ષ્ય હતું કે–ત્રણ ત્રણ ચાર ચાર દિવસના ઉપવાસ કરવા છતાં, જો શુદ્ધ આહાર ન મળતો, તો તે ઉપરા ઉપરિ ઉપવાસજ કરી દેતા. હીરવિજયસૂરિ તેમની ત્યાગવૃત્તિ ઉપર ખરેખર મુગ્ધજ થતા. એક વખત બધા સાધુઓ આહાર–પાણી કરવાને બેઠા, તે વખત હીરવિજયસૂરિએ શ્રીઅમર-વિજયજીને કહ્યુ–'મહારાજ આજ તો આપ આપના હાથથી મને આહાર આપો.' કેટલી બધી લઘુતા ! ગુણી પુરૂષો પ્રત્યે કેટલો બધો અનુરાગ ! એટલી ઊંચી હદે પહોંચવા છતાં છે લગારે અભિમાન ! ! અમરવિજયજીએ સૂરિજીના પાત્રમાં આહાર આપ્યો. એક મહાન્ પવિત્ર–તપસ્વી મહાપુરૂષના હાથથી આહાર લેવામાં સૂરીશ્વરજીને જે આનંદ થયો, એ ખરેખર અવર્ણનીય છે. સૂરિ-જીએ આજના દિવસને પોતાના ગણતરીના પવિત્ર દિવસો પૈકીનો એક માન્યો અને પોતાના આત્માને પણ તેઓ ધન્ય માનવા લાગ્યા.

સૂરિજીમા જેવી પરગુણગ્રાહકતા હતી, તેવીજ લઘુતા પણ હતી. આપણે સારી પેઠે જાણીએ છીએ કે—અકબરે જીવદયા સંબંધી અને તે સિવાયના બીજાં જે જે કામો કર્યાં, તે બધાં હીર-

૧ આ તે અમરવિજયજી છે કે–જેઓ, આ પુસ્તકના પૃ. ૨૧૧ ની નોટમા વર્ણવેલ પં. કમલવિજયજીના ગુરૂ થાય છે.

વિજયસૂરિનેજ આભારી છે. જો કે વિજયસેનસૂરિ, શાન્તિચંદ્રજી, ભાનુચન્દ્રજી અને સિદ્ધિચંદ્રજીએ બાદશાહ પાસે રહીને કેટલાંક કાર્યો કરાવ્યાં હતાં, પરન્તુ તે બધો પ્રતાપ તો હીરવિજયસૂરિનોજ કહી શકાય. કારણ કે તેમણે લાંબો કાળ બાદશાહ પાસે રહીને જે બીજ વાવ્યું હતું–બીજજ ન્હોતું વાવ્યું, પરન્તુ જેના અંકુરા પણ ઉગાડચા હતા–તેનાંજ તે ફળો હતાં. એટલે તે સંબંધી બધો યશ સૂરિજીનેજ છે. છતાં સૂરિજી તો એમજ સમજતા હતા કે 'મેં જે કંઇ કર્યું છે અથવા હું જે કંઇ કરૂં છું, તે મારી ફરજ ઉપરાન્ત કંઇજ નથી. બલ્કિ ફરજ પણ પૂરી અદા થઇ શકતી નથી.'

એક વખત એક શ્રાવકે પ્રસંગોપાત્ત સૂરિજીની સ્તુતિ કરતાં કહ્યું—"ધન્ય છે મહારાજ આપ જેવા શાસનપ્રભાવકને કે–આપે અકબર બાદશાહને પ્રતિબોધી એક વર્ષમાં છ મહીના સુધીની જીવહિંસા બંધ કરાવી અને શત્રુંજય વિગેરે તીર્થોના પટા કરાવી લીધા."

સૂરિજીએ કહ્યું—"ભાઇ ! અમારો તો ધર્મજ છે કે જગતના જીવોને સદ્માર્ગ ઉપર લાવવાને પ્રયત્ન કરવો. અમે તો માત્ર ઉપદેશ દેવાનાજ અધિકારી છીએ. તે ઉપદેશને અમલમાં મૂકવો કે ન મૂકવો, એ શ્રોતાઓના અધિકારની વાત છે. અમે જ્યારે ઉપદેશ આપીએ છીએ, ત્યારે કેટલાક તો સાવધ પણે સાંભળે છે, જ્યારે કેટલાક તો બેઠા બેઠા ઝોલાંજ ખાતા હોય છે, વળી કેટલાક અવ્યવસ્થિત ચિત્તે બેસી રહે છે, તો કેટલાક ચાલતા પણ થાય છે. એટલે હજારો માણસોને ઉપદેશ આપવામાં લાભ તો ગણ્યા ગાંઠયા માણસોનેજ થાય. અકબરે પણ જે કઇ કામ કર્યું, એ એનાં ચોખ્ખા દિલનુંજ પરિણામ છે. તેણે તે કામો ન કર્યાં હત, તો આપણો કંઇ જોર–જુલ્મ ન્હોતો. મેં જયારે પજૂસણના આઠ દિવસો માગ્યા, ત્યારે તેણે ખુશી થઇને બીજા ચાર દિવસો પોતાની તરફના ઉમેરીને બાર દિવસોનું ફરમાન કરી આપ્યું. આ એની સજ્જનતા નહિ તો બીજું શું કહી શકાય ? ખરી રીતે જોવા જઇએ તો માગનારની કીર્ત્તિ કરતાં આપનારની કીર્ત્તિ કઇ ગુણી વધારે હોય છે. મેં માગણી

કરી, એ મારી ફર્જ અદા કરી અને બાદશાહે કામ કર્યું, એ એણે ઉદારતા કરી છે. ફર્જ અદા કરવા કરતાં ઉદારતા કરવી, એ વધારે મહત્ત્વનું કાર્ય છે. વળી મારે સ્પષ્ટ કહેવું જોઇએ કે–બાદશાહે જે જે **અમારી પડહ** વગાડાવ્યા–જીવહિંસાઓ બંધ કરાવી અને ગુજરાતમા ચાલતો **જજીયા** નામનો જુલ્મી કર બંધ કરાવ્યો, એનું માન **શ્રીશાન્તિચંદ્રજીને** ઘટે છે, જ્યારે **શત્રુંજયાદિનાં** ફરમાનો મેળવવાનું કાર્ય **ભાનુચંદ્રજીને** આભારી છે. કારણ કે–તે તે કાર્યો તેમના ઉપદેશથી થયેલા છે ”

સૂરિજીનું કેટલુ સ્પષ્ટવક્તાપણું ! કેટલી બધી લઘુતા ! કેટલું નિરભિમાનપણુ ! ! ખરેખર ઉત્તમ પુરૂષોની ઉત્તમતા આવા ગુણોમાંજ સમાએલી છે.

સૂરિજીમાં ગુરૂભકિતનો ગુણ પણ પ્રશંસનીયજ હતો. ગુરૂની આજ્ઞાને તેઓ પરમાત્માની આજ્ઞા સમજતા હતા. એક વખત કોઇ એક ગામથી તેમના ગુરૂ **શ્રીવિજયદાનસૂરિએ** તેમના ઉપર (હીરવિજયસૂરિ ઉપર) પત્ર લખ્યો. તેમાં તેમણે લખ્યું કે–' આ પત્ર વાચતાં જેમ બને તેમ જલદી અહિં આવો. '

સૂરિજીને પત્ર મળ્યો કે તુર્તજ તેઓ રવાના થયા. બે દિવસના ઉપવાસનું આજે પારણું હતું. શ્રાવકોએ પારણું કર્યા પછી વિહાર કરવા માટે બહુ વિનતિ કરી, પરન્તુ તેમણે કોઇનું માન્યુંજ નહિ. 'ગુરૂદેવની આજ્ઞા મારે જલદી જવા માટે છે. માટે મારાથી એક ઘડી પણ રહી શકાય નહિ. ' એમ જણાવી તેઓ વિદાયજ થયા. બહુ જલદી અને એકાએક ગુરૂજીની પાસે પહોંચતાં ગુરૂને બહુ આશ્ચર્ય થયું. ' આટલા બધા જલદી કેમ આવી પહોગ્યા,' એમ જ્યારે ગુરૂએ પૂછ્યું, ત્યારે **સૂરિજીએ** જણાવ્યું–' આપની આજ્ઞા જલદી આવવા માટે હતી. એવી અવસ્થામા મારાથી એક ઘડી પણ કેમ વિલંબ કરી શકાય ? ' હીરવિજયસૂરિની આવી ગુરૂભકિત જોઇ તેમના ગુરૂ **વિજયદાનસૂરિને** બહુ પ્રસન્નતા થઇ. તેમાં પણ જ્યારે તેમણે એમ જાણ્યું કે–આ તો બે દિવસના ઉપવાસનું પારણું

કરવા–આહાર કરવા પણ ન રહ્યા, અને એકાએક વગર આહાર પાણી કર્યે નિકળીજ ગયા, ત્યારે તો વિજયદાનસૂરિની પ્રસન્નતાનો પારજ ન રહ્યો. ગુરૂની આજ્ઞાનું પાલન કરવામાં કેટલી ઉત્સુકતા ! કેટલી તત્પરતા ! ! આવા ગુરૂભકતો ગુરૂની સંપૂર્ણ કૃપા મેળવી સંસારમાં સર્વત્ર સુયશની સૌરભ ફેલાવે, એમાં નવાઇ જેવું શું છે ?

હીરવિજયસૂરિમાં ઉપર પ્રમાણેના ઉત્તમોત્તમ ગુણો હતા, અને ઉપદેશ દ્વારા હજારો મનુષ્યોનું કલ્યાણ કરવાને અવિશ્રાન્તશ્રમ ઉઠાવતા હતા. એટલે તેમનું જીવન તો ખરેખર સાર્થકજ હતું, છતાં પણ તેઓનું એ માનવું હતું—અને તે સત્યજ હતું કે–ગમે તેટલી બાહ્ય પ્રવૃત્તિ કરતાં આધ્યાત્મિક પ્રવૃત્તિ વધારે લાભ કર્ત્તા થઇ પડે છે. આધ્યાત્મિક પ્રવૃત્તિથી પ્રાપ્ત થયેલી હૃદયની પવિત્રતા, બાહ્ય પ્રવૃત્તિમાં ઘણું કામ કરી શકે છે. હૃદયની પવિત્રતા સિવાયનો લાખખાંડી બકવાદ પણ નકામો થઇ પડે છે. અને જેણે હૃદયની પવિત્રતા પ્રાપ્ત કરી છે, તેને વધારે બોલવાની પણ જરૂર રહેતી નથી. થોડાજ શબ્દોમાં બીજા ઉપર સચોટ અસર થવા પામે છે, એ હૃદયની પવિત્રતાનુંજ પરિણામ છે.

આપણા નાયક હીરવિજયસૂરિએ જેમ ઉપદેશાદિ બાહ્ય પ્રવૃત્તિથી પોતાનું જીવન સાર્થક કર્યું હતું, તેમ તેજ બાહ્યપ્રવૃત્તિને અથાગ સહાય આપનાર અથવા બીજા શબ્દોમાં કહીએ તો સ્વોપકાર કરવામાં પ્રધાન કારણભૂત–એવી આધ્યાત્મિક પ્રવૃત્તિને પણ તેમણે વિસારી ન્હોતી. તેઓ વખતોવખત એકાન્ત સ્થાનમાં કલાકોના કલાકો ધ્યાન કરતા. ઘણી વખત નિર્જનસ્થાનમાં જઈ તપેલી રેતી ઉપર બેસી આતાપના પણ લેતા, અને તેમાં પણ રાત્રિના પાછલા ભાગમાં, કે જે સમય યોગિયોને ધ્યાન કરવામાં અપૂર્વ ગણવામાં આવે છે, તે વખતે જાગૃત થઇ ધ્યાન કરવાની હમેશાંની પ્રવૃત્તિને તો કદાપિ છોડતા જ નહિં. સૂરિજીની આ આધ્યાત્મિક પ્રવૃત્તિથી લગભગ લોકો અજાણ્યાજ હતા. ત્યાં સુધી કે તેમની સાથે કાયમ રહેવાવાળા સાધુઓ પણ આ વાતને બહુ કમ જાણતા હતા.

હીરવિજયસૂરિ જ્યારે સીરોહીમાં હતા, ત્યારે એક દિવસ એવું બન્યું કે–સૂરિજી પાછલી રાત્રિએ જાગૃત થઇને હમેશાંની માફક ધ્યાનસ્થ થઇને ઉભા રહ્યા. બનવા કાળ કે–અવસ્થા અને શરીરની અશકિતના લીધે તેઓને ચકરી આવી, અને તે એકદમ જમીન ઉપર પડી ગયા. ધબાકો થતાંજ સાધુઓ જાગી ઉઠયા. તપાસ કરતાં માલૂમ પડયું કે સૂરિજીજ અશકિતના લીધે પડી ગયા છે. થોડીવારે સૂરિજીને શુદ્ધિ આવતાં સોમવિજયજીએ કહ્યુ–" મહારાજ સાહેબ ! આપની અવસ્થા થઇ છે, જૈનશાસનની ચિંતામાં ને ચિંતામાં આપે આપના શરીરને સુકાવી દીધું છે. શરીરમાં અશકિત વધી ગઇ છે. આવી અવસ્થામાં આપને આવી આભ્યન્તર ક્રિયાઓથી દૂર રહેવાય તો સારૂં. આપે પરમાત્માના શાસનને માટે અત્યાર સુધી જે કર્યું છે અને કરો છો, એ કંઇ ઓછું નથી. વળી આપના શરીરમાં વધારે શકિત રહેશે, તો આપ વધુ કાર્ય કરી શકશો અને અમારા જેવા અનેક જીવોનો ઉદ્ધાર પણ કરી શકશો."

સૂરીજીએ સોમવિજયજી આદિ સાધુઓને સમજાવતા કહ્યું–" ભાઇઓ ! તમે જાણોજ છો કે–આ શરીર ક્ષણભંગુર છે. કયારે વિનષ્ટ થશે, એનો ભરોસો નથી. આ અંધારી કોટડીમાં અમૂલ્ય રત્નો ભરેલાં છે, તેમાંથી જેટલાં કાઢી લીધાં, તેટલાંજ કામનાં છે. શરીરની દુર્જનતા તરફ તમે ધ્યાન આપશો તો તમને જણાશે કે–ગમે તેટલું ખવડાવી–પીવડાવીને તેને પુષ્ટ કરવામાં આવે, પરન્તુ અન્તતોગત્વા તો તે જૂઠુંજ થવાનું છે–અહિંજ રહેવાનું છે. તો પછી તેના ઉપર મમત્વ શો ? તેનાથી તો જેટલું બને તેટલું કામ કાઢી લેવુંજ સારૂં છે. વળી તમે એ પણ ધ્યાનમાં રાખશો કે હજારો કે લાખો મનુષ્યોને આધીન કરી શકાય છે, પરન્તુ આત્માને આધીન કરવો બહુ કઠિન કામ છે. અને જ્યારે આત્માને સ્વાધીન કર્યો, એટલે આખું જગત્ સ્વાધીનજ છે 'अप्पा जीए सव्वं जीअं' આત્મા જીત્યો એટલે સર્વ જીત્યું. જગત્‌ને જીતવામાં–મનુષ્યોના ઉપર પ્રભાવ પાડવામાં પણ આત્મા ઉપર કાબૂ મેળવવાની જરૂર છે. અને તે કાબૂ મેળવવાને

માટે આધ્યાત્મિક પ્રવૃત્તિ મનુષ્ય માત્રને માટે જરૂરની છે. આધ્યાત્મિક બળ, એ લાખો મનુષ્યોના બળ કરતાં કરોડો ગણું છે. લાખો મનુષ્યો જે કામ નથી કરી શકતા, તે એક આધ્યાત્મિક બળવાળો મનુષ્ય કરી શકે છે. ”

સૂરિજીનાં આ વચનો સાંભળી સાધુઓ તો સ્તબ્ધજ થઇ ગયા. તેઓ તો સૂરિજીના પ્રત્યુત્તર પછી એક શબ્દ પણ ન બોલી શકયા. બલ્કિ તેઓને એ વાતનું અત્યન્ત આશ્ચર્ય થયું કે–જગત્માં આટલી બધી પ્રતિષ્ઠા અને પૂજના હોવા છતાં સૂરિજીમાં આટલો બધો વૈરાગ્ય ! સાધુઓને સંભાળવામાં, લોકોને ઉપદેશ આપવામાં અને સમાજહિતનાં અનેકાનેક કાર્યો કરવામાં સતત શ્રમ લેવા છતાં, તે બાહ્ય પ્રવૃત્તિ પ્રત્યે આટલી બધી નિર્લેપતા !

ખરૂં અધ્યાત્મ તે આનું નામ. મન ઉપર કાબૂ મેળવવાના ઇરાદાથી–આત્માને જીતવાના અભિપ્રાયથી જેઓ અધ્યાત્મની પ્રવૃત્તિ રાખે છે, તેઓ અધ્યાત્મિપણાના **આડંબરથી** સર્વથા દૂરજ રહે છે. સાચા અધ્યાત્મિઓ આડંબરપ્રિય હોતાજ નથી, અને જ્યાં આડંબરપ્રિયતા છે, ત્યાં સાચું અધ્યાત્મ રહી શકતું નથી. ઇંદ્રિયોનું દમન, શરીર ઉપરની મૂર્છાનો ત્યાગ અને વૈરાગ્ય–એ ગુણો અધ્યાત્મિઓમાં હોવાજ જોઇએ. આ ગુણો સિવાય અધ્યાત્મમાં પ્રવૃત્તિ થઇ શકતીજ નથી. વર્તમાન જમાનાના કેટલાક શુષ્ક અધ્યાત્મિઓ પોતાને અધ્યાત્મિ હોવાનો દાવો તો કરતા ફરે છે, પરન્તુ જોવા જઇએ તો ઉપરના ગુણો પૈકીનો એક પણ ગુણ જોવામાં આવતો નથી. આવા અધ્યાત્મિઓને અધ્યાત્મી કહેવા અથવા માનવા, એ ઠગોને ઉત્તેજન આપવા બરાબર છે.

હીરવિજયસૂરિના જીવનની સાર્થકતાના સંબંધમાં હવે કંઇ વિશેષ કહેવા જેવું રહ્યું નથી. આધ્યાત્મિક પ્રવૃત્તિ અને ઉપદેશાદિ બાહ્ય પ્રવૃત્તિ–બન્ને રીતે તેઓનું જીવન જનતાને આશીર્વાદ રૂપ નિવડયું હતું. તે ઉપરાન્ત કર્મોના ક્ષયને માટે તપસ્યા પણ તેમણે કંઇ કમ કરી ન્હોતી. ટૂંકમાં કહીએ તો તેઓ જેમ એક ઉપદેશક

હતા, તેમ તપસ્વી પણ હતા. સ્વાભાવિક રીતે હીરવિજયસૂરિમાં ત્યાગવૃત્તિ વધારે હતી. હમેશાં માત્ર ગણી ગાંઠી બાર વસ્તુઓજ વાપરતા. છઠ્ઠ, અઠ્ઠમ, ઉપવાસ, આંબિલ, નીવિ અને એકાસણાદિ તપસ્યા તેઓ વાતની વાતમાં કરી દેતા. ઋષભદાસ કવિના કથન પ્રમાણે તેમણે પોતાની જિંદગીમાં જે તપસ્યા કરી હતી, તે આ છે:-

"એકાશી અઠ્ઠમ, સવાબસો છઠ્ઠ, છત્રીસસો ઉપવાસ, બે હજાર આબિલ અને બે હજાર નીવિ કરી હતી. આ સિવાય તેમણે વીસસ્થાનકની વીસવાર આરાધના કરી હતી. જેમાં ચારસો આંબિલ અને ચારસો ચોથ કર્યા. છૂટક છૂટક પણ ચારસો ચોથ કર્યા. વળી તેઓ સૂરિમંત્રનું આરાધન કરવા માટે ત્રણ મહીના સુધી ધ્યાનમાં રહ્યા હતા. તે ત્રણ મહીના તેમણે ઉપવાસ, આંબિલ, નીવિ અને એકાસણાં આદિમાંજ વ્યતીત કર્યા હતા. જ્ઞાનની આરાધના કરવા માટે પણ તેમણે બાવીસ મહીના સુધી તપસ્યા કરી હતી. ગુરૂતપમાં પણ તેમણે તેર મહીના છઠ્ઠ, અઠ્ઠમ, ઉપવાસ, આંબિલ અને નીવિ આદિમા વ્યતીત કર્યા હતા. એવીજ રીતે જ્ઞાન, દર્શન, અને ચારિત્રની આરાધનાનો અગિયાર મહીનાનો અને બારપ્રતિમાનો પણ તપ કર્યો હતો." વિગેરે.

આત્મશકિતઓનો વિકાસ એમ ને એમ થતો નથી. ખાવા-પીવાથી અને ઇંદ્રિયોના વિષયોમા લુબ્ધ રહેવાથીજ જો આત્મશકિત-ઓનો વિકાસ થતો હોય, તો દુનિયાના તમામ મનુષ્યો ન કરી શકે ? પરન્તુ તેમ નથી આત્મશક્તિનો વિકાસ કરવામાં—લાખો મનુષ્યો ઉપર પ્રભાવ પાડવાની શકિત પ્રાપ્ત કરવામા ઘણા પરિશ્રમની જરૂર પડે છે. પરમાત્મા મહાવીરદેવે આત્મશકિતનો સંપૂર્ણવિકાસ કયારે કર્યો ? બાર વર્ષ સુધી લાગટ ઘોર તપસ્યા કરી ત્યારે, ઇદ્રિ-યોના વિષયો તરફની આસકિત દૂર કર્યા સિવાય, બીજા શબ્દોમા કહીએ તો ઇચ્છાનો નિરોધ કર્યા સિવાય તપસ્યા થઇ શકતી નથી, અને તપસ્યા કર્યા સિવાય કર્મક્ષય થઇ શકતો નથી.અને એજ કાર-

ણથી, યદ્યપિ હીરવિજયસૂરિ જગત્ પર ઉપકાર કરવાનો મહાન્ પુરૂષાર્થ કરતા હતા, છતાં પણ આત્મશકિતના વિકાસને માટે તેમણે શકિત અનુસાર તપસ્યા પણ ઘણી કરીને જીવનની સાર્થકતા કરી હતી.


આ પ્રસંગે સૂરિજીની વિદ્વત્તાના સંબંધમાં પણ બે શબ્દોનો ઉલ્લેખ કરવો જરૂરનો છે. હીરવિજયસૂરિમાં વિદ્વત્તા પણ કંઇ સાધારણ ન્હોતી. જો કે-તેમણે બનાવેલા ગ્રંથો-**જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ ટીકા** અને **અંતરીક્ષપાર્શ્વનાથસ્તવ** વિગેરે થોડાકજ ઉપલબ્ધ થાય છે; પરન્તુ તેમણે કરેલાં કાર્યો તરફ દૃષ્ટિપાત કરતાં તેમની અસાધારણ વિદ્વત્તાના સંબંધમાં લગારે શંકા લાવવા જેવું રહેતું નથી. તે વખતના મ્હોટા મ્હોટા જૈનેતર વિદ્વાનોની સાથે ટક્કર ઝીલવામાં તથા આલમફાજલ સૂબાઓ અને ખાસ કરીને સમસ્ત ધર્મોનું તત્ત્વ શોધવામાં પોતાની આખી જિંદગી વ્યતીત કરનાર અકબર બાદશાહ ઉપર ધાર્મિક છાપ પાડવામાં સંપૂર્ણ સફળતા મેળવવી, એ સાધારણ જ્ઞાનવાળાથી નજ બની શકે, એ દેખીતી વાત છે. તેમ અકબરે પોતાની ધર્મસભાના પાંચ વર્ગો પૈકી પહેલા વર્ગમાં તેઓનેજ દાખલ કર્યા હતા, કે જેઓ અસાધારણ વિદ્વત્તા ધરાવતા હોય. હીરવિજયસૂરિ આ પહેલા વર્ગના સભાસદ હતા, એ વાત આપણે પ્રથમ જોઇ ગયેલા છીએ.

આ બધી બાબતો ઉપરથી એમ સહજ જાણી શકાય છે કે-હીરવિજયસૂરિ પ્રખર પાંડિત્ય ધરાવતા હતા.

હવે તેમના જીવન સંબંધી કંઇ પણ કહેવા જેવું રહ્યું નથી. જ્ઞાન-ધ્યાન-તપસ્યા-દયા-દાક્ષિણ્ય-લોકોપકાર-જીવદયાનો પ્રચાર અને એવી તમામ બાબતોથી આપણા ગ્રન્થનાયક હીરવિજયસૂરિજીએ પોતાના જીવનની સાર્થકતા કરી હતી. આવી રીતે જીવનની સાર્થકતા કરનારને મૃત્યુનો ભય ન હોય-ન રહે, એ તદ્દન બનવા જોગજ છે. તેઓને માટે મૃત્યુ, એ એક આનંદનો વિષય છે કે-જેને ખુશી ખુશીથી ભેટવાના હોય છે.

પ્રકરણ બારમું.

નિર્વાણ.



ગયાના આગલા પ્રકરણની અંતમાં આપણે જોઇ ગયા છીએ કે–હીરવિજયસૂરિ વિ. સં. ૧૬૫૧ નું ચાતુર્માસ પૂર્ણ કરીને ઊનાથી જ્યારે વિહાર કરવા લાગ્યા, ત્યારે તેઓનું શરીર અસ્વસ્થ હોવાના કારણે સંઘે વિહાર કરવા દીધો નહિ. અગત્યા સૂરિજીને ત્યાંજ રહેવું પડયું હતું.

જે રોગના કારણે સૂરિજીને પોતાનો વિહાર બંધ રાખવો પડયો, તે રોગે, વિહાર બંધ રાખવા છતાં શાન્તિ તો નજ પકડી. દિવસે દિવસે તે રોગ વધતોજ ગયો, ત્યાં સુધી કે પગે સોજા પણ ચઢી આવ્યા. શ્રાવકો ઔષધને માટે તમામ પ્રકારની સગવડ કરવા લાગ્યા; પરન્તુ સૂરિજીએ તેમ કરવાની ચોખ્ખી નાજ પાડી. તેમણે કહ્યુંઃ–' ભાઇઓ ! મારે માટે દવાની તમે જરા પણ ખટપટ કરશો નહિ. ઉદયમાં આવેલાં કર્મો સમભાવ પૂર્વક મારે ભોગવવાં, એજ મારો ધર્મ છે. આ રોગોથી ભરેલા અને વિનશ્વર શરીરને માટે અનેક પ્રકારનાં પાપવાળા કાર્યો કરવાં, એ મને વ્યાજબી લાગતું નથી. '

વિધિ–અપવાદને જાણનારા શ્રાવકોએ સૂરિજીને કેટલાંક શાસ્ત્રીય પ્રમાણો આપી એમ ઠસાવવા પ્રયત્ન કર્યો કે–અપવાદમાર્ગે આપના જેવા શાસનપ્રભાવક ગચ્છના નાયક સૂરીશ્વરને માટે રોગ નિવારણાર્થે કંઇ દોષ સેવવો પડે, તો તે શાસ્રયુક્તજ છે; પરન્તુ સૂરિજીએ તેમનું માન્યુંજ નહિ. સૂરિજી આ અપવાદ માર્ગથી

અજાણ્યા નહિ હતા. તેઓ શાસ્ત્રોના પારગામી હતા, ગીતાર્થ હતા અને મહાન્ અનુભવી હતા. એટલે તેમનાથી આ હકીકત અજાણી ન્હોતી; છતાં તેઓ સખ્ત નિષેધ કરતા હતા, એનું કારણ એજ હતું કે, તેઓના સમજવામાં ચોક્કસ આવ્યું હતું કે 'હવે મારૂં આયુષ્ય અલ્પ છે. હવે તો મારે બીજાં બાહ્ય ઉપચારો-ઔષધો કરતાં ધર્મૌષધિનું સેવનજ વિશેષતયા કરવું જોઇએ. થોડી જિંદગીને માટે એવા આરંભ-સમારંભવાળી દવાઓ કરવાની શી જરૂર છે.' બસ, આજ કારણથી તેઓ શ્રાવકોને નિષેધજ કરતા રહ્યા. શ્રાવકોને બહુ દુઃખ થયું. તેઓ બધા ઉપવાસ કરીને બેસી ગયા. 'સૂરિજી દવા નહિ કરવા દે, તો અમે તો કોઇ ભોજન કરવાના નથી.' આવો નિયમ કરીને બેસી ગયા. ઋષભદાસ કવિ તો ત્યાં સુધી કહે છે કે-સૂરિજીએ દવા નહિ કરવા દેવાથી જેમ ગૃહસ્થો ઉપવાસ કરીને બેસી ગયા, તેમ કેટલીક બાઇઓએ તો પોતાનાં બાળકોને ધવરાવવાં પણ બંધ કર્યાં. આખા ગામમાં હોહા મચી ગઇ. સૂરિજીના શિષ્યોને પણ બહુ લાગી આવ્યું. છેવટ સોમવિજયજીએ સૂરિજીને સમજાવતાં કહ્યું-'મહારાજ! આમ કરવાથી શ્રાવકોનાં મન સ્થિર રહેશે નહિ. જેમ આપ દવા કરવાની ના પાડો છો, તેમ શ્રાવકો અને શ્રાવિકાઓ નહિ ખાવા-પીવાની હઠ લઇને બેસી ગયાં છે; માટે આપે સંઘના માનની ખાતર પણ દવા કરવાની 'હા' પાડવી જરૂરની છે. પૂર્વ ઋષિયોએ પણ રોગો ઉપસ્થિત થતાં ઔષધોપચાર કરેલ છે, એ વાત આપનાથી અજાણી નથી. ભલે શુદ્ધ અને થોડું ઔષધ થાય, પરન્તુ કંઇક તો આપે છૂટ આપવીજ જોઇએ.'

સોમવિજયજીના વિશેષ આગ્રહથી પોતાની ઇચ્છાવિરૂદ્ધ પણ સૂરિજીએ દવા કરવાની છૂટ આપી. સંઘ ઘણો ખુશી થયો. સ્ત્રિઓ બાળકોને ધવરાવવા લાગી. સારા દક્ષ વૈદ્યે વિવેકપૂર્વક દવા શરૂ કરી અને દિવસે દિવસે વ્યાધિમાં કંઇક ઘટાડો થવા લાગ્યો. પરન્તુ શરીરશક્તિ એવી નજ થઇ કે જેથી કરીને તેઓ સુખે-સમાધે જ્ઞાન-ધ્યાન-ક્રિયામાં તત્પર રહી શકે.

હીરવિજયસૂરિના પ્રધાનશિષ્ય અને તેમની પાટના અધિકારી વિજયસેનસૂરિ આ વખતે અકબર બાદશાહની પાસે લાહોરમાં હતા. સૂરિજીને ગચ્છની સાર-સંબંધી વધારે ચિંતા રહ્યા કરતી હતી. 'વિજયસેનસૂરિ છે નહિં. તેઓ ઘણે દૂર છે. જો નજીક હત, તો બોલાવીને ગચ્છસંબંધી તમામ ભલામણ કરી દેતે.' આજ વિચારો તેમના હૃદયસાગરમાં વારંવાર ઉભરી આવતા હતા. છેવટે તેમણે આ વખત પોતાની પાસેના બધા સાધુઓને એકઠા કરી કહ્યું કે— 'જેમ બને તેમ જલદી વિજયસેનસૂરિ અહિં આવે, તેવો પ્રયત્ન કરો.'

સાધુઓએ વિચાર કરી બીજા કોઇ માણસને ન મોકલતાં ધનવિજયજીનેજ લાહોર તરફ રવાના કર્યા. ઘણી લાંબી ખેપો કરીને તેઓ બહુ જલદી લાહોર પહોંચ્યા અને સૂરિજીની બીમારી સબંધી તથા તેઓને સૂરિજી વારંવાર યાદ કરે છે, તે સંબંધી સમાચાર કહ્યા. વિજયસેનસૂરિ તેમના આ સમાચારથી બહુ ચિંતાતુર થયા. તેમના શરીરમાં એકાએક શિથિલતા આવી ગઇ. તેમના હૃદયમાં એકદમ ધ્રાસકો પડ્યો અને પગ ઢીલા થઇ ગયા. તેઓ એકદમ બાદશાહ પાસે ગયા અને સૂરિજીના વ્યાધિ સંબંધી અને પોતાને તેડાવવા સંબંધી વાત કરી. બાદશાહ આ વખતે રહેવા માટે આગ્રહ કરી શકે તેમ ન્હોતો. આ અનિવાર્ય કારણે તેમને ગુજરાત જવા માટે સમ્મતિ આપવીજ જોઇએ, એ વાત બાદશાહના હૃદયમાં આવી ગઇ, અને તેથી તેણે વિજયસેનસૂરિને ગુજરાતમાં જવાની સમ્મતિ આપી; તેમ પોતાના તરફની સૂરિજીને દુઆ કહેવાની પણ ભલામણ કરી.

विजयप्रशस्ति महाकाव्यના કર્ત્તાનો મત છે કે-'વિજયસેનસૂરિ, અકબર બાદશાહ પાસે નંદિવિજયજીને મૂકીને જ્યારે ગુજરાતમાં આવતાં મહિમનગરમાં આવ્યા, ત્યારે તેમને હીરવિજયસૂરિની બીમારી સંબંધી પત્ર મળ્યો હતો.'

ગમે તેમ હો, પરન્તુ હીરવિજયસૂરિની બીમારી વખતે તેઓ તેમની પાસે નહિં હતા અને તેમને જલદી આવવાને સૂચના કરવામાં આવી હતી, એમાં તો બે મત છેજ નહિં.

બીજી તરફ હીરવિજયસૂરિની વ્યાધિમાં જેમ વધારો થતો ગયો, તેમ તેઓને વિજયસેનસૂરિની અવિદ્યમાનતાના ખેદમાં પણ વધારોજ થતો ગયો. 'હજૂ સુધી તેઓ કેમ ન આવ્યા? જો આ વખતે તેઓ મારી પાસે હત, તો છેવટના પ્રસંગે અનશનાદિ ક્રિયા કરવામાં મને ઘણો ઉલ્લાસ થાત.' આજ વિચારો તેમને વારંવાર થયા કરતા.

ગમે તેટલા વિચારો થવા છતાં અને ગમે તેટલી ઉતાવળ કરવા છતાં, મનુષ્યજાતિથી જેટલું ચલાતું હોય, તેટલુંજ ચલાય છે. મનુષ્યોને કંઇ પાંખો નથી હોતી, કે જેથી ઉડીને ઇચ્છિત સ્થાને જઇ શકાય. તેમ વિજયસેનસૂરિ એક જૈન સાધુ હોઇ એ પણ એમનાથી બને તેમ ન્હોતું કે–અકબર બાદશાહના ખાસા કોઇ પવનવેગી ઘોડા પર સવાર થઇને એકદમ લાહોરથી ઊના જઇ શકે.

હીરવિજયસૂરિ વિજયસેનસૂરિને આવવાની જેટલી પ્રતીક્ષા કરી રહ્યા હતા, તેટલીજ બલ્કિ તેથી પણ વધારે વિજયસેનસૂરિ હીરવિજયસૂરિની સેવામાં જલદી પહોંચવાની ઉત્કટ ઇચ્છા રાખતા હતા. પરન્તુ કરે શું? ઘણા દિવસો વ્યતીત થઇ જવા છતાં વિજયસેનસૂરિ આવી પહોંચ્યા નહિં, ત્યારે સૂરિજીએ એક દિવસ બધા સાધુઓને એકઠા કરી કહ્યું કે—

"વિજયસેનસૂરિ હજૂ સુધી આવ્યા નહિ. હું ચાહતો હતો કે–તેઓ મને છેવટની ઘડીએ મળ્યા હત, તો સમાજસંબંધી કંઇક ભલામણ કરત. ખેર, હવે મને મારૂં આયુષ્ય ટૂંકું લાગે છે, માટે તમારી બધાઓની સમ્મતિ હોય, તો હું આત્મકાર્ય સાધવાને કંઇ યત્ન કરૂં."

હીરવિજયસૂરિનાં આ વચનો સાંભળી સાધુઓ ગળગળા થઇ ગયા. સોમવિજયજીએ કહ્યું–"મહારાજ આપ લગાર પણ ચિંતા ન કરો. આપે તો આવા વિષમકાળમાં પણ આત્મસાધન કરવામાં કંઇ કચાસ રાખી નથી. ત્યાગ, વૈરાગ્ય, તપસ્યા, ધ્યાન અને ક્ષાન્ત્યાદિ ગુણો તથા અસંખ્ય જીવોને અભયદાન આપવા–અપાવવા વડે કરીને આપે તો આપના જીવનની સાર્થકતા કરીજ લીધી છે. આપ બેફિકર રહો, આપને બહુ જલદી આરામ થઇ જશે અને વિજયસેનસૂરિ પણ જલદીજ આપની સેવામાં આવી પહોચશે."

સૂરિજીએ આના ઉત્તરમાં વધારે ન કહેતાં માત્ર એટલુંજ કહ્યું:– "તમે કહો છો તે ઠીક છે, પરન્તુ ચોમાસુ બેસી ગયું છે અને હજૂ સુધી વિજયસેનસૂરિ આવ્યા નહિં. ન માલૂમ તેઓ કયારે આવશે ?"

સોમવિજયજીએ પુનઃ એજ કહ્યું–"મહારાજ ! આપ બહુ જલદી નિરાબાધ થઇ જશો અને વિજયસેનસૂરિ પણ શીઘ્ર આવી પહોંચશે."

એમ સમજાવતાં સમજાવતાં પજૂસણ સુધી દિવસો કાઢી નાખ્યા. એ નવાઇ જેવી હકીકત છે કે–આવી અવસ્થામાં પણ સૂરિજીએ પોતે પજૂસણમાં કલ્પસૂત્રનું વ્યાખ્યાન વાંચ્યું હતું. પરન્તુ વ્યાખ્યાન વાંચવાના પરિશ્રમથી તેમનું શરીર વધારે શિથિલ થઇ ગયું. પજૂસણ પૂરાં થયાં અને સૂરિજીને પોતાના શરીરમાં વધારે શિથિલતા જણાઇ, ત્યારે તેમણે ભાદરવા સુદી ૧૦ (વિ. સં. ૧૬૫૨) ના દિવસે મધ્યરાત્રિએ પોતાની સાથેના વિમલહર્ષ ઉપાધ્યાય વિગેરે તમામ સાધુઓને એકઠા કરી કહેવા લાગ્યા:—

"મુનિવરો, મેં મારા જીવનની આશા હવે છોડી દીધી છે, ઠીકજ છે, જન્મે છે તે અવશ્ય મરેજ છે વ્હેલા કે મોડા–બધાઓને તે માર્ગ લેવાનો છે. તીર્થંકરો પણ આ અટલ સિદ્ધાન્તથી છૂટી શકયા નથી. અરે, આયુષ્યને ક્ષણમાત્ર વધારવાને પણ કોઇ સમર્થ

થઇ શકતું નથી. માટે તમે લગાર પણ ઉદ્વેગ કરશો નહિ. વિજયસેનસૂરિ અહિં હત, તો હું તમારા–બધાઓ માટે યોગ્ય ભલામણ કરત. કલ્યાણવિજય ઉપાધ્યાય પણ છેવટે મળ્યા નહિ. ખેર, હવે હું તમને જે કંઇ કહેવા માગું છું તે એ છે કે—તમે કોઇ પણ જાતની ચિંતા કરશો નહિ. તમારી બધીએ આશાઓ વિજયસેનસૂરિ પૂર્ણ કરશે. તેઓ શૂરવીર, સત્યવાદી અને શાસનના પૂર્ણ પ્રેમી છે. હું તમને ભલામણ કરૂં છું કે–જેવી રીતે તમે બધા મને માનો છો, તેવીજ રીતે તેમને પણ માનજો અને તેમની સેવા કરજો. તેઓ પણ તમારૂં પુત્રની માફક પાલન કરશે. તમે બધા સંપીને રહેજો અને જેમ શાસનની શોભા વધે તેમ વર્તાવ કરજો. ખાસ કરીને વિમલહર્ષ ઉપાધ્યાય અને સોમવિજયજીને જણાવું છું કે–તમે છેવટ સુધી મને બહુ સંતોષ આપ્યો છે. તમારાં કાર્યોથી મને બહુ પ્રસન્નતા થયેલી છે. હું તમને પણ અનુરોધ કરૂં છું કે–તમે શાસનની શોભા વધારજો, અને આખો સમુદાય જેમ સંપીને રહે છે, તેવી રીતે કાયમને માટે રહે, તેવો પ્રયત્ન કરજો. ”

સાધુઓને ઉપર પ્રમાણે શિખામણો આપી સૂરિજી પોતાના જીવનમાં લાગેલાં પાપોની આલોચના અને સમસ્ત જીવો પ્રત્યે ક્ષમાપના કરવા લાગ્યા. જે વખતે તેઓ સાધુઓ પ્રત્યે ક્ષમાવવા લાગ્યા, ત્યારે સાધુઓનાં હૃદયો ભરાઇ આવ્યાં. તેમની આંખોમાંથી અશ્રુ વહેવા લાગ્યાં. કંઠ રૂંધાઇ ગયો. આવી સ્થિતિમાં સોમવિવિજયજીએ સૂરિજીને કહ્યુઃ–“ ગુરૂદેવ ! આપ આ બાળકોને શાના ખમાવો છો ? આપે તો અમને પ્યારા પુત્રોની માફક પાળ્યા છે, પુત્રોથી પણ અધિક ગણીને અમારી સાર સંભાળ રાખી છે. તેમ અજ્ઞાનરૂપી અંધકારમાંથી હાથ પકડીને અમને પ્રકાશમાં લાવી મૂક્યા છે. આટલો બધો અનહદ ઉપકાર કરનાર આપ–પૂજ્ય અમને ખમાવો, એથી અમને તો બહુ લાગી આવે છે. અમે આપના અજ્ઞાની–અવિવેકી બાળકો છીએ. ડગલે ને પગલે અમારાથી આપનો અવિનય થયો હશે, વખતો વખત અમારા નિમિત્તે આપનું હૃદય

દુભાયું હશે. તે બધાઓની અમે આપની પાસે ક્ષમા યાચીએ છીએ. પ્રભો ! આપ તો ગુણના સાગર છો. આપ જે કંઇ કરતા આવ્યા છો, તે અમારા ભલાની ખાતરજ–છતાં આપના ગંભીર આશયને નહિ સમજી, ઘણી વખત મનથી પણ આપના અભિપ્રાયથી વિરૂદ્ધ ચિંતવન થયું હશે. એ બધા ગુન્હાઓ આપ માફ કરશો. ગુરૂદેવ ! વધારે શું કહીએ ? અમે અજ્ઞાની અને અવિવેકી છીએ. અતએવ મન–વચન–કાયાથી જે કંઇ આપનો અવિનય–અવિવેક કે આશાતના થયાં હોય, તેની આપ ક્ષમા આપશો."

સૂરિજીએ કહ્યું–" મુનિવરો ! તમારૂં કહેવું ખરૂં છે. પરન્તુ મારે પણ તમને ખમાવવા એ મારો આચાર છે. ભેગા રહેવામાં વખતે કોઇને કંઇ કહેવું પડે, અને તેનું મન દુભાય, એ સ્વાભાવિકજ છે. માટે હું પણ તમને બધાઓને ખમાવું છું. "

એ પ્રમાણે સમસ્ત જીવોને ખમાવ્યા પછી સૂરિજીએ પાપની આલોચના કરી અને અરિહંત, સિદ્ધ, સાધુ અને ધર્મ–એ ચાર શરણોનો આશ્રય કર્યો.

સૂરિજી, બધી બાબતો તરફથી પોતાના ચિત્તને હઠાવી લઇ પોતે પોતાના જીવનમાં આચરેલ શુભકાર્યો–વિનય, વૈયાવચ્ચ, ગુરૂભક્તિ, ઉપદેશ, તીર્થયાત્રા અને એવાં બીજાં કાર્યોની અનુમોદના કરવા લાગ્યા. ઢંઢણ, દૃઢપ્રહારી, અરણિક, સનત્કુમાર, ખંધકકુમાર, કૂરગડુ, ભરત, બાહુબલી, બલિભદ્ર, અભયકુમાર, શાલિભદ્ર, મેઘકુમાર અને ધન્ના વિગેરે પૂર્વ ઋષિઓની તપસ્યા અને તેમની કષ્ટોને સહન કરવાની શક્તિનું સ્મરણ કરવા લાગ્યા. તે પછી નવકાર મંત્રનું ધ્યાન કરી દશ પ્રકારની આરાધના કરી.

થોડો વખત સૂરિજી મૌન રહ્યા. તેમના ચેહરા ઉપરથી જણાતું હતું કે, તેઓ કોઇ ગંભીર ધ્યાનસાગરમાં નિમગ્ન છે. ચારે તરફ ઘેરાઇને બેઠેલા મુનિયો સૂરિજીના મુખારવિંદની સ્હામે ટગર

થઇ શકતું નથી. માટે તમે લગાર પણ ઉદ્વેગ કરશો નહિ. વિજયસેનસૂરિ અહિં હત, તો હું તમારા–બધાઓ માટે યોગ્ય ભલામણ કરત. કલ્યાણવિજય ઉપાધ્યાય પણ છેવટે મળ્યા નહિ. ખેર, હવે હું તમને જે કંઇ કહેવા માગું છું તે એ છે કે—તમે કોઇ પણ જાતની ચિંતા કરશો નહિ. તમારી બધીએ આશાઓ વિજયસેનસૂરિ પૂર્ણ કરશે. તેઓ શૂરવીર, સત્યવાદી અને શાસનના પૂર્ણ પ્રેમી છે. હું તમને ભલામણ કરૂં છું કે–જેવી રીતે તમે બધા મને માનો છો, તેવીજ રીતે તેમને પણ માનજો અને તેમની સેવા કરજો. તેઓ પણ તમારૂં પુત્રની માફક પાલન કરશે. તમે બધા સંપીને રહેજો અને જેમ શાસનની શોભા વધે તેમ વર્તાવ કરજો. ખાસ કરીને વિમલહર્ષ ઉપાધ્યાય અને સોમવિજયજીને જણાવું છું કે–તમે છેવટ સુધી મને બહુ સંતોષ આપ્યો છે. તમારાં કાર્યોથી મને બહુ પ્રસન્નતા થયેલી છે. હું તમને પણ અનુરોધ કરૂં છું કે–તમે શાસનની શોભા વધારજો, અને આખો સમુદાય જેમ સંપીને રહે છે, તેવી રીતે કાયમને માટે રહે, તેવો પ્રયત્ન કરજો. ”

સાધુઓને ઉપર પ્રમાણે શિખામણો આપી સૂરિજી પોતાના જીવનમાં લાગેલાં પાપોની આલોચના અને સમસ્ત જીવો પ્રત્યે ક્ષમાપના કરવા લાગ્યા. જે વખતે તેઓ સાધુઓ પ્રત્યે ક્ષમાવવા લાગ્યા, ત્યારે સાધુઓનાં હૃદયો ભરાઇ આવ્યાં. તેમની આંખોમાંથી અશ્રુ વહેવા લાગ્યાં. કંઠ રૂંધાઇ ગયો. આવી સ્થિતિમાં સોમવિ-વિજયજીએ સૂરિજીને કહ્યુઃ–“ ગુરૂદેવ ! આપ આ બાળકોને શાના ખમાવો છો ? આપે તો અમને પ્યારા પુત્રોની માફક પાળ્યા છે, પુત્રોથી પણ અધિક ગણીને અમારી સાર સંભાળ રાખી છે. તેમ અજ્ઞાનરૂપી અંધકારમાંથી હાથ પકડીને અમને પ્રકાશમાં લાવી મૂક્યા છે. આટલો બધો અનહદ ઉપકાર કરનાર આપ–પૂજ્ય અમને ખમાવો, એથી અમને તો બહુ લાગી આવે છે. અમે આપના અજ્ઞાની–અવિવેકી બાળકો છીએ. ડગલે ને પગલે અમારાથી આપનો અવિનય થયો હશે, વખતો વખત અમારા નિમિત્તે આપનું હૃદય

દુભાયું હશે. તે બધાઓની અમે આપની પાસે ક્ષમા યાચીએ છીએ. પ્રભો ! આપ તો ગુણના સાગર છો. આપ જે કંઇ કરતા આવ્યા છો, તે અમારા ભલાની ખાતરજ—છતાં આપના ગંભીર આશયને નહિ સમજી, ઘણી વખત મનથી પણ આપના અભિપ્રાયથી વિરૂદ્ધ ચિંતવન થયું હશે. એ બધા ગુન્હાઓ આપ માફ કરશો. ગુરૂદેવ ! વધારે શું કહીએ ? અમે અજ્ઞાની અને અવિવેકી છીએ. અતએવ મન-વચન-કાયાથી જે કંઇ આપનો અવિનય-અવિવેક કે આશાતના થયાં હોય, તેની આપ ક્ષમા આપશો."

સૂરિજીએ કહ્યું-" મુનિવરો ! તમારૂં કહેવું ખરૂં છે. પરન્તુ મારે પણ તમને ખમાવવા એ મારો આચાર છે. ભેગા રહેવામાં વખતે કોઇને કંઇ કહેવું પડે, અને તેનું મન દુભાય, એ સ્વાભાવિકજ છે. માટે હું પણ તમને બધાઓને ખમાવું છું. "

એ પ્રમાણે સમસ્ત જીવોને ખમાવ્યા પછી સૂરિજીએ પાપની આલોચના કરી અને અરિહંત, સિદ્ધ, સાધુ અને ધર્મ-એ ચાર શરણોનો આશ્રય કર્યો.

સૂરિજી, બધી બાબતો તરફથી પોતાના ચિત્તને હઠાવી લઇ પોતે પોતાના જીવનમાં આચરેલ શુભકાર્યો-વિનય, વૈયાવચ્ચ, ગુરૂભક્તિ, ઉપદેશ, તીર્થયાત્રા અને એવાં બીજાં કાર્યોની અનુમોદના કરવા લાગ્યા. ઢંઢણ, દૃઢપ્રહારી, અરણિક, સનત્કુમાર, ખંધકકુમાર, કૂરગડુ, ભરત, બાહુબલી, બલિભદ્ર, અભયકુમાર, શાલિભદ્ર, મેઘકુમાર અને ધન્ના વિગેરે પૂર્વ ઋષિઓની તપસ્યા અને તેમની કષ્ટોને સહન કરવાની શક્તિનું સ્મરણ કરવા લાગ્યા. તે પછી નવકાર મંત્રનું ધ્યાન કરી દશ પ્રકારની આરાધના કરી.

થોડો વખત સૂરિજી મૌન રહ્યા. તેમના ચેહરા ઉપરથી જણાતું હતું કે, તેઓ કોઇ ગંભીર ધ્યાનસાગરમાં નિમગ્ન છે. ચારે તરફ ઘેરાઇને બેઠેલા મુનિયો સૂરિજીના મુખારવિંદની સ્હામે ટગર

ટગર જોઇ રહેલ છે. અને એવી પ્રતીક્ષા કરી રહ્યા છે કે–હમણાં ગુરૂદેવ કંઇક બોલશે. જ્યારે સેંકડો સ્ત્રીપુરૂષો સૂરિજીની પૂજા કરી જુદા જુદા સ્થાનોમાં ઉદાસીનતા પૂર્વક બેસી જાય છે.

આજે ભાદરવા સુદિ ૧૧ (વિ. સં. ૧૬૫૨) નો દિવસ છે. સંધ્યાકાલ થવા આવ્યો. સૂરિજી અત્યારસુધી ધ્યાનમાં મગ્ન હતા. સાધુઓ તેમના મુખકમલને નિહાળી રહ્યા હતા. અકસ્માત્ સૂરિજીએ આંખ ઉઘાડી. પ્રતિક્રમણનો વખત થયેલો જોયો. પોતે સાવધ થઇને બધા સાધુઓને પોતાની પાસે બેસાડી પોતે પ્રતિક્રમણ કરાવ્યું. પ્રતિક્રમણ પૂરૂં થયા પછી સૂરિજીએ છેલ્લા શબ્દો ઉચ્ચારતાં કહ્યું:–

"ભાઇઓ! હવે હું મારા કાર્યમાં લીન થાઉં છું. તમે કોઇ કાયર થશો નહિં. ધર્મકાર્ય કરવામાં શૂરવીર રહેજો." એટલું બોલતાં બોલતાં સૂરિજીએ સિદ્ધનું ધ્યાન કર્યું. સૂરિજીની વાણી બંધ થતાં 'મારૂં કોઇ નથી,' 'હું કોઇનો નથી,' 'મારો આત્મા જ્ઞાન–દર્શન–ચારિત્રમય છે,'–'સચ્ચિદાનંદમય છે,' 'મારો આત્મા શાશ્વત છે.' 'હું શાશ્વત સુખનો માલિક થાઉં.' 'બીજા બધા બાહ્યભાવોને વોસરાવું છું.' તેમ 'આહાર, ઉપાધિ અને આ તુચ્છ શરીરને પણ વોસરાવું છું.' આ વચનો કાઢી સૂરિજી ચાર શરણાંનું સ્મરણ કરવા લાગ્યા. આ વખતે સૂરિજી પદ્માસને બિરાજમાન થયા. હાથમાં નવકારવાળી લઇ જાપ કરવા લાગ્યા. ચાર માળા પૂરી કરીને જ્યારે પાંચમી માળા ગણવા જતા હતા, કે તુર્ત તે માળા હાથમાંથી નીચે પડી ગઇ. લોકોમાં હાહાકાર મચી ગયો જગતનો હીરો આજ ક્ષણે આ માનુષી દેહને છોડી ચાલતો થયો. સુરલોકમાં હીરની પધરામણી થતાં સુરઘંટાનો નાદ થયો. ત્યારે ભારતવર્ષમાં ગુરૂવિરહનું ભયંકર વાદળ છવાઇ ગયું.

હીરવિજયસૂરિનો નિર્વાણ થતાં સર્વત્ર હાહાકાર મચી ગયો. ઊનાના સંઘે આ ખેદકારક સમાચાર ગામેગામ પહોંચાડવા માટે કાસદીઆઓને રવાના કર્યા. જે જે ગામોમાં આ દુઃખદ સમાચાર માલૂમ પડ્યા, તે તે ગામોમાં સર્વત્ર શોક પ્રસરી ગયો. ગામેગામ હડતાલો પડવા લાગી. કોણ હિંદુ કે કોણ મુસલમાન, કોણ જૈન કે કોણ બીજા–દરેકને આ માઠા સમાચારથી અત્યન્ત દુઃખ થયું. જે બે પુરૂષ રત્નોની વિદ્યમાનતાથી ભારતવર્ષની રાષ્ટ્રીય અને ધાર્મિક સ્થિતિમાં ઘણોજ સુધારો થવા પામ્યો હતો, અને જેઓના લીધે ભારતવર્ષની પ્રજા કંઇક સુખના દિવસો જોવા પામી હતી, તેમાંનું એક રત્ન ગુમ થવાથી કોને દુઃખ ન થાય ? તેની ન પૂરી શકાય તેવી પડેલી ખોટથી કોના હૃદયમાં આઘાત ન પહોંચે ?

બીજી તરફ સૂરિજીની અન્ત્યક્રિયાને માટે ઊના અને દીવનો સંઘ તૈયારી કરવા લાગ્યો. તેમણે તેરખંડવાળી એક માંડવી તૈયાર કરી. જે માંડવી કથીપો, મખમલ અને મશરૂથી મઢવામાં આવી, આ માંડવીને મોતીનાં ઝૂમખાં, રૂપાના ઘંટા, સોનાની ઘૂઘરિયો, છત્ર, ચામર, તોરણ અને ચારે તરફ અનેક પ્રકારની ફરતી પૂતળીયોથી એવી તો મનોહર શણગારવામાં આવી કે–ખાસા એક દેવ વિમાનને પણ ભૂલાવી દે તેવી બની. કહેવાય છે કે આ માંડવીને બનાવવામાં બે હજાર લ્યાહરીનો ખર્ચ થયો હતો. અને તે સિવાય અઢી હજાર લ્યાહરી બીજી લાગી હતી.

કેશર, ચંદન અને ચૂઆથી સૂરિજીના શરીરને લેપ કરવામાં આવ્યો. અને તે પછી તે શબને માડવીમાં પધરાવવામા આવ્યું. ઘંટાનાદ થવા લાગ્યા. વાજિત્રો વાગવા લાગ્યાં. મ્હોટા મ્હોટા પુરૂષોએ માડવી ઉઠાવી. જય જય નંદા ! જય જય ભદ્દા ! ના અદ્વિતીય નાદોથી ગગનમંડલ ગાજી ઉઠ્યું. હજારો લોકો પોતપોતાની શ્રદ્ધા પ્રમાણે રૂપિયા, પૈસા અને બદામ વિગેરે વસ્તુઓ ઉછાળવા લાગ્યા માર્ગમાં ઠેકાણે ઠેકાણે પુષ્પોની વૃષ્ટિ થવા લાગી. આબાલ–

ગોપાલ તમામ સ્ત્રી પુરૂષો મકાનોના માળાઓ અને છજાં ઉપર ઉભા રહીને ભાવપૂર્વક વંદન કરવા લાગ્યા. સૂરિજીની માંડવીની પાછળ ચાલનારા હજારો માણસોમાં કોઇ ઘંટાનાદ કરતા તો કોઇ અબીર ઉછાળતા. એ પ્રમાણે ગામના મોટા લતાઓમાં ફરીને ગામથી બહાર એક આંબાવાડીમાં આવ્યા. અહિં નિર્જીવ ભૂમિમાં ઉત્તમ જાતના ચંદનની ચિતા ખડકવામાં આવી. સૂરિજીના શબને તેમાં પધરાવ્યું. પરન્તુ આગ મૂકવાની કોઇની હિંમત ચાલતી નથી. લોકોનાં હૃદયો પાછાં ભરાઇ આવ્યાં. દરેક સૂરિજીની મુખમુદ્રા સામે જોઇને ચિત્રવત્ સ્થિર થઇ ગયા. આંખમાંથી ચોધારાં આંસુ વહેવા લાગ્યાં. લોકો રૂદ્ધકંઠથી કહેવા લાગ્યાઃ–“ હે ગુરૂરાજ! આપ અમને મધુરદેશના આપો. હે હીર ! આપ ધર્મનો વિચાર પ્રકાશિત કરો. આટલા આટલા આપના સેવકો કલ્પાંત કરી રહ્યા છે, છતાં આપ કેમ બોલતા નથી. અરે ગુરૂદેવ ! આ વખતે અમારા મસ્તક ઉપર આપનો પવિત્ર હાથ સ્થાપન કરી અમને નિર્ભય બનાવો અરે પ્રભો ! આપે એકાએક આ શું કર્યું ? અમોને રઝળતા મૂકીને આપ ક્યાં ગયા ? અમે કોનાં દર્શન કરીને હવે પવિત્ર થઇશું ? આપ સિવાય હવે અમારા સંદેહોને કોણ દૂર કરશે ? હે દીનદયાળ ! તે મીઠી વાણીનો આસ્વાદ હવે કોનાથી લઇશું ? અમારા જેવા સંસારમાં ફસેલા પ્રાણિયોનો ઉદ્ધાર હવે કોણ કરશે ? ”

આમ તમામ મનુષ્યો કલ્પાંત કરવા લાગ્યા. છેવટ હૃદયને કઠિન કરી હા ! હા ! કારની કારમીચીસ પૂર્વક ચિતામાં આગ મૂકવામાં આવી. આ ચિતામા પંદર મણ સૂખડ, ત્રણ મણ અગર, ત્રણ શેર કપૂર, બશેર કસ્તૂરી અને ત્રણ શેર કેશર નાખવામાં આવ્યું. તેમ પાચશેર ચૂઓ બાળવામાં આવ્યો.

બસ, હીરનું માનુષી શરીર ભસ્મસાત્ થઇ ગયું. હવે હીરનું યશઃશરીર માત્ર આ સંસારમા કાયમ રહ્યુ એકંદર હીરસૂરિના શરીરનો સંસ્કાર કરતાં સાત હજાર લ્યાહરીનો વ્યય થયો. સમુદ્રના

આખા કિનારે અમારી પળાવવામાં આવી. કોઇ જાળ ન નાખે, એવો બંદોબસ્ત થયો. વળી ગુરૂવિરહથી વિરહી બનેલા તમામ સાધુઓ ત્રણ ત્રણ દિવસના ઉપવાસો કરી બેસી ગયા. અગ્નિસંસ્કાર કરીને તમામ શ્રાવકોએ દેરાસરમાં આવી દેવવંદન કર્યું, અને પછી સાધુઓનો વૈરાગ્યમય ઉપદેશ શ્રવણ કરી સૌ પોત પોતાને ઘરે ગયા.

જે બગીચામાં હીરવિજયસૂરિનો અગ્નિસંસ્કાર કરવામાં આવ્યો હતો, તે બગીચો અને તેને લગતી બાવીસ વીઘા[1] જમીન અકબર બાદશાહે જૈનોને બક્ષીસ આપી હતી. આજ બગીચામાં દીવની બાઇ લાડકીએ એક મ્હોટો સ્તૂપ બનાવી, તે ઉપર હીરવિજયસૂરિનાં પગલાં[2] સ્થાપન કર્યાં.

×   ×   ×   ×

હીરવિજયસૂરિના નિર્વાણ પછી પંદર દિવસે કલ્યાણવિજય ઉપાધ્યાય ઊને આવ્યા. તેઓને સૂરિજીના સ્વર્ગવાસના સમાચાર સાભળતાંજ મહાન્ ખેદ થયો. સૂરિજીના અદ્વિતીય ગુણો વારંવાર યાદ આવવા લાગ્યા અને જેમ જેમ તે ગુણો યાદ આવતા, તેમ તેમ તેમનું હૃદય ભરાઇ આવતું અને અત્યન્ત શોક થતો. કલ્યાણવિજયજીને અનેક શબ્દોથી શ્રાવકોએ અને સાધુઓએ સમજાવી શાન્ત કર્યા પછી, તેમણે સ્તૂપ ઉપર સ્થાપન કરેલ સૂરિજીનાં પગલાંની વંદના કરી.

---

૧ જૂઓ હીરસૌભાગ્યકાવ્ય સર્ગ ૧૭, શ્લોક ૧૯૫, પૃ ૯૦૯.

૨ આ પગલાં અત્યારે પણ મૌજૂદ છે તેના ઉપરના લેખથી જણાય છે કે—આ પગલાંની પ્રતિષ્ઠા વિ. સં. ૧૬૫૨ ના કાર્તિકવદિ ૫ બુધવારના દિવસે વિજયસેનસૂરિએ કરી હતી. લેખમાં સૂરિજીના નિર્વાણની તિથિ (ભાદરવા સુદિ ૧૧) પણ આપવામાં આવેલી છે તેમ હીરવિજયસૂરિએ કરેલાં કેટલાંક મ્હોટાં મ્હોટાં કાર્યોનો ઉલ્લેખ પણ કરવામાં આવ્યો છે આ લેખ 'શ્રી અજારાપાર્શ્વનાથજી પંચતીર્થીમહાત્મ્ય અને જીર્ણોદ્ધારનો દ્વિતીય રીપોર્ટ' નામની બુકના પૃ. ૩૪ માં અક્ષરશ: પણ પડેલો છે.

બીજી તરફ લાહોરથી રવાના થયેલ વિજયસેનસૂરિ હીરવિજયસૂરિના નિર્વાણ દિવસે ક્યાં સુધી આવી પહોંચ્યા છે, તેની કોઇને ખબર ન્હોતી, તેમ વિજયસેનસૂરિ પણ જેમ બને તેમ જલદી કોઇપણ સ્થળે રોકાયા સિવાય એક પછી એક ગામો અને નગરોમાં થતા એવી ઉત્કૃષ્ટ ઇચ્છાથી ઊના તરફ આવતા હતા કે–ક્યારે ગુરૂદેવના ચરણમાં મારા મસ્તકને મૂકી આત્માને પવિત્ર કરૂં. પરન્તુ ભાવી પદાર્થ આગળ કોનું શું ચાલી શકે ? ગમે તેટલી ઉતાવળ કરવા છતાં વિજયસેનસૂરિને હીરવિજયસૂરિનાં દર્શન નહિં થવાના તે નજ થયાં. ભાદરવા વદિ ૬ ના દિવસે જે વખતે પાટણના શ્રાવકો હીરવિજયસૂરિના નિર્વાણના સમાચાર સાંભળીને દેવવંદન કરતા હતા, તેજ વખતે તેઓ પાટણમાં આવી પહોંચ્યા. વિજયસેનસૂરિની ઘણા દિવસથી ઇચ્છા હતી કે–હું પાટણમાં જઇશ, એટલે કંઇપણ શુભ સમાચાર મળશે; પણ થયું તેથી ઉલટું. પાટણના ઉપાશ્રયમાં પ્રવેશ કરતાંજ તેમને આ માઠા સમાચાર સાંભળવાનું દૌર્ભાગ્ય પ્રાપ્ત થયું. સૂરિજીના નિર્વાણના સમાચાર સાંભળતાંજ તેમના હૃદયમાં એકાએક આઘાત પહોંચ્યો. તેઓ થોડીવાર તો અવાક્જ બની ગયા અને મૂર્છા આવતાં જમીનપર પડી ગયા. થોડીવારે ચેતના આવતાં પણ તેમને કંઈ ચેન પડતું નહિં. ક્ષણમાં બેસતા તો ક્ષણમાં ઉભા થતા, ક્ષણમાં સૂતા તો ક્ષણમાં કંઇ બોલતા. 'અરે આ શું થયું ?' 'હવે હું શું કરીશ ?' 'હું ઊને જઇને કોને વાંદીશ ?' ઇત્યાદિ અનેક પ્રકારના સંકલ્પ–વિકલ્પો તેમને થવા લાગ્યા. તેઓ નથી આહાર કરતા કે નથી પાણી વાપરતા; નથી વ્યાખ્યાન વાંચતા કે નથી વાતો કરતા. તેઓ ગંભીર વિચાર સાગરમાં ગરકાવ થઇ ગયા હોય, તેમ, શૂન્યચિત્તે દિવસો ગાળવા લાગ્યા. ત્રણ દિવસ એમને એમ નિકળી ગયા. વિજયસેનસૂરિ કોઇ વખતે કંઇ પણ બોલતા, તો 'અરે હીર હંસલો માનસરોવરથી ઉડી ગયો ?' 'અરે પ્રભો ! અમને એકાએક મૂકીને ક્યા ચાલ્યા ગયા !' 'હવે અમારૂં શું થશે ?' 'કોની આજ્ઞાઓ માગીશું' 'અરે આ શાસનનું પણ શું થશે.' ઇત્યાદિ વાક્યો અકસ્માત્ કાઢી નાખતા.

ત્રણ દિવસો એમને એમ નિકળી ગયા પછી, ચોથા દિવસે પાટણનો સંઘ એકઠો થયો. વિજયસેનસૂરિને ઘણું ઘણું સમજાવ્યા. તેમને આશ્વાસન આપવામાં આવ્યું. સંઘના સમજાવવાથી તેમનું ચિત્ત કંઇક શાન્ત થયું. તેમણે પોતાના હૃદયને મજબૂત કર્યું, ધૈર્ય ધારણ કર્યું. ચોથા દિવસે કંઈક આહારપાણી પણ કર્યાં. તે પછી બધા મુનિયોને સાથે લઇ તેઓ ઊને આવ્યા, અને ત્યાં હીરવિજયસૂરિનાં પગલાંને ભાવથી વંદના કરી.

આજ વિજયસેનસૂરિ હીરવિજયસૂરિની પાટે સ્થાપન થયા. અને તેમણે પણ હીરવિજયસૂરિની માફકજ જૈનધર્મની વિજય પતાકા ચારે દિશાઓમાં ફરકાવી.

* * *

આ પ્રકરણની પૂર્ણાહુતિ કર્યા પહેલાં હીરવિજયસૂરિના નિર્વાણ પ્રસંગે બનેલી એક આશ્ચર્યકારક ઘટનાનો ઉલ્લેખ કરવો ભૂલવો જોઇતો નથી.

ઋષભદાસ કવિના કથન પ્રમાણે–જે દિવસે હીરવિજયસૂરિનું નિર્વાણ થયું, તેજ દિવસે રાત્રે, જે સ્થાનમાં અગ્નિસંસ્કાર કરવામાં આવ્યો હતો, તે સ્થાનમાં અનેક પ્રકારનાં નાટારંગ થતાં, પાસેના ખેતરમાં સૂતેલા એક નાગર વાણિયાએ જોયાં હતાં. પ્રાતઃકાલમાં તેણે શહેરમા આવી લોકોને રાત્રે બનેલી હકીકત કહી સંભળાવી. લોકોનાં ટોળેટોળાં તે વાડીમા ગયાં. અત્યારે નાટારંગ જેવું તો લોકોએ કંઇ નજ દેખ્યું, પરન્તુ તે વાડીના તમામ આંબાઓ ઉપર કેરીઓ લાગેલી જોઇ. તેમાં કોઇ આંબા ઉપર મ્હોર સાથે ઝીણી ઝીણી કેરીઓ જોઇ, તો કોઇ ઉપર મ્હોટી ગોટલાવાળી જોઇ. અને કોઈ ઉપર સાખો જોઇ તો કોઇ ઉપર બિલકુલ પાકી ગયેલી પણ જોઇ આ આંબાઓમા કેટલાક તો એવા પણ હતા, કે જેના ઉપર કોઇ કાળે કેરી થતીજ ન્હોતી, એટલે તેને વાઝિયા આંબા કહેવામા

આવતા. લોકોના આશ્ચર્યનો પાર રહ્યો નહિં. ભાદરવો મહીનો. આ ઋતુમાં કેરી હોયજ શાની? અને વળી ગઇ કાલ સુધી તો તે આંબાઓ ઉપર કંઇ હતુ પણ નહિં. અને આજે કેરીઓથી ખીલેલા આંબા જોઇ કોને આશ્ચર્ય ન થાય?

શ્રાવકોએ કેટલીક કેરીઓ ઉતારી લીધી. તેમાંથી અમદાવાદ પાટણ અને ખંભાત વિગેરે શહેરોમાં મોકલાવી. ત્યાં સુધી કે ઠેઠ અબ્બુલફ્જલ અને અકબર પાસે પણ તે કેરીઓ મોકલવામાં આવી. જેણે જેણે કેરીઓ જોઇ અને હકીકત સાંભળી તેના તેના આનંદનો પાર રહ્યો નહિં. બાદશાહ પણ રિજીના પુણ્યપ્રકર્ષ ઉપર ફિદા થયો. સૂરિજીના માહાત્મ્ય માટે તેના અંતઃકરણમાં અતુલિત હર્ષ ઉત્પન્ન થયો, પરન્તુ તેની સાથેજ સાથે સૂરિજીના સ્વર્ગવાસથી બાદશાહ અને અબ્બુલફ્જલના ખેદનો પણ પાર રહ્યો નહિં. અનેક પ્રકારે સૂરિજીની સ્તુતિના શબ્દો ઉચ્ચારવા લાગ્યો. ઋષભદાસ કવિએ બાદશાહના મુખથી સૂરિજીની સ્તુતિના જે શબ્દો કઢાવ્યા છે, તેજ શબ્દોમાં અમે પણ આ પ્રકરણની પૂર્ણાહુતિ કરીએ છીએઃ-

"ધન જીવ્યું જગતગુરૂનું, કર્યો જગ ઉપગાર રે;
મરણ પામ્યે ફળ્યા આંબા, પામ્યો સુર અવતાર રે. હીર. ૫

શેખ અબ્બુલફ્જલ અકબર, કરે ખરેખરો તામ રે,
અસ્યા ફકીર નવિ રહ્યા કાલે, બીજા કુણ નર નામ રે. હીર. ૬

જેણે કમાઇ કરી સારી, વે લહે ભવપાર રે;
ખેર મહિર દિલ પાક નાહિ, ખોયા આદમી અવતાર રે.' હીર. ૭

પ્રકરણ તેરમું.

સમ્રાટનું શેષ જીવન.



આપણા પ્રથમ નાયક, હીરવિજયસૂરિના સંબંધમાં ઘણું કહેવાઇ ગયું. હવે આપણે બીજા નાયક સમ્રાટ્ અકબરની અવશિષ્ટ જીવનયાત્રા તપાસીએ. અકબરના ગુણ–દુર્ગુણોનું અવલોકન ઉપલક દૃષ્ટિએ આપણે ત્રીજા પ્રકરણમાં કર્યું છે, તેમ પાંચમા અને છઠ્ઠા પ્રકરણમાં તેના ધાર્મિક વિચારો અને તેણે કરેલાં જીવદયા સંબંધી કાર્યોની નોંધ પણ લીધી છે, તેમ છતાં પણ અકબરના જીવનની બીજી બાબતો તરફ ઉપેક્ષા કરી જો આ પુસ્તકની પૂર્ણાહુતિ કરવામાં આવે, તો તેટલા અંશમા ખરેખર ન્યૂનતાજ લેખાય, અને તેટલા માટે આ પ્રકરણમાં આપણે અકબરની બાકીની જીવનયાત્રા ઉપર ટૂંકમાં દૃષ્ટિપાત કરીશું.

એ તો સુપ્રસિદ્ધ વાત છે, અને ત્રીજા પ્રકરણમાં કહેવાઇ પણ ગયું છે કે–અકબર બાલ્યાવસ્થાથીજ એવો તો તેજસ્વી, શૂરવીર અને ચંચલ સ્વભાવનો હતો કે–કુદરતી રીતે તેને માટે લોકો ઉચ્ચ અભિપ્રાયો બાંધતા હતા. અક્ષરજ્ઞાન મેળવવામાં જોઇએ તેવી અભિરૂચિ નહિં હોવા છતાં તે નવું નવુ જાણવાને અને અભિનવ કળાઓ શીખવાને એટલો બધો આતુર રહેતો હતો કે તેની તે આતુરતાને એક પ્રકારનું વ્યસન કહીએ તો પણ ચાલી શકે. ન્હાની ઉમરથીજ તે ચાહતો હતો કે–જગત્મા હું નામના કેમ મેળવું ? અને હજારો બલ્કે લાખો મનુષ્યોને હુ મારા આધીન કેમ બનાવું ! પરન્તુ ગાદી ઉપર આવવા છતા પણ જ્યા સુધી તેના ઉપર બહેરામખાનની દેખરેખ હતી, ત્યા સુધી તે પોતાની ઉમેદોને પૂરી પાડવામાં જોઇએ

તેવી સફળતા મેળવી શકયો ન્હોતો. જ્યારે તે બહેરામખાનના બંધનમાંથી મુકત થયો, અને રાજ્યની સંપૂર્ણ લગામ પોતાના હાથમાં લીધી, ત્યારે તેને એમ લાગ્યું કે–હવે હું મારૂં ધાર્યું કરી શકીશ. પુરૂષાર્થી પુરૂષો પોતાના કાર્યની સિદ્ધિ કરવામાં ગમે ત્યારે પણ અવશ્ય સફળતા મેળવે છે, એ વાતની ખાતરી અકબરનું જીવન બહુ સચોટ રીતે કરી આપે છે. રાજ્યની સંપૂર્ણ લગામ હાથમાં લીધા પછી હવે અકબરે પોતાની ઉમેદો પૂરી પાડવાના પ્રયત્નો હાથ ધર્યા.

અકબરના કાર્યો ઉપરથી આપણે એમ કહી શકીએ તેમ છીએ કે–અકબરના અંતઃકરણમાં મુખ્યત્વે ત્રણ ચાર બાબતો ખાસ કરીને રમી રહેલી હતી. પ્રથમ તો એ કે–તેની પહેલાં થઇ ગયેલા બીજા રાજાઓ કોઇ ન કોઇ રીતે જેમ પોતાનું નામ કાયમ રાખી ગયા હતા, તેમ તેણે (અકબરે) પણ રાખી જવું. બીજી વાત એ કે તમામ સૂબેદારો ઉપર પોતાની પૂર્ણ સત્તા રાખવી, એક પણ સૂબેદારને સ્વતંત્ર ન થવા દેવો ત્રીજી વાત એ કે–પોતાના બાપના વખતમાં ગયેલા અને સ્વતંત્રતા ભોગવનારા તમામ દેશો ઉપર પોતાનું આધિપત્ય ભોગવવું અને ચોથી વાત એ કે રાજ્યની આભ્યન્તર વ્યવસ્થાઓ પણ સુધારવી, કે–જે અનેક ઉથલપાથલોના લીધે બગડી ગઇ હતી. લગભગ આ ચાર હેતુઓ સિદ્ધ કરવામાંજ તે પોતાનાં જીવનદોર ઉપર નાચ્યો હતો.

ત્રીજા પ્રકરણમાં બતાવ્યા પ્રમાણે તેનો 'દીન–ઇ–ઇલાહી નામનો ધર્મ ચલાવવાનો હેતુ 'નામના મેળવવા' સિવાય બીજો એક પણ ન્હોતો. જો કે આહેતુને સિદ્ધ કરવામાં તેણે જોઇએ તેવી સફળતા ન્હોતી મેળવી, એ દેખીતુંજ છે. કારણ કે–તેણે ચલાવેલો ધર્મ તેની સાથેજ અદશ્ય થયો હતો. તો પણ એમ તો કહેવુંજ પડશે કે–તેણે પોતાની જિંદગીમાં તો તેનો આસ્વાદ પૂરેપૂરો નહિં, તો મ્હોટેભાગે અવશ્ય લીધો હતો. સાચી શ્રદ્ધાથી નહિં, પરન્તુ દાક્ષિણ્યતાથી

કે સ્વાર્થથી પણ તેના ધર્મના માનવાવાળા સારા સારા આગેવાન હિન્દુ–મુસલમાનો બહાર આવ્યા હતા. તેના ધર્મમાં જે લોકો જોડાયા હતા, તેઓમાં મ્હોટા ઉમરાવો પૈકીના મુખ્ય આ હતા:—[1]

૧ અબુલફજલ.
૨ ફૈજી.
૩ શેખ મુબારક નાગેરી.
૪ જાફરબેગ આસફખાન.
૫ કાસમ કાબલી.
૬ અબ્દુસ્સમદ.
૭ આજમખાન કોકા.
૮ મુલ્લા શાહમહમ્મદ શાહાબાદી.
૯ સૂફી અહમદ.
૧૦ સદરજહાન મુફ્તી.
૧૧–૧૨ સદરજહાન મુફ્તીના બે દીકરા.
૧૩ મીર શરીફ અમલી.
૧૪ સુલતાન ખ્વાજા સદર
૧૫ મીરજા જાની હાકમ ઠઠ્ઠા.
૧૬ નકી શોસ્તરી.
૧૭ શેખ જાદાગોસાલા બનારસી.
૧૮ બીરબલ.

'ધી હિસ્ટરી ઑફ આર્યન રૂલ ઇન ઇંડિયા' ના કર્તા **મી. ઈ. વી. હેવેલ** કહે છે કે–અકબરના ધર્મમા જે લોકો જોડાયા હતા, તેઓ ચાર વિભાગમાં વિભકત હતા.

એક વર્ગ એવો હતો કે—જેઓ, પોતાની દુનિયાદારીના **સઘળા લાભ**નો બાદશાહને ભોગ આપવાને તૈયાર રહેતા.

બીજો વર્ગ એવો હતો કે—જેઓ બાદશાહની સેવામાં પોતાની **જિંદગી**નો ભોગ આપવાને તત્પર રહેતા.

ત્રીજો વર્ગ—પોતાનું સમસ્ત **માન** બાદશાહને અર્પણ કરનારો હતો. અને

ચોથા વર્ગના મનુષ્યો એવા હતા કે–જેઓ બાદશાહના ધર્મ સંબંધી વિચારોને અક્ષરશઃ પોતાના તરીકે સ્વીકારતા.

૧ જૂઓ પ્રો. આજાદે ઉર્દૂમાં બનાવેલ **દરબારે અકબરી,** પૃ૦ ૯૮

ઉપરના ચાર વર્ગો પૈકી ચોથા વર્ગના મનુષ્યો જો કે બહુજ થોડા બહાર આવ્યા હતા, પરન્તુ તે એવા કે-અકબરને ખરેખર ખુદાના ખલીફા તરીકે માનનારા હતા. વળી એ પણ ભૂલવા જેવું નથી કે અકબરે, ઉપરના ચાર વર્ગોમાં મનુષ્યોની સંખ્યા વધારવા માટે પોતાની સત્તાનો કદાપિ ઉપયોગ કર્યો ન્હોતો; એટલુંજ નહિં પરન્તુ તેનાથી વિરૂદ્ધ વિચારો કોઇ રજુ કરતું, તો તેને તે ધ્યાન પૂર્વક સાંભળતો અને તેના યથાયોગ્ય ઉત્તરો આપતો.

તેણે પોતાનો ધર્મ ચલાવવામાં ઘણી શાન્તિ અને સહનશીલતાથી કામ લીધું હતું, અને તેની હયાતીમાં તો તેના મહત્ત્વની એટલી બધી ધૂમ મચી હતી કે, શ્રદ્ધાળુ અને ભોળા દિલના હિન્દુ મુસલમાનો તેની માનતાઓ પણ માનવા લાગ્યા હતા. કોઇ પુત્ર પ્રાપ્તિ માટે, તો કોઇ લક્ષ્મીની લાલચથી, કોઇ સ્નેહીના સંયોગ માટે, તો કોઇ દુશમના પરાભવ માટે-ગમે તે કારણે પણ હજારો લોકો તેની માનતાઓ માનતા હતા. અબ્બુલફજલ લખે છે કે—

"Other multitudes ask for lasting bliss, for an upright heart, for advice how best to act, for strength of body, for enlightenment, for the birth of a Son, the reunion of friends, a long life, increase of wealth, elevation in rank, and many other things. His Majesty, who knows what is really good, gives satisfactory answers to every one, and applies remedies to their religious perplexities Not a day passes but people bring cups to water of him, beseeching him to breathe upon it.[૧]"

અર્થાત્—શાશ્વત સુખ, પ્રામાણિક હૃદય, શુભ વર્ત્તનની

૧ Ain-i-Akbari, Vol I, by H. Blochmanh M. A. P. 164.

સલાહ, શારીરિક બળ, સુસંસ્કાર, પુત્રપ્રાપ્તિ, મિત્રોનો પુનઃ સમાગમ, દીર્ઘાયુષ્ય, ધન–સમ્પત્તિ અને ઉચ્ચ પદવી વિગેરે બીજા ઘણાં કારણોને લઇને મનુષ્યોનાં કેટલાક સમૂહો સમ્રાટ્ અકબર પાસે આવતા હતા. સમ્રાટ્ શ્રેયને જાણતો હોઇ, દરેક વ્યકિતને સંતોષકારક પ્રત્યુત્તર આપતો અને તેઓની ધાર્મિક ગૂંચવણો દૂર કરવાના ઉપાયો યોજતો. અકબરની પાસે, મંત્રોચ્ચારણથી પાણીના કટોરાને પવિત્ર કરાવવા માટે પુરૂષો ન આવે, એવો એક પણ દિવસ વ્યતીત થતો નહિં.

અકબરની માનતાઓનાં ઘણા દૃષ્ટાન્તો ઇતિહાસ પૂરાં પાડે છે.

ઋષભદાસ કવિએ હીરવિજયસૂરિરાસમાં બાદશાહના ચમત્કાર સંબંધી કેટલાંક દૃષ્ટાન્તો આપ્યાં છે. તેમાના એક બે દૃષ્ટાતો વાચકોના વિનોદને માટે અહિં આપવાં અસ્થાને તો નહિંજ લેખાય.

એક વખત નવરોજ[1]ના દિવસોમાં સ્ત્રિયોનો બજાર ભરાયો

---

૧ **નવરોજ,** એ પારસીઓના તહેવારનો દિવસ છે અકબરે પોતાના અનેક તહેવારોના દિવસો ઉપરાન્ત પારસીઓના કેટલાક તહેવારના દિવસોને પોતાના ઉત્સવના દિવસો તરીકે નિયત કર્યા હતા. જેમા નવરોજનો દિવસ પણ આવી જાય છે અકબરે સ્વીકાર કરેલા પારસીઓના ઉત્સવના દિવસોની ગણતરી **આઇન–ઇ–અકબરી, અકબરનામા, બદાઉની** અને **મીરાતે એહમદી** વિગેરે અનેક ગ્રંથોમા કરી બતાવી છે. તે પૈકી **અકબરનામા**ના બીજા ભાગના અંગરેજી અનુવાદના પૃ. ૨૪ મા, અને **આઇન–ઇ–અકબરી**ના પહેલા ભાગના અંગરેજી અનુવાદના પૃ. ૨૭૬ મા નીચે પ્રમાણે દિવસો ગણવ્યા છે —

૧ નવા વર્ષનો પહેલો દિવસ.	૧ મિહરનો ૧૬ મો દિવસ
૧ ફરવરદીનનો ૧૯મો દિવસ	૧ આબાનનો ૧૦ મો દિવસ
૧ અરદીબહિસ્તનો ૩ જો દિવસ.	૧ આઝરનો ૯ મો દિવસ
૧ ખુરદાદનો ૬ ઠ્ઠો દિવસ.	૩ દાઇનો ૮–૧૫–૨૩ મો દિવસ.
૧ તીરનો ૧૩ મો દિવસ.	૧ બહમનનો ૨ જો દિવસ.

હતો. બાદશાહ પોતે તે બજાર જોવાને નિકળ્યો હતો. બાદશાહે,

---

૧ અમરદાદનો ૭ મો દિવસ. ૧ અસ્ફંદારમુઝનો ૫ મો દિવસ.
૧ શહરીવરનો ૪ થો દિવસ. કુલ ૧૫

ઉપર પ્રમાણે ૧૫ દિવસો ગણાવવામાં આવ્યા છે, પરન્તુ **મીરાતે એહમદીના બર્ડે** કરેલા અંગરેજી અનુવાદના પૃ. ૩૮૮ મા ૧૩ દિવસો ગણાવ્યા છે. એટલે કે-તેમાં નવા વર્ષનો ૧ લો દિવસ અને દાઇનો ૮ મો દિવસ-એમ બે દિવસો ગણાવવામાં આવ્યા નથી. વળી બીજો એ પણ ભેદ છે કે-**અકબરનામા** અને **આઈન-ઇ-અકબરી**ના મતથી ઉપરના લિસ્ટમાં જણાવ્યા પ્રમાણે **અસ્ફદારમુઝ**નો ૫ મો દિવસ ગણાવવામાં આવ્યો છે, જ્યારે **મીરાતે એહમદી**મા **અસ્ફંદારમુઝ**નો ૯ મો દિવસ બતાવવામા આવ્યો છે. આ બે મતોમાં જો **બદાઉની**નો મત ઉમેરીએ તો, **બદાઉની**ના, બીજા ભાગના અંગરેજી અનુવાદના પૃ. ૩૩૧ મા પેજમાં, તેણે બેસતા વર્ષના ઉત્સવના અંશ તરીકે ફરવરદીનમહીનાના ૧૯ મા દિવસને ગણીને ૧૫ ને બદલે ૧૪ બતાવ્યા છે. મતલબ કે-ફરવરદીન મહીનાના ૧ લા અને ૧૯ મા દિવસ પૈકી કોઇએ પહેલો ગણ્યો, તો કોઇએ ૧૯ મો ગણ્યો. અથવા તો કોઇએ ૧ લો અને ૧૯ મો બે ગણ્યા. આ બે મતોમા કંઇ મહત્ત્વ જેવું નથી, કારણ કે ફરવરદીનનો ૧૯ મો દિવસ પણ ફરવરદીનના ૧ લા દિવસનો એક અંશજ છે. અર્થાત્ તે નવરોજના દિવસના ઉત્સવનો છેલ્લો દિવસ છે, પરન્તુ દાઇના ૮-૧૫ અને ૨૩-એ ત્રણ દિવસો પૈકી કોઇએ ૧૫ મો અને ૨૩ મો બે ગણાવ્યા, એ શાથી ? એનુ કંઇ કારણ સમજી શકાતું નથી, વળી અસ્ફદારમુઝનો કોઇએ ૫ મો દિવસ બતાવ્યો, તો કોઇએ ૯ મો બતાવ્યો, એ મતભેદ પણ ખાસ વિચારણીયજ છે.

ઉપરના દિવસોમા **નવરોજનો દિવસ** તે છે કે-જે નવા વર્ષનો પહેલો દિવસ ગણવામાં આવ્યો છે. આ દિવસ તે ફરવરદીન મહીનાનો પહેલો દિવસ છે. આ પુસ્તકના પૃ ૧૪૩ ની નોટમા **નવરોજ**ના દિવસો, **મીરાતે એહમદી**નો ગુજરાતી ફકરો ટાંકીને ગણાવવામા આવ્યા છે, પરન્તુ તે ભૂલ ભરેલા છે, કારણ કે-તે દિવસો **નવરોજ**ના નહિ, કિન્તુ અકબરે, પારસીઓના તહેવારના દિવસો સ્વીકાર્યા, તે-ઉત્સવના દિવસો છે (અને તે દિવસો પણ ખોટાજ આપવામા આવ્યા છે, તે વાત

એક સ્ત્રી કે જે કપડાં વેચતી હતી, તેણીને કહ્યું:–' શું તારે કોઈ

ઉપર આપેલા દિવસોથી સમજાશે) નવરોજનો દિવસ તો એકજ–માત્ર, ફરવરદીન મહીનાનો પહેલો દિવસ છે, આ દિવસની ઓળખાણ **મીરાતે-એહમદીના** અંગરેજી અનુવાદના પૃ. ૪૦૩–૦૪ મા આ પ્રમાણે આપી છે —

" Let him do everything that is proper to be done at the festival of the Nao-Roz, a feast of first consequence, which commences at the time when the sun enters Aries, and is the beginning of the month of Farvardin. "

અર્થાત્—નવરોજના દિવસમાં ઉચિત કામો કરવા. આ નવરોજ અગત્યનો તહેવાર છે, કે જે ધનરાશીમા સૂર્ય દાખલ થાય છે, ત્યારે શરૂ થાય છે. અને તે ફરવરદીન મહીનાની શરૂઆતમા હોય છે.

આવીજ રીતે **દાબીસ્તાન**ના પહેલા ભાગના અંગરેજી અનુવાદના પૃ. ૨૬૮ મા પેજની નોટમા સ્પષ્ટ લખ્યું છે કે—

" The Nhoroz is the first day of the year, a great festival. "

અર્થાત્–નવરોજ એ વર્ષનો પહેલો દિવસ છે, અને તે મ્હોટો તહેવારનો દિવસ છે

આથી એ સ્પષ્ટ થાય છે–કે નવરોજનો દિવસ તો એક (વર્ષનો પહેલો દિવસ) જ, પરતુ તેના નિમિત્તે ૧૯ દિવસ સુધી ઉત્સવ ચાલતો. આ વાત **આઈન-ઇ-અકબરી**ના પહેલા ભાગના અંગરેજી અનુવાદના ૨૭૬ મા પેજમા આપેલા આ વાક્યથી વધારે સ્પષ્ટ થાય છે–

" The new year day feast It commences on the day when the sun in his splendour moves to Aries and lasts till the nineteenth day of the month (Farvardin) Two days of this period are considered great festivals when much money and numerous other things are given away as presents ;

છોકરો-છોકરી નથી ?' સ્ત્રીએ ઉત્તર વાળ્યો—' આપ માલિકથી

the first day of the month of Farvardin & the nineteenth which is the time of the Sharaf."

અર્થાત્—નવા વર્ષના દિવસનો ઉત્સવ, તે દિવસે શરૂ થાય છે કે–જે દિવસે સૂર્ય ધનરાશીમા જાય છે. **અને આ ઉત્સવ, ફરવરદીન મહીનાના ૧૯ મા દિવસ સુધી ચાલે છે.** આ દિવસોમાંના બે દિવસોને મ્હોટા ઉત્સવ રૂપે માન્યા છે, કે જે દિવસોએ ઘણું દ્રવ્ય અને વસ્તુઓ ભેટ તરીકે અપાય છે. આ બે દિવસો ફરવરદીન મહીનાનો ૧ લો દિવસ અને ૧૯ મો દિવસ છે. આ છેલ્લો દિવસ **શરફનો** (શાંત ગતિનો) છે.

શું અજાણ્યું છે ?' બાદશાહે તેજ વખત થોડું પાણી મંત્રીને આપ્યું અને કહ્યું-'આને તું પીને ધર્મનાં કામો કરજે. કોઇ જીવને મારીશ નહિં અને માંસ પણ ખાઇશ નહિં. જો તું મારા કહેવા પ્રમાણે કરીશ, તો તને ઘણાં સંતાનો થશે ?'

ખરેખર, બાદશાહના કહેવા પ્રમાણે એક પછી એક તેણીને બાર સંતાનો થયાં.

તે બજારમાં હાજરી આપવાને આતુર રહેતા. અને સર્વ દેશોમાથી વસ્તુઓ મંગાવીને લાવતા.

જનાનખાનાની સ્ત્રિયો તેમા ભાગ લેતી અને બીજી સ્ત્રિયોને પણ આમંત્રણો મોકલવામાં આવતા. ખરીદવું અને વેચવું, એ તો સામાન્યજ હતું. આવા દિવસોનો ઉપયોગ સમ્રાટ્, જે વસ્તુઓને ખરીદવી હોય, તેને પસંદ કરવામા અથવા ચીજોની કિંમત ઠેરવવામા તેમ આ પ્રમાણે પોતાના જ્ઞાનનો વધારો કરવામા વાપરતો આમ કરવાથી રાજ્યના છુપા ભેદો, લોકોની વર્ત્તણુક અને દરેક ઓફીસ તથા કારખાનાની સારી નરસી વ્યવસ્થાઓ માલૂમ પડતી, આવા દિવસોને સમ્રાટ્ ખુશરોજનું નામ આપતો

સ્ત્રિયોને માટેનો આ બજાર ખલાસ થયા પછી પુરૂષોને માટે બજાર ભરવામા આવતો. દરેક દેશોના વ્યાપારિયો પોતાની વસ્તુઓ વેચવા લાવતા દરેક લેવડ-દેવડને સમ્રાટ્ સ્વય જોતો. જે લોકોને બજારમા દાખલ કરવામા આવતા, તે લોકો વસ્તુઓ ખરીદવામા આનંદ માનતા. બજારના લોકો આવા પ્રસંગમા સમ્રાટ્ની આગળ પોતાના દુખો જાહેર કરતા, અને તેમ કરવામા ચોકીદારો રોકતા પણ નહિં. તેઓ પોતાના સયોગો સમજાવવાની અને પોતાનો માલ રજુ કરવાની આ તક લેતા, જેઓ સારા-પ્રામાણિક નિવડતા, તેમનો વિજય થતો, અને અનીતિવાળાઓની તપાસ ચાલતી

વળી આ પ્રસગે એક ખજાનચી અને હીસાબી રોકવામા આવતા, જેઓ વગર વિલબે માલ વેચનારને પૈસા ચુકવી દેતા. કહેવાય છે કે-આવા પ્રસંગે વ્યાપારિઓને સારો નફો થતો

બીજું એક દૃષ્ટાન્ત આપવામાં આવ્યું છે કે–" આગરાનો એક સોદાગર વ્યાપારાર્થે પરદેશ ગયો. માર્ગમાં તેના કેટલાક લેણદારો મળ્યા. સોદાગરને એમ લાગ્યું કે–હવે મારી પાસે કંઇ બચવાનું નથી. અને આ લેણદારો મારી પાસેનું બધું લઈ જશે. આથી તેણે અકબરની માનતા માની કે–' જો મારો માલ બચી જશે તો હું ચોથો ભાગ અકબરને સમર્પણ કરીશ.'

તેનો માલ બચી ગયો. વ્યાપાર કરતાં સારો નફો પણ રહ્યો. વળી પાછો વ્યાપાર કર્યો અને ચોથો ભાગ અકબરને આપવાની માનતા માની. તેમાં પણ સારો નફો મેળવ્યો. એવી રીતે એણે ત્રણવાર માનતા માની, અને ત્રણે વાર નફો મેળવ્યો. પરન્તુ અકબરને ચોથો ભાગ આપવાનું મન માન્યું નહિ.

અકબરે એક વખતે માણસ મોકલી તેને પોતાની પાસે બોલાવ્યો અને કહ્યું—' કેમ ? ચોથો ભાગ કેમ આપી જતો નથી.'

સોદાગર આશ્ચર્ય પામ્યો. તે કહેવા લાગ્યો–' ખરેખર, આપ તો જાગતા પીર છો, મેં આ વાત કોઇને પણ કરી ન્હોતી, છતાં આપના તો જાણવામાં આવીજ ગઇ.' એમ અકબરની સ્તુતિ કરી ચોથો ભાગ આપી ગયો."

વળી એક વખત એવો પણ પ્રસંગ બન્યો હતો કે–" એક સ્રીએ એવી માનતા માની કે–' જો મારે પુત્ર થશે, તો હું ઉત્સવ પૂર્વક બાદશાહનું વધામણું કરીશ, અને બે શ્રીફલ મૂકીશ.'

સમયે તે સ્રીને પુત્ર થયો. તેણીએ ઉત્સવપૂર્વક અકબરનું વધામણું કર્યું, અને અકબરની સ્હામે એક શ્રીફલ મૂક્યું. અકબરે કહ્યું–' બે માન્યાં હતાં, અને એક કેમ મૂક્યું ?' સ્રી આશ્ચર્ય પામી અને ઝટ બીજું શ્રીફળ મૂક્યું."

વિગેરે, વિગેરે—

ઉપર્યુક્ત કથાઓમાં કેટલી સત્યતા છે, એનો નિર્ણય અત્યારે થવો અસંભવ છે ગમે તેમ હશે, પરન્તુ તેની માનતાઓ થતી હતી, ઘણા લોકો તેને ઈશ્વરના અવતાર તરીકે માનવા લાગ્યા હતા, એમાં તો બે મત છેજ નહિ. **શ્રીયુત બંકિમચંદ્ર લાહિડી** પોતાના ' सम्राट् अकबर ' નામના બંગાળી પુસ્તકના પૃ. ૨૮૨ માં લખે છે:—

" से समयेर हिन्दू ओ मुसलमान सम्राट्के ऋषिवत् ज्ञान करित, ताँहार आशीर्वादे कठिन पीडा आरोग्य हय, पुत्र-कन्या लाभ हय, अभीष्ट सिद्ध हय, एइ रूप सकले विश्वास करित। एइजन्य प्रत्यह दले दले लोक ताँहार निकट उपस्थित हइया आशीर्वाद प्रार्थना करित। "

અર્થાત્—તે સમયના હિન્દુઓ અને મુસલમાનો સમ્રાટ્‌ને ઋષિવત્ સમજતા હતા. તેના આશીર્વાદથી કઠિન પીડા દૂર થાય છે. પુત્ર-પુત્રીનો લાભ થાય છે, ઇષ્ટ-સિદ્ધિ થાય છે એવો લોકોનો વિશ્વાસ હતો. એટલા માટે ટોળેટોળા હમેશાં તેની પાસે આવીને આશીર્વાદની પ્રાર્થના કરતા.

આટલું હોવા છતાં એક વાત આશ્ચર્ય ઉત્પન્ન કરાવે તેવી છે. અને તે એ કે—એક તરફથી એમ કહેવામાં આવે છે કે—અકબરનું ઉપર પ્રમાણે માહાત્મ્ય ફેલાયું હતું, જ્યારે બીજી તરફથી જોતાં અકબરનું તે માહાત્મ્ય અને અકબરનો તે ધર્મ—બન્ને અકબરની સાથેજ અવસાનાવસ્થાને પ્રાપ્ત થયાનું માલૂમ. આમ કેમ હોઈ શકે? આના સંબંધમાં વિદ્વાનો અનેક તર્કો કરે છે. કોઈ કહે છે કે—અકબરની મહિમા વધારનારા અને અકબરના ધર્મને ખાસ અનુમોદનારા અબુલફજલ અને ફૈજી તેવા અકબરની પહેલાંજ વિદાય થયા હતા. એટલે પાછળથી કોઈ તેનું ધર્મ-પ્રકટ [illegible] કોઈ [illegible] ન્હોતો. જ્યારે કેટલાક એમ પણ કહે છે કે—અકબરનો **દીન-ઇલાહી** ધર્મ [illegible] હિંદુ [illegible] ન્હોતો અને તેથીજ

તે અકબરની સાથેજ સમાપ્ત થયો હતો. વળી કેટલાક એમ પણ કહે છે કે–ધર્મના સ્થાપનારમાં જે નિષ્પ્રકંપ–અચલિત શ્રદ્ધા હોવી જોઇએ, તે અકબરમાં–પોતામાંજ ન્હોતી. જ્યારે તેના સંસ્થાપકમાં જ શ્રદ્ધાની ખામી હોય, તો પછી તેના અનુયાયિઓમાં તો ખરી શ્રદ્ધા હોયજ ક્યાંથી ? ગમે તેમ પણ આવાંજ કારણોથી અકબરનો ધર્મ કે અકબરના ચમત્કાર સંબંધી મહિમા આગળ જીવવા પામ્યાં નહિ.

અકબરે પોતાના ધર્મના માનવાવાળાઓમાં એક બીજી પણ ખૂબી દાખલ કરી હતી. અત્યારે બે હિન્દુઓ જ્યારે આપસમાં મળે છે, ત્યારે ‘ જુહાર ’ ‘ જયકૃષ્ણ ’ વિગેરે બોલે છે. બે મુસલમાનો આપસમાં મળે છે, ત્યારે એક ‘ સલામાલેકમ ’ કહે, ત્યારે બીજો ‘ વાલેકમ સલામ ’ કહે છે. બે જૈનો આપસમાં મળે છે, ત્યારે ‘ પ્રણામ ’ કરે છે. આ બધા રીવાજોને દૂર કરી અકબરે પોતાના ધર્મના માનવાવાળાઓમાં એક ‘ इदं तृतीयं ’ રીવાજ દાખલ કર્યો હતો. તેના ધર્મને માનવાવાળા બે જણ જ્યારે મળતા, ત્યારે એક કહેતો ‘ અલ્લાહુ અકબર ’ જ્યારે બીજો જવાબમાં કહેતો ‘ જલ્લ જલાલુહુ ’[1].

અકબરની આ ખૂબી પણ તેના મહત્ત્વાકાંક્ષીપણાને ખુલ્લી રીતે પ્રકટ કરે છે. અસ્તુ.

કહેવાય છે કે–ભારતવર્ષમાં જુદા જુદા ધર્મો અને તે ધર્મવાળાઓની આપસની મારામારી જોઇ અકબરનું ચિત્ત બહુ વિહ્વલ બન્યું હતું. સો પોતપોતાની સત્યતા સિદ્ધ કરવા પ્રયત્ન કરતા, એટલે તેમાથી ખરૂં સત્ય તારવવું અશકય થઇ પડયું હતું. આવી સ્થિતિમાં અકબરે મનુષ્યોનો સ્વભાવ કુદરતી રીતે–કંઇ પણ સંસ્કાર સિવાય કયા ધર્મ તરફ વળે છે, એ જાણુવાને એક યુક્તિ કરી હતી. તેણે વીસ

---

૧ જૂઓ, **આઇન–ઇ–અકબરી,** પહેલો ભાગ, અંગરેજી અનુવાદ પૃ ૧૬૬.

બાળકોને-જન્મતાંની સાથેજ એટલે સાંસારિક મનુષ્યોની હવામાં આવવા પહેલાંજ એવા એકાન્ત સ્થાનમાં ઉછેરવાનો પ્રબંધ કર્યો હતો કે જ્યાં મનુષ્ય-વ્યવહારની ગંધ પણ તેઓને ન લાગી શકે. અકબરે ધાર્યું હતું કે-આ બાળકો મ્હોટાં થઇને કુદરતી રીતે કયા ધર્મ તરફ વળે છે, તે જોઇએ પરન્તુ તેમાં તેણે સફળતા મેળવી ન્હોતી. પરિણામે તેમાંથી કેટલાંક બાળકો તો બેદરકારીને લીધે મરીજ ગયાં, અને બીજાં ૩-૪ વર્ષ પછીથી મૂંગાંજ રહ્યા હતાં.[૧]

કુદરતના કાયદાથી વિરૂદ્ધ કાર્ય કરવામાં પરિણામ સારૂં નથીજ આવતું, એ વાત અકબર દૃઢપણે જાણતો હત, તો આવો પ્રયોગ તે કદાપિ કરતે નહીં.

અકબરમાં એક ખાસ જાણવા જેવી ચાલાકી હતી. અને તે એ કે-કોઇ પણ કાર્ય સિદ્ધ કરવામાં સૌથી પહેલાં તો તે અનુકૂળતાનોજ ઉપયોગ કરતો તેનું માનવું હતું કે-મીઠી દવાથી રોગ જતો હોય, તો કડવી દવા આપવાની જરૂર નથી અને એજ નીતિનું અવલંબન કરીને તેણે ઘણાંખરા રાજ્યો અને ઘણાખરા વીરોને તો પોતાને સ્વાધીન કરી લીધા હતા. અકબરની એક તરફ એ ઇચ્છા હતી કે-તેના બાપના હાથમાંથી ગયેલા અને કબજામાં નહિ આવેલા બધા દેશોને પોતાને કબજે કરવા, જ્યારે બીજી તરફ તે ધ્યાન આપતો, ત્યારે તેને જણાતું કે-ભારતવર્ષ વીરોની ખાણ છે. ભારતવર્ષના વીરો આગળ ભલા ભલાઓની દાળ નથી ગળવા પામી, તો મ્હારી કેમ ગળશે ? આવી ચોક્કસ ખાતરી હતાજ તેણે ભેદ-નીતિનું અવલંબન કરી ભારતવર્ષના વીરોમાં મ્હોટો ભેદ પાડવી ઘણાખરાઓને પોતાના પક્ષમાં લઇ લીધા હતા. અકબરને દેશો જીતવામાં અને બીજી દરેક રીતે મદદ કરનારા મુખ્ય નવરત્નો હતા

---

૧ જુઓ-'ધી હિસ્ટરી ઓફ આર્યન રૂલ ઇન ઇન્ડિયા' [illegible] (The History of Aryan rule in India By E. B. Havell P. 494.)

તે અકબરની સાથેજ સમાપ્ત થયો હતો. વળી કેટલાક એમ પણ કહે છે કે–ધર્મના સ્થાપનારમાં જે નિષ્પ્રકંપ–અચલિત શ્રદ્ધા હોવી જોઇએ, તે અકબરમાં–પોતામાંજ ન્હોતી. જ્યારે તેના સંસ્થાપકમાં જ શ્રદ્ધાની ખામી હોય, તો પછી તેના અનુયાયિઓમાં તો ખરી શ્રદ્ધા હોયજ કયાંથી ? ગમે તેમ પણ આવાંજ કારણોથી અકબરનો ધર્મ કે અકબરના ચમત્કાર સંબંધી મહિમા આગળ જીવવા પામ્યાં નહિ.

અકબરે પોતાના ધર્મના માનવાવાળાઓમાં એક બીજી પણ ખૂબી દાખલ કરી હતી. અત્યારે બે હિન્દુઓ જ્યારે આપસમાં મળે છે, ત્યારે ‘ જુહાર ’ ‘ જયકૃષ્ણ ’ વિગેરે બોલે છે. બે મુસલમાનો આપસમાં મળે છે, ત્યારે એક ‘ સલામાલેકમ ’ કહે, ત્યારે બીજો ‘ વાલેકમ સલામ ’ કહે છે. બે જૈનો આપસમાં મળે છે, ત્યારે ‘ પ્રણામ ’ કરે છે. આ બધા રીવાજોને દૂર કરી અકબરે પોતાના ધર્મના માનવાવાળાઓમાં એક ‘ इदं तृतीयं ’ રીવાજ દાખલ કર્યો હતો. તેના ધર્મને માનવાવાળા બે જણ જ્યારે મળતા, ત્યારે એક કહેતો ‘ અલ્લાહુ અકબર ’ જ્યારે બીજો જવાબમાં કહેતો ‘ જલ્લ જલાલહુ ’[૧]

અકબરની આ ખૂબી પણ તેના મહત્ત્વાકાંક્ષીપણાને ખુલ્લી રીતે પ્રકટ કરે છે. અસ્તુ.

કહેવાય છે કે–ભારતવર્ષમાં જુદા જુદા ધર્મો અને તે ધર્મ-વાળાઓની આપસની મારામારી જોઇ અકબરનું ચિત્ત બહુ વિહ્વલ બન્યું હતું. બધા પોતપોતાની સત્યતા સિદ્ધ કરવા પ્રયત્ન કરતા, એટલે તેમાંથી ખરૂં સત્ય તારવવું અશકય થઇ પડ્યું હતું. આવી સ્થિતિમાં અકબરે મનુષ્યોનો સ્વભાવ કુદરતી રીતે–કંઇ પણ સંસ્કાર સિવાય કયા ધર્મ તરફ વળે છે, એ જાણવાને એક યુક્તિ કરી હતી. તેણે વીસ

---

૧ જુઓ આઇન–ઇ–અકબરી, પહેલો ભાગ, અંગ્રેજી અનુવાદ [illegible]

બાળકોને-જન્મતાંની સાથેજ એટલે સાંસારિક મનુષ્યોની હવામાં આવવા પહેલાંજ એવા એકાન્ત સ્થાનમાં ઉછેરવાનો પ્રબંધ કર્યો હતો કે જ્યાં મનુષ્ય-વ્યવહારની ગંધ પણ તેઓને ન લાગી શકે. અકબરે ધાર્યું હતું કે-આ બાળકો મ્હોટાં થઇને કુદરતી રીતે કયા ધર્મ તરફ વળે છે, તે જોઇએ. પરન્તુ તેમાં તેણે સફળતા મેળવી ન્હોતી. પરિણામે તેમાંથી કેટલાંક બાળકો તો બેદરકારીને લીધે મરીજ ગયાં, અને બીજાં ૩-૪ વર્ષ પછીથી મૂંગાંજ રહ્યાં હતાં.[૧]

કુદરતના કાયદાથી વિરૂદ્ધ કાર્ય કરવામાં પરિણામ સારૂં નથીજ આવતું, એ વાત અકબર દૃઢપણે જાણતો હત, તો આવો પ્રયોગ તે કદાપિ કરતે નહીં.

અકબરમાં એક ખાસ જાણવા જેવી ચાલાકી હતી. અને તે એ કે-કોઇ પણ કાર્ય સિદ્ધ કરવામાં સૌથી પહેલાં તો તે અનુકૂળતાનોજ ઉપયોગ કરતો. તેનુ માનવું હતું કે-મીઠી દવાથી રોગ જતો હોય, તો કડવી દવા આપવાની જરૂર નથી. અને એજ નીતિનું અવલંબન કરીને તેણે ઘણાંખરાં રાજ્યો અને ઘણાખરા વીરોને તો પોતાને સ્વાધીન કરી લીધા હતા. અકબરની એક તરફ એ ઇચ્છા હતી કે-તેના બાપના હાથમાંથી ગયેલા અને કબજામાં નહિ આવેલા બધા દેશોને પોતાને કબજે કરવા, જ્યારે બીજી તરફ તે ધ્યાન આપતો, ત્યારે તેને જણાતું કે-ભારતવર્ષ વીરોની ખાણ છે. ભારતવર્ષના વીરો આગળ ભલા ભલાઓની દાળ નથી ગળવા પામી, તો મ્હારી કેમ ગળશે ? આવી ચોકકસ ખાતરી થતાંજ તેણે ભેદ-નીતિનું અવલંબન કરી ભારતવર્ષના વીરોમાં મ્હોટો ભેદ પડાવી ઘણાખરાઓને પોતાના પક્ષમાં લઇ લીધા હતા. અકબરને દેશો જીતવામા અને બીજી દરેક રીતે મદદ કરવામા પ્રધાનતયા ભાગ

૧ જૂઓ-' ધી હિસ્ટરી ઓફ્ આર્યન રૂલ ઇન ઇંડિયા ' કર્ત્તા ઇ' બી. હેવેલ પૃ. ૪૯૪ (The History of Aryan rule in India By E. B. Havell. P. 494).

લેનાર **રાજા ભગવાનદાસ, રાજા માનસિંહ** અને **રાજા ટોડરમલ્લ** વિગેરે કોણ હતા ? ભારતવર્ષનાજ વીરો હતા તેજ ભગવાનદાસની બ્હેન અર્થાત્ **માનસિંહની** ફોઇની સાથે અકબરે લગ્ન કરી તેઓને પોતાના પક્ષમાં લીધા હતા. **સલીમ** (જહાંગીર) એ આજ હિંદુ સ્ત્રીથી ઉત્પન્ન થયેલ અકબરનો પુત્ર હતો. કહેવાય છે કે–અકબરે ત્રણ હિંદુ રાજકન્યાઓ સાથે લગ્ન કર્યું હતું. જેમાં બીકાનેરની રાજકન્યા પણ હતી. એ તો એકજ વીરકેશરી **મહારાણા પ્રતાપનું** નામજ અમર રહી ગયું છે કે–જે–છેવટની ઘડી સુધી પણ અકબરની આ ભેદનીતિને ભોગ થઇ પડ્યો ન્હોતો, અને 'હિંદુસૂર્ય' તરીકે પોતાનું નામ ઇતિહાસના પૃષ્ઠો પર સોનેરી અક્ષરે લખાવી ગયો.

બસ, હિંદુવીરોમાં ભેદ પડાવતાની સાથેજ તેઓની સહાયતાથી અકબર જુદા જુદા દેશો ઉપર ચઢવા લાગ્યો અને એક પછી એક સર પણ કરવા લાગ્યો. અકબર પોતે લડાઇયોની અંદર ઉતરતો અને એક જબરદસ્ત યોદ્ધા તરીકે ભાગ ભજવતો. પરિણામે પોતાની બહાદુરી, નિશ્ચલતા અને ચાલાકીના લીધે પોતાના કાર્યમાં તેણે આશાતીત ફત્તેહ મેળવી હતી.

અકબરને દેશો જીતવામાં તેની લશ્કરી વ્યવસ્થા પણ વધારે સહાયક થઇ પડતી હતી. તે રાજપૂત રાજાઓને લશ્કરી ખાતામાં મ્હોટી મ્હોટી પદવીઓ આપી ખૂબ ખુશી રાખતો. પાંચ હજાર ઉપર ફોજ રાખનાર અમલદારને 'અમીર' નું પદ આપતો અને પાંચ હજારથી ઓછી ફોજના અધિપતિને 'મનસબદાર' બનાવતો. આ સિવાય નીચલા દરજ્જાના પણ ઘણા અમલદારો હતા.

અકબરે લશ્કરની યોગ્ય વ્યવસ્થાપૂર્વક એક પછી એક દેશો કબ્જે કરવાનો અવિશ્રાન્ત શ્રમ લીધો હતો. કહેવાય છે કે બાર વર્ષ સુધી તેણે સતત પરિશ્રમ પૂર્વક લડાઇયો કરી હતી.

એ તો આપણે ત્રીજા પ્રકરણમાંજ જોઈ ગયા છીએ કે–તેણે રાજ્યસત્તા હાથમાં લીધી, તે વખતે કયા કયા દેશો કોના કોના તાબામાં હતા. અને તે ઉપરથી એ સ્પષ્ટ જણાય છે કે ભારતવર્ષનો મ્હોટો ભાગ સ્વતંત્ર–તેની હકૂમતથી દૂરજ હતો. અને તેથીજ ઉપર કહ્યા પ્રમાણે સતત પરિશ્રમપૂર્વક લડાઇયો કરી એક પછી એક દેશો પોતાને સ્વાધીન કરતો ગયો હતો.

અકબરે કરેલી લડાઇયોમાં પંજાબ, સિંધ, કંદહાર, કાશ્મીર, દક્ષિણ, માળવા, જોનપુર, મેવાડ, ગુજરાત અને બંગાળ વિગેરેની લડાઇયો ખાસ કરીને વધારે ધ્યાન ખેંચનારી છે. એ ભયંકર લડાઇઓમાં સફળતા મેળવીને તેણે તે તમામ દેશો પોતાને સ્વાધીન કર્યા હતા અને પોતાના સૂબેદારો ગોઠવી દીધા હતા. આ લડાઇયોમાં કેટલીક વખત મુશકેલી ભરેલી કસોટીમાંથી તેને પસાર થવું પડયું હતું. કેટલીક વખત તો તે એવાં સંકટોમાં પણ આવી પડયાના પ્રસંગો મળે છે, કે જે વખતે તેના સાથેના માણસોમાં તો એવીજ વાતો ફેલાયલી કે અકબર માર્યો ગયો. પરન્તુ પાછળથી જ્યારે તે સાથીઓને મળતો, ત્યારે તેઓને શાન્તિ થતી. કોઇ પણ દેશ ઉપર ચઢાઇ કરવામા પહેલા તો ઘણે ભાગે તે અબુલફજલ, માનસિંહ ટોડરમલ્લ કે એવા બીજા સેનાધિપતિયોના આધિપત્ય નીચેજ પોતાની ફોજ મોકલતો, અને પછી જરૂર જણાતાં તે પોતે લડાઇના મેદાનમાં ઉતરતો. વળી ઘણી વખત લડાઇયોમાં બને છે તેમ–દરેક દેશો તેણે પહેલે સપાટેજ સર કર્યા હતા, એમ ન્હોતું. કોઇ કોઇ દેશ ઉપર તો તેને બબે ત્રણ ત્રણ વખત પણ હુમલાઓ લઈ જવા પડતા અને ઘણી મુશકેલિયો પસાર કર્યા પછી ઘણા સમયના, અને મનુષ્યોના ભોગે તે દેશ પોતાના તરીકે ભોગવી શકતો.

કોઇ પણ દેશ અકબરની સંપૂર્ણ સત્તામાં આવ્યા પછી તે દેશની સાથે અકબર એવું તો સૌહાર્દ જોડી લેતો કે–પાછળથી તે અકબરની સ્હામે થવા કે માથું ઉંચું કરવા શક્તિમાન થઇ શકેજ

નહિં. કાશ્મીરના મ્હોટા મ્હોટા લોકોની કન્યાઓ સાથે **અકબરે** અને કુમાર **સલીમે** પાણિગ્રહણ કર્યાં હતાં. એ ઉપરનીજ વાતનું જ્વલંત ઉદાહરણ છે.

અકબરે કરેલી લડાઇયોના પ્રસંગોમાંથી પણ કોઇ કોઇ એવા બનાવો જોવામાં આવે છે કે–જે માટે **અકબરને** પ્રશંસ્યા સિવાય કોઇ પણ લેખક રહી શકે નહિ.

એક બે દૃષ્ટાન્ત જૂઓ–રાજા **માનસિંહ** જ્યારે પંજાબનો શાસનકર્ત્તા હતો, ત્યારે અકબરના ભાઇ **મીર્જા મુહમ્મદ હકીમે** કાબુલથી આવી પંજાબ પર આક્રમણ કર્યું હતું. ભાઇ હોવા છતાં તેણે ધાર્યું કે–અકબરની સત્તા હું પડાવી લઉં. ભાઇની સ્હામે અકબર પોતે ઉતર્યો કે ઝટ તે નાસી ગયો. તે પછી રાજા **માનસિંહે** કાબુલ પર ચઢાઇ કરી. હકીમ પરાજિત થયો. અકબરે કાબુલ સર કર્યું. હકીમ એવી સ્થિતિ ઉપર આવી ગયો કે–તે આપઘાત કરવાને તૈયાર થયો. અકબરે જ્યારે તે સમાચાર સાંભળ્યા, ત્યારે તેને વિચાર થયો કે–' ભાઇ દીન–હીન થઇને પાયમાલ થાય અને હું ઐશ્વર્યનો ઉપભોગ કરૂં ? ' આ ચિંતા તે સહી ન શક્યો. તેણે ઝટ ભાઇની પાસે પોતાનો એક માણસ મોકલ્યો, અને તેને પાછો કાબુલના શાસનકર્ત્તાના પદ ઉપર નિયુક્ત કર્યો. ધન્ય છે અકબર તારી ઉદારતાને ! તારા સૌહાર્દને ! જે ભાઇ વારંવાર તારી સાથે દુષ્ટતા કરતો, તે ભાઈ ઉપર પણ તારી આટલી બધી અનુકમ્પા !

અકબરે મેડતાનો કિલ્લો લેવા માટે **મીર્જાશરફુદીન હુસેનને**[1] મોકલ્યો હતો. (ઇ. સ. ૧૫૬૨) ત્યાંનો રાજા **માલદેવ**

---

૧ **મીરજા શરફુદીન હુસેન,** એ ઉમરાવ કુટુંબના **ખ્વાજા મુઇનનો** પુત્ર થતો હતો. ખ્વાજા મુઇન, તે કે જે **ખાવિંદ મહમૂદનો** પુત્ર હતો. અને ખાવિંદ મહમૂદ, **ખ્વાજા કલાનનો** બીજો છોકરો હતો. ખ્વાજા કલાન, તે જાણીતો મહાત્મા **ખ્વાજા નાસીરૂદ્દીન ઉબૈદુલ્લાહ**

તેની સાથે ઘણી બહાદુરી પૂર્વક લડ્યો હતો. પરન્તુ પાછળથી અન્ન-પાણી ખૂટી જવાથી તેને શરફુદ્દીનને શરણે થવું પડયું હતું. જે માલદેવે[1] અકબરની સાથે આટલી વિરૂદ્ધતા કરી હતી, તેજ માલદેવને અકબરે પોતાની જમણી બાજુની બેઠકનું માન આપ્યું હતું. માલદેવે પણ પોતાની પુત્રી જોધાબાઇ અકબરની સાથે પરણાવી હતી.

ઇ. સ. ૧૫૬૦ ના ચોમાસામાં અકબરે માળવા લેવા માટે અધમખાનના[2] આધિપત્ય નીચે લશ્કર મોકલ્યું હતું. માળવાના

અહરારનો મ્હોટો છોકરો હતો. તેથીજ મીરઝા શરફુદ્દીન હુસેન ખાસ કરીને અહરારી કહેવાતો હતો. વિશેષ હકીકત માટે-જૂઓ આઇન-ઇ-અકબરી, ભાગ ૧ લો, બ્લોકમેનનો અંગરેજી અનુવાદ પૃ. ૩૨૨.

૧ રાજા માલદેવ, એક જબરદસ્ત પુરૂષ હતો. તે બહેરામખાનનો કટ્ટો શત્રુ હતો. બહેરામખાન, જ્યારે મક્કા જતો હતો, ત્યારે માલદેવના ભયથીજ તે ગુજરાતના માર્ગે ન જતા બીકાનેર-તેના મિત્ર કલ્યાણમલ્લ પાસે ગયો હતો. કારણ કે ગુજરાતનો રસ્તો તે વખતે માલદેવના તાબામા હતો (જૂઓ, આઇન-ઇ-અકબરી, પહેલો ભાગ-બ્લોકમેનનો અંગરેજી અનુવાદ, પે. ૩૧૬) માલદેવનો છોકરો ઉદય સિંહ, ' મ્હોટા રાજા ' ના નામથી ઇતિહાસમા પ્રસિદ્ધ થયો છે માલદેવ પાસે ૮૦૦૦૦ ઘોડેસ્વારો હતા, જો કે, રાણાસાંગા, જે ફીરદૌસમકાની (બાબર) સાથે લડયો હતો, તે ઘણો સત્તાવાળો હતો, તો પણ જમીનના વિસ્તારમા અને લશ્કરની સંખ્યામા માલદેવ તેના કરતા ચઢી ગયોહતો. અને તેથીજ તે વિજય મેળવતો હતો વધુ માટે જૂઓ-આઇન-ઇ-અકબરી પહેલો ભાગ, બ્લોકમેનનો અંગરેજી અનુવાદ,પૃ ૪૨૯-૪૩૦.

૨ અધમખાન એ, માહુમઅગાનો છોકરો થતો હતો યુરોપીયન ઇતિહાસકારો તેને આદમખાનના નામથી ઉલ્લેખે છે. તેની મા માહુમ, એ અકબરની અગા (આયા) હતી અકબર પારણાથી લઇ કરીને ઠેઠ ગાદીએ આવ્યો, ત્યા સુધી અધમખાનની સાજ તેને સંભાળતી હતી. માહુમનું જનાનખાનામા ઘણું ચાલતું; બલ્કે અકબર

રાજા **બાજબહાદુર**ને ઇ. સ. ૧૫૬૧ માં હરાવ્યો હતો. આ લડાઇમાં **અધમખાન** અને **પીરમહમ્મુદે**[1] જે ક્રૂરતાપૂર્વક સ્ત્રિયો અને બાળકોને માર્યાં હતાં, તે માટે **અકબર** તેમના ઉપર બહુજ નારાજ થયો હતો. યુદ્ધ કરવામાં પણ અનીતિનો સ્પર્શ કરવો, રાજાના ધર્મથી વિમુખ થવા બરાબર **અકબર** સમજતો હતો. **અધમખાન**ના અત્યાચારને લીધે **સમ્રાટ્** પોતે માળવામાં આવ્યો, અને **અધમખાન**ને શિક્ષા કરવા તત્પર થયો, પરન્તુ **અધમખાન**ની મા **માહમઅંગા**ની પ્રાર્થનાથી તેને મુક્ત કરવામાં આવ્યો હતો. છેવટે તેણે **આગરે** જઇને પણ પાછી ધાંધલ ઉઠાવી હતી. પરન્તુ પરિણામમાં તો તેનું મૃત્યુજ થયું હતું. **અધમખાન** પછી

પણ તેનું માન રાખતો. **બહેરામખાન** પછી **મુનીમખાન** કે જે વકીલ નીમાયો હતો, તેની તે સલાહકારક હતી. **બહેરામખાન**ની પડતી લાવવામા તેણીએ ઘણો ભાગ ભજવ્યો હતો. **અધમખાન** પાંચ હજારી હતો અને તે **માનકોટ**ના ઘેરામાં બહાદુરી બતાવી જાણીતો થયો હતો તેની અચાનક ચઢતી થવાથી તે ઘણો સ્વેચ્છાચારી થઇ ગયો હતો વધુ માટે જૂઓ-**આઇન-ઇ-અકબરી** પહેલો ભાગ, બ્લોકમેનનો અંગ્રેજી અનુવાદ પે. ૩૨૩-૩૨૪.

૧ **પીરમહમ્મુદખાન**, એ શિરવાનનો મુલ્લા હતો. તે **કંદહાર**માં **બહેરામખાન**ને વળગી રહ્યો હતો, અને તેની લાગવગથીજ તે, **અકબર** ગાદીએ આવ્યો ત્યારે **અમીર**ની પદવી ઉપર આવ્યો હતો. તેણે **હેમૂ**ની સાથેની લડાઇમા બહાદુરી બતાવી હતી, અને તેથીજ તેને ‘ **નાસીરૂલ્મુલ્ક** ’ નો ખીતાબ મળ્યો હતો. તે એટલો મગરૂર થઇ ગયો હતો કે-તેણે **ચગતાઇ** અમીરો અને છેવટે **બહેરામખાન**ની પણ અવગણના કરી હતી. આના પરિણામે **બહેરામખાને** તેને રાજીનામુ આપવાનો હુકમ કર્યો હતો અને **શેખ ગદાઇ**ના ઉશ્કેરવાથી તેને **બ્યાના**ના કિલ્લા તરફ મોકલી આપ્યો, અને ત્યાર પછી તેને જબરાઇથી યાત્રાએ મોકલ્યો હતો. વધુ માટે જૂઓ-**આઇન-ઇ-અકબરી** પહેલો ભાગ, બ્લોકમેનનો અગ્રેજી અનુવાદ પૃ. ૩૨૫.

અબ્દુલ્લાખાન ઉજબક[1] ને માળવા મોકલવામાં આવ્યો હતો, અને જે બાજબહાદુરે[2] અકબરની વિરૂદ્ધમાં યુદ્ધ કર્યું હતું, તેને

૧ **અબ્દુલ્લાખાન ઉઝબક**, એ હુમાયુનના દરબારનો એક અમીર હતો. હેમૂની હાર પછી તેને '**શુજાતખાન**'નો ઇલકાબ આપવામા આવ્યો હતો, અને નોકરીના બદલામા જાગીર તરીકે તેને **કાલ્પી** મળ્યું હતું શુજાગતમા અધમખાનના હાથ નીચે તેણે નોકરી કરી હતી. **પીર મહમ્મુદના** મરણ પછી જ્યારે **બાજબહાદુરે માળવા** લીધુ, ત્યારે તેને (અબ્દુલ્લાખાનને) **પાંચહજારી** બનાવવામા આવ્યો હતો. અને તેને લગભગ હદ વિનાની સત્તા આપીને **માળવા** મોકલવામા આવ્યો હતો તેણે પોતાનો પ્રાત પાછો જીતી લીધો અને **માંડવમાં** રાજા તરીકે રાજ્ય કર્યું વધુ માટે જૂઓ, **આઇન-ઇ-અકબરી**, પહેલો ભાગ, બ્લોકમેનનો અગ્રેજી અનુવાદ પૃ. ૩૨૧

૨ અબુલફજલના કહેવા પ્રમાણે **બાજબહાદુર**નુ ખરૂં નામ **બાજીદખાન** હતુ **બાજબહાદુર**નો પિતા **શુજાતખાન સૂર** હતો, જેને ઇતિહાસમા **શજાવલખાન** કે **સજાવલખાન**ના નામથી ઓળખવામા આવે છે આનાજ નામ ઉપરથી માળવાના એક મોટા ગામને **શજાવલપુર** કહેતા જેનુ મૂળ નામ **સુજાતપુર** હતું સુજાતપુર, એ **સારગપુર** સરકાર (માળવા) ના તાબામા હતુ. વર્ત્તમાનમા તે વિદ્યમાન નથી.

બાજબહાદુર હીજરી સં ૯૬૮ (ઇ સ ૧૫૫૫) મા માળવાનો રાજા થયો હતો. તેણે ગઢ તરફ ચઢાઇ કરી હતી, પરન્તુ **રાણી દુર્ગાવતી** એ તેને હરાવ્યો હતો ત્યાર પછી તે મોજશોખમા ગુલતાન બની ગયો હતો તે પોતે અદ્વિતીય ગવૈયો હતો અને તેથી તેણે સારી સારી ઘણી ગાનારીઓને એકઠી કરી હતી જેમા **રૂપમતી** પણ હતી. જેણીને હજૂ પણ લોકો યાદ કરે છે

આખરે તે હી. સ ૧૦૦૧ (ઇ સ ૧૫૯૮) ની લગભગ મરણ પામ્યો હતો. કહેવાય છે કે **બાજબહાદુર** અને રૂપમતી બન્નેને સાથે ઉજ્જૈનના એક [illegible] દાટવામા આવ્યા હતા. વધુ માટે જૂઓ **આઇન-ઇ-અકબરી** પહેલા ભાગનો અગ્રેજી અનુ-

૪૧

પોતાનો માનીતો બનાવી, એક હજાર સેનાના મનસબદારની જગા ઉપર નિયુક્ત કરી-છેવટે બે હજારનો અધિપતિ બનાવ્યો હતો.

કાલિંજર, કે જે અલાહાબાદથી ૯૦ માઇલ, અને રીવાંથી ૬૦ માઇલ થાય છે, ત્યાંના કિલ્લાને સર કરવા અકબરે **મજનૂનખાન કાક્શાલ**[1]ને મોકલ્યો હતો. આ કિલ્લો **ભટ્ઠા** અથવા

વાદ પૃ. ૪૨૮. તથા આર્ચિયોલોજીકલ સર્વે ઑફ્ ઇંડિયા, વૉ. ૨ જું, કર્તા એ. કનિંગહામ, પૃ. ૨૮૮ થી ૨૯૨ (Archœlogical survey of India Vol. II by A. Cunningham pp. 288-292).

૧. **મજનૂનખાન કાક્શાલ**, એ હુમાયુનનો મ્હોટો વજીર હતો. અને તેની પાસે **નારનોલ** (પંજાબ) નામની જાગીર હતી. જ્યારે હુમાયુન **ઈરાન** નાસી ગયો હતો, ત્યારે **હાજીખાને** **નારનોલ**ને ઘેરો ઘાલ્યો હતો, પરન્તુ **રાજા બિહારીમલ**, કે જે તે વખતે **હાજીખાન**ની સાથે હતો, તેની અરજથી **મજનૂનખાન**ને કંઇ પણ હરકત કર્યા સિવાય જવા દીધો હતો.

અકબર ગાદીએ આવ્યો, ત્યારે **માણેકપુર** કે જે તે વખતે **શાહેનશાહતની** પૂર્વની હદ ઉપર હતું, તેનો **જાગીરદાર** બનાવવામા આવ્યો હતો. ત્યા તે બહાદુરીથી **અકબર** તરફનો બચાવ કરતો હતો. અહી તે **ખાનઝમાન**ના મરણ સુધી રહ્યો હતો હી. સં. ૯૭૭ (ઇ. સ. ૧૫૬૯) મા તેણે **કાલિજર**ને ઘેરો ઘાલ્યો હતો **કાલિજર**નો કિલ્લો રાજા **રામચદ**ના તાબામા હતો આ કિલ્લો તેણે **બીઝલીખાન**, કે જે **પહાડખાન**નો ખોળે લીધેલો છોકરો હતો, તેની પાસેથી મ્હોટી રકમ આપીને વેચાતો લીધો હતો. પરિણામે **કાલિંજર**, મજનૂનખાનને સોપી રાજા **રામચદ** શરણે થયો હતો. **અકબરે** મજનૂનખાનને તે કિલ્લાનો સેનાપતિ બનાવ્યો હતો.

તબકાતના કથન પ્રમાણે તે પાંચહજારી હતો. અને તે સિવાય પણ તેને જોઇતું પાચહજારનુ લશ્કર મળી શકતું, છેવટ તે **ઘોરાઘાટ** (બગાલ) ની લડાઇ જીત્યા પછી મરણ પામ્યો હતો. વધુ માટે જૂઓ, **આઇન-ઇ-અકબરી** પહેલા ભાગનો અંગરેજી અનુવાદ, પૃ, ૩૬૯-૭૦.

રીવાંના રાજા **રામચંદ્રદેવ**ના તાબામાં હતો. રાજા **રામચંદ્રે**[1] તેને શરણુ થતાં **અકબરે** તે રાજાને **અલાહાબાદ**ની નજીકની જાગીર આપી હતી.

કહેવાની મતલબ કે–જે રાજાઓ **અકબર**ની સાથે યુદ્ધ કરતા, હજારો માણસોની કતલ કરતા અને લાખો રૂપિયાનું પાણી કરાવતા, તે રાજાઓ પણ **અકબર**ને શરણે થતા, પછી તે ચાહે સંધી કરીને શરણે થતા કે હાર ખાઇને, પરન્તુ **અકબર** તેઓની સાથે લગાર પણ દુશ્મનાવટ રાખતો નહિં, બલ્કે તેઓનું સમ્માનજ ઘણે ભાગે કરતો.

અકબર જેમ પોતાના શત્રુઓનું પણ સમ્માન કરતો, તેમ અનીતિથી લડાઇ કરવી પણ પસંદ નહિં કરતો.તેનું એકજ દૃષ્ટાન્તઃ–

જે વખતે **અકબર** બસો માણસોના લશ્કર સાથે **મહી નદી** આગળ આવ્યો, ત્યારે તેને ખબર પડી કે **ઇબ્રાહીમહુસેન મીરજા**[2] ઘણું મ્હોટું લશ્કર લઇને **ઠાસરા**થી પાંચ માઇલ ઉપર **સરનાલ**ની પાસે આવી પહોંચ્યો છે. આથી **અકબર**ના સેનાધિપતિએ એવી સલાહ આપી કે–આપણને આપણું બીજું લશ્કર આવી

---

૧ **રાજા રામચંદ્ર**, એ **વાઘેલા** વંશનો હતો અને તે **ભઠ્ઠા** (રીવા) નો રાજા હતો. **અબ્બરે**, **ભારતવર્ષ**ના ત્રણ મ્હોટા રાજાઓ ગણાવ્યા છે, જેમાં **ભઠ્ઠા**ના રાજાને ત્રીજા નંબરે ગણાવ્યો છે સુપ્રસિદ્ધ ગવૈયો **તાનસેન** આજ **રામચંદ્ર**ના આશ્રય હેઠળ પહેલાં રહેતો હતો. આની પાસેથીજ **અકબરે** પોતાના દરબારમાં બોલાવ્યો હતો જ્યારે **અકબર** પાસે **તાનસેને** પહેલ વહેલાં પોતાની વિદ્યાનો પરિચય આપ્યો, ત્યારે **અકબરે** તેને બે લાખ રૂપિયા ઇનામમાં આપ્યા હતા વિશેષ માટે જુઓ–**આઇન-ઇ–અકબરી**, પહેલા ભાગનો અંગ્રેજી અનુવાદ પૃ ૪૦૬.

૨ **ઇબ્રાહીમહુસેન મીરજા** આના પિતાનું નામ **મહમ્મદ સુલતાન મીરજા** હતું. જેનું બીજું નામ **શાહ મીરજા** હતું. અને તેના છોકરાનું નામ **મુજફ્ફરહુસેન મીરજા** હતું. વધુ માટે જુઓ, **આઇન–ઇ-અકબરી**, પહેલા ભાગનો અંગરેજી અનુવાદ પૃ. ૪૬૧–૪૬૨.

મળે, ત્યાં સુધી આપણે આગળ ન વધવું, અને રાત્રે છાપો મારવો. આ વાત અકબરે બિલકુલ નાપસંદ કરી. અકબરે કહ્યું–રાત્રે છાપો મારવો, એ અનીતિની લડાઇ છે. અકબર માનસિંઘ, ભગવાનદાસ અને બીજા મુસલમાન યોદ્ધાઓ સાથે નદી ઉતરી સરનાલ આવ્યો. અને ઇબ્રાહીમ હુસેન મીરજાની સાથે યુદ્ધ કરી તેનો પરાજય કર્યો. ઇ. સ. ૧૫૭૨ ના ડીસેમ્બરની ૨૪ મી તારીખે.

એમાં તો શકજ નથી કે–અકબરે અવિશ્રાન્ત લડાઇયો કરીને બહાદુરી, દક્ષતા અને ચાલાકીથી પોતાની આંતરિક ઇચ્છા પૂર્ણ કરી હતી. તેની એ પહેલી નેમ હતી કે–ભારતવર્ષમાં મારૂં એકછત્ર સામ્રાજ્ય સ્થાપન કરૂં. પોતાની આ ઇચ્છા તેણે ઘણેખરે અંશે પૂર્ણજ કરી હતી. બીજા શબ્દોમાં કહીએ તો–ઇ. સ. ૧૫૯૫ સુધીમાં તો તે ઉન્નતિના શિખર ઉપર પહોંચી ચુકયો હતો.

અકબરે ઇચ્છિત ફળ પ્રાપ્ત કર્યું, એકછત્ર સામ્રાજ્ય સ્થાપન કર્યું અને સર્વત્ર શાન્તિ ફેલાવી દીધી. એ બધીએ વાત ખરી, પરન્તુ વીરપ્રસૂ ભારતમાતાનાં મહારાણા પ્રતાપ, જયમલ, પતા, ઉદયસિંહ અને હેમૂ જેવા વીર સંતાનોએ તથા કોઇ પણ હિંદુરાજાની

સહાયતા લીધા સિવાય એકલી પોતાના લશ્કરની સાથે મેદાને જંગમાં ઉતરવાવાળી, એક વખત માળવાના રાજા બાજબહાદુરને હરાવવા-

સલીમશાહના લશ્કરના બજારમાં લઇ ગયું લશ્કરના બજારમાં તે દુકાન ખોલીને રહેવા લાગ્યો, દરેકથી હળીમળીને રહીને તેણે લોકોની પ્રીતિ મેળવી. પરિણામે લોકોએ તેને ચોધરી બનાવ્યો ધીરે ધીરે તે કોટવાલ થયો પછી ફોજદારીનું કામ તેના હાથમાં આવ્યું. પોતાના હોદ્દા ઉપર રહીને ખરી નિમકહલાલીથી તેણે કામ કર્યું. સેવાથી, માલીકનું ભલું ચાહવાથી અથવા લોકોની ચાડિયોથી–ગમે તે કારણે પણ તે બાદશાહનો માનીતો બન્યો. અને તેથી અમીર-ઉમરાવોના કામો તેના હાથમાં આવતા ગયા. પરિણામે તેના ભાગ્યે તેને બાદશાહનો પ્રિયમાં પ્રિય વજીર બનાવ્યો.

જો કે–ચગતાઇ વંશના ઇતિહાસલેખકો વાણિયાની જાતને ગરીબ સમજી ભલે ગમે તેમ કહે, પરન્તુ હેમૂના બંદોબસ્તના ઠીક ઠીક કાયદાઓ અને તેના હુકમો એવા દૃઢ હતા કે–દીલી દાળે ગોશ્ત (માંસ) ને દબાવી દીધું (વાણીયાએ મુસલમાનોને દબાવ્યા) છેવટે–પઠાણોની લડાઇમાં મહમ્મુદઆદિલ બાદશાહના માર્યા જવાથી તે એક જબરદસ્ત રાજા બની ગયો

આવાજ પ્રસંગમાં દિલ્હી અને આગરાની આસપાસ ઘણોજ ભયંકર દુષ્કાળ પડયો હતો બદાઉનીએ આનું હૃદયદ્રાવી વર્ણન આપ્યું છે. તે કહે છે કે–તે પ્રદેશમાં તે વખતે ૨॥ રૂ. ની એક શેર મકાઇ પણ મળતી નહોતી. સારા સારા માણસો તો દરવાજા બંધ કરીને મકાનોમાંજ ભેગા રહેતા. બીજા દિવસે જોવામાં આવતું તો મકાનમાંથી ૧૦–૧૦, ૨૦–૨૦ મડદા નિકળતા. ગામો અને જંગલોમાં તો જોતુંજ કોણ? કફન કોણ લાવે, અને દફન કોણ કરે? ગરીબો અન્નના લીધે જંગલોમાં વનસ્પતિથી નિર્વાહ કરતા. અમીરો ગાય-ભેંસોને વેચતા અને લોકો તેને ખાવા માટે લઇ જતા. જે લોકો આવા જાનવરોને પણ નહીં ખાતા, તેમના હાથ-પગ થોડા વખતમાં અક્કડ થઇ જતા અને તેથી તેઓ મૃત્યુ રૂપ રાજાના અતિથિ બનતા. કોઇ કોઇ વખત તે મનુષ્ય મનુષ્યને ખાઇ જતા. તેઓની આકૃતિઓ એવી તો બીહામણી થઇ ગઇ હતી કે–તેઓની

વાળી, અકબરને પણ પોતાના વીરત્વથી સ્તંભિત કરવાવાળી, બન્દૂક અને ધનુષ્ય છોડવામાં સુનિપુણા તથા શત્રુને પીઠ બતાવવા કરતાં આત્મહત્યા કરવાનું વધારે પસંદ કરનાર **કાલિંજરની** રાજકન્યા અને ગોંડવાણાની રાજધાની **ચૌરાગઢ** (કે જે અત્યારે જબલપુરની પાસે છે)ની સુરક્ષિકા મહારાણી **દુર્ગાવતી**[૧] જેવી વીરરમણીએ અકબરને પોતાની વીરતાનો જે પરિચય આપ્યો હતો, તેને અકબર મરવા પામ્યો, ત્યાં સુધી ભૂલ્યો ન્હોતો. અરે, **માનસિંહ**, **ટોડરમલ્લ**, **ભગવાનદાસ** અને **બીરબલ** જેવા પ્રખર યોદ્ધાઓ, કે જેઓએ સમ્રાટ્ અકબરને સર્વ દેશો ઉપર હકૂમત સ્થાપન કરાવવામાં અસાધારણ સહાયતા કરી હતી, તેઓનાં નામો શા માટે ભૂલાય છે ? તેઓ પણ કયા મુગલસંતાનો હતા ? તેઓ પણ વીરજનેતા ભારતમાતાનાજ

સામે પણ જોઇ ન શકાય. એકાન્તમા કોઇ એકલો માણસ મળી જતો તો ઝટ તેના નાક-કાન કાપી ખાઇ જતા

દેશમા આવો ભયંકર સમય આવી લાગ્યો હતો, પરન્તુ કાર્યદક્ષ બહાદુર હેમૂના લશ્કર ઉપર તેવા સમયની લગારે અસર નહોતી થઇ. એ એના પુરુષાર્થનોજ પ્રતાપ કહી શકાય. તેને ત્યાં જે હજારો હાથી હતા, તે હમેશા ચોખા અને ઘી-સાકરના મલીદા ઉડાવતા સીપાઇયોનુ તો કહેવુ જ શું ?

ઇલિયટ-પ્રો **આઝાદ** કહે છે કે—" હેમૂ વાણીયો હતો, પરંતુ તેનાં પરાક્રમો ગાજી રહ્યા છે. તે પોતાની જાતથી હિમ્મતવાન-ધૈર્યવાળો હતો. અને પોતાના માલિકનો યોગ્ય નોકર હતો. તે બહુ પ્રેમીલો હતો અને સિપાઇઓને બહુ ખુશી રાખતો. **અકબર** આ વખતે બાલ્યાવસ્થામાં હતો. જો તે હોશીઆર-ઉમર લાયક હત, તો આવા માણસને પોતાના હાથથી કદાપિ મારતે નહિ. તેને તે પોતાની પાસે રાખત અને દિલાસાથી કામ લેત પરિણામે દેશની ઉન્નતિ થાત અને રાજ્યનો પાયો મજબૂત થાત."

૧ **રાણી દુર્ગાવતી**, એ મધ્યભારતવર્ષની વીરરમણી હતી અને તે ગોંડવાના કે જે અહીંની દક્ષિણ છે, ત્યા રાજ્ય કરતી હતી. વધુ માટે જુઓ-**આઇન-ઇ-અકબરી**, પહેલા ભાગનો અંગરેજી અનુવાદ. પૃ. ૩૬૭

સંતાનો હતા. તેઓની વીરતાનું ગૌરવ પણ ભારતમાતાનેજ શોભે છે. ભારતના તે વીરોની વીરતા જોઇને અકબરને એમ ચોક્કસ ખાતરી થઈ હતી કે-'જો ભારતવર્ષના વીરક્ષત્રિયોમાં ફૂટે-વિરૂદ્ધતાએ પગ પેસારો ન કર્યો હત, તો હું (અકબર) કોઇ કાળે પણ સામ્રાજ્ય સ્થાપન કરી શકતે નહિં.' હાય રે ફૂટ ! ભારતવર્ષને સર્વથા પાયમાલ કરી નાખવા છતાં હજૂ પણ તું તારૂં કાળું મોં લઇને આ પવિત્ર દેશમાંથી પલાયન નથી થઈ જતી !! કયા તે આર્યત્વની રક્ષાને માટે ભૂખ અને તૃષાને સહન કરી જંગલો અને પહાડોમાં ભટકનારો હિંદુસૂર્ય મહારાણો **પ્રતાપ**, અને કયાં અત્યારે ટાઇટલોને માટે મરી પડનારા-પોતાની આર્યપ્રજાને પણ પાયમાલ કરનારા ખુશામતિયા કેટલાક નામધારી હિંદુરાજાઓ !! ઓ ભારતમાતા ! એવા ધર્મરક્ષક, દેશરક્ષક વીરપુત્રો ઉત્પન્ન કરવાનું ગૌરવ તું હવે કયારે પ્રાપ્ત કરીશ ?

ઇતિહાસનાં પૃષ્ઠો એ વાતને પુરવાર કરી આપે છે કે-બીજા બધા મુસલમાન બાદશાહો કરતા અકબરે પ્રજાની ચાહના વધારે મેળવી હતી. એટલુંજ નહિં પરન્તુ અત્યાર સુધી પણ ઇતિહાસકારોને માટે તો અકબર ઇતિહાસનો એક વિષય થઇ પડયો છે. આમ હોવામા અનેક કારણો આગળ ધરી શકાય છે.

સૌથી પહેલું કારણ તો એજ કે-કોણ હિંદુ કે કોણ મુસલમાન, કોણ પારસી કે કોણ યાહુદી, કોણ જૈન કે કોણ ખ્રીસ્તી, દરેકના ઉપર સમદષ્ટિ રાખી હતી એટલુંજ નહિ પરંતુ દરેકને જુદી જુદી જાતનાં એવા તો ફરમાનો આપ્યા હતા કે-જે ફરમાનો યાવચ્ચંદ્રદિવાકરૌ અકબરને ભૂલાવેજ નહિં. બીજી વાત એ કે-તેણે દરેકને ખુશી રાખવા માટે લાગણી પૂર્વકના સુધારા પણ કર્યા હતા. તેણે દારૂ અને વેશ્યાઓ માટે બહુ સખતાઇ કરી હતી. [illegible] કે ગરીબ દરેકને પોતાની જરૂરીયાત મુજબ અનાજ વગેરે સંગ્રહવાના હુકમ કર્યા હતા. બજારના ભાવ વધારી દઇને વ્યાપારીઓ ગરીબ લોકોને ત્રાસ ન આપે. તેને માટે તે કોટવાલો દ્વારા બહુ ધ્યાન આપતો, તે

વાળી, અકબરને પણ પોતાના વીરત્વથી સ્તંભિત કરવાવાળી, બંદૂક અને ધનુષ્ય છોડવામાં સુનિપુણા તથા શત્રુને પીઠ બતાવવા કરતાં આત્મહત્યા કરવાનું વધારે પસંદ કરનાર કાલિંજરની રાજકન્યા અને ગોંડવાણાની રાજધાની **ચૌરાગઢ** (કે જે અત્યારે જબલપુરની પાસે છે)ની સુરક્ષિકા મહારાણી **દુર્ગાવતી**[1] જેવી વીરરમણીએ **અકબરને** પોતાની વીરતાનો જે પરિચય આપ્યો હતો, તેને **અકબર** મરવા પામ્યો, ત્યાં સુધી ભૂલ્યો ન્હોતો. અરે, **માનસિંહ**, **ટોડરમલ્લ**, **ભગવાનદાસ** અને **બીરબલ** જેવા પ્રખર યોદ્ધાઓ, કે જેઓએ **સમ્રાટ્ અકબરને** સર્વ દેશો ઉપર હકૂમત સ્થાપન કરાવવામાં અસાધારણ સહાયતા કરી હતી, તેઓનાં નામો શા માટે ભૂલાય છે ? તેઓ પણ ક્યાં મુગલસંતાનો હતા ? તેઓ પણ વીરજનેતા ભારતમાતાનાજ

સ્હામે પણ જોઇ ન શકાય. એકાન્તમા કોઇ એકલો માણસ મળી જતો તો ઝટ તેના નાક-કાન કાપી ખાઇ જતા.

દેશમા આવો ભયંકર સમય આવી લાગ્યો હતો, પરન્તુ કાર્યદક્ષ બહાદુર **હેમૂ**ના લશ્કર ઉપર તેવા સમયની લગારે અસર નહોતી થઇ. એ એના પુરૂપાર્થનોજ પ્રતાપ કહી શકાય. તેને ત્યા જે હજારો હાથી હતા, તે હમેશા ચોખા અને ઘી-સાકરના મલીદા ઉડાવતા સીપાઇયોનું તો કહેવુ જ શું ?

છેવટે-પ્રો **આજાદ** કહે છે કે-" **હેમૂ** વાણીયો હતો, પરંતુ તેનાં પરાક્રમો ગાજી રહ્યાં છે. તે પોતાની જાતથી હિમ્મતવાન-ધૈર્યવાળો હતો. અને પોતાના માલિકનો યોગ્ય નોકર હતો. તે બહુ પ્રેમીલો હતો અને દિલને બહુ ખુશી રાખતો. **અકબર** આ વખતે બાલ્યાવસ્થામા હતો. જો તે હોશીયાર-ઉમર લાયક હત, તો આવા માણસને પોતાના હાથથી કદાપિ ખોતે નહિ તેને તે પોતાની પાસે રાખત અને દિલાસાથી કામ લેત. પરિણામે દેશની ઉન્નતિ થાત અને રાજ્યનો પાયો મજબૂત થાત."

૧ **રાણી દુર્ગાવતી**, એ મધ્યભારતવર્ષની વીરરમણી હતી અને તે **ગોંડવાણા** જે ભર્હુાની દક્ષિણે છે, ત્યા રાજ્ય કરતી હતી. વધુ માટે જૂઓ-**આઇન-ઇ-અકબરી**, પહેલા ભાગનો અંગરેજી અનુવાદ. પૃ. ૩૬૭

સંતાનો હતા. તેઓની વીરતાનું ગૌરવ પણ ભારતમાતાનેજ શોભે છે. ભારતના તે વીરોની વીરતા જોઇને અકબરને એમ ચોક્કસ ખાત્રી થઈ હતી કે-'જો ભારતવર્ષના વીરક્ષત્રિયોમાં ફૂટ-વિરૂદ્ધતાએ પગ પેસારો ન કર્યો હત, તો હું (અકબર) કોઇ કાળે પણ સામ્રાજ્ય સ્થાપન કરી શકતે નહિં.' હાય રે ફૂટ! ભારતવર્ષને સર્વથા પાયમાલ કરી નાખવા છતાં હજૂ પણ તું તારૂં કાળું મોં લઇને આ પવિત્ર દેશમાથી પલાયન નથી થઈ જતી!! કયાં તે આર્યત્વની રક્ષાને માટે ભૂખ અને તૃષાને સહન કરી જંગલો અને પહાડોમા ભટકનારો હિંદુસૂર્ય મહારાણા **પ્રતાપ**, અને કયાં અત્યારે ટાઇટલોને માટે મરી પડનારા-પોતાની આર્યપ્રજાને પણ પાયમાલ કરનારા ખુશામતિયા કેટલાક નામધારી હિંદુરાજાઓ!! ઓ ભારતમાતા! એવા ધર્મરક્ષક, દેશરક્ષક વીરપુત્રો ઉત્પન્ન કરવાનું ગૌરવ તું હવે કયારે પ્રાપ્ત કરીશ?

ઇતિહાસના પૃષ્ઠો એ વાતને પુરવાર કરી આપે છે કે-બીજા બધા મુસલમાન બાદશાહો કરતા અકબરે પ્રજાની ચાહના વધારે મેળવી હતી એટલુજ નહિં પરન્તુ અત્યાર સુધી પણ ઇતિહાસકારોને માટે તો અકબર ઇતિહાસનો એક વિષય થઇ પડયો છે. આમ હોવામા અનેક કારણો આગળ ધરી શકાય છે.

સૌથી પહેલું કારણ તો એજ કે-કોણ હિંદુ કે કોણ મુસલમાન, કોણ પારસી કે કોણ યાહૂદી, કોણ જૈન કે કોણ ખ્રીસ્તી, દરેકના ઉપર સમદૃષ્ટિ રાખી હતી. એટલુંજ નહિં પરંતુ દરેકને જુદી જુદી જાતનાં એવા તો ફરમાનો આપ્યા હતાં કે-જે ફરમાનો યાવચ્ચંદ્ર દિવાકરૌ અકબરને ભૂલાવેજ નહિં. બીજી વાત એ કે-તેણે દરેકને ખુશી રાખવા માટે લાગણી પૂર્વકના સુધારા પણ કર્યા હતા. તેણે દારૂ અને વેશ્યાઓ માટે બહુ સખતાઇ કરી હતી પૈસાદાર કે ગરીબ દરેકને પોતાની જરૂરીયાત પૂરતુંજ અનાજ વિગેરે સંગ્રહવાનો હુકમ કર્યો હતો. બજારના ભાવો વધારી દઇને વ્યાપારિયો ગરીબ લોકોને ત્રાસ ન આપે, તેને માટે તે કોટવાલો દ્વારા બહુ ધ્યાન આપતો, તે

સિવાય તેણે સતી થવાનો રિવાજ બંધ કરવા સાથે બાળલગ્ન પણ અટકાવ્યું હતું બાળલગ્ન અટકાવવા માટે તેણે છોકરાની ૧૬ વર્ષ અને છોકરીની ૧૪ વર્ષની ઉમર નક્કી કરી હતી. અર્થાત્ તેટલી ઉમર પહેલાં લગ્ન કરવાનો નિષેધ કર્યો હતો. વળી તેણે જેમ પુનર્લગ્ન બંધ કર્યું હતું, તેમ વૃદ્ધાસ્ત્રિયોને યુવાનો સાથે પરણવાનો પણ નિષેધજ કર્યો હતો. કહેવાય છે કે મુસલમાનોમાં આ રિવાજ તે વખતે વધારે પ્રચલિત હતો. બાદશાહનું એ મન્તવ્ય હતું કે–જે માણસ એક સ્ત્રીથી વધારે સ્ત્રિયો સાથે લગ્ન કરે છે. તે પોતાની મેળેજ પોતાનો નાશ કરે છે. જે હિંદુઓ બલિદાનને નામે જીવોની હિંસા કરતા હતા, તેઓને પણ, તે કાર્યને અન્યાયનું કાર્ય બતાવી તેનો નિષેધ કરાવ્યો હતો. રેવન્યુખાતાનો તમામ આધાર ખેડૂતો ઉપર છે, એમ સમજીને તેણે ખેડૂતો ઉપરના કેટલાક ત્રાસદાયક વેરાઓ દૂર કર્યા હતા. એટલુંજ નહિ, પરંતુ હિંદુરાજાઓએ નાખેલા વેરાઓ પણ ઉઠાવી દીધા હતા. અને ખેડૂતો પાસેથી જે કંઇ કર લેવાતો હતો, તેમાં તેણે ઘણી છુટછાટ અને મર્યાદા રાખી હતી. કોઇ માણસને તે કર ભારે પડતો, તો તેમાંથી કમી કરતો અથવા કોઇ માણસ પોતાની ઉપજનો અમુક ભાગ આપવાની ઇચ્છા કરતો, તો તે પ્રમાણે લઇને પણ ચલાવી લેતો. વળી કોઇ વખતે જમીનમાં પાણી ભરાઇ જતાં કે એવા કોઇ કારણે પાક નહિ થતો, તો તેવાં વર્ષોમાં સમૂળગો કર માફ પણ કરી દેતો. કરની વ્યવસ્થાનું કામ પણ તેણે ટોડરમલ્લનેજ સોંપ્યું હતું, કારણ કે ટોડરમલ્લ પહેલાંથી જમીનદાર હોઇ તે વિષયનો તેને સારો અનુભવ હતો.

ગમે તે હોય, પરંતુ તે જગતના તમામ મનુષ્યોથી પ્રશંસા પામી જાય-જગતમાં નામના કાઢી જાય, એમાં નવાઇ જેવું શું છે ?

ટૂંકમાં કહીએ તો-અકબરની રાજ્યવ્યવસ્થામાં ન્યાય અને દયાનું ખરેખર મિશ્રણ હતું. ન્યાયખાતામાં તેણે જે સુધારા કર્યા હતા, તે, તે વખતના જમાનામાં ઘણા સુધરેલા કહી શકાય. તેના કાયદાઓમાં દયા અને પ્રજા પ્રત્યેનો પ્રેમ ઝળકી રહ્યાં હતાં. અકબરે પોતાનેજ માટે નહિં, પરન્તુ રાજ્યના બીજા સૂબેદારો અને મ્હોટા હોદ્દેદારોને માટે પણ જે જે કાયદાઓ ઘડ્યા હતા, તેમાં ઉપરની બે બાબતોનું પ્રધાનતયા લક્ષ્ય રાખવામાં આવ્યું હતું. આપણે તેના વૉયસરાયનાજ કાયદાઓ તપાસીએ. તેના દરેક વૉયસરાયોને નીચેની બાબતો ઉપર પૂરતી રીતે ધ્યાન આપવું પડતું:—

૧ લોકોનું સુખ નિરંતર દૃષ્ટિ આગળ રાખવું.

૨ પુખ્ત વિચાર કર્યા વગર કોઇની જિંદગી લઇ લેવી નહિ.

૩ ન્યાયને માટે જેઓ અરજી કરે, તેને વિલંબ કરીને દુઃખ દેવું નહિ.

૪ પશ્ચાત્તાપ કરનારાઓની માફી સ્વીકારવી.

૫ રસ્તાઓ સહીસલામત કરવા.

૬ ઉદ્યોગી ખેડુતના મિત્ર થવાની પોતાની ફરજ સમજવી.

ઉપરના કાયદાઓમાં કઇ બાબતોનો સમાવેશ નથી થતો ?

હવે લગાર અકબરની બીજી કેટલીક વ્યવસ્થાઓ તરફ દૃષ્ટિપાત કરીએ.

અકબરના વખતના નાણાના સંબંધમાં એમ કહેવામાં આવે છે કે, તેણે પહેલાંના રાજાઓની છાપવાળાં નાણાં ગળાવી નાખીને પોતાની નવી છાપનાં નાણાં ચલાવ્યાં હતાં. અકબરના એક રૂપિયાના

૪૦ દામ થતા. એક **દામ** એ આપણા એક પૈસાથી કંઇક વધારે થતો. **દામ** એ તાંબાનું નાણું હતું, અને રૂપિયો એ રૂપાનું નાણું હતું. વળી **અકબરનો લાલીજલાલી** નામનો સોનાનો સિક્કો પણ ચાલતો હતો. આ સિવાય એક ચાર ખૂણાનો સોનાનો રૂપિયો ચાલતો, તેની કિંમતમાં અવારનવાર ફેરફાર થયા કરતો.

અકબરે પોતાના તે સિક્કાઓમાં[1] ઇ. સ. ૧૫૭૫-૭૬ ની સાલથી " अल्लाहु अकबर " શબ્દો નાખ્યા હતા.

મી. ડબ્લ્યુ. એચ. મોરલેન્ડનું કથન છે કે—" અત્યારે ૧૮૦ ગ્રેનનો એક રૂપિયો છે. તેનાં કરતાં અકબરનો સિક્કો કંઇક ઓછા વજનનો હતો. પરન્તુ તે ચોખ્ખા રૂપાનો બનેલો હતો. "

અકબરની મોહોરછાપોને[2] (સીલને) માટે પણ એમજ કહેવામાં આવે છે કે—તેની મહોરછાપો જુદી જુદી જાતની હતી. એકમાં તો માત્ર તેનું નામજ રહેતું અને બીજીમાં તૈમૂર સુધીનાં વડવાઓનાં નામો હતાં.

---

૧ અકબરના સમયના સિક્કાઓ સંબંધી જૂઓ પરિશિષ્ટ ' ज '.

૨ મહોરછાપો (સીલો) નો રિવાજ જેમ અત્યારે છે, તેમ પહેલાં પણ હતો અને તે મહોરછાપો જુદી જુદી જાતનીજ રહેતી. અબુલફજલના કહેવા પ્રમાણે **સમ્રાટ્ અકબરના** જુદી જુદી જાતના સીલો (મહોરછાપો) હતા. તેમાં એક સીલ એવું હતું કે-જે **મૌલાના મકસદે** અકબરના રાજ્યની શરૂઆતમાંજ કોતર્યું હતું અને તે લોખંડનું ગોળ હતું. આ **સીલ** ઉપર **રીકા** પદ્ધતિમાં (એટલે પોણા ગોળની વચમાં મોટી લાઇનો લખવી તે) **શહેનશાહનું** અને **તૈમૂરલિંગથી** તેના પ્રખ્યાત વંશજોના નામો લખવામાં આવ્યા હતા. બીજું સીલ એવુંજ હતું, પરન્તુ **નસ્તાલીક** પદ્ધતિનું (અર્થાત્ તેની અંદર બધી ગોળ લાઇનો રહેતી) હતું, આ સીલમાં એકલું **શહેનશાહનુંજ** નામ કોતરવામાં આવેલું હતું.

આપણે સારી પેઠે જાણીએ છીએ કે—અકબરના જમાનામા

ત્રીજું એક સીલ હતું, જે ન્યાયખાતાના ઉપયોગના લેવામા આવતું આનો આકાર **મેહરાબી** (જેનો આકાર ૭ ખૂણાવાળા લગભગ ગોળ જેવો છે) જેવો હતો, તેની ઉપર શહેનશાહના નામની આજુ બાજુ એવા અર્થનુ લખાણ લખવામા આવ્યુ હતુ કે—

" ઈશ્વરને રાજી કરવાનું સાધન પ્રામાણિકતા છે: જે સીધે રસ્તે જતો હોય, તેને ભૂલો પડેલો મે કદી જોયો નથી "

ચોથુ એક સીલ હતુ, જે **નમકીને** બનાવ્યુ હતું. (આ નમકીન કાબુલનો હતો.) પાછળથી આ જાતના નાના મ્હોટા બન્ને સીલોને **દીલ્હીના મૌલાના અલી અહમદે** સુધાર્યાં હતા આમાનું ન્હાનું ગોળ સીલ ઉઝુક (ચગતાઇ) ના નામથી ઓળખાતું, અને તે **ફરમાન-ઇ-સબતીસ** ને માટે વપરાતું. આ **ફરમાન-ઇ-સબતીસ** ત્રણ કારણો માટે કાઢવામા આવ્યા હતા. (૧) મનસબની નિમણુક માટે, (૨) જાગીર માટે, અને (૩) સયૂર્ઘાન માટે. બીજુ એક મ્હોટું હતું. એમા શહેનશાહના વશજોના નામો કોતરવામા આવ્યા હતા આ સીલ પહેલા પરદેશી રાજાઓ ઉપર પત્ર લખાતા, તેના ઉપયોગમા લાવવામાં આવતું, પાછળથી ઉપર્યુક્ત **ફરમાન-ઇ-સબતીસ**મા પણ વપરાતું.

આ સિવાયનાં બીજા ફરમાનો માટે એક ચોરસ સીલ હતું, એની ઉપર ' **अल्लाहु अकबर जले जलालुहु** ' શબ્દો હતા

ઉપર જે ઉઝુક નામનુ સીલ બતાવવામા આવ્યું છે, તે બીજું કોઇ નહિ, પરન્તુ અકબરના હાથમા પહેરવાની વીંટી હતી, તેજ હતુ. અકબરનો પિતા હુમાયુન પણ આવી વીંટી પોતાના હાથે રાખતો હતો; જે સીલ તરીકે કામમા આવતી હતી. આ વાત આ પુસ્તકના પૃ. ૨૫૨ ની નોટમા આપેલા વૃત્તાન્તથી પુરવાર થાય છે.

કહેવાય છે કે–ઇ. સ. ૧૫૯૮ મા (અકબરના રાજ્યના ૪૨ મા વર્ષમા) અકબરે ક્રિશ્ચીયન ઉપદેશકો (Jesuit Missionaries) ને આપેલાં શહેનશાહી ફરમાનો ઉપર જે સીલ છે, તે ઉપરથી જણાય છે કે અકબરના સીલમાં એકંદર આઠ સર્કલો (ગોળાકારો) હતાં, તે

ન્હોતી રેલગાડીયો કે ન્હોતાં હવાઈ વિમાન. એક ગામથી બીજા ગામ સમાચારો પહોંચાડવામાં તે વખતે જે કંઇ સાધન હતું, તે

પછી જહાંગીરે પોતાના નામનું એક સર્કલ વધારીને નવ કર્યાં હતાં, અને તે પછી તેની પાછળ આવનારા દરેક મહાન્ મોગલોએ પોતપોતાના નામનું એક એક સર્કલ વધાર્યું હતું.

ઉપર પ્રમાણે અકબરના સીલમાં આઠ સર્કલો હોવાનું કારણ એ જણાય છે કે-તૈમૂરલિંગથી તે આઠમી પેઢીએ થયો હતો.

કેટલાક લેખકો એવું અનુમાન કરે છે કે-' ભારતવર્ષના મોગલોના વખતમાં પણ રાજા, પ્રધાન, મ્હોટા અમલદારો, તથા મુલ્કી અને લશ્કરી ખાતાના અમલદારોના પોતાના હોદ્દા પ્રમાણે ન્હાના મ્હોટા સીલો હતાં. તે સીલો ઉપર તેઓના નામો ઉપરાન્ત રાજ્યકર્તા શહેનશાહે તેમને આપેલા ઇલ્કાબો પણ કોતરેલા ર્‌હેતા. તેમ હોદ્દાની રૂએ સીલ વાપરવાને મળેલા હકનું વર્ષ અને મથાળે હીઝરી વર્ષ હતુ.

વળી મોગલ સીલોમા સાધારણ રીતે જે લખાણ રહેતું, તે નીચેથી ઉંપર વંચાતું. આથી રાજ્યકર્ત્તા શહેનશાહનું નામ સૌથી મથાળે રહેતું. કહેવાય છે કે-મોગલ શહેનશાહોની ચઢતીના સમયમા પ્રધાનોના સીલો ઘણા ન્હાના એટલે ૧ થી ૧ાા ઇંચ વ્યાસના હતા, અને તેમા લખાણ પણ ઘણું સાદું અને નમ્ર રહેતું. પછી જ્યારે મોગલ બાદશાહોની પડતીની શરૂઆત થઇ, ત્યારે મ્હોટા બની બેસવાની તીવ્ર ઇચ્છા રાખનારા પ્રધાનોએ માત્ર **નામના** શહેનશાહોના હાથમાથી રાજ્યનો કાબૂ ગ્રહણ કર્યો. ત્યારે તેઓના સીલો ઘણા મ્હોટા બનાવવામા આવ્યા હતા. અને તે બહુ સુંદર કારીગીરીવાળાં હતા, તેમ તેમા લખાણ પણ ઉંચા પ્રકારનુ કોતરવામા આવ્યું હતું.

મોગલોના સીલો સંબંધી વિશેષ માહિતી મેળવવા ઇચ્છનારને માટે ' જર્નલ ઓફ ધી પંજાબ હીસ્ટોરીકલ સોસાઇટી ' ના પાચમા વોલ્યુમના પૃ. ૧૦૦ થી ૧૨૫ સુધી છપાએલ The Rev. Father Felix (O. C.) નો લેખ ઘણોજ ઉપયોગી થઇ પડશે. તથા જૂઓ આઇન-ઈ-અકબરીના પહેલા ભાગનો અંગરેજી અનુવાદ. પૃ. ૫૨ અને ૧૬૬.

મનુષ્યો હતા. તેમ છતાં પણ સરળતાની ખાતર ટપાલ [illegible] તેમ જલદી પહોંચાડવાને માટે તેણે એવી વ્યવસ્થા [illegible] કે દર છ છ માઇલને છેટે તેણે એક ટપાલી ચોકી [illegible] ટપાલો જયા ત્યાં મોકલવામાં આવતી. ઘણે [illegible] લઇ જવા માટે સાઢણી સવારો તૈયારજ રહેતા. કે જેઓ [illegible] મળતાંની સાથેજ રવાના થતા.

એક તરફ પ્રજાના સુખને માટે અકબરે કરી આપેલી અનુકૂળતાઓથી પ્રજાને નિશ્ચિંતતા મળી હતી, તેવીજ રીતે તે વખતે હમેશાંની વપરાશની વસ્તુઓ પણ એટલી બધી સસ્તી હતી કે, ગમે તેવા ગરીબ-કંગાલ માણસને પણ પોતાનું ગુજરાન ચલાવવું મુશ્કેલી ભરેલું નહોતું. બેશક, અત્યારના કરતાં ચલણી નાણાંની ફૂટ-કાગળની નોટો-ચેકો અને નકલી ધાતુના નાણાંની છૂટ-ઓછી હશે. પરન્તુ જો વપરાશની વસ્તુઓ સસ્તી હોય, તો પછી તેવાં નાણાંની વધારે આવશ્યકતા ન પડે, એ દેખીતુંજ છે. મનુષ્ય જાતને પેટની ચિંતા પહેલા રહે છે; અને તે પેટનો ખાડો ચલણી નાણાંથી-નોટોથી-રૂપિયાથી પુરાતો નથી, પરન્તુ અનાજ-ઘી-દૂધ-દહિં વિગેરે પદાર્થોથી ભરાય છે; આવા પદાર્થો તે વખતે કેવા સસ્તા હતા, તે સંબંધી W. H Moreland નામનો વિદ્વાન્ પોતાના "ધી વેલ્યુ ઑફ મની એટ ધી કોર્ટ ઑફ અકબર" નામના લેખ[1]માં ઘણો સારો-પ્રકાશ પડે છે. તેમના લેખ ઉપરથી એ જણાય છે કે—તે વખતે હમેશની વપરાશની વસ્તુઓ, જેવી કે-ઘઉં, જવ, ચોખા, ઘઉંનો લોટ, દૂધ, ઘી, ખાંડ (સફેદ, શ્યામ), મીઠું એના ભાવો નીચે પ્રમાણે હતાઃ—

ઘઉં	૧ રૂ. ના ૧૮૫ રતલ.
જવ	૧ રૂ. ના ૨૭૭|ા ,,

૧ જૂઓ, જર્નલ ઑફ ધી રૉયલ એસિયાટીક સોસાઇટીના ઇ. સ. ૧૯૧૮ ના જુલાઇ અને અક્ટોમ્બરના અંકો. પે. ૭૭૫-૮૮૫.

હલકામાં હલકા ચોખા	૧ રૂ. ના ૧૧૧	રતલ.
ઘઉંનો લોટ	૧ રૂ. ને। ૧૪૮	,,
દૂધ	૧ રૂ. નું ૮૯	,,
ઘી	૧ રૂ. નું ૨૧	,,
સફેદ ખાંડ	૧ રૂ. ની ૧૭	,,
શ્યામ ખાંડ	૧ રૂ. ની ૩૯	,,
મીઠું	૧ રૂ. નું ૧૩૭	,,
જુવાર	૧ રૂ. ની ૨૨૨	,,
બાજરી	૧ રૂ. ની ૨૭૭॥	,,

હમેશની વપરાશની વસ્તુઓ અત્યારના કરતાં તે વખતે કેટલી સસ્તી હતી; તેનો ખ્યાલ ઉપરના ભાવો[1] ઉપરથી બરાબર આવી શકે છે. કયાં અત્યારે એક રૂપિયાના ૫ રતલ ઘઉં અને કયાં તે વખતે ૧૮૫ રતલ ? કયાં અત્યારે એક રૂપિયાનો ૩-૪ રતલ ઘઉંનો લોટ, અને કયા તે વખતે એક રૂપિયાનો ૧૪૮ રતલ ? કયાં અત્યારે એક રૂપિયાનું લગભગ ૪-૫ રતલ દૂધ, અને કયા તે વખતે ૮૮ રતલ ? કયાં અત્યારે એક રૂપિયાનું લગભગ પોણો રતલ ઘી અને કયાં તે વખતે ૨૧ રતલ ? લગાર હિંદુસ્થાનના અર્થશાસ્ત્રિયો બતાવી આપશે કે-ભારતવર્ષના મનુષ્યોએ પહેલા કરતાં ઉન્નતિ પ્રાપ્ત કરી છે કે અવનતિ ? જ્યાં દેશના મનુષ્યોના મ્હોટા ભાગને એક વખતનું પણ અનાજ મળવું (ઘી-દૂધનું તો નામજ શાનું હોય ?) મુશ્કેલ થઇ પડયું હોય, પેટમા બ્હેંત બ્હેંતના ખાડા પડયા હોય, આંખોમા ખાડા પડી ગયા હોય, ડાચાં બેસી ગયા હોય, ચાલતાં પગમાં કંપારી

---

૧ ડો. વિન્સેંટ એ સ્મીથે પોતાના 'અકબર' નામના પુસ્તકના પૃ ૩૯૦ મા અકબરના વખતના જે ભાવો આપ્યા છે, તે પણ ઉપરના ભાવોની સાથે લગભગ મળતાજ છે. કઇ પણ ફરક જેવું લાગે છે તો તે ઘીના ભાવમાજ છે અર્થાત્ મી. મોરલેન્ડે ઘીનો ભાવ ઉપર જણાવ્યા પ્રમાણે ' રૂ ૧ નો ૨૧ રતલ ' પ્રમાણેનો આપ્યો છે. જ્યારે મી સ્મીથે ' રૂ. ૧ નો ૧૩½ રતલ ' પ્રમાણેનો આપ્યો છે

છૂટતી હોય, અને નવી ઉત્પન્ન થતી સંતતિઓના નિભાવ [illegible] ઉત્પન્ન થતી હોય, એવા દેશ ઉન્નત અવસ્થામાં આવે [illegible] કહેવાનું સાહસ કોણ કરી શકે? કદાચિત્ [illegible] પણ હોય, (નાણું પહેલા કહેવામાં આવ્યું તે) [illegible] મનુષ્ય જાતના શારીરિક અને માનસિક ઉન્નતિના કારણમાં [illegible] શકે તેમ છે?

કદાચિત્ કોઇ એમ કહે કે-અત્યારે જે ભાવો વધી ગયા છે, તે લડાઇના કારણે વધેલા છે, તો તે વાત સાચી છેઃ પરન્તુ જે વખતે લડાઇની અસર દેશને ન્હોતી થઇ, તે વખતે પણ-લડાઇ પહેલાં પણ કંઇ વધારે સસ્તી વસ્તુઓ નહિં હતી. ઉપર્યુક્ત વિદ્વાનજી અકબરના વખતના ભાવોની સાથે ઇ. સ. ૧૯૧૪ ની સાલના પણ ભાવો ટાંકી બતાવે છે. તે ઉપરથી જણાય છે કે-ઇ. સ. ૧૯૧૪ માં આ ભાવો હતાઃ—

ઘઉં	૧ રૂ. ના ૨૫ રતલ	
જવ	૧ રૂ. ની ૨૯ ,,	
ચોખા	૧ રૂ. ના ૧૫ ,,	
ઘહુંનો લોટ	૧ રૂ. નો ૨૧ ,,	
દૂધ	૧ રૂ. નું ૧૬ ,,	
ઘી	૧ રૂ. નું ૨ ,,	(લગભગ)
સફેદ ખાંડ	૧ રૂ ની ૯ રતલ	
શ્યામ ખાંડ	૧ રૂ. ની ૧૦ ,,	

એટલે લડાઇ પહેલાં પણ આ વસ્તુઓ વધારે સસ્તી હતી, એમ તો ન્હોતુંજ. વૃદ્ધ પુરૂષો જોતા આવ્યા છે કે-દિવસે દિવસે આ વસ્તુઓ વધારે મોંઘીજ થતી ગઈ છે.

હવે આમ શાથી થવા પામ્યું, એના સમાધાનમાં ઉતરવાનું આ સ્થાન નથી. તેને માટે લાંબો સમય અને સ્થાન જોઇએ. તો પણ એટલું તો કહેવુંજ પડશે કે-વસ્તુઓની કિંમતનો આધાર

તેની નિકાશ, છત, અને ખીલવણી ઉપર રહેલો છે. દેશનો માલ જેમ જેમ બહાર જવા લાગ્યો, તેમ તેમ હમેશની ઉપયોગી વસ્તુઓ મોંઘી થવા લાગી અને ગરીબો તથા સાધારણ લોકોના હાથથી તે છૂટીજ ગઇ. વળી ઘી, દૂધ અને દહીં જેવી વસ્તુઓ અત્યારે અસાધારણ મોંઘી થઇ છે, એનું કારણ પશુઓની અછતજ છે. ઘી, દૂધ, દહિં પૂરાં પાડનાર પશુઓ એક તરફ લાખોની સંખ્યામાં ઇતર દેશોમાં ઉપડવા લાગ્યાં અને બીજી તરફ ભારતવર્ષમાં પણ વ્યાપારને નિમિત્તે તેની કતલોનાં કારખાનાં વધી ગયાં. બન્ને રીતે પશુઓનો ઘટાડો થવા લાગ્યો, એનુંજ એ કારણ છે કે ભારતવર્ષનાં મનુષ્યોના જીવનભૂત દૂધ-દહિંની મોંઘવારી વધી પડેલી છે. અકબર મુસલમાન હતો, છતાં તેના વખતમાં આટલો બધો પશુઓનો સંહાર નહિ થતો હતો, બલ્કે તેણે ગાય-ભેંશ-બળદ અને પાડાઓનો વધ તો પોતાના રાજ્યમાં બિલકુલ બંધજ કર્યો હતો, એ વાત આપણે પહેલાં જોઇ ગયા છીએ. આવી સ્થિતિમાં તે વખતે દૂધ-ઘી-દહિં જેવી વસ્તુઓ અત્યન્ત સસ્તી હોય એમાં નવાઇ જેવું શું છે ? વળી બીજી તરફ આપણા દેશમાંથીજ બહાર ગયેલી વસ્તુઓ નવાં નવાં રૂપો ધારણ કરીને દેશમાં આવવા લાગી. એટલે ધર્મનું કે દેશનું અભિમાન નહીં રાખનારા મનુષ્યો તેના ઉપર ફિદા થઇ તેનો સ્વીકાર કરવા લાગ્યા. સ્થિતિ ત્યાં સુધી આવી કે-પોતાનું આર્યત્વ ખોવાની સાથે પોતાના વેષથી પણ વિમુખ થયા. જ્યારે આપણે વિદેશી વસ્તુઓનો સ્વીકાર કરવા લાગ્યા, એટલે સ્વદેશી વસ્તુઓની ખીલવણી અટકી ગઇ અને એ તો ચોકકસ છે કે-વસ્તુઓની કિંમતનો આધાર તેની ખીલવણી ઉપર રહેલો છે. આપણે ઉપરનીજ વસ્તુઓમાંનું એક દૃષ્ટાન્ત લઇશું. અકબરના વખતમાં બીજી બધી વસ્તુઓની અપેક્ષાએ સફેદ ખાંડ વધારે મોંઘી હતી. અને તેમ હોવાનું કારણ એજ હતું કે-તે ખાંડને સુધારવાની-શોધવાની રીત લોકો બહુજ કમ જાણતા હતા. અને તેવી તેથીજ સફેદ ખાંડ બહુજ કમ મળતી હતી.

ઉપરના વૃત્તાન્ત ઉપરથી આપણે જોઇ શકીએ છીએ કે–તે વખતે ગમે તેવા ગરીબ મનુષ્યને પણ પોતાનું ગુજરાન ચલાવવામાં મુશ્કેલી નડતી ન્હોતી. હીસાબ જોડતાં માલૂમ પડેછે કે–એક સાધારણ મનુષ્ય તે વખતે માત્ર ૫–૬ આનામા એક મહીના સુધી પોતાનું પેટ પૂરતું ગુજરાન આસાનીથી ચલાવી શકતો. જ્યારે અત્યારે સાધારણમાં સાધારણ મનુષ્યને પણ ઓછામાં ઓછા ૧૫–૨૦ રૂ. માત્ર ખાધા ખોરાકીના તો જોઇએજ. આ દેશનું દૌર્ભાગ્ય નહીં તો બીજું શું કહી શકાય ?

હવે આપણે અકબરની કેટલીક આંતરિક વ્યવસ્થા તપાસીએ.

રાજ્યવ્યવસ્થાઓમાં ઘણી વખત અંતઃપુર (જનાનખાનું) વધારે કલેશનું કારણ થઇ પડે છે, એ વાત અકબર સારી પેઠે જાણતો હતો અને તેથીજ તે પોતાના જનાનખાનાની વ્યવસ્થા ઉપર વધારે ધ્યાન આપતો હતો. તેણે અંતઃપુરની સ્ત્રિયોના વર્ગો પાડયા હતા. અને તેઓને મુકરર કર્યા પ્રમાણે ન્યૂનાધિક માસિક પગાર મળ્યા કરતો હતો અબુલફ્જલના કહેવા પ્રમાણે–પહેલા વર્ગની સ્ત્રિયોને ૧૦૨૮ થી લઇ કરીને ૧૬૧૦ રૂપિયા સુધી માસિક આપવામા આવતા જનાનખાનામાંના મુખ્ય નોકરોમાંના કેટલાકને રૂ.૨૦ થી ૫૧ સુધીનો માસિક પગાર મળતો. જ્યારે બીજાઓને ૨ થી ૪૦ સુધી મળતો. (ધ્યાનમા રાખવાનું છે કે–અકબરના વખતનો રૂપિયો ૫૫ સેંટ બરાબર હતો) સ્ત્રિયોના સમુદાય પૈકીની કોઇને કંઇ જોઇતુ, તો તેણે ખજાનચીને અરજ કરવી પડતી. વળી અંતઃપુરના અંદરના ભાગની ચોકી સ્ત્રિયો કરતી અને બહારના ભાગમાં નાજર, દરવાન અને લશ્કરી ચોકીદારો જુદે જુદે સ્થળે પોતપોતાના નિયત કરેલા સ્થાને રહેતા. અબુલફ્જલ લખે છે કે–ઇ. સ. ૧૫૯૫ માં અકબરને પોતાના પરિવાર સંબધી ખર્ચ ૭૭। (સવા સીત્તોત્તેર) લાખ રૂપિયાથી અધિક થયો હતો.

કેટલાક લેખકોનો મત છે કે, અકબરને મુખ્ય દસ સ્ત્રિયો હતી, જેમાં ત્રણ હિંદુ અને બાકીની મુસલમાન હતી.

43

મી. ઇ. બી. હેવેલનું કહેવું એમ કહે છે કે–તેને ઘણી સ્ત્રિયો હતી.' તેઓ તો આગળ વધીને એમ પણ લખે છે કે— 'મોગલોની દંતકથા પ્રમાણે જો બાદશાહ કોઇ પણ પરણેલી સ્ત્રીના પ્રેમમાં પડયો હોય, તો તેણીના ધણીએ છૂટા છેડા કરીને તેણીને મુક્ત કરવીજ પડતી.' આ વાતમાં કેટલી સત્યતા છે, તે કંઇ કહી શકાય નહિં. ગમે તેમ પણ તે સમયની અપેક્ષાએ તો અકબર જેવા સમ્રાટ્ની સ્ત્રિયોની સંખ્યા કમજ હતી, એમ કેટલાંક ઉદાહરણો ઉપરથી જોઇ શકાય છે, કહેવાય છે કે–રાજા માનસિંહને ૧૫૦૦ સ્ત્રિયો હતી, અને તે પૈકીની ૬૦ તો તેની સાથેજ સતી થઇ હતી. અકબરના એક બીજા મનસબદારને ૧૨૦૦ સ્ત્રિયો હતી. એટલુંજ શા માટે ? હુમાયુન અને જહાંગીરને પણ અકબરથી વધારે સ્ત્રિયો હતી, એમ ઘણા ઇતિહાસકારોનું કથન છે.

અકબરની સ્ત્રિયોના સંબંધમાં એક બીજી વાતનો ઊહાપોહ આધુનિક લેખકોમાં વધારે થયેલો જોવાય છે. અને તે એ છે કે–અકબરની સ્ત્રિયોમાં કોઇ ક્રિશ્ચીયન સ્ત્રી હતી કે કેમ ? આ સંબંધમાં સૌથી પહેલાં કલકત્તાની સેંટ ઝેવીયર્સ કોલેજના ફાધર એચ. હોસ્ટેન ઇ. સ. ૧૯૧૬ માં 'સ્ટેટસમેન' પત્રમાં એમ કહેવાને બહાર પડયા હતા કે–'અકબરની એક ક્રિશ્ચીયન ધણીયાણી હતી.' આ પછી બીજા અનેક ઇતિહાસકારોએ આ વિષયમા ઊહાપોહ કર્યો છે, પરન્તુ હજુ સુધી એ ચોકકસ નથી થઇ શકયું કે, અકબરની કઇ સ્ત્રી ક્રિશ્ચીયન હતી ? અસ્તુ.

બીજા મુસલમાન બાદશાહો કરતાં બલ્કે કેટલાક હિંદુ રાજાઓ કરતાં પણ અકબરે વધારે નામના મેળવી હોય, એમ આપણે જોઇએ છીએ. એમ કહેવામાં ખરી રીતે તેના ગુણો અને કાર્ય કરવાની દક્ષતાજ વધારે કારણભૂત છે. પ્રજાની ચાહના મેળવવી, એ કાંઇ ઓછી દક્ષતાનું કાર્ય નથી. અને એતો નિર્વિવાદસિદ્ધ વાત છે કે–નામના મેળવવાની, માન પામવાની ઇચ્છા દરેકને હોય છે,

પરન્તુ કેવું વર્તન રાખવાથી તે કાર્યની સિદ્ધિ થશે, એ લક્ષ્યબિંદુ જ્યાં સુધી સમ્યક્રીત્યા નથી બાંધી શકાતુ, ત્યાં સુધી તે કાર્યમા સફળતા કદાપિ મેળવી શકાતી નથી, બલ્કે ઘણી વખત તેનું ઉલ્ટુ જ પરિણામ આવે છે. વર્તમાન જમાનામાં પણ જોઇએ છીએ કે ભારતવર્ષ ઉપર આધિપત્ય ભોગવનાર ઘણાએ વૉયસરાયો આવી ગયા, પરન્તુ લોકપ્રિયતા મેળવવાનું-યશપ્રાપ્ત કરવાનુ માન તો લૉર્ડ રીપન અને લૉર્ડ હાર્ડિંગ જેવા થોડાકજ પામી ગયા છે, બાકી તો જેટલા વૉઇસરાયો આવી ગયા, તે બધાએ યશની આશા તો સાથેજ લઇને આવેલા પરન્તુ પોતાની આશા જેઓને ફળીભૂત ન થઇ હોય તેમાં તેઓના લક્ષ્યબિંદુનીજ ખામી સમજવી જોઇએ. અકબરને અત્યારે હિંદુ-મુસલમાનોજ નહિં, પરન્તુ યુરોપીયન વિદ્વાનો પણ મુક્તકંઠે પ્રશંસા કરે છે. એ એના ગુણોનેજ આભારી છે. જો કે-અકબર એક મનુષ્ય હોઇ, તેનામાં અનેક અવગુણો ભર્યા હતા, કે જેનું અવલોકન આપણે ત્રીજા પ્રકરણમાં કરી ગયા છીએ, તો પણ એમ તો કહેવુંજ પડશે કે તેના કેટલાક અસાધારણ ગુણોએ તેના અવગુણોને ઢાંકી દીધા હતા. અકબરના ગુણોને નિહાળીને કેટલાક લેખકો તો ત્યાં સુધી કહે છે કે—" અકબર સિંહાસનને યોગ્યજ હતો. એમ નહિ, પરન્તુ તેણે ખરેખર સિંહાસનને અલંકૃત કર્યું હતું-શોભાવ્યું હતું." કારણ કે સિંહાસનસ્થિત રાજાનો પ્રધાનધર્મ પ્રજાનું સુખ-પ્રજાનું કલ્યાણ ઇચ્છવું તે છે. અને તે ધર્મનુ અકબરે સારી રીતે પાલન કર્યું હતું. એટલાજ માટે કહેવામાં આવે છે કે-તેણે સિંહાસનને શોભાવ્યુ હતું-અલંકૃત કર્યું હતું.

અકબરમાં સૌથી વધારે વખાણવા લાયક ગુણ એ હતો કે-ગમે તે દુશ્મનને પણ તો પોતાનું ચાલતું ત્યાં સુધી તે અનુકૂળતાથીજ પોતાના પક્ષમાં લઇ લેતો. વળી તે જેવો સાહસી હતો, તેવોજ અત્યન્ત બળવાળો અને સહનશીલ પણ હતો. પોતાના ઉપર આવી પડેલાં કષ્ટોને તે બહુ ગંભીરાઇથી સહન કરી લેતો.

અકબરનું માનવું હતું કે–“ જે રાજકાર્યો કરવાને પ્રજા સમર્થ છે. તે કાર્યો રાજાએ નહિ કરવાં જોઇએ. કારણ કે જો પ્રજા ભ્રમમાં પડશે, તો તેને રાજા સુધારી શકશે; પરન્તુ જો રાજા ભ્રમમાં પડી જશે, તો તેનું સંશોધન કોણ કરશે. ”

કેવું સરસ મન્તવ્ય ! પ્રજા સ્વાતંત્ર્યનો કેટલો ઊંચો વિચાર !! પ્રજાને ઉંચું માથુ નહિ કરવા દેવાની, અરે, તેમના મોંઢે ખાસ ખંભાતી તાળુ દેવાની જોહુકમી ચલાવનારા અમારા કેટલાક દેશી રાજાઓ અકબરના ઉપર્યુક્ત પાઠમાંથી એક અક્ષર પણ શીખશે કે ?

અકબરના તમામ કાર્યોનું સાધ્યબિંદુ એકજ હતું અને તે એ કે–ભારતવર્ષને ગૌરાન્વિત કરવો. અને એ લક્ષ્યબિંદુને ખ્યાલમાં રાખીને જ તેણે પોતાના રાજત્વ કાલમા, અ તર્હિત થઇ ગયેલી કૃષિ, શિલ્પ, વાણિજ્ય આદિ વિદ્યાઓને જાગૃત કરી હતી. એટલુંજ નહિ, પરંતુ તે વિદ્યાઓની તેણે ઘણે દરજ્જે ઉન્નતિ કરી હતી.

તે જેવો દયાળુ હતો, તેવોજ દાનેશ્વરી હતો. અકબર જ્યારે દરબારમાં બેસતો, ત્યારે એક ખજાનચી ઘણી મ્હોરો અને રૂપિયા લઇને સમ્રાટ્ની પડખે ઉભો રહેતો. તે વખતે જે કોઇ દરિદ્ર મનુષ્ય આવતો, તેને દાન કરતો. જ્યારે અકબર બહાર ફરવા નિકળતો, ત્યારે પણ એક માણસ ઘણું દ્રવ્ય લઇને તેની પાસેજ રહેતો અને તે વખતે પણ નજરે પડતા અથવા માંગવા આવતા ગરીબને તે કંઇને કંઇ આપ્યા વિના નજ રહેતો. લૂલાં, લંગડા, અને એવી બીજી રીતે અશક્ત થયેલાં મનુષ્યો ઉપર અકબર વધારે દયા કરતો. અકબરે જેમ ન્યાય આપવામાં ધની કે નિર્ધન, હિંદુ કે મુસલમાન, કોઇ પણ જાતનો વિભેદ રાખવાની અનુદારતા ન્હોતી રાખી, તેવીજ રીતે દાન આપવામાં પણ જાતિ કે ધર્મ, પંડિત કે મૂર્ખ–કોઇ પણ જાતનો ભેદ રાખ્યો ન્હોતો. તેણે પોતાના રાજ્યનાં ઘણાં સ્થાનોમાં

તો અનાથાશ્રમો ઉઘાડ્યાં હતાં, તેમાં તેણે ફતેપુરસીકરીમાં બે અનાથાશ્રમો ખોલ્યાં હતા. એક હિંદુઓને માટે અને બીજું મુસલમાનોને માટે. હિંદુઓવાળા આશ્રમને ધર્મપુર કહેવામાં આવતું અને મુસલમાનવાળાને કહેતા ખૈરપુર.

કહેવાય છે કે-અકબરે કેટલીક એવી હુન્નરશાળાઓ ખોલી હતી, જેમા મ્હોટી તોપો, બંદૂકો, દારૂ, ગોળા, તલવાર, ઢાલ અને એવાં યુદ્ધનાં સાધનો બનતાં હતાં. તેની તે હુન્નરશાળામાં જે સૌથી મ્હોટી તોપ બનતી હતી, તેમાં બાર મણ વજનનો ગોળો ચલાવી શકાતો. યુરોપના મહાન્ સમરે હમણાં થોડાજ વખત ઉપર બતાવેલા ચમત્કાર પહેલાં અકબરની આવી તોપ માટે કેટલાએ લોકો ચમત્કૃત થતા હશે, પરન્તુ હમણાં પસાર થયેલા યુદ્ધ પછી હવે તેવી બાબતો આપણને શુષ્ક સરખી લાગે છે.

અકબર સમજતો હતો કે-દુરાચાર એ પાપનું મૂળ અને અવનતિનું પ્રધાન કારણ છે. જે દેશમાં બ્રહ્મચર્યનું સમ્માન નથી તે દેશની ઉન્નતિ નથી, જે જાતિમા બ્રહ્મચર્યનાં બંધારણો નથી, તે જાતિ માલ વિનાનીજ થઇ પડે છે. અને જે કુટુંબમાં બ્રહ્મચર્યનો નિવાસ નથી, તે કુટુંબ જગત્માં અપમાનિત થવા સાથે કોઇ પણ રીતે ઊંચે આવી શકતું નથી. અકબરે પોતાની પ્રજાને આવા દુરાચારવાળા વ્યસનથી દૂર રાખવા માટે ઘણા ઉપાયો લીધા હતા. તેણે વેશ્યાવાડો નગરની બહાર અમુક સ્થાનમાં રાખ્યો હતો. જેનું નામ **શૈતાનપુર** રાખવામા આવ્યું હતું. સમ્રાટે ત્યાં એક ઓફીસ રાખી હતી. જે કોઇ માણસ વેશ્યાને ત્યાં જતો અથવા વેશ્યાને પોતાને ત્યાં લઇ જતો, તેનું નામ-ઠામ-ઠેકાણું ઓફીસમાં રહેનારો કારકુન નોંધી લેતો.

આપણે પહેલાં ઘણીવાર કહી ગયા છીએ કે-અકબરમાં જેવી સહનશીલતા હતી, તેવીજ કાર્યકુશળતા પણ હતી. કોઇ વખતે કોઇ માણસ કંઇ કહી દેતો, તો તેના ઉપર એકાએક ગુસ્સે ન થતાં પહે-

લી તકે સહન કરી લેતો. અને પછી પોતાની બુદ્ધિથી ઉત્તર આપતો અથવા યુક્તિપૂર્વક હવે પછી તેમ બનવા ન પામે, તેવો પ્રયત્ન કરતો. આપણે સારી પેઠે જાણીએ છીએ કે–લોકોમાં એવું જાહેર થઇ ગયું હતું કે–અકબર મુસલમાન ધર્મથી ભ્રષ્ટ થઇ ગયો. કહેવાય છે કે તૂરાનના રાજા અબ્દુલ્લાખાન ઉઝબેગે[1] પણ બાદશાહના ધર્મભ્રષ્ટપણાની સાચી–ખોટી ઘણી એક વાતો સાંભળી હતી; અને તે સંબંધી તેણે જ્યારે બાદશાહને લખી પણ જણાવ્યું; ત્યારે બાદશાહે તેનો જવાબ આપ્યો કે—

“ઈશ્વરના સંબંધમાં લોકો કહી ગયા છે કે તેને એક દીકરો હતો. પેગમ્બરને માટે પણ કેટલાકો તરફથી એમ કહેવામાં આવ્યું છે કે તે તો એક ઐન્દ્રજાલિક હતો. જ્યારે ઈશ્વર કે પેગમ્બર પણ માણસોની નિંદામાંથી નથી બચ્યા, ત્યારે હું તો કેવીજ રીતે બચી શકું ?”

---

૧ ઉઝબેગ લોકોને અને મોગલોને લાબા વખતથી દુશ્મનાવટ ચાલી આવતી હતી આ દુશ્મનાવટનો અત સદરહુ અબ્દુલ્લાખાન ઉઝબેગના ઇ સ ૧૫૯૭ મા મરવા પછીજ આવ્યો હતો. ઇ. સ. ૧૫૭૧ મા આ અબ્દુલ્લાખાન ઉઝબેગનો એક એલચી અકબરના દરબારમા આવ્યો હતો, જેનો અકબરે ઘટતો સત્કાર કર્યો હતો. અકબરે તા ૨૩ ઓગષ્ટ ઇ. સ. ૧૫૮૬ મા આ અબ્દુલ્લાખાન ઉપર એક પત્ર લખ્યો હતો તેમા જણાવ્યુ હતુ કે—

“ફિરગી કાફરો, કે જેઓ દરિયાના ટાપૂઓ ઉપર આવીને વસ્યા છે, તેઓનો મારે નાશ કરવો જોઇએ, એ વિચાર મેં મારા હૃદયમા રાખી મૂક્યો છે.. .. . .

“તે લોકોની સખ્યા ઘણી વધી છે. અને યાત્રાળુઓ તથા વ્યાપારિયોને અડચણકર્ત્તા થાય છે અમે જાતે જઇને રસ્તો સાફ કરવાનો ઇરાદો કર્યો હતો . . ... .”

જૂઓ, ડૉ. વિન્સેન્ટ એ. સ્મીથનું અંગરેજી અકબર, પૃ. ૧૦, ૧૦૪ અને ૨૬૫.

ગમે તેમ હતું; પરન્તુ પોતાનો બચાવ કરવા માટે **અકબરે** કેવી સરસ યુક્તિથી જવાબ આપ્યો ?

અકબર સાહિત્યનો પૂર્ણ શોખી હતો. સાહિત્યની અંદર ધર્મ-શાસ્ત્રથી લઇને જ્યોતિષ, ગણિત, સંગીત યાવત્ તમામ વિદ્યાઓનો સમાવેશ થઇ શકે છે. તે બધીએ વિદ્યાઓ તરફ **અકબરની** અભિરૂચિ બહુ હતી અને તેથીજ તેણે **અથર્વવેદ, મહાભારત, રામાયણ, હરિવંશપુરાણ, ભાસ્કરાચાર્યનું લીલાવતી** અને એવા બીજા ગણિત તથા ખગોળ વિદ્યાનાં પુસ્તકોનાં ફારસી ભાષામાં ભાષાન્તરો કરાવ્યાં હતાં, તેમ સંગીતાદિ વિદ્યાઓમાં સુનિપુણ વિદ્વાનોને પોતાના દરબારમાં રાખવાનું માન પણ આપ્યું હતું. એટલુંજ નહિ પરન્તુ તે તે વિદ્વાનોનો સારો સત્કાર પણ કરતો હતો. કહેવાય છે કે—અકબરના દરબારમાં ૫૯ તો કવિયો હતા તે કવિયોમા સૌથી શ્રેષ્ઠ **ફૈજી** ગણાતો. કવિયો ઉપરાન્ત તેના દરબારમાં ૧૪૨ પંડિતો અને ચિકિત્સકો હતા. તેમાં ૩૫ હિંદુઓ હતા. સંગીતવિશારદ સુપ્રસિદ્ધ **તાનસેન** અને **બાબા રામદાસ** જેવા પણ **અકબરના** દરબારનાજ ચળકતા હીરા હતા. આવા ભિન્ન ભિન્ન વિષયના વિદ્વાનોનો આદરસત્કાર એ **અકબરનો** તે વિદ્યાઓ પ્રત્યેનો પ્રેમજ બતાવી આપે છે.

અકબર એ વાતને સારી પેઠે જાણતો હતો કે—મ્હોટા ખાતામાં મ્હોટી પોલ હોય છે આ વાતનો ઘણી વખત તેને અનુભવ પણ મળ્યો હતો. અને જેમ જેમ તે વાતનો તેને અનુભવ થતો ગયો, તેમ તેમ તે પોતાનાં જુદાં જુદા ખાતાંઓ ઉપર જાતે દેખરેખ રાખવા લાગ્યો. **અકબરના** અનેક ખાતાઓમાં એક ખાતું એવું પણ હતું કે જેમાં **જાગીર**[1] અને **સયુર્ઘાલ**[2]નો સમાવેશ કરવામાં આવ્યો

---

૧ **જાગીર**, કે જેને **ટુયૂલ** (Tuyul) કહેવામા આવે છે, તે, **મનસબદારોને** નોકરીના બદલામા અમુક નક્કી કરેલા વખત માટે જે જમીન આપવામા આવતી તેનુ નામ છે. જૂઓ, **જર્નલ ઑફ ધી પંજાબ હીસ્ટોરીકલ સોસાઇટી**, વો, ૫ મુ પૃ ૧૩ (Journal of the Punjab Historical Society Volume V. P. 13)

૨ **સયુર્ઘાલ** ' એ ચગતાઇ શબ્દ છે તેનો અર્થ ' જિંદગીના પે પણ

હતો. આ ખાતું, એક એવું ખાતું હતું કે અપ્રામાણિક-ચાલાક માણસ તેમાંથી જોઇએ તેટલી ધાપ મારી શકે; પરન્તુ **અકબર**ની દેખરેખ એવી હતી કે-કોઇનું કંઇ ચાલી શકતું નહિ. જો કે જ્યારે **શેખ અબ્દુન્નબી**[1]ના હાથમાં આ ખાતુ હતું, ત્યારે તેણે કેટલેક

ની મદદ ' એવો થાય છે. તેનો અરબી શબ્દ ' **મદદ-ઉલ-માશ** ' છે, જ્યારે ફારસી શબ્દ ' **મદદ-ઇ-માશ** ' છે. આના સંબંધમા **અબુલફજલ** એમ જણાવે છે કે-**અકબર** ચાર જાતના માણસોને તેમના ગુજરાનને માટે પેન્શન અથવા જમીન આપતો. તે ચાર જાતના માણસો આ છે:- ૧ જેઓ સંસારથી દૂર થઇને રાત દિવસ સત્ય અને ડહાપણની શોધ કરતા, ૨ માણસજાતના સ્વભાવના એકલપેટા જુસ્સાથી મચી રહી માણસોનો સંસર્ગ છોડી દેતા, ૩ નિર્બળ અને ગરીબ હોઇ કંઇ પણ કામ કરવાને જે અશક્ત હતા, અને ૪ જેઓ ખાનદાન કુટુંબમા જન્મ પામેલા, પરંતુ જ્ઞાનના અભાવને લીધે ધંધો કરી પોતાનુ પોષણ નહિ કરી શકતા. આ ચારે જાતના મનુષ્યોના ગુજરાનને માટે જે રોકડ રકમ આપવામા આવતી, તેને **મદદ-ઇ-આશ** કહેતા. આ બન્નેનો સમાવેશ ઉપર્યુક્ત **સયુર્ઘાલ**ની અંદર થઇ જાય છે. જૂઓ **આઇન-ઇ-અકબરી**ના પહેલા ભાગનો અંગરેજી અનુવાદ, પૃ ૨૬૮-૨૭૦

૧ **શેખ અબ્દુન્નબી**, એના પિતાનુ નામ **શેખ અહમદ** હતું. જે **ઇદરી** તાએ ગંગો (સહારનપુર) નો રહેવાસી હતો અને તેના પિતામહનુ નામ **અબ્દુલકદ્દૂસ** હતું **અબ્દુન્નબી** **સયુર્ઘાલ** ખાતામાં ઇ સ ૧૫૬૪ થી ૧૫૭૮ સુધી રહ્યો હતો વળી કોઇને પણ જમીન આપવામા તેને **મુઝફ્ફરખાન** કે જે તે વખતે વજીર અને વકીલ હતો, તેની સલાહ લેવી પડતી. ઇ સ, ૧૫૬૫ મા તેને ' **સદરે સદૂર** ' ની પદવી મળી હતી. **અબ્દુન્નબી**ને અને **મખ્દૂમુલ્મુલ્ક**ને બહુ વિરોધ હતો **મખ્દૂમે** આની વિરુદ્ધમા કેટલાક લેખો બહાર પાડીને અને **શીરવાન**ના **ખીઝરખાન** અને **મીર હબશી**ના ખૂની તરીકે જાહેર કર્યો હતો, જ્યારે **અબ્દુન્નબી**એ **મખ્દૂમ**ને **મૂર્ખ** તરીકે પ્રસિદ્ધ કરી શાપ આપ્યો. હતો આને લીધેજ ઉલ્માઓમા મ્હોટી બે પાર્ટીઓ પડી ગઇ હતી આખરે **અબ્દુન્નબી** અને **મખ્દૂમ**-બન્નેને ઇ સ ૧૫૭૯ મા **મક્કા** તરફ

ગોટાળો કર્યો હતો, પરંતુ અકબરે ઝટ તે વાત પકડી કાઢી ઇ. સ. ૧૫૭૮ માં તેને આ આતાથી દૂર કરી મખ્દૂમુલ્મુલ્ક[1]ની સાથે

રવાના કર્યાં હતા. અને વગર આજ્ઞાએ પાછા નહિં આવવાનો હુકમ ફરમાવ્યો હતો. અબ્દુન્નબીને મક્કે જતા બાદશાહે સીત્તેરહજાર રૂપિયા આપ્યા હતા જ્યારે મક્કેથી આવી દરબારમાં હાજર થયો હતો. તેની તપાસ કરવાનું કામ અબુલફજલને સોંપ્યું હતું. વળી જેમ બીજા કેટલાક કરોડિયો નજરકેદ તરીકે હતા; તેમ આને પણ અબુલફજલની દેખરેખ નીચે નજરકેદજ રાખવામા આવ્યો હતો. કહેવાય છે કે કોઇ એક દિવસે બાદશાહના ઇશારાથી અબુલફજલે તેને ગળુ ઘોટી મરાવી નાખ્યો હતો. આ વાત ઇકબાલનામામા લખેલી છે; વિશેષ માટે જૂઓ આઇન–ઇ–અકબરી, પહેલો ભાગ, અંગરેજી અનુવાદ પૃ. ૨૭૨–૨૭૩ તથા દરબારે અકબરી પૃ. ૩૨૦–૩૨૭.

૧ મખ્દૂમુલ્મુલ્ક, એ સુલતાનપુરનો રહેવાસી હતો, અને તેનું નામ મૌલાના અબ્દુલ્લા હતુ ‘ મખ્દૂમુલ્મુલ્ક ’ એ એનો ખીતાબ હતો. બીજો પણ તેને ‘ શેખ–ઉલ–ઇસ્લામ ’ નામનો ખીતાબ હતો. આ બન્ને ખીતાબો તેને હુમાયુને આપ્યા હતા. પ્રો આજાદ, પોતાની દરબારે અકબરીમા કહે છે કે બીજો ખીતાબ (શેખ–ઉલ–ઇસ્લામ) તેને શેરશાહે આપ્યો હતો તે એક ધર્માન્ધ સુન્ની હતો. શરૂઆતથીજ તે અબુલફજલને ભયંકર માણસની ઉપમા આપતો હતો. તેણે ‘ મક્કાની યાત્રા કરવી અત્યારે વ્યાજબી નથી, ’ એવો ફતવો કાઢ્યો હતો અને તેના કારણમા તેણે જણાવ્યુ હતુ કે–‘ મક્કે જવાના મૂળ બે રસ્તા છે. એક ઇરાનમા થઇને અને બીજો ગુજરાતમા થઇને આ બન્ને રસ્તા નકામા છે. કારણ કે જો ઇરાનમા થઇને જવાય, તો ત્યા ઇરાનના શીયા મુસલમાનો તરફથી લોકોને હેગનગતિ ભોગવવી પડે છે. અને જો ગુજરાતમા થઇને દરિયા માર્ગે જઇએ, તો પોર્ટુગીઝોના વહાણો ઉપર રાખેલા મેરી અને જીસીસના ચિત્રો જોવાનું સહન કરવું પડે. અર્થાત્ મૂર્તિપૂજન જોવું પડે. અતએવ બન્ને રસ્તા નકામા છે.

મખ્દૂમુલ્મુલ્ક, ખરેખરો યુક્તિબાજ પુરૂષ હતો. આની યુક્તિઓ આગળ મ્હોટા મ્હોટા લોકોની યુક્તિઓ પણ કંઇ હીસાબમાં ન્હોતી. કહેવાય છે કે તેણે શેખો અને આખા દેશના ગરીબ વર્ગ ઉપર નિર્દય

મક્કે રવાના કરી દીધો હતો. અને અકબરે, તે ખાતુ પોતાના હાથમાં લીધું હતું.

ઉપર પ્રમાણેજ પોતાના કોઇ પણ વર્ગનો નોકર ચોરી કરતાં ન શીખે, તેને માટે પણ અકબર પૂરતી ચોકસાઇ રાખવા લાગ્યો હતો, ત્યાં સુધી કે હાથીઓના ખોરાકમાં પણ ચોરી થાય છે કે નહિં, તેની પણ તપાસ રાખવાને તેણે પોતાના બધા હાથીઓને તેર વિભાગમાં વિભક્ત કર્યા હતા; અને તે તેરે વિભાગના હાથીઓને ચોક્કસ વજનનો ખોરાક પૂરો પાડવામાં આવતો, તેમાંથી જો થોડી પણ ચોરી થતી, તો ઝટ પકડી લેતો.

અકબરે આ બધી વ્યવસ્થા કરવાનો ગુણ પોતાના પિતાથી લીધો હતો. કહેવાય છે કે હુમાયુનમાં આ ગુણ ઉત્તમ હતો, પરન્તુ તેના દુર્ગુણોએ આ ગુણનો તેને અમલ કરવા દીધો ન્હોતો.

વર્તણુક ચલાવી હતી, અને તેની તે નિર્દયતાની વાતો એક પછી એક બહાર આવવા માડી હતી છેવટે તેના ઉપર સખ્ત હુકમ કરીને બાદશાહે તેને મક્કા તરફ રવાના કર્યો હતો. આના રહેવાનાં મકાનો લાહોરમા હતાં. તેના ઘરમા ઘણી લાબી અને પહોળી કબરો હતી. એ કબરો માટે એવી પ્રસિદ્ધિ હતી કે—આ કબરો જૂના વખતના વડવાઓની છે આ કબરો ઉપર લીલુ કપડું ઢકેલુ રહેતું અને દિવસે પણ દીવાઓ બળતા. વસ્તુતઃ આ કબરો નહિ, પરન્તુ અનીતિથી એકઠા કરેલા જમીનમાં દાટી રાખેલ ધનના- ખજાના હતા.

મખ્દૂમુલ્મુલ્ક મક્કેથી આવીને ઇ. સ. ૧૫૮૨ મા અમદાવાદમાં મરી ગયો, તે પછી કાજીઅલી ફતેપુરથી લાહોર ગયો હતો તેણે ત્યા તપાસ કરી, ત્યારે તેના ઘરમાંથી ઘણું ધન નિકળ્યું હતુ ઉપર્યુક્ત કબરોમાથી કેટલીક એવી પેટીઓ નિકળી હતી, કે જેમા સોનાની ઈંટો હતી. આ શિવાય ત્રણ કરોડ રૂપિયા નગદ પણ નિકળ્યા હતા.

ઉપરના વૃત્તાન્ત માટે જૂઓ-આઇન-ઇ-અકબરી પહેલા ભાગનો અગ્રેજી અનુવાદ, પૃ ૧૭૨-૧૭૩, ૫૪૪, તથા દરબારે અકબરી, (ઉર્દૂ) પૃ. ૩૧૬-૩૧૯.

અકબર, રાજ્યની વ્યવસ્થાઓમાં જેમ પોતાની હોશીઆરી–ચાલાકીનો ઉપયોગ કરતો, તેમ રાજ્યખટપટોથી સચેત રહેવામાં તે ઓછી સાવધાની નહિં રાખતો. પૂર્વના ઇતિહાસોથી અને કેટલાક અનુભવો ઉપરથી એ એમ ચોક્કસ સમજતો હતો કે–ચંચલ રાજ્ય લક્ષ્મી અને પોતાની સત્તા બેસાડવાને માટે પિતા પુત્રનું, પુત્ર પિતાનું અને ભાઇ ભાઇનું ખૂન કરવા માટે પણ તૈયાર થઇ જાય છે. તેના આ જ્ઞાનને લીધેજ તે પોતાના બધાંએ કાર્યો બરાબર વ્યવસ્થા-પૂર્વક, નિયમિત અને પૂરેપૂરી ચોકસાઇ પૂર્વકજ કરતો. તેને પ્રતિ-ક્ષણ એ ભય રહેતો કે–રખેને મારી બેપરવાઇનો લાભ લઇ કોઇ અનર્થ ઉત્પન્ન ન કરે અને તેટલાજ માટે તે પોતાની આખી દિન-ચર્યા બરાબર વ્યવસ્થિત રાખતો. તેની કાર્યપ્રણાલિ બહુ જાણવા જેવી છે.

તે નિદ્રા બહુજ કમ લેતો રહાજે થોડુક સૂતો અને સ્હવારમાં થોડું સૂતો. રાત્રિનો ઘણોખરો ભાગ હુકમો આપવામાં અને બીજાં કાર્યોમાં ગાળતો. દિવસ ઉગવાને ત્રણ કલાક રહેતા, ત્યારે જુદા જુદા દેશોથી આવેલા ગવૈયાઓને બોલાવતો અને ગવરાવતો. દિવસ ઉગ-વાને એક કલાક રહેતો, ત્યારે તે ભક્તિમાં લીન થતો, દિવસ ઉગ્યા પછી કંઇક કામકાજ હોય, તો તે કરીને સૂઇ જતો.

આ ઉપરથી તે અલ્પ નિદ્રા લેતો, એ વાત સિદ્ધ થાય છે. દિવસ રાત મળીને ત્રણ કલાક તે નિદ્રા લેતો. વૈદ્યકશાસ્ત્રના નિયમ પ્રમાણે અલ્પ નિદ્રા લેવાની પ્રવૃત્તિવાળાએ મિતાહારી રહેવું જરૂરનું છે, અને તેટલા માટે અકબર પણ મિતાહારજ કરતો. બલ્કે દિવસમાં માત્ર એકજ વખત ભોજન કરતો, અને તેમા પણ ઘણે ભાગે તે દૂધ, ચોખા અને મીઠાઇ લેતો.

એ પ્રમાણે અકબરની કાર્યાવલિજ એવા પ્રકારની હતી કે–કોઇ વખત કંઇ પણ જાતની ગફલત રહેવા પામે નહિ. ઘણી વખત

રાજ્યખટપટોનું પરિણામ રસોડાખાતામાં પહોંચે છે અને ગુપ્તશત્રુઓ તે દ્વારાજ પોતાનું ઇષ્ટ સાધે છે. અકબર આ વાતથી અજાણ્યો ન્હોતો, અને તેથીજ તે રસોડા ખાતા ઉપર પણ પૂરતું ધ્યાન આપતો. પ્રામાણિક-પૂર્ણ વિશ્વાસવાળા માણસોનેજ તે રસોડા ખાતામાં નિયુક્ત કરતો. તેને માટે જે રસોઇ બનતી, તે બીજા માણસે ચાખી લીધા પછીજ તે બાદશાહ પાસે જતી. રસોડામાંથી જે રકાબીઓ અકબરને માટે જતી, તે બધી સીલબંધ જતી. અકબરે પોતાના ખાણા સંબંધી એવો હુકમ બહાર પાડયો હતો કે–" મારા માટે જે ખોરાક તૈયાર કરવામાં આવે, તેમાંથી થોડો ખોરાક હમેશાં થોડાં ઘણાં ભૂખ્યાં માણસોને આપવો. " વળી અકબરને માટે જે વાસણો ઉપયોગમાં આવતાં, તેને મહીનામાં બે વાર કલઇ દેવામાં આવતી અને રાજકુમાર તથા અંતઃપુરના ઉપયોગમાં આવતા વાસણોને મહીનામાં એક વખત દેવામાં આવતી. અકબર ખાસ કરીને જવખાર નાખીને ઠંડું પાડેલું ગંગાનું પાણી પીતો. રસોઇનાં સ્થાનોમાં ઉપર ચંદરવા બાંધવામાં આવતા, એટલા માટે કે અકસ્માત્ કોઇ ઝેરી જાનવર અંદર ન પડે.[1]

મૃત્યુથી બચવાને માટે મનુષ્યો કેટલો પ્રયત્ન કરે છે, પરન્તુ તેજ મૃત્યુનો ભય રાખીને મનુષ્યો અનીતિ, અન્યાય, અત્યાચાર-અનાચારનું સેવન ન કરતા હોય, તો જગત્માં કેટલા જીવોને ત્રાસ ઓછો થાય ?

અકબરની કાર્યદક્ષતા આપણે જોઇ ગયા, તે ઉપરથી આપણે એમ કહી શકીએ કે–એક રાજામાં–સમ્રાટ્માં જે કાર્યકુશળતા હોવી જોઇએ, તે તેનામાં અવશ્ય હતી. આવી કાર્યકુશળતા રાખનારો મનુષ્ય દિલાવર દિલનો–ઉંચા મનનો હોવો જોઇએ. અને તે પ્રમાણે અકબર એવા ઉંચા મનનો હતો પણ ખરો. અકબરના ઊંચા વિચા-

---

1 જુઓ—The mogul Emperors of Hindustan p 137 (ધી મોગલ એમ્પરર્સ ઓફ હિંદુસ્તાન પૃ. ૧૩૭).

રોનું જ્યારે મનન કરીએ છીએ, ત્યારે સહસા એમ કહ્યા સિવાય નથી રહી શકાતું કે–અકબર સમ્રાટ્જ નહિં હતો, કિન્તુ તત્ત્વજ્ઞાન સંબંધી ઊંડો વિચારક પણ હતો. આ પ્રસંગે અકબરના મુદ્રાલેખો અથવા વિચારોના થોડાક નમૂના અહિં ટાંકીશું, તો તે અસ્થાને નહિંજ ગણાય.

" જ્યારે પરીક્ષારૂપ સંકટ આવી પડે છે, ત્યારે ધાર્મિક (સહજ) આજ્ઞાંકિતપણું, ક્રોધયુક્ત ભ્રમર ચડાવીને ગુસ્સે થવામાં સમાયેલું નથી; પરન્તુ વૈદ્યના કડવાં ઔષધોની માફક તેને પ્રફુલ્લિત ચહેરે સ્વીકારવામાં રહેલું છે. "

× × × ×

"મનુષ્યની સર્વોત્તમતાનો આધાર વિચારશક્તિ (વિવેકબુદ્ધિ) રૂપી હીરા ઉપરજ રહેલો છે, માટે દરેક મનુષ્યોને ઉચિત છે કે, તેમણે તેને ચકચકિત અને પ્રકાશિત રાખવાની મહેનત કરવી તથા તેના માર્ગથી વિરૂદ્ધ જવું નહિં. "

× × × ×

" જો કે, ઐહિક અને પારલૌકિક સમ્પત્તિયો, ઈશ્વરના યોગ્ય-પૂજન ઉપરજ આધાર રાખે છે, તોપણ બાળકોની સમ્પત્તિ તેઓના પિતા (પૂજ્ય વડીલો) ને આધીન રહેવામાજ સમાયેલી છે. "

× × × ×

" અરે ! સમ્રાટ્ હુમાયુન ઘણા વખત પહેલાં ગુજરી ગયા છે; અને તેથી મારી નિમકહલાલ સેવા તેમને બતાવવાની મને બિલકુલ તક મળી નથી. "

× × × ×

" મનુષ્યો પોતાના સ્વાર્થમાં અંધ થયેલ હોવાથી પોતાની આસપાસની સ્થિતિ જોઇ શકતા નથી. કબૂતરના લોહીથી ખરડાએલ બીલાડીના પંજાને જોઇને મનુષ્ય દુઃખી થાય છે, અને તેજ બીલાડી જો ઉંદરને પકડે છે, તો તેને (તે મનુષ્યને) આનંદ થાય છે. "

શું ? કબૂતરે તેની શી સેવા બજાવેલ છે કે જેથી તેના મૃત્યુથી તે દુઃખી થાય છે ? અને પેલા કમનસીબ ઉંદરે તેનું શું નુકસાન કરેલ છે, કે જેના મૃત્યુથી તે ખુશી થાય છે ? ”

× × × ×

“ આપણી ઈશ્વર પ્રત્યેની પ્રાર્થનામાં એવા ઐહિક સુખોની માગણી નહિં હોવી જોઇએ કે–જેની અંદર બીજા જીવોને હલકા ગણવાનો આભાસ હોય. ”

× × × ×

તત્ત્વજ્ઞાન સંબંધી વિવેચન મારે માટે એક એવી અલૌકિક મોહિની છે કે–બીજાં બધાં કાર્યોમાંથી મારૂં ચિત્ત તે તરફ ખેંચાય છે, અને મારી હમેશની ચાલુ જરૂરીયાતની ફરજો અદા કરવામાં બેદરકારી ન જણાય, તેવા ભયથીજ હું તત્ત્વજ્ઞાન સાંભળવામાંથી મને પરાણે અટકાવી શકું છું. ”

× × × ×

“ ગમે તેવો મનુષ્ય પણ જો તે જગત્‌ની માયાથી વિરક્ત થવાની મારી પરવાનગી ચાહશે, તો હું તેની ઇચ્છાનુસાર આનંદિત ચહેરે મારી કબૂલાત આપીશ. કારણ કે જો તેણે ખરેખર જગત્, કે જે માત્ર મૂર્ખાઓનેજ પોતાની તરફ ખેંચી શકે છે, તેમાંથી પોતાનું અંતઃકરણ ખેંચી લીધું હશે, તો તેથી તેને અટકાવવો, એ માત્ર નિંદ્ય અને દોષપાત્રજ છે; પરન્તુ જો માત્ર બાહ્યાડંબરથીજ તે પ્રમાણે દેખાવ કરતો હશે, તો તેને તેનું ફળ મળશેજ ”

× × × ×

“ બાજપક્ષી, કે જે બીજાં પ્રાણિયોના જીવનને નષ્ટ કરી પોતાનું ગુજરાન ચલાવે છે, તે બદલની શિક્ષામા તેનું અસ્તિત્વ ટૂંકું આપેલ છે (અર્થાત્ તે બહુ થોડુંજ જીવે છે); તો પછી મનુષ્યજાતિના ખોરાકને માટે જુદી જુદી જાતનાં પુષ્કળ સાધનો હોવા છતા, જે મનુષ્ય માંસભક્ષણથી અટકતો નથી, તેનું શું થશે ? ”

× × × ×

" એક સ્ત્રી ઉપરાન્ત વિશેષને માટે સ્પૃહા રાખવી, તે પોતાની પાયમાલીનોજ પ્રયાસ છે. પરન્તુ કદાચિત્ સ્ત્રીને પુત્ર ન થયો હોય, અથવા તે વાંઝણી રહે, તો એકથી વધારે સ્ત્રીની ઇચ્છા રાખવી વ્યાજબી છે."

× × × ×

" જો મારામાં જરા વ્હેલું ડહાપણ આવ્યું હત, તો મારા જનાનખાનામાં બેગમ તરીકે મારા રાજ્યમાંથી કોઇપણ સ્ત્રીને હું પસંદ કરતે નહિં; કારણ કે મારી પ્રજા, તે મારી દૃષ્ટિમાં મારાં સંતાનતુલ્યજ છે."

× × × ×

" ધર્મનાયકની ફરજ, આત્માની પરિસ્થિતિ જાણવી અને તેના સુધારા તરફ પ્રયત્નશીલ રહેવું, તે છે. નહિં કે Ethopની માફક જટા વધારવી અને ફાટેલ-તૂટેલ ઝભ્ભો પહેરી શ્રોતાજનોની સાથે શિરસ્તા મૂજબ ઉપલક વિવાદ કર્યા કરવો."

× × × ×

અકબરના વિચારો,[1] તેની ઉચ્ચ ભાવનાઓ અને તેના મુદ્રાલેખોના ઉપર્યુક્ત નમૂનાઓ વાંચનાર કોઇ પણ સહૃદય એમ કહ્યા સિવાય નહિં રહી શકે, કે તે જેટલો રાજ્યદ્વારી બાબતોમાં ઊંડો ઉતરેલો હતો, તેટલોજ સામાજિક,ધાર્મિક અને નૈતિક બાબતો ઉપર પણ પૂર્ણ વિચાર કરનારો હતો. ખરેખર અકબરના આવા સદ્ગુણો તેના પૂર્વજન્મના સંસ્કારોનેજ આભારી છે. નહિં તો લાખો કે કરોડો મનુષ્ય ઉપર આધિપત્ય ભોગવનાર એક મુસલમાનકુલોત્પન્ન બાદશાહમા આવા ઉચ્ચ વિચારોનો નિવાસ થવો, બહુજ કઠિન કહી શકાય. અકબરને સંયોગો પણ ધીરે ધીરે એવાજ મળતા ગયા, કે જે તેના વિચારોને વધારે દૃઢ કરનારા-પુષ્ટિ આપનારા હતા. અકબરના દરબારના પ્રધાન પ્રધાન પુરૂષોનો સંબંધ પણ અકબરને વધારે

૧ અકબરના વિચારો માટે જૂઓ આઈન-ઇ-અકબરીનો ત્રીજો ભાગ, કર્નલ જૈરિટકૃત અંગ્રેજી અનુવાદ પૃ. ૩૮૦-૪૦૦.

ઉપકારી થઇ પડયો હતો. તેમાં પણ ખાસ કરીને અબુલફ્જલની છાપ તો અકબર ઉપર વધારેજ પડી હતી.

× × × ×

આપણા નાયક સમ્રાટ્ની ઉન્નતિનો સૂર્ય બરાબર મધ્યાહ્ન સમયમાં આવી પહોંચ્યો. તેની ધારેલી મનોકામનાઓ પૂર્ણ થઇ. તેનું સામ્રાજ્ય હિન્દુકુશ પર્વતથી બ્રહ્મપુત્રા સુધી અને હિમાલયથી દક્ષિણ પ્રદેશ સુધી ફેલાઇ ગયું. સર્વત્ર શાન્તિનાં દર્શન થવા લાગ્યાં. વિદેશી લોકોના આક્રમણનું પણ નિવારણ કરી નાખ્યું. ટૂકમાં કહિએ તો–ભારતવર્ષનું ગૌરવ પાછું સજીવન કરી દીધું. તેણે અનેક પ્રકારના પ્રયત્નોથી ભારતવર્ષને રસાતલથી ઉંચકીને ઉન્નતિના શિખર ઉપર લાવી મૂકયો અને મસ્તક ઉપર રહેલા સૂર્યનો સર્વત્ર પ્રકાશ પડવા લાગ્યો અને તેથી અકબરના આનંદનો પાર પણ રહ્યો નહિ.

પણ પાઠક! ભારતનું એવું સદ્‌ભાગ્ય કયાંથીજ હોય, કે–તે ઉન્નતિનો સૂર્ય કાયમને માટે મસ્તક ઉપરજ ઝગમતો જોયા કરે! પાછો તે સૂર્ય ધીરે ધીરે નીચે નમવા લાગ્યો. પડતીનો પડછાયો પડવા લાગ્યો. એક તરફથી અકબરના ઘરમાંજ ફૂટ દેવીએ નિવાસ કર્યો, જ્યારે બીજી તરફથી અકબરના સ્નેહિયોનાં મૃત્યુ ઉપરા ઉપરી થવા લાગ્યાં. અકબર શાન્તિના દિવસો દેખવા ભાગ્યશાળી થયો; એટલામાં તો ઉપરના બે બાજૂના ફટકાઓ અકબરને પૂર જોસથી આઘાત પહોંચાડવા લાગ્યા. આપણે સારી પેઠે જાણીએ છીએ કે–કેટલાક અનુદાર મુસલમાનો અકબરની પ્રવૃત્તિથી ઘણાજ નારાજ હતા, તેઓએ અકબરના મ્હોટા પુત્ર સલીમને અકબરથી વિરોધી બનાવ્યો, એટલુંજ નહિં, પરંતુ સલીમને ત્યાં સુધી ઉશ્કેર્યો કે–'તમે તમારા પિતાને ગાદી ઉપરથી ઉઠાડી મૂકો.' સલીમ જગજાહેર દુશ્ચરિત્ર હતો,દારૂડીયો હતો,અને તેને કોઇ પણ ધર્મ ઉપર શ્રદ્ધા પણ નહિં હતી, છતાં તે સંકીર્ણ મુસલમાનોએ તેની દરકાર કર્યા સિવાય તેને ઉશ્કેરવામાં બાકી ન રાખી અને અકબરથી સખ્ત વિરોધી

બનાવ્યો. બીજી તરફ, ઇ. સ. ૧૫૮૯ માં જ્યારે અકબર કાશ્મીરની સેર કરવાને ગયો હતો, તે વખતે તેનો પ્રિય અનુચર ફતહઉલ્લા[1] કે જે એક સારો પંડિત હતો, અને જે સંસ્કૃત ગ્રંથોનો ફારસીમાં અનુવાદ કરતો, તે મરણ પામ્યો. કાશ્મીરના સીમાડામાં અબુલફતહ[2]

1 ફતહઉલ્લા, એ અબુન્નફતહનો છોકરો થતો હતો, અને તે ખુશરૂનો સોબતી હોવાથી તેને જહાગીરે મારી નખાવ્યો હતો જૂઓ આઇન–ઇ–અકબ્બરીના પહેલા ભાગનો અંગ્રેજી અનુવાદ. પૃ. ૪૨૫

૨ અબુલફતહ, તે ગીલાનના મુલ્લા અબ્દુર્રઝ્ઝાકનો છોકરો થતો હતો. તેનુ પૂરૂ નામ હકીમ મસીહુદ્દીન અબુલફતાહ હતું અરફી નામના કવિએ આની સ્તુતિની કવિતાઓમા તેનું નામ મીર અબુલફતહ લખ્યુ છે. તેનો બાપ ગીલાનના સદરની જગ્યાએ ઘણો વખત રહ્યો હતો. ઇ સ. ૧૫૬૬ મા ગીલાન તહમાસ્પના તાબામા ગયુ, ત્યારે ત્યાના રાજા અહમદખાનને કેદ કરવામા આવ્યો, અને અબ્દુર્રઝ્ઝાકને મારી નાખવામા આવ્યો આથી હકીમ અબુલફતહ, પોતાના બે ભાઇઓ (હકીમ હુમામ અને હકીમ નુરૂદ્દીન) ને સાથે લઇ પોતાનો દેશ છોડી ઇ સ. ૧૫૭૫ મા ભારતવર્ષમા આવ્યો. અકબરના દરબારમાં તેને સારૂ માન મળ્યુ હતુ. રાજ્યના ચોવીસમા વર્ષમા અબુલફતહને બગાળાનો સદર અને અમીન બનાવવામા આવ્યો હતો ધીરે ધીરે તે અકબરનો માનીતો થયો હતો. જો કે હોદ્દામા તે ફક્ત એક હજારી હતો, પરતુ તેની સત્તા વકીલ જેટલી હતી. ઇ. સ ૧૫૮૯ મા જ્યારે અકબર કાશ્મીર ગયો, ત્યારે અબુલફતહ પણ સાથેજ ગયો હતો, ત્યાથી તે જાબુલિસ્તાન ગયો. ત્યા જતા રસ્તામા માંદો પડ્યો અને મરી ગયો. અકબરના હુકમથી ખ્વાજા શમસુદ્દીન તેની લાશ હસનઅબ્દાલ લઇ ગયો, અને જે કબર પોતાને માટે બનાવી હતી, તે કબરમા તેને દાટવામા આવ્યો. પાછા ફરતા અકબરે તે કબર પાસે આવીને પ્રાર્થના પણ કરી હતી બદાઉનીના લખવા પ્રમાણે અકબરે ઇસ્લામધર્મ છોડયો, એમા અબુલફતહની લાગવાગને પણ કારણ માનવામા આવે છે વધુ માટે જૂઓ આઇન–ઇ અકબરીના પહેલા ભાગનો અગરેજી અનુવાદ, પૃ. ૪૨૪–૪૨૫, તથા દરબારે અકબરી પૃ. ૬૫૬–૬૬૬.

કે જેણે **અકબરનો** ધર્મ સ્વીકાર્યો હતો; તેનું મૃત્યુ થયું. સમ્રાટ્ કાશ્મીર ગયો ત્યારે, **રાજા ટોડરમલ**[1] કે જે પંજાબનો શાસન

૧ **રાજા ટોડરમલ્લ**, એ **લાહોર**નો રેહવાસી હતો કેટલાક લેખકોનો મત છે કે તે **લાહોર** તાબાના **ચૂનિયાં** ગામનો રેહવાસી હતો. એસિયાટીક સોસાઇટીએ કરેલી તપાસ પ્રમાણે તે **લાહરપુર** ઇલાકા **અવધ**નો રહેવાસી જણાય છે. તે જાતનો **ખત્રી** અને ગોત્રનો **ટંડન** હતો. ઇ. સ. ૧૫૭૩ લગભગમાં તે **અકબર**ના દરબારમા દાખલ થયો હતો. ધીરે ધીરે આગળ વધારતાં વધારતાં **અકબરે** રાજ્યના ૨૭ મા વર્ષમાં તેને રાજ્યના બાવીસ સૂબાઓનો **દીવાન** અને **વજીર** બનાવ્યો હતો તે ચાર હજારી હતો. તે જેટલો હીસાબી કામમા પ્રસિદ્ધ થયો હતો, તેટલોજ પોતાના પરાક્રમથી પણ જાણીતો થયો હતો. પક્ષપાતથી તો તે બિલકુલ દૂરજ રહેતો. કહેવાય છે કે તેણે હીસાબ ગણવાની કૂચિયોનું એક પુસ્તક લખ્યું હતું. જેનું નામ **ખાજનેઇસિરાર** હતું. **પ્રો. આજાદ**ના કહેવા પ્રમાણે આ પુસ્તક **કાશ્મીર** અને **લાહોર**ના વૃદ્ધ લોકોમાં **ટોડરમલ્લ**ના નામથી પ્રસિદ્ધ છે.

ટોડરમલ ક્રિયાકાંડમાં ચુસ્ત હિન્દુ હતો. તે કોઇ દિવસ પોતાના ઇષ્ટદેવની પૂજા કર્યા સિવાય તો અન્નપાણી પણ લેતો નહિં ઘણી વખત તેને પોતાના ધાર્મિક નિયમો સાચવવામા મુશ્કેલિયો ઉભી થતી, પરન્તુ તેને સહન કરીને પણ તે પોતાના નિયમોને સભાળી રાખતો

જે લોકો એમ કહે છે કે–'નોકરો માલિકના વફાદાર ત્યારેજ થઇ શકે છે કે–જ્યારે તેઓના વિચારો, વર્ત્તણુંક, ધર્મ અને વિશ્વાસ–બધુએ માલિકની બરાબર હોય. તેમણે **ટોડરમલ**ના જીવન ઉપર ધ્યાન દેવું જોઇએ છે તેના જીવન ઉપરથી એ ચોક્કસ માલૂમ પડશે કે– સાચો **ધર્મી** તેજ છે કે જે પોતાના સ્વામીની સેવા લાગણી અને વિશ્વાસ પૂર્વક બજાવે છે, બલ્કે એમ કહેવુ જોઇએ કે–જેટલી લાગણી અને વિશ્વાસ, તે પોતાના ધર્મમા વધારે રાખશે, તેટલીજ વધારે વફાદારીથી સ્વામીની સેવા કરી શકશે.

અબુલફ્જલ આના સંબંધમાં એમ કહે છે કે જો તે–પોતાનીજ વાત ઉપર અભિમાન અને બીજાના ઉપર ડખ ન રાખતો હત, તો એક

કર્ત્તા હતો, તે પણ મરણ પામ્યો અને રાજા **ભગવાનદાસ** પણ ઘરે આવીને મરણ પામ્યો.

એ પ્રમાણે ઇ. સ. ૧૫૮૯ માં એક પછી એક પોતાના અનુચરોનાં મૃત્યુ થવાથી **અકબરને** પારાવાર શોક થયો.

સ્નેહિયોના આ મૃત્યુના શોક કરતાં પણ ઘરનો કલહ **અકબરને** વધારે દુઃખદાયી થઇ પડયો હતો. બીજા કોઇની શત્રુતા ગમે તે રીતે પણ દૂર કરી શકાય, પરન્તુ પોતાના પુત્રની શત્રુતાને હઠાવવામાં **અકબરને** અસાધારણ મુશ્કેલીઓ ઉઠાવવી પડી. તો પણ પરિણામ તો કંઇજ ન આવ્યું. **સલીમે અકબરની** સાથે ત્યાંસુધી જાહેર શત્રુતા કરી કે-તેણે અલ્હાબાદને પોતાના કબજે કર્યું. અને **આગરાની** ગાદી લેવા માટે પણ ઉદ્યત થયો, એટલું જ નહિં પરન્તુ પિતાને વધારે ક્રોધિત બનાવવાને માટે તેણે પોતાના નામના સિક્કા પણ ચલાવ્યા સમ્રાટ્ અગર ધારતે, તો **સલીમને** સારી રીતે સ્વાદ ચખાડતે, પરન્તુ તે વાત્સલ્યભાવથી આબદ્ધ હોઇ, પુત્રની સાથે યુદ્ધ કરવું, તેણે છેવટ સુધી પસંદ નજ કર્યું.

વળી આ સિવાય **અકબર** અત્યારે સાધનરહિત પણ થઇ ગયો હતો, એમ કહીએ તો પણ ચાલે, કારણ કે તેની શાસનનીતિ અને ધર્મનું સમર્થન કરવાવાળા પુરૂષો એક પછી એક પરલોક સિધાવ્યા હતા. માત્ર **અબુલફજલ** અને **ફૈજી** જેવી બે ત્રણ વ્યક્તિયો બચી હતી, તેઓની સાથે તો **સલીમની** પૂર્ણ શત્રુતા હોવાથી તેમનાથી કંઇ થઇ શકે તેમ ન્હોતું.

એક તરફ આવું તોફાન ચાલી રહ્યુ હતું, એવામાં વળી **અકબરને** એક બીજો આઘાત લાગ્યો, એટલે કે જે **ફૈજી**, અક-

---

મ્હોટા **મહાત્મા** તરીકે તેની ગણતરી થાત. છેવટે તે ઇ. સ ૧૫૮૯ ની ૧૦ મી નવેમ્બરે મરણ પામ્યો હતો જૂઓ **આઈન-ઇ-અકબરીના** પહેલા ભાગનો અંગરેજી અનુવાદ પૃ. ૩૨, તથા **દરબારે અકબરીના** પૃ. ૫૧૯-૫૩૪.

બરનો પૂર્ણ માનીતો હતો, અને જેની કવિતાઓ ઉપર અકબર ફિદા હતો, તેજ ફૈજી સખત બીમાર પડયો. અકબરનો તેના ઉપર એટલો બધો પ્રેમ હતો કે–તે પોતે પ્રસિદ્ધ **હકીમ અલી**[1]ને સાથે લઇને તેને જોવા માટે ગયો. ફૈજી આ વખતે મૃત્યુ શય્યાપરજ પડેલો હતો. ફૈજીને બચવાની આશા દરેકે છોડી દીધી હતી, અબ્બુલ-

---

૧ **હકીમઅલી**, એ ગીલાન (ઇરાન) નો રહેવાસી હતો. જ્યારે તે ઇરાનથી ભારત વર્ષમા આવ્યો, ત્યારે ઘણો ગરીબ અને સાધન વગરનો હતો; પરંતુ થોડાજ વખતમા તે અકબરનો માનીતો અને મિત્ર થઇ ગયો હતો. ઇ. સ. ૧૫૮૬ મા તેને સાતસો સેનાનો અધિપતિ બનાવ્યો હતો, તેમ '**જાલીનૂસ ઉજ્જમાની**' નો ખીતાબ પણ આપવામા આવ્યો હતો. બદાઉનીના મત પ્રમાણે–તે શિરાજના ફતહઉલ્લાના હાથ નીચે વૈદ્યકશાસ્ત્ર શિખ્યો હતો. તે એક ધર્માન્ધ શીયા હતો. અને બદાઉની કહે છે કે–તે એવો ખરાબ વૈદ્ય હતો કે–કેટલાએ રોગીઓને તેણે પૂરા કરી નાખ્યા હતા. આવીજ રીતે ફતહઉલ્લાને પણ મારી નાખ્યો હતો.

બીજી તરફ એમ પણ કહેવાય છે કે–અકબરે તેની પરીક્ષા કરવા માટે કેટલાક રોગી માણસો અને પશુઓના પેશાબની શીશીઓ તેને આપી હતી; જે તેણે બરાબર પારખી કાઢી હતી. ઇ. સ. ૧૫૮૦ મા તેને બીજાપુરના રાજા **અલી આદિલશાહ**ની પાસે એલચી તરીકે મોકલવામા આવ્યો હતો, ત્યાં તેને સારો આવકાર મળ્યો હતો, પરન્તુ તે બાદશાહ તરફ ભેટો લઇને પાછો ફરે, તે પહેલાં તો આદિલશાહ અકસ્માત્ મરણને શરણ થયો હતો.

અકબર જ્યારે મૃત્યુની શય્યા ઉપર હતો, ત્યારે તે આનીજ સારવારમાં હતો. જહાંગીર કહે છે કે–અકબરને આણેજ મારી નાખ્યો હતો. વળી એમ પણ કહેવામા આવે છે કે–હકીમઅલી એવો દયાળુ હતો કે ગરીબોની દવા પાછળ તે દર વર્ષે છ હજાર રૂપિયા ખરચી નાખતો. જહાંગીરના વખતમાં જહાંગીરે તેને બેહજારી બનાવ્યો હતો. છેવટે હી. સં. ૧૦૧૮ (ઇ. સ. ૧૬૧૦) ની ૫ મી મુહર્રમે તે મરણ પામ્યો હતો. જૂઓ–**આઇન-ઇ-અકબરી**ના પહેલા ભાગનો અંગરેજી અનુવાદ, પૃ. ૪૬૬–૪૬૭.

ફૂજલ એક ઓરડામાં જઈને શોકસાગરમાં બેઠો હતો. **બાદશાહ** જે હકીમને લઇ ગયો હતો, તેના ઇલાજે કંઇ પણ અસર નજ કરી; અને તે સંસારથી વિદાય થઇજ ગયો

પોતાના પ્રિય કવિ **ફૈજી**[1]ના મૃત્યુથી **અકબરને** ઉદાસીનતાજ ન્હોતી થઇ, પરન્તુ તેનું હૃદય ભરાઇ આવવાથી તે ધ્રૂસકે ધ્રૂસકે રોયો હતો. **ફૈજી** ઉપર **સમ્રાટ્**નો કેટલો પ્રેમ હોવો જોઇએ, તે આ ઉપરથી સહજ જોઇ શકાય છે. જે **ફૈજી**ને ઇ. સ **૧૫૬૮** પહેલાં તો **અકબર** જાણતોએ ન્હોતો, તે **ફૈજી**ના મૃત્યુથી **અકબરને** આટલો બધો શોક! આટલો બધો ખેદ! આટલો બધો વિલાપ!! જન્માન્તરના સંસ્કારો પણ કયાંથી કયાં સંબંધ મેળવે છે?

---

૧ ફૈજી, તેનો જન્મ **આગરામા** ઇ. સ ૧૫૪૬ મા થયો હતો. તેનું નામ **અબુલફૂયજ** હતું. શેખ **મુબારક**, કે જે **નાગોર**નો રહેવાસી હતો, તેનો તે મ્હોટો પુત્ર હતો. તેણે અરબી સાહિત્ય, કાવ્યકળા અને વૈદ્યકમા ઉંચુ જ્ઞાન મેળવ્યુ હતું. તેની સાહિત્યવિષયક પ્રશસા સાભળીને **અકબરે** તેને ઇ સ. ૧૫૬૮ મા પોતાની પાસે બોલાવ્યો હતો. તે પોતાની યોગ્યતાથી થોડાજ વખતમા **અકબરનો** કાયમનો સહવાસી અને મિત્ર બની ગયો હતો. **બાદશાહ** તેને **શેખજી** કહીનેજ બોલાવતો. રાજ્યના તેત્રીસમા વર્ષમા તેને **'મહાકવિ'** બનાવવામા આવ્યો હતો. **ફૈજી**ને દમનો રોગ લાગુ પડયો હતો, અને તેજ રોગથી તે રાજ્યના ૪૦ મા વર્ષમા મરણ પામ્યો હતો. કહેવાય છે કે તેણે ૧૦૧ પુસ્તકો રચ્યાં હતા. તે વાચનનો બહુ શોખી હતો. તે મર્યો, ત્યારે તેના પુસ્તકાલયમાથી હસ્તલિખિત ૪૩૦૦ પુસ્તકો નિકળ્યા હતા; જે પુસ્તકો **અકબરે** પોતાના જ્ઞાનભડારમા મૂકી દીધા હતા.

ફૈજી, પહેલા રાજકુમારોના શિક્ષક તરીકે જોડાયો હતો; અને કેટલોક વખત તેણે **એલચી**નુ પણ કામ કર્યું હતું. વધુ માટે–જૂઓ **આઇન-ઇ-અકબરી**ના પહેલા ભાગનો અંગરેજી અનુવાદ પૃ. ૪૯૦–૯૧ તથા **દરબારે અકબરી** પૃ ૩૫૯–૪૧૮.

ફૈજીના મૃત્યુથી **અકબર**ને ખરેખર અસાધારણ ફટકો લાગ્યો. તેને એમ ધ્રાસ્કો પડ્યો કે—એક તરફ ઘરમાં કુટુંબકલહ સળગી રહ્યો છે, અને બીજી તરફથી આમ મારા એક પછી એક અનુચરો ઉપડવા લાગ્યા છે, ન માલૂમ મારૂં તે શું થવા બેઠું છે ! !

અકબર, પોતાના ઉપર આવતી વિપત્તિયોને એક પછી એક સહન કરી રહેવા લાગ્યો. જ્યારે જ્યારે પોતાનાં સ્નેહિયોનાં મૃત્યુ અને ઘરક્લેશ યાદ આવતો, ત્યારે ત્યારે તે અધીર થઇ જતો —તેનું હૃદય આકુલ-વ્યાકુલ થઇ જતું;પરન્તુ પાછો તે પોતાના મનને સમજાવી કાર્યમાં લાગી જતો. અત્યારે હવે **અકબર**ને ખરેખરૂં આશ્વાસન આપનાર કોઇ રહ્યું હતું, તો તે માત્ર **અબુલફજલજ** હતો.

આપણે હમણાંજ જોઇ ગયા છીએ કે—કુમાર **સલીમ અકબર**નો પૂરેપૂરો વિદ્રોહી બની **અલાહાબાદ**માં જઇ બેઠો છે, અને તે **અકબર**ની સાથે ખુલ્લી રીતે શત્રુતા કરી રહ્યો છે.**સલીમ**,તેના પિતાથી જેમ વિદ્રોહી બન્યો હતો, તેમ તે **અબુલફજલ** ઉપર પૂરો ક્રોધિત હતો. તે સમજતો હતો કે—જ્યાં સુધી **બાદશાહ** પાસે **અબુલફજલ** છે, ત્યાં સુધી બીજા કોઇનું કંઇ ચાલવાનું નથી. અને તેટલા માટે તે **અબુલફજલ**ને કોઇ પણ રીતે મારવાના પ્રપંચમાંજ રમતો હતો.

જે સમયનું આપણે વર્ણન કરીએ છીએ, તે સમયમાં **અબુલફજલ** દક્ષિણ દેશમા શાન્તિ સ્થાપન કરવામાં રોકાયો હતો. આ વખતે **સલીમ**, **અકબર**થી બીજીવાર બહુ-સખ્ત વિરોધી બન્યો. અને તેથી **અકબર** ગભરાયો. **અકબરે** તત્કાલ **અબુલફજલ**ને લખી જણાવ્યું કે—' ત્યાંનું કામ તમારા પુત્રને સોંપી તમારે જલદી **આગરે** આવવું'. **અબુલફજલ** થોડીક સેના લઇને **આગરા** તરફ રવાના થયો. રસ્તામાંથી તેમાંના કેટલાક સ્વારોને તો પાછા વાળી દીધા. માત્ર થોડા મનુષ્યોને લઇને તે આગળ વધ્યો.

બીજી તરફ **આગરા**ના કેટલાક **સલીમ** પક્ષના મુસલમાનોએ **સલીમ**ને ખબર આપી કે—' **અબુલફજલ આગરે** આવવાને રવાના

થયો-છે.' તેણે **અબુલફ્જલને** મારવા માટે **વીરસિંહ** નામના એક બારવટિયાને સાધ્યો, કે જે બારવટિયો ઘણાં માણસો સાથે ચોકકસ પ્રદેશમાં ઘણા વખતથી ઉપદ્રવ કરી રહ્યો હતો. **અબુલફ્જલ** જ્યારે **સરાઇબરાર**[1] આવ્યો, ત્યારે તેને એક ફકીરે કહ્યું કે–' કાલે તમને **વીરસિંહ** મારી નાખશે. ' **અબુલફ્જલે** તેનો એજ ઉત્તર આપ્યો કે–' **મૃત્યુથી ડરવું નકામું છે. તેનાથી દૂર રહેવામાં કોણ સમર્થ છે ?** '

બીજા દિવસે સ્હવારમાં પોતાનો પડાવ ઉપાડતાં પણ **અફ્ઘાનગદાઇખાને** તેને બે વખત રોકયો હતો, પરન્તુ તેણે માન્યું નહિં અને આગળ ચાલ્યો. એટલામાં તો **વીરસિંહ**[2] ઘણા માણસો સાથે એકાએક તેના ઉપર ધસી આવ્યો. **અબુલફ્જલની** સાથે રહેલા થોડા માણસોનું **વીરસિંહના** મનુષ્યોની વિશાળતા આગળ કંઇ ચાલ્યુ નહિં. જો કે **અબુલફ્જલ**[3] દુશ્મનોની સાથે બહાદુરીથી ઘણું ઝૂઝયો, તેના શરીર ઉપર બાર જખમો થયા, તો પણ છેવટે–**અબુ-**

---

૧ **સરાઈબરાર,** એ **ગ્વાલીયરથી** ૧૨ માઇલ ઉપર આવેલ **અંતરીથી** ૩ કોસ થાય છે. આ **અંતરીમા અબુલફ્જની** કબર અત્યારે પણ વિદ્યમાન છે


૨ **વીરસિંહ,** એનુ પૂરૂ નામ **વીરસિંહદેવ બુંદેલા** હતું કેટલાક લેખકોએ તેનુ નામ **નારસિંહદેવ** પણ લખ્યું છે તેના પિતાનુ નામ **મધુકર બુંદેલા** હતુ અને તેના મ્હોટા ભાઇનુ નામ **રામચદ** હતુ **સલીમનો** તેના ઉપર બહુ પ્રેમ હતો તેણે **અબુલફ્જલના** કરેલા ખૂનના બદલામા **સલીમે** તેને **ઓરછા** ઇનામમા આપ્યું હતુ તેણે **મથુરામા** કેટલાક દેવળો બધાવી ૩૩ લાખ રૂપિયાનો વ્યય કર્યો હતો. તે દેવળોનો **ઔરંગજેબે** હી સ ૧૦૮૦ મા નાશ કર્યો હતો **સલીમ** આ બહારવટિયાને આગળ વધારી ત્રણ હજારી બનાવ્યો હતો વધુ માટે જૂઓ–**વીન્સેન્ટ સ્મીથનુ** અંગરેજી **અકબર,** પૃ ૩૦૫–૩૦૭, તથા **આઈન-ઇ-અકબરીના** પહેલા ભાગનો અગરેજી અનુવાદ પૃ. ૪૮૮.

૩ **અબુલફ્જલ,** તેનો જન્મ ઇ. સ. ૧૫૫૧ (હી. સ. ૯૫૮ ના

લફજલને પાછળથી એક માણસે આવી જોરથી એવો ભાલો માર્યો કે જે-તેના શરીરની આરપાર ઉતરી ગયો. અબુલફજલ ઘોડા ઉપર-

---

મહોરમની છઠી તારીખે) મા થયો હતો. તેના પિતા શેખ મુબારકે તેનું નામ પોતાના શિક્ષકના નામ ઉપરથીજ પાડ્યું હતું. જન્માન્તરના સંસ્કાર તેના એવા હતા કે-વર્ષ-સવાવર્ષની ઉમરમાથીજ તે વાતો કરવા લાગ્યો હતો. ૧૫૭૪ માં તે અકબરના દરબારમા દાખલ થયો હતો. ધીરે ધીરે તે આગળ વધ્યો હતો. અને ઇ. સ. ૧૬૦૨ મા તે પાચ હજારી થયો હતો. તે, પોતાનો શાન્તસ્વભાવ, નિષ્કપટતા અને નિમકહલાલીથી બાદશાહનો પ્રિય થઇ પડયો હતો. અબુલફજલના દાખલ થયા પછીજ અકબરની રાજ્યપદ્ધતિમાં મ્હોટો ફેરફાર થયો હતો અકબરની જાહોજલાલીનું મૂળ કારણ અબુલફજલ હતો, એમ કહીએ તો કંઇ ખોટું નથી. ખરી રીતે અબુલફજલેજ પડદામાં રહીને આખો રાજ્યકારભાર ચલાવ્યો હતો. અને પાછળથી બાદશાહના મહાન્ કાર્યોનો ઇતિહાસ તેણે એક સાદા ઇતિહાસકાર તરીકે બહાર પાડયો. કહેવું જરૂરનું થઇ પડશે કે-અબુલફજલના હાથે સમ્રાટ્ અકબરનો ઇતિહાસ ન લખાયો હત, તો, સમ્રાટ્ની કીર્ત્તિગાથાઓ આટલી ઉચ્ચસ્વરે ગવાત કે કેમ ? એ મ્હોટો શંકાનો વિષય છે. અકબરનો અને અબુલફજલનો એવો ઘનિષ્ટ સંબંધ થયો હતો કે-અકબરના વિચારો, એજ અબુલફજલના અને અબુલફજલના એજ અકબરના વિચારો મનાતા અકબરના દરબારમાં દરેક ધર્મના વિદ્વાનોને ભેગા કરવાનો પ્રસ્તાવ પણ પ્રથમ અબુલફજલેજ મૂકયો હતો. કારણ કે તે પહેલેથીજ જ્ઞાન અને સત્યનો જિજ્ઞાસુ હતો. અકબરના રાજ્યવહીવટમા અને ધાર્મિક બાબતોમા અબુલફજલ મુખ્ય ભાગ ભજવતો, એ ઇર્ષ્યાથીજ સલીમે તેનુ ખુન કરાવ્યુ હતુ, એમ સલીમ પોતે પોતાની નોધપોથીમાં કબૂલ કરે છે. પ્રો. આજાદ, પોતાની દરબારે અકબરીમા તો ત્યા સુધી કહે છે કે-અબુલફજલે બાદશાહનુ ચિત્ત એટલુ બધુ ખેંચી લીધુ હતું કે-પ્રત્યેક કાર્યમા તે અબુલફજલની સલાહ લેતો, અને તેના મત પ્રમાણે કરતો. ટૂંકામાં કહીએ તો અબુલફજલ અકબરનો દરબારી માણસ, સલાહકાર, વિશ્વાસુ, સૌથી મ્હોટો મંત્રી, દરબારી બનાવોની નોધ લેનારો, અને દીવાની ખાતાનો ઉપરી હતો, એટલુંજ નહિં, પરન્તુ અકબરની જીભ



શેખ અબુલફઝલ

ી નીચે ઢળી પડયો, અને બેશુદ્ધ થઇ ગયો, એવામાં વળી બીજા માણસે આવી તરવારથી અબુલફ્જલનું મસ્તક કાપી લીધું. ઇ. સ. ૧૬૦૨ના ઑગસ્ટ ની ૧૨ મી તારીખે. શત્રુતાનું આતે પરિણામ ! !

બસ, અકબરનો એકનો એક અનુચર, અરે સાચો સલાહકાર સંસારથી વિદાય થઇ ગયો ઉદાર મુસલમાનોએ પોતાનો સાચો તત્ત્વ-જ્ઞાની ખોઇ નાખ્યો, અને હિંદુઓ પોતાના ખરેખરા વિધર્મી પ્રસંશકને ખોઇ બેઠા ! ! અબુલફ્જલનું મસ્તક હાથમાં લઇને જે વખતે સલીમને હર્ષ પામવાનો સમય મળ્યો, તે વખતે અકબરના આખા રાજ્યમા શોકનું વાદળ છવાઇ ગયું.

અબુલફ્જલ માર્યો ગયો, પરન્તુ તેના મૃત્યુના સમાચાર અકબરને કોણ પહોંચાડે ! સમ્રાટ્, જેને પ્રાણથી પણ અધિક સમજતો અને હૃદયથી જેની શ્રદ્ધા કરતો, તેના મૃત્યુ સમાચાર સમ્રાટ્ને પહોંચાડવાની હિંમત કોની હોઇ શકે ? છેવટ હમેશના રિવાજ પ્રમાણે અબુલફ્જલનો વકીલ કાળા રંગનું કપડું કમરે બાંધીને દીનભાવથી સમ્રાટ્ની સ્હામે જઇને ઉભો રહ્યો. અબુલફ્જલના વકીલને આવા વેષમા આવેલો જોતાંજ સમ્રાટ્ પોક મૂકી રોવા લાગ્યો. તેની આખોમાંથી ચોધારાં આંસુ વહેવા લાગ્યાં તેનું હૃદય વિદીર્ણ થવા લાગ્યું. તે વારંવાર અબુલફ્જલના ગુણોને યાદ કરીને પુનઃ પુનઃ રોવા લાગ્યો. આ વખતે સમ્રાટ્ને જેટલો શોક થયો, તેટલો તો પોતાના પુત્રના મૃત્યુથી પણ થયો ન્હોતો કેટલાએ દિવસો સુધી તો તે ન કોઇને મળ્યો કે ન કંઇ રાજકાર્ય પણ કર્યું. કેવળ બંધુના શોકમાજ ગરકાવ રહ્યો.

બીજી તરફ જે મુસલમાનોએ અબુલફ્જલ આગરા તરફ આવે છે, એવા સમાચાર સલીમને આપ્યા હતા, તેઓને એવો ભય

અને તેના ડહાપણની કૂંચી હતો, એમ કહીએ તોપણ કંઇ ખોટું નથી. વિશેષ માટે જૂઓ–જર્નલ ઓફ ધી પંજાબ હીસ્ટોરીકલ સોસાઇટી, વૉ. ૧ લુ, પૃ. ૩૧, તથા દરબારે અકબરી પૃ. ૪૬૩–૫૧૮.

પેસી ગયો કે-જો **બાદશાહ**ને આ વાતની ખબર પડી જશે, તો **બાદશાહ** આપણી જીવતાં ચામડી ઉતાર્યા વિના રેહશે નહિ. તેથી તેઓએ એમ જાહેર કરી દીધું કે 'કુમાર **સલીમે** સિંહાસનના લોભથી **અબુલફજલ**ને મરાવ્યો છે.' સમ્રાટ્ આ દુઃખદ સમાચાર સાંભળી દીર્ઘનિઃશ્વાસ પૂર્વક વિલાપ કરતો કહેવા લાગ્યો:-"હાય રે **સલીમ**! તારી સમ્રાટ્ થવાની ઇચ્છા હતી, તો **અબુલફજલ**ને ન મારતાં, મને જ તેં કેમ ન માર્યો ?"

અસ્તુ, **સમ્રાટે** પોતાના પ્રિયમિત્રને મારનાર પોતાના કુપુત્રને સામ્રાજ્ય નહિં સોપવાનો નિશ્ચય કર્યો, અને બીજી તરફ **અબુલફજલ**ના પુત્રને તથા રાજા **રાજસિંહ**[1] અને **રાયરાયાનપત્રદાસ**[2]

---

૧ રાજા **રાજસિંહ**, એ રાજા **આસકરણ** કચ્છવાહનો પુત્ર હતો. અને રાજા **આસકરણ**, એ રાજા **બીહારીમલ્લ**નો ભાઇ થતો હતો. **રાજસિંહ**ને તેના પિતાના મરણ પછી 'રાજા'નો ઇલ્કાબ મળ્યો હતો. તેણે દક્ષિણમા લાબો વખત નોકરી કર્યા પછી, રાજ્યના ૪૪ મા વર્ષમા તેને દરબારમા બોલાવવામા આવ્યો હતો દરબારમાં આવતાજ તેને **ગ્વાલીયર**નો સૂબો બનાવ્યો હતો. રાજ્યના પીસ્તાલીસમા વર્ષમા અર્થાત્ ઇ. સ. ૧૬૦૦ ની સલમા શહેનશાહી સેનામા તે જોડાયો હતો. આ સેના તે હતી, કે જેણે **આસીર**ના કિલ્લા ઉપર હુમલો કર્યો હતો. **વીરસિંહ**ની મ્હામે થવામા તેણે બહાદુરી બતાવેલી હોવાથી ઇ. સ ૧૬૦૫ મા તેને ચાર હજારી બનાવવામા આવ્યો હતો જહાગીર (**સલીમ**) ના રાજ્યના ત્રીજા વર્ષમાં તેણે દક્ષિણમા નોકરી બજાવી હતી, ત્યા તે ઇ સ. ૧૬૧૫ મા મરણ પામ્યો હતો, વિશેષ માટે જૂઓ **આઇન-ઇ અકબરી**ના પહેલા ભાગનો અંગરેજી અનુવાદ પૃ ૪૫૮

૨ **રાયરાયાન પત્રદાસ**, એ '**રાજા વિક્રમાદિત્ય**' ના નામથી પ્રસિદ્ધ થયો હતો. તે જાતનો **ખત્રી** હતો. **અકબર**ના રાજ્યની શરૂઆતમાં તે હાથીઓના તબેલાનો **મુશરિફ** હતો. 'રાયરાયાન' એ એનો ઇલ્કાબ હતો ઇ સ. ૧૫૬૮ ના **ચિત્તોડ**ના હુમલામાં તે પ્રસિદ્ધ થયો હતો. ઇ. સ ૧૫૭૯ મા તેને અને **મીરઅધમ**ને **બંગાળા**ના સંયુક્ત **દીવાન**

વગેરેને પ્રબલસેના સાથે એવા હુકમપૂર્વક રવાના કર્યાં કે–"**વીરસિંહનું** મસ્તક મારી પાસે ઉપસ્થિત કરો."

મુગલસેનાએ ત્યાં જઇને **વીરસિંહની** પૂઠ પકડીને તેને ઘેરી લીધો. છેવટે, જો કે–**અકબરની** આજ્ઞા પ્રમાણે તેની પૂંઠ પકડનારા **વીરસિંહનું** મસ્તક **અકબર** પાસે નહિં લાવી શકયા, પરંતુ **વીરસિંહને** તે યુદ્ધમાં ઘાયલ અવશ્ય કર્યો, અને તેનું સર્વસ્વ લૂંટી લીધું.

કોણ નહિં કહી શકે કે–હવે **અકબર** ખરેખર આત્મીયપુરૂષો વિનાનો થયો હતો. ભલે તેની પાસે લાખો મનુષ્યો અને અટૂટ શસ્ત્રાદિ હતાં, પરંતુ જેઓની સહાયતાથી તે ઝૂઝતો હતો, ગમે તેવા કટાકટીના પ્રસંગમાં જેઓની સાથે તે વિચારોની લેન–દેન કરતો હતો, અને જેઓએ તેને સામ્રાજ્ય સ્થાપન કરાવવામાં અસાધારણ સહાયતા કરી હતી, એવા આત્મીયપુરૂષોથી તો તે રહિતજ બન્યો, એમાં તો લગારે ખોટું નથી. અખૂટ લક્ષ્મી અને અધિકાર હોવા છતાં **અકબરની** પડતીનાં ચિહ્નો ચોકકસ દેખાવા લાગ્યા હતા, બલ્કે એમ કહીએ કે–**અકબરની** અવનતિનો પડદો પડી ચૂકયો હતો, તો પણ કંઇ ખોટું નથી. એક તરફ આત્મીયપુરૂષોનો અભાવ અને બીજી તરફ પોતાના પુત્રનું વિદ્રોહી થવું, એવી સ્થિતિમા **અકબ**-

---

બનાવવામા આવ્યા હતા. ઇ સ. ૧૬૦૧ મા તેને ત્રણહજારી બનાવ્યો હતો ઇ સ ૧૬૦૨ મા તેને પાછે [illegible] અને ઇ સ ૧૬૦૪ મા તેને પાચહજારી બનાના '**રાજા વિક્રમાદિત્ય**' નો ઇલ્કાબ આપવામા આવ્યો હતો. જહાગીરના ગાદીએ આવ્યા પછી તેને '**મીરઆતશ**' બનાવ્યો હતો તેમ પચાસહજાર તોપચી અને ત્રણહજાર તોપગાડીઓ તયાર રાખવાનો તેને હુકમ મળ્યો હતો અને તેના નિભાવ માટે પંદર પરગણા અલગ રાખવામા આવ્યા હતા વધુ માટે, જૂઓ **આઇન–ઇ–અકબરી** ના પહેલા ભાગનો અંગરેજી અનુવાદ પૃ ૪૬૯–૪૭૦

રનું હૃદય ધૈર્ય ન પકડી શકે, તેના હાથ પગ ઢીલા થઇ જાય, તો તેમાં નવાઇ જેવું શું છે ? અત્યારે **અકબર**ની પાસે સુપ્રસિદ્ધ રાજા **બીરબલ** પણ નથી રહ્યો, કે જે હાસ્યરસનું પોષણ કરીને અનેક પ્રકારની વાતોથી **અકબર**ના ચિત્તને આનંદ પમાડે. કારણ કે **બીરબલ** પણ ઈ. સ. ૧૫૮૬ માં **ઝૈનખાન**ની

---

૧ **રાજા બીરબલ** બ્રહ્મભાટ હતો. અને તેનુ નામ **મહેશદાસ** હતું. સ્થિતિનો ઘણો ગરીબ, પરન્તુ તીવ્ર બુદ્ધિશાળી હતો. **બદાઉની**ના કહેવા પ્રમાણે **અકબર** ગાદી ઉપર આવ્યો, ત્યારે તે **કાલ્પી**થી આવીને દરબારમાં જોડાયો હતો. ત્યા તે પોતાની શક્તિયોથી સમ્રાટ્ની ચાહના મેળવી શકયો. તેની હિન્દી કવિતાઓ વખણાવવા લાગી. **અકબરે** તેની કવિતાઓથી પ્રસન્ન થઇ તેને ' **કવિરાય** ' ની પદવી આપી અને કાયમને માટે પોતાની પાસે રાખ્યો.

ઇ. સ ૧૫૭૩ માં **નગરકોટ** તેને જાગીરમાં આપવામા આવ્યું હતું. તેમ ' **રાજા બીરબલ** ' (બીરબર) નું ટાઇટલ પણ આપ્યું હતું. ઇ. સ. ૧૫૮૯ મા ઝૈનખાન કોકા **બાજોડ** અને **સ્વાદ**ના યુસફઝઇ લોકો સામે લડાઇમા રોકાયો હતો, તે વખતે તેણે મદદ માટે બીજું લશ્કર મગાવતા હકીમ **અબુલફતહ** અને બીરબલને ત્યા મોકલવામા આવ્યા હતા. કહેવાય છે કે **અકબરે અબુલફજલ** અને **બીરબલ** પૈકી કોને ત્યાં મોકલવો, તે માટે ચીઠીયો નાખી હતી, જેમા **બીરબલ**નું નામ આવતા અનિચ્છાથી પણ **બીરબલ**ને મોકલવો પડયો હતો. આજ લડાઇમાં ૮૦૦૦ માણસો સાથે **બીરબલ** માર્યો ગયો હતો.

બીરબલના મરણ પછી એવી વાત પણ ફેલાઇ હતી, કે તે **નગર**-કોટની ટેકરીઓમા જીવતો ફરે છે. **અકબરે** આ વાત સાચી માની એવી કલ્પના કરી કે ' યુસફ્ઝઇ લોકોની સાથેની લડાઇમા હાર ખાવાથી તે અહિં આવતા શરમાતો હશે, અથવા તે સંસારી લોકોથી વિરક્ત રહેતો હોવાથી યોગિયોની સાથે જોડાયો હશે. આવી કલ્પનાથી એક **અહેદી**ને મોકલી તે ટેકરીઓમા **અકબરે** તપાસ કરાવી હતી, પરતુ તે વાત ખોટી નિકળી હતી. અને **બીરબલ** મર્યો છે, એજ સિદ્ધ થયું હતું.

સાથે પહાડી લોકોને પરાસ્ત કરવા જતાં તે લોકોની સાથે લડાઇ કરવામાં જ માર્યો ગયો હતો. આથી અકબર વધારે ગભરાવા લાગ્યો, અને હવે પોતાનું શું થશે, તેનો વિચાર કરવા લાગ્યો.

કહેવાય છે કે "જેને અંતિમ અવસ્થામાં સુખ, તેને આખા ભવનું સુખ." અંતિમ અવસ્થામાં સુખનાં સાધનો પ્રાપ્ત થવાં બહુ કઠિન છે. અકબર જેવો સમ્રાટ્, કે જેને પ્રાયઃ કોઇપણ વાતની ન્યૂનતા ન્હોતી અને જેને માટે દુઃખની કલ્પના પણ કદાચ ન કરી શકીએ, તેના ઉપર, તેની અંતિમ અવસ્થામાં કુદરતે કરેલા કોપનું વર્ણન જ્યારે આપણે જોઇએ છીએ, ત્યારે આપણી એવીજ ભાવના થાય છે કે, પ્રભો ! અમારા દુશ્મનને પણ અકબરના જેવું કષ્ટ ન પ્રાપ્ત થાઓ."

જેમ જેમ અકબરની અંતિમ અવસ્થા આવતી ગઇ, તેમ તેમ તેના ઉપર આફતોનાં વાદળો ઘેરાવાથી માનસિક વ્યાધિઓ તેને પીડિત કરવા લાગી. પોતાના સહાયક બંધુઓ વિદાય થયા; ત્રણ પુત્રો પૈકીનો એક–મુરાદ સુરાપાનમાંને સુરાપાનમાં જ પ્રાણત્યાગ કરી ચૂકયો હતો. દાનીયાલ પણ તેને વટલાવે તેવો નિપજયો હતો. તે પણ એવો તો દારૂડિયો અને દુશ્ચરિત્ર થઇ ગયો હતો, કે તેનાથી લોકો ત્રસ્ત થઇ ગયા હતા. બાદશાહે તેને સુધારવા માટે ઘણા ઘણા પ્રયત્નો કર્યા હતા. તેને દારૂ પાનારને પ્રાણ દંડની શિક્ષાનો હુકમ બહાર પાડ્યો હતો, છતાં પણ તે દારૂથી અટકયો ન્હોતો. પોતાની 'મૃત્યુ' નામની બંદૂકની નળીમાં દારૂ મંગાવી મંગાવીને પણ તે પીધા વિના રહેતો નહીં.

બીરબલ પોતાની સ્વતંત્રતા, સંગીતવિદ્યા અને કવિત્વશકિત માટે વધારે જાણીતો થયો હતો તેની કવિતાઓ અને ટૂચકાઓ હજુ પણ લોકોને કંઠસ્થ છે. વધુ માટે જૂઓ, **આઇન–ઇ–અકબરી**ના પહેલા ભાગનો અંગરેજી અનુવાદ પૃ. ૪૦૪–૪૦૫ તથા **દરબારે અકબરી** પૃ. ૨૯૫–૩૧૦

પરિણામે તેણે પોતાના વ્યસનમાંજ સંસારયાત્રા પૂરી કરી. હવે અકબરની પાછળ કોઇ હતું, તો તે **સલીમ**જ હતો, પરન્તુ **સલીમ** સમ્રાટ્નો પૂરો વિરોધી હતો, એ વાત કોઇથી અજાણી ન્હોતી. તે વિરોધભાવ ધારણ કરી અલાહાબાદ રહેતો હતો. અકબર ચિંતામાં ને ચિંતામાં કૃશ થવા લાગ્યો. તેનું શરીર સૂકાવા લાગ્યું. અકબરની સ્ત્રી **સલીમાબેગમને** વિચાર થયો કે–કોઇપણ ઉપાયે પિતા–પુત્રમાં પાછો પ્રેમ બંધાય, તો સારી વાત છે આ ઇરાદાથી તે અલાહબાદ ગઇ, અને ગમે તે રીતે **સલીમને** સમજાવી આગરે લાવી. સમ્રાટ્ની માતાએ બન્નેને સમજાવી પિતા–પુત્રમાં પ્રેમ કરાવ્યો. ઉદાર સમ્રાટે **સલીમનો** ગુન્હો માફ કર્યો, પરસ્પર અમૂલ્ય વસ્તુની લેન–દેન થઇ, તે પછી જ્યારે **સલીમ** અલાહબાદ જવા લાગ્યો, ત્યારે બાદશાહે એજ કહ્યું કે–'જ્યારે તારી ઇચ્છા થાય, ત્યારે ખુશીથી આવજે.'

સલીમ, તેના બીજા બે ભાઇઓથી કંઇ ઉતરે તેવો ન્હોતો. તે પણ તેઓના જેવોજ દારૂડિયો અને દુશ્ચરિત્ર હતો અને તેમાં પણ જ્યારથી તે અલાહબાદમાં સ્વતંત્રપણે રહેવા લાગ્યો હતો, ત્યારથી તો તેણે પોતાની તે બે બાબતોની હદજ મૂકી હતી. અકબર તેને સમજાવવા માટે એક વખત અલાહાબાદ તરફ જવા નિકળ્યો, પરન્તુ રસ્તામાં જતાં તેને તેની માતાની બીમારીના સમાચાર મળ્યા. તે અલાહાબાદ ન જતાં પાછો આગરે આવ્યો. આ વખતે માતાની સ્થિતિ ભયંકર હતી તેણીની વાણી બંધ થઇ હતી. માત્ર શ્વાસોચ્છવાસ પૂરા કરતી હતી. અકબર રોવા લાગ્યો. છેવટ તેની માએ તેજ સમયે સંસારયાત્રા પૂરી કરી.

અકબરને પોતાની પાછલી જિંદગીમાં ઉપરા ઉપરી પડતા અનેક ફટકાઓમાં એકનો વધારો થયો. તેને એક માતાની ઓથ હતી, તે પણ ચાલતી થઈ. હવે તો અકબરના ઉપર ઉદરામયના રોગે પણ હુમલો કર્યો પહેલા આઠ દિવસ તો તેણે દવા પણ ન લીધી. પાછળથી દક્ષ ચિકિત્સકોએ જોકે દવાઓ ઘણી કરી, પરંતુ તે ઉલટીજ પડતી ગઇ. અર્થાત્ રોગ ઘટવાના બદલે વધતોજ ગયો.

બીજી તરફથી **સલીમ** અને તેનો પુત્ર **ખુસરો** સિંહાસનની આશાથી **આગરે** આવી પહોંચ્યા. આ વખતે **અકબરની** પીડિત અવસ્થામાં તેનો ધાત્રીપુત્ર **ખાનેઆઝમઅજીજકોકા** રાજકાર્ય ચલાવતો હતો. બીજી તરફ તે કુમાર **ખુસરોનો** સાસરો થતો હતો. જનતાનો મ્હોટો ભાગ **સલીમની** કુશીલતાથી જાણીતો હતો અને તેથી તે લોકોએ **ખુસરોને** સિંહાસન ઉપર બેસાડવાનું પણ નક્કી કર્યું. **અજીજકોકાએ** જ્યારે આ પ્રસ્તાવ સભામાં મૂક્યો, ત્યારે કેટલાક મુસલમાનો વિરોધમા પડયા. કારણકે કેટલાક મુસલમાન કર્મચારિયો **સલીમને** ચાહતા હતા. પરિણામે **અજીજકોકા** અને **માનસિંહે** પોતાનો વિચાર માંડી વાળ્યો, અને અનિચ્છા છતાં પણ **સલીમને** સિંહાસને બેસાડવાનો નિશ્ચય કર્યો.

ઉદરામયના રોગથી આક્રાન્ત થયેલો સમ્રાટ્ **ભારતની** ભાવી દુર્દશાનો વિચાર કરતો પલંગ ઉપર પોઢયો છે. ચારે તરફ સુનિપુણ હકીમો અને રાજ્યના પ્રધાન કર્મચારિયો વ્યગ્રચિત્તથી–ઉદાસીનતાપૂર્વક ઘેરાઇને બેઠેલા છે. આજે તા. ૧૫ મી અકટોબર ઇ. સ. ૧૬૦૫ નો દિવસ છે. આખું **આગરા** શહેર વિષાદથી આચ્છન્ન થઇ ગયું છે. નથી લોકોના મુખચદ્ર ઉપર નૂર કે નથી દિશાઓમા નૂર.

અકબરના ઓરડામાં અત્યારે અનેક મનુષ્યો **ભારતની** ભાવી દુર્દશાનો વિચાર કરતા સ્તબ્ધ ચિત્તથી બેઠેલા છે, તેવામા કેટલાક મુસલમાન ગૃહસ્થો સાથે એક નવયુવકે પ્રવેશ કર્યો, લોકો આ કોણ, આ કોણ ! એવો વિચાર કરતાજ ર્‌હ્યા, એવામા તો તે યુવકે **સમ્રાટ્**ના ચરણકમળમા માથુ નમાવી દીધુ. આ યુવક બીજો કોઇ નહિં, પરન્તુ સમ્રાટ્નો પુત્ર સલીમજ ! સલીમ છેવટની ઘડીએ પણ આવ્યો તો ખરો. તેના પાષાણુ જેવા હૃદયમા પણ પિતાની આ દશાએ કરૂણાનો સંચાર કરાવ્યો, પિતૃશોકથી તેનું હૃદય ભરાઇ આવ્યું. તેનો કંઠ રૂંધાઇ ગયો. પિતાના ચરણમા પડી તે પોકે પોકે રોવા લાગ્યો. હાય રે પિતૃસ્નેહ ! એક વખત પિતાને મારવા માટે

તૈયાર થનાર પુત્રને, પિતાના મૃત્યુના પ્રસંગે આટલો બધો શોક ! કોનો પ્રતાપ ? પિતૃસ્નેહનો !

સમ્રાટે એક માણસને આજ્ઞા કરી કે–' મારી તલવાર, રાજકીય પોષાક અને રાજમુકુટ **સલીમ**ને આપો. ' વાહરે સમ્રાટ્ તારા પુત્રવાત્સલ્યને ! મરવાની ઘડીએ પણ પુત્રનો એક પણ ગુન્હો યાદ નહિં લાવતાં આટલી બધી ઉદારતા ! સમ્રાટ્ની સમક્ષજ–તેની શુદ્ધિમાં સમ્રાટે કહેલી વસ્તુઓ **સલીમ**ને સોંપવામાં આવી. **સમ્રાટ્** જાણે આટલા કાર્ય માટેજ થોભ્યો ન હોય, તેમ, પોતાના પુત્રને પોતાની શુદ્ધિમાંજ તે વસ્તુઓ અર્પણ કરી–દરેકની સાથે પોતાના અપરાધની ક્ષમા યાચી આખા **ભારતવર્ષ**ને શોકસાગરમાં ગમગીન બનાવી સદાને માટે વિદાય થઇ ગયો ! **ભારતવર્ષ**નું દૌર્ભાગ્ય પાછું તરી આવ્યું. હાહાકાર મચી ગયો. **ભારતવર્ષ**ને દુઃખના મહાસાગરથી બચાવી લેનાર, રાષ્ટ્રીય સ્થિતિને ઉચ્ચ કોટી ઉપર લાવી મૂકનાર ભારતવર્ષનો બીજો સૂર્ય પણ અસ્તાચલની અદાલતમાં જઇ બેઠો, એટલે ભારતમાં પાછો તેવો ને તેવો અંધકાર ફેલાઇ ગયો.

અકબરનો જીવનહંસ સંસાર સરોવરથી ઉડી ગયો. પચાસ વર્ષના રાજ્યકાલમાં અનેક આશાઓને પૂરી કરીને અને સેંકડો આશાઓને અધુરી મૂકી **અકબર** ચાલતો થયો. બીજા દિવસે પ્રાતઃકાળમાં તેના સ્થૂલ શરીરને મુસલમાની રિવાજ પ્રમાણે મ્હોટા આડંબર સાથે બહાર લઇ જવામાં આવ્યું. **સલીમ** અને તેના ત્રણ પુત્રો મળી ચારે જણે **અકબર**ના શબને ઉઠાવ્યું, અને તેઓ કિલ્લાની બ્હાર સુધી લાવ્યા. તે પછી દરબારના બીજા અધિકારીઓ આગરેથી ચાર માઇલ ઉપર આવેલ **સિકન્દરા**માં લઇ ગયા. **સિકન્દરા** સુધી ઘણા હિંદુ–મુસલમાનો તેની સાથે ગયા હતા ત્યાં સમ્રાટ્નું સ્થૂલ શરીર કાયમને માટે **ભારતમાતા**ના પવિત્ર ખોળામાં સમર્પણ કરવામાં આવ્યું.

પાછળથી સમ્રાટ્ જહાંગીરે, જે બગીચામાં સમ્રાટ્નું શબ

દાટવામા આવ્યું હતું, ત્યાં નમૂનેદાર સમાધિ–મંદિર બનાવી સમ્રાટ્ અકબરનો મૂર્તિમંત યશઃસ્થંભ કાયમને માટે ઉભો કર્યો.

અકબર એક મુસલમાન સમ્રાટ્ હોવા છતાં તે હિંદુ–મુસલમાન જ નહિ, પરન્તુ યૂરોપીયન વિદ્વાનોને માટે પણ પ્રશંસાનો વિષય થઇ પડયો છે, એ વાત આપણે અનેક વખત જોઇ ગયા છીએ. અને તે, તે પ્રમાણે પ્રશંસાને પાત્ર નિવડયો, તેમાં ખાસ કારણ જો કોઇ હોય, તો તેની ઉદાર રાજનીતિજ છે. પ્રજાના કલ્યાણની દૃષ્ટિ ધ્યાનમાં રાખીને તેણે જે ઉદારાશયથી રાજયતંત્ર ચલાવ્યું હતું, તેના લીધેજ તેના પછીના તમામ વિદ્વાન્ લેખકોએ તેની મુક્તકંઠે પ્રશંસા કરી છે. તેમાં ખાસ કરી ધર્માન્ધપણું અને નિરર્થક વિરૂદ્ધભાવ–આ બેથી તો તે બીલકુલ દૂર રહેલો હોવાથીજ કેટલાક લેખકોએ તેને બીજા બધા રાજાઓ કરતાં ઉંચીપંક્તિમાં મૂકયો છે. ભારતવર્ષના રાજાઓના ઇતિહાસો વાચો; મુસલમાન રાજાઓએ હિંદુ, જૈન કે બૌદ્ધો ઉપર ઘણે ભાગે જુલ્મ ગુજાર્યો છે, ત્યારે હિંદુરાજાઓએ મુસલમાનોને અને બીજા ધર્મવાળાઓને અનેક પ્રકારની બાધાઓ ઉત્પન્ન કરી છે; પરન્તુ તે એકજ અકબરનું રાજ્ય થઇ ગયું, કે જે રાજત્વકાળમાં જાતિ કે ધર્મનો કઇ પણ ભેદ રાખ્યા સિવાય દરેકને એક સરખો ન્યાય મળ્યો છે. આ વાતની સચોટ ખાતરી આ પુસ્તકનાં અત્યાર સુધીનાં પ્રકરણો કરી આપે છે.


આવી રાજ્યનીતિ વાળો સમ્રાટ્ સર્વની પ્રશંસા પામી જાય, એમા નવાઇ જેવુ શુ છે ? અને એવી રાજયનીતિ સ્થાપન કરવામા એજ કારણ જણાય છે કે–અકબર એમ દૃઢતા પૂર્વક સમજતો હતો કે–**પ્રજાની આબાદીમાંજ રાજની આબાદી રહેલી છે.**' અકબરે પોતાની આ ઉદાર રાજયપદ્ધતિનું આંતરિક બંધારણ એવુ મજબૂત બાધ્યુ હતુ. કે જેની અસર લાંબા કાળ સુધી ટકી રહી હતી, બલ્કે અત્યાર સુધી તે અસર ચાલી આવી છે, એમ કહીએ તો પણ કઇ ખોટું નથી. આ સંબધી અનેક લેખકોએ ઘણું ઘણું

લખ્યું છે, પરન્તુ તે બધાઓનાં વચનો ન ટાંકતાં માત્ર પ્રિંગલ કેનેડી (Pringle Kennedy) એ પોતાના **ધી હીસ્ટરી ઓફ ધી ગ્રેટ મોગલ્સ,** ભા. ૧ ના (The History of the Great Moghuls, V. I. P. 311) પૃ. ૩૧૧ માં લખેલા શબ્દો ટાંકી આ પ્રકરણની સાથે આ પુસ્તકની પણ પૂર્ણાહુતિ કરીશું.

" That each person should be taxed according to his ability, that there should be shown no exemption or favour as regards this, that equal justice should be meted out and external foes kept at bay, *that every man should be at liberty to believe what he pleases without any interference by the State with his conscience , Such are the principles upon which the British Government in India rests, and such are its real boast and strength. But all these principles were there of Akbar, and to him remains the undying glory of having been the first in Hindustan to put them into practice These rules now underlie all modern Western States, but few even of such States can boast that these principles are as thoroughly carried out by them in the the twentieth century, as they were by Akbar himself more than three hundred years ago."*

" 'દરેક મનુષ્યને તેની શક્તિ અનુસારજ કર આપવાની ફરજ પાડવી, અને આ બાબતમા કોઇ પણ માણસ ઉપર મહેરબાની કરવી નહિ; તેમજ કોઇ પણ માણસને આ બાબતથી મુક્ત કરવો નહિ,' 'દરેકને સરખી રીતે ન્યાય આપવો અને બાહ્ય શત્રુઓને દૂર રાખવા,' 'દરેક મનુષ્યને રાજ્ય તરફથી કંઇ પણ દખલ કર્યા સિવાય તેની ઇચ્છાનુસાર કોઇ પણ માન્યતા ધરાવવાને વ્યક્તિ-સ્વાતંત્ર્ય આપવું,' આવાં નિયમો ઉપરજ હિંદુસ્તાનમાં બ્રિટીશ સામ્રાજ્ય રચાયેલું

છે અને આ તત્ત્વોજ તેની (બ્રિટીશ સામ્રાજ્યની) ખરી મગરૂરી અને બળનું કારણ છે. પણ આ બધાં તત્ત્વો 'અકબર'નાં છે અને હિંદુસ્તાનમાં વ્યવહારૂ રીતે આ તત્ત્વોને પ્રચલિત કરવાનો અમર યશ તેનેજ ઘટે છે. આધુનિક સમયનાં સર્વ પાશ્ચાત્ય રાજ્યોમાં આ નિયમો પ્રવર્ત્તે છે, પણ તે રાજ્યોમાંનાં ઘણાંજ થોડાં રાજ્યો મગરૂરી સાથે કહી શકે તેમ છે કે-'અકબરે પોતે ત્રણસો વર્ષ ઉપર જેવી રીતે આ નિયમોનું પાલન કર્યું હતું, તેવી સંપૂર્ણ રીતે આ વીસમી સદીના જમાનામાં અમે પાલન કરીએ છીએ.' "




પરિશિષ્ટો.

અકબર બાદશાહનું ફરમાન

الله اکبر

فرمان جلال الدین محمد اکبر بادشاه غازی

[illegible]

اعتضاد الممالک المعظم عماد الدولة الکبری [illegible]

[illegible]

برسالۀ کمترین بندگان ابوالفضل
واقعه ابراهیم حسین

نقل
مطابق اصل است

ફરમાન નં ૦ ૧ નો પાછલનો ભાગ

પરિશિષ્ટ क.

ફરમાન નં. ૧ નો અનુવાદ.

અલ્લાહુ અકબર

જલાલુદ્દીન મુહમ્મદ **અકબર** બાદશાહ ગાજીનું ફરમાન.

અલ્લાહુ અકબરના સિક્કા સાથે શ્રેષ્ઠ ફરમાનની નકલ અસલ મૂજબ છે.

મહાન્ રાજ્યને ટેકો આપનાર, મહાન્ રાજ્યના વફાદાર, સારા સ્વભાવ અને ઉત્તમ ગુણવાળા, અજિત રાજ્યને મજબૂતિ આપનાર, શ્રેષ્ઠ રાજ્યના ભરોસાદાર, શાહી મેહરબાનીને ભોગવનાર, રાજાની નજરે પસંદ કરેલ અને ઉંચા દરજાના ખાનોના નમૂના સમાન **મુબારિજજુદ્દીન (ધર્મવીર) આઝમખાને** બાદશાહી મહેરબાનીઓ અને બક્ષીસોના વધારાથી શ્રેષ્ઠતાનું માન મેળવી જાણવું જે—જુદી જુદી રીતભાતવાળા, ભિન્ન ધર્મવાળા, વિશેષ મતવાળા અને ભિન્ન પંથવાળા, સભ્ય કે અસભ્ય, ન્હાના કે મ્હોટા, રાજા કે રંક, અથવા દાના કે નાદાન–દુનિયાના દરેક દરજા કે જાતના લોકો, કે જેમાંની દરેક વ્યક્તિ પરમેશ્વરના નૂરને જાહેર થવાની જગ્યા છે; અને દુનિયાને પેદા કરનારે નિર્માણ કરેલ ભાગ્યને જાહેર થવાની અસલ જગ્યા છે, તેમજ સૃષ્ટિસંચાલક (ઈશ્વર) ની અજાયબી ભરેલી અનામત છે, તેઓ, પોતપોતાના શ્રેષ્ઠ માર્ગમાં દૃઢ રહીને તથા તન અને મનનું સુખ ભોગવીને પ્રાર્થના અને નિત્યક્રિયાઓમાં તેમજ પોતાના દરેક હેતુઓ પ્રાપ્ત કરવામાં લાગેલા રહી, શ્રેષ્ઠ બક્ષીસ કરનાર (ઈશ્વર) તરફથી અમને લાંબી ઉમર મળે, અને

સારાં કામ કરવાની પ્રેરણા થાય, એવી દુવા કરે. કારણ કે–માણસ જાતમાંથી એકને રાજાને દરજ્જે ઊંચે ચઢાવવામાં અને સરદારીનો પહેરવેષ પહેરાવવામાં પૂરેપૂરૂં ડહાપણ એ છે કે–તે સામાન્ય મહેરબાની અને અત્યંત દયા કે જે પરમેશ્વરની સમ્પૂર્ણ દયાનો પ્રકાશ છે, તેને પોતાની નજર આગળ રાખી જો તે બધાઓની સાથે મિત્રતા મેળવી ન શકે; તો કમમાં કમ બધાઓની સાથે સલાહ-સંપનો પાયો નાખી પૂજવાલાયક જાતના (પરમેશ્વરના) બધા બંદાઓ સાથે મહેરબાની, માયા અને દયાને રસ્તે ચાલે. અને ઇશ્વિરે પેદા કરેલી બધી વસ્તુઓ (બધાં પ્રાણિઓ), કે જે ઊંચા પાયાવાળા પરમેશ્વરની સૃષ્ટિનાં ફળ છે, તેમને મદદ કરવાની નજર રાખી તેમના હેતુઓ પાર પાડવામાં અને તેમના રીતરીવાજો અમલમાં લાવવામાં મદદ કરે, કે જેથી બળવાન નિર્બળ ઉપર જુલ્મ નહિં ગુજારતાં, દરેક મનુષ્ય મનથી ખુશી અને સુખી થાય.

આ ઉપરથી યોગાભ્યાસ કરનારાઓમાં શ્રેષ્ઠ, **હીરવિજયસૂરિ** સેવડા[1] અને તેમના ધર્મને પાળનારા, કે જેમણે અમારી હજૂરમાં હાજર થવાનું માન મેળવ્યું છે; અને જેઓ અમારા દરબારના ખરા હિતેચ્છુઓ છે, તેમના યોગાભ્યાસનું ખરાપણું, વધારો અને પરમેશ્વરની શોધ ઉપર નજર રાખી હુકમ થયો કે–તે શહેરના (તે તરફના) રહેવાસીઓમાંથી કોઇએ એમને હરકત (અડચણ) કરવી નહિં, અને એમનાં મંદિરો તથા ઉપાશ્રયોમાં ઉતારો કરવો નહિં. તેમ તેમને તુચ્છકારવા પણ નહિં. વળી જો તેમાંનું (મંદિરો કે ઉપાશ્રયોમાંનું) કંઇ પડી ગયું કે ઉજ્જડ થઇ ગયું હોય, અને

---

૧ શ્વેતામ્બર જૈન સાધુઓને માટે સંસ્કૃતમા **શ્વેતપટ** શબ્દ છે; તેનું અપભ્રંશ ભાષામા **સેવડ** રૂપ થાય છે. તેજ રૂપ વધારે બગડીને **સેવડા** થયું છે. **સેવડા** શબ્દનો ઉપયોગ બે રીતે થાય છે જૈનો માટે અને જૈનસાધુઓ માટે અત્યારે પણ મુસલમાન વિગેરે કેટલાક લોકો જૈનસાધુઓને ઘણે ભાગે **સેવડા** કહીને બોલાવે છે.

તેને માનનારા, ચાહનારા કે ખેરાત કરનારાઓમાંથી કોઇ તેને સુધારવા કે તેનો પાયો નાખવા ઇચ્છે, તો તેનો, કોઇ ઉપલક જ્ઞાનવાળાએ (અજ્ઞાનીએ) કે ધર્માન્ધે અટકાવ પણ કરવો નહિં અને જેવી રીતે ખુદાને નહિં ઓળખનારા, વરસાદનો અટકાવ[1] અને એવાં બીજાં કામો કે જે ઇશ્વરના અધિકારનાં છે, તેનો આરોપ, મૂર્ખાઇ અને બેવકૂફીને લીધે જાદુનાં કામ જાણી, તે બિચારા–ખુદાને ઓળખનારા ઉપર મૂકે છે અને તેમને અનેક પ્રકારનાં કષ્ટો આપે છે; એવાં કામો તમારા રક્ષણ અને બંદોબસ્તમાં, કે જે તમે સારા નસીબવાળા અને બાહોશ છો, થવા જોઇએ નહિં. વળી એમ પણ સાંભળવામાં આવ્યું છે કે હાજી હબીબુલ્લાહ,[2] કે જે અમારી સત્યની શોધ અને ખુદાની ઓળખાણ વિષે થોડું જાણે છે, તેણે આ જમાતને ઇજા કરી છે, એથી અમારા પવિત્ર મનને, કે જે દુનિયાનો બંદોબસ્ત કરનાર છે, ઘણું ખોટું લાગ્યું છે (દુઃખનું કારણ થયું છે), માટે તમારે તમારી રીયાસતથી એવા ખબરદાર રહેવું જોઇએ કે–કોઇ કોઇના ઉપર જુલ્મ કરી શકે નહિં. તે તરફના વર્ત્તમાન અને ભવિષ્યના હાકેમો, નવાબો અને રીયાસતનો પૂરેપૂરો અથવા કેટલેક અંશે કારભાર કરનારા મુસદ્દીઓનો નિયમ એ છે કે–રાજાનો હુકમ, કે જે પરમેશ્વરના ફરમાનનું રૂપાન્તર છે, તેને પોતાની સ્થિતિ સુધારવાનો વસીલો જાણી તેનાથી વિરૂદ્ધ કરે નહિં. અને તે પ્રમાણે કરવામાં દીન અને દુનિયાનું સુખ તથા પ્રત્યક્ષ સાચી આબરૂ જાણે. આ ફરમાન વાંચી તેની નકલ રાખી લઇ તેમને આપવું જોઇએ, કે જેથી હમેશાંની તેમને માટે સનદ થાય. તેમ તેઓ પોતાની ભક્તિની ક્રિયાઓ કરવામાં ચિંતાતુર પણ થાય નહિં. અને ઈશ્વરભક્તિમાં

૧ આ સંબંધી હકીકત માટે જૂઓ—આ પુસ્તકનું પૃ. ૩૦–૩૨

૨ જૂઓ આ પુસ્તકના પૃ. ૧૮૮–૧૯૧ માં આપેલી હકીકત. તથા મુન્તખબુત્તવારીખ ભા. ૨, ના લોઇન કૃત અંગ્રેજી અનુવાદ પૃ. ૨૦૫

ઉત્સાહ રાખે. એજ ફરજ જાણી એથી વિરૂદ્ધનો દખલ થવા દેતા નહિં. ઈલાહી સવત્ ૩૫ ના અઝાર મહીનાની છઠ્ઠી તારીખને ખુરદાદ નામના દિવસે લખ્યું. મુતાબિક ૨૮ માહે મુહરમ સને ૯૯૯ હીઝરી.

મુરીદો[1] (અનુયાયિઓ) માંના નમ્રમાં નમ્ર **અબુલફજલ**-ના લખાણથી અને **ઇબ્રાહીમહુસેન**ની નોંધથી.

નકલ અસલ મૂજબ છે.

---

૧ અબુલફજલ પોતાને '**મુરીદ**' વિશેષણ એટલા માટે આપે છે કે-તે અકબરના ધર્મના અનુયાયી હતો.

અકબર બાદશાહનું ફરમાન

اللہ اکبر

[illegible]



ફરમાન નં ૨ નો પાછલનો ભાગ

પરિશિષ્ટ ख.

ફરમાન નં. ૨ નો અનુવાદ.

અલ્લાહુ અકબર.

અબુ અલમુજફ્ફર સુલતાન.................નો હુકમ.

ઊંચા દરજાના નિશાનની નકલ અસલ મૂજબ છે.

આ વખતે ઉંચા દરજાવાળા નિશાનને બાદશાહી મહેરબાનીથી નિકળવાનું માન મળ્યું (છે) કે—હાલના અને ભવિષ્યના હાકેમો, જાગીરદારો, કરોડીઓ અને ગુજરાત સૂબાના તથા સોરઠસરકારના મુસદ્દીઓએ, સેવડા (જૈન સાધુ) લોકો પાસે ગાય અને આખલાને તથા ભેંશ અને પાડાને કોઇપણ વખતે મારવાની તથા તેનાં ચામડાં ઉતારવાની મનાઇ[1] સંબંધી શ્રેષ્ઠ અને સુખના ચિહ્નવાળુ ફરમાન છે, અને તે શ્રેષ્ઠ ફરમાન પાછળ લખેલું છે કે "દર મહીનામાં કેટલાક દિવસ એ ખાવાને ઇચ્છવું નહિં. એ ફરજ અને વ્યાજબી જાણવું. તથા જે પ્રાણિઓએ ઘરમા કે ઝાડો ઉપર માળા નાખ્યા હોય, તેવાઓનો શિકાર કરવાથી કે કેદ કરવાથી (પાજરામા પૂરવાથી) દૂર રહેવામ પૂરી કાળજી રાખવી." (વળી) એ માનવા લાયક ફરમાનમાં લખ્યુ છે કે—" યોગાભ્યાસ કરનારાઓમા શ્રેષ્ઠ હીરવિજયસૂરિના શિષ્ય વિજયસેનસૂરિ સેવડા, અને તેના ધર્મને પાળનારા—જેમણે અમારા દરબારમાં હાજર થવાનું માન મેળવ્યુ છે અને જેઓ અમારા દરબારના ખાસ હિતેચ્છુઓ છે—તેમના યોગાભ્યાસનુ ખરાપણું અને વધારો તથા પરમેશ્વરની

૧ જુઓ—આ પુસ્તકનુ પૃ. ૨૬૨—૨૬૩.

શોધ ઉપર નજર રાખી (હુકમ થયો) કે–એમના દેવલ કે ઉપાશ્રયમાં કોઇએ ઉતારો લેવો નહિં. અને એમને તુચ્છકારવા નહિ. તથા જો તે જીર્ણ થતાં હોય અને તેથી તેના માનનારા, ચાહનારા કે ખેરાત કરનારાઓમાંથી કોઇ તેને સુધારે કે તેનો પાયો નાખે, તો કોઇ ઉપલક્રિયા જ્ઞાનવાળાએ કે ધર્માન્ધે તેનો અટકાવ કરવો નહિં. અને જેવી રીતે ખુદાને નહિ ઓળખનારા વરસાદનો અટકાવ અને એવાં બીજાં કામો, કે જે પૂજવા લાયક જાતનાં (ઈશ્વરનાં) કામો છે, તેનો આરોપ મૂર્ખાઇ અને બેવકૂફીના લીધે જાદુનાં કામ જાણી, તે બિચારા ખુદાને માનનારા ઉપર મૂકે છે અને તેમને અનેક જાતનાં દુઃખો આપે છે, તેમ તેઓ જે ધર્મક્રિયાઓ કરે છે, તેમાં અટકાવ કરે છે એવાં કામોનો આરોપ એ બિચારાઓ ઉપર નહિં મૂકતાં એમને પોતાની જગ્યા અને મુકામે સુખેથી ભક્તિનું કામ કરવા દેવું. તેમ પોતાના ધર્મ મૂજબ ક્રિયાઓ કરવા દેવી. ”


તેથી (તે) શ્રેષ્ઠ ફરમાન મૂજબ અમલ કરી એવી તાકીદ કરવી જોઇએ કે–એ ફરમાનનો અમલ સારામાં સારી રીતે થાય અને તેની વિરૂદ્ધ કોઇ હુકમ કરે નહિં. (દરેકે) પોતાની ફરજ જાણી ફરમાનથી દરગુજર કરવી નહિં. અને તેથી વિરૂદ્ધ કરવું નહિં. તા. ૧ લી શહર્યુર મહીનો, ઇલાહી સને ૪૬, મુવાફિક, તા. ૨૫, મહીનો સફર સને ૧૦૧૦ હીજરી.

પેટાનું વર્ણન.


ફરવરદીન મહીનો; જે દિવસોમાં સૂર્ય એક રાશીમાંથી બીજી રાશીમાં જાય છે, તે દિવસો; ઈદ, મેહરનો દિવસ; દરેક મહીનાના રવિવારો; તે દિવસ કે જે બે સૂફિયાના દિવસોની વચમાં આવે છે; રજબ મહીનાના સોમવારો, આબાન મહીનો કે જે બાદશાહના જન્મનો મહીનો છે; દરેક શમશી મહીનાનો પહેલો દિવસ, જેનું નામ

ઓરમઝ છે; અને બાર પવિત્ર દિવસો, કે જે શ્રાવણ મહીનાના છેલ્લા છ અને ભાદરવાના પ્રથમ છ દિવસો મળીને કહેવાય છે.

નશાને આલીશાનની નકલ અસલ મૂજબ છે.



(આ સિક્કામાં માત્ર કાજી ખાનમહમ્મુદનું નામ વંચાય છે. તે સિવાયના અક્ષરો વંચાતા નથી.)



(આ સિક્કામાં 'અકબરશાહ મુરીદ જાદા દારાબ[1]' આ પ્રમાણે લખેલ છે.)

---

૧ દારાબ, એનું પુરું નામ મીરજા દારાબખાન હતું, અને તે અબ્દુર્રહીમ ખાનખાનાનનો દીકરો. એને માટે જુઓ—આઈને-અકબરીના ભા. ૧ ના અંગ્રેજી અનુવાદ પૃ. ૩૩૬,

પરિશિષ્ટ ગ.

ફરમાન નં. ૩ નો અનુવાદ.

અલ્લાહુ અકબર.

નકલ.

(તા. ૨૬ માહે ફરવરદીન સને ૫ ના કરાર મૂજબના ફરમાનની.)

તમામ રક્ષણ કરેલા રાજ્યોના મ્હોટા હાકેમો, મ્હોટા દીવાનો, દીવાની મહાન્ કામોના કારકૂનો, રાજ્ય કારભારના બંદોબસ્ત કરનારાઓ, જાગીરદારો અને કરોડિઓએ જાણવું કે--દુનિયાને જીતવાના અભિપ્રાય સાથે અમારો ઇન્સાફી ઇરાદો પરમેશ્વરને રાજી કરવામાં રોકાએલો છે અને અમારા અભિપ્રાયનો પૂરો હેતુ, તમામ દુનિયા, કે જેને પરમેશ્વરે બનાવી છે, તેને ખુશી કરવા તરફ રજુ થએલો છે, (તેમાં) ખાસ કરીને પવિત્ર વિચારવાળાઓ અને મોક્ષધર્મ વાળા, કે જેમનો હેતુ સત્યની શોધ અને પરમેશ્વરની પ્રાપ્તિ કરવાનો છે, તેઓને રાજી કરવા તરફ અમે (વધારે) ધ્યાન દઇએ છીએ. તેથી આ વખતે **વિવેકહર્ષ**,[1]

---

૧ **વિવેકહર્ષ**, તેઓ એક મહાન્ પ્રતાપી પુરૂષ હતા. ઘણા રાજા, મહારાજાઓને તેમણે પ્રતિબોધી જીવદયા સંબંધી કાર્યો કરાવ્યા હતા. ખાસ કરીને કચ્છના **રાજા ભારમલ્લને** પ્રતિબોધી જૈનધર્મનો અનુયાયી બનાવ્યો હતો આ બધી બાબતો **મોટીખાખર** (કચ્છ) ના **શત્રુંજયવિહાર** નામના જૈનમંદિરની અંદરનો એક મ્હોટો શિલાલેખ પુરવાર કરી આપે છે. આ શિલાલેખ મુનિરાજશ્રી હંસવિજયજી વિરચિત **પ્રશ્નોત્તર પુષ્પમાળા** નામના પુસ્તકના પૃ. ૬૫૫ માં છપાયો છે.

જહાંગીર બાદશાહનું ફરમાન

الله اکبر

نقش

فرمان ... تاریخ ... بیست ... ماه فروردی سنه ۵

حکام کرام و دیوانیان عظام و متصدیان مهمات ... و عمال اعمال سلطانی

و جاگیرداران و کروریان کل ممالک محروسه بدانند که چون همگی همت عدالت

منزلت ... در تحصیل مرضیات الهی مصروف و تمامی نیت ...

درست آوردن خاطرها ... که مبدع معبود و واحد واجب الوجود

... خصوصاً در استرضای قلوب ...

که وجه مقصود و مطلوب ... حق ...

...

...

...

...

...

...

...

حضرت اقدس ...

[illegible]


[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]



ફરમાન નં૦ ૩ નો પાછલનો ભાગ

પરમાનંદ,[1] મહાનંદ, અને ઉદયહર્ષ, કે જેઓ તપાયતિ (તપ-

આ **વિવેકહર્ષને** ‘ **महाजनवंशमुक्तावली** ’ ના કર્ત્તા શ્રીયુત **રામલાલજીગણિ** ખરતરગચ્છના સાધુ તરીકે ઓળખાવે છે. (જૂઓ–તે પુસ્તકની પ્રસ્તાવનાનું પૃ ૬ તથા પુસ્તકનું પૃ ૫૯–૬૦) પરન્તુ આ વાત ઇતિહાસથી બિલકુલ વિરૂદ્ધ છે. મોટી ખાખર (કચ્છ) ના મંદિરના જે શિલાલેખનો ઉલ્લેખ ઉપર કરવામા આવ્યો છે, તે, અને પ્રસ્તુત ત્રીજા નંબરનું ફરમાન ખુલ્લી રીતે બતાવી આપે છે કે—તેઓ **તપા**ગચ્છીય સાધુ હતા. વળી **વિવેકહર્ષની** બનાવેલી કવિતાઓ પણ તેમને **તપા**ગચ્છના સાધુ તરીકેજ પુરવાર કરે છે. તેમણે બનાવેલી “**હીર**વિજયસૂરિ સજ્ઝાય ’ ની અંતમા લખ્યુ છે —

> “ જસ પટ્ટ પ્રગટ પ્રતાપ ઉગ્યો **વિજયસેન** દિવાકરો,
> કવિરાજ **હર્ષાણંદ** પંડિત ‘ **વિવેકહર્ષ** ’ સુહંકરો. ”

ઉપરની કડી ઉપરથી તેઓ **તપ**ગચ્છાચાર્ય **શ્રીવિજયસેનસૂરિની** આજ્ઞામા રહેનાર અને **હર્ષાનંદ** કવિના શિષ્ય હતા, એ ચોક્કસ થાય છે. આ સિવાય તેમણે ‘ **परब्रह्म प्रकाश** ’ નામનો ગ્રંથ ભાષામા કવિતાબદ્ધ લખ્યો છે. તેની અંતમા પણ તેઓ પોતાને **તપા**ગચ્છનાજ બતાવે છે. આ સિવાય તેમણે **વીજા**પુરમા વિ. સં. ૧૬૫૨ મા **હીરવિજયસૂરિ રાસ** બનાવ્યો છે, કે જે ન્હાનો છે તેમા પણ પોતાને **ત**પાગચ્છના અનુયાયી બતાવે છે. વધારે આશ્ચર્ય જેવું તો એ છે કે—શ્રીયુત **રામલાલજી** ગણિએ **વિવેકહર્ષને** ખરતરગચ્છના સાધુ તરીકે ઓળખાવતા [illegible] **વિવેકહર્ષના** બદલે **चेषहर्ष** નામ આપવાની પણ [illegible] ભૂલ કરેલી છે

૧ **પરમાનંદ**, એમને પણ શ્રીયુત **રામલાલજીએ** ખરતરગચ્છના સાધુ તરીકે બતાવ્યા છે પરન્તુ તે પણ ભૂલ છે **પરમાનંદ** [illegible] તપાગચ્છનાજ સાધુ હતા, અને તે વાત આ ત્રીજા નંબરનું [illegible] બતાવી આપે છે તે ઉપરાન્ત તેમણે [illegible] બનાવેલ ‘ **વિજયચિંતામણિ સ્તોત્ર** ’ [illegible]—

> “ શ્રીવિ[illegible] પરમાનંદ [illegible] ”

[illegible]

ગચ્છના સાધુ)**વિજયસેનસૂરિ**,[1] **વિજયદેવસૂરિ**[2] અને **નંદિવિજયજી**–કે જેઓ '**ખુશફહમ**[3]' ના ખિતાબવાળા છે–તેમના ચેલાઓ છે;તેઓ આ વખતે અમારી હજૂરમાં હતા,અને તેમણે દરખાસ્ત અને વિનતિ કરી કે–"જો સમગ્ર રક્ષણ કરેલા રાજ્યમાં અમારા પવિત્ર બાર દિવસો–જે ભાદરવા પજૂસણના દિવસો છે–તેમાં હિંસા કરવાની જગ્યાઓમાં કોઇ પણ જાતના જીવોની હિંસા કરવામાં નહિં આવે, તો અમને માન મળવાનું કારણ થશે. અને ઘણા જીવો આપના ઊંચા અને પવિત્ર હુકમથી બચી જશે. તેમ તેનો સારો બદલો આપના પવિત્ર–શ્રેષ્ઠ અને મુબારક રાજ્યને મળશે."

અમે બાદશાહી રહેમ નજર, દરેક નાત–જાતના અને ધર્મના હેતુ તથા કામને ઉત્તેજન આપવા બલ્કે દરેક પ્રાણીને સુખી કરવા તરફ રાખી છે; તેથી એ વિનતિ કબૂલ કરી દુનિયાએ માનેલો અને માનવા લાયક **જહાંગિરી** હુકમ થયો કે—મજકૂર બાર દિવસોમાં

---

૧ જૂઓ—આ પુસ્તકનું પૃ ૧૫૭–૧૬૩ તથા ૨૩૪–૨૩૬,

૨ **વિજયદેવસૂરિ**—તેઓ વિજયસેનસૂરિના શિષ્ય થતા હતા. વિ. સં. ૧૬૪૩ મા તેમણે વિજયસેનસૂરિ પાસે **અમદાવાદ**મા દીક્ષા લીધી હતી સં. ૧૬૫૬ મા તેમની **આચાર્ય** પદવી થઇ હતી સ. ૧૬૭૪ માં તેઓ **માંડવગઢ**મા જહાગીર **બાદશાહ**ને મળ્યા હતા. **બાદશાહે** પ્રસન્ન થઇ તેમને '**મહાતપા**'નુ બિરૂદ આપ્યુ હતું. ઉદયપુરના મહારાણા **જગતસિંહજી**એ તેમના ઉપદેશથી **પીંછોલા** અને **ઉદયસાગર** નામના તળાવોમા જાળો નાખવાનો નિષેધ કર્યો હતો, તેમ રાજ્યાભિષેકના દિવસે અને જન્મના તથા ભાદરવા મહીનામા કોઇ જીવહિંસા ન કરે, એવો હુકમ બહાર પાડયો હતો. વળી **નવાનગર**ના **લાખા** રાજાને, દક્ષિણના **ઇદલશાહ**ને, ઇડરના **કલ્યાણમલ્લ**ને અને **દીવ**ના ફિરંગિયોને તેમણે ઉપદેશ આપી જીવહિંસાઓ ઓછી કરાવી હતી વિ. સં. ૧૭૧૩ ના અષાઢ સુદિ ૧૧ ના દિવસે ઉના**મા** તેઓ સ્વર્ગવાસી થયા હતા. વધુ માટે જૂઓ 'વિજયપ્રશસ્તિ મહાકાવ્ય,' તથા ઐતિહાસિક સજ્ઝાયમાળા ભા૦ ૧ લો વિગેરે ગ્રથો

૩ જૂઓ—આ પુસ્તકનું પૃ–૧૫૮.

દર વર્ષે હિંસા કરવાની જગ્યાઓમાં તમામ રક્ષણ કરેલા રાજ્યની અંદર પ્રાણિયોને મારવામાં આવે નહિં. અને એ કામની તૈયારી કરવામાં (પણ) આવે નહિં. વળી એ સંબંધી દર વર્ષનો નવો હુકમ કે સનદ (પણ) માગવામાં આવે નહિં. આ હુકમ મૂજબ અમલ કરી ફરમાનથી વિરૂદ્ધ વર્તવું નહિં અને આડે માર્ગે જવું જોઈએ નહિં. એ ફરજ જાણવી જોઈએ


નમ્રમાં નમ્ર અબુલખૈરના[1] લખાણથી અને મહમ્મુદસૈદ[2]ની નોંધથી.

---

૧ **અબુલખૈર,** એ શેખ મુબારકનો પુત્ર અને શેખ અબુલફજલનો ભાઈ થતો હતો. તે હી. સ. ૯૬૭ ના જમાદી-ઉલ અવ્વલની બીજી તારીખે (આઈન ઇ અકબરીમાં લખ્યા પ્રમાણે ૨૨ મી તારીખે) જન્મ્યો હતો. તે ઘણો બાહોશ અને ભલો માણસ હતો. [illegible] ઉપર તેણે સારો કાબૂ મેળવ્યો હતો. અબુલફજલે લખેલી ચીઠીઓ ઉપરથી માલૂમ પડે છે કે—બીજા ભાઈઓ કરતાં આની સાથે તેનો વધારે સારો સંબંધ હતો. અબુલફજલના સરકારી કાગળો પણ ઘણે ભાગે આનાજ તાબામાં રહેતા. અને લાયબ્રેરીની દેખરેખ પણ આજ રાખતો. વધુ માટે જુઓ—**દરબારે અકબરી** પૃ. ૮૫૫-૮૫૬ તથા **આઈન-ઇ-અકબરીના** પહેલા ભાગમાં આપેલ **અબુલફજલનું** જીવનચરિત્ર પૃ. [illegible].

૨ **મહમ્મુદસૈદ,** તે સુલતાનખાન [illegible] હતો. **શેખ ફરીદ** તેને [illegible] [illegible] નહિ હતો, તેમ તેનો પુત્ર પણ [illegible] સિવાય **મીરખાન** નામનો [illegible] હતો [illegible] **મહમ્મુદસૈદ** [illegible] **મીરખાન** [illegible] થતા હતા [illegible] [illegible]

નકલ અસલ મૂજબ છે.



(આ સિક્કો વાંચી શકાતો નથી.)

આથી બાદશાહ પાસે મહોબતખાનને મારવાની માગણી કરી હતી, પરન્તુ મહાબતે કેટલાક આબરૂદાર સાક્ષીઓ મેળવીને એવું કહેવડાવ્યું કે—મીરખાનને મેં નહિં, પરન્તુ મહુમ્મદ સૈદેજ મારી નાખ્યો છે. એવી રીતે મહુમ્મદ સૈદના ઉપર આ કલંક આવ્યું હતું. મહુમ્મદ સૈદ શાહજાહાંનના વીસમા વર્ષમા જીવતો હતો,અને તે ૭૦૦ સેના તથા ૩૦૦ ઘોડેસ્વારોનો અધિપતિ હતો. જૂઓ. **આઇન-ઇ-અકબરી** ના પહેલા ભાગનો અંગરેજી અનુવાદ પૃ. ૪૧૬ તથા ૪૮૧.

જહાંગીર બાદશાહનુ ફરમાન

الله اکبر

... مطاع ابوالمظفر سلطان ...

مواد ...

حکام و عمال و متصدیان مهمات و سایر ...

... و استعداد ...

... توجه پادشاهانه ...

[illegible]



ફરમાન નં૦ ૪ નો પાછલનો ભાગ

પરિશિષ્ટ ઘ

ફરમાન નં. ૪ નો અનુવાદ.

અલ્લાહુ અકબર.

અબુલ મુજફ્ફર સુલતાન શાહ સલીમ ગાઝીનું દુનિયાએ માનેલું ફરમાન.

અસલ મૂજબ નકલ.

મ્હોટાં કામો સંબંધી હુકમ આપનારાઓએ, તેને અમલમાં લાવનારાઓએ, તેમના કારકુનોએ તથા વર્તમાન તેમજ ભવિષ્યના મામલતદારો..............વિગેરેએ અને ખાસ કરીને સોરઠ સરકારે બાદશાહીનું માન મેળવીને તથા આશા રાખીને જાણવું કે-ભાનુચંદ્ર[1] યતિ અને 'ખુશફહમ' ના ખિતાબવાળા સિદ્ધિચંદ્ર[2] યતિએ અમને અરજ કરી કે-" જજીઓ, જકાત, ગાય-ભેંસ-પાડા અને બળદ-એ જાનવરોની બિલકુલ હિંસા, બીજા દરેક મહીનાના મુકરર દિવસોમાં હિંસા, મરેલાના માલનો કબજો કરવો, લોકોને કેદ કરવા અને શત્રુંજય પર્વત ઉપર માથાદીઠ સોરઠ સરકાર જે કર લેતા તે, એ બધી બાબતો આલા હજરતે (અકબર બાદશાહે) માફ અને તેની મનાઇ કરી છે;[3]" તેથી અમે પણ-દરેક લોકો ઉપર અમારી સંપૂર્ણ મહેરબાની છે, તેથી-એક બીજો મહીનો, કે જેની અંતમાં અમારો જન્મ થયો છે, તે મહીનોને નીચે લખેલ તફસીલ મૂજબ માફી આપી-અમારા શ્રેષ્ઠ હુકમ મૂજબ અમલ કરે.

૧ જુઓ-આ પુસ્તકનું પૃ. ૧૪૫-૧૫૬ તથા ૨૦૮-૨૦૯.
૨ જુઓ-પૃ. ૧૫૫-૧૫૬.
૩ જુઓ-પૃ. ૧૦૮, ૧૨૦, ૧૪૫, ૧૫૦, ૧૬૬, ૨૬૩.


તેથી વિરૂદ્ધ કે આડે માર્ગે જવું જોઇએ નહિં. તથા **વિજયસેન-સૂરિ** અને **વિજયદેવસૂરિ**, કે જેઓ ત્યાં (ગુજરાતમાં) છે, તેમના હાલની ખબરદારી કરી, જ્યારે **ભાનુચંદ્ર** અને **સિદ્ધિચંદ્ર** ત્યાં આવી પહોંચે, ત્યારે તેમની સાર સંભાળ રાખી જે કામ કરવાનું તેઓ રજૂ કરે, તેને સંપૂર્ણ કરી આપવું જોઇએ, કે જેથી તેઓ જીત કરનારા રાજ્યને હમેશાં (કાયમ) રહેવાની દુઆ કરવામાં સુખી મનથી કામે લાગેલા રહે. વળી ઉના પરગણામાં એક વાડી છે; કે જ્યાં તેમણે પોતાના ગુરૂ હીરજીનાં પગલાં સ્થાપન કર્યાં છે. તેને જૂના રિવાજ પ્રમાણે વેરા વિગેરેથી મુક્ત જાણી તે સંબંધી કંઇ હરકત કે અડચણ કરવી નહિં. લેખ (થયો) તા. ૧૪, શહેરીવર મહીનો, સને ઇલાહી ૫૫.

પેટાનો ખુલાસો.


મહીનો ફરવરદીન; તે દિવસો કે જે દિવસોમાં સૂર્ય એક રાશીમાંથી બીજી રાશીમાં જાય છે; ઈદનો દિવસ; મેહરના દિવસો; દરેક મહીનાના રવિવારો; તે દિવસ કે જે સૂફિયાના બે દિવસોની વચમાં આવે છે; રજબ મહીનાનો સોમવાર; અકબર બાદશાહના જન્મનો મહીનો–જે આબાન મહીનો કહેવાય છે; દરેક શમશી (Solar) મહીનાનો પહેલો દિવસ, કે જેનું નામ ઓરમજ છે, બાર બરકતવાળા દિવસો, કે જે શ્રાવણ મહીનાના છેલ્લા છ દિવસ અને ભાદરવાના પહેલા છ દિવસો છે.

અલ્લાહુ અકબર.

નકલ અસલ મૂજબ છે.




(આ સિક્કાના અક્ષરો વાંચી શકાતા નથી.)



(આ સિક્કામાં 'કાજી અબ્દુસ્સમી[1]' નું નામ છે.)

અસલ મૂજબ નકલ છે.



(આ સિક્કામાં ' કાજી ખાન-મુહમ્મદ' નું નામ છે, બીજા અક્ષરો વંચાતા નથી.)

૧ કાજી અબ્દુસ્સમી તે [illegible]

પરિશિષ્ટ ૩

ફરમાન નં. ૫ નો અનુવાદ.

અલ્લાહુ અકબર.

હકને ઓળખનાર, યોગાભ્યાસ કરનાર **વિજયદેવસૂરિએ** અમારી ખાસ મહેરબાની મેળવીને જાણવું કે-તમારી સાથે **પત્તન**[1]માં મુલાકાત થઇ હતી, તેથી ખરા મિત્ર તરીકે ઘણું કરીને (હું) તમારા સમાચાર પૂછતો રહું છું. (મને) ખાત્રી છે કે-તમે પણ અમારી સાથે ખરા મિત્ર તરીકેનો સંબંધ મૂકશો નહિં. આ વખતે તમારો શિષ્ય **દયાકુશલ**[2] **પંન્યાસ** અમારી પાસે હાજર થયો

---

૧ '**પત્તન**' થી ગુજરાતમાં આવેલ **પાટણ** નહિ, પરન્તુ **માંડવગઢ** (માળવા) સમજવાનું છે, કારણ કે-જહાગીર અને વિજયદેવસૂરિનો સમાગમ **માંડવગઢ**માંજ થયો હતો. આ સમાગમનું સમ્પૂર્ણ વૃત્તાન્ત **વિદ્યાસાગર**ના પ્રશિષ્ય અથવા **પંચાયણ**ના શિષ્ય **કૃપાસાગરે શ્રીનેમિસાગરનિર્વાણરાસ**માં આપ્યું છે, તેમાં પણ જ્યાં **માંડવગઢ**ના શ્રાવકોનું વર્ણન લખ્યું છે, ત્યાં ચોખ્ખું લખ્યું છે કે-

"વીરદાસ છાજૂ વળી એ, શાહ જગૂ ગુણ જાણ કે;
પાટણે તે વસે ઇત્યાદિક શ્રાવક ઘણા એ," ૯૧.

(જૂઓ—જૈન રાસમાળા ભા ૧ લો પૃ. ૨૫૨)

આ ઉપરથી સ્પષ્ટ સમજાય છે કે—**માંડવગઢ**ની તે વખતે **પાટણ** તરીકે પણ પ્રસિદ્ધિ હતી.

૨ આ **દયાકુશલજી** તેજ છે કે જેમણે વિ. સં. ૧૬૪૯માં **વિજયસેનસૂરિની** સ્તુતિમાં **લાભોદયરાસ** બનાવ્યો છે. તેમના ગુરુનું નામ કલ્યાણકુશલ હતું.

જહાંગીર બાદશાહે વિજયદેવસૂરિ ઉપર લખેલો પત્ર

الله اکبر

حق شناس ریاضت شعار جی دیو سور متوجهات مخصوص بوده معلوم نماید که

بشما ملاقات شده بود در لوازم اخلاص شما را دیده از احوال شما اکثر پرسان

شما هم از جانب را نظر مهمی از دست کرا هدا و در شمول حیله شما د

مارا ملازمت نمود احوال شما از دو معلوم شد بسیار خوش حال شدیم و حیله شما

معقول است در باره تو همتا م داریم و آنکه ... موافق آن کرده میشود

[illegible]

[illegible]

[illegible]

છે. તમારા સમાચાર તેની દ્વારા જાણ્યા છે; (તેથી) અમે બહુ ખુશી થયા. તમારો ચેલો પણ બહુ અનુભવી અને તર્કશક્તિવાળો છે. તેના ઉપર અમે સંપૂર્ણ મહેરબાનીની નજર રાખીએ છીએ. અને જે કંઇ તે કહે છે, તે મૂજબ કરવામા આવે છે. અહિંનું જે કંઇ કામકાજ હોય, તે તમારા પોતાના શિષ્યને લખવું કે (જેથી) હજરમા જાણ-વામાં આવે. જેનાથી તેના ઉપર (અમે) દરેક રીતે ધ્યાન દઇશુ. અમારા તરફથી સુખે (બેફીકર) રહેશો અને પૂજવાલાયક જાતની પૂજા કરી અમારૂં રાજ્ય કાયમ રહે, એવી દુઆ કરવામાં કામે લા-ગેલા રહેશો. વિશેષ કંઇ લખવાનું નથી. લખ્યું તા. ૧૯, મહીનો શાહબાન, સને ૧૦૨૭.

અક્ષરો છે.

---

¹ વર્ષમા તેણે દક્ષિણમા કુમાર **શાહજહાનની** નોકરી કરવા માંડી હતી. તે એક અચ્છો સૈનિક હતો. પરન્તુ લુગડાની બાબતમા બહુ બેદરકાર રહેતો. તેની એક પુત્રીનું લગ્ન **શાહજહાંનની** સાથે કરવામા આવ્યું હતું. **ગ્રાન્ટે** લખેલા મધ્યપ્રાંતોના **ગેજીટીયર** પ્રમાણે આ **ઈરજ** (શાહનવાજખાન) ની કબર **બુરહાનપુરમાં** છે. આ કબર તેના જીવતાંજ બાંધવામા આવી હતી. હી સં. ૧૦૨૮ માં તે અતિશય મદ્યપાનથી ગુજરી ગયો હતો. કહેવાય છે કે—**અકબર** પોતાના ફરમાનોમાં આ **ઈરિજ** અને બીજા ફરમાનની છેલ્લી નોટમા (પૃ. ૩૮૧ મા) બતાવેલ **દારાબના** નામો કોઈ ન કોઈ રીતે લાવી મૂકતો વિશેષ માટે જૂઓ—**આઈન-ઇ-અકબરીના** પ્રથમ ભાગનો અંગરેજી અનુવાદ પૃ. ૩૩૯, ૪૯૧ તથા **દરબારે અકબરી** પૃ. ૬૪૨-૬૪૪.

પરિશિષ્ટ ઙ.

પોર્ટુગીઝ પાદરી પિનહેરો (Pinheiro) ના બે પત્રો.[1]

આ પુસ્તકના પૃ. ૧૬૯ માં 'પિનહેરો' (Pinheiro) નામના એક પોર્ટુગીઝ પાદરીએ લાહોરથી તા. ૩ સપ્ટેમ્બર સ. ૧૫૯૫ ને પોતાના દેશમાં લખેલ પત્રનું એક વાક્ય ડા. વિન્સેન્ટ એ. સ્મિથના અંગરેજી 'અકબર' માંથી ઉદ્ધૃત કરવામાં આવ્યું છે. તે પત્રમાં તેમજ બીજા પત્રમાંથી જે વિશેષ હકીકત મળે છે તે આ છે:—

silly things, which I omit so as not to weary your Reverence [1]"

"રાજા અકબર પરમેશ્વર અને સૂર્યને પૂજે છે. અને તે હિંદુ છે. તે **વ્રતિ**[2] **સંપ્રદાયને અનુસરે છે.** તે વ્રતિઓ મઠવાસી સાધુની પેઠે વસ્તીમાં રહે છે. અને બહુ તપશ્ચર્યા કરે છે. તેઓ કંઇપણ સજીવ વસ્તુ ખાતા નથી, અને જમીન ઉપર બેસવા પહેલાં જમીનને રૂની (ઉનની) પીછી (ઓઘા) થી સાફ કરે છે, કે જેથી જમીન ઉપર રહેલા જીવ-જંતુનો નાશ થાય નહિં. આ લોકોનું એવું માનવું છે કે જગત્ અનાદિ છે. પણ બીજાઓ કહે છે કે–ઘણી દુનિયાઓ થઇ ગઇ છે. આવી મૂર્ખાઇ ભરેલી (?) વાતોથી આપ પૂજ્યશ્રીને કંટાળો નહિં આપતાં આટલેથીજ વિરમું છું."

આવીજ રીતે એક બીજો પત્ર તેણે (પિનહેરોએ) તા. ૬ નવેમ્બર ૧૫૯૫ના દિવસે પોતાના દેશમાં લખ્યો હતો; તેમાં જૈનો સંબંધી જે હકીકત લખી છે, તે આ છે:—

"The Jesuit narrates a conversation with a certain Babansa (? Baban shah) a wealthy notable of Cambay, favourable to the Fathers.

---

૧ પેરૂશી પૃ. ૬૯ મા છપાયેલ પત્રના લેટીન અનુવાદ ઉપરથી કરેલ તરજુમો. આજ હકીકત **મૅક્લેગને** 'જર્નલ ઑફ એશિયાટિક સોસાયટી ઑફ બેન્ગૉલ વૉલ્યુમ ૪૫, પ્રથમ અંકના પૃ. ૭૦ માં આપી છે.

૨ **વ્રતી,** એ બીજા કોઇ નહિ, પરન્તુ **જૈનસાધુઓ** જ છે. તે વખતના ઘણા ખરા લેખકોએ પોતાનાં પુસ્તકોમા જૈનસાધુઓને **વ્રતી** શબ્દથીજ ઉલ્લેખ્યા છે. **'ડીસ્ક્રીપ્શન ઓફ એશિયા'** નામનું પુસ્તક, કે જે ઇ. સ. ૧૬૭૩ માં છપાયેલુ છે, તેના ૧૧૫, ૨૧૩, ૨૩૨ વિગેરે પૃષ્ઠોમાં આ દેશના જૈનસાધુઓનુ વર્ણન આપ્યુ છે, તે '**વ્રતી**' શબ્દથીજ આપ્યું છે. ત્યા સુધી કે સુપ્રસિદ્ધ ગુર્જરકવિ **શામળદાસે** પણ '**સૂડાબહોતેરી**' માં 'વતી' શબ્દથીજ ઉલ્લેખ કર્યો છે. **વ્રતી** શબ્દનો વ્યુત્પત્તિથી અર્થ **व्रतमस्याऽस्तीति व्रती** (જેઓને વ્રત હોય તે) થાય છે, પરંતુ રૂઢીથી **'વ્રતી'** શબ્દ જૈનસાધુઓને માટે જ વપરાયો છે, અને વપરાય છે.

'He is a deadly enemy of certain men who are called Verteas, concerning whom I will give some slight information [delli quali toccaro alcuna cosa].

The Verteas live like monks, together in communities [congregatione], and when I went to their house [in Cambay] there were about fifty of them there They dress in certain white clothes, they do not wear anything on the head, their heads are shaven not with a razor, but [illegible] all the hairs are torn out from the [illegible] from the head, leaving none of the [illegible] the middle of the head [illegible] are left a very large bald sp[illegible]

have about 100,000 men under obedience to him, and every year one of them is elected. I saw among them boys of eight or nine years of age, who looked like Angels. They seem to be men, not of India, but of Europe. At that age they are dedicated by their fathers to this Religion

* * * *

They hold that the world was created millions of millenniums ago, and that during that space of time God has sent twenty three Apostles, and that now in this last age, he sent another one, making twenty-four in all, which must have happened about two thousand years ago, and from that time to this, they possess scriptures, which the others [Apostles] did not compose.

Father Xavier and I discoursed about that saying to them that this one (questo) [Seil apparently the last Apostle] concerned their Salvation

The Babansa aforesaid being interpreter, they said us, we shall talk about that another time But we never returned there, although they pressed us earnestly, because we departed the next day [1] '

" પાદરીઓને અનુકૂળ **ખંભાત** શહેરના અમુક ધનાઢ્ય ઉમરાવ **બાબનસા**[2] (બાબનશાહ ?) ની સાથે થયેલી વાતચીતનો **પાદરી** નીચે પ્રમાણે ઉલ્લેખ કરે છે.

---

૧ **પેરૂશી**ના પૃ. પર માથી કરેલો તરજુમો. આ હકીકત મૅકલેગને પણ પોતાના લેખના પૃ. ૬૫ મા લખી છે.

૨ **બાબનસા**, એ પારસી ગૃહસ્થનું નામ છે. તેનું શુદ્ધ નામ **બહમનશા** હોય, એમ જણાય છે તે સમયમા ખભાતમા પારસી ગૃહસ્થો રહેતા હતા.

તે 'વ્રતી'ના નામથી ઓળખાતા અમુક માણસોનો કટ્ટો દુશ્મન છે. તે વ્રતિયો સંબંધી હું કંઇક હકીકત આપીશ.

વ્રતિયો, સાધુઓની માફક સમુદાયમાં રહે છે. અને હું જ્યારે તેમના સ્થાન (ખંભાતમા) ગયો, ત્યારે તેમનામાં પચાસેક જણ ત્યાં હતા. તેઓ અમુક પ્રકારનાં શ્વેત વસ્ત્રો પહેરે છે. તેઓ માથા ઉપર કંઇ પણ ઓઢતા નથી, વળી અસ્ત્રાથી દાઢીની હજામત કરાવતા નથી; પણ તે દાઢીને ખેંચી કાઢે છે અર્થાત્ દાઢીના તેમજ માથાના વાળનો તેઓ લોચ કરે છે. માથાની ટોચે વચલા ભાગમા જ થોડા વાળ હોય છે, આથી કરીને તેઓના માથામાં મોટી ટાલ પડી ગયેલી હોય છે.

તેઓ નિર્ગ્રંથ છે. ભિક્ષામાં, જે ખાદ્યપદાર્થ (ગૃહસ્થોની) જરૂરીઆત ઉપરાત વધેલો હોય છે, તેજ લે છે. તેઓને સ્ત્રિયો હોતી નથી. ગુજરાતની ભાષામા તેઓના ધર્મશિક્ષણો લખેલાં હોય છે. તેઓ ગરમ કરેલું પાણી પીએ છે. તે શરદી લાગવાના ભયથી નહિં, પણ એવા મન્તવ્યથી કે પાણીમા જીવ છે. અને ઉકાળ્યા સિવાય તે પીવામાં આવે, તો તે જીવનો નાશ થાય છે. આ જીવ પરમેશ્વરે બનાવ્યા છે. અને આમા (ઉકાળ્યા વગર પીવામાં) બહુ પાપ છે. પણ જ્યારે ઉકાળવામા આવે છે, ત્યારે તેમા જીવ રહેતો નથી. અને આ કારણથી તેઓ તેમના હાથમા અમુક પ્રકારની પીંછીઓ (ઓઘાઓ) લઇને ફરે છે. આ પીંછીઓ તેના દાંડાઓ સહિત રૂની (ઉનની) બનાવેલી સીસાપેનો જેવી લાગે છે. તેઓ આ પીંછીઓ વડે જમીન અથવા બીજી જગ્યાઓ કે જ્યા તેમને ચાલવાનું હોય છે, તેને સાફ કરે છે. કારણ કે તેમ કર્યાથી કોઇ જીવની ઘાત થાય નહિ. આ વ્હેમને લીધે તેમના વડવાઓને અને ઉપદેશકોને ઘણી વખત જમીન સાફ કરતા મેં જોયા છે. તેમના સૌથી મ્હોટા નાયકના હાથ નીચે તેની ખંભાતમા રહેનાર એક [illegible] [illegible] હતો. અને દરેક વર્ષે આ માણસો [illegible] [illegible] [illegible] [illegible] [illegible]

વર્ષની ઉમરના છોકરાઓ પણ જોયા, કે જેઓ દેવ જેવા લાગતા હતા. તેઓ હિંદુસ્થાનના નહિં, પરન્તુ યૂરોપના હોય, એવા લાગતા હતા. આટલી ઉમરે તેમનાં માતા-પિતા તેમને ધર્મને માટે અર્પણ કરી દે છે.

* * * *

તેઓ પૃથ્વીને અનાદિ માને છે. અને માને છે કે-આટલા વખતમાં (અનાદિકાળમાં) તેમના ઈશ્વરે ૨૩ પેગમ્બરો (પ્રવર્ત્તકો) મોકલ્યા. અને આ છેલ્લા યુગમાં બીજો એક મોકલ્યો, એટલે ચોવીસ થયા. આ ચોવીસમાને થયે બે હજાર વર્ષ થઈ ગયાં છે. અને તે વખતથી તે અત્યાર સુધીમાં બીજા પ્રવર્ત્તકોએ નહિં બનાવેલાં એવાં પુસ્તકો તેમના કબજામાં છે.

ફાધર ઝેવીયરે અને મેં આ બાબતની તેમની સાથે વાત કરી અને પૂછયું કે-આ છેલ્લા પ્રવર્ત્તકથીજ તમારો ઉદ્ધાર છે કે શું?

ઉપર્યુકત બાબનશા અમારો દુભાષિયો હતો. અને તેઓએ અમને કહ્યું કે-આ બાબતની આપણે ફરીથી વાત કરીશું. પણ અમે બીજે દિવસેજ ત્યાંથી નિકળી ગયા, તેથી અમારાથી ફરીથી ત્યાં જવાયું નહિં. જો કે તેઓએ અમને ઘણોજ આગ્રહ કરેલો હતો."

પરિશિષ્ટ ज.

અકબરના વખતનું નાણું.

મનુષ્યોના ઉપયોગમાં આવનારી વસ્તુઓના વ્યવહારને માટે દરેક દેશોમાં અને દરેક સમયમાં નાણાંનો પ્રચાર અવશ્ય હોય છે. આ નાણું બે પ્રકારનાં હોય છે; એક તો છાપવાળાં અને બીજાં છાપ વિનાનાં. જે નાણાં છાપવાળાં હોય છે, તેના ઉપર તે તે સમયના રાજાનું ચિત્ર, રાજ્યચિહ્ન અથવા તો માત્ર રાજાનું નામ–સંવત્ વિગેરે કોતરેલ અક્ષરજ હોય છે અને જે નાણાં છાપ વિનાનાં હોય છે, તેનો વ્યવહાર ઘણે ભાગે ગણતરીથીજ થાય છે. જેવાં કે–બદામ કોડિયો વિગેરે. વળી જે નાણાં છાપવાળાં હોય છે, તેનાં ખાસ કરીને વિશેષ વિશેષ નામો રાખેલાં હોય છે. જેમ વર્ત્તમાન સમયમાં સોનાના નાણાને ગીની કહે છે. રૂપાના નાણાને રૂપીયો કહે છે અને તાંબાના નાણાને પૈસા કહેવામાં આવે છે. ઘણે ભાગે દરેક સમયમાં આ ત્રણ ધાતુઓનું નાણું વપરાએલું ઇતિહાસના પૃષ્ઠોથી અવલોકાય છે. સોનું, રૂપું અને તાંબુ. બહુ જૂના વખતમાં કલઈ અને લોઢું ધાતુઓનું પણ નાણું ચાલતું, પરન્તુ છેલ્લાં ૩૦૦–૪૦૦ વર્ષોમાં તો ઉપર્યુક્ત ત્રણ ધાતુઓનાજ નાણાની વપરાશ મ્હોટે ભાગે થએલી છે. બેશક, વજનમાં ન્યૂનાધિકતા હોવાથી તેનાં નામો જુદાં જુદાં અવશ્ય રાખેલાં છે, પરન્તુ ધાતુ તો આજ એ ત્રણજ.

જે સમયના સિક્કાઓનું (નાણાંનું) વર્ણન હું કરવા માગું છું, તે સમયના (અકબરના સમયના) નાણાંના પણ ઉપર્યુક્ત ત્રણ ધાતુઓ વપરાઈ હતી અને તે પણ [illegible] હોવાથીજ. કેટલાક પણ જાતના હોય [illegible].

અકબરના વખતમાં જે નાણું ચાલતું હતું, તે ઘણી જાતનું હતું. અર્થાત વ્યવહારની સરળતાને માટે અકબરે પોતાના નાણાંના ઘણા વિભાગો પાડી નાંખ્યા હતા. સૌથી પહેલાં આપણે અકબરના વખતના **સોના**ના નાણા સંબંધી તપાસ કરીએ.

'એ મૅન્યુઅલ ઑફ મુસલમાન નુમીસ મેટીક્સ' (A Manual of Musalman Numismatics) ના પૃ. ૧૨૦ માં લખવામાં આવ્યું છે કે—

"Also there are the large handsome gold pieces of 200, 100, 50 and 10 muhrs of Akbar and his three successors, which were, no doubt, not for currency use exactly, but for presentation in the way of honour for the emperor or offered to the emperor or king for tribute or acknowledgment of fealty, nazarana as it is called

અર્થાત્—આ સિવાય બીજા મ્હોટા સુંદર સોનાના સિક્કા હતા. જે અકબર અને તેની પાછળ આવનારા રાજાઓના ૧૦-૫૦ ૧૦૦ અને ૨૦૦ મહોરના હતા. આ સિક્કાઓ વાપરવામાં ન્હોતા આવતા, પરન્તુ શહેનશાહ તરફથી માન બતાવવા ખાતર અથવા શહેનશાહને કે રાજાને ખંડણી તરીકે કે નજરાણા તરીકે આપવામાં આવતા.

અકબરના આ સોનાના સિક્કાઓનું વર્ણન **આઈન-ઇ-અકબરી**ના પહેલા ભાગના અંગરેજી અનુવાદના પૃ. ૨૭ થી આ પ્રમાણે આપવામાં આવેલ છેઃ—

(૧) **શહેનશાહ**—આ નામનો એક ગોળ સોનાનો સિક્કો હતો, જેનું વજન ૧૦૧ તોલા ૯ માસા ૭ સુર્ખ હતું. તેની કિંમત એકસો **લાલેજલાલી** મહોર (જેનું વર્ણન આગળ કરવામાં આવશે.) જેટલી હતી, આ સિક્કાની એક બાજૂએ **શહેનશાહ**નું નામ

કોતરવામાં આવ્યું હતું; અને સિક્કાની કિનારીના પાંચ ભાગમાં આ અર્થને સૂચવનારા શબ્દો હતાઃ—

"મહાન્ સુલતાન પ્રખ્યાત બાદશાહ, પ્રભુ તેના રાજ્ય અને અમલની વૃદ્ધિ કરો"

આ સિક્કો આગ્રા–રાજધાનીમાં પાડવામાં આવ્યો હતો.

આ સિક્કાની બીજી બાજૂએ 'લા ઇલાહ ઇલ્લ–અલ્લાહ મુહમ્મદુન રસૂલ–ઉલ્લાહ' એ કલમો તથા કુરાનનું એક વાક્ય લખવામાં આવ્યું હતું. જેનો અર્થ આ થતો હતોઃ—

"પરમેશ્વર જેના ઉપર પ્રસન્ન થાય છે, તેના પ્રતિ તે અતિશય દયાળુપણે રહે છે."

વળી આ સિક્કાની આસપાસ પહેલા ચાર ખલીફોનાં નામો લખવામાં આવ્યાં હતાં. આ સિક્કાની આકૃતિ સૌથી પહેલાં મૌલાના મકસૂદે બનાવી હતી, તે પછી મુલ્લાં અલી અહમદે આ પ્રમાણે સુધારો કર્યોઃ—

એક બાજુએ આ અર્થવાળા શબ્દો લખ્યાઃ—**ઈશ્વરના માર્ગમાં, પોતાના સહધર્મિયોની સહાયતા કરવામાં જે સિક્કાનો વ્યય થાય છે, તે સિક્કો સર્વોત્તમ છે."**

બીજી બાજૂએ આ પ્રમાણે લખેલું હતું.–**"મહાન્ સુલતાન સુપ્રસિદ્ધ ખલીફ સર્વશક્તિમાન, તેના રાજ્ય અને અમલની વૃદ્ધિ કરો. તથા તેની ન્યાયપરાયણતા અને દયાળુતા અમર રાખો"**

કહેવાય છે કે–પાછળથી આ સિક્કા ઉપરના ઉપર્યુક્ત બધા શબ્દો કાઢી નાખી. શેખ ફૈજીની નીચેની બે રૂબાઈઓ મુલ્લાં અલી અહમદે કોતરી હતી

એક તરફ જે રૂબાઈ કોતરી હતી, તેનો અર્થ આ પ્રકાર છે —

૧

"સાત સમુદ્રોમાં જે મોતી ઉત્પન્ન થાય છે, તે સૂર્યના પ્રભાવને લઇનેજ; કાળા પર્વતમાં જે રત્નો ઉત્પન્ન થાય છે, તે સૂર્યના પ્રકાશનું પરિણામ છે; ખાણો-માંથી જે સોનું નીકળે છે, તે સૂર્યના મંગળકારી પ્રકાશનેજ આભારી છે અને ઉપર્યુક્ત ખાણોનું સોનું અકબરની છાપથી ઉત્તમતાને પામે છે."

વચમાં 'અલ્લાહુ અકબર' અને 'જલ્લ જલાલુહુ' શબ્દો હતા. જ્યારે સિક્કાની બીજી બાજૂએ આ અર્થવાળી રૂબાઇ હતીઃ—

"આ સિક્કો આશાનો અલંકાર છે. તેની છાપ અમર છે, સિક્કાનું નામ અમર્ત્ય છે અને મંગળસૂચક ચિહ્ન તરીકે સૂર્યે દરેક સમયમાં તેના ઉપર પોતાનો પ્રકાશ નાખ્યો છે."

વચમાં—ઇલાહી સંવત્ કોતરવામાં આવ્યો હતો.

(૨) બીજો સોનાનો સિક્કો ઉપર પ્રમાણેનીજ આકૃતિ અને અક્ષરવાળો હતો. માત્ર વજનમાં ફર્ક હતો, એટલે આ બીજા સિક્કાનું વજન ૯૧ તોલા ૮ માસા હતું, અને તેની કિંમત સો ગોળ સોના મહોર જેટલી હતી. આવી એક સોના મહોરનું વજન ૧૧ માસા હતું.

(૩) ત્રીજો **રહસ** નામનો સિક્કો હતો. આ સિક્કો પણ બે જાતનો હતો. એકનું વજન **શહેનશાહ** નામના સિક્કાથી અડધું હતું, જ્યારે બીજાનું વજન, બીજા નંબરના સિક્કાથી અડધું હતું. આ સિક્કો વખતે ચોરસ પણ પાડવામાં આવતો. આની એક બાજૂએ **શહેનશાહ** સિક્કાના જેવીજ આકૃતિ રાખવામા આવી હતી, જ્યારે બીજી બાજૂએ ફૈજીની **રૂબાઈ** લખવામાં આવી હતી, કે જેનો અર્થ આ થતો હતો.—

“ બાદશાહી તીજોરીનો ચાલુ સિક્કો શુભ ભાગ્યના ગ્રહયુક્ત છે. હે સૂર્ય ! આ સિક્કાની વૃદ્ધિ કર; કારણ કે દરેક સમયમાં અકબરની છાપથી આ સિક્કો ઉત્તમતાને પામ્યો છે. ”

(૪) ચોથો આત્મહ નામનો સિક્કો હતો. આ સિક્કો પ્રથમ શાહેનશાહ સિક્કાના ચોથા ભાગનો હતો. તેની આકૃતિ ગોળ અને ચોરસ હતી. આમાના કેટલાક ઉપર તો શાહેનશાહ નામના સિક્કાના જેવીજ છાપ પાડવામા આવી હતી. અને કેટલાક ઉપર ફેજીની રૂબાઈ હતી, જેનો અર્થ આ થતો —

“ આ સિક્કો ભાગ્યશાળી પુરૂષના હાથને શોભાવો, નવ સ્વર્ગ અને સાત ગ્રહોનો અલંકાર થાઓ. અને આ સોનાનો સિક્કો હોય આ સિક્કાથી કાર્ય પણ સોનેરીજ થાઓ. (વળી) આ સિક્કો બાદશાહ અકબરની કીર્ત્તિને સર્વ સમયમાં ચાલુ રાખે ”

બીજી બાજુએ ઉપર્યુક્ત રહસ નામના સિક્કાના જેવીજ રૂબાઈ કોતરવામા આવી હતી.

(૫) પાંચમો બિન્સત નામનો સિક્કો [illegible] તેની આકૃતિ આત્મહ નામના બન્ને જાતના સિક્કાઓના જેવી હતી. આની કિંમત શાહેનશાહ નામના સિક્કાની [illegible] હતી. [illegible] કેટલાક સિક્કાઓ હતા કે શાહેનશાહ [illegible], અને [illegible] તેટલી કિમતના હતા.

ગોળ હતી. આની કિંમત બે ગોળ સોના મહોર જેટલી હતી. આની એક બાજુએ **अल्लाहु अकबर** અને બીજી બાજૂએ **यामुईनु** શબ્દો હતા.

(૮) આઠમો **આફ્તાબી** નામનો સિક્કો હતો. આ સિક્કો ગોળ હતો, અને તેનું વજન ૧ તો૦ ૨ માસા ૪ાા સુર્ખ હતું. આની કિંમત ૧૨ રૂપીયા હતી. આની એક બાજૂએ **अल्लाहु अकबर जल्ल जलालुहु** ' શબ્દો હતા, જ્યારે બીજી બાજૂએ ઇલાહી સંવત અને ટંકશાળનું નામ હતું.

(૯) નવમો સિક્કો **ઇલાહી** નામનો હતો. તેની આકૃતિ ગોળ હતી અને વજન ૧૨ માસા ૧ાા સુર્ખ હતું. આના ઉપર છાપ **આફ્તાબી** સિક્કા જેવીજ હતી. અને તેની કિંમત ૧૦ રૂ. થતી.

(૧૦) **લાલેજલાલી** નામનો એક ચોરસ સિક્કો હતો. આનું વજન અને કિંમત **ઇલાહી** સિક્કા જેટલીજ હતી. આની એક બાજૂએ **अल्लाहु अकबर** અને બીજી બાજૂએ **जल्ल जलालुहु** શબ્દો કોતરેલા હતા.

(૧૧) **અદલગુત્કે** નામનો એક ગોળ સિક્કો હતો. તેનું વજન ૧૧ માસા હતું, અને કિંમત ૯ રૂપિયા હતી. આની એક બાજૂએ **अल्लाहु अकबर** અને બીજી બાજુએ **यामुईनु** શબ્દો હતા.

(૧૨) બારમો સિક્કો ગોળ **મહોર** હતી. આ મહોરનું વજન અને કિંમત **અદલગુત્ક** જેટલાં હતાં પણ તેની છાપ જુદી જાતની હતી.

(૧૩) તેરમો **મિહરાબી** નામનો સિક્કો હતો. એનું વજન, કિંમત અને છાપ **ગોળ મહોર** જેવીજ હતી.

(૧૪) **મુઈની** સિક્કો. આની આકૃતિ ચોરસગોળ હતી. વજન અને કિંમતમાં તે લાલેજલાલી અને **ગોળ મહોર** જેટલો હતો. તેના ઉપર **यामुईनु** શબ્દની છાપ હતી.

(૧૫) **ચહારગોશાહ**. આ સિક્કાની છાપ અને વજન **આફ્તાબી** (નં. ૮) ની બરાબર હતાં.

(૧૬) **ગિર્દ** નામનો સિક્કો ઇલાહી સિક્કાથી અર્ધો હતો, અને છાપ પણ તેના જેવીજ હતી.

(૧૭) **ધન** (દહન) નામનો સિક્કો લાલેજલાલીથી અર્ધો હતો.

(૧૮) **સલીમી** નામનો સિક્કો અદલગુત્ક (નં. ૧૧) થી અર્ધો હતો.

(૧૯) **રબી.** એ આફતાબી (નં. ૮) નો ચોથો ભાગ હતો.

(૨૦) **મન** નામનો સિક્કો ઇલાહી અને જલાલીનો ચોથો ભાગ હતો.

(૨૧) **અર્ધી સલીમી** સિક્કો અદલગુત્ક (નં. ૧૧) નો ચોથો ભાગ હતો.

(૨૨) **પંજ.** એ ઇલાહીનો પાચમો ભાગ હતો.

(૨૩) **પંદો.** એ લાલેજલાલીનો પાચમો ભાગ હતો. તેની એક બાજુએ કમળ અને બીજી બાજુએ જંગલી ગુલાબ ચીતરવામાં આવ્યું હતું.

(૨૪) **સમની** અથવા આષ્ટસિદ્ધ નામનો સિક્કો ઇલાહી સિક્કાના આઠમા ભાગ જેટલો હતો. તેની એક બાજુએ अल्लाह अकबर અને બીજી બાજુએ जल्ल जलालहु શબ્દો લખવામાં આવ્યા હતા.

(૨૫) **કલા,** એ ઇલાહીનો સોળમો ભાગ હતો. તેની બન્ને બાજુએ જંગલી ગુલાબ ચીતરવામાં આવ્યું હતું.

(૨૬) ઝરહ એ સિક્કો ઇલાહી સિક્કાના [illegible] ભાગ જેટલો હતો અને [illegible] જેવીજ [illegible] હતી.

એ પ્રમાણે [illegible] સિક્કાઓ [illegible] હતા. [illegible] લાલેજલાલી, ધન (દહન) અને મન—[illegible] સિક્કાઓ [illegible]

આવતા, અને બાકીના સિક્કાઓ માટે જ્યારે ખાસ હુકમ મળતો, ત્યારેજ પાડવામાં આવતા." આ ઉપરથી એ અનુમાન સહજ થઇ શકે છે કે-ઉપર્યુકત છવ્વીસ જાતના સોનાના સિકકાઓ પૈકી વ્યવહારમાં વધારે પ્રચલિત ઉપર્યુકત (લાલેજલાલી, ધન, અને મન) ત્રણ સિકકાઓજ હોવા જોઇએ. 'ડીસ્ક્રીપ્શન ઓફ એશિયા'ના પૃ. ૧૬૩ ઇ. સ. ૧૬૭૩ માં છપાયેલ (Description of Asia by Ogilby Page 163) માં કહેવામાં આવ્યું છે કે—

"ઉપર જે **મહોર**નો સિક્કો કહેવામાં આવ્યો છે, તેને **ઝેરેફ્રીન અકબર** (?) પણ કહેતા. કારણ કે-અકબરે આ સિક્કો પહેલ વહેલો કાઢયો હતો. અને તેની કિંમત ૧૩॥ રૂ. હતી. આ સિક્કો વધારે નહિં ચાલતો, પરન્તુ ઘણે ભાગે અમીર લોકો તેનો સંગ્રહ કરી રાખતા.

અકબરના રાજ્યમાં જેમ સોનાના સિક્કા જુદી જુદી જાતના, જુદી જુદી કિંમતના અને ન્યૂનાધિક વજનના હતા, તેવી રીતે **ચાંદી**ના સિક્કા પણ અનેક ચાલતા હતા. જેમાંના મુખ્ય સિક્કાઓ અબુલફજલ આ બતાવે છે:—

(૧) **રૂપિઓ**–તે ગોળ હતો. અને તેનું વજન ૧૧॥ માસા હતું. સૌથી પહેલાં **શેર**શાહના વખતમાં રૂપિયાનો ઉપયોગ થવા માંડયો હતો. આની એક બાજૂએ अल्लाहु अक्बर, जल्ल जलालुहु શબ્દો હતા, જ્યારે બીજી બાજૂએ વર્ષ કોતરવામાં આવ્યું હતું. આની કિંમત[1] લગભગ ૪૦ દામ હતી.

(૨) **જલાલહ**—આની આકૃતિ ચોરસ હતી. આની કિંમત અને છાપ રૂપિયા જેવીજ હતી.

---

૧ ધી ઇંગ્લીશ ફેક્ટરીઝ ઇન ઇંડિયા (ઇ. સ. ૧૬૧૮–૧૬૨૧) ના પૃ. ૨૬૯ મા રૂપિયાની કિંમત ૮૦ પૈસા બતાવી છે

(૩) દર્બ—નામનો સિક્કો હતો, તે જલાલહથી અર્ધ ભાગ જેટલો હતો.

(૪) ચર્ન—આ સિક્કો જલાલહના ચોથા ભાગ જેટલો હતો.

(૫) પન્દઉ—આ સિક્કો જલાલહના પાંચમા ભાગ જેટલો હતો.

(૬) અષ્ટ—આ સિક્કો જલાલહના આઠમા ભાગ જેટલો હતો.

(૭) દસા—એ જલાલહનો દસમો ભાગ હતો.

(૮) કુલા—એ જલાલહનો સોલમો ભાગ હતો.

(૯) સૂકી—એ જલાલહનો વીસમો ભાગ હતો.

અબુલફજલ કહે છે કે-'જેમ જલાલહ નામના ચોરસ આકૃતિવાળા સિક્કાના ઉપર પ્રમાણે જુદા જુદા ભાગ પાડવામાં આવ્યા હતા; તેવીજ રીતે ગોળ સિક્કા, જેનું નામ રૂપિયો આપવામાં આવ્યું છે, તેના પણ ઉપર પ્રમાણે ભાગ પાડવામાં આવ્યા હતા. પરન્તુ આ ભાગોની આકૃતિ કેવી [illegible] હતી. વિન્સેન્ટ એ. સ્મીથ પોતાના [illegible] ૮૮-૮૯ માં કહે છે કે-" અકબરના રૂપિયાની કિંમત [illegible] [illegible]

મી. ટેવરનીયર, 'ટ્રાવેલ્સ ઇન ઇંડિયા' ભા. ૧ લાના પૃ. ૧૩–૧૪ માં જણાવે છે કે "મારા છેલ્લા પ્રવાસ વખતે સુરતમાં ૧ રૂ. ના ૪૯ પૈસા મળતા હતા; જ્યારે કોઇ વખત ૫૦ પણ મળતા, અને વખતે ૪૬ નો ભાવ પણ થઇ જતો." આજ વિદ્વાન્ સદરહુ પુસ્તકના પૃ. ૪૧૩ માં જણાવે છે કે–"આગરામાં એક રૂ. ના ૫૫ થી ૫૬ પૈસાનો પણ ભાવ હતો."

'**કલેકશન ઑફ વૉયેજીઝ એન્ડ ટ્રાવેલ્સ**'ના ચોથા વૉ૦ ના પૃ ૨૪૧ માં કહેવામાં આવ્યું છે કે–"હિંદુસ્થાનમાં જે સિક્કાઓ પાડવામાં આવતા, તેમાં રૂપાના રૂપિયા, અડધા રૂપિયા અને $\frac{1}{4}$ રૂપિયા (પાવલાં) પણ હતા."

આ કથન પણ, ઉપર જે સિક્કાઓના ભેદો બતાવવામાં આવ્યા છે, એજ વાતને પુષ્ટ કરે છે. આગળ ચાલતાં આ લેખક એમ પણ કહે છે 'એક રૂપીયો ૫૪ પૈસા બરાબર થતો.' અર્થાત્ એક રૂપિયાના ૫૪ પૈસા મળતા. આ વાત ઉપર બતાવેલ રૂપિયાની કિંમતનેજ ટેકો આપે છે.

હવે આપણે **અકબરના તાંબાના** સિક્કાઓ તપાસીએ.

અબુલફઝલ તાંબાના ચાર જાતના સિક્કા હોવાનું જણાવે છે. તે ચાર સિક્કા આ છેઃ—

(૧) **દામ**–આનું વજન ૫ ટાંક હતું. પાંચ ટાંક, એ ૧ તોલો ૮ માસા અને ૭ સુર્ખ બરાબર થતું. **દામ**, એ એક રૂપિયાનો ૪૦ મો ભાગ થતો. બીજા શબ્દોમાં કહીએ તો એક રૂપીયાના ૪૦ દામ મળતા. જો કે–આ સિક્કાને **અકબરના** સમય પહેલાં પૈસા અને **બહલોલી** કહેતા, પરંતુ **અકબરના** સમયમાં તો **દામ**જ કહેતા આ સિક્કાની એક બાજૂએ ટંકશાળનું નામ અને બીજી બાજૂએ સંવત્ રહેતો. **અબુલફઝલ** કહે છે કે 'ગણતરીની

સરળતાને માટે એક દામના ૨૫ વિભાગ કરવામાં આવ્યા હતા અને આવો પ્રત્યેક ભાગ **જેતલ** કહેવાતો. આ કાલ્પનિક વિભાગનો માત્ર હીસાબીઓજ ઉપયોગ કરતા હતા.

(૨) **અધેલા**—એ અડધા દામ બરાબર હતો.

(૩) **પાઊલા**—દામનો ૧/૪ ભાગ.

(૪) **દમરી**—દામનો ૧/૮ ભાગ.

ઉપર બતાવ્યા પ્રમાણે સોનું, ચાંદી અને તાંબાના સિક્કા અકબરના વખતમાં ચાલતા હતા. તે સિવાય બીજા પણ કેટલાક સિક્કાઓ ચાલવાનું કેટલાક લેખકોના લખાણથી માલૂમ પડે છે. જેમાં મુખ્ય આ સિક્કા છેઃ—

૧ **મહમુંદી.** એ ચાંદીનો સિક્કો હતો અને તેની કિંમત એક શિલીંગ લગભગ હતી. અથવા ૨૫-૨૬ પૈસાની એક મહમુંદી થતી. કહેવામાં આવે છે કે—'કદાચ આ **મહમુંદી** ગુજરાતના રાજા મુહમ્મદ બેગડા (ઇ સ ૧૪૫૯ થી ૧૫૧૧) ના નામ ઉપરથી નિકળેલ છે.[1] **મેન્ડેલ્સ્લો** નામનો મુસાફર જણાવે છે કે—" **મહમુંદી**, એ હલકામાં હલકી મેળવણીવાળી ધાતુઓથી સૂરતમા પાડવામાં આવી હતી. તેની કિંમત ૧૨ પેન્સ (૧ શી.) હતી અને તે સૂરત, વડોદરા ભરૂચ, ખંભાત અને તેની આજૂબાજૂના ભાગોમાંજ ચાલતી હતી[2]

'ટેવરનીયર્સ ટ્રાવેલ્સ ઇન ઇંડિયા'ના વૉ. ૧ લા ના પૃ. ૧૩-૧૪ મા એક **મહમુંદી**ની કિંમત ચોક્કસ રીતે વીસ પૈસા બતાવવામાં આવી છે. જ્યારે ઉપર ૨૫-૨૬ પૈસા બતાવી છે. તેમજ

૧ જૂઓ—**નાસીક** જીલ્લાનું ગેઝીટીયર, પૃ ૪૫૯ ની ત્રીજી નોટ

૨ જૂઓ—**મીરાતે** એહમદી (બર્ડની) પૃ. ૧૨૬-૧૨૭ તથા જર્નલ ઑફ ધી બોમ્બે બ્રાન્ચ ધી રોયલ એશિયાટિક સોસાઈટી ઈ સ ૧૯૦૭ પૃ ૨૪૭.

૩૨

ધી ઇંગ્લીશ ફેક્ટરીઝ ઇન ઇંડિયા (ઇ.સ.૧૬૧૮–૧૬૨૧) ના પૃ. ૨૬૯ માં એક **મહમુંદી**ની કીમત ૩૨ પેસા લખી છે, આ ઉપરથી સમજાય છે કે–તેની કિંમત અવારનવાર ફરતી રહેતી હશે. અકબરના વખતમાં **મહમુંદી**ની કિંમત કેટલી હતી, એ કંઇ ચોક્કસ જણાતું નથી, પરન્તુ તેના વખતમા પણ તેની કિંમત ફરતી રહેતી હશે, એમ અનુમાન જરૂર થઇ શકે છે.

આ સિવાય **લારી** નામનો સિક્કો ચાલતો. જે એક પરસીયન સિક્કો હતો. આ સિક્કો ચોખ્ખા રૂપાનો બનાવેલો હતો. તેની આકૃતિ લંબગોળ હતી, અને કિંમત ૧ શી. ૬ પેન્સ હતી.[1]

ધી ઇંગ્લીશ ફેક્ટરીઝ ઇન ઇંડિયા (ઇ. સ. ૧૬૧૮ થી ૧૬૨૧) પૃ. ૨૨૭ ની નોટમાં આની કીંમત આશરે ૧ શિલીંગ બતાવવામા આવી છે.

વળી **ટંકા** નામનો તાબાનો સિક્કો પણ હતો. જૈનગ્રંથોમાં આ સિક્કાનું નામ ઘણું આવેછે. **વિન્સેન્ટ એ. સ્મીથ, ઇન્ડીયન એન્ટીકવેરી** વૉ. ૪૮, જુલાઇ ૧૯૧૯ ના અંકના પૃ ૧૩૨ માં જણાવે છે કે–' ટંકા અને દામ એકજ છે '. મી સ્મીથનું આ કથન ન્હાના ટંકાઓને માટે લાગુ પડે છે. કારણ કે ' **કૅટલૉગ ઑફ ધી ઇંડિયા કોઇન્સ ઇન ધી બ્રીટીશ મ્યુઝિયમ**' ના પૃ. XC થી આપેલ સિક્કાઓના વર્ણનમાં બે પ્રકારના **ટંકા** બતાવવામાં આવ્યા છે. ન્હાના અને મ્હોટા. મ્હોટા ટંકાનું વજન ૬૪૦ ગ્રેન બતાવવામાં આવ્યું છે અને ન્હાના ટંકાનું વજન ૩૨૦ ગ્રેન. મ્હોટા ટંકાને ડબલ દામ (બે દામ) બરાબર બતાવ્યા છે, જ્યારે ન્હાના ટંકાને એક દામ બરાબર. અતએવ સ્મીથનો મત ન્હાના ટંકા સાથે લાગુ પડે છે. **મી. બર્ડની મારાતે એહમદી**ના પૃ. ૧૧૮ માં ૧૦૦ ટંકાની બરાબર ૪૦ દામ (૧ રૂપિયો) બતાવવામાં આવેલ છે. આથી પણ ઉપર્યુક્ત વાતને જ ટેકો મલે છે.

---

૧ જૂઓ—ડીસ્ક્રીપ્શન ઑફ એશિયા પૃ. ૧૭૩.

આ ઉપરાન્ત તાંબાના સિક્કાઓમાં **ફલૂસ, અડધો દામ**—જેને **નિસ્ફી**ના નામથી ઓળખતા. **એક ટંકી, બે ટંકી, ચાર ટંકી** વિગેરે કેટલીએ જાતના સિક્કાઓ ચાલતા.

અકબરના સમયમાં ઉપર કહેવા પ્રમાણે છાપવાળાં નાણાંનો પ્રચાર હતો. તેવી રીતે છાપ વિનાની કેટલીક વસ્તુઓ પણ નાણાં તરીકે વ્યવહારમાં ચાલતી હતી, કે જેનો હીસાબ ગણતરીથી થતો હતો. આવી વસ્તુઓમાં **બદામો** (કડવી) અને **કોડિયો** મુખ્ય છે. **ટેવરનીયર** લખે છે કે—

" મોગલરાજ્યમાં કડવી બદામો અને કોડીયો પણ ચાલતી હતી. ગુજરાત પ્રાંતમાં ન્હાની લેવડ દેવડને માટે ઇરાનમાથી લાવેલી કડવી બદામો વપરાતી. ૧ પૈસાની ૩૫ થી ૪૦ બદામો મળતી.[૧] "

આજ વિદ્વાન આગળ ચાલતાં લખે છે કે—

" દરિયા કિનારે એક પૈસાની ૮૦ કોડિયો મળતી. દરિયાથી જેમ જેમ દૂર જઇએ, તેમ તેમ કોડિયો ઓછી ઓછી મળતી જેમ આગરામાં ૧ પૈસાની ૫૦ થી ૫૫ મળતી. "

'ડીસ્ક્રીપ્શન ઑફ્ એશિયા 'ના પૃ. ૧૬૩ માં પણ બદામોનો ભાવ, ૧ પૈસાની ૩૬ અને કોડિયોનો ભાવ ૧ પૈસાની ૮૦ બતાવવામાં આવ્યો છે.

ઉપરના તમામ વૃત્તાન્ત ઉપરથી આપણે અકબરના સમયના મુખ્ય મુખ્ય પ્રચલિત નાણાનું કોષ્ટક આ પ્રમાણે બનાવી શકીએ:—

૩૫ થી ૪૦ બદામો અથવા ૮૦ કોડિયો=૧ પૈસો.
૪૫ થી ૫૬ પૈસા અથવા ૪૦ દામ=૧ રૂપિયો
૧૩ાા થી ૧૪ રૂપિયા= ૧ મહોર.

---

૧ જૂઓ—ટેવરનીયર્સ ટ્રાવેલ્સ ઇન ઇંડીયા ગ્રં ૨ જી, પૃ ૧૩-૧૪.

પરિશિષ્ટ ઝ.

શુદ્ધિપત્રક.

પૃષ્ઠ.	પંક્તિ.	અશુદ્ધ.	શુદ્ધ
૯	૧૩	સત્વત્વનું	સતીત્વનુ
૧૪	૪	ઇચ્છીએ	ઇચ્છીએ છીએ
૧૬	૧	અવશ્થ	અવશ્ય
૧૭	૨૩	ધંગધડા	ઢંગધડા
૨૪	૧૧	૧૯૫૬	૧૫૯૬
૩૪	૧૨	૧૫૦૪ માં	૧૫૦૪
૩૯	૧	તેવીજ	તેવીજ રીતે
૪૨	૨૨	બાલ્યાવથાથીજ	બાલ્યાવસ્થાથીજ
૪૩	૧૧	અકબરનીજ	અકબરની
૪૮	૧૫	કર્ત્તવ્યોથી	કર્ત્તવ્યોને
૫૪	૨૦	પ્રમોણે	પ્રમાણે
૬૨	૨૧	ટુકટા	ટુકડા
,,	૨૭	કરાવવાવાળા	કરવાવાળા
,,	૨૪	હીરવજિયસૂરિ	હીરવિજયસૂરિ
૮૧	૧૪	હીરજીવિજય-	હીરવિજય-
૮૪	૨૭	હારવિજય-	હી-વિજય-
૮૬	૧	વદન	વંદના
૯૬	૧	વંદન	વંદના
૧૩૫	૧૪	ઉચ્ચર્યો	ઉચ્ચાર્યો
૧૩૯	૧૩	नारायण	नारायणाय
૧૫૦	૧	રાહસ્રનામો	સહસ્રનામો
,,	૨૪	મહમુંદિકા (રૂપિયા)	મહમુંદિકા
,,	,,	ત્રણ (રૂપિયા)	ત્રણ મહમુંદિકા

૧૫૧	૨૩	સબંધી	સંબંધી
,,	૨૬	તો તે	તો
૧૬૩	૩	વિજયપ્રસ્તિકાવ્ય	વિજયપ્રશસ્તિકાવ્ય
૧૮૪	૨૦	અર્ધાંઙ્ગવા	અર્ધાઙ્ગના
૧૮૫	૧૭	વિવચનથી	વિવેચનથી
૧૯૧	૧૪	ઢઢેરો	ઢંઢેરો
૧૯૨	૨૫	૧૫૫૨	૧૫૯૨
૨૦૦	૨૫	પંદસો	પંદરસો
૨૦૮	૫	સબધમા	સંબંધમા
,,	૧૭	લોકોનો	લોંકાનો
૨૧૮	૨૫	ગણે	ઘણે
૨૨૦	૧૪	પણ પણ	પણ
,,	૧૮	બાદશાહે	બાદશાહ
૨ ૬	૭	ઇશ્રિ	ઇશ્વિર
૨૦૮	૨૧	નામના	નામાના
૨૫૧	૨૨	હૂમાયુનો	હૂમાયુનનો
,,	૨૪	અદર	અંદર
૨૫૬	૧૭	હીરવિજ–	હીરવિજય–
૨૬૦	૩	મૂલશ્રી	મૂલનાયકશ્રી
૨૬૧	૧	મ્હોટ	મ્હોટા
૨૬૩	૧૮	પ્રેરણમાં	પ્રકરણમા
,,	૧૮	પાલીતણાની	પાલીતાણાની
,,	૨૫	સચિત્તહારી	સચિત્તપરિહારી
૨૭૦	૮	ઉપરિ તનભાગ	ઉપરિતનભાગ
૨૭૧	૧૩	વૃતાન્ત	વૃત્તાન્ત
૨૭૭	૫	હો કે કે	હો કે
૨૮૩	૪	વગાડાવ્યા	વગડાવ્યા
૨૯૧	૩	સાર–સબંધી	સાર–સંભાળ સંબંધી
૨૯૭	૧૪	કથાયો,	કથીપો,
૩૦૩	—	સૂરિશ્વર	સૂરીશ્વર
૩૦૫	૧૫	ઈ વી. હેવેલ	ઈ. બી. હેવેલ

૩૦૬	૧૩	દુશમના	દુશ્મનના
,,	૨૯	Blochmanh	Blochmann
૩૦૮	૯	અસ્ફદાર–	અસ્ફંદાર–
,,	૧૨	અનુવાદના પૃ.	અનુવાદના
,,	૨૨	અસ્ફદાર–	અસ્ફંદાર–
૩૧૭	૧૨	મુશકેલી	મુશ્કેલી
,,	૨૩	મુશકેલીયો	મુશ્કેલીયો
૩૨૧	૧	ઉજબક	ઉઝબક
૩૩૩	૨૦	પડે છે.	પાડે છે.
૩૩૬	૨૭	અને તેવી	અને
૩૩૮	૧	એમ કહે છે	એમ છે
૩૩૯	૧૧	અકબરને	અકબરની
,,	૨૫	પણ તો	પણ તે
,,	,,	સુધી તે	સુધી તો
૩૪૬	૧૮	ઢકેલું	ઢાંકેલું
૩૫૩	૨૭	લાગવાગને	લાગવગને
૩૫૯	૧૬	અબુલફજની	અબુલફજલની
,,	૨૪	સલીમ	સલીમે
૩૬૪	૩	બીરબલ	બીરબલ[1]
,,	૧૦	વખણાવવા	વખણાવા
૩૬૫	૧૧	થાઓ"	થાઓ
૩૬૬	૬	સ્ત્રી	સ્ત્રી
,,	૭	અલાહબાદ	અલાહાબાદ
,,	૧૧	,,	,,
,,	૧૫	,,	,,
૩૭૭	,,	વર્ત્તામાન	વર્ત્તમાન
૩૮૪	૨૭	વિજયપ્રશારિત	વિજયપ્રશસ્તિ
૩૮૫	૧૨	જન્યો	જન્મ્યો
,,	૨૯	નંખ્યાવ્યો	નંખાવ્યો
૩૯૦	૨૨	લાભોદયરાય	લાભોદયરાસ

પૂરવણી.

આ પુસ્તકમા લખાઇ ગયેલ કેટલીક બાબતોના વિશેષ ખુલાસા આ પૂરવણીમા આપવામા આવે છે—

ટૂકડી.

પૃ. ૩૨ માં **ટૂકડી** શબ્દ આવ્યો છે—' ટૂકડી ' એ શબ્દ તુરકી (Turk) નું બગડેલું રૂપ છે હિંદુઓ તે વખતે મુગલોને તુરૂષ્ક (Turushka) કહેતા હતા. ગુજરાતીમા ' તરકડો ' શબ્દ ઘણું-કરીને એ તુર્કોની જાણીતી કઠોર ભાષા ઉપરથી પડેલો લાગે છે.

અભિરામાબાદ

પૃ. ૧૦૧ મા **અભિરામાબાદ** ઉપર એક નોટ લખવામાં આવી છે. તેમાં **અભિરામાબાદ** એ અલાહાબાદ નહિ, પરન્તુ ફતેપુર-સીકરીથી ૭ ગાઉ ઉપર આવેલ એક ગામ હતુ, એ વાત સિદ્ધ કરી બતાવી છે આ સંબધી Mundy's Travels (મન્ડીનુ ટ્રેવલ્સ), કે જે **સર રીચર્ડ સી ટેમ્પલ** તરફથી બહાર પડયુ છે, તે વધારે સારો પ્રકાશ પાડે છે. આ પુસ્તક ઉપરથી જણાય છે કે-**અ**ભિરામાબાદ એ ન્હાનું શહેર અથવા કસ્બો હતો. અને તે ગામ **બયાના**થી ઉત્તરમા આસરે બે ગાઉ દૂર હતું. તેને **અભિરામાબાદ** અથવા ઇબ્રાહીમાબાદ પણ કહેતા. અહિં એક ઘણીજ સુદર **વાવ** હતી. અત્યારે પણ આ વાવ મૌજૂદ છે, જેને **ઝાલર વાવ** કહે છે. આના લેખ ઉપરથી જણાય છે કે-તે **અલ્લાઉદ્દીન** ખીલજીના વજીર **કાફૂરે** ઇ. સ. ૧૩૧૮ મા બધાવી હતી. જૂઓ—(Cunningham Archaeological Survey of India Report Vol. XX 69-70 Also Mundy p 101

જયનલલંકા.

પૃ. ૧૪૯ મા **કાશ્મીર**ની પાસે **જયનલ** નામના રાજાએ બંધાવેલા તળાવનું વર્ણન આપ્યુ છે, જે તળાવનું નામ **જયનલલંકા**

બતાવ્યું છે. પરન્તુ તે ભૂલ છે. ખરી રીતે આ તળાવને બંધાવનાર કાશ્મીરનો બાદશાહ ઝૈન-ઉલ-આબિદીન, કે જે ઈ. સ. ૧૪૧૭ થી ૧૪૬૭ સુધી થયો છે, તે હતો, અને તે તળાવને **ઝૈનલંકા** (Zain-lanka) કહેતા (જૂઓ. આઈન-ઈ-અકબરી. બીજો ભાગ, જેરિટકૃત અંગ્રેજી અનુવાદ પૃ, ૩૬૪ તથા બદાઉની બીજો ભાગ, લૉનો અંગ્રેજી અનુવાદ, પૃ ૩૯૮.

વીજરેલ.

પૃ. ૨૫૦ માં ફિરંગિયોના અધિપતિનું નામ **વીજરેલ** આપવામાં આવ્યું છે. **વીજરેલ** એ પોર્ટુગીઝ શબ્દ Vice-rei on Viso-rei નું અપભ્રંશ રૂપ જણાય છે. અંગ્રેજીમા તેને વૉયસરાય કહેવામાં આવે છે જૂઓ—ડીક્ષનરી ઓફ ધી ઇંગ્લીશ-પોર્ટુગીઝ લેંગ્વેજીસ. બનાવનાર એન્થની, વીરા પે. ૬૯૪ (Dictionary of the English Portugese Languages by Anthony, Vieyra. Page 694.)
